ॐ

नमः श्रीसिद्धेभ्यः

# રાજહૃદય

## ભાગ-૪

### પત્રાંક-૨૨૬

મુંબઈ. ફાગણ, ૧૯૪૭

સત્સ્વરૂપને અભેદ ભક્તિએ નમસ્કાર

સુજ્ઞ ભાઈ છોટાલાલ,

અત્ર આનંદવૃત્તિ છે. સુજ્ઞ અંબાલાલ અને ત્રિભોવનનાં પત્ર મળ્યાં એમ તેમને કહેશો. અવસર પ્રાપ્ત થયે યોગ્ય ઉત્તર આપી શકાય તેવું ભાઈ ત્રિભોવનનું પત્ર છે.

વાસનાના ઉપશમાર્થે તેમનું વિજ્ઞાપન છે; અને તેનો સર્વોત્તમ ઉપાય

તો જ્ઞાનીપુરુષનો જોગ મળવો તે છે. દૃઢ મુમુક્ષુતા હોય, અને અમુક કાળ સુધી તેવો જોગ મળ્યો હોય તો જીવનું કલ્યાણ થઈ જાય આ નિઃશંક માનજો.

તમે બધા સત્સંગ, સત્શાસ્ત્રાદિક સંબંધી હાલ કેવા જોગે વર્તો છો તે લખશો. એ જોગ માટે પ્રમાદ ભાવ કરવો યોગ્ય જ નથી; માત્ર પૂર્વની કોઈ ગાઢી પ્રતિબદ્ધતા હોય, તો આત્મા તો એ વિષયે અપ્રમત્ત હોવો જોઈએ.

તમારી ઇચ્છાને ખાતર કાંઈ પણ લખવું જોઈએ; જેથી પ્રસંગે લખું છું. બાકી હમણાં સત્કથાનો લેખ કરી શકાય તેવી દશા (ઇચ્છા?) નથી.

બેનાં પત્ર ન લખવાં પડે, માટે આ એક તમારું લખ્યું છે. અને તે જેને ઉપયોગી થાય તેનું છે. તમારા પિતાજીને મારા યથાયોગ્ય કહેજો, સંભાર્યા છે એમ પણ કહેજો.

વિ. રાયચંદ

તા. ૭-૧૦-૧૯૮૯, પ્રવચન નં. ૬૧
પત્રાંક – ૨૨૬, ૨૨૮, ૨૨૯, ૨૩૦, ૨૩૧

પત્રાંક ૨૨૬, પાનું ૨૭૭. મથાળું છે **'સત્સ્વરૂપને અભેદ ભક્તિએ નમસ્કાર.'** સત્સ્વરૂપ એટલે નિજશુદ્ધાત્મસ્વરૂપ. અભેદ ભક્તિ એટલે નિર્વિકલ્પ પરિણમન. એને નિશ્ચયભક્તિ અથવા અભેદભક્તિ કહેવામાં આવે છે. નમસ્કાર એટલે લીન થવું. પોતે

પોતાના સ્વરૂપપરિણમનની મુખ્યતાપૂર્વક પત્ર લખે છે. **‘સુજ્ઞ ભાઈ છોટાલાલ, અત્ર આનંદવૃત્તિ છે. સુજ્ઞ અંબાલાલ અને ત્રિભોવનનાં પત્ર મળ્યાં એમ તેમને કહેશો. અવસર પ્રાપ્ત થયે યોગ્ય ઉત્તર આપી શકાય તેવું ભાઈ ત્રિભોવનનું પત્ર છે.’**

**‘વાસનાના ઉપશમાર્થે તેમનું વિજ્ઞાપન છે; અને તેનો સર્વોત્તમ ઉપાય તો જ્ઞાનીપુરુષનો જોગ મળવો તે છે.’** કોઈ પણ વિભાવ જ્ઞાનીપુરુષના યોગમાં, પ્રત્યક્ષ સમાગમમાં સહેજે દબાય છે, દબાય છે એને ઉપશમ કહેવામાં આવે છે. દબાય છે અહીંયાં એક સામાન્ય વાત છે. દબાય છે એટલે ઉપશમ થાય છે. **‘દૃઢ મુમુક્ષુતા હોય અને અમુક કાળ સુધી તેવો જોગ મળ્યો હોય તો જીવનું કલ્યાણ થઈ જાય આ નિઃશંક માનજો.’** ઉપાદાન અને નિમિત્તની આમાં સંધિ છે કે જો જીવમાં દૃઢ મુમુક્ષુતા હોય, દૃઢ મોક્ષેચ્છા હોય, જેને છૂટવું જ હોય અને એવા જીવને અમુક કાળ સુધી જો સત્પુરુષનો જોગ રહે તો તે જીવનું અવશ્ય કલ્યાણ થાય આ નિઃશંક માનજો. સત્પુરુષનો યોગ થાય અને પોતાને છૂટવાની ભાવના ન હોય તોપણ કલ્યાણ ન થાય.

દૃઢ મુમુક્ષુતા એ પાયાની વાત છે, પાયાની વાત છે. પણ એ નિઃશંક છે કે જીવનું કલ્યાણ થાય જ. સત્પુરુષનો યોગ મળે, જ્ઞાનીપુરુષનો યોગ મળે તો મુમુક્ષુતાને વિકાસ પામવા માટે સુગમતા થઈ જાય છે. રસ્તો સીધેસીધો બતાવે છે. અનાદિનો અજાણ્યો રસ્તો પોતાની મેળે મળતો નથી. એટલે આ બે વાત જીવના કલ્યાણ માટે ખાસ ધ્યાનમાં લેવા જેવી છે. એક તો પોતાની મુમુક્ષુતા, બીજું સત્પુરુષનો યોગ.

**‘તમે બધા સત્સંગ, સત્શાસ્ત્રાદિક સંબંધી હાલ કેવા જોગે વર્તો છો તે લખશો.’** તમે આપસમાં મળીને સત્સંગ, સત્શાસ્ત્રના સ્વાધ્યાયનો યોગ રાખ્યો છે કે નહિ ? અને રાખ્યો છે તો કેવા પ્રકારે છે ? જણાવશો. **‘એ જોગ માટે પ્રમાદ ભાવ કરવો યોગ્ય જ નથી;...’** કેમકે મુમુક્ષુજીવ એકલો વાંચન-વિચાર કરે અને સમગુણી અથવા સમવિચારવાળા બે-ચાર સાથે મળીને કરે તો એમાં પણ ઘણો ફરક પડે છે. એમાં પણ કોઈ વાત પોતાને ન ખ્યાલમાં આવી હોય એવી (ખ્યાલમાં આવે છે અને) પોતાને પોતાની મેળે ખ્યાલમાં આવવાનું બને છે એમાં બીજા નિમિત્ત પડે છે. એ પ્રકાર ઉત્પન્ન થાય છે. માટે એ પદ્ધતિ તો રાખવી જ. ‘ગુરુદેવશ્રી’એ પણ જે સ્વાધ્યાયની

પદ્ધતિ ગામેગામ ચલાવવાનો જે અનુરોધ કરેલો, આજ્ઞા કરેલી એની પાછળ પણ એ જ કારણ છે.

એ સત્પુરુષની આજ્ઞા છે, એ શ્રીગુરુની આજ્ઞા છે કે મુમુક્ષુજીવોએ આપસમાં સત્સમાગમમાં રહેવું, સત્શાસ્ત્રનો સ્વાધ્યાય કરવો. એ એમની આજ્ઞા છે. તેમાં **'પ્રમાદ ભાવ કરવો યોગ્ય જ નથી; માત્ર પૂર્વની કોઈ ગાઢી પ્રતિબદ્ધતા હોય, તો આત્મા તો એ વિષયે અપ્રમત્ત હોવો જોઈએ.'** કદાચ કોઈ સંયોગો એવા હોય, દૂર ન કરી શકાય એવો ગાઢ પ્રતિબંધ જેને કહેવાય, તોપણ આત્મા તો એ જ ઝંખે, એ જ ઇચ્છે કે મને ક્યારે એવો સત્સમાગમ રહે, એમ જ ઇચ્છે. સત્સમાગમ સુલભ હોય અને ઉપેક્ષા કરે એમ નહિ પણ ગાઢ પ્રતિબંધ હોય તોપણ એને અંદરથી ભાવના રહ્યા કરે એને અપ્રમત્ત કહ્યો. એમાં એને પ્રમાદ કરવાનો જરા પણ અભિપ્રાય નથી.

**'તમારી ઇચ્છાને ખાતર કાંઈ પણ લખવું જોઈએ; જેથી પ્રસંગે લખું છું. બાકી હમણાં સત્કથાનો લેખ કરી શકાય તેવી દશા (ઇચ્છા?) નથી.'** પોતાના આત્મા સંબંધીનો રસ એટલો તીવ્ર હતો કે બીજાને પરમાર્થની વાત લખવામાં પણ ઉપયોગ ચાલતો નહોતો. ઉપયોગ ચાલે નહિ.

મુમુક્ષુ :- અપ્રમત્ત એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :- અપ્રમત્ત એટલે પ્રમાદ નહિ કરવો, એમ. **'તો આત્મા તો એ વિષયે અપ્રમત્ત...'** એટલે શું છે કે કોઈ ઉદય એવો છે તો એ ઉદય છે માટે હવે શું કરીએ ? એમ નહિ. એ ક્યારે ઉદય પૂરો થાય અથવા કેવી રીતે એ ઉદયમાંથી હું બહાર નિકળીને સત્સમાગમ કરું? એમ એને એ વિષયની અંદર પ્રયત્નવાન રહેવું. સત્સમાગમ માટે પ્રયત્નવાન રહેવું. તરસ લાગી હોય તો શું કરીએ અત્યારે પાણી મળવાનો ઉદય નથી એમ કરીને કોઈ ઘરે બેસી જાય છે ? પોતાની જરૂરીયાતનો વિષય લાગે ત્યાં પ્રમાદ સેવતો નથી, પ્રયત્નશીલ રહે છે. એમ સત્સંગમાં, બાહ્ય સત્સંગ માટે પણ પ્રયત્નશીલ રહેવું એમ કહે છે. પ્રમાદ ન સેવવો, અપ્રમત્ત એટલે પ્રયત્નશીલ રહેવું.

## પત્રાંક-૨૨૮

મુંબઈ, ફાગણ, ૧૯૪૭

**સદ્દુપદેશાત્મક સહજ વચનો લખવાં હોય ત્યાં પણ લખતાં લખતાં વૃત્તિ સંક્ષિપ્તપણાને પામે છે; કેમકે તે વચનોની સાથે સમસ્ત પરમાર્થ માર્ગની સંધિ મળેલી હોય છે, તે વાંચનારને ગ્રહણ થવી દુષ્કર થાય અને વિસ્તારથી લખતાં પણ ક્ષયોપશમ ઉપરાંત વાંચનારને અવગાહવું કઠણ પડે. વળી લખવામાં કાંઈક બાહ્યાકાર ઉપયોગની પ્રવૃત્તિ કરવી પડે તે પણ થઈ શકતી નથી. આમ અનેક કારણસર પત્રોની પહોંચ પણ કેટલીક વાર લખાતી નથી.**

પછી (પત્રાંક) ૨૨૮. '**સદ્દુપદેશાત્મક સહજ વચનો લખવાં હોય ત્યાં પણ લખતાં લખતાં વૃત્તિ સંક્ષિપ્તપણાને પામે છે; કેમકે તે વચનોની સાથે સમસ્ત પરમાર્થ માર્ગની સંધિ મળેલી હોય છે, તે વાંચનારને ગ્રહણ થવી દુષ્કર થાય અને વિસ્તારથી લખતાં પણ ક્ષયોપશમ ઉપરાંત વાંચનારને અવગાહવું કઠણ પડે. વળી લખવામાં કાંઈક બાહ્યાકાર ઉપયોગની પ્રવૃત્તિ કરવી પડે તે પણ થઈ શકતી નથી. આમ અનેક કારણસર પત્રોની પહોંચ પણ કેટલીક વાર લખાતી નથી.**' આ પત્રમાં એમણે પોતાની અંદરની અંતરંગ દશાનું સ્પષ્ટ પ્રકાશન કર્યું છે. પોતાની દશા વ્યક્ત કરી છે કે, સદ્દુપદેશાત્મક વચનો લખવા હોય તોપણ વૃત્તિ સંક્ષિપ્તપણાને પામે છે. એટલે વૃત્તિ ગોપવાય જાય છે, સંકોચાઈ જાય છે. સંક્ષિપ્ત થાય છે એટલે વૃત્તિ સંકોચ થાય છે.

કેમ વૃત્તિ સંકોચ થાય છે એના બે કારણ એમણે બતાવ્યા છે. એક તો કોઈ વાત લખતા એની સાથે અનેક પડખેથી જે પારમાર્થિક સંધિ મળેલી હોય છે એ સંધિ, લખવાની અંદર કેટલીક વાતો આવતી નથી. કેટલીક વાતો જે લખવામાં નથી આવતી તો અધૂરી વાતો લખાય એનાથી સામાને કેટલા ક્ષયોપશમથી કેટલું ગ્રહણ થશે અથવા સમજવું કઠણ પડશે એ વાત તો બનવાની છે. એવો ખ્યાલ આવી

જાય છે અને ખ્યાલ આવી જતાં વૃત્તિ સંક્ષેપ થઈ જાય છે કે હવે કાંઈ નથી લખવું. રૂબરૂ મળવાનું થશે ત્યારે જે કાંઈ વાત થશે તે ઠીક છે પણ લખવાથી કાંઈ ફાયદો નથી. એમ લખવાથી ફાયદો નથી એવું લાગતા વૃત્તિ સંક્ષેપાય જાય છે.

વળી જે લખવા માટે બાહ્યાકાર ઉપયોગની પ્રવૃત્તિ કરવી પડે છે. જે લખવાની બાહ્ય પ્રવૃત્તિ છે એ આકારે ઉપયોગ થાય છે એ પણ થઈ શકતી નથી. એટલું નિરસપણું છે. ચોવીસમાં વર્ષે પ્રારંભમાં પણ અંતરંગ દશા કેટલી બળવાન હતી એનો આની અંદર સ્પષ્ટ નિર્દેશ આવી જાય છે કે પરમાર્થની વાર્તા લખવામાં પણ અમને રસ આવતો નથી, વૃત્તિ સંક્ષેપ થઈ જાય છે. ઉપયોગ-પરિણામ ગોપવાય જાય છે અને વધારે એ પ્રકારના વિકલ્પોમાં બહાર આવવું એ પણ ફાવતું નથી. આવા અનેક કારણોથી પત્રની પહોંચ પણ કેટલીક વાર લખાતી નથી કે ભાઈ, તમારો કાગળ મળી ગયો છે એટલું પણ લખાતું નથી. એટલી પણ બાહ્યાકાર ઉપયોગની પ્રવૃત્તિ છે એ પોસાતી નથી, થતી નથી. એવી અંતરંગ બળવાન દશા છે.

આત્મરસ છે એ નિશ્ચય પરિણમન છે. પારમાર્થિક વિષય સંબંધીનો પત્રવ્યવહાર ચાલતા જે વિકલ્પ ચાલે તે, તે ખરેખર તો તે દશાનો વ્યવહાર છે. એ દશાનો તે વ્યવહાર છે કે પારમાર્થિક વાતનો વિકલ્પ અને પ્રવૃત્તિ ચાલે એનો નિષેધ છે. નિશ્ચય આશ્રિત એનો નિષેધ આવે છે. આ નિશ્ચય સાચો છે, આ યથાર્થ નિશ્ચય છે. છતાં કેટલીક પ્રવૃત્તિ થાય, કેટલીક પ્રવૃત્તિ ન થાય એવું બન્યા કરે. કેમકે નીચેના ગુણસ્થાને સર્વથા વ્યવહારથી મુક્ત નથી. એટલે કાંઈ ને કાંઈ થોડી પ્રવૃત્તિ ચાલે, પણ નિષેધ સહિત ચાલે છે એનો આ પુરાવો છે.

એમ નથી કે અમારી દશામાં આ વ્યવહાર યોગ્ય છે માટે એનું અનુમોદન છે, એમ નથી. એનો નિષેધ છે, એ વિશેષ વાત છે. એનું નામ વ્યવહાર-નિશ્ચયની સંધિ છે. નિશ્ચયનો (પણ) આદર અને વ્યવહારનો પણ આદર અને એમ એની વ્યવહાર-નિશ્ચયની સંધિ, એમ નહિ. આવી રીતે નિષેધાત્મક ભાવ આવે છે અને તે પણ સહજ, એમ. કૃત્રિમ નહિ, સહજ.

મુમુક્ષુ :- ... એકધારી લાઇન છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એકધારી લાઇન છે. પછી ગુણસ્થાન અનુસાર વ્યવહારના

પરિણામની ઉચ્ચ કોટીમાં વ્યવહાર આવતો જાય છે, નીચી કોટીનો વ્યવહાર છૂટતો જાય છે. જેમ કે મુનિદશામાં પત્રવ્યવહારનો વિકલ્પ ન હોય. અહીંયાં પત્રવ્યવહારનો વિકલ્પ હોય પણ મુનિદશા(માં) મુનિ કોઈની સાથે પત્રવ્યવહાર કરે નહિ. અથવા મુનિને કોઈ એવો વ્યવહાર ન હોય કે જેથી એ વ્યવહારને કારણે એને આનુષંગિક કોઈ આરંભ-સમારંભની ઉત્પત્તિ થાય. એવો કોઈ વ્યવહાર મુનિદશામાં ન હોય. જેમ કે મુનિ પોતે મંદિરજીમાં દર્શનાર્થે પધારે, જિનેન્દ્ર પરમાત્માના દર્શન કરે પણ ક્યારેય પણ મુનિરાજ એ મંદિર બંધાવવા માટેની કોઈ પ્રવૃત્તિ કરવું-કરાવવું-અનુમોદવામાં ઊભા ન રહે. ભાઈ, તમારો ફાળો ચાલે છે માટે ફલાણા શેઠને હું કહી દઈશ કે તમારે સારી રીતે આમાં રકમ નોંધાવવાની છે. એટલો વિકલ્પ પણ મુનિરાજને હોય નહિ. વિકલ્પ ન હોય, હોં ! પ્રવૃત્તિનો તો પ્રશ્ન જ નથી. વિકલ્પ પણ મુનિદશામાં ન હોય. એ વ્યવહાર છૂટી ગયો છે. નીચેના ગુણસ્થાનમાં એ વ્યવહાર પૂરો થઈ ગયો છે. ઉપરની ઉચ્ચદશા પ્રાપ્ત થઈ છે એટલે એટલા વ્યવહારમાં આવતા નથી.

## પત્રાંક-૨૨૯

**મુંબઈ, ફાલ્ગુન, ૧૯૪૭**

**અનંતકાળથી જીવને અસત્ વાસનાનો અભ્યાસ છે. તેમાં એકદમ સત્ સંબંધી સંસ્કાર સ્થિત થતા નથી. જેમ મલિન દર્પણને વિષે યથાયોગ્ય પ્રતિબિંબદર્શન થઈ શકતું નથી, તેમ અસત્ વાસનાવાળા ચિત્તને વિષે પણ સત્ સંબંધી સંસ્કાર યથાયોગ્ય પ્રતિબિંબિત થતા નથી; ક્વચિત્ અંશે થાય છે, ત્યાં જીવ પાછો અનંત કાળનો જે મિથ્યા અભ્યાસ છે, તેના વિકલ્પમાં પડી જાય છે. એટલે તે ક્વચિત્ સત્‌ના અંશો પર આવરણ આવે છે. સત્ સંબંધી સંસ્કારોની દઢતા થવા સર્વ પ્રકારે લોકલજ્જાની ઉપેક્ષા કરી સત્સંગનો પરિચય કરવો શ્રેયસ્કર છે. લોકલજ્જા તો કોઈ**

**મોટા કારણમાં સર્વ પ્રકારે ત્યાગવી પડે છે. સામાન્ય રીતે સત્સંગનો લોકસમુદાયમાં તિરસ્કાર નથી, જેથી લજ્જા દુઃખદાયક થતી નથી. માત્ર ચિત્તને વિષે સત્સંગનો લોકસમુદાયમાં તિરસ્કાર નથી, જેથી લજ્જા દુઃખદાયક થતી નથી. માત્ર ચિત્તને વિષે સત્સંગના લાભનો વિચાર કરી નિરંતર અભ્યાસ કરવો; તો પરમાર્થને વિષે દૃઢતા થાય છે.**

(પત્રાંક) ૨૨૯. '**અનંતકાળથી જીવને અસત્ વાસનાનો અભ્યાસ છે. તેમાં એકદમ સત્ સંબંધી સંસ્કાર સ્થિત થતાં નથી.**' ઊંધા સંસ્કાર છે, કોઈ જીવની કોરી પાટી નથી. બધા જ જીવ અનંતકાળથી પરિભ્રમણ કરી રહ્યા છે એ પરિભ્રમણના કારણભૂત, આત્માથી વિપરીત એને અસત્ કહે છે. સત્ નામ પોતાનો સત્સ્વરૂપ આત્મા. એનાથી વિપરીત તે અસત્. અસત્ વાસના કહો, અસત્ વાસના સંબંધીના ભાવના જે સંસ્કાર છે એ સંસ્કાર પડેલા છે, એવા પરિણામથી જીવ સહેજે ટેવાય ગયો છે. એમાં એકદમ સીધેસીધા સત્ સંબંધી સંસ્કાર સ્થિત થતાં નથી. આ એક પરિણામની ભૂમિકાનો નિયમ છે, સિદ્ધાંત છે કે જ્યાં ઘણા અસત્ સંસ્કાર પડેલા છે ત્યાં એકદમ સત્ સંસ્કાર પડતા નથી, સ્થિત થતાં નથી, સ્થાન પામતા નથી.

'**જેમ મલિન દર્પણને વિષે યથાયોગ્ય પ્રતિબિંબદર્શન થઈ શકતું નથી,...**' એ દૃષ્ટાંત આપ્યો છે. આ જે કારણ અને કાર્ય સંબંધીના જે નિયમો છે એ પદાર્થના સ્વરૂપને સમજવા માટેના મૂળ સિદ્ધાંતો છે, મૂળ સિદ્ધાંતો છે. જ્યાં સુધી એ પ્રકારે વસ્તુના સ્વરૂપને સમજવામાં ન આવે ત્યાં સુધી પદાર્થનું યથાર્થ જ્ઞાન થતું નથી. એટલા માટે એ વિષય દરેક સત્શાસ્ત્રોની અંદર આવે છે. એને ન્યાય કહે છે, Logic કહે છે, કારણ-કાર્યનું વિજ્ઞાન પણ કહેવામાં આવે છે.

'દીપચંદજી'એ 'ચિદ્‌વિલાસ'માં ('કારણ-કાર્યભાવ' અધિકારમાં) સ્પષ્ટીકરણ કર્યું છે. '**પ્રથમ જ સર્વ સિદ્ધાંતનું મૂળ એ છે કે વસ્તુના કારણ-કાર્ય જાણવા.**' 'સર્વ સિદ્ધાંતનું

મૂળ' શબ્દ વાપર્યો છે. સિદ્ધાંતનું નહિ, સિદ્ધાંતનું મૂળ. કે વસ્તુના કાર્ય-કારણ જાણવા. **'જેટલા સંસારથી પાર થયા છે...'** જે જીવો, જેટલા જીવો સંસારથી પાર થયા છે **'તે સર્વે પરમાત્માના કારણ-કાર્ય જાણી જાણીને થયા છે.'** પરમાત્મદશા કેવા કારણથી ઊપજે એ જાણીને થયા છે. જેમ કે નિર્ગ્રંથ ભાવલિંગ મુનિદશા આવ્યા વિના કોઈ જીવને કેવળજ્ઞાનાદિ પરિપૂર્ણ દશાની ઉત્પત્તિ ન થાય. તો એને મોક્ષમાર્ગ અથવા કારણ કહેવામાં આવ્યું. હવે એ જાણે નહિ તો ગમે તે પરિણામને મોક્ષમાર્ગ માની લેશે, મોક્ષનું કારણ માની લેશે. ગમે તેવા પરિણામને (મોક્ષનું કારણ) માની લેશે.

**'જેટલા સંસારથી પાર થયા છે તે સર્વે પરમાત્માના કારણ-કાર્ય જાણી જાણીને થયા છે. ત્રણે કાળે જે પરમાત્માને ધ્યાવવાથી મુક્ત થયા તેના કારણ-કાર્ય જો ન જાણ્યા તો તેણે શું જાણ્યું?'** એણે કાંઈ જાણ્યું નથી, એને કાંઈ ખબર નથી. એટલે જે સિદ્ધાંતજ્ઞાનથી, સિદ્ધાંતના વિષયથી જે જીવો અજાણ છે તે શું જાણે છે ? કે કાંઈ નથી જાણતા. કોઈ એમ કહે કે ભાઈ, સિદ્ધાંતમાં અમને કાંઈ ખબર ન પડે. અમને તો આત્મા અને અધ્યાત્મ અને એ બધું બહુ ગમે. એમ કામ થતું નથી. માટે કારણ-કાર્ય જાણવા જોઈએ. કેમકે એ ક્યારે સિદ્ધાંત વિરુદ્ધ વિચાર કરશે એ એને તો ખબર નથી. વસ્તુના સ્વરૂપનું દર્શન જ થતું નથી. સિદ્ધાંતનો અર્થ એ છે કે વસ્તુના વિજ્ઞાનનો છેડો કે આ બાબતમાં આ છેલ્લું છે, આ બાબતમાં આ છેલ્લું છે. સિદ્ધ અંત, સિદ્ધ થયેલો અંત તે સિદ્ધાંત, એમ છે ખરેખર તો. એ કારણ-કાર્ય છે એ સર્વ સિદ્ધાંતોને જાણવાનું મૂળ છે.

'દીપચંદજી'નું 'ચિદ્‌વિલાસ' પાનું ૩૫. 'ચિદ્‌વિલાસ'માંથી ત્રણેક બોલ લીધા છે. સંસાર માટે કેટલાક દૃષ્ટાંત લઈને બહુ સંક્ષેપમાં બતાવી દીધું છે. **'કોઈ કહે કે સંસાર અનંત છે તે કેમ મટે ?'** અનંત સંસાર છે એ મટે કેવી રીતે ? છૂટે કેવી રીતે ? ભાઈ ! કાંઈ વાતમાં માલ નથી.

**'તેનું સમાધાન...'** એટલું કે **'વાંદરાનું ફસાવું...'** સંસારમાં જીવ ફસાણો છે. **'વાંદરાનું ફસાવું એટલું જ છે કે મૂઠી છોડતો નથી;...'** ઘડામાંથી ચણા ઉપાડવા માટે મુઠ્ઠી ભરી છે, એને ચણા છોડવા નથી અને ઘડો એને છોડતો નથી એમ લાગે છે, મને ઘડાએ પકડી લીધો. ખરેખર પોતે મુઠ્ઠીમાં ચણા પકડ્યા છે એટલું જ કારણ

છે, બીજું કોઈ કારણ નથી.

**'પોપટનું ફસાવું એટલું જ છે કે નળીને છોડતો નથી.'** નળીને છોડે તો ઊડવા મંડે. પણ પોતે જ પકડેલું છે. સંસારમાં પોતે વળગેલો છે, એમ કહેવું છે. **'કૂતરાનું ફસાવું એટલું જ છે કે તે ભસે છે. કોઈ ત્રણ વાંકવાળી દોરડીમાં...'** કૂતરાની આ પ્રકૃતિ પકડેલી છે. તિર્યંચની દશામાંથી પણ કેટલી કેટલી વાતો પકડેલી છે! કે પોતે ભસે એ પોતે ભસવાનું ચાલુ રાખવાનું કારણ થાય. જો એ પોતે ભસી ગયો તો એ ભસવા જ લાગે પાછો જલ્દી છોડી ન શકે. આ એક એનો પ્રકૃતિગત વિષય હોય છે. બહુ અભ્યાસ કરીને જ્ઞાનીઓએ સૂક્ષ્મ વાતો પકડેલી છે.

**'કોઈ ત્રણ વાંકવાળી દોરડીમાં સર્પ માને છે. ત્યાં સુધી જ (તેન) ભય છે.'** એનો અધ્યાસ છે કે આ સર્પ લાગે છે એને એટલો જ ભય છે. બાકી ખરેખર ભયનું કોઈ કારણ છે નહિ. દોરડી તો દોરડી છે. દોરડીમાં કાંઈ સર્પનું કારણ નથી. **'મૃગ, મૃગજળમાં જળ માનીને દોડે છે, તેથી જ દુઃખી છે.'** મૃગજળની અંદર એને જળનો આભાસ થયો છે એટલે દોડે છે. બાકી ખરેખર ત્યાં પાણીનો છાંટો નથી.

**'તેમ આત્મા પરને પોતારૂપ માને છે, એટલો જ સંસાર છે,...'** બીજું કાંઈ નથી. શરીરથી માંડી ને જેટલા સંયોગ છે એમાં સ્વપણું કર્યું છે, સ્વપણે કેટલાક જે ઉદયમાન સંયોગ છે, જેને જે ઉદય છે એમાં એને પોતાપણું દેખાય છે, આ મારું છે, આટલું મારું છે, આ મારા છે. બસ ! આટલો જ એનો સંસાર છે. એ છૂટ્યું, પરને પર તરીકે જોયું કે સંસાર છૂટ્યો એનો. આટલો જ સંસાર છે આથી વધારે કાંઈ નથી. અને વસ્તુતાએ કોઈ આત્માનું કોઈ પર છે નહિ. કોઈ આત્માનું કોઈ પર છે નહિ. દરેક પદાર્થ અનંત શક્તિ સંપન્ન, અનંત ગુણધર્મોવાળા પોતપોતામાં બિરાજમાન છે. પોતાના ગુણવૈભવથી કોઈનું કોઈ હોવાનો પ્રશ્ન છે નહિ. પણ એટલો જ સંસાર છે કે જે પરમાં સ્વપણું મનાઈ ગયું છે. **'ન માને તો મુક્ત જ છે.'** કોઈ એને બંધન નથી, પ્રતિબંધ નથી. બસ ! આટલો જ સંસાર છે. સંક્ષેપની અંદર એક લીટીમાં બંધન અને મુક્તિની વ્યવસ્થાનો ફેંસલો બોલાવી દીધો. ૧૯૪૪મો બોલ છે. 'ચિદ્વિલાસ' પાનું ૧૦૬. 'ચિદ્વિલાસ' અધ્યાત્મ અને સિદ્ધાંતનો બહુ સૂક્ષ્મ ગ્રંથ છે.

(અહીંયાં) આ કારણ-કાર્ય લીધું છે. **'જેમ મલિન દર્પણને વિષે યથાયોગ્ય પ્રતિબિંબ**

**દર્શન થઈ શકતું નથી,...'** અરીસો બહુ મેલો હોય તો એમાં કાંઈ સીધું (ચોખ્ખું) પ્રતિબિંબ પડતું નથી. **'તેમ અસત્ વાસનાવાળા ચિત્તને વિષે...'** ચિત્ત જ્ઞાનની પર્યાય છે. જે જ્ઞાનમાં અસત્ વાસના છે એટલે કે જે આત્મામાં નથી એવા પદાર્થમાં સુખની બુદ્ધિ છે. વાસના એટલે સુખબુદ્ધિ છે. જેમાં સુખ નથી અને જે પોતામાં નથી, જે પોતાથી અત્યંત ભિન્ન છે એવા **'અસત્ વાસનાવાળા ચિત્તને વિષે પણ સત્ સંબંધી સંસ્કાર યથાયોગ્ય પ્રતિબિંબિત થતાં નથી.'** એને સદ્‌ગ્રંથો મળે છે, સત્સમાગમ મળે છે પણ અન્ય પદાર્થનો, સંયોગનો, સંયોગી તરફના સુખનો, સંયોગમાં મમત્વનો એટલો તીવ્ર રસ એણે લીધો હોય છે કે એને સત્ સંબંધીના સંસ્કાર એ જ્ઞાનની અંદર આવતા નથી, પ્રતિબિંબિત પડતા (થતા) નથી.

**'ક્વચિત્ અંશે થાય છે,...'** ક્યારેક એવી હળવી પળમાં જીવને થોડીક અસર થાય છે. **'ત્યાં જીવ પાછો અનંત કાળનો જે મિથ્યા અભ્યાસ છે, તેના વિકલ્પમાં પડી જાય છે.'** વળી પાછો ત્યાં નો ત્યાં. એક જગ્યાએ તો આવશે કે, દીર્ઘકાળ સુધી સત્સંગ ઉપાસ્યો હોય અને સત્‌ના સંસ્કારનો કાંઈક રસ પડ્યો હોય, દીર્ઘકાળ સુધી. અને થોડો, પાંચ-પંદર દિ' જ્યાં સત્સંગ છોડે (ત્યાં) બધું ચોપટ. બધું ભૂંસાઈ જાય, જાણે કાંઈ સત્સંગ કર્યો જ નથી ! એવા પરિણામ પાછા ફેરફાર પામી જાય છે. એનું કારણ અહીંયાં બતાવ્યું કે, ક્યારેક ક્વચિત્ અંશે એવું થાય છે ત્યાં જીવ પાછો અનંતકાળનો જે મિથ્યા અભ્યાસ (છે) તેના વિકલ્પમાં પડી જાય છે, વળી એના રસમાં ચકચૂર થઈ જાય છે કે બધું એનું કરેલું ધોવાઈ જાય છે.

**'એટલે તે ક્વચિત્ સત્‌ના અંશો પર આવરણ આવે છે.'** પાછું એ બધું ભૂંસાઈ જાય છે. આવરણ આવે છે એટલે એ ખલાસ થઈ જાય છે. **'સત્ સંબંધી સંસ્કારોની દૃઢતા થવા સર્વ પ્રકારે લોકલજ્જાની ઉપેક્ષા કરી સત્સંગનો પરિચય કરવો શ્રેયસ્કર છે.'** આ મોટામાં મોટું આડશ છે જીવોને કે સત્ સંબંધી સંસ્કારોની પોતે દૃઢતા કરવા માટે જે સત્સમાગમ કરવો જોઈએ એમાં એને લોકલાજ નડે છે. કે ભાઈ, અમારાવાળા શું કહેશે ? કે વળી પાછા તમે ત્યાં જવા મંડ્યા ? આ લોકલાજ આડી આવે છે અને એને કારણે વળી પાછો એને સત્સંગનો પરિચય રહેતો નથી, સત્સંગથી દૂર રહે છે.

એટલે **'સર્વ પ્રકારે લોકલજ્જાની ઉપેક્ષા કરી...'** અહીંયાં એમ કહેવું છે, આ વાત એમના પત્રોમાંથી ઠામઠામ મળે છે કે, જ્યાં સત્‌ના સંસ્કાર મળતા હોય, જ્યાં સત્‌ની વાર્તા થતી હોય અને એ રસનું નિમિત્ત બનતું હોય, એવી સંગત હોય, એવો સમાગમ હોય ત્યાં મુમુક્ષુજીવે લોકો તરફની નજરને એટલી જોરથી ફેંકવી જોઈએ, ફગાવી દેવી જોઈએ, ઉડાડી દેવી જોઈએ. આટલું જોર તો એને સહેજે હોવું જ જોઈએ. સહેજે સહેજે હોવું જોઈએ. નહિતર એ સત્સમાગમથી દૂર રહી જાય, સાચી વાતથી એ દૂર રહી જાય. સત્‌ના સંસ્કારથી એ દૂર રહી જાય. એ પરિસ્થિતિ થાય.

આપણે (એક ભાઈ) અહીંથી 'ભાવનગર'થી આવતા. ઇ કહેતા કે મેં 'સોનગઢ' આવવાનું શરૂ કર્યું તો અમારા તો સગાસંબંધીઓ બધા કીવી... કીવી... કીવી... કરીને વીંખી નાંખે. અમારાવાળા તો કીવી... કીવી... કીવી એવા શબ્દો વાપર્યા. મેં કીધું, 'હવે એની શું દરકાર કરવી ?' જો આત્માને છૂટવાની વાત ક્યાંયથી મળતી હોય તો બંધનમાંથી એ બધા કોઈ છોડાવવા આવવાના નથી. એમાંથી કોઈ બંધનમાંથી છોડાવવા આવવાનું નથી. એની અપેક્ષા રાખવી કે લોકલજ્જા રાખવી, લોકલાજે અમુક કામ કરવું, એવું આત્માને દબાણ શા માટે ? આત્માને, આત્મા ઉપર એવું દબાણ શા માટે કે લોકલજ્જાએ એવું કામ કરવું પડે ? મને જે સાચું લાગે એ કોઈની પણ પરવા કર્યા વિના હું કરીશ. એવું ઓછામાં ઓછું મુમુક્ષુની ભૂમિકામાં વિચારોનું બળવાનપણું, નિર્ણયનું બળવાનપણું હોવું જ જોઈએ. (માત્ર) એવું નહિ, પોતાના સમાજમાં પણ જે સાચું લાગે એ જ કહેવું, સાચું લાગે એમ જ વર્તવું. બીજાને ગમે તે લાગે, આ સમાજને પણ ભલે ગમે તે લાગે. આ સમાજની પણ મને દરકાર નથી. પેલા સમાજને છોડીને આવ્યા હવે આ સમાજનું લફરું રહી ગયું. એ વાત એની એ થઈ ગઈ. એટલું જો મુમુક્ષુની ભૂમિકામાં વિચારનું બળવાનપણું, નિર્ણયનું બળવાનપણું ન હોય તો સત્‌ના સંસ્કાર કદી સ્થાન પામે નહિ. એટલે એને પોતાને બળવાન નિર્ણય હોવો જોઈએ. નિર્ણયનું બળવાનપણું છૂટી ગયું તો વાત ખલાસ થઈ ગઈ. એટલું ઓછામાં ઓછું મુમુક્ષુની ભૂમિકામાં આટલું હોવું જોઈએ. એ પછી શું થાય છે કે એ જીવ સત્‌ની નજીક નથી આવી શકતો.

સત્પુરુષને ઓળખવાના પ્રતિબંધક કારણોમાં કેટલાક કારણો છે એમાં આ વાત

'શ્રીમદ્જી'એ લીધી છે. ૪૧૬ નંબરના પત્રમાં એ વાત લીધી છે. ૪૧૬ છે ને ? આમ તો ઘણી જગ્યાએ વાત આવે છે. ૪૧૬માં તો ખાસ કારણોમાંથી એક કારણ એ લઈ લીધું છે. પાનું ૩૫૭, ૧૯ મો જે છેલ્લો બોલ છે એના બીજા પેરેગ્રાફમાં છે. **'જ્ઞાનીપુરુષનું ઓળખાણ નહીં થવામાં ઘણું કરીને જીવના ત્રણ મોટા દોષ જાણીએ છીએ.'** પ્રત્યક્ષ જ્ઞાની હોય છતાં ન ઓળખી શકે એવી યોગ્યતામાં કેવા પ્રકારના પરિણામ છે ? કે **'એક તો 'હું જાણું છું', 'હું સમજું છું' એવા પ્રકારનું જે માન જીવને રહ્યા કરે છે તે માન.'** એટલે કે જ્ઞાનીની વાત પણ એને કેટલીક સંમત થાય છે અને કેટલીક સંમત નથી થતી. નહિ આમ નહિ આમ હોય, આમ નહિ આમ હોય. હું જાણું છું, હું એમ જાણું છું કે આમ હોવું જોઈએ. એ વાત એને જ્ઞાનીપુરુષની ઓળખાણ નહિ થવા દે.

**'બીજું પરિગ્રહાદિકને વિષે જ્ઞાનીપુરુષ પર રાગ કરતાં પણ વિશેષ રાગ.'** પોતાના સંયોગોમાં એટલો રાગ છે કે એનું થોડુંક કારણ મળે ત્યાં સત્સમાગમ છોડી દ્યે. એને ગૌણ કરીને સત્સમાગમ કરે એમ નહિ, એની મુખ્યતા રાખીને કરે. થોડુંક કારણ મળે એટલે સત્સમાગમ રહ્યો એક કોર. એ એને જ્ઞાનીપુરુષને ઓળખવા નહિ દે.

**'ત્રીજું, લોકભયને લીધે,...'** આ લોકલજ્જા **'અપકીર્તિભયને લીધે,...'** હું સત્સમાગમમાં આવીશ તો સમાજની અંદર, મારા સર્કલની અંદર મારી જે કીર્તિ છે એ અપકીર્તિ થઈ જશે. અપકીર્તિભયને લીધે અથવા ત્યાં મને માન મળતું નથી, ત્યાં મારું અપમાન કરે છે. ત્યાં કેટલાક માણસો, બધા તો કોઈ ન કરતાં હોય, પણ કોઈક કોઈનું અપમાન કરતું હોય એવું પણ બને છે. કોઈ અપમાનભયને લીધે, વિમુખ રહેવું, દૂર રહેવું કે અમારું ત્યાં માન સચવાતું નથી. અમે સ્વમાની માણસો છીએ, અમારું સ્વમાન ન સચવાય ત્યાં અમે જતાં નથી. એમ નહિ. જ્યાં સત્‌ના સંસ્કાર મળે એમ હોય ત્યાં બધું ગૌણ કરીને જવું તે યોગ્ય છે, એમ છે.

**'જ્ઞાનીથી વિમુખ રહેવું...'** અથવા તો **'તેના પ્રત્યે જેવું વિનયાન્વિત થવું જોઈએ તેવું ન થવું.'** અમને ભક્તિ-વિનય છે પણ હવે દૂરથી. અમે નજીક નથી આવી શકીએ એમ, અમારું ત્યાં માન નથી સચવાતું. અમને સ્થાન મળતું નથી. એવી રીતે જે થાય છે. **'એ ત્રણ કારણો જીવને જ્ઞાનીથી અજાણ્યો રાખે છે;...'** દૂર રાખે છે, એને ઓળખાણ

નથી થતી. **'જ્ઞાનીને વિષે પોતા સમાન કલ્પના રહ્યા કરે છે; પોતાની કલ્પના પ્રમાણે જ્ઞાનીના વિચારનું, શાસ્ત્રના અર્થનું તોલન કરવામાં આવે છે; થોડું પણ ગ્રંથસંબંધી વાંચનાદિ જ્ઞાન મળવાથી ઘણા પ્રકારે તે દર્શાવવાની જીવને ઇચ્છા રહ્યા કરે છે.'** કે હું જાણું છું, જુઓ ! હું આમ કહેવા માંગુ છું, જુઓ ! હું આમ કહેવા માંગુ છું. **'એ વગેરે જે દોષ તે ઉપર જણાવ્યા એવા જે ત્રણ દોષ તેને વિષે સમાય છે અને એ ત્રણે દોષનું ઉપાદાન કારણ...'** આ ત્રણે દોષ શેમાંથી ઊભા થયા ? કહે છે. **'એક 'સ્વચ્છંદ' નામનો મહા દોષ...'** ત્યાં વર્તી રહ્યો છે. આ બધી સ્વચ્છંદની પ્રજા છે. મૂળ તો સ્વચ્છંદ છે. આમ સ્વચ્છંદની ખબર ન પડે કેમકે પૂજા-ભક્તિ-શાસ્ત્રસ્વાધ્યાય કરતો હોય તો એને સ્વચ્છંદ થયો છે એમ કેમ કેહેવાય ?

**'એક સ્વચ્છંદ નામનો મહા દોષ છે; અને તેનું નિમિત્તકારણ અસત્સંગ છે.'** કોઈ એની સોબત સારી નથી એ વાત નક્કી છે, એનો સંગ સારો નથી એના કારણે આ સ્વચ્છંદ ઊપજ્યો છે અને સ્વચ્છંદ ઊપજ્યો છે એટલે બીજા દોષ પણ ઘર કરી ગયા છે. એમ રોગનું ઘર થઈ ગયું છે. બહુ સારો પત્ર છે, બહુ વિસ્તારથી પત્ર છે. આ પેરેગ્રાફમાં તો ઘણી વાત લખી છે.

એટલે અહીંયાં કહે છે કે **'સત્ સંબંધી સંસ્કારોની દૃઢતા થવા સર્વ પ્રકારે લોકલજ્જાની ઉપેક્ષા કરી સત્સંગનો પરિચય કરવો શ્રેયસ્કર છે.'** એ આત્માને કલ્યાણનું કારણ છે. **'લોકલજ્જા તો કોઈ મોટા કારણમાં સર્વ પ્રકારે ત્યાગવી પડે છે.'** પોતાને કોઈ મોટું કારણ મળે તો લોકલજ્જાને છોડી દે છે. માણસ નથી કહેતા કે ભાઈ, અત્યારે કોઈની શરમ હું નહિ રાખું, આ બાબતમાં જરાય શરમ નથી રાખવાનો, એમ નથી કરતો ? જ્યાં પોતાને મોટું નુકસાન કે મોટો લાભ દેખાતો હોય ત્યાં ભલભલાની શરમ છોડી દ્યે છે, બાપ દીકરાની શરમ છોડી દ્યે છે, દીકરો બાપની શરમ છોડી દ્યે છે. મોટો લાભ-નુકસાન હોય ત્યાં થાય છે કે નથી થતું ?

**'લોકલજ્જા તો કોઈ મોટા કારણમાં સર્વ પ્રકારે ત્યાગવી પડે છે.'** એટલે એણે સત્સમાગમને તો સાવ ભાજીમૂળા જ સમજી લીધો છે. આ તો મફતના ભાવમાં

મળે છે. થિયેટરમાં જાય તોપણ પાંચ રૂપિયાની ટિકિટ લેવી પડે, અહીં તો એમ ને એમ જ સીધો પ્રવેશ મળે છે અને ઉપર પાછું સાકરનું પડીકું મળે એ જુદું. આ ભાઈ કહે, બધાને સાકર વહેંચો. અહીંયાં આવતા હોય તો આપણે સાકર આપો. ફી તો લેવાની નથી પણ ઉપરાંત એને દેવાની વાત છે.

મુમુક્ષુ :- આનો કોઈ ઉપાય ખરો ?

પૂજ્ય ભાઈશ્રી :- એનો કાંઈ ઉપાય નથી. આપણા જીવે આ બધું કરેલું છે. વિચારવાનું એમ છે કે આપણા જીવે આ બધું કરેલું છે. નહિતર અનંતકાળ કેમ જાય, એમ વિચારવાનું છે.

**'લોકલજ્જા તો કોઈ મોટા કારણમાં સર્વ પ્રકારે ત્યાગવી પડે છે. સામાન્ય રીતે સત્સંગનો લોકસમુદાયમાં તિરસ્કાર નથી,...'** સામાન્ય રીતે તો સત્સંગમાં જતો હોય તો લોકો એમ નહિ કહે કે આ અહીંયાં કેમ જાય છે? માણસ ટીકા કરે, દારૂના પીઠામાં જતો હોય તો માણસ ટીકા કરે. સત્સંગમાં જતો હોય એને શું ? એવો તો એના પ્રત્યે લોકસમુદાયમાં તિરસ્કાર નથી. **'જેથી લજ્જા દુઃખદાયક થતી નથી. માત્ર ચિત્તને વિષે સત્સંગના લાભનો વિચાર કરી નિરંતર અભ્યાસ કરવો;...'** આ સત્સંગ કેટલો ફળદાયી છે, એનો કેટલો લાભ છે એનો વિચાર કરવો, એનો નિર્ણય કરવો અને સત્સંગનો નિરંતર અભ્યાસ રાખવો **'તો પરમાર્થને વિષે દઢતા થાય છે.'** તો પરમાર્થમાર્ગની દઢતા થવા અર્થે પણ સત્સંગને ચાલુ રાખવો જોઈએ, સત્સંગ છોડી ન દેવો જોઈએ. કોઈ પણ બહાને છોડવો ન જોઈએ. એમાં એ વાત આવશે કે માત્ર સત્સંગ કરે છો પણ કેમ આગળ વધતો નથી? એ વાત સત્સંગમાં જ આવશે, બીજે ક્યાંય નહિ આવે. માટે એ ચાલુ રાખવા યોગ્ય છે, એ ભલામણ કરી છે. એ ૨૨૯ (પત્ર પૂરો) થયો.

## પત્રાંક-૨૩૦

મુંબઈ, ચૈત્ર સુદ ૪, રવિ, ૧૯૪૭

એક પત્ર મળ્યું કે જે પત્રમાં કેટલાક જીવને યોગ્યતા છે, પણ માર્ગ બતાવનાર નથી વગેરે વિગત આપી છે. એ વિષે આપને ઘણું કરીને ગૂઢ ગૂઢ પણ ખુલાસો કરેલો છે. તથાપિ આપ વિશેષ વિશેષ પરમાર્થની ઉત્સુક્તામય છો જેથી તે ખુલાસો વિસ્મરણ થઈ જાય એમાં આશ્ચર્ય નથી. વળી આપને સ્મરણ રહેવા લખું છું કે જ્યાં સુધી ઈશ્વરેચ્છા નથી ત્યાં સુધી અમારાથી કાંઈ પણ થઈ શકનાર નથી, તણખલાના બે કટકા કરવાની સત્તા પણ અમે ધરાવતા નથી. અધિક શું કહેવું ? આપ તો કરુણામય છો. તથાપિ અમારી કરુણા વિષે કેમ લક્ષ આપતા નથી અને ઈશ્વરને સમજાવતા નથી ?

૨૩૦મો પત્ર 'સોભાગભાઈ' ઉપરનો છે. **'એક પત્ર મળ્યું કે જે પત્રમાં કેટલાક જીવને યોગ્યતા છે, પણ માર્ગ બતાવનાર નથી વગેરે વિગત આપી છે. એ વિષે આપને ઘણું કરીને ગૂઢ ગૂઢ પણ ખુલાસો કરેલો છે.'** એ આપણને ખ્યાલ નથી કે ક્યાં કેવી રીતે આવેલું છે. પણ આગળ કોઈ પત્રવ્યવહારમાં એ વાત ચાલી છે કે કોઈ જીવ પાત્રતાવાળા દેખાય છે પણ એને કોઈ માર્ગદર્શક સત્પુરુષ નથી તો એ બાબતમાં ગૂઢ ખુલાસો કરેલ છે. **'તથાપિ આપ વિશેષ વિશેષ પરમાર્થની ઉત્સુકતામય છો જેથી તે ખુલાસો વિસ્મરણ થઈ જાય એમાં આશ્ચર્ય નથી.'** પરમાર્થના વિષયમાં તમારી જિજ્ઞાસા ઘણી તીવ્ર છે એટલે આગળની વાત કોઈ ગૂઢ વાત કરી છે તેનું વિસ્મરણ તમને થઈ ગયું હોય એ બનવાજોગ છે.

**'વળી આપને સ્મરણ રહેવા લખું છું કે જ્યાં સુધી ઈશ્વરેચ્છા નથી ત્યાં સુધી અમારાથી કાંઈ પણ થઈ શકનાર નથી,...'** આગળ પોતે ઈશ્વરેચ્છાની વાત લીધી છે ને ? કે માર્ગપ્રકાશક છે પણ અત્યારે ઈશ્વરની ઇચ્છા નથી માટે અત્યારે આ

વિચાર માંડી વાળું છું. બહુ શરૂઆતમાં, ચોવીસમાં વર્ષની શરૂઆતમાં એ વાત આવી ગઈ છે, બરાબર છે. શક્તિ છે પણ છતાં કોઈ ઈશ્વર ઇચ્છા નથી.

૨૪૮માં પાને છે. **'તેમનો સિદ્ધાંત ભાગ પૂછજો. એ વગેરે જાણી લેવાનો પ્રસંગ બને તોપણ તેમને જણાવજો કે અમે જે જ્ઞાનાવતાર પુરુષ જણાવ્યા છે તેઓ અને આપ અમારે મન એક જ છો. કારણ કે એવી બુદ્ધિ કરવા તે જ્ઞાનાવતારની અમને આજ્ઞા છે. માત્ર હાલ તેમને અપ્રગટ રહેવાની ઇચ્છા હોવાથી તેમની ઇચ્છાને અનુસર્યા છીએ.'** 'ધર્મજ'વાળા છે ને એને વિષે વાત લખી છે. ૧૭૦મા પત્રમાં, (બીજો) પેરેગ્રાફ પૂરો થાય છે ને ? (ત્રીજો પેરેગ્રાફ). **'મહાન પુરુષોએ કેવી દશા પામી માર્ગ પ્રકાશ્યો છે, શું શું કરી માર્ગ પ્રકાશ્યો છે, એ વાતનું આત્માને સારી રીતે સ્મરણ રહે છે; અને એ જ પ્રગટ માર્ગ કહેવા દેવાની ઈશ્વરી ઇચ્છાનું લક્ષણ જણાય છે.'** પણ અત્યારે (ઈશ્વરેચ્છા) નથી એમ કહેવું છે.

**'આટલા માટે હમણાં તો કેવળ ગુપ્ત થઈ જવું જ યોગ્ય છે. એક અક્ષરે એ વિષયે વાત કરવા ઇચ્છા થતી નથી. આપની ઇચ્છા જાળવવા ક્યારેક ક્યારેક પ્રવર્તન છે; અથવા ઘણા પરિચયમાં આવેલા યોગપુરુષની ઇચ્છા માટે કંઈક અક્ષર ઉચ્ચાર અથવા લેખ કરાય છે. બાકી સર્વ પ્રકારે ગુપ્તતા કરી છે. અજ્ઞાની થઈને વાસ કરવાની ઇચ્છા બાંધી રાખી છે.'** લોકો અમને અજ્ઞાની તરીકે ઓળખે અને એવી રીતે બધાની વચ્ચે વસવું એવો એક નિર્ણય કરી નાખ્યો છે. અમારે જ્ઞાની થઈને ફરવું નથી. લોકોને તો જ્ઞાન થયા પહેલા જ્ઞાની થવાની પ્રસિદ્ધિ મેળવવા માટે પ્રયત્ન થાય છે. અહીંયાં જ્ઞાન થયા પછી એમ કહે છે કે અજ્ઞાની થઈને અમારે રહેવું છે. આવી ગુપ્તતા સેવવી છે. **'તે એવી કે અપૂર્વ કાળે જ્ઞાન પ્રકાશતાં બાધ ન આવે.'** એમ છે.

પછીના પેરેગ્રાફમાં છેલ્લે લખે છે કે **'અને યોગ (મન, વચન અને કાયા) બહાર પૂર્વકર્મ ભોગવે છે. વેદોદયનો નાશ થતાં સુધી ગૃહવાસમાં રહેવું યોગ્ય લાગે છે. પરમેશ્વર ચાહીને વેદોદય રાખે છે. કારણ, પંચમ કાળમાં પરમાર્થની વર્ષાઋતુ થવા દેવાની તેની થોડી જ ઇચ્છા લાગે છે.'** શરૂઆતમાં એ વાત લખી છે. એવી ગૂઢ વાતો ક્યારેક ક્યારેક લખી નાખે છે કે, અત્યારે ઇચ્છા નથી.

**'વળી આપને સ્મરણ રહેવા લખું છું કે જ્યાં સુધી ઈશ્વરેચ્છા નથી ત્યાં સુધી અમારાથી કાંઈ પણ થઈ શકનાર નથી, તણખલાના બે કટકા કરવાની સત્તા પણ**

**અમે ધરાવતા નથી.'** જરાપણ કોઈ કાર્ય કરવાની, પરપદાર્થમાં કાર્ય કરવાનો અમારો અધિકાર નથી. એક તણખલાના બે કટકા કરવાનો પણ અમારો અધિકાર નથી. સત્તા એટલે અધિકાર નથી. **'અધિક શું કહેવું ? આપ તો કરુણામય છો. તથાપિ અમારી કરુણા વિષે કેમ લક્ષ આપતા નથી અને ઈશ્વરને સમજાવતા નથી?'**

**પત્રાંક-૨૩૧**

**મુંબઈ, ચૈત્ર સુદ ૭, બુધ, ૧૯૪૭**

**મહાત્મા કબીરજી તથા નરસિંહ મહેતાની ભક્તિ અનન્ય, અલૌકિક, અદ્ભુત અને સર્વોત્કૃષ્ટ હતી, તેમ છતાં તે નિઃસ્પૃહા હતી. સ્વપ્ને પણ તેમણે એવી દુઃખી સ્થિતિ છતાં આજીવિકા અર્થે, વ્યવહારાર્થે પરમેશ્વર પ્રત્યે દીનપણું કર્યું નથી; તેમ કર્યા સિવાય જોકે ઈશ્વરેચ્છાથી વ્યવહાર ચાલ્યો ગયો છે, તથાપિ તેમની દારિદ્ર્યાવસ્થા હજી સુધી જગત-વિદિત છે; અને એ જ એમનું સબળ માહાત્મ્ય છે. પરમાત્માએ એમના 'પરચા' પૂરા કર્યા છે તે એ ભક્તોની ઇચ્છાથી ઉપરવટ થઈને. ભક્તોની એવી ઇચ્છા ન હોય, અને તેવી ઇચ્છા હોય તો રહસ્યભક્તિની તેમને પ્રાપ્તિ પણ ન હોય. આપ હજારો વાત લખો પણ જ્યાં સુધી નિઃસ્પૃહ નહીં હો, (નહીં થાઓ) ત્યાં સુધી વિટંબના જ છે.**

પછી ૨૩૧મો (પત્ર) છે એ પણ 'સોભાગભાઈ' ઉપરનો પત્ર છે. **'મહાત્મા કબીરજી તથા નરસિંહ મહેતાની ભક્તિ અનન્ય, અલૌકિક, અદ્ભુત અને સર્વોત્કૃષ્ટ હતી, તેમ છતાં તે નિઃસ્પૃહા હતી.'** ભક્તિનો વિષય લીધો છે એમાં આ અન્યમતિનું જે નામ લીધું છે એનું કારણ 'સોભાગભાઈ'નું વલણ એ બાજુનું હતું. પોતે એમને ભક્તિના ઢાળામાં તો ઢાળવા માગતા હતા. એટલે પેલા જે ભક્તોની વાત આવી

છે એ વાતને પણ એમણે એટલા (માટે) રાખી છે કે એમની ભક્તિ ઘણી સારી હતી. અથવા ભક્તિ સારી હોવી જોઈએ, કહેવાનો આશય એ છે કે ભક્તિ સારી હોવી જોઈએ. છતાં તે નિઃસ્પૃહા હતી. હવે ત્યાં શું છે? અન્યમતમાં જે વાત છે એનાથી આ વાત વિરુદ્ધ છે. અન્યમતમાં એનું ચિત્ર એવું છે કે એ સ્પૃહાવાળી ભક્તિ હતી. આ કહે છે કે એ ભક્તિ નિઃસ્પૃહા હતી. અભિપ્રાયમાં ફેર અહીંયાં પડે છે. એ લોકો માને છે એમાં એટલો ફેર છે. કે એમણે ભક્તિ કરી તો ભગવાને એમને મદદ કરી. માટે સ્પૃહાવાળી જે ભક્તિ છે એનું સ્થાપન થઈ ગયું. એ પોતે વાતને ઊથલાવે છે કે એમ નથી. ખરેખર ભક્તિ હોય છે તે નિઃસ્પૃહા હોય છે અને નિઃસ્પૃહા ભક્તિને જ ભક્તિ કહેવાય. બાકીના પરિણામને ભક્તિ કહેવાય નહિ, એમ ખરેખર છે.

**'સ્વપ્ને પણ તેમણે એવી દુઃખી સ્થિતિ છતાં આજીવિકા અર્થે, વ્યવહારાર્થે પરમેશ્વર પ્રત્યે દીનપણું કર્યું નથી;...'** એમ છે, ખરી વાત એ છે. લોકો બીજી રીતે સમજે છે. અથવા એમ કે તમે બીજી રીતે સમજતા હશો, પણ મૂળ વાત જુદી છે. **'તેમ કર્યા સિવાય જોકે ઈશ્વરેચ્છાથી વ્યવહાર ચાલ્યો ગયો છે,...'** દીનપણું કર્યું નથી તોપણ એમનો વ્યવહાર ચાલ્યો છે. એટલે કે કોઈને એવો પ્રતિકૂળ પ્રસંગ નથી બન્યો કે એમને એ પ્રતિકૂળતાને લઈને પ્રાણ છોડવા પડ્યા હોય, એવું તો બન્યું નથી.

**'તથાપિ તેમની દારિદ્ર્યાવસ્થા હજુ સુધી જગત-વિદિત છે;...'** એ ઠેઠ સુધી દરિદ્ર જ રહ્યા છે એ લોકો જાણે છે **'અને એ જ એમનું સબળ માહાત્મ્ય છે.'** એ જે દરિદ્રતા રહી એ ખરેખર તો એમનું ગૌરવ છે કે એમણે ભક્તિ છોડીને વ્યવહારના વ્યવસાયની અંદર ઝંપલાવ્યું નહિ. દારિદ્રને સ્વીકાર્યું, આર્થિક દારિદ્રને સ્વીકાર્યું પણ આર્થિક દારિદ્ર મિટાવવા માટે એમણે વ્યવસાય ન સ્વીકાર્યો એ ખરેખર તો એમનું ગૌરવ છે. એ એમના માટે કોઈ દુર્ગુણ નથી. એ એમના સદ્ગુણને પ્રકાશે છે, ખરી વાત તો એ છે. **'એ જ એમનું સબળ માહાત્મ્ય છે.'** એ એમની મહિમાની વાત છે.

**'પરમાત્માએ એમના 'પરચા' પૂરા કર્યા છે તે એ ભક્તોની ઇચ્છાથી ઉપરવટ થઈને.'** વળી શું કહે છે ? એમાં એ બધી વાતો ચાલે છે. પરમાત્માએ પરચા તો પૂર્યા છે તો શું બધું ખોટું ચાલ્યું છે ? ખોટી વાતો છે ? શાસ્ત્રો ખોટા છે ? આ બધું અત્યાર સુધી આટલા બધા માને છે તે ખોટું છે ? તો કહે (છે), ત્યાં તમારે એમ સમજવું કે, એને ઇચ્છા નહોતી. એની ઇચ્છા ઉપરવટ જઈને એ કામ કર્યું હતું

એમ તમારે લેવું. એમ કહીને એમ કહે છે કે, તમારે એવી અપેક્ષાવૃત્તિ ન રાખવી અને એવી અપેક્ષાવૃત્તિ ન રાખે એ જ સાચો ભક્ત છે. એવી અપેક્ષાવૃત્તિ રાખે એ સાચો ભક્ત નથી એમ સ્થાપવું છે. જુઓ ! શૈલી જુઓ એમની. કેવી શૈલી છે !

એમના ભક્તોએ તો ના પાડી હતી કે, અમારી અવસ્થામાં ફેરફાર કરવા તમે આવશો જ નહિ. અમે તો જે અવસ્થામાં છીએ એમાં અમે પૂરા સુખી છીએ. જગત કરતાં અમે તો સુખી છીએ. જગતના બધા (લોકોને) અમે તો દુઃખી જોઈએ છીએ. અમે તો સુખી જ છીએ. તોપણ પરમાત્માએ કદાચ પરચા પૂર્યા હોય તો એ એની ઇચ્છા ઉપરવટ જઈને, Overtake કર્યું હશે, ભગવાને એને Overtake કરી લીધું હશે. બાકી પોતે કોઈ દિવસ એવું ઇચ્છે નહિ.

મુમુક્ષુ :- (ચમત્કારની વાતો...)

પૂજ્ય ભાઈશ્રી :- એ બધી વાતો તો પછી, એક સહજ હોય ને ! 'વા, વાયુ ને નળિયું ખસ્યું' એમાંથી પછી બધું ચાલે. વાતમાં કાંઈ માલ હોતો નથી. ભક્તોની એવી ઇચ્છા ન હોય અને હોય તો એ ખરેખર ભક્ત નથી.

**'અને તેવી ઇચ્છા હોય તો રહસ્યભક્તિની તેમને પ્રાપ્તિ પણ ન હોય.'** કેવી ભક્તિ લીધી ? રહસ્યભક્તિ લીધી. એ ભક્તિનું રહસ્ય છે. જેને આત્મા અંદરમાં સૂઝ્યો છે એને એ આખી જુદી વાત છે. એને બહારના પદાર્થોમાં સુખબુદ્ધિ હોય કે બીજી અપેક્ષા રાખે તો એને ખરેખર તો ભક્તિનું રહસ્ય જ નથી.

**'આપ હજારો વાત લખો...'** આ બધી વાત એમણે લખેલી કાંઈક એના ઉપરની ચોખવટ છે. **'આપ હજારો વાત લખો પણ જ્યાં સુધી નિઃસ્પૃહ નહીં હો, (નહીં થાઓ) ત્યાં સુધી વિટંબના જ છે.'** તમે અપેક્ષા છોડી દ્યો. મારો સંયોગ સુધરે, મારી આર્થિક સ્થિતિ સુધરે એ વાત તમે અમારી પાસે છોડી દ્યો. એ વાત કરશો નહિ મહેરબાની કરીને. એ વાત કરવામાં અને એ વાતમાં તમારી વૃત્તિ જાય એમાં તમારા આત્માનું અહિત થાય છે એ પોતે પ્રત્યક્ષ જોવે છે. માટે એ છોડાવવા માગે છે. ઘણી, આગળ તો ઘણી એવી વાતો આવશે. પણ બહુ કડક હાથે કામ લીધું છે. 'સોભાગભાઈ' નજીકમાં નજીકના, પાત્રમાં પાત્ર જીવ છે તોપણ આ વિષયમાં ઘણા કડક હાથે એમણે કામ લીધું છે અને તે કેવળ એમનું કલ્યાણ ઇચ્છીને, બીજું કોઈ કારણ નથી. એ આ પત્રોથી જોવા મળે છે. વિશેષ લઈશું...

## પત્રાંક-૨૩૨

મુંબઈ, ચૈત્ર સુદ ૯, શુક્ર, ૧૯૪૭

પરેચ્છાનુચારીને શબ્દ-ભેદ નથી.

સુજ્ઞ ભાઈ ત્રિભોવન

કાર્યની જાળમાં આવી પડ્યા પછી ઘણું કરીને પ્રત્યેક જીવ પશ્ચાત્તાપયુક્ત હોય છે. કાર્યના જન્મ પ્રથમ વિચાર થાય અને તે દઢ રહે એમ રહેવું બહુ વિકટ છે, એમ જે ડાહ્યા મનુષ્યો કહે છે તે ખરું છે. તો તમને પણ આ પ્રસંગે આર્ત્તપૂર્વક ચિંતન રહેતું હશે, અને તેમ થવું સંભાવ્ય છે. કાર્યનું પરિણામ, પશ્ચાત્તાપથી તો, આવ્યું હોય તેથી અન્યથા ન થાય; તથાપિ બીજા તેવા પ્રસંગમાં ઉપદેશનું કારણ થાય. એમ જ હોવું યોગ્ય હતું એમ માની શોકનો પરિત્યાગ કરવો અને માત્ર માયાના પ્રબળનો વિચાર કરવો એ ઉત્તમ છે. માયાનું સ્વરૂપ એવું છે કે એમાં જેને 'સત્' સંપ્રાપ્ત છે તેવા જ્ઞાની પુરુષને પણ રહેવું વિકટ છે, તો પછી હજુ મુમુક્ષુતાના અંશોનું પણ મલિનત્વ છે તેને એ સ્વરૂપમાં રહેવું વિકટ, ભુલામણીવાળું, ચલિત કરનાર હોય એમાં કંઈ આશ્ચર્ય નથી એમ જરૂર જાણજો.

જોકે અમને ઉપાધિયોગ છે તથાપિ અવકાશ નથી મળતો એમ કંઈ છે નહીં, પણ દશા એવી છે કે જેમાં પરમાર્થ વિષે કંઈ ન થઈ શકે, અને રુચિ પણ હાલ તો તેમ જ રહે છે.

માયાનો પ્રપંચ ક્ષણે ક્ષણે બાધકર્તા છે; તે પ્રપંચના તાપની નિવૃત્તિ કોઈ કલ્પદ્રુમની છાયા છે; અને કાં કેવળદશા છે; તથાપિ કલ્પદ્રુમની છાયા પ્રશસ્ત છે; તે સિવાય એ તાપની નિવૃત્તિ નથી; અને એ કલ્પદ્રુમને વાસ્તવિક ઓળખવા જીવે જોગ્ય થવું પ્રશસ્ત છે. તે જોગ્ય થવામાં બાધકર્તા એવો આ માયાપ્રપંચ છે જેનો પરિચય જેમ ઓછો હોય તેમ વર્ત્યા

વિના જોગ્યતાનું આવરણ ભંગ થતું નથી; પગલે પગલે ભયવાળી અજ્ઞાન ભૂમિકામાં જીવ વગર વિચાર્યે કોટ્યવધિ યોજનો ચાલ્યા કરે છે; ત્યાં જોગ્યતાનો અવકાશ ક્યાંથી હોય ? આમ ન થાય તેટલા માટે થયેલાં કાર્યના ઉપદ્રવને જેમ શમાવાય તેમ શમાવી, સર્વપ્રકારે નિવૃત્તિ (એ વિષેની) કરી યોગ્ય વ્યવહારમાં આવવાનું પ્રયત્ન કરવું ઉચિત છે. 'ન ચાલતાં' કરવો જોઈએ, અને તે પણ પ્રારબ્ધવશાત્ નિઃસ્પૃહ બુદ્ધિથી, એવો જે વ્યવહાર તેને યોગ્ય વ્યવહાર માનજો. અત્ર ઈશ્વરાનુગ્રહ છે.

વિ. રાયચંદના પ્રણામ.

## તા. ૦૮-૧૦-૧૯૮૯, પ્રવચન નં. ૬૨
## પત્રાંક – ૨૩૨-૨૩૩

પત્રાંક-૨૩૨ **'પરેચ્છાનુચારીને શબ્દ-ભેદ નથી'** પર એટલે અન્ય જીવ, એની ઇચ્છાને અનુસરવાવાળાને કોઈ શબ્દભેદ નથી. આમ શબ્દથી કેમ વાત કરી ? આવા શબ્દથી કેમ વાત કરી ? એ વાત નથી. જેણે એમ નક્કી કર્યું કે જગતના વ્યવહારમાં મારે પરેચ્છાનુચારી થઈ જવું છે, જેની જેની સાથે વ્યવહારનો પ્રસંગ છે એમાં પરેચ્છાનુચારી થઈ જવું છે. તમે જેમ કહો તેમ. એવી રીતે જે પોતાની ઇચ્છા બાહ્ય કાર્યોની અંદર સંકેલી લેવા માગે છે એને પરેચ્છાનુચાર કહે છે. ખાસ કરીને કુટુંબ-પરિવાર અને જ્યાં જ્યાં પોતાનો અધિકાર હોય દુકાન-ધંધો-વેપાર, કુટુંબ-પરિવાર, સગા-સબંધી-મિત્રો જ્યાં જ્યાં પોતાનો અધિકાર હોય, એ અધિકાર છોડી દીધો, પરેચ્છાનુચારી થઈ ગયા. એને શબ્દભેદ નથી. આમથી વાત કરી કેમ તમે આમ બોલ્યા ? આમ કેમ વાત કરી ? પરેચ્છાનુચારી થઈ જાય છે. શાસ્ત્રભાષામાં એને એમ કહે છે કે જેણે સ્વામિત્વ છોડ્યું.

સમ્યગ્દષ્ટિએ સ્વામિત્વ છોડી દીધું છે. સ્વામિત્વ છોડ્યું છે એટલે પોતાનો અધિકાર ક્યાંય રાખ્યો નથી. તો પછી વ્યવહારમાં વર્તે છે ને ? પરેચ્છાનુચારી થઈને વર્તે છે, એવી વાત છે. **'પરેચ્છાનુચારીને શબ્દ-ભેદ નથી.'** એ મથાળું બાંધ્યું છે. કેમકે કેટલોક વ્યવહાર વિષયક આની અંદર બોધ આપવો છે. જેમને–'ત્રિભોવનભાઈ'ને પત્ર લખ્યો છે. એટલે વિષયને અનુસાર મથાળું બાંધ્યું છે.

મુમુક્ષુ :– મથાળું ગુણવાચક છે...

પૂજ્ય ભાઈશ્રી :– હા, ગુણવાચક છે. જરાક અજાણ્યો વિષય છે. આવો શબ્દપ્રયોગ ઓછો થાય છે. પણ જે આત્મકાર્ય કરવા માટે એકદમ લગનીવાળા જીવો છે એને વ્યવહારમાં ઉપેક્ષાથી વર્તવું હોય તો કેમકેરવું ? વ્યવહારમાં વર્તવું તો પડે, છોડ્યું જાય નહિ. તો કેમ વર્તવું ? તો કહે (છે), પરેચ્છાનુચારી થઈ જવું.

જેમ દુકાને જાય તો દુકાનનો ધણી હોય તો ધણી ન રહે પણ વાણોતર થઈ જાય. વાણોતર એટલે મુનીમ થઈ જાય. એવી રીતે. થોડી કઠણ વાત છે. જીવને અધિકાર છોડવો એ જરા કઠણ વાત છે. પણ જેને પોતાને નુકસાન-લાભ સમજાણો છે એ પોતાની કામની રીત પકડે છે, પોતાની રીતે કામ કરે છે. લોકોની રીતે કામ નહિ કરે. એથી ખરેખર તો લાભ-નુકસાન પોતે તો માન્યું નથી. પોતે તો લાભ-નુકસાન છે એમ માન્યું નથી તો પછી ક્યાં પ્રશ્ન રહ્યો ? એનાથી મને લાભ છે કે એનાથી મને નુકસાન છે એ પ્રશ્ન નથી. પકડ તો માણસને પોતાને લાભ-નુકસાન થતું હોય ત્યાં થાય છે.

મુમુક્ષુ :– સિદ્ધાંતમાં...

પૂજ્ય ભાઈશ્રી :– સિદ્ધાંતની અંદર પોતાનો સિદ્ધાંત છોડી દ્યે એ વાત નથી. (સિદ્ધાંત છોડી દે) તો એકાન્ત થઈ ગયો. આ તો અનેકાન્ત છે. સિદ્ધાંતની અંદર અચલ રહે છે, સિદ્ધાંતની અંદર ફેરફાર નથી કરતા. (આ પત્રમાં) વ્યવહારનો વિષય ચાલશે એટલે વિષયને અનુસરીને મથાળું બાંધ્યું છે.

**'કાર્યની જાળમાં આવી પડ્યા પછી ઘણું કરીને પ્રત્યેક જીવ પશ્ચાતાપયુક્ત હોય છે.'** જે કાર્યની જાળ કે જેમાં પોતે ફસાઈ ગયો છે. ઉદયની કાર્યોની જાળમાં મુમુક્ષુ ફસાયેલો છે તો એ મુમુક્ષુ, પ્રત્યેક મુમુક્ષુ ઘણું કરીને પશ્ચાતાપયુક્ત હોય છે. આ ક્યારે છૂટે ? હું ક્યારે મારું હિત સાધું અને આમાંથી - કાર્યજાળમાંથી ક્યારે નિવૃત્ત

થાઉં ? **'કાર્યના જન્મ પ્રથમ વિચાર થાય અને તે દૃઢ રહે એમ રહેવું બહુ વિકટ છે,...'** કોઈ કાર્ય સામે ઉદયમાં આવે તે પહેલા જ એ કાર્યમાં પ્રવેશ ન કરવો અને એમાં દૃઢ રહેવું એ ઘણું વિકટ છે. **'એમ જે ડાહ્યા મનુષ્યો કહે છે તે ખરું છે.'** લગભગ ઉદયની અંદર જીવને જોડાવું જ પડે છે અને એની અંદર પહેલેથી જ નિવૃત્ત રહેવાની જે દૃઢતા છે એ ઘણી વિકટ છે. **'તો તમને પણ આ પ્રસંગે આર્ત્તપૂર્વક ચિંતન રહેતું હશે,...'** કોઈ પ્રસંગ એમનો એકબીજાનો જાણીતો છે. આમાં એનો ઉલ્લેખ નથી, ક્યો પ્રસંગ છે એનો ઉલ્લેખ નથી. પણ આ પ્રસંગે તમને આર્ત્તપૂર્વક ચિંતન રહેતું હશે, તમને પણ આર્ત્તધ્યાન થતું હશે, એવું લાગે છે **'અને તેમ થવું સંભાવ્ય છે.'** જે પ્રસંગ છે એ પ્રસંગ જોતાં તમને આર્ત્તધ્યાન રહે, ચિંતા થાય એ સંભાવના છે, શક્ય છે, સંભાવ્ય છે.

**'કાર્યનું પરિણામ, પશ્ચાતાપથી તો, આવ્યું હોય તેથી અન્યથા ન થાય;...'** હવે એમાં પશ્ચાતાપ થતો હોય તો એથી કાંઈ એ ઉદય ફરી જતો નથી કે ઉદય બદલી જતો નથી. **'તથાપિ બીજા તેવા પ્રસંગમાં ઉપદેશનું કારણ થાય.'** જો વર્તમાનમાં જે કાર્યમાં પોતે ફસાણો છે એ કાર્ય, એ પ્રસંગ, એ ઉદય પૂરો થઈ ગયો અને ફરીને એવો કોઈ પ્રસંગ ઉત્પન્ન થાય તો એને એ ઉપદેશનું કારણ થાય કે અગાઉ આ કાર્યમાં ફસાતા મને પશ્ચાતાપ થયો હતો હવે મારે પ્રવેશ કરવો નથી. **'એમ જ હોવું યોગ્ય હતું...'** પરિણામ આવી ગયું છે, એમ (કહે છે). એમ જ હોવું યોગ્ય હતું **'એમ માની શોકનો પરિત્યાગ કરવો;...'** કોઈ પ્રતિકૂળ પરિણામ આવેલું છે, પ્રાસંગિક પરિણામ (છે). તો એ એમ જ થવા યોગ્ય હતું એમ માનીને એ પ્રત્યેનો શોક છોડી દેવો. એનો વિશેષ શોચ કરવો નહિ કે કેમ આમ થઈ ગયું ? આમ નહોતું થવું જોઈતું. એમ એ પ્રકારે શોક નહિ કરવો. **'અને માત્ર માયાના પ્રબળનો વિચાર કરવો એ ઉત્તમ છે.'** ચિત્રવિચિત્રપણું થવું એ જગતનો સ્વભાવ છે. જગતમાં એમ જ થયા કરે તો એનો કોઈ વિશેષ શોચ કરવા જેવું નથી.

**'માત્ર માયાના પ્રબળનો વિચાર કરવો એ ઉત્તમ છે. માયાનું સ્વરૂપ એવું છે કે એમાં જેને 'સત્' સંપ્રાપ્ત છે તેવા જ્ઞાની પુરુષને પણ રહેવું વિકટ છે,...'** આ જગતના સંગ-પ્રસંગો એવા છે, માયાનું સ્વરૂપ એવું છે કે જે જ્ઞાનીપુરુષ છે, જેને 'સત્'ની સંપ્રાપ્તિ એટલે સારી રીતે, સમ્યક્ પ્રકારે પ્રાપ્તિ થઈ છે એને પણ અચલપણે રહેવું

વિકટ છે. એને પણ વિચલિત કરી દ્યે એવા આ જગતના પ્રસંગો ઉત્પન્ન થાય છે, એને પણ અચલ રહેવું વિકટ છે. **'તો પછી હજુ મુમુક્ષુતાના અંશોનું પણ મલિનત્વ છે તેને એ સ્વરૂપમાં રહેવું વિકટ, ભુલામણીવાળું, ચલિત કરનાર હોય એમાં કંઈ આશ્ચર્ય નથી એમ જરૂર જાણજો.'**

અનુભવજ્ઞાન કોને કહે ? આ અનુભવજ્ઞાન વર્તે છે. પોતે પણ મુમુક્ષુતામાંથી પસાર થયા છે, જ્ઞાનદશામાં આરૂઢ થયા છે. જ્ઞાનદશામાં આરૂઢ થયા પછી પણ પોતાને ઉદયની અંદર અનેક વિટંબનાઓ આવે છે. એ ૪૦૮ (પત્ર)માં લેશે કે અમને તો બહુ જ વિકટ પરિસ્થિતિ છે. ૪૦૮ છે. 'દ્રવ્યદૃષ્ટિપ્રકાશ'માં એનો ઉલ્લેખ કરેલો છે. ૩૫૩ પાને ઉપરથી છે. **'એમ છતાં પણ કોઈને ખેદ, દુઃખ, અલાભનું કારણ તે સાક્ષીપુરુષ...'** એટલે જ્ઞાનીપુરુષ બીજાને ખેદનું, દુઃખનું અને નુકસાનનું કારણ જો **'ભ્રાંતિગત લોકોને ન ભાસે તો તે પ્રસંગમાં તે સાક્ષીપુરુષનું અત્યંત વિકટપણું નથી.'** બીજાને એમ લાગી જાય છે કે આ નુકસાન કરે છે, મને આણે નુકસાન કરી નાખ્યું, આ મારા વિરોધી છે, એમ. એને ખેદ થાય, દુઃખ થાય, નુકસાન થાય એવું ન ભાસે, એવો ઉદય હોય તો તો બહુ વિકટપણું નથી. **'અમને તો અત્યંત અત્યંત વિકટપણાના પ્રસંગનો ઉદય છે.'** આ બાબતમાં અમને તો ઘણી વિકટતા છે. અનેક જીવો એમ સમજે છે કે આ અમને નુકસાન કરે છે, આ અમને અલાભનું કારણ છે, આ અમને દુઃખનું કારણ છે, ખેદનું કારણ છે. એવા વિકટપણાનો અમને ઉદય છે. અત્યંત અત્યંત વિકટપણાના પ્રસંગનો ઉદય છે. **'એમાં પણ ઉદાસીનપણું એ જ સનાતન ધર્મ જ્ઞાનીનો છે.'** છતાં અમને ઉપેક્ષા છે, એ વાતની અમને ઉપેક્ષા છે.

એટલે અહીંયાં એમ કહ્યું કે, જેમને **''સત્' સંપ્રાપ્ત છે તેવા જ્ઞાની પુરુષને પણ** (અચલ) **રહેવું વિકટ છે, તો પછી હજુ મુમુક્ષુતાના અંશોનું પણ મલિનત્વ છે...'** ચોખ્ખી મુમુક્ષુતા હજી નથી, હજી અધકચરા મુમુક્ષુ હોય, એમાં પણ કેટલીક મલિનતાઓ હોય. એક સાધારણ ઇચ્છા હોય કે આપણું કલ્યાણ થાય તો સારું, લાઓ, આ માર્ગે આપણે જઈએ. એટલે હજુ તો ઘણી નબળી સ્થિતિ હોય એની અંદર સ્વરૂપમાં રહેવું અથવા સિદ્ધાંતમાં ટકવું અથવા અનેક પ્રકારના પ્રસંગોથી ભુલભુલામણી ઉત્પન્ન થાય. કોઈ આમ કહે, કોઈ આમ કહે, કોઈ આમ કહે, કોઈ આમ કહે... એક જ પ્રસંગ

ઉપર જુદી જુદી અનેક જાતની વાત આવે, પોતે કઈ વાતને અનુસરી જાય (એ) પોતાને ખબર ન રહે, એમ. અને **'ચલિત કરનાર હોય એમાં કંઈ આશ્ચર્ય નથી એમ જરૂર જાણજો.'** આવી મુમુક્ષુતામાં તો ગડબડ થઈ જાય, વાર લાગે નહિ. એવી પરિસ્થિતિ હોય છે. એ પરિસ્થિતિવાળા મુમુક્ષુએ શું કરવું જોઈએ એ વાત પોતે નીચે લ્યે છે. જ્યારે મુમુક્ષુની સ્થિતિ જ આવી બાળક જેવી છે કે જે માંડ માંડ ઊભો થઈને ચાલવા જાય ત્યાં પડે, ઊભો થઈને ચાલવા જાય ત્યાં પડે. એવી જ્યાં પરિસ્થિતિ હોય તેણે શું કરવું ? કોનો સહારો લેવો ?

**'જોકે અમને ઉપાધિયોગ છે તથાપિ અવકાશ નથી મળતો એમ કંઈ છે નહીં, પણ દશા એવી છે કે જેમાં પરમાર્થ વિષે કંઈ ન થઈ શકે, અને રુચિ પણ હાલ તો તેમ જ રહે છે.'** એટલે અવકાશ મળે છે તોપણ બીજાને પરમાર્થ વિષે કંઈક દોરવીએ, બીજાને મદદરૂપ થઈએ, બીજાને કંઈ લખીએ, કહીએ એવી અમારી દશા નથી. અંદરની દશા એવી છે કે બાહ્યપ્રવૃત્તિમાં નિરસતા આવી જાય છે. પારમાર્થિક પ્રવૃત્તિમાં પણ નિરસતા આવી જાય છે.

**'માયાનો પ્રપંચ ક્ષણે ક્ષણે બાધકર્તા છે;...'** માયાનો પ્રપંચ એટલે અનેક પ્રકારના ચિત્રવિચિત્ર ઉદય ઊભા થાય છે તે બાધકર્તા છે. સાધનાને–આરાધનાને પ્રતિબંધ કરે છે. **'તે પ્રપંચના તાપની નિવૃત્તિ કોઈ કલ્પદ્રુમની છાયા છે;...'** સત્પુરુષને અહીંયાં 'કલ્પદ્રુમ' કહ્યા છે. દ્રુમ એટલે વૃક્ષ. કલ્પવૃક્ષ કહો કે કલ્પદ્રુમ કહો. **'તે પ્રપંચના તાપની નિવૃત્તિ...'** એટલે કે સંસારની અનેક પ્રકારની માયાની વિટંબણાઓથી જીવને ઘણો ક્લેશ છે, ઘણો દુઃખી છે. જેમ તડકે કોઈ તપી જાય, એવો તાપ–ક્લેશનો તાપ અંદરમાં વર્તે છે તેની નિવૃત્તિ અથવા શીતળ છાંયડી કોઈ હોય તો તે સત્પુરુષ છે. **'નિવૃત્તિ કોઈ કલ્પદ્રુમની છાયા છે; અને કાં કેવળદશા છે;...'** કાં તો પોતાને સર્વોત્કૃષ્ટ વીતરાગદશા પ્રગટ થાય તો એ છે નહિતર કોઈ સત્પુરુષની (છાયા છે). અંદરમાં પોતાને કેવળજ્ઞાન પ્રગટ થાય તો જુદી વાત છે અને બહારમાં કોઈ સત્પુરુષ મળી જાય તો જુદી વાત છે.

'સોગાનીજી' કહેતા, 'કલકત્તા'માં અને 'સોનગઢ'માં ફેર એ છે કે ત્યાં (કલકત્તામાં) તો કંટાળો આવી જાય છે. ત્યાં તો જીવનની પરિસ્થિતિ છે એ ઘણી કંટાળા ભરેલી છે. અહીંયાં તો બહારમાં પણ 'ગુરુદેવ' 'આત્મા-આત્મા', 'પરમાત્મા-પરમાત્મા'

સંભળાવે છે અને અંદર નિવૃત્ત થઈને બેસીએ તોપણ એકલો પરમાત્મા છે. અંતર-બાહ્ય બેય પરમાત્મા છે. એક જ વિષય ચાલે છે.

**'તથાપિ કલ્પદ્રુમની છાયા પ્રશસ્ત છે;...'** કલ્પદ્રુમની જે છાયા છે તે ઇચ્છવાયોગ્ય છે, પ્રશસ્ત છે **'તે સિવાય એ તાપની નિવૃત્તિ નથી;...'** આ સિવાય સંસારિક તાપની નિવૃત્તિ, માયાના પ્રપંચોની નિવૃત્તિ થાય એવું દેખાતું નથી. **'અને એ કલ્પદ્રુમને વાસ્તવિક ઓળખવા...'** હજુ 'સત્પુરુષ' શબ્દ નથી વાપર્યો, હોં ! 'કલ્પદ્રુમ' (શબ્દ) જ વાપરતા જાય છે. આ તો આપણે પહેલેથી અર્થ કરી નાખીએ છીએ. **'અને એ કલ્પદ્રુમને વાસ્તવિક ઓળખવા જીવે જોગ્ય થવું પ્રશસ્ત છે.'** એના માટે ભલું છે. પ્રશસ્ત એટલે એના માટે કલ્યાણકારક છે. એ કલ્પદ્રુમને ઓળખવા માટે જીવ જો પોતાની યોગ્યતા કેળવે તો એ એના માટે ભલું છે. એ એને હિતનું કારણ છે.

**'તે જોગ્ય થવામાં બાધકર્તા એવો આ માયાપ્રપંચ છે,...'** એવી યોગ્યતા મુમુક્ષુજીવ પ્રાપ્ત કરે એ માટે એને ઘણા અનેક પ્રકારના જીવનની અંદર ચિત્રવિચિત્ર પ્રકારો ઉત્પન્ન થાય છે કે જેને લઈને એ સત્પુરુષના યોગને ચુકી જાય છે અથવા એ વર્તમાન યોગને સમજી શકતો નથી કે જે તરવાનું કારણ છે, અનંત ભવના નાશનું નિમિત્ત થાય છે એને એ પોતે ઓળખી શકતો નથી, સમજી શકતો નથી. **'તે જોગ્ય થવામાં બાધકર્તા એવો આ માયાપ્રપંચ છે,...'** એટલે અનેક પ્રકારના ઉદયમાં તીવ્ર રસથી પોતે જાડાઈ જાય છે અને સત્પુરુષના આશ્રયે એણે જે કલ્યાણનો રસ્તો પકડવો જોઈએ એ રસ્તો એ પકડી શકતો નથી, એ છૂટી જાય છે, આયુષ્ય પૂરું થઈ જાય છે.

**'તે જોગ્ય થવામાં બાધકર્તા એવો આ માયાપ્રપંચ છે. જેનો પરિચય જેમ ઓછો હોય તેમ વર્ત્યા વિના જોગ્યતાનું આવરણ ભંગ થતું નથી;...'** જે યોગ્યતા ઉપર આવરણ આવ્યું છે એને તોડવું છે એમાં એણે પોતાના ઉદયનો પરિચય ઘટાડવો પડે. અથવા તો જે કંઈ પૂર્વકર્મ અનુસાર ઉદય આવવાનો તે આવવાનો એણે એમાંથી નિરસ થઈ જવું પડે. એનું નામ પરિચય ઘટાડ્યો. રસથી ઉદયમાં જોડાવું તે ઉદયનો તીવ્ર પરિચય છે અને એમાં નિરસ થવું તે ઉદયનો પરિચય એણે ઘટાડી દીધો. ઉદય તો ઉદયમાં પડ્યો છે, પોતે રસ લ્યે છે તો એનો ગાઢ પરિચય છે. પોતે નિરસ થાય છે તો એના ઉદયનો પરિચય એણે ઘટાડ્યો છે. એટલે જે આ માયાનો પ્રપંચ

છે એટલે પૂર્વકર્મનો જે ઉદય છે **'જેનો પરિચય જેમ ઓછો હોય તેમ વર્ત્યા વિના...'** યોગ્યતા નહિ સુધરે.

જે યોગ્ય થવું છે, સત્પુરુષને ઓળખવા માટે પણ યોગ્ય થવું છે તો એણે ઓછામાં ઓછું ઉદયની અંદર નિરસ થવું એ એક જ મુખ્ય સાધન છે. આમ તો સળંગ આ વાત છે. મુમુક્ષુતામાં આ પ્રકાર ઊભો થાય છે, જ્ઞાનદશામાં એ પ્રકાર પાંગરે છે અને જ્ઞાની પોતાના ઉદયમાં નિરસ થઈને વર્તે છે. માટે જ્ઞાનીને બંધન નથી એમ કહ્યું એનું કારણ એ છે કે એ નિરસ થઈ ગયા છે. એ દશા એમણે સારી રીતે કેળવી લીધી છે. એનું નામ જ્ઞાનદશા છે. એટલે એનો પરિચય ઓછો હોય **'તેમ વર્ત્યા વિના જોગ્યતાનું આવરણ ભંગ થતું નથી;...'** મટતું નથી, છૂટતું નથી, તૂટતું નથી અને યોગ્યતા ઉપર જે આવરણ છે એ ખસ્યા વિના સત્‌ને કે સત્પુરુષને કેવી રીતે ઓળખશે ? અથવા પોતાના હિત-અહિતનો વિવેક કેવી રીતે કરશે ? કોઈ રીતે કરી શકશે નહિ.

**'પગલે પગલે ભયવાળી અજ્ઞાન ભૂમિકામાં જીવ વગર વિચાર્યે કોટ્યવધિ યોજનો ચાલ્યા કરે છે;...'** આહા..! આ એક એમણે બહુ માર્મિક વાત કરી છે કે પર્યાયે પર્યાયે, ક્ષણે ક્ષણે, પ્રસંગે પ્રસંગે આ જીવ, ભયવાળી એટલે એને ઘણું નુકસાન છે, આત્માને પોતાને ઘણું આવરણ કરે છે એવી ભયવાન અજ્ઞાનભૂમિકામાં, એવી અજાણી ભૂમિકામાં, અજાણ્યા ભાવોમાં એવો પકડાય છે, એવો સલવાય છે કે એને વિચાર પણ હોતો નથી કે આ હું શું કરું છું ? મને કેટલું નુકસાન કરું છું ? એનો વિચાર પણ એને આવતો નથી. કરોડો યોજન ચાલ્યો જાય છે, પોતાના સ્વરૂપથી દૂર એવા પરિણામોમાં કરોડો યોજન ચાલ્યો જાય છે. એને ખબર નથી હોતી કે, અરેરે...! હું ક્યાં જાઉં છું અને હવે કેટલો દુઃખી થઈશ ? એની એને ખબર હોતી નથી.

મુમુક્ષુ :- ગાઉ ન લીધા, યોજન લીધા છે.

પૂજ્ય ભાઈશ્રી :- યોજન લીધા છે અને કરોડો ! કરોડોની માત્રામાં જેની અવધિ મૂકી શકાય, માપ માપી શકાય. એવા કરોડો યોજન જીવ ક્ષણે ક્ષણે અજ્ઞાનભૂમિકામાં પોતાનાથી વિપરીત પોતાના સ્વરૂપની વિરાધનામાં ચાલ્યો જાય છે. વિરાધક માર્ગની અંદર કોટ્યાવધિ યોજન આગળ વધી જાય છે. એને ખબર નથી હોતી. ગજબ વાતો

કરી છે ! કોઈ મહામુનિ અને આચાર્ય હોયને, એનો જેવો ઉપદેશ હોયને એવો ઉપદેશ છે.

**'કોટ્યવધિ યોજનો ચાલ્યા કરે છે; ત્યાં જોગ્યતાનો અવકાશ ક્યાંથી હોય ?'** એને મુમુક્ષુતાની યોગ્યતા પણ આવે ક્યાંથી ? એમ કહે છે. એને તો યોગ્યતા પણ ન આવે. જ્ઞાનદશા તો આગળની વાત છે. યોગ્યતા પણ આવી ન શકે. **'આમ ન થાય તેટલા માટે...'** આ એટલા માટે ઉપરનું સૂત્ર બાંધ્યું છે, **'પરેચ્છાનુચારીને શબ્દ-ભેદ નથી.'** કંઈક પ્રસંગ એવો બન્યો હશે કે કોઈએ કોઈ આકરા વેણ કીધા હોય, કોઈ એવું તીવ્ર અપમાન કર્યું હોય, એવું કંઈ બની ગયું હોય. ત્યારે (એમ) કહે છે કે **'પરેચ્છાનુચારીને શબ્દ-ભેદ નથી.'** આ સૂત્ર છે. ક્યો શબ્દ કોણે કહ્યો ? કંઈ નહિ. એને કોઈ શબ્દના પ્રકારનો ભેદ જ નથી. બધું પુદ્‌ગલ છે, જાવા દ્યો, જાવા દ્યો. આ એટલા માટે લખ્યું લાગે છે.

**'આમ ન થાય તેટલા માટે થયેલાં કાર્યના ઉપદ્રવને...'** કોઈ ઉપદ્રવ આવેલો છે. ઉદયની અંદર એમને કોઈ ઉપદ્રવ ઊભો થયો છે. **'આમ ન થાય તેટલા માટે થયેલાં કાર્યના ઉપદ્રવને જેમ શમાવાય તેમ શમાવી, સર્વ પ્રકારે નિવૃત્તિ (એ વિષેની) કરી...'** એ વિષયની સર્વ પ્રકારે ભાવમાં નિવૃત્તિ કરીને **'યોગ્ય વ્યવહારમાં આવવાનું પ્રયત્ન કરવું ઉચિત છે.'** વ્યવહારમાં પણ યોગ્ય વ્યવહાર હોય એવા વ્યવહારમાં આવવાનો પ્રયત્ન કરવું પણ ઉપદ્રવ સંબંધીના જે પરિણામ છે એને શમાવવા, શાંત કરવા અને એ તરફના રસને નિવૃત્ત કરીને યોગ્ય વ્યવહારમાં આવવું. નહિતર વ્યવહાર યોગ્ય નહિ રહે, વ્યવહારમાં પણ અયોગ્યતા ઊભી થઈ જશે.

મુમુક્ષુ :- માર્ગદર્શન ગજબનું આપ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- એક એક પત્રોની અંદર માર્ગદર્શન એટલું બધું ગજબનું આપ્યું છે કે મુમુક્ષુને તો આ વિષય બહુ ઉપકારી છે, અત્યંત ઉપકારી વિષય છે.

હવે છેલ્લે એક સિદ્ધાંત જેવી વિશેષ વાત કરે છે. **'ન ચાલતાં' કરવો જોઈએ,...'** હવે આમાં ચાલે એવું નથી, **'ન ચાલતાં' કરવો જોઈએ...'** જે વ્યવહાર કરવો પડે તે **'ન ચાલતાં' કરવો જોઈએ, અને તે પણ પ્રારબ્ધવશાત્...'** પોતે ઉંબેળીને ઊભું ન કરે. પ્રારબ્ધવશાત્, તે પણ પ્રારબ્ધવશાત્ **'અને તે પણ નિઃસ્પૃહબુદ્ધિથી...'** અપેક્ષા

રાખીને નહિ, આમ થાય તો ઠીક, આમ થાય તો ઠીક એમ નહિ. અપેક્ષા રાખીને નહિ. **'નિઃસ્પૃહબુદ્ધિથી, એવો જે વ્યવહાર તેને યોગ્ય વ્યવહાર માનજો.'** આ યોગ્ય વ્યવહારની સૈદ્ધાંતિક પરિભાષા કરી નાખી કે ન ચાલતાં કરવો પડે. કેમકે કરવું છે તો પોતાના આત્મામાં અંતર્મુખ પરિણમન કરવું છે, સ્વરૂપમાં સ્થિર રહેવું છે, સ્વરૂપને વળગીને રહેવું છે છતાં પણ વ્યવહારમાં પ્રારબ્ધવશાત્ આવવું પડે, ન ચાલતાં કરવો પડે તો નિઃસ્પૃહબુદ્ધિથી જે વ્યવહાર થાય તે યોગ્ય વ્યવહાર માનવો. યોગ્ય વ્યવહારનો આ પ્રકાર છે. બીજા પ્રકારે વ્યવહાર પણ યોગ્ય રહેશે નહિ. આવી આ વિષયની અંદર એક સૈદ્ધાંતિક સૂત્ર જેવી વાત કરી છે.

કારણ કે પર્યાય એ જીવનું મુખ જ છે અને ડાઘ બધો પર્યાયમાં જ આવે છે. જ્ઞાનનો અરીસો જો જરાક ચોખ્ખો કરે તો પહેલા પોતાના દોષ દેખાય. એવો નિયમ છે કે મુમુક્ષુની ભૂમિકામાં જ્ઞાન થોડું પણ નિર્મળ થાય તો એને પહેલા પોતાના દોષ દેખાય. કેવા દેખાય ? કે નાના દોષ હોય તે મોટા થઈને દેખાય. જેમ Magnifying glassમાં કેમ નાનો ડાઘ મોટો થઈને દેખાય એવી રીતે ચોખ્ખો દેખાય. અને એનાથી ગભરાયને ત્યાંથી નિવૃત થઈ જાય, પાછો નિરસ થઈ જાય. મારે આ બાજુ આગળ વધવું નથી.

એ આમાંથી જ લીધું છે ને ? જે વીસ દોહરા લખી દીધા છે.

અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાંય હુંય;

એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય ?

આમાં પહેલું આ આવશે કે, મને કેમ આવા પરિણામ થયા ? આ પરિણામ કેમ થયા ? (જેને) સ્થૂળ, જાડા દોષના પરિણામ દેખાતા નથી એ ટાળવા માટે ઉત્સુક થવાનો જ ક્યાંથી ? હજી એને ખબર પણ નથી પડતી કે મને કેટલો દોષ થાય છે. (તો) એ કેવી રીતે ટાળશે એ તો એના માટે પ્રશ્ન જ નથી. એ તો એને કોઈ બીજા દેશની જ વાત છે. આ તો બુદ્ધિપૂર્વકના સ્થૂળ પરિણામની વાત છે.

**'અત્ર ઈશ્વરાનુગ્રહ છે.'** અહીંયાં કુદરતની કૃપા છે. પોતાને પોતાની દશામાં સમાધાન છે. પુરુષાર્થ બળવાનપણે પ્રવર્તી રહ્યો છે. એટલે પોતાના પરમાત્માની પોતાની દશા ઉપર કૃપા વર્તે છે. એવો અનુગ્રહ નામ કૃપા છે. ઈશ્વર નામ પોતાનો

આત્મા, એની કૃપા બરાબર વર્તે છે.

મુમુક્ષુ :- મિથ્યાત્વનો દોષ તો સૂક્ષ્મ દોષ છે...

પૂજ્ય ભાઈશ્રી :- એના માટે તો ઝીણી નજર જોઈએ. એ વિષય સૂક્ષ્મ છે. મિથ્યાત્વ અને મિથ્યા અભિપ્રાય, બન્ને સૂક્ષ્મ છે. એટલે એ વિષય તો જેની નજર સૂક્ષ્મ હોય અથવા નિર્મળતા પ્રગટ થઈ હોય તો જ એ થઈ શકે. પોતાને જો મુમુક્ષુતાની ભૂમિકામાં નિર્મળતા ન આવી હોય (તો થઈ શકે નહિ). એટલે તો કહે છે કે અજ્ઞાનની ભૂમિકામાં કોટ્યાવધિ યોજન વગર વિચાર્યે જીવ ચાલ્યો જાય છે. ઊંધી દિશામાં એટલો બધો આગળ વધી જાય છે કે એને પાછા ફરવામાં ઘણી વિટંબણા ઊભી થાય છે. એ ૨૩૨ (પત્ર પૂરો) થયો.

એ 'શ્રીમદ્જી'ના વખતથી આ ફેરફાર થયો. સમાજની અંદર સામાન્ય રીતે ગૃહસ્થો દીક્ષાધારી મુનિઓને, ત્યાગીઓને અનુસરે. સામાન્ય પરિસ્થિતિ આ જ ચાલતી હતી. એમાં એમણે આ વાતો કરી કે આ જૈનશાસન કોઈ બીજી ચીજ છે અને આ બધું અત્યારે ચાલે છે એ કોઈક બીજી ચીજ છે. એટલે સાધુવર્ગ બહુ ક્રોધિત થયો, એમના ઉપર ગુસ્સે થયો છે. જો આવી સમર્થ વાત કહેનાર કોઈ માણસ હોય તો આપણી તો પેઢી ઉઠાડી મૂકશે. એ લોકોનું બહુ આક્રમણ થયેલું છે. બધું આમાં આવશે.

મુમુક્ષુ :- પોતાનો મિથ્યાત્વનો દોષ મોટો દેખાય...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો સૌથી મોટો દેખાય. મિથ્યા અભિપ્રાય અને મિથ્યાત્વનો દોષ જ્યારે મોટો દેખાય પછી એ દોષ રહી શકતો નથી, (ટકી) શકતો નથી. જીવ ચારિત્રમોહના પરિણામને તો સ્થૂળપણે જોઈ શકે છે, એમાં પણ જે રસ છે એ સૂક્ષ્મ વિષય છે. રસને જોનાર પરિણામ એની સૂક્ષ્મતામાં આવે છે અને એના ઉપરથી એ મિથ્યાત્વ શું છે, મિથ્યા અભિપ્રાય શું છે એને જોવા સુધી આવે છે ત્યારે એ ટળી જાય છે પછી એ રહી શકતા નથી. કેમકે એ તો એક ભૂલ છે. કલ્પિત થયેલી એક વાત-કલ્પના સમજાય છે અને વાસ્તવિકતાના આધારે એ કલ્પના સમજાય છે (પછી) કલ્પના છૂટી જાય છે.

## પત્રાંક-૨૩૩

મુંબઈ, ચૈત્ર સુદ ૧૦, ૧૯૪૭

જંબુસ્વામીનું દૃષ્ટાંત પ્રસંગને પ્રબળ કરનારું, અને ઘણું આનંદકારક અપાયું છે. લૂંટાવી દેવાની ઇચ્છા છતાં લોકપ્રવાહ એમ માને કે ચોર લઈ ગયાના કારણે જંબુનો ત્યાગ છે, તો તે પરમાર્થને કલંકરૂપ છે, એવો જે મહાત્મા જંબુનો આશય તે સત્ય હતો.

એ વાત એમ ટૂંકી કરી હવે આપને પ્રશ્ન કરવું યોગ્ય છે કે ચિત્તની માયાનાં પ્રસંગોમાં આકુળવ્યાકુળતા હોય, અને તેમાં આત્મા ચિંતિત રહ્યા કરે, એ ઈશ્વરપ્રસન્નતાનો માર્ગ છે કે કેમ ? અને પોતાની બુદ્ધિએ નહીં, તથાપિ લોકપ્રવાહને લઈને પણ કુટુંબાદિકને કારણે શોચનીય થવું એ વાસ્તવિક માર્ગ છે કે કેમ ? આપણે આકુળ થવાથી કંઈ કરી શકીએ છીએ કે કેમ ? અને જો કરી શકીએ છીએ તો પછી ઈશ્વર પર વિશ્વાસ શું ફળદાયક છે ?

જ્યોતિષ જેવા કલ્પિત વિષયનો સાંસારિક પ્રસંગમાં નિઃસ્પૃહ પુરુષો લક્ષ કરતા હશે કે કેમ ? અને અમે જ્યોતિષ જાણીએ છીએ અથવા કંઈક કરી શકીએ છીએ એમ ન માનો તો સારું, એવી હાલ ઇચ્છા છે. તે આપને રુચે છે કે કેમ ? તે લખશો.

'જંબુસ્વામીનું દૃષ્ટાંત...' ૨૩૩મો ''સોભાગભાઈ'' ઉપર લખેલો પત્ર છે. **'જંબુસ્વામીનું દૃષ્ટાંત પ્રસંગને પ્રબળ કરનારું, અને ઘણું આનંદકારક અપાયું છે. લૂંટાવી દેવાની ઇચ્છા છતાં લોકપ્રવાહ એમ માને કે ચોર લઈ ગયાના કારણે જંબુનો ત્યાગ છે, તો તે પરમાર્થને કલંકરૂપ છે, એવો જે મહાત્મા જંબુનો આશય તે સત્ય હતો.'** 'જંબુસ્વામી'ની કોઈ કથા હશે, મને એમ છે. એને ચોરીને જવા દીધો, એમ છે ?

**'લૂંટાવી દેવાની ઇચ્છા છતાં લોકપ્રવાહ એમ માને કે ચોર લઈ ગયાના કારણે**

**જંબુનો ત્યાગ છે,...'** ઠીક, એનું ચોરાઈ ગયું પછી દીક્ષા લે જ ને ! એમ. એને તો ચોરાઈ ગયું, બાવો થઈ ગયો હતો એટલે લઈ લીધી દીક્ષા ! એમ (લોકો કહે) **'તો તે પરમાર્થને કલંકરૂપ છે,...'** એવી જો કોઈ વાત કરતું હોય તો એ પરમાર્થમાર્ગને નિંદે છે, એમ એમનું કહેવું છે. એટલે એમના ઉપર જે આળ નાખ્યું છે કે આ તો ચોરી થઈ ગઈ એટલે દીક્ષા લીધી છે નહિતર ક્યાં દીક્ષા લેવાના હતા ? આ 'જંબુસ્વામી' છે જે ભગવાનના ગણધર થાય છે ? પંચમઆરાના ત્રણ કેવળીમાં 'સુધર્માસ્વામી', 'જંબુસ્વામી' અને 'ગૌતમસ્વામી'. એટલે ત્રણ કેવળી જે થયા છે તે. **'તો તે પરમાર્થને કલંકરૂપ છે, એવો જે મહાત્મા જંબુનો આશય તે સત્ય હતો.'** એવું લોકોએ નહિ લેવું જોઈતું હતું. પરમાર્થને ખોટું કલંક છે. કેમકે કોઈ જીવ નિરાધાર થઈ જાય માટે ધર્મમાં પ્રવેશે કે પરમાર્થમાર્ગમાં પ્રવેશે એ પરમાર્થમાર્ગને કલંક છે. એમ ખરેખર પરમાર્થમાર્ગમાં આવનારાને તો હોતું નથી, એમ કહેવું છે.

**'એ વાત એમ ટૂંકી કરી હવે આપને પ્રશ્ન કરવું યોગ્ય છે કે ચિત્તની માયાનાં પ્રસંગોમાં આકુળવ્યાકુળતા હોય, અને તેમાં આત્મા ચિંતિત રહ્યા કરે, એ ઈશ્વરપ્રસન્નતાનો માર્ગ છે કે કેમ ?'** 'સોભાગભાઈ'એ વાત કરી છે એ પ્રાસંગિક વાત લખી છે કે 'જંબુસ્વામી'ને આવી રીતે ચોરી થઈ ગઈ અને દીક્ષા લીધી. લોકોએ એમ માન્યું કે બધું ચોરાઈ ગયું, એટલે હવે આમ પણ બાવા તો થઈ ગયા હતા, દીક્ષા લઈ લીધી. કેમકે હવે પછી કાંઈ લગવાડ રહે એવી કાંઈ પરિસ્થિતિ હતી નહિ કે પોતાને મમત્વ રાખે એવી પરિસ્થિતિ રહી નહોતી. તો એ તો ખોટું છે. એવી રીતે પરમાર્થમાર્ગી મહાત્મા પ્રત્યે કલંક લગાડવું કે એ દૃષ્ટિએ જોવું એ તો વ્યાજબી નથી. એ વાત તો આપણે ટૂંકી કરી નાંખીએ. એમના પ્રસંગની અને સંયોગની વાત જવા દઈએ. મારે એક પ્રશ્ન તમને કરવું છે, એમ કહે છે.

પોતે વ્યક્તિગત પ્રશ્ન ઉઠાવ્યો છે કે **'ચિત્તની માયાનાં પ્રસંગોમાં આકુળવ્યાકુળતા હોય,...'** ચિત્તની આકુળતા-વ્યાકુળતા ઉદયના કારણે રહેતી હોય, એટલે આ તો 'સોભાગભાઈ'ની વાત છે પણ દરેકે પોતા ઉપર લેવાની. ચિત્તની આકુળતાવ્યાકુળતા કોઈપણ કારણસર, કોઈપણ ઉદયવશ રહેતી હોય અને તેમાં આત્મા ચિંતિત રહ્યા કરે, અને એનો વારંવાર વિકલ્પ આવ્યા કરે, એની ચિંતા થયા કરે, એ જ ઘૂંટાયા કરે, એ જ ચાલ્યા કરે **'એ ઈશ્વરપ્રસન્નતાનો માર્ગ છે કે કેમ ?'** એ પરમાર્થમાર્ગમાં

આવવાની લાઇન છે ?

એને દુઃખમાં સાંભરે 'રામ', પણ આ તો દુઃખમાંય રામ સાંભરતા નથી, એમ કહે છે. કે તમે તો દુઃખમાં દુઃખના પ્રસંગોની જ ચિંતા કર્યા કરો છો કે આનો ઉદય કેમ સુધરે ? આમાં કેમ આમ ફેરફાર થાય ? આ કેમ વધારે લાઇનસર થાય ? આ કામ કેમ પાટે ચડે ? આ પ્રતિકૂળતા કેમ મટે ? એ જ બધું ચાલ્યા કરતું હોય. એવી જે ચિંતિત પરિસ્થિતિ રહે છે એ ઈશ્વરપ્રસન્નતાનો માર્ગ છે કે કેમ ? એ પરમાર્થમાર્ગમાં (ઈશ્વર) પ્રસન્ન કરવાનો અથવા તમારા અંતરમાંથી આત્માની કૃપા થાય અને તમને શુદ્ધતા આદિ પ્રગટે, સમ્યગ્દર્શન આદિ પ્રગટે એવો માર્ગ છે ? આ મારો પ્રશ્ન છે. આ ઈશ્વરપ્રસન્નતાનો માર્ગ નથી. આ આત્માના હિતનો માર્ગ નથી.

ખાસ કરીને એમણે 'સોભાગભાઈ'ને તો ઉદયથી છોડાવવા માટે એટલા ભિન્ન ભિન્ન પ્રકારે એવી શૈલીથી અને એવી વિચક્ષણતાથી ઉપદેશ આપ્યો છે કે જો કોઈપણ મુમુક્ષુજીવને પોતાને પોતા ઉપર ઉતારવું હોય તો કામ થઈ જાય એવી વાત છે. એવી સરસ વાત છે ! કેમકે એવા મુમુક્ષુ - એક સુપાત્ર છતાં એવા મુમુક્ષુ એમને ભેટી ગયા છે કે જેને સંસારી પ્રસંગની ઘણી વિકટતા હતી. ઘણી વિકટતામાં આવેલા હતા, અસાધારણ વિકટતામાં વર્તતા હતા. એક બાજુ પાત્રતા ઘણી સારી હતી. તો બીજી બાજુ બીજી તકલીફ પણ એટલી જ હતી. સામાન્ય રીતે જો પાત્રતા ન હોય તો જીવ પોતાનું ઘણું અહિત કરી બેસે. એમાં જ પરિણામ બગડી જાય અને એવા પરિણામ ન બગડે એનો એક આધારસ્થંભ, અંદરમાં તો એમને આધારસ્થંભ મળ્યો નહોતો, બહારનો આધારસ્થંભ એક સત્પુરુષ એમને મળી ગયા. એનો સંસાર છૂટી ગયો, એનો નિર્વાણ થઈ ગયો. નિર્વાણમાર્ગે ચડી ગયા.

એ એક ઐતિહાસિક જેમ કથાનુયોગનો કોઈ વિષય હોય એવો વિષય છે. જબરદસ્ત વાત છે ! કથાનુયોગમાં શું છે કે જે પુરાણપુરુષોની વાતો આવે છે એ ઉપર ઉપરની જાડી જાડી મોટી વાતો મળે છે. એના ઉપરથી સ્થૂળબુદ્ધિવાન જીવ પણ ઉપદેશ ગ્રહણ કરી શકે. અહીંયાં વિશેષતા એ છે કે બન્ને વચ્ચે જે સૂક્ષ્મ અધ્યાત્મની અને તત્ત્વની વાતો થઈ છે અને ઉદયમાંથી નિવૃત થવાની જે પ્રક્રિયા અને જે પ્રકારથી છૂટવું જોઈએ એ બધી જે વાતો એકદમ ઝીણામાં ઝીણી સૂક્ષ્મ

વિગતથી જે બહાર આવી છે એ ભાગ્યે જ મળે એવી ચીજ છે. શાસ્ત્રમાંથી પણ ભાગ્યે જ મળે, મળી ન શકે એવી ચીજ છે. એટલે એક ન્યાયે તો શાસ્ત્રથી વિશેષ વાત છે ! શાસ્ત્રોથી પણ વિશેષ વાત છે !! એવી વાતો ન મળે એવી વાતો આ પત્રોની અંદર મળે છે.

ખરેખર જેને હિત થાય એવો ખ્યાલ આવે એ તો સમજી જ જાય કે આ ક્યાંય બીજે મળતું નથી. અહીંયાં મળે છે એ બીજે ક્યાંય મળતું નથી. એવો ખ્યાલ આવી જાય છે. સામાન્ય રીતે જુઓ કે દરેક જીવોને ઉદયપ્રસંગોની આકુળતા-વ્યાકુળતા અને ચિંતિતદશા રહેતી હોય છે. સર્વ સામાન્ય પરિસ્થિતિ દરેક મુમુક્ષુજીવને છે. પછી કોઈને પ્રતિકૂળતા હોય તો વિશેષ, અનુકૂળતા હોય તો અનુકૂળતાની વૃદ્ધિના વિકલ્પો અથવા અનુકૂળતા જળવાઈ રહે, એમાં એ વળગી રહ્યો હોય છે, એમાં એ ટીંગાઈ જાય છે. કાં તો પ્રતિકૂળતાને દૂર કરવા ટીંગાઈ જાય છે, કાં તો અનુકૂળતાને જાળવવા ટીંગાઈ જાય છે, કાં અનુકૂળતાની વૃદ્ધિ કરવામાં દોડ મૂકે છે, ઉત્સાહિત થઈ જાય છે. એવો પુણ્યયોગ હોય તો ઉત્સાહ વધી જાય છે. એવા જીવને એમ કહે છે કે આ ઈશ્વરપ્રસન્નતાનો માર્ગ છે ? આ આત્માના હિતનો માર્ગ છે ? પ્રશ્નચિહ્ન મૂકેલું છે. ઊભો રહી જાય.

એક તો એણે મમત્વ છોડવું. જે આગળ વાત કરી દીધી છે એ ફરીફરીને લ્યે છે. ૨૭૭ પાને છે. ૨૨૩ પત્રનો છેલ્લો પેરેગ્રાફ. છેલ્લેથી ઉપરનો લઈએ. **'કહેવાનો આશય એવો છે કે એમ જ યોગ્ય છે.'** જે ઉદય વર્તી રહ્યો છે તે યોગ્ય જ છે. તમારા જ કરેલા પરિણામનું ફળ છે એટલે યોગ્ય જ છે. એમાં કાંઈ તમને અન્યાય થાય છે એ વાત તમે વિચારશો નહિ. જે થઈ રહ્યું છે તે યોગ્ય જ છે. **'કઠણાઈ અને સરળાઈ, શાતા અને અશાતા એ ભગવદ્ભક્તને સરખાં જ છે; અને વળી કઠણાઈ અને અશાતા તો વિશેષ અનુકૂળ છે...'** પ્રતિકૂળતા આવે એ તો વિશેષ અનુકૂળ છે **'કે જ્યાં માયાનો પ્રતિબંધ દર્શનરૂપ નથી.'** અનુકૂળતામાં તો માયાનો પ્રપંચ એવો થઈ જાય છે કે જીવ છેતરાય જાય છે. એને એ વખતે એમ નથી લાગતું કે હું મારા આત્માને નુકસાન કરું છું. પણ પ્રતિકૂળતામાં ખેદ વધારે થાય છે ત્યારે એને એમ થાય છે કે આ આકુળતાના પરિણામ મને મારા આત્માને બંધન કરે છે. (અનુકૂળતામાં) તો બંધન સમજાતું નથી અહીં તો બંધન સમજાય છે.

**'આપને તો એ વાર્તા જાણવામાં છે; તથાપિ કુટુંબાદિકને વિષે કઠણાઈ હોવી ઘટારત નથી એમ ઊગતું હોય તો તેનું કારણ એક જ છે કે પરમાત્મા એમ કહે છે, કે તમે તમારા કુટુંબ પ્રત્યે નિઃસ્નેહ હો,...'** આમ કહેવું છે. આ એનો ઉપાય છે કે તમે રાગ છોડો. 'આ મારું કુટુંબ છે' એ વાત છોડો. **'અને તેના પ્રત્યે સમભાવી થઈ પ્રતિબંધ રહિત થાઓ; તે તમારું છે એમ ન માનો, અને પ્રારબ્ધયોગને લીધે એમ મનાય છે,...'** પૂર્વકર્મના યોગે સગાસબંધી તમારી નજીક આવ્યા અને એ કુટુંબ તમે તમારું માન્યું એ પ્રારબ્ધનો યોગ છે તો એ ટાળવા માટે **'આ કઠણાઈ મેં મોકલી છે.'** એમાં મમત્વને ટાળવા માટે મેં આ કઠણાઈ મોકલી છે કે જો તું કાંઈ કરી શકતો નથી. તારી ઇચ્છા તો આખા કુટુંબને તારી દેવાની અને સુખી કરવાની છે પણ તારું ચાલતું નથી એ બતાવે છે કે તું ભિન્ન છો. યુક્તિના આધારે ટકાતું નથી. વસ્તુના સ્વરૂપના આધારે ટકાય છે કેમકે વસ્તુનું જે સ્વરૂપ છે એ એક નક્કર ચીજ છે, એટલા માટે. એટલે એ વ્યાકુળતામાં ચિંતિત રહેવું એ માર્ગ નથી, એમ. માર્ગ છે કે કેમ ? કે એ માર્ગ નથી, એમ.

(અહીંયાં કહે છે), **'અને પોતાની બુદ્ધિએ નહીં, તથાપિ લોકપ્રવાહને લઈને પણ કુટુંબાદિકને કારણે શોચનીય થવું એ વાસ્તવિક માર્ગ છે કે કેમ ?'** બીજો પ્રશ્ન છે કે તમને એમ લાગતું હોય કે, મને એવું કાંઈ નથી લાગતું પણ હવે જરાક લૌકિક પરિસ્થિતિ એવી છે, લોકોમાં ઇજ્જતનો સવાલ છે, એમ માણસ નથી કહેતા ? કે ઇજ્જતનો સવાલ છે. અમારી તો. હવે આબરૂ જાય એવી વાત થઈ છે એવા **'લોકપ્રવાહને લઈને પણ કુટુંબાદિકને કારણે શોચનીય થવું એ વાસ્તવિક માર્ગ છે કે કેમ ?'** એ પણ વાસ્તવિક માર્ગ નથી.

**'આપણે આકુળ થવાથી કંઈ કરી શકીએ છીએ કે કેમ ?'** કે આપણી આકુળતાને લઈને કોઈ સંયોગમાં કે બીજા જીવોમાં ફેરફાર કરી શકીએ, જે પ્રતિકૂળ વર્તતા હોય એ જીવના પરિણામ બદલી શકાય કે કોઈ સંયોગો પ્રતિકૂળ હોય એને અનુકૂળ કરી શકાય એમ બની શકે છે ? એમ પણ બની શકતું નથી. **'અને જો કરી શકીએ છીએ તો પછી ઈશ્વર પર વિશ્વાસ શું ફળદાયક છે ?'** (આવા) પ્રશ્નો મૂક્યા છે.

મારે તમને કેટલાક પ્રશ્ન કરવા છે. 'જંબુસ્વામી'ની વાત તો ઠીક હવે, સમજ્યા હવે. એ વાતમાં આપણે કાંઈ લાંબું વિચારવું નથી. પણ હવે મારે તમને પ્રશ્ન કરવા

છે. **'આપને પ્રશ્ન કરવું યોગ્ય છે.'** આ પ્રશ્ન મારે તમને કરવો છે કે જો એ બધો ફેરફાર આ આત્મા કરી શકતો હોય, પ્રતિકૂળતાઓને પલટાવીને અનુકૂળતા કરી શકતો હોય તો પછી કુદરત જેવી કોઈ વસ્તુ રહેતી નથી. કેમકે એ તો બધા પોતે પોતાનું ધાર્યું કરી લેશે. પણ એવું કાંઈ બનતું નથી.

જ્યાં જ્યાં ઇચ્છા અનુસાર અનુકૂળતા થાય છે ત્યાં પણ કુદરતી થાય છે. જીવ અભિમાન કરે છે એ નવા કર્મ બાંધે છે. જ્યાં જ્યાં ઇચ્છા અનુસાર નથી થતું ત્યાં પણ કુદરતી થાય છે અને જીવ ખેદ કરે છે, ખેદાય છે એ પણ નવા કર્મ બાંધે છે. (અનુકૂળતામાં) તીવ્ર રસે કરીને હરખથી નવા કર્મ બાંધે છે, અહીંયાં તીવ્ર રસે કરીને ખેદથી, શોકથી નવા કર્મ બાંધે છે. બન્ને સંસારચક્રની ગતિ તીવ્ર કરવાની વાત છે. બન્નેમાં પાપના જ બંધ પડે. એમાં શું ? એ તો એકલી ગંદકી જ છે, પાપ જ છે, મલિન જ છે. એકલા મલિન પરિણામ છે, એ તો તીવ્ર મલિન પરિણામ છે. એટલે એમ કહે છે કે તો પછી **'ઈશ્વર પર વિશ્વાસ શું ફળદાયક છે ?'** એ કાંઈ વાત રહેતી નથી.

**'જ્યોતિષ જેવા કલ્પિત વિષયનો સાંસારિક પ્રસંગમાં નિઃસ્પૃહ પુરુષો લક્ષ કરતા હશે કે કેમ ? અને અમે જ્યોતિષ જાણીએ છીએ અથવા કંઈક કરી શકીએ છીએ એમ ન માનો તો સારું, એવી હાલ ઇચ્છા છે. તે આપને રુચે છે કે કેમ ?'** એવા માર્મિક પ્રશ્નો કર્યા છે. ખરેખર એ પ્રશ્ન નથી કર્યા, ઉત્તર આપ્યા છે. શૈલી કરી છે, એક શૈલી કરી છે. ઉત્તર આપવાની શૈલી કરી છે. બહુ વિચક્ષણ હતા !

કાલે જ ચર્ચા થઈ હતી કે લખાણની અંદર આવા સમર્થ પુરુષ છે કે જેની કલમ ચાલે છે એટલી બધી અસાધારણ છતાં એમ લખે છે કે, હું પત્રમાં લખી નહિ શકું એવો આ વિષય છે, સમાગમે હું ચર્ચા કરીશ. તત્ત્વનો કેટલો સૂક્ષ્મ વિષય હશે ! એ પોતે કલમ ચલાવવામાં આટલા સમર્થ છે તોપણ એ કલમ અટકે છે, ચાલતી ચાલતી અટકે છે. આ વિષયમાં અનેક નયો કામ કરે છે, અનેક નયોથી આ વિષયને સંતુલિત રીતે પ્રદર્શિત કરવો જોઈએ. લખાણમાં લખવા જતાં કાંઈક એક જગ્યાએ વજન આપવાને બદલે કાંઈક બીજી જગ્યાએ સામાનું વજન ચાલ્યું જાશે (તો) અર્થનો અનર્થ કરશે, નુકસાન કરી બેસશે. (એટલે) લખાણ છોડી દ્યે છે. આ વિષયમાં રૂબરૂ મળશું ત્યારે સમાગમે વાત થશે. અત્યારે વિશેષ લખવું મને

યોગ્ય નથી લાગતું. એટલી સમર્થ કલમ છે તોપણ. શક્તિ ઘણી છે લખવાની, વિષયને વ્યક્ત કરવાની, તોપણ તત્ત્વનો વિષય એટલો ગંભીર અને એટલો સૂક્ષ્મ છે કે પોતાને અટકવું પડે છે.

જુઓ ! જ્યોતિષની વાત ફરીને પાછી કાઢી કે **'જ્યોતિષ જેવા કલ્પિત વિષયનો સાંસારિક પ્રસંગમાં નિઃસ્પૃહ પુરુષો લક્ષ કરતા હશે કે કેમ ?'** જેને સંસારની સ્પૃહા નથી, સંસારના પ્રસંગોની સ્પૃહા નથી તે જ્યોતિષ જેવા કલ્પિત વિષયનો લક્ષ કરે ? કરે નહિ, એમ કહે છે. તમને કેમ આ વિકલ્પ ઊઠે છે ? આ તો જે મુમુક્ષુને જ્યોતિષનો વિકલ્પ આવતો હોય એને બહુ સજ્જડ વાત કરી છે કે ભૂલેચૂકે આ વિકલ્પ કરવા જેવો નથી. અથવા જો આ વિકલ્પ મુમુક્ષુતામાં ઊઠે છે, જ્ઞાનીને તો ઊઠે જ નહિ એમ કહે છે, પણ મુમુક્ષુતામાં કદાચ ઊઠે તો આ બહુ મોટું નુકસાન છે. એને સંસારની ઘણી સ્પૃહા વર્તે છે માટે આ વિકલ્પ ઊઠે છે. અનુકૂળતાની ઘણી સ્પૃહા વર્તે છે, પ્રતિકૂળતા દૂર કરવાની ઘણી સ્પૃહા વર્તે છે માટે એને આ વિકલ્પ ઊઠે છે. એમ એમાંથી સિદ્ધ થાય છે. લક્ષ ન કરવું, એ દુર્લક્ષ કરવાનો વિષય છે. લક્ષ કરવું નહિ. અને અમે જ્યોતિષ જાણીએ છીએ અથવા અમારી પાસે કાંઈ ચમત્કાર, રિદ્ધિ-સિદ્ધિ કાંઈક છે એટલે કાંઈક કરી શકીએ છીએ એમ ન માનો તો સારું. એવી માન્યતા તમારી બંધ થઈ જાય, એવી જે અમારી ઇચ્છા છે, અમે એમ ઇચ્છીએ છીએ કે તમે અમારા માટે આવું કાંઈ ન વિચારો કે અમે જ્યોતિષ જાણીએ છીએ કે અમારી પાસે કાંઈક વિદ્યા છે, કાંઈ રિદ્ધિ-સિદ્ધિ છે, એવી એવી માન્યતા તમે સાવ બંધ કરી દ્યો, અમારા પ્રત્યેની એ વાત જ છોડી દ્યો, એ વાત તમને રુચે છે ? અમારી આવી ઇચ્છા છે એ તમને ગમે છે ? કે અમારી ઇચ્છાનો તમને ક્યાંય ખૂણે-ખાંચરે પણ અણગમો આવે છે ? નાડના ધબકારા ગણે છે.

જેમ દર્દીની નાડ પકડીને વૈદ એના ધબકારા ગણે અને એના ઉપરથી, ધબકારા ગણે એમ નહિ એની ગતિ અને એના અનેક પ્રકારના જુદાં જુદાં પડખાથી એના રોગનું નિદાન કરે ને, એવી વાત છે આ બધી. કે અમે આવું ઇચ્છીએ છીએ એમાં તમને ગમો થાય છે કે અણગમો થાય છે ? જો તમને એ વાતનો અણગમો થતો હોય તો ખરેખર અમે તમને ગમતા નથી એના જેવી વાત છે, અમારા પ્રત્યેનો જ એ અણગમો છે. એક તમારા આત્માના હિતનો અણગમો છે અને એક સત્પુરુષ

પ્રત્યેનો અણગમો છે. એને ગમતા નથી, સત્પુરુષ એને ગમતા નથી. જે સત્‌નો બોધ આપે છે, સત્‌નો માર્ગ બતાવે છે એ એને ગમતા નથી.

એને આત્મા ગમતો નથી, આ સીધી વાત છે. જેને સત્પુરુષ ગમતા નથી એને પોતાનો આત્મા ગમતો નથી. આ સીધી વાત છે. એને સંયોગો ગમે છે. એણે સંયોગોમાં જે પ્રકારની ઇચ્છા કરી છે એ બધું એને રમણીય લાગે છે, ગમે છે અને આખા સત્‌ને ઉથલાવે છે. એ બહુ માર્મિક પ્રશ્ન કર્યો છે.

પ્રશ્ન અહીંયાં છે કે અમે જ્યોતિષ જાણીએ છીએ, તમારું કાંઈક આ સંયોગની અંદર અનુકૂળતા કરી શકીએ, એવું તમે અમારા વિષે ન માનો, એવી અમારી ઇચ્છા (છે), એ ઇચ્છા આપને રુચે છે કે નહિ ? આ પ્રશ્ન છે. પ્રશ્ન ત્યાં શરૂ થાય છે કે અમારી જે આ ઇચ્છા તે તમને રુચતી વાત છે કે અરુચતી વાત છે ? એ જરા અમને કહેજો. જો તમને એ અરુચતી વાત હોય તો ઊંડા ઊતરવું પડશે આ રોગ જરા વધારે અંદર ઘર કરી ગયો છે, એમ થાશે. કેટલે ઊંડેથી એ માપવા માગે છે ! અને જ્યાં એ ઊભા છે, જેટલે ઊંડે એ વિપરીતતામાં ઊભા છે ત્યાંથી મૂળમાંથી ખેંચીને બહાર કાઢી નાખવા છે. એટલે ફરીને એ જન્મ પામે નહિ. ત્યાંથી પછી અંકુર ન ફૂટે. એટલી બધી આની અંદર દવા કરવાની વૈદની કુશળતા છે. બહુ વિચક્ષણતા છે. વિશેષ લઈશું...

**સમસ્ત રાગ - પ્રશસ્ત / અપ્રશસ્ત - પરાશ્રિત પરિણામ છે. તેમ છતાં તેનું મમત્વ કરતાં શ્રદ્ધાની વિપરીતતા થાય છે. સમસ્ત રાગ રહિત-એવું આત્મસ્વરૂપ છે. જે અનંત મહિમાવંત છે. તે જણાતાં સમસ્ત રાગનો મહિમા ઊડી જાય છે. આમ વસ્તુસ્થિતિ છે. તેમ છતાં જેને પ્રશસ્ત રાગાદિમાં મોહ થાય છે, તેણે આત્માને જાણ્યો નથી. સમસ્ત પ્રકારના રાગાદિ પરિણામ મલિન / અશુદ્ધ, દુઃખદાયી છે અને તેથી શુદ્ધભાવ / મોક્ષમાર્ગરૂપ ભાવના ઘાતક સ્વભાવે છે. તેથી પરમાગમોમાં મોક્ષના હેતુનું રક્ષણ કરવા - તેનો નિષેધ કરવામાં આવ્યો છે, તે યોગ્ય છે. (અપૂર્ણ)**

**('અનુભવ સંજીવની' - ૩૬)**

## પત્રાંક-૨૩૪

મુંબઈ, ચૈત્ર સુદ ૧૦, શનિ, ૧૯૪૭

### સર્વાત્મસ્વરૂપને નમસ્કાર

પોતાનું અથવા પારકું જેને કંઈ રહ્યું નથી એવી કોઈ દશા તેની પ્રાપ્તિ હવે સમીપ જ છે, (આ દેહે છે); અને તેને લીધે પરેચ્છાથી વર્તીએ છીએ. પૂર્વે જે જે વિદ્યા, બોધ, જ્ઞાન, ક્રિયાની પ્રાપ્તિ થઈ ગઈ છે તે તે સઘળાં આ દેહે જ વિસ્મરણ કરી નિર્વિકલ્પ થયા વિના છૂટકો નથી; અને તેને લીધે જ આમ વર્તીએ છીએ. તથાપિ આપની અધિક આકુળતા જોઈ કંઈ કંઈ આપને ઉત્તર આપવો પડ્યો છે તે પણ સ્વેચ્છાથી નથી; આમ હોવાથી આપને વિનંતિ છે કે એ સર્વ માયિક વિદ્યા અથવા માયિક માર્ગ સંબંધી આપના તરફથી મારી બીજી દશા થતાં સુધી સ્મરણ ન મળવું જોઈએ, એમ યોગ્ય છે. જોકે હું આપનાથી જુદો નથી, તો આપ સર્વ પ્રકારે નિરાકુળ રહો. તમારા પ્રત્યે પરમપ્રેમ છે, પણ નિરુપાયતા મારી છે.

**તા. ૧૦-૧૦-૧૯૮૯, પ્રવચન નં. ૬૩**

**પત્રાંક – ૨૩૪ થી ૨૩૬**

'સોભાગભાઈ' ઉપરનો પત્ર છે. **'સર્વાત્મસ્વરૂપને નમસ્કાર'** સર્વ આત્મસ્વરૂપને, સર્વ જીવોને. દ્રવ્યદૃષ્ટિની પ્રધાનતાથી કથન છે. સર્વ આત્મસ્વરૂપને નમસ્કાર કરીએ છીએ.

**'પોતાનું અથવા પારકું જેને કંઈ રહ્યું નથી એવી કોઈ દશા તેની પ્રાપ્તિ હવે સમીપ જ છે, (આ દેહે છે); અને તેને લીધે પરેચ્છાથી વર્તીએ છીએ.'** ગઈકાલે એ મથાળાનો વિષય ચાલ્યો હતો (કે) **'પરેચ્છાનુચારીને શબ્દ-ભેદ નથી'**. જેણે ઇષ્ટ-અનિષ્ટપણું ટાળ્યું છે. સર્વ જ્ઞેયોને એક જ ખાતામાં – જ્ઞેયમાં જે માત્ર જ્ઞાતાભાવે અવલોકે છે અને જેને પોતાનું અને પારકું એટલે રાગ અને દ્વેષનો કોઈ વિષય નથી રહ્યો તેની પ્રાપ્તિ હવે અમને બહુ સમીપ છે. એટલે કે હવે અમે પૂર્ણ વીતરાગ અલ્પકાળમાં થશું. એટલે અત્યારથી જ હવે પરેચ્છાથી વર્તીએ છીએ, બીજાની ઇચ્છા પ્રમાણે વર્તીએ છીએ. કેમકે અમારે કાંઈ કરવું છે એ વાત રહી નથી. આ વાત આમ અમારે કરવું છે, અમારે હજી આમ કરવું છે, અમારે હજી આમ કરવું છે, એ વાત કાંઈ છે નહિ. એટલે પરેચ્છાથી વર્તીએ છીએ.

**'પૂર્વે જે જે વિદ્યા, બોધ,...'**

મુમુક્ષુ :– પોતાનું અને પારકું કાંઈ રહ્યું નથી એમ થઈ જાય...

પૂજ્ય ભાઈશ્રી :– હા, એમ જ છે, એમ જ છે. એ સંપૂર્ણ દશા પૂર્ણતામાં થશે. એવી કોઈ દશા, કોઈ એટલે સંપૂર્ણ દશા. **'એવી કોઈ દશા તેની પ્રાપ્તિ હવે સમીપ જ છે,...'** સંપૂર્ણ દશા, જેની પોતાને ભાવના છે, પૂર્ણપદની અભિલાષા છે એ દશા હવે સમીપ જ છે, આ દેહે છે, એમ. સમીપ જ છે પણ આ દેહે જ. એટલે પોતે તો જાણે આ ભવે મુક્તિના જોરમાં છે. એ એક એમના પુરુષાર્થની વિશિષ્ટતા છે. ઘણો પુરુષાર્થ છે, તીવ્ર પુરુષાર્થ છે. અતિ પુરુષાર્થવંત જેને કહીએ તેવા ધર્માત્મા છે.

મુમુક્ષુ :– પૂર્ણતાની વાત વારંવાર આવે છે...

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ જોરથી આવે છે.

મુમુક્ષુ :– બીજાનું હોય

પૂજ્ય ભાઈશ્રી :– કદાચ બીજાનું બનાવેલું હોય પણ એનો દોષ નથી. એ ક્ષયોપશમમાં જાય છે, ક્ષયોપશમના વિષયમાં જાય છે. પૂજ્ય 'બહેનશ્રી'ના વિષયમાં એવું સાંભળેલું. એમનો પ્રવેશ પણ બહુ જોરથી (થયો) છે. એ ભૂમિકામાં પણ બહુ શરૂઆતમાં કેટલી વાર નિર્વિકલ્પદશા આવતી હતી ! બહુ નજીક નજીકના અંતરાળમાં (આવતી હતી). એ તો એમના પત્રમાં અનુભવ થયા પછી આવ્યું છે, 'અભિનંદન ગ્રંથ'માં એ વિષય આવ્યો છે. એ જ બતાવે છે કે ઘણી ઉગ્ર દશા હતી. પ્રવેશ જ

બહુ ઉગ્ર હતો. એ વખતે બીજા આગમો બહુ નહિ વાંચેલા. ઉંમર નાની, બીજા આગમનો, દિગંબર આગમોનો પરિચય નહિ. હવે તો આ ઉપયોગ જે અંદર જાય છે (તે) કેવળજ્ઞાન લઈને જ બહાર નીકળે એવું જ કરવું છે. આ પંચમકાળ છે, સ્ત્રી દેહ છે બધું ભૂલી જાય ! એવો જોરથી ઉપયોગ અંદર જાય, સ્થિર થાય (કે) હવે તો કેવળજ્ઞાન લેશું ! એવું જોર આવે. એટલે એ પરિસ્થિતિ નથી પણ એ ક્ષયોપશમજ્ઞાનનો વિષય છે, જાણપણાનો વિષય છે, માહિતી જ્ઞાનનો વિષય છે.

મુમુક્ષુ :- આવા હલકા કાળમાં ૧૮ વર્ષે પ્રાપ્તિ કરવી અસાધારણ વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- અઢાર વર્ષે અને તે દિવસે પાછો આટલો વિષય સ્પષ્ટ સામે નહિ. સંપ્રદાયમાં પણ 'ગુરુદેવ' વીંટાળી વીંટાળીને બોલે, ખુલ્લું બોલે નહિ તોપણ પકડ્યું. તૈયારી જ ઘણી મોટી હતી. નહિતર પંદર વર્ષની ઉંમરે એ જમાનામાં સાસરું છોડી દેવું, એટલું જ નહિ એટલી નરમ પ્રકૃતિ અને 'કરાંચી'થી ભાગીને એકલા 'વઢવાણ' આવવું ! નહિતર એ તો બહુ જ નરમ પ્રકૃતિના હતા, ઘર બહાર નીકળી ન શકે. સ્ટેશન જાય તો ટિકિટ લેતા આવડતી નહોતી. ત્યારે પૂછ્યું હતું, સીધું પૂછેલું છે કે એટલું બધું જોર કેમ આવ્યું ? ત્યારે તો કાંઈ નહોતા 'ગુરુદેવ' મળ્યા, ન કાંઈ સમજણ, આટલું બધું આગળ વધાશે એવો કોઈ અંદાજ પણ ન હોય. આ બધી પરિસ્થિતિમાં આટલું બધું જોર ! તમારો પ્રકૃતિસ્વભાવ એવો નથી. એવો સ્વભાવ નથી. માથા કાઢે એવો માણસ હોય, બાઈમાણસ પણ માથાકાઢું હોય તો ગમે તે ધડાકો કરે. આ તો પહેલેથી જ તે બહુ નરમ પ્રકૃતિના. આટલું બધું સાહસ કર્યું ! આટલી ઉંમરમાં કર્યું ! આ પરિસ્થિતિમાં કર્યું ! એ જમાનામાં તો મા-બાપ સંઘરે નહિ. માતાજી તો હતા નહિ, પિતાજી એકલા હતા. ત્યારે શું આધારે કર્યું ? કેવી રીતે કર્યું ? શું કારણ શું બન્યું એવું ? પૂછ્યું હતુ, સીધું પૂછ્યું હતું. તો કહે એવું લાગ્યું હતું કે અહીંયાં કલ્યાણ નહિ થાય. 'કરાંચી'માં કોઈ સત્સંગ નથી, કલ્યાણ નહિ થાય. ત્યાં સત્સંગ મળશે, ત્યાં કલ્યાણ થવાનો અવકાશ છે, અહીંયાં તો કોઈ અવકાશ જ નથી. બસ ! એક સંગ ઉપર એમણે આટલો મોટો નિર્ણય લીધો છે અને આટલું મોટું સાહસ કર્યું છે. ખાલી સંગફેર કરવા માટે.

મુમુક્ષુ :- તે દિ' 'ગુરુદેવ' બાબતમાં ખબર નહિ હોય...

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ નહિ ને ! કાંઈ ખબર નહિ. પછી 'વઢવાણ' 'ગુરુદેવ'

વિહાર કરતા કરતા પધારેલા ત્યારે સાંભળવા ગયા છે. એ પહેલા કાંઈ નહિ. પણ એક સત્સંગ અને સત્સંગનો અભાવ, આટલી વાત ઉપર આટલો મક્કમ નિર્ણય અને આટલું સાહસ કરેલું છે. મુમુક્ષુઓને વિચારવા જેવો વિષય છે. અત્યારે તો માણસ ધંધાર્થે બહાર દૂર દૂર રહે છે. કોઈ ક્યાંય રહે છે, કોઈ ક્યાંય રહે છે, કોઈ ક્યાંય... સત્સંગ મળતો નથી ત્યાં. શું થાય ? પૈસા માટે ત્યાં રહેવું પડે છે. એવું છે. કોઈ ગણતરી કરી નથી. ભવિષ્યનું આજીવિકાનું શું થશે ? સાસરું છોડશું તો પછી આગળ કેવી રીતે થશે ? કોણ સગુ થશે ? મા તો છે નહિ. પિતાજીની ઉંમર મોટી હોય. એમના કરતાં તો (એમના મોટા ભાઈ) નવ વર્ષે મોટા હતા. સંગફેર કરવા માટે એમણે ઘણું સાહસ કર્યું છે. એટલું લાગી ગયું હતું કે અહીંયાં કલ્યાણ નહિ થાય. 'કરાંચી'નું વાતાવરણ, 'કરાંચી'ની પરિસ્થિતિ જોતાં અહીંયાં કાંઈ કલ્યાણ થાય એવું છે નહિ, બસ. આ વાત ઉપર નિર્ણય લીધેલો. એટલે એમાં કાંઈ બીજી વાત નથી. ગમે તેણે કૌંસ કર્યો હોય, એ કાંઈ મહત્ત્વનો વિષય નથી.

**'પૂર્વે જે જે વિદ્યા, બોધ, જ્ઞાન, ક્રિયાની પ્રાપ્તિ થઈ ગઈ છે તે તે સઘળાં આ દેહે જ વિસ્મરણ કરી નિર્વિકલ્પ થયા વિના છૂટકો નથી; અને તેને લીધે જ આમ વર્તીએ છીએ.'** પૂર્વે જે કાંઈ ધર્મને નામે, ધર્મને બહાને કર્યું છે એ બધું ભૂલી જવા જેવું છે. આ દેહે ભૂલી જવું. પોતાની વાત કરીને ઉપદેશ આપે છે કે આ છોડી દેવું, ભૂલી જવું. જે કાંઈ કર્યું છે, કે મેં આટલું કર્યું છે, અત્યાર સુધી આટલું કરી ચૂક્યો છું. એ પૂર્વગ્રહ છોડી દેવો, કોઈપણ જાતનો એ પ્રકારનો પૂર્વગ્રહ રાખવો નહિ.

મુમુક્ષુ :- વર્તીએ છીએ એટલે ?

પૂજ્ય ભાઈશ્રી :- વ્યવહારની અંદર જે વર્તવાનું રાખ્યું છે એ પરઇચ્છા પ્રમાણે રાખ્યું છે, અમારી ઇચ્છા પ્રમાણે નથી રાખ્યું. કોઈ પૂછે કે આજ શું જમશો? (તો કહે), જે બનાવો એ. ફલાણું કેમકેરવું છે ? (તો કહે), તમને ઠીક લાગે એમ કરો. એમ. એક જાતની એ જ્ઞાનદશાની અંદર પોતાની ઇચ્છા, મારી આમ ઇચ્છા છે એ વાત મૂકી દેવા માટેની Practice છે. ખરેખર તો એ Practice છે કે પોતાની વાત મૂકી દેવા માટે લગભગ જેટલા પ્રસંગો પડે એ પ્રસંગોમાં મોટે ભાગે (એમ વર્તે છે) કે તમને ઠીક લાગે એમ કરી નાખો. કોઈ એમ કહે કે તો પછી તમે જરાક આટલું કરી દ્યો ને ! વ્યવહારમાં તો કુટુંબમાં કે સગાસંબંધીમાં કે બજારમાં તો કોઈ

એને જ્ઞાની તરીકે માનતા નથી. તો કહે, તમે જરા આટલું કામ કરી નાખજો. તો કહે, બહુ સારું. કરી નાખશું. એક વેઠિયો હોય, વેઠિયાને સામે કાંઈ મળતું નથી. એમ પોતે સમજે છે કે મને કાંઈ આમાં મળતું નથી. વેઠિયાની જેમ, મુનીમની જેમ, ચાકરની જેમ કામ કરી લ્યે છે. આટલો મારો હક છે, મારું આ સ્થાન છે, મારું આટલું ચાલવું જોઈએ, ઘરમાં મારું આટલું ચાલવું જોઈએ. દુકાનમાં મારું આટલું ચાલવું જોઈએ, સમાજમાં મારું આટલું ચાલવું જોઈએ. મારું આટલું સ્વમાન જળવાવું જોઈએ, એ બધું મૂકી દ્યે છે. આ બધી Practice છે. ચાલતા ઉદયની અંદર આ Practice કરે છે. એટલે પરેચ્છાથી વર્તીએ છીએ. બીજાની ઇચ્છાએ વર્તીએ છીએ, અમારી ઇચ્છા પ્રમાણે નથી વર્તતા, અમને ઇચ્છા કરવી ગમતી નથી. એમ કહેવું છે. પછી અલ્પ થાય છે એના પર વજન નથી. પછી એ Practice ચાલતી હોવાથી અલ્પ ઇચ્છા થાય છે એના ઉપર વજન રહેતું નથી.

મુમુક્ષુ :– 'નિર્વિકલ્પ થયા વિના છૂટકો નથી' એ બીજા માટે છે ?

પૂજ્ય ભાઈશ્રી :– 'નિર્વિકલ્પ થયા વિના છૂટકો નથી' હા, એ બીજા માટે છે, સામાને માટે છે. જે કંઈ પૂર્વે કર્યું છે એ વિસ્મરણ કરવું અને એટલું વિસ્મરણ કરવું કે એનો વિકલ્પ પણ ન ઊઠે, એટલું વિસ્મરણ કરવું. અમે આટલા ઉપવાસ કર્યા હતા, અમે રોજની ત્રણ-ત્રણ સામાયિક કરતા હતા, આટલા પૌષધ કર્યા હતા, ફલાણું કર્યું હતું, આટલા વ્રત કર્યા હતા, આમ કર્યું હતું, તેમ કર્યું હતું. (તેનું) વિસ્મરણ કરવું, વિકલ્પ ન ઊઠે તેવી રીતે વિસ્મરણ કરવું. આટલી પૂજા ભણાવી છે, આટલા વિધિ-વિધાન કર્યા છે. ધર્મના બહાને (બહુ કર્યું છે). એટલે તો કહ્યું કે વિદ્યા શીખ્યા છે, એટલે ઘણા પાઠ શીખી લીધા હોય, ઘણું ઘણું શીખ્યા હોય. અમુક ઉપદેશ લીધો હોય. વાંચ્યું હોય, સાંભળ્યું હોય એનું જ્ઞાન હોય અને અનેક પ્રકારની ક્રિયા કરી હોય. એ બધું વિસ્મરણ કરીને નિર્વિકલ્પ થઈ જવું. એવું વિસ્મરણ કરવું, કોરી પાટી થઈ જાય એવું. જાણે અત્યાર સુધી મેં કાંઈ કર્યું જ નથી. ધર્મને માર્ગે જે કાંઈ કરવું જોઈએ એ મેં કાંઈ કર્યું નથી. જે કાંઈ કર્યું છે એ બધું બહિર્લક્ષી નુકસાન થાય એવી રીતે, અહંભાવ થાય એવી રીતે કર્યું છે.

**'અને તેને લીધે જ આમ વર્તીએ છીએ. તથાપિ આપની અધિક આકુળતા જોઈ કંઈ કંઈ આપને ઉત્તર આપવો પડ્યો છે તે પણ સ્વેચ્છાથી નથી;...'** અમને તમારી

આકુળતા દેખાય છે. એ આકુળતાને લઈને ઉત્તર આપવો પડ્યો છે, એમ લખે છે. રસ નથી આવતો. પરાણે કોઈ કામ કરવું પડે છે એમ ઉત્તર આપવો પડ્યો છે પણ સ્વેચ્છાથી નથી. નિષેધ આવે છે તોપણ ઉત્તર આપવો પડ્યો છે. **'આમ હોવાથી આપને વિનંતિ છે કે સર્વ માયિક વિદ્યા અથવા માયિક માર્ગ સંબંધી આપના તરફથી મારી બીજી દશા થતાં સુધી સ્મરણ ન મળવું જોઈએ,...'** જોયું ? સામાને માટે છે. માયિક વિદ્યા, 'સોભાગભાઈ' માટે લખે છે. તેથી સર્વ માયિક વિદ્યા એટલે જે કાંઈ માયિક એટલે જ્યોતિષ વગેરેની વાત છે. જે કાંઈ બીજી હોય, મંત્ર-તંત્ર-યોગ, આ બધા પ્રકારમાં થોડું 'સોભાગભાઈ'ને આકર્ષણ હતું, શ્રદ્ધા હતી કે આમાંથી આપણે કાંઈક મેળવી શકીએ છીએ. એ માયિક વિદ્યા ને માયિક માર્ગ, માયિક ઉપાય છે, એ બધા કલ્પિત ઉપાય છે, એમાં ક્યાંય આત્માનું હિત થાય એવું નથી. આ તો ભલે એ બે વચ્ચેનો પ્રસંગ છે પણ જે મુમુક્ષુજીવને જે પ્રકારનો અથવા આવા પ્રકારનો ક્યાંય પણ ખૂણેખાંચરે અભિપ્રાય રહેતો હોય, ક્યાંય અનુમોદના થતી હોય, કૃત-કારિત-અનુમોદનાથી કે એવી વાતોમાં પોતાને ક્યાંય મીઠાશ આવતી હોય, ક્યાંય પણ તો એ બધું (મૂકી દેવું). તમે મારી પાસે તો એ વાત પણ સંભારતા નહિ, એમ કહે છે.

**'આપના તરફથી મારી બીજી દશા થતાં સુધી...'** એટલે બીજી આજ્ઞા થતાં સુધી, બીજી સૂચના ન થાય ત્યાં સુધી **'સ્મરણ ન મળવું જોઈએ.'** મને એ વાત સંભારશો નહિ, એટલી બધી મને એ વાતની અનિચ્છા છે કે એ વાત તમે મારી પાસે લાવતા નહિ, એવી વાત મને કરતા નહિ, એવી કોઈ વાત સાંભળવાની મને જરાપણ ભાવના નથી. **'સ્મરણ ન મળવું જોઈએ, એમ યોગ્ય છે.'**

**'જોકે હું આપનાથી જુદો નથી,...'** એમના પ્રત્યે અનુરાગ–પ્રેમ ઘણો છે એટલે એમ કહે છે કે **'જોકે હું આપનાથી જુદો નથી,...'** એટલે કેટલીક વાત એમ લખે છે. 'એટલે જ આમ વર્તીએ છીએ' એમ જે ઉપર લખ્યું ને ! એ પરસ્પરનો પ્રેમ બતાવવા માટે. એવી આપણે ત્યાં વ્યવહારમાં પદ્ધતિ છે કે જો માણસ જુદાઈ રાખે ત્યારે એમ કહે કે તમારે આમ નહોતું કરવું જોઈતું, આ તમે ભૂલ કરો છો, આવી રીતે કરાય નહિ. આ તમારે બિલકુલ ન કરવું જોઈએ. જો પ્રેમ હોય તો એમ કહે, આપણાથી આવું ન થાય, હોં ! કે એને (સામાને). (પણ) શબ્દ શું વાપરે ? આપણે

આ નહિ કરવું જોઈએ. આપણું કામ નથી, આપણે આવું ન કરાય, એમ કહે. આપણને ન શોભે. કહે એને. આ પદ્ધતિ છે કે નહિ ? તો ખરેખર ત્યાં પોતાને ભેળવીને વાત નથી.

એ તો વાંચનમાં પણ એવો પ્રકાર છે કે પોતાના ઉપર લેતા હોય કે આ આત્માએ ભૂતકાળમાં આવા ઘણા અપરાધ કર્યા છે. કેમકે કોઈ વ્યક્તિવિશેષને લક્ષમાં રાખીને કોઈ વાંચન કરવું એ યોગ્ય નથી એમ પોતાને ખ્યાલ છે. તો આ આત્માએ આવા ઘણા અપરાધ કર્યા છે એમ કહે. એનો અર્થ એમ નથી કે ખરેખર બીજાને કહેવામાં એ વાત લાગુ જ નથી પડતી, એવો એનો અર્થ નથી. સાંભળનારે તો એમ જ સમજવાનું છે કે મારા આત્માએ પણ આમ જ કર્યું છે, એમ. એ બધી પદ્ધતિ, શૈલી છે.

મુમુક્ષુ :– 'સોભાગભાઈ' વારંવાર આ વાત લખે છે.

પૂજ્ય ભાઈશ્રી :– આકુળતા થઈ જાય છે. એમને સંયોગની ભીંસ છે, પ્રતિકૂળતા છે એની આકુળતા થઈ જાય છે. એ લખ્યું છે ને ? **'આપની અધિક આકુળતા જોઈ'**. આકુળતા નહિ પણ અધિક આકુળતા જોઈને કાંઈ ને કાંઈ ઉત્તર આપવો પડે છે. નહિતર અમને આ વિષયમાં લખવું પણ અમારી દશાને અનુકૂળ નથી. કેટલો રસ છે પોતાનો !

મુમુક્ષુ :– 'સોભાગભાઈ'ની ગર્ભિત પાત્રતા જોવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– જોવે છે, બરાબર જોવે છે. કેટલીક વ્યક્ત પાત્રતા પણ છે. જે 'શ્રીમદ્જી' પ્રત્યેનો વિનય-ભક્તિ-બહુમાન અને એમને જે ઓળખાણ થઈ ગઈ છે કે આ જ સત્પુરુષ છે. એમના વચન ઉપર પરમ પ્રેમ છે, પરમ વિશ્વાસ છે એ વાત તો છે, એમને વર્તમાનમાં પ્રગટ છે.

મુમુક્ષુ :– વ્યક્ત પાત્રતા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, વ્યક્ત પાત્રતા ઘણી છે. ગર્ભિત પણ ઘણી છે અને વ્યક્ત પણ ઘણી છે કે આવા પરિણામ થાય છે. હજી તો મુમુક્ષુદશા છે એટલે થાય. એમને ખ્યાલ છે. પણ શું છે કે પોતે જ્ઞાનદશામાં બહુ જોરથી પ્રવેશ કર્યો છે, એકાવતારી પુરુષ છે એટલે એની પુરુષાર્થની શ્રેણિની Quality જ કોઈ જુદી જાતની છે અને જો આયુષ્ય હોય તો આવા જીવ અસંગદશામાં આવે એવી ચોખ્ખી વાત છે. એમના માટે જો વિચારીએ તો એવી બહુ ચોખ્ખી વાત છે કે જો પચાસ-પોણોસો વર્ષનું આયુષ્ય

હોય તો આવા ધર્માત્માઓ-મહાત્માઓ નિર્ગ્રંથદશામાં સર્વસંગપરિત્યાગ કરીને અસંગદશામાં જંગલમાં ચાલ્યા જાય એવી એમની દશા છે. એટલે એમની અસંગતા સાથે આ વિષય મેળ ખાતો નથી એનું એમના પત્રમાં સ્પષ્ટ દર્શન થાય છે.

એમની જે અસંગવૃત્તિ છે એ અસંગવૃત્તિમાં એમને બીજાનો પરિચય, બીજાને પત્રો લખવા, એ નિષેધમાં આટલા પત્રો લખાણા છે. જે દશામાં એમને ઉત્તર આપવો ગમતો નથી, કલમ અટકી જાય છે, વાણી મૌનપણાને ભજે છે, વિકલ્પ સંક્ષેપ થઈ જાય છે, લખવાની વૃત્તિ સંક્ષેપ થઈ જાય છે એવી પરિસ્થિતિમાં તો આટલા પત્રો લખાણા છે. એવી પરિસ્થિતિમાં આવી કલમ ચાલી છે. આટલા ભેદે, આટલા પ્રકારે જુદી જુદી શૈલી કરી છે. ઉપયોગથી કરે તો તો કેટલી વિચક્ષણતા હશે એ વિચારવા જેવું છે. ઉપયોગથી એટલે શું આ બીજા અત્યારે જે લેખકો હોય, વક્તાઓ હોય એ તૈયારી કરીને બધું બહાર મૂકે. એવો પોતે ઉપયોગ નથી દેતા છતાં આટલું બહાર આવ્યું છે.

**‘જોકે હું આપનાથી જુદો નથી, તો આપ સર્વ પ્રકારે નિરાકુળ રહો.’** મારાથી તમે કોઈ ભિન્નતા નહિ રાખતા, જુદાઈ નહિ રાખતા. આપને ક્યા સમયે કેવી રીતે સહાયભૂત થવું એ વાત કાંઈ લક્ષ બહાર નથી. એટલે એમના આર્થિક વિષયમાં કોઈ મદદ કરીશ એમ એમનો અભિપ્રાય નથી. જોકે કરવું પડે તો એના માટે એમનો નિષેધ નથી. એ તો આગળ એક જગ્યાએ લખશે કે ‘રાયચંદ રવજીભાઈ’ના કુટુંબ માટે જે કાંઈ કરવું પડે છે એ કદાચ તમારા કુટુંબ માટે કરવું પડે તો અમને જુદાઈ નથી. પણ અત્યારે અમારી કોઈ એવી દશા નથી કે અમે વિશેષ પ્રવૃત્તિમાં પડીએ. પણ એમના ઉપર પ્રેમ ઘણો છે, અનુરાગ ઘણો છે એટલો એમાં નિર્દેશ છે.

મુમુક્ષુ :– આ વ્યક્ત પાત્રતા થઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :– એમની ઓળખાણ આવી ગઈ હતી. મોટી વાત એ હતી કે એમની ઓળખાણ આવી ગઈ હતી કે આ સત્પુરુષ છે, નક્કી સત્પુરુષ છે, મારા માટે પરમાત્મા છે. એ વાત એમને બેસી ગઈ હતી. અને એટલે જ એ એવી રીતે વળગીને રહ્યા છે. છેલ્લે આપણે જે પત્રો ‘વવાણિયા’માં વાંચ્યા, છેલ્લા છ-આઠ મહિના એમણે જે ભાવના ભાવી છે કે તમે આવો. પોતે તો નીકળી શકે એવી પરિસ્થિતિ નહોતી, પથારીવશ હતા. પોતે ખાટલામાંથી ઊઠે એ પરિસ્થિતિ નહોતી અને ‘શ્રીમદ્જી’

લંબાવે જતા હતા. આઠ દિવસ પછી આવીશ ને પંદર દિવસ પછી આવીશ. આઠ દિવસ પછી આવીશ ને પંદર દિવસ પછી આવીશ. તરસ્યાને પાણી દેખાડે અને પાણી પાય નહિ, પાણી દેખાડે અને પાણી પાય નહિ. ભૂખ્યાને ભોજન દેખાડે ને ભોજન ખાવા દ્યે નહિ. કેવી દશા થાય ? એ દશા 'સોભાગભાઈ'ની થઈ, તીવ્ર થઈ.

છેલ્લે કાગળ લખ્યો કે હવે આપ નહિ પધારો તો કદાચ એ જ કારણથી આ દેહ છૂટી જશે હવે એમ લાગે છે. એટલી અસહ્ય વેદના થઈ ગઈ. રોગને લઈને દેહ છૂટશે એમ નહિ, રોગ એવો હતો કે દેહ ટકે એમ નહોતું લાગતું. છતાં આ વેદના હવે એટલી વધે છે કે કદાચ એને કારણે હવે તો દેહ છૂટી જશે. ત્યારે જોયું કે હવે પાકી ગયું છે. પછી ગયા, ઉપાડ્યા, કહે (કે) ચાલો 'ઇડર' ! એવી વાત છે. બહુ વિચક્ષણ પોતે ! એ વાત છે. એટલે પ્રગટ પાત્રતા પણ ઘણી સારી હતી. ઉદયીકભાવને બાજુ પર રાખીએ તો પાત્રતા ઘણી સારી હતી. એમના જેવું કોઈ બીજું પાત્ર એમને મળ્યું હોય, એમને સંગ થયો હોય એવું નથી દેખાતું.

મુમુક્ષુ :– પ્રગટ પાત્રતા વગર તો આગળનું કામ થાય એનો સવાલ જ નથી રહેતો.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો સવાલ જ નથી. એ તો પાત્રતા પછીનો જ તબક્કો છે. જ્ઞાનદશા તો પાત્રતા પછીનો જ તબક્કો છે ને ! પાત્રતાવાળો પામે છે, બીજો કોઈ પામતો નથી, એમ. સિવાય પાત્રતા કોઈ બીજો પામતો નથી, ચાહે તે ક્રિયા કરે, ચાહે તે શાસ્ત્રજ્ઞાન કરે, બીજો નથી પામતો.

મુમુક્ષુ :– 'લલ્લુજી' મહારાજને...

પૂજ્ય ભાઈશ્રી :– 'લલ્લુજી' મહારાજને શરૂઆતથી એટલી ઓળખાણ નહોતી. પાછળથી થોડું વિશેષ થઈ ગયું છે કે આ જ સત્પુરુષ છે. એટલું થયું છે. આમને તો શરૂઆતથી જ જ્યારથી 'શ્રીમદ્જી' મળ્યા છે ત્યારથી નજર ફરી ગઈ છે. 'લલ્લુજી'ને વિષે એટલું બધું નહોતું. પછી ખ્યાલ આવ્યો પછી વળગ્યા છે ઘણા પણ ઓળખાણ એટલી નથી થઈ. જેટલી આમને ઓળખાણ થઈ છે એટલી નજર સાફ નથી, દૃષ્ટિ સાફ 'સોભાગભાઈ'ની છે એટલી 'લલ્લુજી'ની નથી.

મુમુક્ષુ :– પત્રોમાં સંબોધન તો ઘણા..

પૂજ્ય ભાઈશ્રી :- પત્રોમાં તો ઘણી નમ્રતા સેવી હતી, વંદન કરતા હતા, સાષ્ટાંગ, બધાની વચ્ચે ! ("કૃપાળુદેવે") ના પાડી કે રહેવા દ્યો. સમાજમાં ઊહાપોહ થશે કે આ સાધુ થઈને ગૃહસ્થને વંદન કરે છે. તો એ જ્યાં ઉપર બેઠા હોય, કોઈ ઓરડામાં બેઠા હોય ત્યાં વંદન કરવા જાય. એટલું બધું છોડ્યું હતું. શરૂ શરૂમાં, થોડો પરિચય થયા પછી, બહુ મોડેથી નહિ પણ થોડું થોડું શરૂઆતમાં જ એ થઈ ગયું હતું. તોપણ ફેર એ ફેર છે. બે વચ્ચે ફેર એ ફેર છે. આ પામ્યા છે પેલા નથી પામ્યા. એમના સમાજમાં એમ માને છે કે એ પણ પામ્યા છે. (પણ) એવું નથી દેખાતું. એ પોતે એકરાર કર્યો છે. કારણ કે એમનું આયુષ્ય લંબાણું છે. 'શ્રીમદ્જી'ના દેહાંત પછી પાંત્રીસ વર્ષ, પીસ્તાલીસેક વર્ષ જીવ્યા છે. ઘણી વૃદ્ધ અવસ્થામાં દેહ છોડ્યો છે. અને ત્યાં જે ક્ષેત્રમાં રહ્યા છે ત્યાં એમણે વાંચન કર્યું છે એ બધા પુસ્તકો અત્યારે 'બોધામૃત'ના નામથી પ્રસિદ્ધ કર્યા છે. એમાં ઘણી જગ્યાએ એમણે લખ્યું છે કે મારી ક્યાં દશા છે ? શું બધા લાગી પડ્યા છો ? એમ કરીને બહુ સ્પષ્ટ લખ્યું છે.

મુમુક્ષુ :- 'સોભાગભાઈ'ને એટલું મહત્ત્વ નથી અપાતું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, નથી અપાતું. 'સોભાગભાઈ'નો તો 'અગાસ'માં એકાદ જગ્યાએ ફોટો હશે. જે 'શ્રીમદ્જી'ના આશ્રમો છે ત્યાં બહુભાગ 'સોભાગભાઈ'નો ફોટો પણ જોવા મળતો નથી. 'સોભાગભાઈ'ની ઘણી ગૌણતા વર્તે છે, એ તો દેખાઈ આવે છે. આમ કહે ખરા, 'સોભાગભાઈ' ઉત્તમ પાત્ર હતા, પામી ગયા હતા. બધું કહે પણ ગૌણતા ઘણી દેખાય છે. એ તો આખો સમજણનો જ વિષય છે, આ વિષય સમજણનો છે. જેટલી માણસને સમજ આવે એટલું જ બહુમાન આવે એ બહુ સ્વાભાવિક છે.

**'હું આપનાથી જુદો નથી, તો આપ સર્વ પ્રકારે નિરાકુળ રહો. તમારા પ્રત્યે પરમપ્રેમ છે,...'** લખ્યું છે ? **'તમારા પ્રત્યે પરમપ્રેમ છે, પણ નિરુપાયતા મારી છે.'** મારી વૃત્તિ બહારમાં લંબાતી નથી. અસંગદશા તરફ વિશેષ વિશેષ પુરુષાર્થની વૃત્તિ વહે છે એટલે મારી નિરુપાયતા છે પણ તમારા પ્રત્યે એથી કોઈ ઓછો પ્રેમ છે એના કારણે હું બાહ્ય પ્રવૃત્તિમાં તમારી સાથે નથી આવતો એવું કાંઈ નથી. એ ૨૩૪ (પત્ર પૂરો) થયો.

પત્રાંક-૨૩૫

મુંબઈ, ચૈત્ર સુદ ૧૪, ગુરુ, ૧૯૪૭

**વિગતવાર પત્રથી એક થોડો ભાગ બાદ કરતાં બાકીનો ભાગ પરમાનંદનું નિમિત્ત થયો હતો. જે થોડો ભાગ બાધકર્તારૂપ છે, તે ઈશ્વરાનુગ્રહે આપના હૃદયથી વિસ્મૃત થશે એવી આશા રહ્યા કરે છે.**

**જ્ઞાનીની પરિપક્વ અવસ્થા (દશા) થયે સર્વ પ્રકારે રાગ, દ્વેષની નિવૃત્તિ હોય એમ અમારી માન્યતા છે, તથાપિ એમાં પણ કંઈ સમજવા જેવું છે એ ખરું છે. પ્રસંગે એ વિષે લખીશ.**

**ઈશ્વરેચ્છા પ્રમાણે જે થાય તે થવા દેવું એ ભક્તિમાનને સુખદાયક છે.**

(પત્રાંક) ૨૩૫, એ પણ 'સોભાગભાઈ' ઉપરનો પત્ર છે. '**વિગતવાર પત્રથી એક થોડો ભાગ બાદ કરતાં બાકીનો ભાગ પરમાનંદનું નિમિત્ત થયો હતો.**' કોનો ? 'સોભાગભાઈ'નો પત્ર છે. કેવા પત્રો મળ્યા છે ! એ એમની પાત્રતા દેખાય છે. આગળ પણ લખ્યું ને કે આવો પ્રશ્ન કોઈ જ્ઞાની જ કરી શકે કાં તો કોઈ જ્ઞાનીના આશ્રયવાન કરી શકે. એમ આગળ એક પત્ર આવી ગયો છે. એટલે એમની વ્યક્ત પાત્રતા પણ પોતે જોઈ છે.

મૂળ શું હતું કે 'સોભાગભાઈ' કોઈ સત્પુરુષની શોધમાં હતા. એમના પિતાશ્રીએ જે કાગળ આપેલો એ કાગળ એમણે ખ્યાતિ સાંભળી એટલે કુદરતી કોઈ યોગ થવાનો હશે (એટલે) એમને વિકલ્પ થયો કે જેની ખ્યાતિ સાંભળું છું એ જ કદાચ સત્પુરુષ હોય તો લાવને, એને તો દેવા જાઉં ! એવી કોઈ ગૂઢ વાત હતી. કોઈ વાત ગૂઢ હતી કે જેનો ઉકેલ પોતાની પાસે નહોતો. એમના પિતાશ્રી પાસે નહોતો અને પોતાની પાસે નહોતો. પણ જે આપનાર હતા એણે કહ્યું હતું કે કોઈ સત્પુરુષ (આનો ઉકેલ

લાવશે). પોતાને કલ્યાણની ભાવના હતી, છૂટવાની ભાવના હતી એમાં કાંઈ સવાલ નથી. એમાં એ મળ્યા પહેલા જ એમ કહી દીધું કે તમે આ કામથી આવ્યા છો.

મુમુક્ષુ :- 'શ્રીમદ્જી' ને આવું ઘણી વાર બન્યું છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા, કોઈકોઈ એવા પ્રકારો બીજા માટે પણ બન્યા છે. 'કચ્છ'થી સાંઢિયા ઉપર જે બે ભાઈઓ આવ્યા, 'ધારશીભાઈ'ને ત્યાં 'રાજકોટ'માં તે રહેતા હતા. અને સામે ગામના દરવાજે ગયા છે. તે દિ' 'રાજકોટ' નાનું. ગઢના દરવાજે ગયા. પેલા લોકો આવ્યા એટલે એને નામથી બોલાવ્યા, આવો ફલાણાભાઈ, આવો ફલાણાભાઈ. તો કહે અમારે 'ધારશીભાઈ'ના ઘરે (જવું છે). તો કહે ચાલો લઈ જાઉં. અમારે 'રાયચંદભાઈ'ને મળવું છે. તો કહે એ હું જ. ચાલો ! આમને ક્યાંથી ખબર આપણા નામની, ઠામની, આપણે આવવાના છીએ, આપણે કાંઈ કાગળ લખ્યો નથી. પછી એ લોકોએ માંડી વાળ્યું. વિચાર એમ હતો કે આમની ખ્યાતિ સાંભળી છે. નાની ઉંમર છે, એમને જો 'કાશી'માં ભણવા માટે 'બનારસ' મોકલી દઈએ તો 'હિન્દુસ્તાન'ના બહુ મોટા વિદ્વાન થાય, એમના જ્ઞાનનો વિકાસ થાય. એ બોલ્યા પછી એ વિચાર માંડી વાળ્યો કે આને કાંઈ મોકલવાનો પ્રશ્ન નથી. આપણે આને મોકલવા ક્યાં આવ્યા ? આ આપણને ક્યાંના ક્યાંય મોકલી દયે એમ છે. પછી એ વાત છૂટી ગઈ. એ પ્રકાર બન્યા છે.

પ્રશ્ન :- મતિજ્ઞાનનો પર્યાય છે ?

સમાધાન :- મતિજ્ઞાનની નિર્મળતા લઈને આવ્યા છે, પૂર્વના આરાધક છે, કેટલીક નિર્મળતા લઈને આવ્યા છે. મતિજ્ઞાન-શ્રુતજ્ઞાન બેયની નિર્મળતા છે. થઈ શકે છે. આપણે નથી કહેતા (કે) Telepathy છે. નથી કહેતા કે તમને જે વિચાર આવ્યો હતો એ જ વિચાર મને આવ્યો હતો. આપણે નથી કહેતા ? તમને જે વિચાર આવ્યો હતો એ જ વિચાર મને આવ્યો હતો. એમ નથી બનતું ? એક જ સરખો વિચાર આવ્યો હોય એવું બને છે. કાંઈ Connection (હોતું નથી). કોઈ બહારગામ હોય ને એવી રીતે બને છે કે ફલાણી તારીખે મને આમ વિચાર આવ્યો હતો. અથવા એમ કહે કે, આજે હું અહીંયાં આવી ગયો, ગઈ કાલે મને આવી રીતે (વિચાર આવ્યો હતો). તો કહે, ગઈ કાલે મને પણ આ જ વિચાર આવ્યો છે, એવું નથી બનતું ? કેટલીક વાતો કુદરતી બની જાય છે.

મુમુક્ષુ :– પેટીમાંથી કાગળ કાઢ્યો હતો...

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ પણ કાંઈક છે એમને કે પેટીમાંથી કાગળ કાઢીને બતાવ્યો છે કે તમે આ કામે આવ્યા છો. એટલે આમને પ્રતીતિ થઈ ગઈ.

મુમુક્ષુ :– કાગળમાં શું આવ્યું હતું એ..

પૂજ્ય ભાઈશ્રી :– એ કાંઈ સ્પષ્ટ નથી આવતું. પણ તમે મને આવો કોઈ કાગળ દેવા આવ્યા છો. જે કાગળ દેવા આવ્યા છો એ જ વાત લખી છે કે આવો કોઈ કાગળ દેવા તમે આવ્યા છો, એ એમને ખ્યાલમાં છે. વંચાવી દ્યે છે. એટલે આ ઢળી જાય છે કે પતી ગયું. હવે મારે કોઈ, જેને શોધું છું એ હવે કોઈ બીજે શોધવા જાવું નહિ પડે. બહુ નાની ઉંમર હતી તોય આટલો વિશ્વાસ આવ્યો. પછી તો જેમ જેમ પરિચયમાં આવતા ગયા એમ વાત ખુલ્લી થતી ગઈ. એ ત્રેવીસમા વર્ષે પરિચયમાં આવ્યા છે. આ પત્રવ્યવહાર ત્રેવીસમા વર્ષે શરૂ થયો છે. મળ્યા છે ક્યારે એ બહુ મેળ નથી ખાતો. ૧૯૪૬ માં જ મળ્યા છે ? કાગળ આપ્યો એ પણ ૧૯૪૬ માં જ આપ્યો છે. ત્રેવીસ વર્ષની ઉંમર છે. ત્રેવીસ વર્ષની ઉંમર એટલે તીવ્ર મુમુક્ષુતામાં વર્તતા હતા. 'શ્રીમદ્જી' પોતે તીવ્ર મુમુક્ષુતામાં વર્તતા હતા. આમ વિચારીએ તો ચોવીસમાં વર્ષે તો જ્ઞાનદશામાં આ પત્રો ચાલે છે.

મુમુક્ષુ :– જે કાગળ આપ્યો એ હિસાબે એમને ...

પૂજ્ય ભાઈશ્રી :– નહિ, નહિ. હિતનો પણ વિચાર હતો. આ તો દેવું પણ એમને એ ખ્યાલ હતો કે આ જેને દઈશ અને આનો જે કાંઈ ઉકેલ આવશે, આના માટેનો જે પુરુષ મળી જશે એ જ મારા કલ્યાણનું નિમિત્ત થશે. મારે બીજો ગોતવા નહિ જવો પડે. એ એને એટલા માટે ખોજતા હતા. ખાલી કાગળ આપવાનું કારણ નહોતું. મૂળ કારણ તો પોતાનું હતું. પેલું તો એને મીટર હતું. પોતાને બીજી કોઈ સમજ નહોતી. એટલે આ એક મીટર હતું. આમ તો એ અમુક એ જાતની શ્રદ્ધામાં તો પડેલા. આ 'ગોસળિયા' સાથેનો જે એમને સંબંધ છે એમાં યોગમાં, તંત્રવિદ્યામાં, મંત્ર-તંત્રમાં, જ્યોતિષમાં, પછી આ અન્યમતમાં જે ચમત્કારની બીજી-ત્રીજી વાતો આવે છે કે ભગવાન પરચા પૂરે છે, આ છે, તે છે. એ બધી વાતમાં તો આવી ગયેલા હતા. એટલે કાંઈક પોતાનું કલ્યાણ કરવું છે, કોઈ પણ રસ્તે પોતાનું કલ્યાણ કરવું

છે, એમાં ગૃહીત (મિથ્યાત્વમાં) ગરી ગયેલા હતા. ત્યાંથી બહાર કાઢ્યા છે. પણ એ ભાવ હતો, અભિપ્રાય એ હતો.

**'વિગતવાર પત્રથી...'** એટલે એમનો પત્ર, 'સોભાગભાઈ'ના પત્રથી. **'એક થોડો ભાગ બાદ કરતાં બાકીનો ભાગ પરમાનંદનું નિમિત્ત થયો હતો. જે થોડો ભાગ બાધકર્તારૂપ છે, તે ઈશ્વરાનુગ્રહે આપના હૃદયથી વિસ્મૃત થશે એવી આશા રહ્યા કરે છે.'** તમારા માટે જે વાત અમને અનુચિત લાગે છે, યોગ્ય નથી લાગતી એ કુદરતી તમારા હૃદયમાંથી જરૂર નીકળી જશે, તમારા પરિણમનમાંથી એનો નાશ થઈ જશે એવી અમને આશા છે. એ એની યોગ્યતા જોઈને પોતે પહેલેથી જ તે આશા ધરાવે છે.

**'જ્ઞાનીની પરિપક્વ અવસ્થા (દશા) થયે...'** કહેવાનો મતલબ એ છે કે આનું નામ જ્ઞાનીનો સંગ કર્યો છે. કેવો સંગ કર્યો છે તો એ નીકળ્યા છે. એવો સંગ કરે એ છૂટે છે એમ કહેવું છે. એમાંથી એ વાત નીકળે છે. **'જ્ઞાનીની પરિપક્વ અવસ્થા (દશા) થયે સર્વ પ્રકારે રાગ, દ્વેષની નિવૃત્તિ હોય એમ અમારી માન્યતા છે, તથાપિ એમાં પણ કંઈ સમજવા જેવું છે એ ખરું છે. પ્રસંગે એ વિષે લખીશ.'** પૂર્ણદશા અને અધૂરી દશાના જે જ્ઞાનદશાના ખુલાસા છે, સ્પષ્ટીકરણ છે એ કોઈ વાર હું તમને લખીશ. પણ એ વાત સ્પષ્ટ છે કે જેટલી જ્ઞાનદશામાં પરિપક્વતા આવે છે, એટલી વીતરાગતા જેટલી જેટલી વૃદ્ધિગત થાય છે, તેટલા તેટલા રાગ-દ્વેષની નિવૃત્તિ અથવા નાશ-અભાવ સહજ જ હોય છે, એ સ્પષ્ટ વાત છે. સંપૂર્ણ જ્ઞાનદશા થતાં સંપૂર્ણ રાગ-દ્વેષની નિવૃત્તિ થઈ જાય છે. બાકી જેટલા ગુણસ્થાને જે જે પ્રકારે હોય એ પ્રકારે થાય છે. એ સિદ્ધાંતનો વિષય થઈ ગયો. ક્યા ગુણસ્થાને કેટલું, ક્યા ગુણસ્થાને કેવા અભાવ થાય, ક્યા ગુણસ્થાને કેવા પ્રકારના અભાવ થાય (એ સિદ્ધાંતનો વિષય છે).

**'ઈશ્વરેચ્છા પ્રમાણે જે થાય તે થવા દેવું એ ભક્તિમાનને સુખદાયક છે.'** કુદરતી જે થાય તે થવા દેવું એ સાધકજીવને, મુમુક્ષુજીવને સુખદાયક છે. જે કુદરતી થાય એમાં આકુળતા કરવાની કોઈ આવશ્યકતા નથી કે આમ કેમ થયું ? એની આકુળતા કરવી નહિ, એમ કહે છે. એ ૨૩૫ (પત્ર) પૂરો થયો.

પત્રાંક-૨૩૬

મુંબઈ, ચૈત્ર સુદ ૧૫, ગુરુ, ૧૯૪૭

સુજ્ઞ ભાઈ શ્રી અંબાલાલ,

અહીં કુશળતા છે. તમારું કુશળપત્ર સંપ્રાપ્ત થયું. રતલામથી વળતાં તમે અહીં આવવા ઇચ્છો છો તે ઇચ્છામાં મારી સમ્મતિ છે.ત્યાંથી વિદાય થવાનો દિવસ ચોક્કસ થયે અહીં દુકાન ઉપર ખબર આપશો.

તમે અહીં આવો ત્યારે તમારો અમારા વિષે જે કંઈ પરમાર્થ પ્રેમ છે, તે જેમ બને તેમ ઓછો પ્રગટ થાય તેમ કરશો. તેમ જ નીચેની વાર્તા લક્ષમાં રાખશો તો શ્રેયસ્કર છે.

૧. મારી વિદ્યમાનતાએ ભાઈ રેવાશંકર અથવા ખીમજીથી કોઈ જાતનો પરમાર્થ વિષય ચર્ચિત ન કરવો (વિદ્યમાનતાએ એટલે હું સમીપ બેઠો હોઉં ત્યારે)

૨. મારી અવિદ્યમાનતાએ તેઓથી પરમાર્થ વિષય ગંભીરતાપૂર્વક બને તો જરૂર ચર્ચિત કરવો. કોઈ વખતે રેવાશંકરથી અને કોઈ વખતે ખીમજીથી.

૩. પરમાર્થમાં નીચેની વાર્તા વિશેષ ઉપયોગી છે.

૧. તરવાને માટે જીવે પ્રથમ શું જાણવું ?

૨. જીવનું પરિભ્રમણ થવામાં મુખ્ય કારણ શું ?

૩. તે કારણ કેમ ટળે ?

૪. તે માટે સુગમમાં સુગમ એટલે થોડા કાળમાં ફળદાયક થાય એવો ક્યો ઉપાય છે ?

૫. એવો કોઈ પુરુષ હશે કે જેથી એ વિષયનો નિર્ણય પ્રાપ્ત થાય ? આ કાળમાં એવો પુરુષ હોય એમ તમે ધારો છો ? અને ધારો છો તો કેવાં કારણોથી ? એવા પુરુષનાં કંઈ લક્ષણ હોય કે

કેમ ? હાલ એવો પુરુષ આપણને ક્યા ઉપાયે પ્રાપ્ત હોઈ શકે ?

૬. જો અમારા સંબંધી કંઈ પ્રસંગ આવે તો પૂછવું કે 'મોક્ષમાર્ગની' એમને પ્રાપ્તિ છે, એવી નિઃશંકતા તમને છે ? અને હોય તો શું કારણોને લઈને ? પ્રવૃત્તિવાળી દશામાં વર્તતા હોય, તો પૂછવું કે, એ વિષે તમને વિકલ્પ નથી આવતો ? એમને સર્વ પ્રકારે નિઃસ્પૃહતા હશે કે કેમ ? કોઈ જાતના સિદ્ધિજોગ હશે કે કેમ ?

૭. સત્પુરુષની પ્રાપ્તિ થયે જીવને માર્ગ ન મળે એમ બને કે કેમ ? એમ બને તો તેનું કારણ શું ? જો જીવની 'અયોગ્યતા' જણાવવામાં આવે તો તે અયોગ્યતા ક્યા વિષયની ?

૮. ખીમજીને પ્રશ્ન કરવું કે તમને એમ લાગે છે કે આ પુરુષના સંગે યોગ્યતા આવ્યે તેની પાસેથી જ્ઞાનપ્રાપ્તિ હોય ?

આ વગેરે વાર્ત્તા પ્રસંગ પ્રાપ્ત કરી ચર્ચવી, એકેક વાર્ત્તાનો કંઈ નિર્ણાયક ઉત્તર તેમના તરફથી મળ્યે બીજે પ્રસંગે બીજી વાર્ત્તા ચર્ચવી.

ખીમજીમાં કેટલીક સમજવાની શક્તિ સારી છે; પરંતુ યોગ્યતા રેવાશંકરની વિશેષ છે. યોગ્યતા, જ્ઞાનપ્રાપ્તિ માટે બહુ બળવાન કારણ છે.

ઉપરની વાર્ત્તામાંથી તમને જે સુગમ લાગે તે પૂછવી. સુગમતા એકેની ન હોય તો એકેય ન પૂછવી; તેમ આ વાર્ત્તાનો પ્રેરક કોણ છે ? તે જણાવવું નહીં.

ખંભાતથી ભાઈ ત્રિભોવનદાસની અત્ર આવવાની ઇચ્છા રહે છે; તો તે ઇચ્છામાં હું સમ્મત છું. તેમને તમે રતલામથી પત્ર લખો તો તમારી મુંબઈમાં જ્યારે સ્થિતિ હોય, ત્યારે તેમને આવવાની અનુકૂળતા હોય તો આવવામાં મારી સમ્મતિ છે, એમ લખશો.

**તમે કોઈ મને મળવા આવ્યા છો, એ કારણ ખીમજી સહિતને મોઢે પ્રગટ ન કરવું. કોઈ અહીં આવવાનું વ્યાવહારિક નિમિત્ત હોય તો જરુર તે ખીમજીને મોઢે પ્રગટ કરવું.**

**આ બધું લખવું પડે છે, તેનો ઉદ્દેશ માત્ર આ એક પ્રવૃત્તિયોગ છે. ઈશ્વેચ્છા બળવાન છે, અને સુખદાયક છે.**

**આ પત્ર વારંવાર મનન કરવા જેવું છે.**

**વારંવાર ઊગે છે કે અબંધ, બંધનયુક્ત હોય ? તમે શું ધારો છો ?**

**વિ. રાયચંદના પ્રણામ.**

૨૩૬મો 'અંબાલાલભાઈ' ઉપરનો પત્ર છે. 'અંબાલાલભાઈ' 'મુંબઈ' આવવા ઇચ્છે છે તો 'રેવાશંકરભાઈ' અને 'ખીમજીભાઈ' કરીને એમના પરિચયમાં 'મુંબઈ'માં છે એ બન્નેના વિષયમાં કેટલીક વાત એમણે કેવી રીતે લેવી, એની સૂચના આપતો આ એક પત્ર છે.

**'સુજ્ઞ ભાઈ શ્રી અંબાલાલ, અહીં કુશળતા છે. તમારું કુશળપત્ર સંપ્રાપ્ત થયું. રતલામથી વળતાં તમે અહીં આવવા ઇચ્છો છો તે ઇચ્છામાં મારી સમ્મતિ છે. ત્યાંથી વિદાય થવાનો દિવસ ચોક્કસ થયે અહીં દુકાન ઉપર ખબર લખશો.**

**તમે અહીં આવો ત્યારે તમારો અમારા વિષે જે કંઈ પરમાર્થ પ્રેમ છે, તે જેમ બને તેમ ઓછો પ્રગટ થાય તેમ કરશો.'** આ એક સૂચના આપી છે કે તમે જે રીતે અમારા પ્રત્યે બહુમાન અને વિનયથી વર્તો છો એ તમે અહીંયાં આવ્યા પછી ફેરફાર કરજો. એ પ્રકારે તમે બહારમાં વર્તતા નહિ. તમે તમારાથી શક્ય હોય એટલી એમાં પ્રવૃત્તિ ઘટાડી નાખજો. **'તેમ જ નીચેની વાર્તા લક્ષમાં રાખશો તો શ્રેયસ્કર છે.'** એ એમના માટે પણ અને બીજાના માટે પણ એ વાત છે. એમાં આઠ સૂચના લખી છે. ત્રણ સૂચના લખી છે, એમાં ત્રીજાના પેટામાં આઠ વાત છે.

૧. **'મારી વિદ્યમાનતાએ ભાઈ રેવાશંકર અથવા ખીમજીથી કોઈ જાતનો પરમાર્થ**

**વિષય ચર્ચિત ન કરવો (વિદ્યમાનતાએ એટલે હું સમીપ બેઠો હોઉં ત્યારે).**' હું રૂબરૂ હોઉં ત્યારે તમે કોઈ તત્ત્વચર્ચા આ લોકો સાથે કરતા નહિ, એમ કહેવું છે. એક સૂચના એ આપી છે.

૨. '**મારી અવિદ્યમાનતાએ તેઓથી પરમાર્થ વિષય ગંભીરતાપૂર્વક બને...**' વિદ્યમાનતાનું તો આપી દીધું છે, અવિદ્યમાનતાએ એટલે હું ન હોઉં ત્યારે પરમાર્થ વિષયક, પરમાર્થનો વિષય છે એ '**ગંભીરતાપૂર્વક બને તો જરૂર ચર્ચિત કરવો. કોઈ વખતે રેવાશંકરથી અને કોઈ વખતે ખીમજીથી.**' આ 'રેવાશંકર જગજીવન'ની પેઢી હતી ને ? એમના સસરા છે, 'રેવાશંકર' એમના સસરા છે. એમની ભાગીદારીમાં હતા, એમના કાકાજી સસરા, બન્ને.

૩. '**પરમાર્થમાં નીચેની વાર્તા વિશેષ ઉપયોગી છે.**' હવે જે તમે પરમાર્થની ચર્ચા કરો એના મુદ્દા એમણે આપ્યા છે કે મારી ગેરહાજરીમાં તમે જે પરમાર્થની ચર્ચા કરો તો આ વિષય અને આ મુદ્દા (ચર્ચજો). એનો Agenda આપી દીધો છે.

(૧). '**તરવાને માટે જીવે પ્રથમ શું જાણવું ?**' મુખ્ય જે પ્રશ્ન એમણે ત્રેવીસમાં વર્ષમાં ઉઠાવ્યા છે, ચોવીસમાં વર્ષની શરૂઆતમાં. બીજું કાંઈ નહિ, પરિભ્રમણથી, ભવભ્રમણથી છૂટવા માટે જીવે પહેલું શું કરવું જોઈએ ? સૌથી પહેલા શું કરવું જોઈએ ? આ એમને પૂછજો. આ વિષયમાં એમની જિજ્ઞાસા જાગૃત કરવાની, મૂળ તો એમની જિજ્ઞાસા જાગૃત થાય એ અભિપ્રાય છે. બીજું કાંઈ શોધ મા, એક સત્પુરુષને શોધ. એ તો એમણે વાતે વાતે વાત કરેલી છે. તરવાને માટે જીવે પ્રથમ શું જાણવું ?

(૨). '**જીવનું પરિભ્રમણ થવામાં મુખ્ય કારણ શું ?**' શું જાણવું ? પહેલા શું જાણવું ? એમ. કે પહેલા એ જાણવું કે કોઈ માર્ગપ્રાપ્ત સત્પુરુષ મળી શકે એમ છે ? ક્યાંય છે ? આ પ્રથમ જાણવું. આ તો યોગ્યતાવાન જીવ હોય છે એને પહેલી જ આ વાત ઊગે છે. બહુ સ્વાભાવિક અને બહુ કુદરતી પરિસ્થિતિ જે છે એ આ છે. કોઈ પણ જીવને ગંભીર રોગ થાય ત્યારે શું કરે છે ? કે આ રોગ મટતો હોય એવો સારામાં સારો વૈદ-દાક્તર જગતમાં ક્યાં છે ? શું કરે ? હાથે ડહાપણ કરવા જાય ? કે લાવ, જંગલમાં વનસ્પતિ શોધવા જાઉં. હિમાલયમાં ઘણી વનસ્પતિ ઊગે છે લાવ લાવ, હિમાલયમાં ચાલ્યો જાઉં. પણ હવે હિમાલયમાં લાખો વનસ્પતિ છે તું પત્તો ક્યાંથી કાઢીશ ? કે કઈ વનસ્પતિ તારા રોગ ઉપર કામ લાગશે ? હશે તોપણ તને

કેમ ખબર પડશે ? એના જેવી જ વાત છે કે જ્યારે પોતે ભવાટવીમાં ભૂલો જ પડ્યો છે અને એના કોઈ વૈદ હોય તો તે સત્પુરુષ છે, માર્ગપ્રાપ્ત ધર્માત્મા છે. તો બીજો ઉપાય જ નથી આ તો સીધો Common senseનો વિષય છે. પણ રોગ થયો છે એની પીડા અને દર્દ હોય તો એ વિચાર આવે છે, નહિતર સ્વચ્છંદમાં બીજો વિચાર આવે છે કે આપણે પુસ્તક વાંચી લઈએ, પુસ્તકોમાં આ વાત ઘણી જગ્યાએ લખી છે. પણ હવે તને ક્યાંથી પુસ્તકમાંથી વાંચી વાંચીને પત્તો લાગવાનો હતો ? બુદ્ધિવિપર્યાસ, મતિવિપર્યાસ ઊભો છે. કેવી રીતે તું પુસ્તકમાંથી અર્થઘટન કરીશ ? સીધી વાત તો આ છે.

મુમુક્ષુ :– જરૂરત લાગે ત્યારે ગોતે છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો સીધી વાત છે. જરૂરીયાત લાગે ત્યારે જ (ગોતે ને !) જરૂરીયાત લાગ્યા વગર આ જીવ ક્યાંય પણ સમય અને શક્તિ ખર્ચે એવો છે જ નહિ. સીધી ઉપેક્ષા જ કરી નાખે. જરૂરીયાત લાગવી જોઈએ. જેને જેટલી જરૂરીયાત લાગે એટલો જ ખર્ચ કરે, પાછો એથી વધારે પણ કરે નહિ. એનો અર્થ કે ઓછું સમર્પણ છે એને એટલી જરૂરીયાત લાગી નથી. સીધી વાત છે.

મુમુક્ષુ :– બધાને જરૂરિયાત લાગે...

પૂજ્ય ભાઈશ્રી :– હોય જ નહિ, બને જ નહિ. ક્યાંથી બને ? બધાને એવું લાગ્યું છે એ બને નહિ. બધાની વાત એક બાજુએ, આપણને ક્યારે કેટલું લાગ્યું છે આ ભૂતકાળ વિચારવા જેવો છે. એના ઉપરથી જ અંદાજ આવે, પોતાના ઉપરથી જ અંદાજ આવે કે મારી જેમ જ લોકો ટોળંટોળા આવ્યા છે પણ બધા મારી જેમ આવ્યા લાગે છે. નહિતર તો ધાણી ફૂટે. આવા મહાપુરુષ હોય, યુગપુરુષ જેને કહીએ. ટોળાબંધ સમ્યગ્દષ્ટિઓ થઈ જાય. યોગ્યતા વગર ન થાય. કોઈ કાંઈ (કરી) દ્યે છે, સત્પુરુષ કાંઈ કરી દ્યે છે એમ તો છે નહિ. સીધી વાત તો એ છે.

મુમુક્ષુ :– બધા પામે એવી યોગ્યતા ન હોય..

પૂજ્ય ભાઈશ્રી :– ઘણા પણ પામે એવી યોગ્યતા ન હોય. હા, સંસ્કાર લઈને ઘણા ગયા હશે, સંસ્કાર લઈને ઘણા ગયા હશે. એ તો બન્યું છે, એટલું કાર્ય થયું છે, સંસ્કાર લઈને ગયા છે. સંસ્કારનું તો એવું છે કે ઘણાને તો ખબર પણ નથી હોતી કે સંસ્કાર પડ્યા છે. કોઈને જ ખબર પડે છે કે સંસ્કાર આવી ગયા છે. એવો

પ્રકાર છે. એવી અનિશ્ચિત દશામાં પોતે કેવી રીતે રહેવું આ સવાલ છે. એટલે પેલી વાત લેવા જેવી નથી. જ્યારે પોતાની જાતને અંદર સામેલ કરીએ ત્યારે પેલી વાત લેવા જેવી નથી કે ઘણા યોગ્યતાવાળાને ઘણાને કાંઈક મળી ગયું હશે એવું કાંઈ વિચારવા જેવું નથી. એ બેય વાતમાં દૃષ્ટિકોણ જુદો જુદો છે.

(અહીંયાં કહે છે), **'જીવનું પરિભ્રમણ થવામાં મુખ્ય કારણ શું ?'** મિથ્યાત્વ અને અજ્ઞાન. (૩). **'તે કારણ કેમ ટળે ?'** સીધી વાત છે. સત્પુરુષનો યોગ મળે એની પાસેથી. જ્ઞાન તો, જ્ઞાનની પ્રાપ્તિ તો જ્ઞાન હોય ત્યાંથી જ મળે. બીજી રીતે મળે નહિ. સમજવાનું, પાત્રતા એ પોતાની વાત છે. પાત્રતા અને યોગ, ઉપાદાન અને નિમિત્ત લઈ લેવા. કારણની અંદર બહારમાં સત્પુરુષનું કારણ (અને) અંદરમાં પાત્રતાનું કારણ.

(૪). **'તે માટે સુગમમાં સુગમ એટલે થોડા કાળમાં ફળદાયક એવો કયો ઉપાય છે?'** આ બધું પૂછજો તમે, એમ (કહે છે). અથવા એ લોકોએ ન વિચાર્યું હોય તો આ મહત્ત્વના પ્રશ્નો ઉપર એમનું તમે ધ્યાન ખેંચજો કે આ બધું વિચારવા જેવું છે. બીજી બીજી વિચારણા કરતાં પહેલા આ બધી વાતો વિચારવા જેવી છે કે સુગમ અને બહુ જલ્દીથી કામ થાય એવો કોઈ ઉપાય છે ? એવો ઉપાય હોય તો શું ઉપાય છે ? એના ઉપર મુમુક્ષુજીવની જિજ્ઞાસા આવવી જોઈએ, એમ એમનું કહેવું છે. એટલે શું છે કે બધાનો સરવાળો તો સત્પુરુષમાં આવી જ જાય છે પણ છતાં એમણે શૈલી કરી છે. જુદાં જુદાં પ્રશ્નો મૂકીને જિજ્ઞાસાને વધારે જાગૃત કરવા માટે શૈલી કરી છે.

મુમુક્ષુ :- દઢ મોક્ષેચ્છામાં આવે એ પાત્રતા છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ પાત્રતામાં આવે છે. દઢ મોક્ષેચ્છા છે એ પાત્રતામાં આવે છે અને બહારમાં સત્પુરુષ છે એ નિમિત્તમાં આવે છે.

(૫) **'એવો કોઈ પુરુષ હશે કે જેથી એ વિષયનો નિર્ણય પ્રાપ્ત થાય ?'** આ પાછી સત્પુરુષના વિષયમાં જિજ્ઞાસા જગાડી કે એવો કોઈ પુરુષ હશે ખરો અત્યારે કે જેથી એ વિષયનો નિર્ણય પ્રાપ્ત થાય કે આ જ માર્ગ છે અને બીજો માર્ગ નથી. બેધડક કહી શકે, નિઃશંક કહી શકે કે આ માર્ગ છે, અહીંયાં આ માર્ગે ચાલ્યા આવો, બીજો કોઈ માર્ગ જ નથી. 'એક હોય ત્રણ કાળમાં પરમારથનો પંથ' એવો કોઈ પુરુષ હશે અત્યારે? એમ.

**'આ કાળમાં એવો પુરુષ હોય એમ તમે ધારો છો ? અને ધારો છો તો કેવાં કારણોથી ?'** એમ ધારવાનું તમને શું કારણ છે ? કેટલી જિજ્ઞાસા જગાડવાની વિચક્ષણતા છે ! **'એવા પુરુષનાં કંઈ લક્ષણ હોય કે કેમ ?'** એટલે કે એ હોય તો તમે ઓળખી શકો કે ન ઓળખી શકો ? કોઈ લક્ષણનો તમને ખ્યાલ છે ? એમ કહે છે. એનું લક્ષણ છે કે જે ઉપાય છે, પરિભ્રમણને ટળવાનો જે ઉપાય છે એ વિધિરૂપ છે. અને એ વિધિને જે બતાવી શકે છે, દર્શાવી શકે છે એની પાસે એ વિધિ છે. જે નથી દર્શાવી શકતા એની પાસે એ વિધિ નથી, આ સીધી વાત છે. એટલે એ એનું લક્ષણ છે. એ વિધિથી પકડવાનો સૂક્ષ્મ વિષય છે. પણ જે પોતે રીત ગોતતો હોય કે મારે અંતર્મુખ કેમ થાવું ? એવી રીત જે ગોતતો હોય, એ એવા કોઈ પુરુષની શોધમાં હોય ત્યારે એ પુરુષ પાસે એને એ રીત મળે છે કે નહિ ? એ રીત આવે છે કે નહિ ? એ રીત આવે છે તો કેવી રીતે આવે છે ? કેવી રીતે એટલે શું છે કે કોઈ સાંભળેલી વાત એ કહે છે કે કોઈ અંતરથી કહે છે ? બસ, આ એને લક્ષણ પારખતા આવડવું જોઈએ. વિષય થોડો સૂક્ષ્મ છે, પણ જો આ પારખતા આવડે તો એ સત્પુરુષને ઓળખી લ્યે છે, નહિતર મળે તોપણ ઓળખતાં નથી. નહિતર તો એની પેઢીમાં જ બેઠા છે ને નથી ઓળખતા, એટલા માટે તો આ એમણે શૈલી કરી છે. એના કંઈ લક્ષણ હોય કે કેમ ? આ તો આપણે ઉત્તર વિચારતા જઈએ છીએ.

**'હાલ એવો પુરુષ આપણને ક્યા ઉપાયે પ્રાપ્ત હોઈ શકે ?'** એવો પુરુષ હોય તો એની ક્યાં ક્યાં શોધ કરવી જોઈએ ? કેવો ઉપાય કરવો જોઈએ ? એટલે એવી કોઈ ચેષ્ટા તમે કરો છો ? એવા કોઈ પ્રયત્નમાં છો ? કે સુષુપ્ત છો ? કે કાંઈ નહિ આપણે વાંધો નથી, ખાઈ-પીને મજા કરીએ છીએ, સત્પુરુષનો એવો કોઈ વિકલ્પ નથી. હોય તો ક્યાં અત્યારે દેખાય છે ? વાતને જાવા દ્યો.

(૬). **'જો અમારા સંબંધી કંઈ પ્રસંગ આવે...'** હવે એમાં કોઈ અમારી વાત નીકળે, એને કાંઈ ખૂણે-ખાંચરે કાંઈ અમારા ઉપર લક્ષ હોય, કેમકે એમના વિષયમાં નાની ઉંમરમાં પણ પ્રસિદ્ધિ થઈ ગઈ હતી. આ તો ચોવીસમાં વર્ષમાં સૂચના આપે છે. પણ અઢાર વર્ષથી તો એ જરા લોકોમાં બહાર આવી ગયા હતા. શતાવધાન કર્યા ને ત્યારથી. **'જો અમારા સંબંધી કંઈ પ્રસંગ આવે તો પૂછવું કે 'મોક્ષમાર્ગ'ની**

**એમને પ્રાપ્તિ છે, એવી નિઃશંકતા તમને છે ?'** તો સત્પુરુષ તમે માન્યા છે, એમને મોક્ષમાર્ગની પ્રાપ્તિ થઈ છે એવી કોઈ નિઃશંકતા તમને આવી છે ? કે અનુમાન કરો છો ? કે માનીએ છીએ પણ એવું નિઃશંકપણું નથી. માનીએ તો છીએ પણ એવું કાંઈ બહુ નિઃશંકતા, દઢતા નથી આવતી, એવું કાંઈ છે ? શું છે એમને ? એમનો પત્તો નીકળશે.

**'એવી નિઃશંકતા તમને છે ? અને હોય તો શું કારણોને લઈને ?'** જો તમને નિઃશંકતા હોય તો કેવી રીતે તમે નિઃશંકતા કેળવી છે ? એ કહો. એટલે એનું તળિયું પકડી લ્યે છે. **'પ્રવૃત્તિવાળી દશામાં વર્તતા હોય, તો પૂછવું કે, એ વિષે તમને વિકલ્પ નથી આવતો ?'** આ તમારી સાથે ધંધામાં બેઠા છે તો તમને નિઃશંકતા ક્યાંથી આવી ? એ તો વેપાર કરે છે. વેપારની અંદર તો બીજા વેપારી વેપાર કરે છે એવી રીતે વેપાર કરતા દેખાય છે. કેમ તમને એમના પ્રત્યે વિકલ્પ નથી ઊઠતો કે આમ કેમ બોલ્યા ? આમ કેમ ચાલ્યા ? આ વખતે ગુસ્સે કેમ થયા ? આ વખતે આમ કેમ થયું ? બધા પ્રકાર ઊભા થાય. કોઈ ઉપર નરમ થાય, ગરમ થાય.

મુમુક્ષુ :- કોઈ એમ કહે અમે જ્ઞાની માનીએ છીએ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ છે ને ! Cross examination કરી છે, બધા પ્રશ્નો મૂક્યા છે કે આ રીતે તમે Cross કરજો, એમ.

**'એ વિષે તમને વિકલ્પ નથી આવતો ? એમને સર્વ પ્રકારે નિઃસ્પૃહતા હશે કે કેમ ?'** વેપારમાં બેઠા છે તો નિઃસ્પૃહ છે કે કેમ ? કે પૈસાની પડી છે ? પૈસા પાછળ દોડ્યા છે ? શું છે ? એની તમે શંકા ઉઠાવજો. અમારા માટેની શંકા ઉઠાવજો એમ કહ્યું છે. **'કોઈ જાતના સિદ્ધિજોગ હશે કે કેમ ?'** તમે કેવી રીતે માનો છો ? એ પણ પકડ્યું છે કે એમની માન્યતા એ થઈ ગઈ હતી કે કોઈ રિદ્ધિસિદ્ધિવાળા પુરુષ છે. પૂછી લેજો તો એ નીકળી જશે કે ઠીક, એને માનવાનું મુખ્ય કારણ આ છે કે મુખ્ય કારણ આ છે ? બેમાંથી શું છે ? મોક્ષમાર્ગ બાજુનું એમનું વલણ છે કે સિદ્ધિયોગને હિસાબે મારા પ્રત્યે વલણ છે ? મારા વિષે વાત નીકળે તો એમ જ કહેવાના કે ઓહો ! એમની શું વાત થાય ! પણ 'એમની શું વાત થાય !' એમાં શું કારણ છે ? મોક્ષમાર્ગનું કારણ છે કે સિદ્ધિયોગનું કારણ છે ? આ તમે બરાબર દાણો દાબી દેજો, એમની વૃત્તિ ચકાસી લેજો. એ પોતે તો કેટલા વિચક્ષણ છે એમાં તો કોઈ

સવાલ નથી. 'શ્રીમદ્જી' પોતે Cross examination કરે પછી એમાં શું બાકી રહે ? એવી વાત છે.

(૭) **'સત્પુરુષની પ્રાપ્તિ થયે જીવને માર્ગ ન મળે એમ બને કે કેમ ?'** જો સત્પુરુષની પ્રાપ્તિ થઈ હોય તો પછી જીવને માર્ગ મળે પણ ખરો, ન પણ મળે એમ છે ? કે મળે જ એમ તમને લાગે છે ? તો એ પોતે કઈ વૃત્તિમાં છે એ પકડાશે. જો એમ કહે કે મળે જ, તો એને સત્પુરુષ બાજુનું લક્ષ અને ઓળખાણ બરાબર થઈ છે. એમાં એને જો શંકા હોય તો સત્પુરુષ માનવા છતાં નથી માન્યા.

ભાઈએ હમણા જે પ્રશ્ન કર્યો હતો કે 'ગુરુદેવ'ને આપણે ઘણા મળ્યાં તો બધા કાંઈ ઓળખી ગયા છે કે માની લીધું છે એવું કાંઈ નથી. કેમ ? કે સત્પુરુષની પ્રાપ્તિ થયે જીવને માર્ગ ન મળે એમ બને કે કેમ ? બસ, આ પ્રશ્ન દરેક પોતાને પૂછી લ્યે કે મને સત્પુરુષ મળ્યા ત્યારે મને આ વાતની કેટલી નિઃશંકતા આવી કે નહિ, હવે મને માર્ગ મળી જ જવાનો છે, હવે મારો નિર્વાણ થઈ જ જવાનો છે, હું છૂટી જ ગયો છું, હવે મને કોઈ જાતનો વાંધો નથી. એવી અંદરથી નિઃશંકતા આવી ગઈ હોય તો તો બરાબર છે કે એને મળ્યા છે એ વાત નક્કી થાય છે અને નહિતર એ પ્રકારના પરિણામ ન થયા હોય તો મળ્યા છતાં નથી મળ્યા એ વાત પણ પાકી થઈ ગઈ. આ Cross examination છે.

મુમુક્ષુ :– એ ક્યાં ઊભા છે એ પકડી લ્યે.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો તળિયું પકડી લ્યે. સીધી વાત છે. Supreme court નો વકીલ હોય અને ગામડિયાની ઊલટતપાસ લ્યે તો પછી ગામડિયો કેવી રીતે છટકે ? અંગૂઠાછાપ માણસ. ક્યાં પેલાની બુદ્ધિ, ક્યાં પેલાની બુદ્ધિ ! આ તો જેની પાસે ચારેકોરથી વિષય ચોખ્ખો છે.

**'એમ બને તો તેનું કારણ શું ?'** સત્પુરુષની પ્રાપ્તિ થયે જીવને માર્ગ ન મળે એમ બને કે કેમ ? અને ન મળે તો શું કારણે એ ન મળે ? સત્પુરુષ મળ્યા છતાં માર્ગ કેમ ન મળ્યો ? કે કાં તો જીવે પૂર્વગ્રહ છોડ્યો નથી, પૂર્વનો આગ્રહ છોડ્યો નથી. કાં તો એને ઓળખીને ભક્તિ આવી નથી, સર્વાર્પણબુદ્ધિ થઈ નથી. ૬૦૯ (પત્રમાં) પાંચ કારણો લીધા છે ને ? પત્રાંક ૬૦૯, દસમો બોલ છે ને ૬૦૯માં ? નીચે દસમો, **'મિથ્યાગ્રહ, સ્વચ્છંદપણું, પ્રમાદ અને ઇન્દ્રિયવિષયથી ઉપેક્ષા ન કરી**

**હોય તો જ...'** કાં તો સત્પુરુષ મળ્યા ત્યારે પણ સ્વચ્છંદ કર્યો છે, કાં તો જૂનું મૂક્યું નથી, કાં પ્રમાદ સેવ્યો છે કે વાત એમની સાચી પણ આપણાથી હવે પુરુષાર્થ ઊપડતો નથી. અને ઇન્દ્રિયવિષયની ઉપેક્ષા ન કરી હોય એટલે સંયોગની અંદર સુખબુદ્ધિ છોડી ન હોય **'તો જ સત્સંગ ફળવાન થાય નહીં,...'** આ ચાર કારણ લીધા. પાંચમું હવે કહેશે કેમકે એ Special કારણ છે એટલે એને ચારથી જુદું પાડ્યું.

**'અથવા સત્સંગમાં એકનિષ્ઠા, અપૂર્વભક્તિ આણી ન હોય તો ફળવાન થાય નહીં. જો એક એવી અપૂર્વભક્તિથી સત્સંગની ઉપાસના કરી હોય તો અલ્પ કાળમાં મિથ્યાગ્રહાદિ નાશ પામે; અને અનુક્રમે સર્વ દોષથી જીવ મુક્ત થાય.'** જવાબ આ જ છે, પોતે ને પોતે તો જવાબ તો આપ્યા જ છે. તો એ શું કારણ ? કેમ નિષ્ફળ જાય ?

**'જો જીવની 'અયોગ્યતા' જણાવવામાં આવે તો તે અયોગ્યતા ક્યા વિષયની?'** આ પાંચ પ્રકારના વિષય છે. જીવની યોગ્યતા ન હોય તો સત્પુરુષ મળે છતાં ન પામે. એમ જો તમને ટૂંકો જવાબ આપી દ્યે તો એની તમે વિગત માંગજો કે નહિ, આની તમે Detail આપો કે યોગ્યતા નથી એટલે શું છે ? એની પાસે શું શું એવું (છે) ? અયોગ્યતામાં એવું શું શું છે ? તો આ પાંચ કારણ લઈ લેવા.

(૮). **'ખીમજીને પ્રશ્ન કરવું કે તમને એમ લાગે છે કે આ પુરુષના સંગે યોગ્યતા આવ્યે તેની પાસેથી જ્ઞાનપ્રાપ્તિ હોય ?'** એમ મારા વિષે તમે પૂછી લેજો. એમ 'ખીમજીભાઈ' માટે (પૂછાવ્યું છે). પત્રવ્યવહાર આગળ પણ ચાલ્યો છે અને એમના માટેનો અભિપ્રાય તો એમણે નીચે જ આપ્યો છે કે ખીમજીભાઈની આ પરિસ્થિતિ છે. બે લીટી છોડીને (લખે છે) કે, **'ખીમજીમાં કેટલીક સમજવાની શક્તિ સારી છે; પરંતુ યોગ્યતા રેવાશંકરની વિશેષ છે.'** ઉઘાડ ઓલાને વધારે છે, યોગ્યતા-પાત્રતા આની વધારે છે. **'યોગ્યતા, જ્ઞાનપ્રાપ્તિ માટે બહુ બળવાન કારણ છે.'** સમજવાની શક્તિ વધારે હોય તે કાંઈ એને પામવાનું કારણ નથી એ વાત એમણે સૈદ્ધાંતિક રીતે અહીંયાં સ્પષ્ટ કરી દીધી છે. (વિશેષ લઈશું...)

## તા. ૧૧-૧૦-૧૯૮૯, પ્રવચન નં. ૬૪
## પત્રાંક – ૨૩૬ થી ૨૩૮

(પત્રાંક) ૨૩૬ ચાલે છે. પાનું ૨૮૧, 'અંબાલાલભાઈ'ને કેટલીક સૂચના લખી છે. 'રેવાશંકરભાઈ' અને 'ખીમજીભાઈ'ની સાથે કેટલાક પ્રકારના પ્રશ્નો કરાવ્યા છે. તાત્પર્ય એ નીકળે છે કે ઓઘસંજ્ઞાએ સત્પુરુષના સમાગમમાં ન રહે અને ઓળખીને સમાગમ કરે એવું તાત્પર્ય એટલા પ્રશ્નોનું છે. અને તે સત્સમાગમ કરવાનો મૂળ હેતુ જીવને પરિભ્રમણ ટાળવાનો હોવો જોઈએ અને તે માટે એણે શું કરવા યોગ્ય છે એ સંબંધી પણ એને વિવેક હોવો જોઈએ કે મારે શું કરવું જોઈએ ? આટલી વાત આ પ્રસંગમાંથી નીકળે છે. પ્રશ્ન પૂરા થઈ ગયા છે ને ?

**'આ વગેરે વાર્ત્તા પ્રસંગ પ્રાપ્ત કરી ચર્ચવી, એકેક વાર્ત્તાનો કંઈ નિર્ણાયક ઉત્તર તેમના તરફથી મળ્યે બીજે પ્રસંગે બીજી વાર્ત્તા ચર્ચવી.'** એક ઉત્તર મળ્યા પછી આગળની વાત ચર્ચવી. એકસાથે બધી વાત પૂછવાનો કોઈ અર્થ નથી.

**'ખીમજીમાં કેટલીક સમજવાની શક્તિ સારી છે;...'** એટલે એ વિષયમાં 'ખીમજીભાઈ'નો ક્ષયોપશમ સારો છે. **'પરંતુ યોગ્યતા રેવાશંકરની વિશેષ છે.'** પાત્રતાની દૃષ્ટિએ જોઈએ તો 'રેવાશંકરભાઈ' એમનાથી કાંઈક વિશેષ છે. **'યોગ્યતા, જ્ઞાનપ્રાપ્તિ માટે બહુ બળવાન કારણ છે.'** ક્ષયોપશમ નહિ, વધારે સમજી શકે માટે એને પ્રાપ્તિ થાય એમ નહિ. ભલે ઓછું સમજે પણ યોગ્યતા હોય, પાત્રતા હોય તો એને જ્ઞાન પ્રાપ્તિ કહો, સ્વાનુભવ કહો, સમ્યગ્દર્શન કહો, મોક્ષમાર્ગની પ્રાપ્તિ એને થાય છે. અથવા એ પાત્રતા છે એ બળવાન કારણ છે, એ જ મુખ્ય કારણ છે, એના વિના ખરેખર મોક્ષમાર્ગની પ્રાપ્તિ થઈ શકતી નથી.

પ્રશ્ન :– પાત્રતાવાળો જ પામે છે એમ કહેવું છે ને ?

સમાધાન :– હા, પાત્રતાવાળો જ પામે છે. વગર પાત્રતા, જગતમાં પાત્ર વગર તો વસ્તુ રહેતી નથી. ઘી લાવવું હોય તો ઘીનું ઠામ જોઈએ ને ખાંડ લાવવી હોય

તો ખાંડનો કોથળો જોઈએ. પાત્ર વગર વસ્તુ તો કાંઈ રહેતી નથી.

પ્રશ્ન :- પાત્રતાવાળો જીવ અને ક્ષયોપશમવાળા જીવમાં શું તફાવત છે ?

સમાધાન :- પાત્રતાવાળાની નજર ઉઘાડ ઉપર નથી. પાત્રતાવાળાની નજર પોતાના પ્રયોજન ઉપર છે કે મને ક્યો ઉપદેશ કાર્યકારી છે ? ક્યા ઉપદેશને અંગીકાર કરતા મારું પ્રયોજન સધાય છે ? એટલી બુદ્ધિ, એટલી સમજણ તો એને હોય છે. પાત્રતામાં એટલી સમજણ તો આવે જ છે. બાકી ઘણાને જે વિશેષ ઉઘાડ હોય છે એ ઉઘાડ ન હોય તો એની કોઈ આવશ્યકતા નથી. એટલે એનો કોઈ ખેદ હોવાનો પ્રશ્ન નથી. ખરેખર તો એને પ્રયોજન સાથે જ સંબંધ છે.

પ્રશ્ન :- ઉઘાડ ઉદય આધીન છે ને ?

સમાધાન :- હા, ઉઘાડ ઉદય આધીન છે.

મુમુક્ષુ :- પાત્રતા પુરુષાર્થનો વિષય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પાત્રતા પુરુષાર્થનો વિષય છે. એ તો એમ જ છે. પાત્રતા છે એ નિજ હિત કરવાની ગરજનો વિષય છે કે મારે મારું હિત કરવું છે અને એની ઘણી ગરજ, એની પૂરી ગરજ જેને છે એને પાત્રતા એટલી આવે છે. જેટલી ગરજ એટલી પાત્રતા છે, એમ છે. એટલે એ દૃષ્ટિકોણથી આ માર્ગ સરળ અને સુગમ કહ્યો છે. નહિતર બુદ્ધિ ઓછી હોય, સમજણશક્તિ ઓછી હોય તો એને વિટંબણા થાય કે મારામાં ઉઘાડ જ ઓછો છે, હું ક્યાંથી લાવીશ ઉઘાડ ? એ કાંઈ એવી ચીજ નથી કે બજારમાં વેચાતી મળે છે. ત્યારે પાત્રતા તો કોઈપણ જીવને પોતાના હિતની ગરજ થવી એ તો પોતાના વિવેકનો જ વિષય છે કે મારે મારું હિત કરવું છે અને અહિત નથી કરવું. તો એની અંદર તો કાંઈ બીજો પ્રશ્ન નથી કે એને ક્યાંય જાવું પડે. એ તો એને પોતાને જ પોતાની મેળે પોતાનો અભિપ્રાય તૈયાર કરવાનો છે. એટલે એ તો કોઈ પણ સાધન વિના સહજમાત્રમાં સરળતાથી અને સુગમતાથી પ્રાપ્ત હોય છે. જો પાત્રતા આવી તો આગળની વાત બધી પ્રાપ્ત થતી આવે છે. આગળની દશાની પણ પ્રાપ્તિ થતી આવે છે અથવા આત્માને ગુણની પ્રાપ્તિ થવા લાગે છે. જો એ ન હોય તો બીજું કાંઈ નથી એમ સમજવા યોગ્ય છે.

પ્રશ્ન :- નિજ હિતની ગરજ એ પાત્રતાનો મુખ્ય વિષય છે ?

સમાધાન :- હા, એ મુખ્ય વાત છે. એ સિવાય આમાં આપણે કેટલીક બીજી

વાતો (નાખી) છે – ‘બીજું કાંઈ શોધ મા’ છે એના ઉપોદ્‌ઘાતમાં નાખી છે. પચીસ-છવીસ બોલ નાખ્યા છે. એ લક્ષણ મેળવી લેવા જોઈએ, મુમુક્ષુજીવે એ પ્રકારના લક્ષણ મેળવી લેવા જોઈએ. આ પ્રકારની દશા મારામાં ઉત્પન્ન છે કે નહિ ? એ મેળવવું જોઈએ. કારણ કે એક એવો ભ્રમ થાય છે કે જેને ઉઘાડ છે, સમજવાની શક્તિ ઘણી છે એને એ દિશામાં પુરુષાર્થ લંબાવવાનો પ્રકાર થાય છે કે હું ઘણું સમજું, હું ઘણું સમજું, ઘણું વાંચું, ઘણું સાંભળું, ઘણું વિચારું, ઘણું સમજું તો હું પહોંચી જઈશ. આ વિષયમાં હું આરપાર પહોંચી જઈશ. એ ભ્રમ થાય છે. કહે છે કે એ રસ્તો નથી, એ માર્ગ નથી.

આમાં જે ખાસ વિચારવા યોગ્ય કોઈ મુદ્દો છે તો એ છે કે જે રીતે, જે પ્રકારે માર્ગનું ગ્રહણ થાય છે, માર્ગે ચડાય છે એ જ પ્રકારે ચડાય છે, બીજે પ્રકારે ચડાતું નથી, બીજા પ્રકારે ચડવા જાય તો ઉન્માર્ગમાં ચાલ્યો જાય. જેમ કે આપણે એક અધ્યાત્મનો વિષય હતો. અધ્યાત્મનો વિષય તો સૌ કોઈને રુચે, સૌ કોઈને ગમે. એ વિષય જ એવો સાંગોપાંગ નિર્દોષ છે, સર્વાંગ નિર્દોષ છે કે એમાં નહિ ગમવાનો પ્રશ્ન નથી. યોગ્યતા એવી હોય અને અરુચિ થઈ જાય એ એક બીજી વાત થઈ ગઈ. કે કોઈ એવા ઉઘાડવાળા જીવને ઉઘાડની રુચિમાં અધ્યાત્મની અરુચિ થઈ જાય છે. નહિતર એ વિષય એવો છે કે ખુલ્લંખુલ્લી રીતે તો એનો નિષેધ કોઈ કરવા જાય તોપણ ચાલે એવું નથી. તેમ છતાં પાત્રતા ન હોય તો ગડબડ થાય છે. એમાં પણ ગડબડ થાય છે કે એ વિષય ગમતો હોવા છતાં, રુચતો હોવા છતાં એ જ વિષયને પોતાના મહત્ત્વનું સાધન બનાવી દ્યે કે આ વિષય બહુ સારો છે અને બહુ સારો વિષય હોય તો જેની પાસે એ વિષય વધારે હોય એનું મહત્ત્વ પણ વિશેષ વધે એ ખ્યાલમાં આવી જાય છે તો મહત્ત્વ વધારવાનું જો એ કારણ થાય છે તો એ વિષયની અંદર પણ એટલો વિપર્યાસ વધે કે જીવ ગૃહીત મિથ્યાત્વ સુધી ચાલ્યો જાય.

મુમુક્ષુ :– આ વાત તો એકદમ ચોંકાવનારી છે.

પૂજ્ય ભાઈશ્રી :– વિષય એવો છે. અન્યમત જ એમાંથી નીકળ્યા છે. આ તો વિચાર એમાંથી વધારે ચાલ્યો છે કે ૨૨૩ના મથાળામાં ‘શંકરાચાર્ય’નું આ પદ છે કે

देहाभिमाने गलिते, विज्ञाते परमात्मनि।
यत्र यत्र मनो याति, तत्र तत्र समाधयः।।

આમાં શું ખોટું છે ? એ ગૃહીત મિથ્યાત્વમાં ઊભા છે. માણસ એક વ્યક્તિવિશેષ માટે પણ શું કહે છે ? માનો કે 'શંકરાચાર્ય'ના કોઈ અનુયાયી (કહે કે) આ અમારા 'શંકરાચાર્યે' વાત કરી છે. બતાવો તમારા જૈનદર્શનમાં આની સાથે શું વાંધો છે ? જૈનદર્શન આવી નિર્દોષ વાત કહેનારને શા માટે માન્ય કરતું નથી ? ભાઈ ! એ વાત નિર્દોષ કરે છે એની સાથે વાંધો નથી. તત્ત્વદૃષ્ટિએ તો અમે પણ એમ જ કહીએ છીએ પણ એ સિવાય બીજો જે વિપર્યાસ ઊભો છે એનું શું ? એ ક્યાંથી થયો ? બીજો વિપર્યાસ ક્યાંથી આવ્યો ? કે એ જ મહત્ત્વની વાત, એ જ અધ્યાત્મની વાત એણે પોતાના મહત્ત્વને માટે સાધન બનાવી. ટૂંકામાં એણે વેપાર કર્યો. જે મહત્ત્વની વાતથી આત્માનું હિત સાધવું જોઈએ એ મહત્ત્વની વાતનો વેપાર કર્યો. પોતાના મહત્ત્વનું સાધન બનાવ્યું. જીવ ગૃહીત મિથ્યાત્વ સુધી ચાલ્યો જાય. એની પાસે અધ્યાત્મની વાત એમ ને એમ રહી જાય, પણ જાય ગૃહીત મિથ્યાત્વ સુધી. આવી મોટી ગડબડ થાય છે. એટલે પાત્રતાનું બહુ મહત્ત્વ છે આમાં ઉઘાડનું એટલું મહત્ત્વ નથી. ઉઘાડ તો ફાટફાટ છે. 'શંકરાચાર્ય'નો ઉઘાડ જુઓ તો આજે કોઈ વિદ્વાનને હજારમાં ભાગે ગોતવો મુશ્કેલ પડે એવો ઉઘાડ છે.

પ્રશ્ન :– પોતાના નિજ હિતની વાત જ ભૂલી ગયા ? મૂળમાંથી ભૂલી ગયા ?

સમાધાન :– બસ, આ એક મૂળ મુખ્ય મુદ્દો છે કે મારે મારું હિત કરવું છે, આ સિવાય મારે કાંઈ કરવું નથી. આ જગ્યાએ કોઈ આવે એટલે એ જીવ તરી ગયો અને આ જગ્યા છોડી એટલે ડૂબી ગયો બસ ! આ સીધી વાત છે. બહુ સંક્ષેપમાં પણ ચોખ્ખી વાત આ છે કે અહીંયાં આવ્યો છું (તો) મારું હિત કરવા આવ્યો છું. બીજું કાંઈ મારે અહીંયાં આવવાનું કારણ નહોતું. જગતમાં ઘણા ક્ષેત્રો છે, ઘણી વાતો છે, વિધવિધ ક્ષેત્રો છે, વિધવિધ વ્યવસાય છે, વિધવિધ પ્રવૃત્તિ છે. આ જ ક્ષેત્રમાં શું કરવા આ જીવ આવ્યો ? કે આ એક જ એવું ક્ષેત્ર છે કે જ્યાંથી આત્માનું હિત થાય છે. હવે જો અહીંયાં એક આત્માનું હિત કરવું છે, નિઃશંક વાત છે કે એ તરી ગયો. જો એ સિવાય કરવું છે (તો) નિઃશંક વાત છે કે ડૂબી ગયો. સંક્ષેપમાં તો પણ બહુ સ્પષ્ટ વાત છે. એટલે કોઈ મુમુક્ષુ જ્યારે એ ભાવનામાં આવે છે કે, મારે

હવે મારું હિત જ કરવું છે અને (એ) સિવાય કાંઈ કરવું નથી. ત્યારે સત્પુરુષને ઘણી પ્રસન્નતા થાય છે. એની પાત્રતા દેખાય છે. એના ઉપર એની કૃપાદૃષ્ટિ સહજ જ ઉત્પન્ન થઈ જાય છે. આ બહુ સીધી વાત છે.

મુમુક્ષુ :– આ વાત તો આપણે લોકો અધ્યાત્મની વાતો કરતા હોય એને પણ લાગુ પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :– બધાને લાગુ પડે છે. સિદ્ધાંત એવો છે કે એમાં આપણા ને પારકા કોઈ નથી. સિદ્ધાંત તો બધાને એક જ સરખો લાગુ પડે છે. કેમકે એ તો વસ્તુની સ્થિતિ છે, વસ્તુનું વિજ્ઞાન છે. એમાં આ કોણ ને તે કોણ ? એ તો અન્યમતિ તો બધા આમાંથી જ થયા ને ! ભગવાન 'આદિનાથ' સ્વામીના સમવસરણમાંથી અન્યમતિ નીકળ્યા છે. ૩૬૩ પાખંડ ક્યાંથી થયા છે ? સાંભળતા સાંભળતા ત્યાંથી થયા છે. એ બધા પણ ભગવાનને સાંભળવા, જૈન પરમેશ્વરને સાંભળવા બેઠેલા જૈન જ કહેવાય ને ? અન્યમતિ અહીંથી જ થાય, (બીજે) ક્યાંથી થાય ? એટલે એ વિષય એવો છે.

આગળ એક જગ્યાએ આવશે, પ્રથમ જીવને યોગ્યતા કેમ થાય ? આ વિચાર માંગે એવો વિષય છે, એ વિચાર માંગે એવો વિષય છે. એકલી નિજહિતની દૃષ્ટિ, એ એના માટે સમ્યક્ એકાન્ત છે. એકલી નિજહિતની દૃષ્ટિ, એકાન્ત નિજહિતની દૃષ્ટિ એ એના માટે સમ્યક્ એકાન્ત છે.

**'ઉપરની વાર્ત્તામાંથી તમને જે સુગમ લાગે તે પૂછવી. સુગમતા એકેની ન હોય તો એકેય ન પૂછવી; તેમ આ વાર્ત્તાનો પ્રેરક કોણ છે ? તે જણાવવું નહીં.'** એ સામાના હિતની વાત છે એટલે છુપાવી છે.

**'ખંભાતથી ભાઈ ત્રિભોવનદાસની અત્ર આવવાની ઇચ્છા રહે છે; તો તે ઇચ્છામાં હું સમ્મત છું. તેમને તમે રતલામથી પત્ર લખો તો તમારી મુંબઈમાં જ્યારે સ્થિતિ હોય, ત્યારે તેમને આવવાની અનુકૂળતા હોય તો આવવામાં મારી સમ્મતિ છે, એમ લખશો. તમે કોઈ મને મળવા આવ્યા છો, એ કારણ ખીમજી સહિતને મોઢે પ્રગટ ન કરવું. કોઈ અહીં આવવાનું વ્યાવહારિક નિમિત્ત હોય તો જરૂર તે ખીમજીને મોઢે પ્રગટ કરવું.'**

**'આ બધું લખવું પડે છે, તેનો ઉદ્દેશ માત્ર આ એક પ્રવૃત્તિયોગ છે.'** પ્રવૃત્તિયોગને

લઈને સાથે રહેનારને કે સંયોગમાં આવનારને જે કાંઈ ભ્રાંતિ થાય છે એ ભ્રાંતિનું નિવારણ કરવા માટે પોતે કેટલીક યુક્તિ કરી છે. **'ઈશ્વરેચ્છા બળવાન છે,...'** તેમ છતાં કોને શું થવું ? કોને શું ન થવું ? એ કુદરતને આધીન છે. પોતે તો માત્ર એક કારુણ્યવૃત્તિથી લખે છે. છતાં બનવું ન બનવું એ તો કુદરતને આધીન છે. **'અને સુખદાયક છે.'** એની સામે અમને અસમાધાન નથી. દુઃખ નથી કે આમ કેમ ? એને સવળું ન પડ્યું, કેમ ઊંધું પડ્યું ? એના માટે કોઈ અમને અસમાધાન નથી.

**'આ પત્ર વારંવાર મનન કરવા જેવું છે. વારંવાર ઊગે છે કે અબંધ, બંધનયુક્ત હોય ? તમે શું ધારો છો ?'** 'અંબાલાલ' માટે આ માર્મિક પ્રશ્ન મૂકી દીધો કે, અબંધ એવું જે આત્મસ્વરૂપ, જે ત્રિકાળ અબંધ છે, એવું જે આત્મસ્વરૂપ એને વળી બંધન હોય ખરું ? તમે શું ધારો છો ? એને બંધન હોય ? તમારો શું અભિપ્રાય છે ? તીર માર્યું છે, પત્ર બંધ કરતાં કરતાં એક તીર મારી દીધું છે. વિચારમાં, ઊંડા વિચારમાં મૂકી દીધા છે. એ ૨૩૬ પત્ર (પૂરો) થયો.

એમાંથી તાત્પર્ય નીકળે છે ને કે તમે એક તો સત્પુરુષના સંગમાં આવ્યા તો શું કરવા આવ્યા ? પરિભ્રમણ મટાડવાના હેતુથી આવ્યા ? કે તમારો બીજો કોઈ હેતુ હતો ? નંબર એક. હવે કે જો પરિભ્રમણને ટાળવામાં આ સત્પુરુષનું મહત્ત્વ તમને દર્શાવ્યું (તે) ખ્યાલમાં આવે છે કે નથી આવતું ? બીજી વાત. એ સત્પુરુષ કોઈ હોઈ શકે ખરો ? એમ કહીને ત્યાં એની શોધ મૂકી દીધી. આથી એ પણ મૂક્યું કે, એવી જો પ્રવૃત્તિવાળી દશા હોય તો શંકા-આશંકા થાય કે ન થાય ? તો એને માટે મુમુક્ષુએ શું કરવું જોઈએ ? અને એવા સત્પુરુષ મળે તો ઓઘસંજ્ઞાએ નહિ રહેતા એને ઓળખીને એનો સમાગમ કરવો જોઈએ. આ બધી લાઇનદોરી એમણે પ્રશ્નોમાં મૂકી દીધી, આખી લાઇનદોરી પ્રશ્નો ઉઠાવીને મૂકી દીધી છે. એટલે એમને એમ લખ્યું છે કે આ પત્ર વારંવાર વિચારવા યોગ્ય છે. આની અંદર આખી શ્રૃંખલા મૂકી દીધી છે. અને છેવટે યોગ્યતાનો સિદ્ધાંત મૂક્યો. 'ખીમજીભાઈ' અને 'રેવાશંકરભાઈ'ના પાત્રના બહાને જ્ઞાનપ્રાપ્તિની યોગ્યતાનો સિદ્ધાંત મૂકી દીધો. પેલા તો બહાનાના પાત્રો છે, સિદ્ધાંત તો સિદ્ધાંત છે કે જે સર્વ કોઈને લાગુ પડે છે.

મુમુક્ષુ :- આ યોગ્યતાની બાબતમાં પ્રચાર ઓછો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, 'ગુરુદેવ'ના બહુ શરૂના પ્રવચનોમાં એ આત્માર્થીતાનો

વિષય બહુ આવતો હતો. 'શ્રીમદ્જી'નો સ્વાધ્યાય થયેલો ને ! વિષય બહુ આવતો હતો. જેણે બહુ શરૂઆતના 'આત્મધર્મ' વાંચ્યા હોય એને (ખ્યાલ હશે). પ્રવચનમાં એ વિષય ઘણો આવતો હતો.

મુમુક્ષુ :- ૨૫ વર્ષ પહેલા 'ગુરુદેવ' યોગ્યતા ઉપર બહુ વજન આપતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ત્રીસ વર્ષ પહેલા હશે. (સંવત) ૨૦૧૪ થી તો મારો પ્રવેશ છે. મેં પ્રવેશ કર્યો પછી (એક મુમુક્ષુભાઈ) પાસેથી 'આત્મધર્મ' મેળવ્યા. (એમણે) કહ્યું), હું પહેલેથી ગ્રાહક છું. મેં કીધું, તમારા ઘરમાં જેટલા 'આત્મધર્મ' હોય (એ આપો). એ બહુ વ્યવસ્થિત ન રાખો તો કોઈ ક્યાંય મુકાઈ ગયા, કોઈ ક્યાંય મુકાઈ ગયા (હોય તો) ગોતી ગોતીને કાઢો જેટલા જ્યાં પડ્યા હોય ત્યાંથી. એ બધા 'આત્મધર્મ' ભેગા કરીને હું એકવાર બધા વાંચી ગયો. આ વિષય અહીંયાં ચાલી ગયો શું ? આપણો પ્રવેશ મોડો થયો પણ આગળ શું વાત ચાલી ગઈ ? જરા જુઓ તો ખરા. અને મારે આવવાનું નિમિત્ત 'આત્મધર્મ' જ થયું હતું. એટલે જોયું કે આમાં બહુ મહત્ત્વના વિષયો પ્રવચનોની અંદર ચાલી ગયા છે. આગળ શું શું ચાલી ગયું એ જોયું એમાં આ આત્માર્થીતાનો વિષય બહુ ચાલ્યો છે.

**પત્રાંક-૨૩૭**

**મુંબઈ, ચૈત્ર વદ ૨, શનિ, ૧૯૪૭**

**સુજ્ઞ ભાઈ ત્રિભોવન,**

**"પરેચ્છાનુચારીને શબ્દભેદ નથી." એ વાક્યનો અર્થ સમાગમે પૂછજો.**

**પરમ સમાધિરૂપ જ્ઞાનીની દશાને નમસ્કાર.**

**વિ. રાયચંદના પ્રણામ**

(પત્રાંક) ૨૩૭, **'સુજ્ઞ ભાઈ ત્રિભોવન, "પરેચ્છાનુચારીને શબ્દ-ભેદ નથી." એ વાક્યનો અર્થ સમાગમે પૂછજો.'** આગળ મથાળું બાંધ્યું છે ને ! એ 'ત્રિભોવનભાઈ'ના

પત્રનું જ મથાળું છે. ૨૩૨ નંબરના (પત્રમાં) પહેલું વહેલું મથાળું બાંધ્યું છે, ૨૩૨ પત્રાંકમાં. એમને એ શબ્દનો અર્થ નથી સમજાણો કે આ 'પરેચ્છાનુચારીને શબ્દ-ભેદ નથી.' એ વાક્યનો શું અર્થ થાય છે ? કાંઈ સમજમાં નથી આવતું. તો લખ્યું કે સમાગમ થાય ત્યારે તમે પૂછજો, પત્રની અંદર નહિ. કેમકે એમને એ સહજદશાની વાત લેવી છે.

એ એક એવી દશા શરૂ થવી જોઈએ કે જેમાં જીવને ઇષ્ટ-ઇનિષ્ટપણું મટાડવાનો પ્રયોગ શરૂ થાય. વસ્તુતાએ, વાસ્તવિકતાએ જો કોઈ પદાર્થ ઇષ્ટ નથી, જો કોઈ પદાર્થ ખરેખર અનિષ્ટ નથી તો પછી ઇચ્છા જ બેકાર છે. તો ઇચ્છા નથી તો પૂર્વકર્મનું, પ્રવૃત્તિનું શું ? તો એ પ્રવૃત્તિમાં જે બીજા નિમિત્તો થતાં હોય, બીજા જીવો, જે માણસો પૂર્વકર્મને યોગે આવતા હોય એની ઇચ્છાપ્રમાણે ચાલ્યા જવું. પરેચ્છાનુચારી. અનુચારી એટલે અનુચરવું. પર ઇચ્છાને અનુચરવું. પોતાની ઇચ્છા બંધ કરી દેવી કેમકે મને કોઈ અનુકૂળ નથી, મને કોઈ પ્રતિકૂળ નથી. હું તો જ્ઞાતા છું. આ દશા કેળવવી છે અને જ્ઞાનીઓ એ દશા કેળવે છે. એટલે એ વિસ્તારની સૂક્ષ્મતાથી ચર્ચા સમાગમે થઈ શકે. પત્રમાં એમણે એનો વિસ્તાર નથી કર્યો. બે લીટીનું પોસ્ટકાર્ડ નાખીને વાત પૂરી કરી નાખી.

પ્રશ્ન :- પરેચ્છાનુચારીમાં કર્તાબુદ્ધિ છૂટી જાય છે ?

સમાધાન :- હા, કર્તૃત્વ છૂટી જાય. જ્ઞાતાપણામાં એ જ વાત છે ને ! જ્ઞાતા જ છું માટે કર્તા નથી, એમ. જ્ઞાતા છું માટે કર્તા નથી. અને મારી ઇચ્છા હું કરું એનો અર્થ કે મને આ અનુકૂળ છે અને મને આ પ્રતિકૂળ છે. એને તો મટાડવાનો પ્રયોગ કરવો છે. એટલે એને શબ્દ ઉપર તો ધ્યાન દેવાનું જ ન રહ્યું. વાંધા જે પડે છે એ શબ્દમાંથી પડે છે. આ આમ કેમ બોલ્યા ? તમારી વાત સાચી પણ આમ બોલ્યા કેમ ? ત્યાંથી જ વાંધો પડે છે. હિત-અહિતનો વિવેક જરૂર કરે છે, એટલી વાત છે. એટલે એ સિદ્ધાંતની એની અંદર મર્યાદા છે કે, પોતાના હિત-અહિતના વિષયમાં, પોતાનું હિત થાય અને અહિત ન થાય એવું ચોક્કસ રાખીને વાત છે.

**'પરમ સમાધિરૂપ જ્ઞાનીની દશાને નમસ્કાર.'** અહીંયાં બીજા વાક્યમાં એ વાત લખી કે જે પરમસમાધિરૂપ દશા છે એવી જે જ્ઞાનીની દશા એને અમે નમસ્કાર કરીએ છીએ. બહુમાન આવે છે, જ્ઞાની ઉપર બહુમાન આવે છે. પોતે જ્ઞાની છે તોપણ

જે કોઈ જ્ઞાની હોય, જેની દશા સમાધાનરૂપે વર્તે છે, મારા એને નમસ્કાર પહોંચે. **'વિ. રાયચંદના પ્રણામ.'** પછી બીજે દિવસે વદ બીજે એક પત્ર લખ્યો છે. વદ ત્રીજે પાછો 'ત્રિભોવનભાઈ'ને ફરીને પત્ર લખ્યો છે.

**પત્રાંક-૨૩૮**

**મુંબઈ, ચૈત્ર વદ ૩, રવિ, ૧૯૪૭**

**તે પૂર્ણ પદને જ્ઞાનીઓ પરમ પ્રેમથી ઉપાસે છે.**

**ચારેક દિવસ પહેલાં આપનું પત્ર મળ્યું. પરમ સ્વરૂપના અનુગ્રહથી અત્ર સમાધિ છે. આપની ઇચ્છા સદ્‌વૃત્તિઓ થવા રહે છે; એ વાંચી વારંવાર આનંદ થાય છે.**

**ચિત્તનું સરળપણું, વૈરાગ્ય અને 'સત્' પ્રાપ્ત હોવાની જિજ્ઞાસા એ પ્રાપ્ત થવાં પરમ દુર્લભ છે; અને તેની પ્રાપ્તિને વિષે પરમ કારણરૂપ એવો 'સત્સંગ' તે પ્રાપ્ત થવો એ તો પરમ પરમ દુર્લભ છે. મોટેરા પુરુષોએ આ કાળને કઠણ કાળ કહ્યો છે, તેનું મુખ્ય કારણ તો એ છે કે 'સત્સંગ'નો જોગ થવો જીવને બહુ કઠણ છે; અને એમ હોવાથી કાળને પણ કઠણ કહ્યો છે. માયામય અગ્નિથી ચૌદે રાજલોક પ્રજ્વલિત છે. તે માયામાં જીવની બુદ્ધિ રાચી રહી છે, અને તેથી જીવ પણ તે ત્રિવિધતાપ-અગ્નિથી બળ્યા કરે છે; તેને પરમ કારુણ્યમૂર્તિનો બોધ એ જ પરમ શીતળ જળ છે; તથાપિ જીવને ચારે બાજુથી અપૂર્ણ પુણ્યને લીધે તેની પ્રાપ્તિ હોવી દુર્લભ થઈ પડી છે. પણ એ જ વસ્તુની ચિંતના રાખવી. 'સત્'ને વિષે પ્રીતિ, 'સત્' રૂપ સંતને વિષે પરમ ભક્તિ, તેના માર્ગની જિજ્ઞાસા, એ જ નિરંતર સંભારવા યોગ્ય છે. તે સ્મરણ રહેવામાં ઉપયોગી એવાં વૈરાગ્યાદિક ચરિત્રવાળાં પુસ્તકો અને વૈરાગી, સરળ ચિત્તવાળાં મનુષ્યનો સંગ અને પોતાની ચિત્તશુદ્ધિ એ સારાં કારણો છે. એ જ મેળવવા રટણ રાખવું કલ્યાણકારક છે. અત્ર સમાધિ છે.**

**'તે પૂર્ણ પદને જ્ઞાનીઓ પરમ પ્રેમથી ઉપાસે છે.'** પોતાનું જે શુદ્ધાત્મપદ છે, પરમાત્મપદ છે, જે પરિપૂર્ણ છે, સર્વ ગુણ સંપન્ન છે એવા પૂર્ણપદને જ્ઞાની પરમ પ્રેમથી ઉપાસે છે, એનો આશ્રય કરે છે. એનું જ સમ્યક્ શ્રદ્ધાન કરે છે, એનું જ સમ્યક્ જ્ઞાન કરે છે, એને જ સમ્યક્ પ્રકારે અનુચરણ કરે છે. એ એની ઉપાસના છે, આરાધના છે.

**'ચારેક દિવસ પહેલાં આપનું પત્ર મળ્યું. પરમ સ્વરૂપના અનુગ્રહથી અત્ર સમાધિ છે.'** કઈ રીતે સમાધિ છે ? પરમ સ્વરૂપના અનુગ્રહથી, પરમાત્માના, અંદરના પરમાત્માની કૃપા વર્તે છે. એટલે કે પોતે એને સન્મુખ થયેલા છે. એટલે સમાધિ છે. અનુગ્રહ એટલે કૃપા, મહેરબાની. કૃપા, મહેરબાની, પ્રસન્નતા, કરુણા એ બધા અર્થ એમાંથી નીકળે છે. **'આપની ઇચ્છા સદ્‌વૃત્તિઓ થવા રહે છે; એ વાંચી વારંવાર આનંદ થાય છે.'** એટલી પાત્રતાને ટેકો આપે છે કે આપની ઇચ્છાઓમાં સદ્‌વૃત્તિઓ થવા રહે છે (અર્થાત્) પોતાના અવગુણ ટાળવા છે, ગુણ પ્રગટ કરવા છે. એ પ્રકારનું પડખું જોઈને એમ કહે છે કે એથી મને આનંદ થાય છે.

**'ચિત્તનું સરળપણું, વૈરાગ્ય અને 'સત્' પ્રાપ્ત હોવાની જિજ્ઞાસા એ પ્રાપ્ત થવાં...'** સત્ પ્રાપ્ત કરવાની જિજ્ઞાસા. આ ત્રણ વાત – **'ચિત્તનું સરળપણું, વૈરાગ્ય અને 'સત્' પ્રાપ્ત હોવાની જિજ્ઞાસા...'** વૈરાગ્ય એટલે ઉદયમાન પરિણામોમાં, ઉદય પ્રસંગોમાં નિરસતા. વ્યવહારમાં મન-વચન-કાયાથી સરળતા અને સત્ પ્રાપ્ત હોવાની જિજ્ઞાસા– સત્‌ની જિજ્ઞાસા, ભાવના એ બન્ને એમાં આવી જાય છે. કારણ કે પ્રાપ્ત થવું એ ભાવનાનો વિષય છે. **'એ પ્રાપ્ત થવાં પરમ દુર્લભ છે;...'** આ પાત્રતાના મુખ્ય ચિહ્નો છે, લ્યો !

ચિત્તની સરળતા, વૈરાગ્ય અને સત્ પ્રાપ્ત હોવાની જિજ્ઞાસા અથવા ભાવના, આ ત્રણ વાતની પ્રાપ્તિ થવી પરમ દુર્લભ છે. **'અને તેની પ્રાપ્તિને વિષે...'** એટલે એ ત્રણેની પ્રાપ્તિને વિષે, ત્રણે એક જ જગ્યાએથી મળે, એક જ દુકાનેથી મળે ...(તેની પ્રાપ્તિ વિષે) **'પરમ કારણરૂપ એવો 'સત્સંગ'...'** શું કહ્યું ? સત્સંગથી આ ત્રણેની પ્રાપ્તિ થાય છે. કેમકે એ વિષયની વિચારણા સત્સંગમાં ચાલે છે. સત્‌ની જિજ્ઞાસા, સત્‌ની ભાવના, સરળપણું, અસરળપણાનો ત્યાગ અને વૈરાગ્ય - ઇન્દ્રિયનિગ્રહ,

વિરક્તપણું ઉદયમાં.

**'તેની પ્રાપ્તિને વિષે પરમ કારણરૂપ એવો 'સત્સંગ' તે પ્રાપ્ત થવો એ તો પરમ પરમ દુર્લભ છે.'** એ તો ઘણો દુર્લભ છે. અત્યારે તો જીવનું એવું થાય છે કે એવો સત્સંગ હોય તો ઉપેક્ષા કરે છે. જ્યારે આવો તો સત્સંગ પ્રાપ્ત થવો ઘણો દુર્લભ છે, મળે તો બહુ મોટા ભાગ્યની એ નિશાની છે. એટલે તો એ પરમ પરમ દુર્લભ છે. **'તેની પ્રાપ્તિને વિષે...'** કેવી સરસ લાઇનદોરી છે ! બહુ ચોખ્ખી વાત કેટલી સુંદર છે !

**'એવો 'સત્સંગ' તે પ્રાપ્ત થવો એ તો પરમ પરમ દુર્લભ છે. મોટેરા પુરુષોએ આ કાળને કઠણ કાળ કહ્યો છે,...'** મહાપુરુષોએ આ કાળને કઠણ કાળ કહ્યો છે **'તેનું મુખ્ય કારણ તો એ છે કે 'સત્સંગ'નો જોગ થવો જીવને બહુ કઠણ છે;...'** કોઈક જ સત્પુરુષ હોય છે, ભાગ્યે જ સત્પુરુષ હોય છે. કરોડો-અબજોમાં કોઈ એકાદ સત્પુરુષ હોય છે. ચોથા કાળની જેમ નથી કે અનેક સત્પુરુષો હોય, કેટલાય કુટુંબોમાં હોય એવું નથી, ભાગ્યે જ કોઈ હોય. એવી પરિસ્થિતિ જોઈને આ કાળને કઠણ કહ્યો છે. અને એથી વધારે કઠણાઈ આ કાળની એ છે કે કોઈ એવા સત્પુરુષ ક્યાંક હોય તો એના સમાગમમાં આવ્યા પછી પણ એની ઉપેક્ષા કરનારા જીવોના પરિણામની વિચિત્રતા હોય છે. એટલે પણ બહુ વિશેષ આ કાળને કઠણ ગણવામાં આવ્યો છે. **'તેનું મુખ્ય કારણ તો એ છે કે 'સત્સંગ'નો જોગ થવો જીવને બહુ કઠણ છે; અને એમ હોવાથી કાળને પણ કઠણ કહ્યો છે.'** આવી પરિસ્થિતિ આ સંબંધમાં જોઈને આ કાળને કઠણ કાળ કહ્યો છે.

**જ્ઞાનમાં પરદ્રવ્ય પ્રતિભાસવા છતાં સ્વરૂપ અવલોકનમાં જ્ઞાની નિપુણ છે. તેથી તેનું જ્ઞાન વિશુદ્ધ છે. અર્થાત્ સ્વરૂપ અસ્તિત્વને (પરિણતિ દ્વારા) વેદતાં વેદતાં પરનું જાણવું થાય છે. તે જ્ઞાન પૂર્ણતાના વિકાસના પંથે છે, ભાવમરણનો અભાવ કરીને જ્ઞાની તેમાં જીવે છે/ પૂર્ણતાને અનુભવતો - પૂર્ણ થઈને જીવે છે.**

**('અનુભવ સંજીવની' - ૪૦)**

### પત્રાંક - ૨૪૪

મુંબઈ, વૈશાખ સુદ ૭, શુક્ર, ૧૯૪૭

**પરબ્રહ્મ આનંદમૂર્તિ છે; તેનો ત્રણે કાળને વિષે અનુગ્રહ ઇચ્છીએ છીએ.**

**કેટલોક નિવૃત્તિનો વખત મળ્યા કરે છે; પરબ્રહ્મવિચાર તો એમ ને એમ રહ્યા જ કરે છે; ક્યારેક તો તે માટે આનંદકિરણ બહુ સ્ફુરી નીકળે છે, અને કંઈની કંઈ (અભેદ) વાત સમજાય છે; પણ કોઈને કહી શકાતી નથી; અમારી એ વેદના અથાગ છે. વેદનાને વખતે શાતા પૂછનાર જોઈએ, એવો વ્યવહારમાર્ગ છે; પણ અમને આ પરમાર્થમાર્ગમાં શાતા પૂછનાર મળતો નથી; અને જે છે તેનાથી વિયોગ રહે છે. ત્યારે હવે જેનો વિયોગ છે એવા જે તમે તે અમને કોઈ પણ પ્રકારે શાતા પૂછો એમ માગીએ છીએ.**

## તા. ૨૨-૯-૧૯૯૮, પ્રવચન નં. ૭૧૯
## પત્રાંક – ૨૪૪, ૨૪૬

'શ્રીમદ્ રાજચંદ્ર' પત્રાંક ૨૪૪, પાનું ૨૮૪

**'પરબ્રહ્મ આનંદમૂર્તિ છે; તેનો ત્રણે કાળને વિષે અનુગ્રહ ઇચ્છીએ છીએ.'** પરબ્રહ્મ એટલે પોતાનું પરમતત્ત્વ, પરમાત્મતત્ત્વ, પોતાનું મૂળ સ્વરૂપ, આત્માનું પોતાનું મૂળ સ્વરૂપ. વેદાંતની પરિભાષામાં એને પરબ્રહ્મ કહે છે, પરમબ્રહ્મ પણ કહે છે, પરબ્રહ્મ પણ કહે છે, બ્રહ્મ પણ કહે છે. એ આનંદમૂર્તિ છે. પરબ્રહ્મ છે એ આનંદમૂર્તિ છે. એટલે અનંત આનંદ એની અંદર સામર્થ્યરૂપે ભરેલો છે. એ આનંદની જ મૂર્તિ છે.

**'તેનો ત્રણે કાળને વિષે અનુગ્રહ...'** એટલે કૃપા ઇચ્છીએ છીએ કે એ આનંદનો ભોગવટો હો. બ્રહ્માનંદમાં જ અમે રહીએ એમ ઇચ્છીએ છીએ.

પરમાત્મા કૃપા કરે એટલે પર્યાયમાં પ્રગટ દર્શન આપે, એમ. **'કેટલોક નિવૃત્તિનો વખત મળ્યા કરે છે. પરબ્રહ્મવિચાર તો એમને એમ રહ્યા જ કરે છે.'** 'મુંબઈ'માં પ્રવૃત્તિમાં પણ આ દિવસોમાં ક્યારેક ક્યારેક કેટલોક નિવૃત્તિનો વખત મળે છે અને આત્મવિચાર છે, સ્વરૂપની વિચારણા છે એ તો એમ ને એમ રહ્યા જ કરે છે. **'ક્યારેક તો તે માટે આનંદકિરણ બહુ સ્ફુરી નીકળે છે.'** ક્યારેક ક્યારેક તો અંદરથી આનંદ ખૂબ જ સ્ફૂરણારૂપે આવે છે એટલે કે ક્યારેક ક્યારેક તો સ્વાનુભવની દશામાં, નિર્વિકલ્પ સ્વાનુભવની દશામાં આવી જઈએ છીએ.

**'અને કંઈની કંઈ (અભેદ) વાત સમજાય છે.'** અને આત્માના સ્વભાવનું જે ઊંડાણ છે એ ઊંડાણ જ્ઞાનમાં પકડાય છે. સ્વભાવનું ઊંડાણ ઘણું છે, જેનો કોઈ તાગ નથી એટલું છે. અગિયાર અંગ અને ચૌદ પૂર્વમાં અબજો શ્લોકો નીકળ્યા હોય. એમાંથી કેટલા નીકળ્યા ? અબજો શ્લોક નીકળ્યા છે, કરોડો નહીં. તોપણ એ આત્માના સ્વભાવના ઊંડાણ પાસે અનંતમાં ભાગે છે. કેટલામાં ભાગે છે ? અનંતમાં ભાગે છે. એટલે જે જ્ઞાનીઓ સ્વભાવનો અનુભવ કરે છે, સ્વભાવમાં લીનતા કરીને જેટલા જેટલા સ્વભાવમાં ઊંડે જાય છે, સ્વરૂપના ઊંડાણમાં વિચરે છે, ઊંડે ઊંડે ક્યાંયના ક્યાંય વિચરે છે. નવા નવા ઊંડાણ એમને હાથ લાગે છે એમ કહેવું છે. કાંઈને કાંઈ અભેદ વાત સમજાય છે અને એ તો એ ઊંડાણમાં જતા હોય એનો એ વિષય છે.

**'પણ કોઈને કહી શકાતી નથી;...'** એ વિષય કોઈ કહેવાનો છે નહિ એટલે કહેવાય છે એ બધુ સંકેતમાત્રમાં જાય છે. અનુભવના ઊંડાણો ખૂબ છે એમ કહેવું છે. **'પણ કોઈને કહી શકાતી નથી; અમારી એ વેદના અથાગ છે.'** કોઈ એવું પાત્ર મળે ને થોડી વાત કરીએ ત્યારે ક્યાંક હળવા થઈએ છીએ, બહાર આવે છે. નહિતર વેદના થાય છે કે, અરે...રે...! આવી અમુલ્ય ચીજ અમારી પાસે હોવા છતાં એનો કોઈ ઘરાક નથી, ખરીદનાર નથી. વેદના છે, એની વેદના થાય છે, ઠીક !

**'કૃપાળુદેવ' ૨૪ વર્ષની ઉંમરે આ બધી વાતો લખે છે એથી એ વાત સ્પષ્ટ થાય છે કે આ કાળના એક આશ્ચર્યકારી સત્પુરુષ હતા કે જેમનો અનુભવ પણ આશ્ચર્યકારી અને અપૂર્વ હતો.** એટલે કાંઈને કાંઈ જે અંદરનું ઊંડાણ આવે છે એ

કહેવાનું કોઈ પાત્ર નથી. અમારી એ વેદના અથાગ છે.

**'વેદનાને વખતે શાતા પૂછનાર જોઈએ, એવો વ્યવહારમાર્ગ છે;...'** કોઈ માંદો-સાજો હોય ત્યારે એની શાતા પૂછવા જવું એવો સંસારમાં એક વ્યવહારમાર્ગ છે. **'પણ અમને આ પરમાર્થમાર્ગમાં શાતા પૂછનાર મળતો નથી;...'** શું કહે છે ? આત્મકલ્યાણનો વિષય અમારી પાસે છે. કોને એ કહેવો ? એવું કોઈ મળતું નથી. એની જે વેદના છે એ વેદનાની એમને શાતા પૂછનાર પણ કોઈ નથી. **'અને જે છે...'** એટલે એમ કે તમે છો. એનો **'વિયોગ રહે છે.'** જે છે એનો વિયોગ રહે છે. બાકી તો અહીંયાં 'મુંબઈ'માં તો કોઈ છે નહિ, એમ કહે છે. હમણા શું આપનો... શાતા પૂછવી એટલે કેમ છો ને કેમ નહિ, એમ.

આમાં એમ છે કે આપણે કોઈ આપણું હૃદય ખૂલે, આપણું પેટ ખૂલે એવું કોઈ પાત્ર મળતું નથી. તો આપને કોઈ મળતું નથી. આપને કોઈ મળ્યું ? પૂછનાર પણ કોઈ નથી. મળતું તો નથી પણ અહીં તો મળતું નથી એવું કોઈ પૂછનાર પણ નથી. દવા કરવી બીજી વાત છે અને ખબર પૂછવા એ બીજી વાત છે. ખબર પૂછે છે એ કાંઈ દવા નથી કરતો પણ પેલાને એમ થાય કે, ના, હું માંદો છું તો મને ખબર તો પૂછે. માનસિક રીતે તો એને ઠીક લાગે કે નહિ ? એવું પણ અહીંયાં કોઈ નથી, એમ કહે છે. એવું એમને 'મુંબઈ' ઉજ્જડ લાગે છે. પરમાર્થમાર્ગ માટે અને સત્સંગ માટે સાવ ઉજ્જડ લાગે છે.

**'વેદનાને વખતે શાતા પૂછનાર જોઈએ, એવો વ્યવહારમાર્ગ છે; પણ અમને આ પરમાર્થમાર્ગમાં શાતા પૂછનાર મળતો નથી; અને જે છે તેનાથી વિયોગ રહે છે. ત્યારે હવે જેનો વિયોગ છે એવા જે તમે તે અમને કોઈ પણ પ્રકારે શાતા પૂછો એમ માગીએ છીએ.'** એમ કહીને શું કીધું ? કે તમે પરમાર્થના વિષયની ચર્ચા અમારી સાથે કરજો. ખૂબ કરજો, પેટ ભરીને કરજો, ખૂબ ખૂબ કરજો. અમે એ ઇચ્છીએ છીએ. અને આ વિષય જરા એવો છે કે જો કોઈ પાત્ર જીવને પ્રાપ્ત કરવાની જિજ્ઞાસાથી જો પ્રશ્ન ઊઠે તો જ્ઞાનીનું કાળજું બહાર આવી જાય. એટલે એના હૃદયમાં-એના કાળજામાં જે ચાલતું હોય એ નીકળી જાય. એવો વિષય છે. જિજ્ઞાસા છે એ નહિ વિચારેલી વાતને પણ બહાર મૂકી દ્યે છે. અનુભવ અનુભવ છે અને વિચાર વિચાર છે. અનુભવની બધી વાત વિચારમાં આવે જ એવું કોઈ જરૂરી નથી. અનુભવની

વાત અનુભવમાં રહી જાય પણ કોઈ પૂછનાર નીકળે તો વિચારમાં આવી જાય.

'ગુરુદેવ' એક વાત કરતા હતા કે 'કુંદકુંદાચાર્યે' તો સૂત્ર લખ્યા છે, ગાથાસૂત્ર લખેલા છે. 'અમૃતચંદ્રાચાર્યે' એમના પેટ ખોલ્યા છે એમ કહેતા હતા અને એના માટે એ એક દૃષ્ટાંત આપતા હતા કે જેમ કોઈ બળૂકી બાઈ એટલે જેના કાંડામાં જોર હોય એ દૂધ દોહે ત્યારે ગાયના આંઉમાંથી દૂધ ખેંચીને કાઢે છે. કેવી રીતે કાઢે છે ? ખેંચીને કાઢે છે. ઇ દૂધ દોહવાની કળા છે. ન આવડે તો દૂધ ન નીકળે. એટલું જ નહીં એના આંચળ છોલાઈ જાય. Friction થી એના આંચળ છોલાઈ જાય. એના આંચળ છોલાઈ નહિ અને બળથી દૂધ નીકળે ઇ એક કળ છે અને કળા છે. અને ૧૫-૨૦ મિનિટ Continue દૂધ ખેંચે તો ઇ થાકે નહીં. એને એટલી તાકાત હોય છે, બાવડામાં બહુ તાકાત હોય છે. અને એનું જે દૂધ છે એ એની આવ શરૂ થાય. દૂધ દોહે ને ? ત્યારે અંદર આવ છે ને ? સ્રાવ. દૂધનો સ્રાવ અંદર આવે. ઇ ખેંચી ખેંચીને કાઢે. એમ 'અમૃતચંદ્રાચાર્યે' એવી રીતે ટીકા કરી છે એમ કહેતા હતા. અને એમાં પણ એમણે ક્યારેક ક્યારેક પ્રશ્નો ઉઠાવ્યા છે.

'અમૃતચંદ્રાચાર્ય' પોતે તો શાસ્ત્રના મહાન જ્ઞાતા છે, આગમના જ્ઞાતા છે છતાં પ્રશ્ન ઉઠાવે છે કે જુઓ ! અહીંયાં આવી જિજ્ઞાસા હોય એના ઉત્તરરૂપે આ સૂત્રકર્તા આચાર્યનું સૂત્ર છે. આ સૂત્ર અમુક પ્રકારના પ્રશ્નના ઉત્તરરૂપે છે. એ પ્રશ્ન મૂકવા પાછળ આશય છે અને એ આશય જિજ્ઞાસાનો આશય છે કે આ શાસ્ત્ર વાંચતા જે જીવને આવી જિજ્ઞાસા થશે એને આ ગાથાનો ઉત્તર સમજાશે અને અમારી ટીકા સમજાશે, એમ કહે છે. એટલે જિજ્ઞાસુ હોવું જરૂરી છે.

આપણે કેમકેહીએ છીએ કે ભાઈ ! પ્રશ્ન તો તમને થાય એ બધા કરવા. પ્રશ્નો કરવા જ જોઈએ. પ્રશ્નોને આવકારવામાં શા માટે આવે છે ? કે એ જિજ્ઞાસા છે એ ઊંડાણમાં, અનુભવના ઊંડાણમાં પડેલા વિષયને બહાર ખેંચી લાવે છે. એવું કામ જિજ્ઞાસુ જીવ કરે છે. એ જિજ્ઞાસુ જીવોનો ઉપકાર છે. એટલે જે બહાર લાવે છે એને એનો રસ વૃદ્ધિગત થઈને બહાર આવે છે. એટલે એ જિજ્ઞાસુનો ઉત્તર દેનાર પણ ઉપકાર માને છે અને બીજા સાંભળનાર, વાંચનાર પણ ઉપકાર માને છે. એવો પ્રકાર છે.

આપણી એક શિબિરમાં એવો બધાને વિચાર આવ્યો હતો કે, કોઈએ પ્રશ્નો કરવા જ નહિ. (મેં કહ્યું), બિલકુલ નહિ. એવું ન હોય કોઈ દિવસ. (તો કહે), લોકો બહુ

પ્રશ્ન કરે છે. ગમે તેટલા કરે નહિ. સો નહિ, સવાસો કરો. સો પ્રશ્નો ઊઠતા હોય તો સવાસો કરો. જેટલા પ્રશ્ન આવે એટલો વિષય બહાર, જેટલા પ્રશ્ન વધારે આવે એટલો વિષય બહાર આવે. આ ચીજ એવી છે.

એટલા માટે (અહીંયાં) એમ કહે છે કે તમે એક એવા છો કે જે અમારા પેટમાંથી–અનુભવમાંથી વાત બહાર કઢાવો એવા છો. તમે જરૂર પૂછજો. જ્યારે મળવાનું થાય ત્યારે જરૂર પૂછો એમ અમે ઇચ્છીએ છીએ. અમે માગીએ છીએ એટલે અમે ઇચ્છીએ છીએ. એમ સ્પષ્ટ કહી દીધું. અમને અમારા પરબ્રહ્મના આનંદની ઘણી વાતો અંદરમાં ભરી છે એ તમે જિજ્ઞાસાથી પૂછજો, અમે જરૂર બહાર કાઢીશું. અને એમને એ જાતનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ હતો. 'સોભાગભાઈ' પાસે એમણે ઘણું પેટ ખોલ્યું છે. પોતાના ઘણા અનુભવની વાતો, એમણે અધ્યાત્મદશાની વાતો બહાર મૂકી છે. એ પોસ્ટકાર્ડ લખ્યું છે પણ એમાં આવી બધી વાતો છે. ત્યાર પછી ૨૪૬મો પત્ર છે.

**પત્રાંક - ૨૪૬**

**મુંબઈ, વૈશાખ વદ ૩, ૧૯૪૭**

**વિરહ પણ સુખદાયક માનવો.**

**અતિશય વિરહાગ્નિ હરિપ્રત્યેની જલવાથી સાક્ષાત્ તેની પ્રાપ્તિ હોય છે. તેમ જ સંતના વિરહાનુભવનું ફળ પણ તે જ છે. ઈશ્વરેચ્છાથી આપણા સંબંધમાં તેમ જ માનશો.**

**પૂર્ણકામ એવું હરિનું સ્વરૂપ છે. તેને વિષે જેની નિરંતર લય લાગી રહી છે એવા પુરુષથી ભારતક્ષેત્ર પ્રાયે શૂન્યવત્ થયું છે. માયા મોહ સર્વત્ર ભળાય છે. ક્વચિત્ મુમુક્ષુ જોઈએ છીએ; તથાપિ મતાંતરાદિકનાં કારણોથી તેમને પણ જોગ થવો દુર્લભ થાય છે.**

**અમને વારંવાર આપ જે પ્રેરો છો, તે માટે અમારી જેવી જોઈએ તેવી જોગ્યતા નથી; અને હરિએ સાક્ષાત્ દર્શનથી જ્યાં સુધી તે વાત પ્રેરી નથી ત્યાં સુધી ઇચ્છા થતી નથી, થવાની નથી.**

ત્યારપછી ૨૪૬ મો પત્ર છે. 'સોભાગભાઈ' એ લખ્યું હશે કે અમને પણ વિરહની

વેદના ઘણી થાય છે અને એ વેદના અમને ગમતી નથી. વિરહ અમને ગમતો નથી. તો કહે છે, **'વિરહ પણ સુખદાયક માનવો.'** ગળે ઊતરે એવી તો વાત નથી પણ લખે છે એ સાચું લખે છે. કેમ ? કે વિરહના કાળમાં જે વિરહની વેદના છે એ પણ નિર્મળતાને લાવે છે, એ પણ નિર્મળતાને જ લાવે છે. એટલે એ વિરહ પણ સુખદાયક માનવો એમ કહે છે. દરેકને કાંઈ એવો વિરહ નથી લાગતો. અમુક યોગ્યતા હોય એને લાગે છે. બધાને કાંઈ લાગતો નથી. ખાઈ-પીને બધા લહેર કરતા હોય છે. વિરહ લાગવો એ પણ એક યોગ્યતાનો વિષય છે અને એ યોગ્યતા વિરહ વધે તો યોગ્યતા પણ વધે જ છે.

**'અતિશય વિરહાગ્નિ હરિપ્રત્યેની જલવાથી સાક્ષાત્ તેની પ્રાપ્તિ હોય છે.'** શું કહે છે ? જેમ અગ્નિ બાળે છે એમ વિરહને અગ્નિની ઉપમા આપી છે. જે આત્માને જલન પેદા કરે છે, બળતરા પેદા કરે છે. પોતાના સ્વરૂપનું હરિ એટલે પોતાનું સ્વરૂપ– આત્મસ્વરૂપ. એનો અતિશય વિરહ અગ્નિની જેમ બાળે ત્યારે સાક્ષાત્ તેની પ્રાપ્તિ હોય છે. ત્યારે સાક્ષાત પ્રાપ્તિ થાય છે.

'સોગાનીજી' એનું બહુ પ્રગટ દૃષ્ટાંત છે, જીવંત દૃષ્ટાંત છે. એમને એક પ્રશ્ન પૂછેલો. સાંજે જમ્યા પછી એકલ્યા તળાવ ઉપર અમે ફરવા ગયા હતા. તળાવની પાળે ચટાઈ બીછાવીને બેઠા હતા. મેં પ્રશ્ન પૂછ્યો હતો કે આપ અહીંયાં આવ્યા એ પહેલા આપની દશા કેવીક હતી ઇ જરાક કહો. તો કહે, વિકલ્પનું એટલું બધું દુઃખ લાગતું હતું. અસહ્ય ! એટલું બધું દુઃખ લાગતું હતું. એ વિકલ્પ શું હતા ? આત્માને શાંતિ પ્રાપ્ત થતી નથી, આત્માને શાંતિ પ્રાપ્ત થતી નથી. જે જોઈએ છે એ મને મળતું નથી. 'યા તો વિકલ્પ ફટ જાયેગા, યા તો દેહ છૂટ જાયેગા.' જેમ અતિશય વેદનાથી જીવોને પ્રાણત્યાગ થાય છે. એવી એમની વિકલ્પની વેદના એટલી અતિશય થયેલી કે દેહ છૂટી જશે. જીવી નહિ શકાય, હું જીવી જ નહીં શકું, આવી દશામાં હું નહીં જીવી શકું. આ વિકલ્પની આકુળતાની ભઠ્ઠીમાં હું જીવી નહીં શકું. એવી હદે એ પહોંચેલા. એ વાત અહીં ૨૪૬ માં કરી છે.

**'અતિશય વિરહાગ્નિ હરિપ્રત્યેની જલવાથી સાક્ષાત્ તેની પ્રાપ્તિ હોય છે.'** એ આત્માનો સાક્ષાત્કાર લઈ આવે છે, આ દશા આત્માનો સાક્ષાત્કાર લઈ આવે છે. એ વાત 'અમૃતચંદ્રાચાર્યે' ૧૪૪ ગાથામાં નિર્વિકલ્પ સ્વાનુભવ સમ્યગ્દર્શન પ્રગટ્યા

પહેલાના પરિણામોના વર્ણનમાં એ વાત કરી છે, કે મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની બુદ્ધિઓ આકુળતા ઊપજાવનારી છે. ત્યાં વાત કરી છે. ત્યાં તો રાગ નથી, વિકલ્પ પણ નથી લીધો. મતિ-શ્રુતજ્ઞાનની પર્યાયો આકુળતા ઊપજાવનારી લીધી છે. કેમકે એમાં વિચાર ચાલે છે, વિકલ્પ ચાલે છે. અને એ વિચારમાં, વિકલ્પમાં આકુળતા છે. આત્માનો વિકલ્પ ચાલે છો, હોં !

જેને સ્વરૂપ લક્ષમાં છે, બીજું સમકિત થયું છે એના મતિ-શ્રુતજ્ઞાનના લક્ષમાં આત્મા હોવા છતાં હજી વિચાર ચાલે છે. એ આત્મા સંબંધીનો વિચાર આકુળતાને ઉત્પન્ન કરે છે અને એ આકુળતા જ્યારે વેદાય છે ત્યારે જીવ ત્યાંથી ખસીને નિરાકુળ નિર્વિકલ્પ સ્વરૂપમાં લીન થાય છે, જે લક્ષમાં છે એ સ્વરૂપમાં. ત્યાં સુધી લીનતા નથી પ્રગટતી. એ વખતે મંદકષાયની અત્યંત શાંતિ હોય છે. માનસિક શાંતિ અત્યંત હોય છે. અને જેને સ્વરૂપ લક્ષમાં નથી હોતું એવા જીવો તો ભ્રમમાં પડે છે કે અમને આત્માની શાંતિ પ્રગટ થઈ ગઈ. પણ જેને સ્વરૂપ લક્ષમાં છે–ઓળખાણ છે એણે આત્મશાંતિને ઓળખી છે એ મનની શાંતિમાં ભૂલો પડતો નથી. ભૂલો નહિ પડવાનું કારણ એમાં પણ એને આકુળતા વેદાય છે. અને આકુળતા વેદાય છે ત્યારે એ ત્યાંથી ખસીને નિરાકુળ નિર્વિકલ્પ શાંતિમાં આવે છે. નહિતર જીવ ત્યાંથી ખસે નહિ.

આકુળતાનો અનુભવ, એક જ આકુળતાથી ખસીને નિરાકુળતા પ્રત્યે જવાના પ્રયત્નરૂપ હોઈ શકે. આ એક જ એનો Practical ઉપાય છે, Practical માર્ગ છે બીજો કોઈ માર્ગ જ નથી. એક જ માર્ગ છે. એ વાત 'અમૃતચંદ્રાચાર્યે' ૧૪૪ ગાથાની ટીકામાં કરી છે. મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની આકુળતા ઊપજાવનારી બુદ્ધિઓથી વિરામ પામીને નિર્વિકલ્પ દશામાં આવે છે. એ દશાને સમ્યગ્દર્શન અને પક્ષાંતિક્રાંત થાય છે ત્યારે એને સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન એવું નામ અપાય છે. એ પહેલા એને સમ્યગ્દર્શન અને સમ્યક્જ્ઞાન એવું નામ આપી શકાય નહિ. મૂળ ગાથામાં પણ એ વાત છે પણ એમણે Elaborate કરી છે. ટીકાની અંદર એ વિષય ખોલ્યો છે.

શું કહ્યું ? 'સોભાગભાઈ'ને કેવી કેવી વાતો બતાવી છે ! કે **'અતિશય વિરહાગ્નિ હરિપ્રત્યેની જલવાથી સાક્ષાત્ તેની પ્રાપ્તિ હોય છે.'** એટલે અનુભવ ન થતો હોય, અનુભવનો ઇચ્છુક જીવ હોય એને સ્પષ્ટ વિચારમાં સમજાવું જોઈએ કે મને મારા સ્વરૂપનો વિરહ કેટલી હદે વર્તી રહ્યો છે ? જો મને મારા સ્વરૂપનો વિરહ વેદાય

છે તો જ મને મારા સ્વરૂપનો પ્રેમ છે. વિરહ છે એ પ્રેમનો પર્યાય છે. આત્માનો પ્રેમ ક્યારે ? કે આત્માના અનુભવ વિના આત્માના વિરહની અંદર વેદના લાવે ત્યારે, વિરહની વેદના લાવે ત્યારે. અતિશય વિરહાગ્નિ જલવી એટલે વિરહની વેદના અતિશય થવી એમ કહેવું છે. અને એ જ આત્મસાક્ષાત્કારને ઉત્પન્ન કરે. બીજી કોઈ પરિસ્થિતિમાં આત્મસાક્ષાત્કાર થાય એ વસ્તુસ્થિતિ છે જ નહિ. એ બની શકવા યોગ્ય કોઈ છે જ નહિ. કોઈ એમ માને કે આપણને વિરહ-વેદના ભલે કાંઈ નહિ, ધ્યાન લગાવો ને આપણે, ધ્યાન કરો ને. કોઈ રીતે શક્ય નથી કે ધ્યાન લાગે. સ્વરૂપનું ધ્યાન ન લાગે. વિકલ્પો ચાલે અને એ વિકલ્પોમાં આકુળતા અનુભવાવી જોઈએ. દેખાવી જોઈએ એટલે અનુભવાવી જોઈએ એમ વાત છે.

**'સાક્ષાત્ તેની પ્રાપ્તિ હોય છે. તેમ જ સંતના વિરહાનુભવનું ફળ પણ તે જ છે.'** એ જ રીતે શ્રીગુરુના વિરહના અનુભવનું ફળ તે જ છે કે એનો વિરહ જો સાલતો હોય, એના વિરહની વેદના રહેતી હોય તો એની પ્રાપ્તિ હોય. એ કુદરત એની સાથે બંધાયેલી છે. પણ વિરહ વેદાતો હોય તો. નહિતર કાંઈ નહિ. નહિતર પુણ્ય યોગે કોઈને સંયોગ થાય છે પણ એનો કાંઈ લાભ મળતો નથી. અને વિરહની વેદના પછી સંયોગ થાય તો એનો લાભ એ ઉઠાવે છે. મફતમાં મળે તો જીવ કાંઈ લાભ ઉઠાવતો નથી. તો એની કિંમત આવતી નથી. અને વિરહ વેદાણો હોય, વેદનામાં આવેલો હોય એને પછી પ્રાપ્તિ થાય તો એની એને કિંમત આવે.

એક મુમુક્ષુ હતા. અહીંથી પોતાની કારમાં 'ગુરુદેવ'નું પ્રવચન સાંભળવા જાય પણ દસ-પંદર મિનિટ મોડા પહોંચે. એમને કીધું કે, તમે ૩૨ કિલોમીટર ચાલીને જતા હોય તો ? માનો કે કોઈ વાહન જ નથી મળે એવું છે અને વ્યાખ્યાન સાંભળવું છે એ નક્કી વાત છે અને ચાલીને જવું પડે. ૨૪ કલાક અગાઉથી ચાલવાનું શરૂ કરવું પડે કે ૪૮ કલાક અગાઉથી ચાલવાનું શરૂ કરવું પડે. એક ધાર્યું તો ચાલી શકાય નહિ, વચ્ચે ખાવું-પીવું, થોડો આરામ કરવો બધું કરવું પડે. એટલું ચાલ્યા પછી દસ મિનિટ કોઈ મોડા પહોંચે ? એટલું ચાલ્યા પછી કોઈ દસ મિનિટ મોડું પહોંચે ? એક મિનિટ પણ મોડું ન પહોંચે. આપણે મોડા પહોંચીએ એ તો વાહનનો ગેરફાયદો કે ફાયદો ? વાહન તો સગવડ માટે છે. આપણે એનો ગેરફાયદો લઈએ છીએ, ફાયદો નથી લેતા. ચાલીને પહોંચીએ તો કેટલી કિંમત થાય ! ભાઈ ! ૩૨

કિલોમીટર, ૧૮ માઈલ ચાલીને અહીંયાં પહોંચ્યા છીએ. એક શબ્દ પણ ન જવા દઈએ. એમ થાય કે નહિ ? એમ વિરહની વેદના પછી એની કિંમત થાય છે અને મફતમાં મળે તો એની કિંમત થતી નથી.

**'ઈશ્વરેચ્છાથી આપણા સંબંધમાં તેમ જ માનશો.'** એટલે 'સોભાગભાઈ'ને લખે છે કે તમને જે વિરહની વેદના છે એ સુખદાયક માનજો. જો તમને વિરહ પછી સંયોગ થશે તો તમારું જે અમારા પ્રત્યેનું પરિણમન છે એનો આખો લાગણીનો પ્રવાહ જ એકદમ વધી જશે. એકનો એક ખોવાયેલો છોકરો પચ્ચીસ વર્ષે મળે ત્યારે એના મા-બાપની શું દશા હોય ? કહો જોઈ. કેમકે વિરહમાં ઝુર્યા હોય. અરે..રે...! શું થયું હશે ? અરે..રે..! ક્યાં હશે ? ખાતો-પીતો હશે કે નહિ હોય ? માંદો-સાજો હશે ? શું હશે ? એનું કોણ કરતું હશે ? જીવતો હશે કે નહિ જીવતો હોય ? કાંઈક શંકા-કુશંકા થાય. મળે ત્યારે શું થાય એની દશા ? એવી સ્થિતિ હોવી જોઈએ, એમ કહે છે.

**'પૂર્ણકામ એવું હરિનું સ્વરૂપ છે.'** પૂર્ણકામ એટલે નિરિચ્છક. આત્મસ્વરૂપ ઇચ્છાના અભાવસ્વભાવે છે. કેમકે પરિપૂર્ણ જ્ઞાન, પરિપૂર્ણ શાંતિ, પરિપૂર્ણ સુખ, પરિપૂર્ણ આનંદથી ભરેલું છે. પૂર્ણકામ છે. હવે ત્યાં કોઈ કામના બાકી રહેતી નથી. **'તેને વિષે જેની નિરંતર લય લાગી રહી છે એવા પુરુષથી ભારતક્ષેત્ર પ્રાયે શૂન્યવત્ થયું છે.'** શું કહે છે ? પૂર્ણકામ એવું જે હરિનું સ્વરૂપ છે એટલે આત્મસ્વરૂપ છે, એ આત્મસ્વરૂપની નિરંતર લય લાગી રહી હોય, આત્મસ્વરૂપની લયમાં રહેતો હોય એને અલખની લય કહે છે. શું કહે છે ? અલખની લય કહે છે. અત્યારે હિન્દુસ્તાનમાં એવો કોઈ પુરુષ નથી એમ કહે છે.

**'માયા-મોહ સર્વત્ર ભળાય છે.'** જ્યાં જુઓ ત્યાં માયા અને મોહના દર્શન થાય છે. કોઈ કોઈના મોહમાં, કોઈ કોઈની માયામાં, કોઈ કોઈના મોહમાં બધે એ જ ભળાય છે. બીજું કાંઈ ભળાતું (નથી). ભળાતું એટલે દેખાતું નથી. ભાળવું એટલે દેખવું. તમારે હિન્દીમાં 'ભળાય' શબ્દ વપરાય છે ? બધે એ જ ભળાય છે. ભળાય છે એટલે દેખાય છે. આપણે નથી કહેતા ભાળતા નથી કાંઈ ? દેખતા નથી ? જોતા નથી ? જોવામાં આવે છે. એકદમ ગામઠી ભાષા કાગળમાં વાપરે છે. **'ક્વચિત્ મુમુક્ષુ જોઈએ છીએ;...'**

મુમુક્ષુ :- અહીંયાં ભળવું એટલે મિલ જાના.

પૂજ્ય ભાઈશ્રી :– નહિ. અહીંયાં ઇ ભળવું નથી. અહીંયાં ભાળવું એટલે જોવું. ભાળવું એટલે જોવું. ભળાય છે એટલે જોવાય છે. આપણે નથી કહેતા ? ભાળતા નથી ? કોઈ માણસ ન દેખતો હોય તો કહે, આ ભાળતો નથી. એમ. એને ભળાતું નથી. ભાળતો નથી એટલે એને ભળાતું નથી. આંધળો છે એટલે ભાળતો નથી. એને ભળાતું નથી એમ નથી કહેતા ? એમ વાત છે.

**'ક્વચિત્ મુમુક્ષુ જોઈએ છીએ; તથાપિ મતાંતરાદિકનાં કારણોથી તેમને પણ જોગ થવો દુર્લભ થાય છે.'** ક્યારેક કોઈ મુમુક્ષુ છે પણ એ સંપ્રદાયમાં પડ્યા છે. એટલે એવા કોઈ ભોળા જીવો હોય છે સંપ્રદાયની રૂઢિએ આત્મકલ્યાણ કરવા ઇચ્છતા હોય છે. કોઈ તપ તપે છે, કોઈ જપ જપે છે, કોઈ દાન દે છે, કોઈ કાંઈ કરે છે, કોઈ જાત્રાઓ કાઢે છે. કાંઈક કરે છે. પણ મતમાં પડ્યા છે. અમારા સંપ્રદાયમાં બધું બરાબર છે. સંપ્રદાયબુદ્ધિથી બહાર નીકળતા નથી. એને જ્ઞાનીપુરુષોનો **'જોગ થવો દુર્લભ થાય છે.'** કેમકે જ્ઞાની એ સંપ્રદાયથી બહાર છે. સંપ્રદાયના વર્તુળમાં એ આવતા નથી. સંપ્રદાયથી બહાર નીકળે એનું કામ છે. સંપ્રદાયમાં રહે એનું કામ નથી. પછી ચાહે દિગંબર હોય કે ચાહે શ્વેતાંબર હોય. એવી વાત છે.

'ગુરુદેવ' સ્થાનકવાસીમાં હતા ત્યારે સમ્યગ્દર્શન થયું હતું. કોઈ દિગંબર પંડિત અત્યારે સ્વીકારવા તૈયાર ન થાય. બની જ શકે નહિ ને. દિગંબર થાય એનો જ વારો આવે એમ કહે. પણ આ તો એક હકીકત છે. આ એક હકીકત છે કે જે હકીકતને અવગણી શકાય એવી હકીકત નથી. એટલે એ સંપ્રદાયમાં એ સમજાય એવો વિષય નથી. સત્યને સમજવા માટે બુદ્ધિની વિશાળતા પણ ઘણી જોઈએ. કેવી ? ઘણી વિશાળતા જોઈએ.

શું કહે છે ? **'ક્વચિત્ મુમુક્ષુ જોઈએ છીએ;...'** મુમુક્ષુ એટલે આત્મકલ્યાણની ઇચ્છાવાળા જીવો. **'તથાપિ મતાંતરાદિકનાં કારણોથી તેમને પણ જોગ થવો...'** એટલે પ્રત્યક્ષ યોગ મળવો **'દુર્લભ થાય છે. અમને વારંવાર આપ જે પ્રેરો છો, તે માટે અમારી જેવી જોઈએ તેવી જોગ્યતા નથી; અને હરિએ સાક્ષાત્ દર્શનથી જ્યાં સુધી તે વાત પ્રેરી નથી ત્યાં સુધી ઇચ્છા થતી નથી, થવાની નથી.'** શું વાત છે એમાં ? કે 'સોભાગભાઈ' વારંવાર પ્રેરણા કરે છે કે આપ મોક્ષમાર્ગને પ્રકાશો. આપ મોક્ષમાર્ગનો ઉપદેશ આપો. આપનું સામર્થ્ય, શક્તિ, યોગ્યતા ઘણા જીવોનું કલ્યાણ

થાય એવી છે. પોતે એ બાબતમાં પોતાનો અભિપ્રાય લખે છે કે, અમને એ માટે અમારી જેવી યોગ્યતા જોઈએ એવી દેખાતી નથી, ઠીક !

પ્રશ્ન :– યોગ્યતા દેખાતી નથી એટલે પુણ્ય લેવું ?

સમાધાન :– નહિ એમાં એવું છે, એમનો પોતાનો અભિપ્રાય એવો રહ્યો છે કે જ્યાં સુધી સર્વસંગપરિત્યાગ થઈને મુનિદશામાં ન આવીએ ત્યાં સુધી ઉપદેશકનું સ્થાન ગ્રહણ ન કરવું. કોઈ જિજ્ઞાસુ માર્ગ પૂછે એને માર્ગ બતાવવો એ બીજી વાત છે. ઉપદેશકનું સ્થાન ગ્રહણ ન કરવું. આ એમનો સ્પષ્ટ અભિપ્રાય હતો અને એ એમણે ૭૦૮ પત્રમાં સ્પષ્ટ કરેલો છે. એટલે કે અમારી યોગ્યતા નથી. કેમકે જે મહાન આચાર્યો થયા એમણે સર્વસંગપરિત્યાગ કરીને માર્ગ પ્રકાશ્યો, તો એ પરંપરાને મારે શા માટે તોડવી જોઈએ ? મારે એટલી યોગ્યતામાં આવીને માર્ગ પ્રકાશવો, એ પહેલા નહિ. તેઓ એ બહુ મક્કમ રીતે માનતા હતા. એ પત્રની અંદર એ વિષે એમણે બહુ ચર્ચા કરી છે.

મુમુક્ષુ :– આમાં તે સમયનો દેશકાળ અને આજનો દેશકાળ, એમાં ફેર હોય.

પૂજ્ય ભાઈશ્રી :– ઇ પણ ફેર હતો. એટલે કોઈ જિજ્ઞાસુ જોવે ને એને ન કહે એવું ન બને. અરે...! એ તો આમણે પત્રો લખ્યા તો આવડું મોટું Volume થયું. ૯૫૦ પત્રો થયા. એ પ્રવૃત્તિ શું સૂચવે છે ? કે જે જિજ્ઞાસુ હતા એને એ સ્પષ્ટ કહેતા હતા, માર્ગદર્શન આપતા હતા અને ઘણું... ઘણું.... ઘણું... ઘણા પડખેથી માર્ગદર્શન આપ્યું છે. અને 'સોભાગભાઈ' જેવાને તો મોક્ષમાર્ગ સુધી લઈ ગયા છે. એટલે એ વિષય નથી. સમાજના Platform ઉપર ઉપદેશક તરીકે આવવાની વાત છે અને એ માટે પોતે ના પાડતા હતા. અને એના કારણોમાં પોતાને પણ એવી ઇચ્છા હતી કે સર્વસંગપરિત્યાગ કરીને આ પ્રવૃત્તિ કરવી. બીજું, વેપાર, નાની ઉંમર, હજી લગ્ન કર્યા ને ૩-૪ વર્ષ થયા છે, ૨૪મું વર્ષ છે એટલે ચાર વર્ષ થયા છે. બાહ્ય પરિસ્થિતિ કોઈ રીતે કોઈ સ્વીકારે એવી હોય નહિ. Platform ઉપર આવે તો કોઈ સ્વીકારે નહિ. વળી સાધુ, સંપ્રદાય, ત્યાગીઓ વિરોધમાં આવી જાય. એ પ્રકારના પુણ્ય પણ નહોતા.

ત્યાગીની ભૂમિકામાં ઊપદેશ દેવો, એ હજી કાંઈક લોકોને ગળે ઊતરે. ગૃહસ્થની ભૂમિકામાં ઉપદેશ દેવો એ ગળે સાંબેલું ઉતારવા જેવી વાત છે. રોજ ઊઠીને દુકાને જઈને બેસે છે અને એમ કહે છે કે, આ બધી માયા છે અને મોહ કરવો નહિ. (વાત)

બેસે નહિ, બેસે નહિ. એમાં શું ? ઇ બોલે છે કાંઈક અને ચાલે છે કાંઈક. અમને તો માયાવી લાગે છે. આવડો મોટો ધંધો કરવાની જરૂર શું ? અને થોડુંક કમાઈ ગયા હોય તો પછી શા માટે છોડી દેતા નથી ? કંઈક જાતના પ્રશ્નો આવે, અનેક પ્રશ્નો ઊભા થાય.

આ તો વેપારી હતા પણ 'રામચંદ્રજી' જેવા તો મોટા રાજા-મહારાજા (હતા), તીર્થંકરો બધા રાજા-મહારાજા હતા. અને તીર્થંકરો પણ જુઓ ઉપદેશ નથી આપતા. એ તો છદ્મસ્થ રહે ત્યાં સુધી ઉપદેશ નથી આપતા, મુનિદશામાં પણ નથી આપતા. એમનો ઉપદેશકનો યોગ તેરમા ગુણસ્થાને પ્રકાશ પામે છે. કેમકે લોકો તો એમ કહે કે, તો પછી તમે છોડી શું કરવા નથી દેતા ? જ્યારે આ વસ્તુ તમારે કામની નથી અને એના નિમિત્તે જગતના પ્રાણીઓ બધાય મોહમાં, પાંચ ઇન્દ્રિયના વિષયો(માં) ફસાણા છે અને તમે પાંચ ઇન્દ્રિયના વિષયમાં ઊભા છો એનું શું ?

તમે તમારી કરણી એવી જ તમારી વિચારસરણી હોવી જોઈએ એમ કહે. તમે વિચારો કાંઈક અને તમે કરો કાંઈક એ સામાન્ય જનસમાજને ગળે ન ઊતરે એ ન જ ઊતરે. વિષય એવો છે. અને દુનિયાનો પ્રવાહ એવી રીતે જ અનાદિ અનંતકાળ ચાલે છે અને ચાલવાનો. હજી આવશે. અમારે તો ગુપ્ત થઈને રહેવું છે, બધાની વચ્ચે અજ્ઞાની થઈને રહેવું છે. બધું લખશે. કેમકે અત્યાગ દશામાં ઉપદેશ આપે એટલે પેલા ત્યાગીઓ છેને એ તૂટી જ પડે. કે આ તો બધું ખોટું છે. જવાય જ નહિ એની પાસે, આ અમે જુઓ છોડીને બેઠા છીએ. અમારે પણ ઘર-સંસાર હતો, દુકાન હતી, બૈરાં-છોકરા હતા. બધું છોડીને બેઠા છીએ. ઉઘાડા પગે ચાલીએ છીએ, ઊના પાણી પીએ છીએ અને ગોચરી કરીને ખાઈએ છીએ. લોકોને તો બીજું સમજાય એવું છે નહિ. તત્ત્વનો વિષય જ જુદો છે. 'વિરલા જાણે તત્ત્વને, વિરલા બુઝે કોઈ.' એવી વાત છે આ તો.

**'અમને વારંવાર આપ જે પ્રેરો છો, તે માટે અમારી જેવી જોઈએ તેવી જોગ્યતા નથી; અને હરિએ સાક્ષાત્ દર્શનથી જ્યાં સુધી તે વાત પ્રેરી નથી...'** એટલે અંદરથી આત્મા પ્રગટ થઈને એ વાત જોરથી બહાર ન કરે ત્યાં સુધી અમને કાંઈ ઉપદેશનો રાગ થાય એમ નથી, ઇચ્છા થાય એમ નથી અને થવાની પણ નથી. આ અમારી પરિસ્થિતિ છે. અમારા આત્માની આ પરિસ્થિતિ છે. એમ કરીને એ ખુલાસો એમણે કરી દીધો છે. અહીં સુધી રાખીએ.

## પત્રાંક - ૨૪૭

મુંબઈ, વૈશાખ વદિ ૮, રવિ, ૧૯૪૭

હરિને પ્રતાપે હરિનું સ્વરૂપ મળશું ત્યારે સમજાવશું (!)

ઉપાધિના જોગે અને ચિત્તના કારણથી કેટલોક સમય સવિગત પત્ર વગર વ્યતીત કર્યો છે; તેમાં પણ ચિત્તની દશા મુખ્ય કારણરૂપ છે. હાલમાં આપ કેવા પ્રકારથી કાળ વ્યતીત કરો છો, તે જણાવશો, અને શું ઇચ્છા રહે છે, તે પણ જણાવશો. વ્યવહારનાં કાર્ય વિષે શું પ્રવૃત્તિ છે, અને તે વિષે શું ઇચ્છા રહે છે; તે પણ જણાવશો. એટલે કે તે પ્રવૃત્તિ સુખરૂપ લાગે છે કે કેમ ? તે જણાવશો.

ચિત્તની દશા ચૈતન્યમય રહ્યા કરે છે; જેથી વ્યવહારનાં બધાં કાર્ય ઘણું કરીને અવ્યવસ્થાથી કરીએ છીએ. હરિઇચ્છા સુખદાયક માનીએ છીએ. એટલે જે ઉપાધિજોગ વર્તે છે, તેને પણ સમાધિજોગ માનીએ છીએ. ચિત્તની અવ્યવસ્થાને લીધે મુહૂર્તમાત્રમાં કરી શકાય એવું કાર્ય વિચારતાં પણ પખવાડિયું વ્યતીત કરી નખાય છે, અને વખતે તે કર્યા વિના જ જવા દેવાનું થાય છે. બધા પ્રસંગોમાં તેમ થાય તોપણ હાનિ માની નથી, તથાપિ આપને કંઈ કંઈ જ્ઞાનવાર્તા દર્શાવાય તો વિશેષ આનંદ રહે છે; અને તે પ્રસંગમાં ચિત્તને કંઈક વ્યવસ્થિત કરવાની ઇચ્છા રાખ્યા કરાય છે, છતાં તે સ્થિતિમાં પણ હમણાં પ્રવેશ નથી કરી શકાતો. એવી ચિત્તની દશા નિરંકુશ થઈ રહી છે; અને તે નિરંકુશતા પ્રાપ્ત થવામાં હરિનો પરમ અનુગ્રહ કારણ છે એમ માનીએ છીએ. એ જ નિરંકુશતાને પૂર્ણતા આપ્યા સિવાય ચિત્ત યથોચિત સમાધિયુક્ત નહીં થાય એમ લાગે છે; અત્યારે તો બધુંય ગમે છે, અને બધુંય ગમતું નથી, એવી સ્થિતિ છે. જ્યારે બધુંય ગમશે ત્યારે નિરંકુશતાની પૂર્ણતા થશે. એ પૂર્ણકામતા પણ કહેવાય

છે, જ્યાં હરિ જ સર્વત્ર સ્પષ્ટ ભાસે છે. અત્યારે કંઈક અસ્પષ્ટ ભાસે છે, પણ સ્પષ્ટ છે એવો અનુભવ છે.

જે રસ જગતનું જીવન છે, તે રસનો અનુભવ થવા પછી હરિ પ્રત્યે અતિશય લય થઈ છે. અને તેનું પરિણામ એમ આવશે કે જ્યાં જેવે રૂપે ઇચ્છીએ તેવે રૂપે હરિ.......... આવશે, એવો ભવિષ્યકાળ ઈશ્વરેચ્છાને લીધે લખ્યો છે.

અમે અમારો અંતરંગ વિચાર લખી શકવાને અતિશય અશક્ત થઈ ગયા છીએ; જેથી સમાગમને ઇચ્છીએ છીએ, પણ ઈશ્વરેચ્છા હજુ તેમ કરવામાં અસમ્મત લાગે છે; જેથી વિયોગે જ વર્તીએ છીએ.

તે પૂર્ણસ્વરૂપ હરિમાં પરમ જેની ભક્તિ છે, એવો કોઈ પણ પુરુષ હાલ નથી દેખાતો તેનું શું કારણ હશે ? તેમ તેવી અતિ તીવ્ર અથવા તીવ્ર મુમુક્ષુતા કોઈની જોવામાં આવી નથી તેનું શું કારણ હશે ? ક્વચિત્ તીવ્ર મુમુક્ષુતા જોવામાં આવી હશે તો ત્યાં અનંતગુણગંભીર જ્ઞાનાવતાર પુરુષનો લક્ષ કેમ જોવામાં આવ્યો નહીં હોય ? એ માટે આપ જે લાગે તે લખશો. બીજું મોટું આશ્ચર્યકારક તો એ છે કે આપ જેવાને સમ્યક્જ્ઞાનના બીજની, પરાભક્તિના મૂળની પ્રાપ્તિ છતાં ત્યાર પછીનો ભેદ કેમ પ્રાપ્ત નથી હોતો ? તેમ હરિ પ્રત્યે અખંડ લયરૂપ વૈરાગ્ય જેટલો જોઈએ તેટલો કેમ વર્ધમાન નથી થતો ? એનું જો કંઈ કારણ સમજાતું હોય તો લખશો.

અમારી ચિત્તની અવ્યવસ્થા એવી થઈ જવાને લીધે કોઈ કામમાં જેવો જોઈએ તેવો ઉપયોગ રહેતો નથી, સ્મૃતિ રહેતી નથી, અથવા ખબર પણ રહેતી નથી, તે માટે શું કરવું ? શું કરવું એટલે કે વ્યવહારમાં બેઠાં છતાં એવી સર્વોત્તમ દશા બીજા કોઈને દુઃખરૂપ ન થવી જોઈએ, અને અમારા આચાર એવા છે કે વખતે તેમ થઈ જાય. બીજા કોઈને

**પણ આનંદરૂપ લાગવા વિષે હરિને ચિંતા રહે છે; માટે તે રાખશે. અમારું કામ તો તે દશાની પૂર્ણતા કરવાનું છે, એમ માનીએ છીએ; તેમ બીજા કોઈને સંતાપરૂપ થવાનો તો સ્વપ્ને પણ વિચાર નથી. બધાના દાસ છીએ, ત્યાં પછી દુઃખરૂપ કોણ માનશે ? તથાપિ વ્યવહાર-પ્રસંગમાં હરિની માયા અમને નહીં તો સામાને પણ એકને બદલે બીજું આરોપાવી દે તો નિરુપાયતા છે, અને એટલો પણ શોક રહેશે. અમે સર્વ સત્તા હરિને અર્પણ કરીએ છીએ, કરી છે. વધારે શું લખવું ? પરમાનંદરૂપ હરિને ક્ષણ પણ ન વીસરવા એ અમારી સર્વ કૃતિ, વૃત્તિ અને લેખનો હેતુ છે.**

## તા. ૨૩-૯-૧૯૯૮, પ્રવચન નં. ૭૨૦
## પત્રાંક – ૨૪૭

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત પત્રાંક ૨૪૭. પત્રનું મથાળું છે – **'હરિને પ્રતાપે હરિનું સ્વરૂપ મળશું ત્યારે સમજાવશું (!).'** હરિનું સ્વરૂપ એટલે આત્માનું સ્વરૂપ. હરિને પ્રતાપે એટલે કુદરતી ભાવ આવશે. આપને જોઈને કુદરતી ભાવ આવશે ત્યારે આત્મસ્વરૂપ સમજાવશું. આશ્ચર્યચિહ્ન મૂક્યું છે. આમ તો કોણ કોને સમજાવે ? યોગ્યતાવાળા સમજે છે કે કોણ કોને સમજાવે ? એટલે હું સમજાવીશ એ વાત નથી. હરિને પ્રતાપે થવાનું હોય એટલે થવાનું હશે તો થશે. ભાવ આવ્યો એ બતાવી દીધો. આ પત્રમાં એમણે પોતાના પરિણામનું વર્ણન ઘણું કર્યું છે. એવો આ પત્ર છે.

**'ઉપાધિના જોગે અને ચિત્તના કારણથી કેટલોક સમય સવિગત પત્ર વગર વ્યતીત કર્યો છે; તેમાં પણ ચિત્તની દશા મુખ્ય કારણરૂપ છે.'** શું કહે છે ? એક બાજુ વ્યાપારની

પ્રવૃત્તિ છે. બીજી બાજુ ચિત્ત બાહ્ય પરિણામોમાં લાગતું નથી, આત્મકાર્યમાં લાગી રહ્યું છે. એટલે વ્યાપારની પ્રવૃત્તિ પરાણે પરાણે કરવી પડે છે. એ સિવાય એથી વધારે કોઈ બાહ્ય પ્રવૃત્તિ કરવાની અમારા ચિત્તમાં શક્તિ પણ નથી, અવકાશ પણ નથી એટલે તમને વિગતવાર પત્ર લખ્યા વગર સમય વ્યતીત કર્યો છે પણ એ બંને કારણોમાં ચિત્તની દશા મુખ્ય કારણરૂપ છે. એ પરિણામ ચાલતા જ નથી, પત્ર વિગતવાર લખવાના પરિણામ ચાલતા નથી.

**'હાલમાં આપ કેવા પ્રકારથી કાળ વ્યતીત કરો છો, તે જણાવશો.'** તમારો સમય કેવી રીતે પસાર થાય છે ? તે જણાવશો **'અને શું ઇચ્છા રહે છે; તે પણ જણાવશો.'** ઇચ્છા શું થાય છે ? એ પણ જણાવશો.

મુમુક્ષુ :– ઇચ્છા એટલે

પૂજ્ય ભાઈશ્રી :– ખાસ કરીને ઇચ્છા એટલે અપેક્ષા. અપેક્ષાવૃત્તિ કેવા પ્રકારની રહે છે એ પણ જણાવશો.

**'વ્યવહારનાં કાર્ય વિષે શું પ્રવૃત્તિ છે, અને તે વિષે શું ઇચ્છા રહે છે; તે પણ જણાવશો.'** એટલે વ્યાપારની પ્રવૃત્તિ કેવીક રહે છે અને એમાં તમારી અપેક્ષાવૃત્તિ કેવી રહે છે એ પણ જણાવશો. **'એટલે કે તે પ્રવૃત્તિ સુખરૂપ લાગે છે કે કેમ ? તે જણાવશો.'** કે આકુળતાવાળી લાગે છે ? એવો પ્રશ્ન પૂછ્યો છે. જો તમને રસ હશે, સુખબુદ્ધિ તીવ્ર હશે તો સુખરૂપ લાગશે અને નહિતર આકુળતા દેખાશે. આટલા પ્રશ્નો એમણે પોતાનું પરિણમન લખતા પહેલા 'સોભાગભાઈ'નું પરિણમન જાણવા માટે પણ પ્રશ્નો પૂછ્યા છે. એ એમ સૂચવે છે કે બન્ને વચ્ચે પોતાના પરિણામોને વ્યક્ત કરવા, અરસપરસમાં કહેવું એવી આત્મીયતાભરી પરિસ્થિતિ બન્ને વચ્ચેની સારી એવી હતી.

પ્રશ્ન :– ભાઈશ્રી ! આ પત્ર લખાય છે તે સમયે 'સોભાગભાઈ'ની ભૂમિકા ઉત્કૃષ્ટ પ્રમાણની હતી કે નિષ્કામ ભક્તિની હતી ?

સમાધાન :– હા, નિષ્કામ ભક્તિ હતી અને 'સોભાગભાઈ'ને એમના પ્રત્યે ઘણો પ્રેમ હતો. 'સોભાગભાઈ'ને નિર્મળતા પણ એમને લઈને સારી એવી આવી હતી. અને કૃપાળુદેવને પોતાને પણ પરિણમનમાં એ અનુકૂળ નિમિત્ત હતા. બહુ સારી

યોગ્યતા હતી.

હવે પોતાની વાત કરે છે કે, ચિત્ત છે ને ! એની દશા કેવી છે ? કે જે કારણે પોતે પત્ર નથી લખી શક્યા. 'સોભાગભાઈ'તો એમનું બહુ સમીપનું અને બહુ પ્રિય પાત્ર હતું. છતાં પણ એમને પત્ર નથી - નહોતા લખી શકતા હતા એવી જે ચિત્તની દશા હતી. તો એવી એટલે કેવી હતી ? એ હવે લખે છે.

**'ચિત્તની દશા ચૈતન્યમય રહ્યા કરે છે;...'** અમારા ચિત્તની દશા આત્મામય રહ્યા કરે છે. બીજી પ્રવૃત્તિમાં ચિત્ત લાગી શકે એવી દશા નથી રહી. **'જેથી વ્યવહારના બધાં કાર્ય ઘણું કરીને અવ્યવસ્થાથી કરીએ છીએ.'** Planning કરીને કોઈ કામ કરતા નથી. એટલું ચિત્ત કામ કરતું નથી, એટલો રસ આવતો નથી. જ્યારે જે કામ સામે આવે છે પતાવી લઈએ છીએ પણ એની કોઈ વ્યવસ્થા આગળપાછળ વિચારી શકાતી નથી. **'હરિઇચ્છા સુખદાયક માનીએ છીએ.'** અને બહારમાં જે પરિસ્થિતિ ઊભી થાય જે થાય તે હરિઈચ્છા છે. અમને સુખદાયક છે. એનું કોઈ અમને દુઃખ નથી. માનો કે કોઈ આવી અવ્યવસ્થાને કારણે કોઈ નુકસાન થાય, કોઈ પ્રતિકૂળતા ઊભી થાય. જે થાય તે. અમારી માન્યતા એવી છે કે જે થાય તે ભલે થાય. અમારું જે ચિત્ત કામ કરે છે એ કરવા દેવું.

સંયોગોની પ્રતિકૂળતાના ભયથી ફેરફાર નહિ કરવો. ભલે ચિત્ત ચૈતન્યમય રહ્યા કરતું હોય, ભલે બહારમાં અવ્યવસ્થા ઊભી થતી હોય. ભલે થાતી. જે થાય તે સારા માટે. જે થાય તે સારા માટે. એટલે હરિઈચ્છા સુખદાયક જાવ ! એનો અર્થ કે જે થાય તે સારા માટે. એની ચિંતા કરવી નથી, એની કોઈ ચિંતા કરવી નથી.

પ્રશ્ન :- જે કામ થાય એ બધા રસથી થાય છે ?

સમાધાન :- હા. એ રસને લઈને થાય. સાવધાની છે એટલે. પોતાને સાવધાની નથી એમ કહેવું છે.

**'એટલે જે ઉપાધિજોગ વર્તે છે, તેને પણ સમાધિજોગ માનીએ છીએ.'** ઉપાધિજોગ એટલે જે વ્યાપારનો ઉદય છે એને પ્રયોગનું સાધન બનાવીએ છીએ અને એ જ મારફત પણ અમે અમારું કામ જ કરીએ છીએ. એટલે અમારો ઉપાધિયોગ એ સમાધિયોગ છે. જેમ કોઈ ધ્યાનમાં બેસે ત્યારે સમાધિયોગ કહેવાય. સમાધિયોગ

કોને કહેવાય ? ધ્યાનમાં બેસે એને સમાધિયોગ કહેવાય. અમારો આ ઉપાધિયોગ છે એ અમારો સમાધિયોગ છે. એમ કહે છે, ઠીક !

પ્રશ્ન :– ભાઈશ્રી ! કેવી રીતે પ્રયોગનું સાધન બનાવે છે ?

સમાધાન :– પ્રયોગનું સાધન એવી રીતે બનાવતા હોય કે, અનુકૂળતા આવી તો મારે શું લેવાદેવા ? પ્રતિકૂળતા થઈ તો મારે શું લેવાદેવા ? બધો પૂર્વકર્મનો ખેલ છે. હું જ્ઞાનમાત્ર છું, જ્ઞાતાભાવે છું. (બધું) જ્ઞેયમાત્ર છે. જેવું છે એવું જ્ઞેય જણાય છે. મારે શું છે પણ ?

સ્વરૂપસ્થ થવાના પુરુષાર્થના પોતે વિશિષ્ટ પરિણામ કરે છે. ઉદયના નિમિત્તે. ઉદયને એ વિશિષ્ટ પરિણામમાં નિમિત્ત બનાવે છે. એટલે એ સમાધિયોગ થઈ ગયો, એમ. જેમ સમાધિમાં નિર્જરા વધારે કરે (એમ) પોતે પણ નિર્જરા વધારે કરે છે, એમ કહેવું છે. આ તો હજી જ્ઞાનદશા દિવાળીએ થઈ છે અને વૈશાખ મહિનો ચાલે છે એની વાત કરે છે.

**'ચિત્તની અવ્યવસ્થાને લીધે...'** બહારના કાર્યોમાં ચિત્ત વ્યવસ્થિત કામ નહિ કરતું હોવાને લીધે. **'મુહૂર્તમાત્રમાં કરી શકાય એવું કાર્ય વિચારતાં પણ પખવાડિયું વ્યતીત કરી નખાય છે.'** એક કલાકમાં જે કામ કરી શકીએ એને પંદર દિવસ લાગે છે. વિચારતા પંદર દિવસ નીકળી જાય છે. પખવાડિયું એટલે પંદર દિવસ. **'અને વખતે...'** અઠવાડિયું એટલે આઠ દિવસ. પખવાડિયું એટલે પંદર દિવસ. **'અને વખતે તે કર્યા વિના જ જવા દેવાનું થાય છે.'** અને કોઈ વખત કોઈ કામ પડતું જ મૂકી દઈએ છીએ. પરિણામ આગળ ચાલતા નથી. **'બધા પ્રસંગોમાં તેમ થાય તોપણ હાનિ માની નથી,...'**

મુમુક્ષુ :– બધા પ્રસંગો...

પૂજ્ય ભાઈશ્રી :– એટલે કોઈ કોઈ કામ એવી રીતે મૂકી દેવાય છે પણ એકવાર બધાય પ્રસંગો એવી રીતે થાયને તો અમને નુકસાન છે એવું નથી માનતા કે એમાંથી નુકસાન થઈ જશે. કેમકે પોતે નોકરીની જેમ કામ કરતા હતા, નોકરી કરતા હોય એવી રીતે. ધણી થઈને નહિ. ભાગીદાર હતા પણ ધણી થઈને નહોતા કરતા. નોકરી કરીને કરતા હોય તેવી રીતે કરતા. બહુ બહુ તો શેઠ નોકરીમાંથી કાઢી મૂકશે, બીજું

શું ? બહુ બહુ તો શું કરે ? શેઠ નોકરીમાંથી કાઢી મૂકશે તો કાંઈ નહિ, આ ચાલ્યા આપણે. વૈરાગ્ય ઘણો હતો. ઘર છોડીને ચાલી નીકળવું હોય તો એમને વાર લાગે એવું નહોતું. ૨૪ વર્ષની યુવાન ઉંમરમાં ઘર મૂકીને જંગલમાં જવું પડેને તો(પણ) એમને કાંઈ નહિ. પરિણમનમાં ફરક પડે એવું નહોતું.

મુમુક્ષુ :- આપે એકવાર કીધું હતું, પ્રારબ્ધ મારો શેઠ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પ્રારબ્ધ નોકરી કરાવે છે. આ મજૂરી કરાવે છે. શેઠ છે એ મજૂરી કરાવે છે. આપણે નોકરી કરીએ છીએ. અને વખાના માર્યા નોકરી કરવી પડે. બસ ! વાત પૂરી. એથી આગળ કાંઈ નહિ.

**'તથાપિ આપને કંઈ કંઈ જ્ઞાનવાર્તા દર્શાવાય તો વિશેષ આનંદ રહે છે.'** ક્યારેક ક્યારેક આપને કોઈ જ્ઞાનવાર્તા, આત્માની વાર્તા લખીએ છીએ તો આનંદ રહે છે. કેમકે અમારો એ રુચિનો વિષય છે **'અને તે પ્રસંગમાં ચિત્તને કંઈક વ્યવસ્થિત કરવાની ઇચ્છા રાખ્યા કરાય છે,...'** તે પ્રસંગમાં એટલે આત્મવાર્તાના પ્રસંગમાં કોઈ વ્યવસ્થિત ચિત્તથી વાત થાય એવી પણ ઇચ્છા રખાય છે. એવી ઇચ્છા રાખ્યા કરાય છે કે બહુ વ્યવસ્થિત રીતે તમને કાંઈ આત્મવાર્તા કરીએ.

**'છતાં તે સ્થિતિમાં પણ હમણાં પ્રવેશ નથી કરી શકાતો.'** એવી ચિત્તની ચૈતન્યમયદશા છે કે તમને આત્મવાર્તા લખવામાં પણ પ્રવેશ નથી થતો. **'એવી ચિત્તની દશા નિરંકુશ થઈ રહી છે;...'** ઇચ્છાના અંકુશમાં નથી. એવો અંદરનો પ્રવાહ ચાલે છે કે બહારના કાર્યમાં ઇચ્છા કામ નથી કરતી. **'એવી ચિત્તની દશા નિરંકુશ થઈ રહી છે; અને તે નિરંકુશતા પ્રાપ્ત થવામાં હરિનો પરમ અનુગ્રહ કારણ છે એમ માનીએ છીએ.'** અને એવી નિરંકુશ દશા પ્રાપ્ત થવામાં આત્માની કૃપા થઈ. અમારા આત્માની અમારા પરિણમન ઉપર કૃપા થઈ એમ માનીએ છીએ. **'એજ નિરંકુશતાને પૂર્ણતા આપ્યા સિવાય...'** હવે આમને આમ આગળ વધીને પૂર્ણદશા એમ થયા સિવાય **'ચિત્ત યથોચિત સમાધિયુક્ત નહીં થાય એમ લાગે છે;...'** હવે આગળ ને આગળ જ આ વાત ચાલશે. હવે આમાં બીજું કાંઈ થાય એવું દેખાતું નથી. એવું અંદરમાં પરિણમન ઊપડ્યું છે કે હવે બહારમાં આવવાનું કાંઈ લાગતું નથી કે અમે કાંઈ કરી શકીએ.

**'અત્યારે તો બધુંય ગમે છે અને બધુંય ગમતું નથી, એવી સ્થિતિ છે.'** એટલે

વીતરાગતા. ગમે છે અને ગમતું નથી. એટલે બેમાંથી એકેય નથી. **'એવી સ્થિતિ છે. જ્યારે બધુંય ગમશે ત્યારે નિરંકુશતાની પૂર્ણતા થશે.'** ત્યારે જે નિરંકુશ – પૂર્ણપણે આત્મામાં અંદર જવાનું થશે ત્યારે તો બધું ગમશે કે બધું જ્ઞાતા-દૃષ્ટા થઈ જશે. આમ હો અને આમ ન હો, ઠીક-અઠીકપણું એ પણ ચાલ્યું જશે. **'એ પૂર્ણકામતા પણ કહેવાય છે,...'** પૂર્ણતા થશે એ પૂર્ણકામતા પણ કહેવાય છે. **'જ્યાં હરિ' જ સર્વત્ર સ્પષ્ટ ભાસે છે.'** એટલે આત્મા જ ત્યાં ભાસે છે. આત્મા જ અનુભવાય છે, બીજું કાંઈ નહિ.

**'અત્યારે કંઈક અસ્પષ્ટ ભાસે છે, પણ સ્પષ્ટ છે એવો અનુભવ છે.'** એટલે અનુભવમાં સ્પષ્ટ છે. અનુભવમાં સ્પષ્ટ છે. બાકી થોડું જે બાહ્ય પરિણમન છે એમાં અસ્પષ્ટતા છે. કેમકે એ પરિણતિનો વિષય થઈ જાય છે એ વખતે. અનુભવમાં એ સ્પષ્ટ છે. કેમકે ત્યાં તો નિર્વિકલ્પ અતીન્દ્રિય ઉપયોગ હોય છે. ઇન્દ્રિય ઉપયોગની અંદર અસ્પષ્ટપણું છે. કેમકે આ પરિણતિમાં જાય છે.

**'જે રસ જગતનું જીવન છે, તે રસનો અનુભવ થવા પછી હરિપ્રત્યે અતિશય લય થઈ છે.' 'જે રસ જગતનું જીવન છે...'** જગતના લોકોનું જે જીવન છે એનો જે રસ છે તે રસનો અનુભવ થઈ ગયો, પછી પોતે ત્યાંથી ગુલાંટ મારી છે અને પછી હરિ પ્રત્યે અતિશય લય થઈ છે. એકવાર જગતનો રસ પણ જાણી લીધો, જોઈ લીધો, સમજી લીધો. હવે એનાથી વિરક્તિ થઈ ગઈ છે અને **'હરિ પ્રત્યે અતિશય લય થઈ છે.'** હરિ એટલે આત્મા. 'સોભાગભાઈ'ના શબ્દોમાં લખે છે.

**'અને તેનું પરિણામ એમ આવશે કે જ્યાં જેવે રૂપે ઇચ્છીએ તેવે રૂપે હરિ ... આવશે.'** એટલે શું ? કે ગમે ત્યારે પણ અમે જ્યારે પણ ઇચ્છશું ત્યારે સીધા અતીન્દ્રિય ઉપયોગમાં આવશું. આત્માને પ્રગટ અનુભવશું. જ્યારે ઇચ્છીએ ત્યારે. એમ નહિ કે અત્યારે નિર્વિકલ્પદશા નહિ થાય, એમ નહિ. એનું પરિણામ એ આવશે. અમને જ્યારે ઇચ્છા થશે ત્યારે સીધા શુદ્ધોપયોગમાં આવશું. **'એવો ભવિષ્યકાળ ઈશ્વરઇચ્છાને લીધે લખ્યો છે.'** આવું અમારું જે ભવિષ્ય છે કે આવી દશામાં અમે આવશું. એ વાત તમને લખી. વળી લખવાની ઈશ્વરેચ્છા થઈ એટલે લખી છે. કોઈ હેતુથી નથી લખી. લખાઈ ગઈ એટલે લખી છે. નીકળી ગઈ તમારી પાસે એટલે લખાઈ ગઈ છે. એ પણ હરિઇચ્છા, ઈશ્વરેચ્છા. એટલે સહજ. એટલે સહજ થઈ ગયું છે, સહજ

લખાઈ ગયું છે. એમ.

મુમુક્ષુ :- મુનિ અવસ્થા...

પૂજ્ય ભાઈશ્રી :- મુનિ અવસ્થા માટે નથી પણ મુનિ અવસ્થામાં આવવાનો એમનો પુરુષાર્થ જોર કરે છે, પુરુષાર્થ જોર કરે છે, સારો એવો જોર કરે છે. આવી નથી શક્યા (પણ) પુરુષાર્થનું જોર ઘણું છે.

મુમુક્ષુ :- પંચમ ગુણસ્થાનની પરિસ્થિતિ હોય એવું લાગે.

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ કહી ન શકાય. કેમકે જાહેરમાં કોઈ પડીમા નથી લીધી પણ પાંચમું ગુણસ્થાન તો દર્શન પડીમામાં પણ આવે છે. એને તો અગિયાર પગથિયા છે. પહેલા પગથિયે ખબર જ ન પડે. પછી બાહ્ય ત્યાગ આવે ત્યારે ખબર પડે. એટલે સંભવ છે.

**'અમે અમારો અંતરંગ વિચાર લખી શકવાને અતિશય અશક્ત થઈ ગયા છીએ;...'** એટલે આ તો તમને બહુ થોડું લખ્યું છે, એમ કહે છે. જે કાંઈ અમારે આત્મામાંથી લખવા માટેનું જે કાંઈ લખવું જોઈએ એ લખવામાં ઉપયોગ અમારો નિર્બળ થઈ ગયો, કામ કરતો નથી, અશક્ત થઈ ગયો છે. **'જેથી સમાગમને ઇચ્છીએ છીએ,...'** લખી નથી શકાતું એટલે સમાગમ ઇચ્છીએ છીએ. **'પણ ઈશ્વરઇચ્છા હજુ તેમ કરવામાં અસંમત લાગે છે;...'** પણ આપણો સમાગમ રહે એવી પરિસ્થિતિ કુદરતની દેખાતી નથી. **'જેથી વિયોગે જ વર્તીએ છીએ.'** એટલે તમારા વિયોગમાં રહીએ છીએ.

**'તે પૂર્ણસ્વરૂપ હરિમાં પરમ જેની ભક્તિ છે, એવો કોઈ પણ પુરુષ હાલ નથી દેખાતો તેનું શું કારણ હશે ?'** પ્રશ્ન કર્યો છે. પૂર્ણસ્વરૂપ હરિ એટલે પૂર્ણસ્વરૂપ એવા આત્મામાં જેની પરમભક્તિ છે એવો કોઈ ધર્માત્મા અત્યારે નથી દેખાતો તેનું શું કારણ હશે ? કેમ આમ થઈ ગયું ? આ દુકાળમાં કેમકૌઈ દેખાતું નથી ? એમ કહે છે.

**'તેમ તેવી અતિ તીવ્ર અથવા તીવ્ર મુમુક્ષુતા કોઈની જોવામાં આવી નથી તેનું શું કારણ હશે ?'** જ્ઞાની તો દેખાતા નથી પણ તીવ્ર મુમુક્ષુ દેખાતા નથી. આમ કેમ ? આવો દુકાળ જેવો કાળ છે, એમ. **'ક્વચિત્ તીવ્ર મુમુક્ષુતા જોવામાં આવી હશે તો ત્યાં અનંતગુણગંભીર જ્ઞાનાવતાર પુરુષનો લક્ષ કેમ જોવામાં આવ્યો નહીં હોય ?**

**એ માટે આપ જે લાગે તે લખશો.'** કોઈ કોઈ જીવોને મુક્ત થવાની તીવ્ર ઇચ્છા કદાચ હોય, દેખાય તો પછી એનું લક્ષ જ્ઞાનાવતાર પુરુષ પ્રત્યે કેમ જતું નથી ? કેવા છે જ્ઞાનાવતાર પુરુષ ? અનંતગુણગંભીર. બહાર તો ક્યારેય નથી કહેતા માટે ગંભીર છે. ગંભીર હોય એનું પેટ હાથમાં ન આવે. એટલે એનું પણ લક્ષ કેમ નહીં જતું હોય ? **'એ માટે આપ જે લાગે તે લખશો.'**

**'બીજું મોટું આશ્ચર્યકારક તો એ છે કે...'** હવે 'સોભાગભાઈ' ઉપર લખે છે. તમારા માટે અમને આશ્ચર્ય થાય છે કે **'આપ જેવાને સમ્યક્જ્ઞાનના બીજની, પરાભક્તિના મૂળની પ્રાપ્તિ છતાં ત્યાર પછીનો ભેદ કેમ પ્રાપ્ત નથી હોતો ?'** ગુપ્ત મંત્ર. મંત્ર–ગુપ્ત ભેદ કેમ પ્રાપ્ત થતો નથી ? આપને તો સમ્યક્જ્ઞાનની બીજની પ્રાપ્તિ એટલે ઓળખાણ થઈ ગઈ છે. અને પરાભક્તિનું મૂળ હાથમાં આવી ગયું છે. તમને ભક્તિ ઘણી છે. મૂળમાં જે પરાભક્તિ જોઈએ એવી ભક્તિ ઊગી છે અને બીજ પ્રાપ્ત થઈ ગયું છે એટલે ઓળખાણ થઈ ગઈ છે. ત્યાર પછીનો ભેદ (અર્થાત્) અંતર્મુખ થવું એ ભેદ કેમ પ્રાપ્ત નથી થતો ? અમને એ મોટું આશ્ચર્ય થાય છે, એમ કહે છે. એ એમને મોટું આશ્ચર્ય થાય છે. એટલે પહેલું સમકિત થયું છે અને બીજું કેમ નથી થતું ? એમ કહે છે.

મુમુક્ષુ :– એમને પહેલું સમકિત થયું. પણ વેદાંતમાં પણ રસ છે, જ્યોતિષમાં પણ રસ છે અને લોકસંજ્ઞા અને કુટુંબમાં પણ પરિણામ...

પૂજ્ય ભાઈશ્રી :– એટલે તો આ બીજો ભેદ પ્રાપ્ત થતો નથી. એટલે એમાં એમને શું કહેવું છે ? કે તમને ઓળખાણ થઈ, ઘણી ભક્તિ આવી પછી આ બીજી બાજુના પરિણામ શું કરવા ? અને આગળની વાત કેમ નહિ ? અમને મોટું આશ્ચર્ય થાય છે. અમને આશ્ચર્ય થાય છે એમ નથી લખ્યું અમને મોટું આશ્ચર્ય થાય છે. એવું લખ્યું છે. એટલે એવું છે યોગ્ય-અયોગ્યતાનો જે સંગમ હોય છે, બે નદીનો સંગમ થાય ને ? તો એક નદીમાં ડહોળું વરસાદનું પાણી હોય, બીજી નદીમાં આસરુ પાણી હોય. બેયનો પ્રવાહ ભેગો થાય તો પાણી ભેગું થયેલું થોડુંક ભાંભરુ હોય. ન એટલું ડહોળું હોય, ન એકલું ચોખ્ખું હોય. એવું બને કે નહીં ? એમ બે બાજુના એમના પરિણામ છે એ સ્પષ્ટ છે. આગળ નથી (ચાલ્યા), આગળનો ભેદ ગુપ્ત મંત્ર

છે. કેમ નથી પ્રાપ્ત ? અમને આશ્ચર્ય થાય છે. પેલા પરિણામ તમારા કેમ નથી ચાલ્યા ગયા ? હજી કેમ (ચાલે છે) ? તો જ આગળ ન વધાય ને ! સીધી વાત છે. અમને મોટું આશ્ચર્ય થાય છે. આમ થવું જ ન જોઈએ એમ કહે છે.

**'તેમ હરિ પ્રત્યે...'** એટલે આત્મા પ્રત્યે **'અખંડ લયરૂપ વૈરાગ્ય...'** એટલે સંયોગ પ્રત્યે તમારી જેટલી ઉદાસીનતા આવવી જોઈએ, **'જેટલો જોઈએ તેટલો** (વૈરાગ્ય) **કેમ વર્ધમાન નથી થતો ?'** વધતો કેમ નથી તમારો વૈરાગ્ય ? વધી જવો જોઈએ એમ કહે છે. **'એનું જો કંઈ કારણ સમજાતું હોય તો લખશો.'** તમારા પરિણામ જોઈને તમને ઉપર પણ પ્રશ્નો પૂછ્યા છે. આ પાછો ફરીને અહીં પ્રશ્ન પૂછ્યો છે. બીજી રીતે પૂછ્યો, પેલો સીધો પ્રશ્ન પૂછ્યો, કે તમારા વ્યાપારના ને બીજા-ત્રીજા પરિણામ કેમ ચાલે છે ? હવે પૂછ્યું કે તમારી આટલી યોગ્યતા પછી પણ તમારો જે વૈરાગ્ય અને ઉદાસીનતા જે વધવી જોઈએ એ કેમ વધતી દેખાતી નથી ? હજી કેમ અમુક પરિણામ જાય છે ? ન જવા જોઈએ એ કેમ જાય છે ? એનું કારણ સમજાતું હોય તો લખશો. એમ કેમ થાય છે ? કારણ તમે ગોતો. તો તમે કારણનો નાશ કરશો. મને કારણ જોઈને કહો.

**'અમારી ચિત્તની અવ્યવસ્થા એવી થઈ જવાને લીધે કોઈ કામમાં જેવો જોઈએ તેવો ઉપયોગ રહેતો નથી,...'** બહારના કામમાં જે ઉપયોગ દેવો જોઈએ એ ઉપયોગ અમારો ચાલતો નથી. **'સ્મૃતિ રહેતી નથી,...'** યાદ નથી રહેતું, ભૂલી જવાય છે ક્યારેક. નહિતર એ બહુ યાદદાસ્તવાળા હતા. અઢાર વર્ષની ઉંમરે તો શતાવધાન કરેલા, છતાં સ્મૃતિ રહેતી નથી. **'અથવા ખબર પણ રહેતી નથી,...'** કોઈ કામનું ધ્યાન રહેતું નથી, ખબર રહેતી નથી. **'તે માટે શું કરવું ?'** તે માટે શું કરવું પણ હવે ? નિરંકુશ દશા છે. અમારા પરિણામ ઉપર અંકુશ નથી એમ કહે છે. **'શું કરવું એટલે કે વ્યવહારમાં બેઠા છતાં એવી સર્વોત્તમ દશા બીજા કોઈને દુઃખરૂપ ન થવી જોઈએ, અને અમારા આચાર એવા છે કે વખતે તેમ થઈ જાય.'**

ભાગીદારને તો આકરું પડી જાય. ધ્યાન દેતા નથી કામમાં, ભૂલ થઈ જાય છે, કામ ભૂલી જાય છે, યાદ રાખતા નથી, ખબર રાખતા નથી. આ કામ હતું. લખે છે ને સ્મૃતિ રહેતી નથી. કરવું શું ? કરવું શું એટલે શું ? કે અમારી એવી દશા

છે, એવી સર્વોત્તમ દશા છે એમ લખ્યું છે, જોયું ? અધ્યાત્મદષ્ટિએ તો સર્વોત્તમ દશા છે. કોઈને દુઃખનું કારણ થાય છે. અમારું આચરણ એવું થઈ જાય છે કે કો'કને દુઃખ લાગી જાય છે.

**'બીજા કોઈને પણ આનંદરૂપ લાગવા વિષે હરિને ચિંતા રહે છે; માટે તે રાખશે. અમારું કામ તો તે દશાની પૂર્ણતા કરવાનું છે, એમ માનીએ છીએ;...'** બીજાને ખુશી રાખવાનું કામ તો ઈશ્વરને કરવું હશે તો કરશે. એટલે શું ? એની મેળે સમજીને એ દુઃખ મટાડે તો સારી વાત છે. બાકી અમારા હાથની તો વાત નથી. એનો આત્મા સવળો થઈને આનંદમાં રહે તો સારી વાત છે. બાકી અમારું કામ તો દશાની પૂર્ણતા કરવાનું છે. હવે અમે પૂર્ણ દશા તરફ આગળ વધીએ છીએ. અમારું એ કામ છે. બીજાને સારું લગાડવા જઈએ કે ભાઈ ! અમારી દશા અમારા અંકુશમાં જ નથી. અંકુશ એટલે અમારા Control માં નથી. બહારના પરિણામો Beyond control ચાલે છે, એમ કહે છે. એક લયથી અંદરનું આત્માનું પરિણામ–પરિણમન ચાલે છે.

**'તેમ બીજા કોઈને સંતાપરૂપ થવાનો તો સ્વપ્ને પણ વિચાર નથી.'** એટલે કોઈ અભિપ્રાય નથી એવો કે ભલે બીજા દુઃખી થાય. આપણે કરતા હોય એ કરો ને. એને લાગવું હોય એ લાગે. કોઈ અમારા નિમિત્તે દુઃખી થાય એ અમારા અભિપ્રાયમાં નથી. અને એ અભિપ્રાય તો બહુ શરૂઆતમાં મુમુક્ષુની ભૂમિકામાં ઊભો થાય છે. એકેન્દ્રિયથી માંડીને પંચેન્દ્રિય સુધીના જગતના કોઈપણ જીવને મનથી, વચનથી, કાયાથી અને કૃત, કારિત, અનુમોદનાથી કોઈને દુઃખ પહોંચે એ આપણા અભિપ્રાય વિરુદ્ધનો વિષય છે.

મારે સુખી થવું છે એનો અર્થ એ છે કે કોઈને પણ દુઃખ ન હો. આવી રીતે વાત છે. સમ્યક્માર્ગ છે ને ! વીતરાગમાર્ગ છે ને સમ્યક્માર્ગ છે. મારે સુખી થવું છે, મારે પૂર્ણ સુખી થવું છે. એનો અર્થ એ છે કે મારા નિમિત્તે કોઈને પણ દુઃખ ન હો. થઈ જાય કોઈને, જુદી વાત છે. અભિપ્રાયમાં બિલકુલ નથી. પછી જ્ઞાનદશામાં આવે છે અને જ્ઞાનીને તો સવાલ જ નથી. આ તો એમણે ચોખવટ કરી છે પણ એ સવાલ જ નથી.

**'બીજા કોઈને સંતાપરૂપ થવાનો તો સ્વપ્ને પણ વિચાર નથી. બધાના દાસ**

**છીએ,...'** અમે તો બધાના દાસ છીએ. અને એ તો જ્ઞાનીની ઓળખાણ થઈ ત્યારે આવે છે. સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિ તેને જ્ઞાનીઓએ પરમધર્મ કહ્યો છે. સાથે સાથે શું વાત જોડી ? કે સર્વ જગતનું દાસત્વ, એમ થતાં સર્વ જગતનું દાસત્વ પ્રાપ્ત થાય છે. હવે પછીનો જ પત્ર છે. આ તો ૨૪૭ ચાલે છે, આ ૨૫૪મો છે. અને એ બુદ્ધિ પરમ દૈન્યત્વ સૂચવે છે. જ્યારે અભિપ્રાય સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિનો થયો ત્યારે એ બુદ્ધિ પરમ દૈન્યત્વ સૂચવે છે. જેથી સર્વ પ્રાણી વિષે પોતાનું દાસત્વ મનાય છે અને જ્યારે સર્વ પ્રાણી પ્રત્યે પોતાનું દાસત્વ મનાય છે ત્યારે પરમ યોગ્યતાની પ્રાપ્તિ હોય છે. જ્ઞાનદશા પ્રાપ્ત થવા માટેની યોગ્યતાની પ્રાપ્તિ ત્યારે થાય છે. જ્યાં સુધી એમાં પણ ખામી રહે છે ત્યાં સુધી યોગ્યતાની પણ ખામી છે. આ તો જ્ઞાની થઈને લખે છે કે, બધાના દાસ છીએ. Superiority of complex નું નામ નથી.

ચિત્તની આવી ચૈતન્યમય દશા છે, જેને પોતે સર્વોત્તમ દશા કહે છે, એવી સર્વોત્તમ દશા (છે). બીજાની સામું જોવે છે તો કહે, બધાના દાસ છીએ. **એમની નમ્રતા જ બેહદ છે ! સરળતા પણ બેહદ છે, નમ્રતા પણ બેહદ છે, વિશાળતા પણ બેહદ છે.**

મુમુક્ષુ :- એ જ દશા છે.

પૂજ્ય ભાઈશ્રી :- અંતર-બાહ્ય કેવો મેળ છે, એમ કહે છે. આત્મદશાને અંતર-બાહ્ય કેટલો મેળ છે !

**'બધાના દાસ છીએ, ત્યાં પછી દુઃખરૂપ કોણ માનશે ?'** પછી અમને કોણ દુઃખરૂપ માનશે ? અમારો અભિપ્રાય અને અંતરંગ જોવે તો બધા માફ કરી દેશે.

મુમુક્ષુ :- ..

પૂજ્ય ભાઈશ્રી :- જુઓને ! ઘણીવાર મજૂર જેવું કામ કરી લેતા. કેવું ? એક મોટી પેઢીના Chief કર્તા-હર્તા હતા, મુખ્ય કર્તા-હર્તા જેને આપણે કહીએ. 'રેવાશંકર જગજીવનની પેઢી'ની તમામ લગામ એમના હાથમાં હતી. એ નિર્ણય લ્યે એ પ્રમાણે બધું થાય. બધા Decision એ લેતા હતા. વેપારમાં પણ બહુ વિચક્ષણ હતા, વેપાર-ધંધામાં પણ એટલા જ વિચક્ષણ હતા. બીજી બાજુ એમનું અંતરંગ જુઓ તો કહે, અમે તો બધાના દાસ છીએ. અંતરંગમાં એ (છે કે,) અમે તો બધાના દાસ છીએ. ગમે એવું નોકર જેવું કામ કરી લ્યે. એકવાર દુકાનમાં સંજવારી કાઢનારો નોકર ન

આવ્યો હોય તો હાથે સાવરણી લઈને સંજવારી કાઢી લ્યે. નમ્રતા ઘણી હતી. ત્યાં પછી અમને દુઃખરૂપ કોણ માનશે ?

**'તથાપિ વ્યવહાર-પ્રસંગમાં હરિની માયા અમને નહીં...'** અમને તો નથી, અમને તો નહિ. **'તો સામાને પણ એકને બદલે બીજું આરોપાવી દે તો નિરુપાયતા છે,...'** સામે તો બધા માયા, મમતાવાળા છે. હરિની માયા એટલે મમતાવાળા છે. અમને તો નથી, પણ સામાને શું થાય ? એ પરિણામોથી એકના બદલે બીજું એને દેખાય. આવું ન ચાલે. ધંધામાં ધ્યાન ન હોય એ ન ચાલે, ધંધામાં તો પૂરું ધ્યાન દેવું જ જોઈએ, ઇ વગર ધંધો ચાલે જ નહિ. માયામાં એવી વાત છે. માયા એવી ચીજ છે. ધંધો એટલે ધંધો. ધંધામાં તો પૂરું ધ્યાન દ્યો તો જ ધંધો ચાલે. ધંધામાં ધ્યાન ન હોય એ ધંધો કેવી રીતે ચાલે ? ચાલી જ શકે નહિ. એટલે આરોપ થાય, આનું ધ્યાન નથી. આરોપ કરે, આ તો ધ્યાન દેતા નથી. ધ્યાન રહેતું નથી (એમ) નહિ, ધ્યાન દેતા નથી એમ આરોપ કરે.

**'એકને બદલે બીજું આરોપાવી દે તો નિરુપાયતા છે,...'** એને માયા છે. નિરુપાયપણે એના પરિણામ એમ થઈ જશે. એમને થાતું હતું, એ બધું બનતું હતું. એટલે એ બધું લખ્યું છે એ પરિસ્થિતિ અનુસાર જ લખ્યું છે. **'અને એટલો પણ શોક રહેશે.' 'નિરુપાયતા છે, અને એટલો પણ શોક રહેશે.'** કે અરે..રે..! બિચારાને આકુળતા થઈ જાય છે. આપણે નિમિત્ત પડી જઈએ છીએ અને એને બિચારાને આકુળતા થઈ જાય છે.

મુમુક્ષુ :–

પૂજ્ય ભાઈશ્રી :– એવું પણ બની જાય, હોય પૂર્વકર્મને હિસાબે. નિમિત્ત પડે કે આમણે કંઈ ધ્યાન નથી દીધું. આ ભૂલી ગયા માટે આમ થયું.

**'અમે સર્વ સત્તા હરિને અર્પણ કરીએ છીએ, કરી છે. વધારે શું લખવું ?'** અમે કંઈ કર્તાપણું રાખ્યું નથી. અમારી સત્તા કાંઈ ચાલતી નથી. જેમ કુદરતે પ્રારબ્ધ અનુસાર થવાનું હશે એમ થાશે. અમારા પરિણામ હવે કર્તાપણે થઈને કામ કરી શકે એ રહ્યા નથી. **'પરમાનંદરૂપ હરિને ક્ષણ પણ ન વીસરવા...'** વીસરવા. વીસરવા એટલે ભૂલી જવું. **'પરમાનંદરૂપ હરિને ક્ષણ પણ ન વીસરવા એ અમારી સર્વ કૃતિ, વૃત્તિ અને**

**લેખનો હેતુ છે.**' Total મારી દીધો. અમારો જે આત્મા છે એને એક ક્ષણ પણ અમે ન ભૂલીએ. એ જ અમારી કૃતિ એટલે અમારો પુરુષાર્થ છે, એ જ અમારી વૃત્તિ એટલે પરિણમન છે અને લખવાનો પણ એ જ હેતુ છે. એ જ બતાવવું છે, લખવામાં એ જ અમારે બતાવવું છે. બાકી અમારે બીજું બધું ગૌણ છે. એક અમારા આત્મા સિવાય બીજું બધું ગૌણ છે.

જ્ઞાનદશામાં એવું હોય છે કે, પોતાના સ્વરૂપની એટલી મુખ્યતા (છે). અંદર ત્રણલોકનો નાથ છે એની ગૌણતા કેમ થાય ? એની એટલી મુખ્યતા (છે) કે આખું જગત ગૌણ થાય તો પછી ઉદય તો શું ચીજ છે ? કાંઈ નથી. પ્રશ્ન એ થવા યોગ્ય છે કે મુમુક્ષુએ કેવી રીતે ગૌણ કરવું ? એણે ભાવનાથી ગૌણ કરવું. આવા સ્વરૂપની પ્રાપ્તિની ભાવના, એ ભાવનાની મુખ્યતામાં ગૌણ કરવું અને સ્વરૂપ પ્રાપ્ત થયા પછી સ્વરૂપની મુખ્યતામાં ગૌણ કરવું, પણ ઉદયને તો ગૌણ કરવો, કરવો ને કરવો જ. કેમકે મોક્ષમાર્ગ અનુદય પરિણામરૂપ છે. જેટલો ઉદયભાવ છે એટલો સંસાર છે, જેટલો અનુદયભાવ છે એટલો મોક્ષ છે. સીધી વાત આ છે. સંસારને કેમ મુખ્ય કરાય ? મોક્ષને કેમ ગૌણ કરાય ? એ રીતે પરિણમન ચાલવું જોઈએ. અહીં સુધી રાખીએ.

**અંતર્મુખ ચિત્તની વિચારધારામાં પરિણમન કરતું જ્ઞાન પોતે પોતાના આધારથી (લક્ષણથી) સ્વરૂપનો યથાર્થ નિર્ણય કરે - ત્યાં અનંત સામર્થ્યવંત પૂર્ણ સ્વરૂપનું અવભાસન છે. તેમાં સદાય 'હું આવો જ છું' - તેમ 'સ્વરૂપનો અપૂર્વ મહિમાનો ઉછાળો વર્ત્યા કરે' અને પરિણતિમાં સ્વરૂપ ઘૂંટાયા કરે - તેવી સ્વરૂપની લય હોય-(અસ્તિપણે) તેથી (નાસ્તિપણે) સમસ્ત જગત પ્રત્યે ઉદાસીનપણું - નીરસપણું આવી જાય. પૂર્વ કર્મના ઉદયથી ક્યાંય જોડાવું પડે તે બોજારૂપ લાગે અથવા અનુકૂળતામાં જોડાવું પણ સુખરૂપ ન લાગે - વિકલ્પમાત્ર દુ:ખ રૂપ લાગે - ત્યાં સ્વરૂપની લય તીવ્ર થતાં, ધ્યેયભૂત, લક્ષમાં આવેલા સ્વરૂપમાં અંતર્ સાવધાની વધે તે રૂપ સહજ પુરુષાર્થ વૃદ્ધિગત થતો થતો પરમ સત્ / પ્રત્યક્ષ સત્ ના પ્રત્યક્ષ દર્શનમાં સફળ થાય. ભાવભાસનથી સન્મુખતા છે. દશાની દિશાફેર થવું તે અપૂર્વ છે.**

**('અનુભવ સંજીવની' - ૪૫)**

પત્રાંક-૨૪૮

મુંબઈ, વૈશાખ વદ ૮, રવિ, ૧૯૪૭

ૐ નમઃ

શા માટે કંટાળો આવે છે, આકુળતા થાય છે ? તે લખશો. અમારો સમાગમ નથી, તે માટે તેમ થાય છે, એમ જણાવવાનું હોય, તો અમારો સમાગમ હાલ ક્યાં કરાય એવું છે ? અત્રે કરવા દેવાને અમારી ઇચ્છા નથી રહેતી. બીજે કોઈ સ્થળે થવાનો પ્રસંગ ભવિતવ્યતાના જોગ ઉપર છે. ખંભાત આવવા માટે પણ જોગ બની શકે તેવું નથી.

પૂજ્ય 'સોભાગભાઈ'નો સમાગમ કરવાની ઇચ્છામાં અમારી અનુમતિ છે. તથાપિ હજુ તેમનો સમાગમ તમને હમણાં કરવાનું કારણ નથી; એમ જાણીએ છીએ.

અમારો સમાગમ તમે (બધા) શા માટે ઇચ્છો છો, તેનું સ્પષ્ટ કારણ જણાવો તો તે જાણવાની વધારે ઇચ્છા રહે છે.

'પ્રબોધશતક' મોકલ્યું છે તે પહોંચ્યું હશે. તમો બધાને એ શતક શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરવા જોગ છે. એ પુસ્તક વેદાંતની શ્રદ્ધા કરવા માટે મોકલ્યું નથી, એવો લક્ષ સાંભળનારનો પ્રથમ થવો જોઈએ. બીજા કંઈ કારણથી મોકલ્યું છે, જે કારણ ઘણું કરીને વિશેષ વિચારે તમો જાણી શકશો. હાલ તમોને કોઈ તેવું બોધક સાધન નહીં હોવાને લીધે એ શતક ઠીક સાધન છે, એમ માની મોકલ્યું છે, એમાંથી તમારે શું જાણવું જોઈએ, તેનો તમારે વિચાર કરવો. સાંભળતાં કોઈએ અમારા વિષે આશંકા કરવી નહીં કે, એમાં જે કંઈ મતભાગ જણાવ્યો છે, તે મત અમારો છે; માત્ર ચિત્તની સ્થિરતા માટે એ પુસ્તકના ઘણા વિચારો કામના છે, માટે મોકલ્યું છે, એમ માનવું. ભાઈ દામોદર અને મગનલાલના હસ્તાક્ષરનો કાગળ ઇચ્છીએ છીએ. તેમાં તેમના વિચાર જણાય તેટલા માટે.

તા. ૧૫-૧૦-૧૯૮૯, પ્રવચન નં. ૬૫
પત્રાંક - ૨૪૮ થી ૨૫૦

પાનું ૨૮૬, પત્રાંક ૨૪૮. **'શા માટે કંટાળો આવે છે, આકુળતા થાય છે ? તે લખશો.'** શું કારણ છે તે પૂછાવ્યું છે. **'અમારો સમાગમ નથી, તે માટે તેમ થાય છે, એમ જણાવવાનું હોય, તો અમારો સમાગમ હાલ ક્યાં કરાય એવું છે ?'** બીજું કારણ તો લખવાનું હોય નહિ, કદાચ આ કારણ હશે, એમ સમજીને લખ્યું છે. અત્યારની પરિસ્થિતિ એવી નથી કે મારો સમાગમ થાય. **'અત્રે કરવા દેવાને અમારી ઇચ્છા નથી રહેતી.'** મુંબઈમાં (થવા દેવાની ઇચ્છા નથી). **'બીજે કોઈ સ્થળે થવાનો પ્રસંગ ભવિતવ્યતાના જોગ ઉપર છે.'** જ્યાં થવાનો હશે ત્યાં થશે. પોતે પણ કાંઈ નિશ્ચિત કરેલું નથી. **'ખંભાત આવવા માટે પણ જોગ બની શકે તેવું નથી. પૂજ્ય સોભાગભાઈનો સમાગમ કરવાની ઇચ્છામાં અમારી અનુમતિ છે.'** ત્યાં તમારે જવું હોય તો ખુશીથી તમે જઈ શકો છો. **'તથાપિ હજુ તેમનો સમાગમ તમને હમણાં કરવાનું કારણ નથી;...'** હાલ તુરત તમે જાઓ જ એવું કોઈ કારણ હું જોતો નથી. **'એમ જાણીએ છીએ.'**

**'અમારો સમાગમ તમે (બધા) શા માટે ઇચ્છો છો, તેનું સ્પષ્ટ કારણ જણાવો તો તે જાણવાની વધારે ઇચ્છા રહે છે.'** ઓઘસંજ્ઞા છે કે કાંઈ બીજો ખ્યાલ આવ્યો છે, એમ. ઓઘસંજ્ઞામાં ન રહેવા દેવા, ઓઘસંજ્ઞામાં હોય તો બહાર કાઢવા એ પ્રયત્ન એમનો અનેક જગ્યાએ દેખાય છે.

**'પ્રબોધશતક' મોકલ્યું છે તે પહોંચ્યું હશે.'** પાછું મોકલ્યું છે. **'તમો બધાને એ શતક શ્રવણ, મનન અને નિદિધ્યાસન કરવા જોગ છે.'** વેદાંતનું પુસ્તક છે છતાં વાંચવાની ભલામણ કરે છે. **'એ પુસ્તક વેદાંતની શ્રદ્ધા કરવા માટે મોકલ્યું નથી,...'** એ ચોખવટ કરી છે. નહિતર લોકો એમ સમજી લ્યે છે કે જુઓ ! અનુમોદના કરી

કે ન કરી ? તેની શ્રદ્ધા થઈ જાય કે ન થઈ જાય ? લખનારના પરિણામ અને હેતુ તમે ક્યાંથી જાણ્યા ? કેવી રીતે જાણ્યા ? એના કોઈ એક ભાગ ઉપર ધ્યાન ખેંચવું છે એટલા માટે એ મોકલ્યું છે. **'એ પુસ્તક વેદાંતની શ્રદ્ધા કરવા માટે મોકલ્યું નથી, એવો લક્ષ સાંભળનારનો પ્રથમ થવો જોઈએ. બીજા કંઈ કારણથી મોકલ્યું છે, જે કારણ ઘણું કરીને વિશેષ વિચારે તમો જાણી શકશો.'** એટલી જિજ્ઞાસામાં એને મૂક્યા છે કે તમે તપાસ કરો (કે) શું કારણથી મોકલ્યું છે ? વિશેષ વિચાર કરશો તો એનું કારણ તમને ખ્યાલમાં આવશે.

**'હાલ તમોને કોઈ તેવું બોધક સાધન નહીં હોવાને લીધે એ શતક ઠીક સાધન છે, એમ માની મોકલ્યું છે, એમાંથી તમારે શું જાણવું જોઈએ, તેનો તમારે** (સ્વતંત્રપણે) **વિચાર કરવો.'** અમે તમને દોરતા નથી, તમે સ્વતંત્રપણે એનો વિચાર કરો. **'સાંભળતાં કોઈએ અમારા વિષે આશંકા કરવી નહીં કે, એમાં જે કંઈ મતભાગ જણાવ્યો છે, તે મત અમારો છે;...'** એવી જાતની કોઈ શંકા કરવી નહિ. **'માત્ર ચિત્તની સ્થિરતા માટે એ પુસ્તકના ઘણા વિચારો કામના છે, માટે મોકલ્યું છે, એમ માનવું.'** ચોખવટ કરી છે, વાંચવાની ભલામણ કરી છે ત્યારે એ વિષયનું સ્પષ્ટીકરણ આપ્યું છે.

**'ભા. દામોદર અને મગનલાલના હસ્તાક્ષરનો કાગળ ઇચ્છીએ છીએ. તેમાં તેમના વિચાર જણાય તેટલા માટે.'** ખાસ તો આમાં બે જ મુદ્દા લીધા છે. એક તો પોતે અન્યમતનું પુસ્તક મોકલે છે તોપણ એની અંદર સામા મુમુક્ષુની અમુક યોગ્યતાનું કારણ જોઈને, વ્યક્તિગત કારણ જોઈને એને ભલામણ કરે છે કે આ વાંચવાથી એનું આ જગ્યાએ ધ્યાન ખેંચવું જરૂરી છે. એ વિષયને વિચાર કરવાવાળાએ સમષ્ટિગત અથવા સૈદ્ધાંતિક શ્રેણિમાં ન લઈ જવો જોઈએ, એટલી વાત છે. એ વ્યક્તિગત વિષય છે, જેને સંબોધન કર્યું છે એને મર્યાદિત એ વાત લાગુ પડે છે. અને એવી વાતો આગળ પણ કોઈ કોઈ જગ્યાએ આવશે ત્યાં પણ એ જ પ્રકારે વિચારવાનું છે. જો બીજા પ્રકારે વિચારાય તો 'શ્રીમદ્જી'ને અન્યાય થઈ જાય, અભક્તિ થઈ જાય એ બધા પ્રકારો ઊભા થાય. આપણે તો વાંચ્યું નથી કે 'પ્રબોધશતક'નો શું વિષય છે.

વેદાંત તો મૂળ તો આમાંથી, જૈનમાંથી નીકળેલો એક ફાંટો છે. એટલે કોઈ નયની કોઈ વાત પકડી છે, એટલા પૂરતું ધ્યાન ખેંચવું છે. કોઈ કોઈ વાતો પોતે વાંચી હશે, ખ્યાલ આવ્યો હશે કે આ લોકોનું અમુક વાતો ઉપર ધ્યાન ખેંચીએ

(કે) જુઓ, 'પ્રબોધશતક' પણ આમ કહે છે. આપણે ઘણીવાર નથી કહેતા કે, ભાઈ ! આટલી વાત તો લૌકિક માણસો પણ સ્વીકારે છે, તો અલૌકિક માર્ગની અંદર તો એવું હોય જ ને ! તો એનો અર્થ એમ નથી કે લૌકિક બધી વાતો માન્ય કરવા જેવી છે. એનો અર્થ એમ ન ઘટાવી લેવો જોઈએ કે લૌકિકમાં ચાલે છે એ બધું જ બરાબર ચાલે છે. પણ કેટલીક વાત તો લૌકિકની બરાબર હોય છે તો એમ પણ કહેવું પડે કે જ્યારે લૌકિકમાં પણ આમ વાત છે ત્યારે તમે અલૌકિકમાં એથી વળી વધારે ખરાબ વાત ક્યાં વિચારો છો ?

**પત્રાંક-૨૪૯**

**મુંબઈ, જેઠ સુદ ૭, શનિ, ૧૯૪૭**

**ૐ નમઃ**

**કરાળ કાળ હોવાથી જીવને જ્યાં વૃત્તિની સ્થિતિ કરવી જોઈએ, ત્યાં તે કરી શકતો નથી.**

**સદ્ધર્મનો ઘણું કરીને લોપ જ રહે છે. તે માટે આ કાળને કળિયુગ કહેવામાં આવ્યો છે.**

**સદ્ધર્મનો જોગ સત્પુરુષ વિના હોય નહીં; કારણ કે અસત્‌માં સત્‌ હોતું નથી.**

**ઘણું કરીને સત્પુરુષનાં દર્શનની અને જોગની આ કાળમાં અપ્રાપ્તિ દેખાય છે. જ્યારે એમ છે, ત્યારે સદ્ધર્મરૂપ સમાધિ મુમુક્ષુ પુરુષને ક્યાંથી પ્રાપ્ત હોય ? અને અમુક કાળ વ્યતીત થયાં છતાં જ્યારે તેવી સમાધિ પ્રાપ્ત નથી થતી ત્યારે મુમુક્ષુતા પણ કેમ રહે ?**

**ઘણું કરીને જીવ જે પરિચયમાં રહે છે, તે પરિચયરૂપ પોતાને માને છે. જેનો પ્રગટ અનુભવ પણ થાય છે કે અનાર્યકુળમાં પરિચય કરી રહેલો જીવ અનાર્યરૂપે પોતાને દૃઢ માને છે; અને આર્યત્વને વિષે મતિ કરતો નથી.**

માટે મોટા પુરુષોએ અને તેને લઈને અમે એવો દઢ નિશ્ચય કર્યો છે કે જીવને સત્સંગ એ જ મોક્ષનું પરમ સાધન છે.

પોતાની સન્માર્ગને વિષે યોગ્યતા જેવી છે, તેવી યોગ્યતા ધરાવનારા પુરુષોનો સંગ તે સત્સંગ કહ્યો છે. મોટા પુરુષના સંગમાં નિવાસ છે, તેને અમે પરમ સત્સંગ કહીએ છીએ કારણ એના જેવું કોઈ હિતસ્વી સાધન આ જગતમાં અમે જોયું નથી, અને સાંભળ્યું નથી.

પૂર્વે થઈ ગયેલા મોટા પુરુષનું ચિંતન કલ્યાણકારક છે; તથાપિ સ્વરૂપસ્થિતિનું કારણ હોઈ શકતું નથી; કારણ કે જીવે શું કરવું તે તેવા સ્મરણથી નથી સમજાતું. પ્રત્યક્ષજોગે વગર સમજાવ્યે પણ સ્વરૂપસ્થિતિ થવી સંભવિત માનીએ છીએ, અને તેથી એમ નિશ્ચય થાય છે કે તે જોગનું અને તે પ્રત્યક્ષચિંતનનું ફળ મોક્ષ હોય છે. કારણ કે મૂર્તિમાન મોક્ષ તે સત્પુરુષ છે.

મોક્ષે ગયા છે એવા (અર્હંતાદિક) પુરુષનું ચિંતન ઘણા કાળે ભાવાનુસાર મોક્ષાદિક ફળદાતા હોય છે. સમ્યક્ત્વ પામ્યા છે એવા પુરુષનો નિશ્ચય થયે અને જોગ્યતાના કારણે જીવ સમ્યક્ત્વ પામે છે.

પત્રાંક ૨૪૯. **'કરાળ કાળ હોવાથી જીવને જ્યાં વૃત્તિની સ્થિતિ કરવી જોઈએ, ત્યાં તે કરી શકતો નથી.'** દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવ એવા છે, જીવ પણ પ્રાયઃ હીનસત્ત્વ થયેલો છે. પુરુષાર્થથી હીન છે તેથી એને જ્યાં વૃત્તિ સ્થિર કરવી જોઈએ ત્યાં તે સ્થિર કરી શકતો નથી. માર્ગ ઉપર આવવા માટે જે દઢતા જોઈએ એ દઢતા એને રહેતી નથી.

મુમુક્ષુ :- એ દિવસે કરાળ કાળ દેખાયો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ૯૮ વર્ષ પહેલા. (અત્યારે તો) દસ ગણો કરાળ છે,

એના કરતાં સો ગણો કરાળ છે. એવી વાત છે, ખરી વાત છે. કારણ કે એ તો દેખીતી વાત છે ને ! સાબિત કરવા જવું પડે એવું ક્યાં છે ? જે વર્તમાન વિષમતા છે એ તો કાંઈ સાબિત કરવા જવું પડે એવું નથી.

**'સદ્ધર્મનો ઘણું કરીને લોપ જ રહે છે. તે માટે આ કાળને કળિયુગ કહેવામાં આવ્યો છે.'** ક્યાંય ધર્મ જોવામાં આવતો નથી. લોપ થઈ ગયો હોય એવી પરિસ્થિતિ પ્રાયઃ જોવામાં આવે છે. માટે એને 'કળિયુગ' એવું નામ પણ આપ્યું છે.

**'સદ્ધર્મનો જોગ સત્પુરુષ વિના હોય નહીં;...'** ધર્મ તો ક્યાંય ધર્મી વિના એકલો જોવામાં આવતો નથી, જે હોઈ શકે નહિ. તો એ ધર્માત્માની પર્યાય છે એને ધર્મ કહેવામાં આવે છે. જ્યાં વસ્તુ ન હોય, દ્રવ્ય ન હોય અને પર્યાય એકલી હોય એવું તો કેમ બને ? **'સદ્ધર્મનો જોગ સત્પુરુષ વિના હોય નહીં; કારણ કે અસત્‌માં સત્ હોતું નથી.'** સત્ ધર્મ એમ કહેવું છે તો જ્યાં સત્પુરુષ છે ત્યાં સદ્ધર્મ છે. અસત્ છે ત્યાં સત્ ક્યાંથી હશે ? **'અસત્‌માં સત્ હોતું નથી.'**

**'ઘણું કરીને સત્પુરુષનાં દર્શનની અને જોગની આ કાળમાં અપ્રાપ્તિ દેખાય છે. જ્યારે એમ છે, ત્યારે સદ્ધર્મરૂપ સમાધિ મુમુક્ષુ પુરુષને ક્યાંથી પ્રાપ્ત હોય ?'** જ્યારે સત્પુરુષ નથી દેખાતા તો પછી મુમુક્ષુને સમાધિદશા આવે એવી પરિસ્થિતિ ક્યાંથી હોય ? એ મુમુક્ષુને પણ ધર્મપ્રાપ્તિની કોઈ તક દેખાતી નથી. **'અને અમુક કાળ વ્યતીત થયાં છતાં જ્યારે તેવી સમાધિ પ્રાપ્ત નથી થતી ત્યારે મુમુક્ષુતા પણ કેમ રહે ?'** આ એક માર્મિક વાત કરી છે. કે મુમુક્ષુ હોય એને અમુક કાળે સમાધિ દશા આવવી જોઈએ, જો કાળ લંબાય તો મુમુક્ષુતા રહેવી કઠણ છે. નીચે ઊતરી જાય.

'પ્રયોજનસિદ્ધિ'માં આપણે બોલ લીધો છે એ વાત અહીંથી નીકળે છે. જ્યારે જીવ પોતાના કલ્યાણની, હિતની ભાવના લઈને ધર્મના ક્ષેત્રમાં પ્રવેશ કરે છે ત્યારે એનો દર્શનમોહ મંદ થાય છે પણ એ જ ક્ષેત્રમાં એ ઓઘસંજ્ઞાએ લાંબો કાળ વ્યતીત કરે છે ત્યારે દર્શનમોહ એનો તીવ્ર થઈ જાય છે, મુમુક્ષુતા નથી રહેતી.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– પણ છતાં ચોથા ગુણસ્થાનની અંદર એમ માનો કે સર્વાર્થસિદ્ધિમાં તેત્રીસ સાગર હોય છે. ચોથા ગુણસ્થાનમાં ક્ષાયિક સમ્યગ્દષ્ટિ હોય

છે. તેત્રીસ સાગરની સ્થિતિએ જાય છે.

મુમુક્ષુ :–

પૂજ્ય ભાઈશ્રી :– પણ ઉપરનું ગુણસ્થાન ન આવે. જેને સમ્યગ્દર્શનની પ્રાપ્તિ છે તેને તે ગુણસ્થાનમાં, તેના તે ગુણસ્થાનમાં આગળ આગળ વિકાસ થતો હોય છે. કેમકે એને નિર્જરા ચાલુ છે. તેને પ્રતિસમય નિર્જરા ચાલુ હોવાથી શુદ્ધિની વૃદ્ધિ એ નિર્જરાનું સ્વરૂપ છે, એટલે એને શુદ્ધિની વૃદ્ધિ થયા કરે છે. તેમ છતાં ઉપરના ગુણસ્થાનમાં સમ્યગ્દષ્ટિ પોતે આરૂઢ થતાં નથી તો એને ખેદ થાય છે કે આ ને આ ગુણસ્થાનમાં કાંઈ મારે પડ્યું રહેવાનું હોઈ શકે નહિ. એની ભાવના તો મુનિદશા વગેરેની હોય છે. એટલે એટલો તો વિચાર-વિકલ્પ એને પણ આવી જાય છે. ખ્યાલ છે, પોતાનો પુરુષાર્થ ચાલે છે તોપણ એટલો વિકલ્પ એને આવે છે.

મુમુક્ષુ :– એના એ ગુણસ્થાનમાં જો લાંબો કાળ હોય ...

પૂજ્ય ભાઈશ્રી :– હા, એવું બને ખરું. થોડો લાંબો કાળ જાય તો બને ખરું. પણ છતાંય મુમુક્ષુતા તો એટલી બધી બાળક જેવી નબળી દશા છે કે એમાં તો મુમુક્ષુતા ચાલ્યા જતાં વાર લાગે નહિ.

**'ઘણું કરીને જીવ જે પરિચયમાં રહે છે, તે પરિચયરૂપ પોતાને માને છે.'** જે સંયોગોની વચ્ચે રહે છે, 'એવા સંયોગવાળો હું' એવી એક માન્યતા એને ઉદયાધીનબુદ્ધિ હોવાથી થઈ જાય છે. જેવા ઉદયની વચ્ચે રહે છે, હું આવો છું, હું આવા સંયોગવાળો છું, હું ફલાણો છું એમ એને પોતાને માન્યતા થઈ જાય છે.

**'જેનો પ્રગટ અનુભવ પણ થાય છે કે અનાર્યકુળમાં પરિચય કરી રહેલો જીવ અનાર્યરૂપે પોતાને દૃઢ માને છે;...'** કોઈ એ નીચ ગોત્રમાં ઢેઢ, ભંગી, ચમારમાં જન્મ્યો હોય પછી હું નાગર છું કે બ્રાહ્મણ છું એવો એને વિકલ્પ પણ ઊઠતો નથી. એ એવું જ માને છે કે આપણે તો રહ્યા ફલાણા. આપણામાં તો મેલડી જ હોય, આપણામાં તો આમ જ હોય, એવું જ માની બેસે છે. વૈષ્ણવમાં જન્મ્યો હોય તો કહે આપણે તો આવું જ હોય, જૈનમાં જન્મ્યો હોય તો કહે આપણે આવું જ હોય. જે કુળધર્મ પ્રમાણે, રૂઢિ પ્રમાણે, પરંપરા પ્રમાણે ચાલતું હોય એવું માની બેસે છે.

**'દૃઢ માને છે; અને આર્યત્વને વિષે મતિ કરતો નથી.'** એવી એને બુદ્ધિ જ થતી નથી કે હું આર્ય છું. એ વિચાર પણ કરતો નથી. કોઈ અપવાદ મૂકીને જુદી વાત

છે. બાકી પ્રાયઃ ઘણું કરીને આ સામાન્ય પરિસ્થિતિ જોવામાં આવે છે.

મુમુક્ષુ :– ચાંડાળનો પુત્ર બ્રાહ્મણને ત્યાં...

પૂજ્ય ભાઈશ્રી :– જેવો જેનો પરિચય છે એવું માને છે. બ્રાહ્મણને ત્યાં નાનપણથી છે એ ચાંડાળ હોવા છતાં પણ પોતે બ્રાહ્મણત્વ જ માનવા લાગે છે. કેમકે એને પરિચય એ છે કે આપણે તો મદિરાને અડાય નહિ, બ્રાહ્મણ છીએ આપણે તો. પેલો કહે, આપણે તો મદિરાથી ન્હાવું જોઈએ, કેમકે આપણે તો ચાંડાળ છીએ, આપણને હક છે. આ મુસલમાનને ત્યાં એવી પરિસ્થિતિ છે, આપણે તો મુસલમાન છીએ એટલે આપણે દિવસે રોજા કરવા જોઈએ અને રાત્રે આપણે માંસ ખાવું જોઈએ. રાત્રે એ લોકો વધારે ખાય. વધારે ખાય એ તીવ્ર ગૃદ્ધિને લઈને માંસ વગેરે ખાય. કેમકે આપણે મુસલમાન છીએ એમ એણે માની લીધું છે. એવી પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :– ક્યાંનો ક્યાં ચાલ્યો જાય !

પૂજ્ય ભાઈશ્રી :– એમાં પણ ઊતરતી શ્રેણિમાં આવ્યો પછી બચવું બહુ મુશ્કેલ છે, પછી બચવું ઘણું મુશ્કેલ છે.

મુમુક્ષુ :–

પૂજ્ય ભાઈશ્રી :– આપણું કામ થઈ ગયું. આવી રીતે હું આગળ વધું છું કે કેમ ? આટલો વખત ગયો તો હું કેટલો આગળ વધ્યો ? કે અત્યાર સુધીનું બધું પાણીમાં ગયું ? વ્યર્થ ગયું ? એનો એણે વિચાર કરવો જોઈએ.

પ્રશ્ન :– કોણ નક્કી કરે ?

સમાધાન :– ઇ માની લીધું છે. મુમુક્ષુ છીએ (એટલે) રોજ એક કલાક આપણે સ્વાધ્યાય કરવો જોઈએ. કેમકે આપણે 'સોનગઢ'વાળા. આપણે તો સ્વાધ્યાયની પરિપાટી છે માટે રોજ આપણે એક કલાક સ્વાધ્યાય કરી લેવો જોઈએ. જોકે એવા તો પાંચ ટકામાં પણ નથી. એવી પરિસ્થિતિ થઈ ગઈ છે.

**'માટે મોટા પુરુષોએ અને તેને લઈને અમે...'** મોટા પુરુષોએ અને મોટા પુરુષોને કારણે અમે **'એવો દઢ નિશ્ચય કર્યો છે કે જીવને સત્સંગ એ જ મોક્ષનું પરમ સાધન છે.'** જીવ જેવો પરિચય કરે છે એવી લગભગ એની માન્યતા થઈ જાય છે. એ પરિસ્થિતિ જોઈને મહાપુરુષોએ પણ એવો નિશ્ચય કર્યો છે, અમે પણ એવો દઢ નિશ્ચય કર્યો છે કે જો મુમુક્ષુએ તરવું હોય તો એને સત્સંગ જેવું બીજું કોઈ સાધન નથી. આ

એમણે પોતાના વિચારનો, અભિપ્રાયનો સરવાળો માર્યો છે.

**'પોતાની સન્માર્ગને વિષે યોગ્યતા જેવી છે, તેવી યોગ્યતા ધરાવનારા પુરુષોનો...'** શું કહે છે ? સત્સંગ કોને કહેવો ? **'પોતાની સન્માર્ગને વિષે યોગ્યતા જેવી છે, તેવી યોગ્યતા ધરાવનારા પુરુષોનો સંગ તે સત્સંગ કહ્યો છે.'** સમાન ગુણીનો સંગ જેને કહેવો છે, સમવિચાર, સમઅભિપ્રાય એવા લોકોનો જે સંગ છે એને સત્સંગ કહ્યો છે. **'મોટા પુરુષના સંગમાં નિવાસ છે, તેને અમે પરમ સત્સંગ કહીએ છીએ...'** એક સત્સંગ અને એક પરમ સત્સંગ. મુમુક્ષુજીવની ભાવના તો પરમ સત્સંગની હોય છે પણ એટલા પુણ્ય ન પણ હોય, તેથી ઓછા-વત્તા પુણ્ય હોય તો એ સત્સંગમાં નિરંતર નિવાસ કરી શકે છે. પોતાના સમવિચારના જીવો હોય એની સાથે પોતે સમાગમ રાખે છે, વિચારોની આપ-લે કરે છે, ચર્ચા-વાર્તા કરે છે અને એ રીતે એ વિષયના ઊંડાણમાં જવાનો પ્રયત્ન કરે છે.

મુમુક્ષુ :– પોતાની યોગ્યતા તપાસવી રહી.

પૂજ્ય ભાઈશ્રી :– જેવી પોતાની સન્માર્ગને વિષે યોગ્યતા છે એવી યોગ્યતા ધરાવનારા બીજા જીવો, એનો સંગ એને સત્સંગ કહેવામાં આવે છે. અને તે પણ એક જ હેતુથી કે સ્વરૂપપ્રાપ્તિ કઈ રીતે થાય ? આ સિવાય પાછો બીજો હેતુ અંદર નહિ. એટલી ચોખ્ખી વાત છે.

**'મોટા પુરુષના સંગમાં નિવાસ છે, તેને અમે પરમ સત્સંગ કહીએ છીએ કારણ એના જેવું કોઈ હિતસ્વી સાધન આ જગતમાં અમે જોયું નથી, અને સાંભળ્યું નથી.'** જોયું પણ નથી અને સાંભળ્યું પણ નથી. આ એમનો આ વિષયની અંદર Full & final – છેલ્લો અભિપ્રાય છે. બહુ લખે છે, આ વિષય ઉપર તો પોતે અવારનવાર ઘણું લખે છે.

**'પૂર્વે થઈ ગયેલા મોટા પુરુષનું ચિંતન કલ્યાણકારક છે; તથાપિ સ્વરૂપસ્થિતિનું કારણ હોઈ શકતું નથી;...'** ભૂતકાળમાં જે મહાપુરુષો થયા એમણે ચિંતન કરીને વાતો પ્રસિદ્ધ કરી હોય, કોઈ ગ્રંથારૂઢ થઈ હોય, Tape માં હોય, અત્યારે Tape નું સાધન એક વધ્યું Video tape નું, બાકી મોટા ભાગે તો પુસ્તક સિવાય તો ભૂતકાળના મહાપુરુષોના ચિંતન અને વચનો એ કાંઈ મળતા નથી, એ તો કલ્યાણકારક છે. ગ્રંથ તરીકે, સદ્‌ગ્રંથ તરીકે એ કલ્યાણકારક છે. તથાપિ સ્વરૂપસ્થિતિનું કારણ હોઈ

શકતું નથી. પરોક્ષ થઈ ગયું ને ! પ્રત્યક્ષ જ નિમિત્ત પડે છે, પરોક્ષ નિમિત્ત પડતું નથી.

ભલે મોટા પુરુષનું ચિંતન છે, એ ચિંતન અનુસાર એમના વચનો છે, એને શાસ્ત્ર કહીએ, સત્શાસ્ત્ર કહીએ તોપણ એ સ્વરૂપસ્થિતિનું કારણ હોઈ શકતું નથી. બહુ સ્પષ્ટ લખે છે. એ વિષયમાં તો એમનો એકદમ સ્પષ્ટ અભિપ્રાય છે, ઘણો સ્પષ્ટ અભિપ્રાય છે. એટલો સ્પષ્ટ અભિપ્રાય બીજે જોવા ન મળે એટલો બધો સ્પષ્ટ અભિપ્રાય છે.

**'કારણ કે જીવે શું કરવું તે તેવા સ્મરણથી નથી સમજાતું.'** પોતાને સીધું માર્ગદર્શન એમાંથી મળે એવું નથી બનતું. માર્ગદર્શનનો વિષય થોડો સૂક્ષ્મ છે. એક જ જીવને એકધારા પરિણામ રહેતા નથી. જો વિચાર કરવામાં આવે તો એક મુમુક્ષુજીવને એકસરખા પરિણામ રહેતા નથી. ત્યારે જે પરિણામને જે ઉપદેશ લાગુ પડે, જે કાળે જે પરિણામને એટલે જેવી યોગ્યતાને જે ઉપદેશ લાગુ પડે તેનો નિર્ણય કોણ કરે ? પોતે તો નિર્ણય કરવા જેટલો શક્તિમાન નથી કે આ કાળે મારી આવી યોગ્યતા છે માટે મને આ પ્રકારનો ઉપદેશ અનુકૂળ પડશે. એ નિર્ણય મુમુક્ષુજીવ પોતે કેવી રીતે કરશે ? એટલા માટે એને એ ચિંતન છે એનાથી એણે શું કરવું એ નથી સમજાતું, એમ લખ્યું ને ? કે **'જીવે શું કરવું તે તેવા સ્મરણથી નથી સમજાતું.'** એનું કારણ આ છે.

કોઈક જ જીવ એટલી બધી સૂક્ષ્મ દૃષ્ટિએ અંતર સંશોધનવૃત્તિમાં હોય છે કે જે જ્યારે જ્યારે જે જે ગ્રંથ વાંચે ત્યારે તે તે ગ્રંથમાંથી મને ક્યા પ્રકારની યોગ્યતામાં ક્યો ઉપદેશ નિમિત્ત છે એનું એ લક્ષ કરી શકે. વર્તમાનમાં શું ઉપયોગી છે એનું લક્ષ કરી શકે અને બીજી બીજી કક્ષાનો ઉપદેશ આવે ત્યારે મારી આવી દશા હોય ત્યારે મને આ કામમાં આવે એવી ચીજ છે, આવી પરિસ્થિતિમાં મને આ ચીજ કામમાં આવે એવી છે. એટલો બધો વિચારક હોય એવા કોઈક જ જીવ હોય છે. અને એવા જીવો થોડો વિકાસ કરી શકે છે, મુમુક્ષુતામાં આગળ વધી શકે છે, એવું બને છે તોપણ સ્વરૂપસ્થિતિ માટે જો સંસ્કાર ન લીધા હોય તો પ્રત્યક્ષ સત્પુરુષ સિવાય ગ્રંથનું નિમિત્તત્વ હોઈ શકતું નથી, એમ થઈ શકતું નથી, એ વસ્તુસ્થિતિ છે.

**'પ્રત્યક્ષજોગે વગર સમજાવ્યે પણ સ્વરૂપસ્થિતિ થવી સંભવિત માનીએ છીએ,...'**

પ્રત્યક્ષયોગમાં તો આટલો બધો ફરક છે. પ્રત્યક્ષયોગમાં પણ સત્પુરુષ ઉપદેશ આપે છે પણ કોઈ વખતે પ્રત્યક્ષયોગમાં તો વગર સમજાવ્યે પણ (બોધ મળે છે). એવી એમની શાંત મુદ્રા હોય છે, એવા એમના મન-વચન-કાયાના યોગમાં પણ જાગૃત ચૈતન્યની ચેષ્ટા વ્યક્ત થતી હોય છે. (પરંતુ જોવાની) દૃષ્ટિ હોવી જોઈએ. તો **'વગર સમજાવ્યે પણ સ્વરૂપસ્થિતિ થવી સંભવિત માનીએ છીએ.'** એક ગ્રંથની અંદર સત્પુરુષના જ ઉપદેશાત્મક વચનો છે છતાં એ સ્વરૂપસ્થિતિમાં નિમિત્ત થતું નથી. બીજી જગ્યાએ વગર વચનની માત્ર મુદ્રા–મૌનમુદ્રા હોય છે (તો ત્યાં) વગર સમજાવ્યે સ્વરૂપસ્થિતિ થવી સંભવિત માનીએ છીએ. આવી વાત છે.

મુમુક્ષુ :– ન સમજાય એવો વિષય છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, એવી વાત છે. આવશે, એ વિષય પોતે ક્યાંક ક્યાંક ચર્ચે છે અને બહુ અસાધારણ રીતે એ વિષય એમણે વ્યક્ત કર્યો છે. શાસ્ત્રોમાં ગોતવા જાઓ તો એવો વિષય ન મળે એવી ઘણી વાતો એમણે પોતાના સ્વાનુભવથી પત્રોની અંદર પ્રસિદ્ધ કરીને મૂકી છે.

મુમુક્ષુ :– અહીંથી સાંભળીને બીજા ભવમાં ગયો હોય...

પૂજ્ય ભાઈશ્રી :– સંસ્કાર લઈને ગયો હોય તે જ (પામે છે). સંસ્કાર લઈને ગયા હોય તે જ પામે, બીજા કોઈ ન પામે. તિર્યંચગતિમાં પણ સંસ્કાર લઈને ગયા હોય એ જ પામે, દેવગતિમાં પણ બહુભાગ એમ જ છે. દેવગતિમાં તો જ્ઞાનીઓ જાય છે એટલે કોઈનો સમાગમ થવા યોગ્ય છે. પણ મિથ્યાદૃષ્ટિ દેવો તો ઉપરના દેવલોકમાં જાય ઓછા, બહુભાગ તો નીચેના દેવલોકમાં જાય. એટલે લગભગ તો કોઈ પામતું નથી પણ કોઈ પામે તો એવી રીતે પામે કે એને પ્રત્યક્ષ નિમિત્ત મળે તો (પામે). તીર્થંકરાદિના સમવસરણમાં જાય, એવી રીતે કોઈ એવો પુણ્યયોગ હોય અને પોતાની યોગ્યતા હોય તો મેળ ખાય, બાકી તો જેમ અત્યારે પૈસાવાળાને ફુરસદ નથી એના કરતાં વધારે ખરાબ માનસિક સ્થિતિ દેવલોકની છે. કેમકે અહીંના પૈસાવાળા લોકો કરતાં એ લોકો ઘણા વધારે તીવ્ર રસથી પરિગ્રહમાં પડેલા છે. અને લોભનો ઉદય પણ બહુ મોટો છે. આ લોકોને પૈસાવાળાને અત્યારે જે લોભનો ઉદય છે એના કરતાં એ લોકોને લોભનો ઉદય હજારોગણો વધારે છે. એટલે એ પરિણામમાંથી છૂટવું, બહાર નીકળવું એ લગભગ જીવને વશ નથી હોતું. એટલે પરવશ જેવો જ

થઈ ગયો હોય છે. જ્ઞાનીઓ તો એવી મિથ્યાત્વની દશાને મૂર્છિતદશા કહે છે, મૂર્છિતદશા કહે છે. આ તો બધા મડદાં જ છે, આ બધા જીવે છે ક્યાં ? આ તો બધા મડદાં જ છે, એમ જ જોવે છે એ તો. ઉદયની અંદર એવા એ ગૂંચવાઈ ગયેલા છે કે ક્યાં એનું સાક્ષાત્ સિદ્ધપદ પરમ સ્વરૂપ ! અને ક્યાં ઈ દશા ! બન્નેની સરખામણી જોઈને એ તો મડદાં જ જોવે છે એને ! આખી નજર જ જુદી છે.

પ્રશ્ન :– સંસ્કાર પામ્યો ઇ કોને કહેવાય ?

સમાધાન :– સંસ્કારમાં તો એવું છે કે એવી કોઈ તીવ્ર રુચિના કાળમાં અંદરમાં અધ્યાત્મતત્ત્વ એવું રુચિ જાય છે, એને ખબર ન પણ પડે. પોતાને ખબર ન પડે, બીજાને તો ક્યાંથી ખબર પડે ? એને પણ ખબર ન હોય કે સંસ્કાર પડી ગયા છે. પણ અધ્યાત્મતત્ત્વની ઘણી રુચિ હોય ત્યારે સંસ્કાર પડી જાય છે. એવી વાત છે. બે પ્રકાર છે. કાં તો સ્વરૂપનિશ્ચય સુધી પહોંચે તો નિયમબદ્ધ સંસ્કાર પડી જાય છે. અને એને તો કાંઈ પ્રશ્ન જ નથી, જેને સ્વરૂપનિશ્ચય થઈ ગયો એને તો સ્પષ્ટ અનુભવાંશે વિશ્વાસ આવ્યો છે. એટલે એને તો કાંઈ પ્રશ્ન નથી રહેતો કે હવે સ્વરૂપ મારાથી દૂર છે. કેમકે પોતાસ્વરૂપે ભાસ્યું છે. જે નિજપદ છે, પરમેશ્વરપદ છે એ તો પોતાસ્વરૂપે ભાસ્યું છે. એને તો સંસ્કારનો વિકલ્પ પણ નથી કે સંસ્કાર પડ્યો હશે કે નહિ ? એને તો નિયમથી એટલો બધો (સંસ્કાર) પડી જાય છે કે એને એ વિકલ્પ ઊઠવાનો પણ સવાલ નથી. પણ એ સિવાય પણ કોઈ કોઈ જીવને અધ્યાત્મતત્ત્વની તીવ્ર રુચિ હોય તો સંસ્કાર પડી જાય છે. એવું બને છે. પણ એ આશાએ રહેવું નહિ.

મુમુક્ષુએ એ વિકલ્પમાં રહેવું નહિ કે મને સંસ્કાર પડી જાય તો સારું. એણે તો એટલું જોર કરવું જોઈએ કે અનંતકાળે જો મનુષ્યભવ મળ્યો છે તો હવે એક વખત તો સોયમાં દોરો પરોવાઈ જવો જોઈએ કે એ સોય ખોવાય તોપણ જડ્યા વિના રહે નહિ. એણે તો એટલી તૈયારી રાખવી જોઈએ.

પ્રશ્ન :– સંસ્કારના આધારે રહે તો બળ ઘટી જાય ?

સમાધાન :– હા, બળ ઘટી જાય. સંસ્કારને યોગ્ય પણ ન રહે એવી પરિસ્થિતિ થઈ જાય. એટલા માટે એ વિચાર કરવા જેવો નથી. એ તો એક જાણવાનો વિષય છે એ કોઈ નિર્ણય કરવાનો વિષય નથી કે આપણે સંસ્કાર મેળવી લઈએ, એવો

નિર્ણય કરવાનો વિષય નથી.

મુમુક્ષુ :– બહુ હતાશા આવી જાય ત્યારે એવો વિચાર કરે.

પૂજ્ય ભાઈશ્રી :– પણ એના કરતાં જરાક ઉત્સાહ લાવીને, ઉત્સાહિત થઈને સ્વરૂપનું પ્રત્યક્ષ દર્શન કરી જ લેવું છે. અનંતકાળે આ તક મળી છે તો જવા દેવી નથી. એ જોર કાયમ રાખવું. અને તો હજી સંસ્કાર પડવા હોય તો પડે. બાકી પેલી જે ઢીલપ છે એમાં તો (સંસ્કાર પણ પડવાનો પ્રશ્ન રહેતો નથી).

પ્રત્યક્ષ સત્પુરુષના યોગની કેવી સરસ વાત લીધી છે કે **'પ્રત્યક્ષજોગે વગર સમજાવ્યે પણ સ્વરૂપસ્થિતિ થવી સંભવિત માનીએ છીએ, અને તેથી એમ નિશ્ચય થાય છે કે તે જોગનું અને તે પ્રત્યક્ષ ચિંતનનું ફળ મોક્ષ હોય છે. કારણ કે મૂર્તિમાન મોક્ષ તે સત્પુરુષ છે.'** સત્પુરુષને મૂર્તિમાન મોક્ષ લીધા છે. જીવ ભક્તિમાં ન્યૂનતા ન કરે એટલા માટે એટલી બધી વાત લઈ લીધી છે કે એ તો મૂર્તિમાન મોક્ષ જ છે.

'પ્રવચનસાર'માં 'અમૃતચંદ્રાચાર્યદેવે' છેલ્લી ગાથાઓ–પંચરત્નનું અવતરણ કર્યું ત્યાં એવો સંકત કર્યો છે. ત્યાં એવી ગાથા લીધી કે ભાવલિંગી સંત છે એને અમે મોક્ષતત્ત્વ કહીએ છીએ. ગાથાનું મથાળું એ બાંધ્યું કે હવે મોક્ષતત્ત્વનું નિરૂપણ કરીએ છીએ. એમાં છદ્મસ્થ લીધા છે, ભાવલિંગી મુનિ, એને મોક્ષતત્ત્વ કહ્યું છે. અને એ જ વિષય 'પદ્મપ્રભમલધારીદેવે' પોતાના એક કળશમાં લીધો છે કે, જો સર્વજ્ઞ વીતરાગ પરમેશ્વર અને ભાવલિંગી મુનિમાં અમે જો ફેર માનીએ તો અમે જડબુદ્ધિ છીએ. એટલી બધી કડક (ભાષા લીધી છે), એમની તો ભાષા જ બહુ કડક છે. 'નિયમસાર'ની અંદર પહેલેથી જ બહુ તીખી ભાષા છે. તીખી ભાષા છે એટલે આમ તો એમની દશા બહુ તીખી છે. દશા અનુસાર ભાષાને મેળ છે ને ! એટલે એવો જો વિકલ્પ અમને ઊઠે તો અમે જડબુદ્ધિ છીએ, એવો વિચાર આવે તો એ મતિ જડ થઈ ગઈ છે, એમ કહે છે. એવી વાત છે.

**'કારણ કે મૂર્તિમાન મોક્ષ તે સત્પુરુષ છે.'** એમના પ્રત્યક્ષયોગનું ફળ પણ મોક્ષ છે કારણ કે એ પોતે જ મોક્ષસ્વરૂપે થયા છે. **'મોક્ષે ગયા છે એવા (અર્હંતાદિક) પુરુષનું ચિંતન ઘણા કાળે ભાવાનુસાર મોક્ષાદિક ફળદાતા હોય છે.' 'મોક્ષે ગયા છે એવા (અર્હંતાદિક) પુરુષનું ચિંતન...'** આ દ્રવ્ય-ગુણ-પર્યાયથી (અર્હંતને ઓળખે). ('પ્રવચનસાર' ની) ૮૦ મી ગાથા આવે છે ને ? **'ઘણા કાળે ભાવાનુસાર...'** બે શબ્દ

લીધા – 'ઘણા કાળે' અને 'ભાવ અનુસાર'. **'મોક્ષાદિક ફળદાતા હોય છે. સમ્યક્ત્વ પામ્યા છે એવા પુરુષનો નિશ્ચય થયે અને જોગ્યતાના કારણે...'** નિશ્ચય થયે અને યોગ્યતાને કારણે, નિમિત્ત અને ઉપાદાન બન્ને (લીધા). **'જીવ સમ્યક્ત્વ પામે છે.'** જીવને સમ્યગ્દર્શન થવાની ત્યાં પરિસ્થિતિ છે. એ ૨૪૯ (પત્રમાં) ઘણી ઘણી વાતો લઈ લીધી છે. સત્સંગનું મહત્ત્વ વિશેષપણે આ પત્રની અંદર પણ સ્થાપિત કર્યું છે.

**પત્રાંક-૨૫૦**

**મુંબઈ, જેઠ સુદ ૧૫, રવિ, ૧૯૪૭**

**ભક્તિ પૂર્ણતા પામવાને યોગ્ય ત્યારે થાય છે કે**
**એક તૃણમાત્ર પણ હરિ પ્રત્યે યાચવું નહીં,**
**સર્વદશામાં ભક્તિમય જ રહેવું.**

**ગઈ કાલે એક પત્તું અને આજે એક પત્ર ચિ. કેશવલાલ તરફથી મળ્યું. વાંચીને કંઈક તૃષાતુરતા મટી. અને ફરી તેવા પત્ર પ્રત્યેની આતુરતા વર્ધમાન થઈ.**

**વ્યવહારચિંતાથી અકળામણ આવતાં, સત્સંગના વિયોગથી કોઈ પ્રકારે શાંતિ નથી હોતી એમ આપે લખ્યું તે યોગ્ય જ છે. તથાપિ વ્યવહારચિંતાનું અકળામણ તો યોગ્ય નથી. સર્વત્ર હરિઇચ્છા બળવાન છે, એ દઢ કરાવવા માટે હરિએ આમ કર્યું છે, એમ આપે નિઃશંકપણે સમજવું; માટે જે થાય તે જોવું; અને પછી જો આપને અકળામણ જન્મ પામે, તો જોઈ લઈશું. હવે સમાગમ થશે ત્યારે એ વિષે વાતચીત કરીશું. અકળામણ રાખશો નહીં. અમે તો એ માર્ગથી તર્યા છીએ.**

**ચિ. કેશવલાલ અને લાલચંદ અમારી પાસે આવે છે. ઈશ્વરેચ્છાથી ટગમગ ટગમગ જોઈએ છીએ. ઈશ્વર જ્યાં સુધી પ્રેરે નહીં ત્યાં સુધી**

**અમારે કંઈ કરવું નહીં, અને તે વગર પ્રેર્યે કરાવવા ઈચ્છે છે. આમ હોવાથી ઘડી ઘડીમાં પરમાશ્ચર્યરૂપ દશા થયા કરે છે. કેશવલાલ અને લાલચંદે અમારી દશાના અંશની પ્રાપ્તિની ઇચ્છા કરવી, એ વાત વિષે પ્રેરણા રહે છે. તથાપિ એમ થવા દેવામાં ઈશ્વરેચ્છા વિલંબવાળી હશે. જેથી તેમને આજીવિકાની ઉપાધિમાં મુઝવ્યા છે. અને એને લઈને અમને પણ મનમાં રહ્યા કરે છે; પણ નિરુપાયતાનો ઉપાય હાલ તો નથી કરી શકાતો.**

**છોટમ જ્ઞાની પુરુષ હતા. પદની રચના બહુ શ્રેષ્ઠ છે.**

**સાકારરૂપે હરિની પ્રગટ પ્રાપ્તિ એ શબ્દને પ્રત્યક્ષ દર્શન ઘણું કરીને લખું છું. આપને જ્ઞાનની આગળ જતાં વૃદ્ધિ થશે.**

**લિ. આજ્ઞાંકિત રાયચંદ**

૨૫૦ (પત્ર), ૨૫૦મો પત્ર 'સોભાગભાઈ' ઉપર છે. '**ભક્તિ પૂર્ણતા પામવાને યોગ્ય ત્યારે થાય છે કે એક તૃણમાત્ર પણ હરિ પ્રત્યે યાચવું નહીં,...**' યાચના ઉપર (વાત કરી છે). એ પોતે ભક્તિવાન હતા, બીજી બાજુથી યાચના રહેતી હતી. એટલે એમની સામે કાયમ માટે એ સિદ્ધાંત મૂકે છે કે '**ભક્તિ પૂર્ણતા પામવાને યોગ્ય ત્યારે થાય છે કે એક તૃણમાત્ર પણ હરિ પ્રત્યે યાચવું નહિ,...**' જરાપણ અપેક્ષાબુદ્ધિથી ભક્તિ નહિ થવી જોઈએ. નિઃસ્પૃહભક્તિ એ જ ખરી ભક્તિ છે, અપેક્ષા રહે તો સમજવું કે એ ભક્તિ નથી. ખરેખર તો એ Bargaining છે, સોદો કરવાની વાત છે કે હું આટલી ભક્તિ કરું (તો) મને સામે આટલું મળવું જોઈએ.

મુમુક્ષુ :– બીજું કાંઈ નહિ પણ પુણ્ય તો બંધાશે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, પુણ્ય તો બંધાશે, કાંઈક તો લાભ થશે. ભક્તિ કરીએ છીએ, પૂજા કરીએ છીએ તો કાંઈક તો એનું ફળ આવશે. ગયો તું. એ જ પાપના પરિણામ છે, ખરેખર તો એ અભિપ્રાય પણ પાપનો છે.

મુમુક્ષુ :– નિઃકાંક્ષિત અંગમાં બાધા પહોંચે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, આ તો મુમુક્ષુને પણ. નિઃકાંક્ષિત અંગ તો સમ્યગ્દૃષ્ટિને હોય છે. સમ્યગ્દૃષ્ટિને તો એવી ભક્તિ હોતી જ નથી, પ્રશ્ન જ નથી. પણ મુમુક્ષુ છે એ ભૂલ કરે છે. ખાસ કરીને એને માર્ગદર્શન મળે છે.

અને **'સર્વ દશામાં ભક્તિમય જ રહેવું.'** એવી નિઃસ્પૃહ ભક્તિમય દશામાં સદાય રહેવું.

પ્રશ્ન :– ભક્તિમય રહેવું એટલે શું ?

સમાધાન :– ભક્તિમય એટલે બહુમાન. ઓળખીને બહુમાન કરવું, થવું એનું નામ ભક્તિ છે, એમ છે. એક તો શું છે કે ભક્તિવાળાને સ્વચ્છંદ નથી થતો, અભિમાન નથી થતું. આ બે મોટા દોષથી જીવ બચે છે.

પ્રશ્ન :– ભક્તિમય રહેવું એટલે ઉપયોગ આત્મામાં જ રાખવો ?

સમાધાન :– ભક્તિમય એટલે ભાવનામય રહેવું, સ્વરૂપપ્રાપ્તિની ભાવનામાં રહેવું. સ્વરૂપનું બહુમાન રાખવું.

**'ગઈ કાલે એક પત્તું અને આજે એક પત્ર ચિ. કેશવલાલ તરફથી મળ્યું.'** આ 'કેશવલાલ' એમના – 'સોભાગભાઈ'ના દીકરા હોવા જોઈએ. **'વાંચીને કંઈક તૃષાતુરતા મટી. અને ફરી તેવા પત્ર પ્રત્યેની આતુરતા વર્ધમાન થઈ.'** 'સોભાગભાઈ'ના પત્રનો વિષય પણ એમને બીજા મુમુક્ષુઓ કરતાં વધારે પસંદ પડે છે.

**'વ્યવહારચિંતાથી અકળામણ આવતાં, સત્સંગના વિયોગથી કોઈ પ્રકારે શાંતિ નથી હોતી એમ આપે લખ્યું તે યોગ્ય જ છે.'** વ્યવહાર તરફના એટલે ઉદય તરફના પરિણામો આકુળતાજનક છે અને સત્સંગના વિયોગને લઈને કોઈ પ્રકારે શાંતિ થતી નથી. જો સત્સંગ મળે તો કાંઈક શાંતિ થાય, એમ આપે લખ્યું તે યોગ્ય જ છે. **'તથાપિ વ્યવહારચિંતાની અકળામણ તો યોગ્ય નથી.'** વ્યવહારમાં તમને પ્રતિકૂળતા છે અને એ પ્રતિકૂળતાના નિમિત્તે અકળામણ થાય છે માટે એ યોગ્ય નથી.

**'સર્વત્ર હરિઇચ્છા બળવાન છે, એ દઢ કરાવવા માટે હરિએ આમ કર્યું છે, એમ આપે નિઃશંકપણે સમજવું;...'** હરિ એટલે અહીં કુદરત લેવું. કુદરતે જે પ્રકારની પરિસ્થિતિ ઊભી થાય એ પરિસ્થિતિ યોગ્ય જ છે અને એ પરિસ્થિતિ યોગ્ય જ છે એવું દઢ રહે એટલા માટે જ આ વાત ઊભી થઈ છે. મારી દઢતા માટે કુદરતે

આ પરિસ્થિતિ ઊભી કરી છે એમ વિચારી લેવું. એટલે તમને ક્યાંય અસમાધાન કે આકુળતા નહિ થાય.

આપણે ત્યાં એ પ્રસંગ બહુ મોટો બન્યો હતો. 'ગુરુદેવશ્રી'ના તે વખતના વચનો છે એ મુમુક્ષુને બહુ બોધ મળે એવા વિચારવા જેવા છે. અહીંયાં પ્રતિષ્ઠા થઈ ત્યારે ચોથે દિવસે રાત્રે Fire થઈ ગઈ હતી. બધા ગભરાઈ ગયા હતા. રાત્રે ત્રણ વાગે આગ લાગી ગઈ હતી. પરોઢિયે પાંચ વાગે 'ગુરુદેવ' પાસે ગયા. (તો કહે) એમ થવાનું હોય તો એમ થાય. પછી 'શ્રીકૃષ્ણ'ને યાદ કર્યા કે 'શ્રીકૃષ્ણ' જેવા સમર્થ પુરુષ હતા, ત્રણ ખંડના ધણી વાસુદેવ હતા તોપણ 'દ્વારકા' સળગી હતી. 'દ્વારકા' સળગી એમાં એમના કુટુંબનો તો નાશ થઈ ગયો, આખું કુટુંબ તો સ્વાહા થઈ ગયું પણ એમણે તો એની અંદર અનેક જિનમંદિરો બાંધેલા હતા. મોટા મોટા જિનાલયો એની અંદર બાંધેલા હતા. એ બધા બળીને ખાક થઈ ગયા. પ્રતિમાજીનો કોયલો થઈ જાય.

મુમુક્ષુ :– માયાથી બનાવેલું હતું.

પૂજ્ય ભાઈશ્રી :– ભલે માયાથી બનાવેલું હોય કે વગર માયાથી બનાવેલું હતું પણ બનાવેલું હતું એ કાંઈ ખોટું નહોતું. એ તો પુણ્યયોગ હતો, એવો પણ એ જાતનો એક પુણ્યયોગ હોય છે. ત્યાં પુદ્‌ગલો નથી હોતા એમ નથી. ખાલી દેખાવ હોય છે એમ નથી હોતું. પણ એ પોતે મંત્રથી રચના કરે છે. ત્યાં કડિયા ને સુતાર નથી બોલાવવા પડતા એની અંદર એટલી વાત છે. બાકી ત્યાં પુદ્‌ગલો નથી હોતા, મૂર્તિ નથી હોતી ને મૂર્તિ દેખાય છે, મંદિર નથી હોતું અને મંદિર દેખાય છે એવી કાંઈ માયા નથી હોતી. એ તો ત્યાં રીતસર વસ્તુ જ હોય છે.

આ જેમ સમવસરણ રચાય છે એટલે એ કાંઈ ચીજ જ નથી એવું કાંઈ નથી. માયામાં પણ શું છે કે ભ્રમ છે. એવું નથી. છતાં જિનમંદિરોનો નાશ થઈ જાય છે. ઇચ્છે નહિ કોઈ મુમુક્ષુ કે આવું બને. પણ છતાં કાળના યોગે એવું બને છે તો એ વખતે પણ એ મહાપુરુષો હોય છે એ પોતાની શાંતિ ગુમાવતા નથી. જરાપણ વિચલિત થતાં નથી. એમ કે આવા સમર્થ પુરુષ હતા તોપણ આવું બનેલું, એમ. એટલે ગમે ત્યારે આવું બની શકે છે. એમાં કોઈ પરિણામમાં અશાંતિ નહિ કરવી જોઈએ, એમ.

કહેવાનો મતલબ એ હતો. પરિણામમાં અશાંતિ નહિ થવી જોઈએ.

(અહીંયાં) શું કહે છે ? **'વ્યવહારચિંતાની અકળામણ તો યોગ્ય નથી.'** અકળામણ એટલે અશાંતિ. **'સર્વત્ર હરિઇચ્છા બળવાન છે, એ દઢ કરાવવા માટે હરિએ આમ કર્યું છે, એમ આપે નિઃશંકપણે સમજવું;...'** બીજે જ દિવસે સવારે આપણે આહારદાનનો પ્રસંગ હતો. પંચકલ્યાણકમાં મુનિરાજને આહારદાનનો પ્રસંગ હતો, દીક્ષાકલ્યાણક અને આહારદાન. ત્યાં 'પીલ ગાર્ડન'ની અંદર પ્રવચન હતું. બહુ વૈરાગ્યવાળુ પ્રવચન આવ્યું હતું. જેણે સાંભળ્યું હશે (એને ખ્યાલ હશે). 'ગુરુદેવ'ને એટલો વૈરાગ્ય હતો. એક તો બરાબર રાત્રે પ્રસંગ બન્યો એમાં મુનિદશાનો પ્રસંગ હતો. 'અપૂર્વ અવસર' ઉપર પ્રવચન ચાલ્યું હતું. 'અપૂર્વ અવસર'ની એક-બે કડી ઉપર ઘણા વૈરાગ્યથી (પ્રવચન આવ્યું હતું). **'માટે જે થાય તે જોવું; અને પછી જો આપને અકળામણ જન્મ પામે, તો જોઈ લઈશું.'** જે થાય તે જોવું, જે થાય તે જોવું એમાં અકળામણ નહિ થાય. છતાં અકળામણ થાય તો જોઈ લઈશું. એટલે કે પછી અકળામણ નહિ થાય એવી કોઈ વાત પણ તમને એ વખતે કહી શકશું.

**'હવે સમાગમ થશે ત્યારે એ વિષે વાતચીત કરીશું.'** પ્રત્યક્ષ સમાગમમાં આ વિષયમાં થોડી વાતચીત કરશું. **'અકળામણ રાખશો નહીં. અમે તો એ માર્ગથી તર્યા છીએ.'** અકળામણ રાખવા જેવી નથી અને જ્યારે જ્યારે પ્રતિકૂળતાઓ જેવું ઊભું થાય છે ત્યારે અમે તો એ માર્ગથી તર્યા છીએ. એ નિમિત્ત પડ્યું છે. અમને તરવામાં એવી પ્રતિકૂળતાના પ્રસંગો જ અમને નિમિત્ત પડ્યા છે. અમે તો કુદરતી એ રીતે તર્યા છીએ. સામાન્ય રીતે યોગ્યતાનો આ જ પ્રકાર છે.

મુમુક્ષુતાથી માંડીને ઉપરની જેટલી વર્ધમાન થયેલી દશા હોય એ બધી યોગ્યતાવાળી દશાનો આ નિયમ છે કે જ્યારે જ્યારે પ્રતિકૂળતા આવે ત્યારે જીવ વધુ પુરુષાર્થ કરી અને પોતે પોતાના માર્ગની અંદર વિકાસ સાધી લ્યે છે, આગળ વધી જાય છે. આ એક યોગ્યતાનું લક્ષણ છે, ચિહ્ન છે. પૂજ્ય 'બહેનશ્રીના વચનામૃત'માં બાળકના દૃષ્ટાંતે એ વાત આવે જ છે ને ! કે ગિરદીમાં બાળક છે એ પોતાની માતાના સાડલાનો છેડો વધારે મજબૂતાઈથી પકડે છે. ખ્યાલ આવી ગયો કે આ ગિરદી છે અને હું છૂટો પડી જઈશ, તો એ વખતે જરા વધારે મજબૂતાઈથી પકડી લ્યે છે.

એમ મુમુક્ષુજીવ જ્યારે પણ સંયોગની ભીંસ ઊભી થાય ત્યારે વિશેષ પુરુષાર્થવંત બને છે. એ જ યોગ્યતાનું લક્ષણ છે. જો એ વખતે પોતાના પરિણામ બગાડી બેસે તો એ અયોગ્યતાનું લક્ષણ છે, એમ નક્કી કરવું જોઈએ.

એ પોતાની સાક્ષી મૂકી છે કે તમે **'અકળામણ રાખશો નહીં. અમે તો એ માર્ગથી તર્યા છીએ.'** આગળ કહ્યું ને કે મુમુક્ષુજીવને આ કાળમાં પ્રતિકૂળતા આવવી એ તો તરવા બરાબર છે. આપણે એ પત્ર આવી ગયો. એ તો એને તરવાનું નિમિત્ત થાય છે. એટલે એણે એ વાતને હંમેશા આવકારવી. એનાથી ગભરાવું કે એનાથી ભય પામવો એ તો નહિ થવું જોઈએ પણ એને ઊંડે ઊંડે અભિપ્રાયમાં એ વાત હોવી જોઈએ કે આ મને તરવાનું નિમિત્ત થશે. ભલે કોઈ પણ પ્રસંગ ઉત્પન્ન થાઓ, એ પ્રસંગ આવો, હું એને આવકારું છું. એવી એની લાઇન જુદી જ છે, આ અલૌકિક લાઇન છે !

**'ચિ. કેશવલાલ અને લાલચંદ અમારી પાસે આવે છે.'** 'સોભાગભાઈ'ના દીકરા હશે કારણ કે 'ચિરંજીવી' શબ્દ વાપરે છે. આગળ પણ (લખ્યું છે કે) ચિ. કેશવલાલ તરફથી પત્ર મળ્યું. એ વખતે દીકરાઓ મુંબઈમાં હશે.

**'ઈશ્વરેચ્છાથી ટગમગ ટગમગ જોઈએ છીએ.'** અત્યારે અમારે કાંઈ કોઈને પ્રેરણા આપવી, કોઈને ઉપદેશ આપવો એ પ્રકારની વૃત્તિ નથી એટલે જ્ઞાતા-દૃષ્ટા થઈને જોયા કરીએ છીએ. શું ચાલે છે એ જોયા કરીએ છીએ. એ પણ ઈશ્વરેચ્છાથી એટલે કુદરતી એવા જ પરિણામનો પ્રકાર રહે છે. **'ઈશ્વર જ્યાં સુધી પ્રેરે નહીં ત્યાં સુધી અમારે કંઈ કરવું નહીં,...'** કુદરતી જે થાય, કુદરતી પ્રેરણા થાય એ સિવાય કાંઈ કરવું નહિ. **'અને તે વગર પ્રેર્યે કરાવવા ઇચ્છે છે.'** ક્યારેક ક્યારેક તો ઈશ્વર ઉપર, કુદરત ઉપર પણ પોતે ઘા કરી દ્યે છે. અમારી તો એવી ઇચ્છા છે કે કુદરતી જે બનવું હોય તે બને, પણ કોઈવાર કુદરત વગર પ્રેરણા આપ્યે કાંઈક અમારી પાસે કરાવવા ઇચ્છતી હોય એવું પણ બની જાય છે, એમ લાગે છે. પોતાના અભિપ્રાય વિરુદ્ધ પણ કોઈ પરિણામ થઈ જાય છે ત્યારે એમ લાગે છે કે પ્રેરણા વગર પણ કાંઈક કરાવવા ઇચ્છે છે.

**'આમ હોવાથી ઘડી ઘડીમાં પરમાશ્ચર્યરૂપ દશા થયા કરે છે.'** એટલે નહિ ધારેલી

કોઈ શુદ્ધતા, નિર્મળતા એવી દશા પોતે અનુભવ કરે છે. એ નહિ ધારેલી પરમ આશ્ચર્યરૂપ દશા થયા કરે છે. **'કેશવલાલ અને લાલચંદે અમારી દશાના અંશની પ્રાપ્તિની ઇચ્છા કરવી, એ વાત વિષે પ્રેરણા રહે છે. તથાપિ એમ થવા દેવામાં ઈશ્વરેચ્છા વિલંબવાળી હશે.'** બે દીકરાઓને મોકલ્યા છે અને એમ કે તમે સત્સમાગમ કરો. કોઈ કામસર મોકલ્યા હશે. જ્યારે તમે 'મુંબઈ' જાઓ જ છો તો તમે વિશેષપણે સમાગમમાં રહેજો અને એમની જે દશા છે એવી દશા પ્રાપ્ત કરવા જેવી છે. એવી કોઈ સૂચના 'સોભાગભાઈ'એ કરી હશે એટલે એનો સંકેત હશે. તો કહે (છે), અમને કાંઈ વાંધો નથી. અમારી દશાના અંશની પ્રાપ્તિ થાય એ વાત ઠીક છે. અને એ તો જ્ઞાની કોઈ પણ જીવ માટે ઇચ્છે છે કે બધા જ જીવો સુખી થાય. નજીકમાં આવેલા માટે તો કાંઈ પ્રશ્ન હોતો નથી. પણ **'એમ થવા દેવામાં ઈશ્વરેચ્છા વિલંબવાળી હશે.'** એટલે એમની યોગ્યતા હજી અમને દેખાતી નથી કે તાત્કાલીક એમને કાંઈ લાભ થાય એવી કોઈ યોગ્યતા અમને કાંઈ જોવામાં આવતી નથી. એટલે બધી ગૂઢ ભાષામાં જ વાત લખે છે. ઈશ્વરેચ્છા એમ લાગે છે કે આમાં કાંઈક હજી એમને વિલંબ છે. એટલે એ તો અમુક દશાના ચિહ્ન ઉપરથી સમજી લ્યે છે કે અત્યારે આમને કોઈ આ વાત ચોંટે એવું દેખાતું નથી.

**'જેથી તેમને આજીવિકાની ઉપાધિમાં મુઝવ્યા છે.'** કોણે ? ઈશ્વરે. એમની આર્થિક સ્થિતિ તો બરાબર નહોતી એટલે આવ્યા હશે કોઈ કારણસર, કોઈ કામસર. એટલે કે બે કામ થઈ ગયા ને એકસાથે ! એક તો કોઈ આર્થિક કારણથી પણ આવવાનું થયું, સાથેસાથે સત્સમાગમથી સત્પુરુષનો લાભ લેવો કે જેથી કાંઈક આત્મામાં ફાયદો થાય. તો કહે (છે), એમને તો ઈશ્વરે અત્યારે આજીવિકાની ઉપાધિમાં મૂંઝવ્યા છે. તીવ્ર રસ એ બાજુનો હોય ત્યાં આ વાત ક્યાંથી સ્પર્શે ? એમ. એટલે અત્યારે તો એ કાંઈ દેખાતું નથી. એમને તો આજીવિકાની ઉપાધિમાં મૂંઝવ્યા છે, ઈશ્વરે એમને અત્યારે ગૂંચવ્યા છે.

**'અને એને લઈને અમને પણ મનમાં રહ્યા કરે છે;...'** કે આ એક બાજુથી આવી રીતે અહીં આવી શક્યા છે તો બીજી બાજુથી બીજી ઉપાધિમાં પડ્યા છે. ઘણીવાર એવું બને કે આમને વિકલ્પ હોય કે આ વખતે આવે તો સારું, કાંઈક કહેવાનો ભાવ

છે. પેલા એ જ વખતે એમ કહે કે મારે જરાક ફલાણું કામ છે ને એટલે હું નહિ આવી શકું. કુદરતી યોગ હોય એ યોગ અયોગ જેવું થઈ જાય કે અહીંયાં કાંઈક આમને ભાવ આવે ત્યારે પેલાને એ જ વખતે કાંઈક કામ સૂઝે અને પરિસ્થિતિ એવી હોય કે એને ગયા વગર છૂટકો થાય નહિ.

પ્રશ્ન :– ઈશ્વરે એમને મૂઝવ્યા છે એમ કેમકેહેવાય ?

સમાધાન :– ઈશ્વરે એમને મૂઝવ્યા છે એટલે કુદરતે એમને એવી પરિસ્થિતિમાં રાખ્યા છે કે એમની પોતાને જે ચાલુ આર્થિક સ્થિતિ છે એની મૂંઝવણ રહ્યા કરે છે.

મુમુક્ષુ :– ઈશ્વરકર્તાપણું લેવાય ?

પૂજ્ય ભાઈશ્રી :– એ તો એ જાતની માન્યતા ધરાવતા હતા. એટલે એને એની ભાષામાં વાત કરે છે. નાનો છોકરો લાકડીને ઘોડો બનાવીને ઘરમાં ફરતો હોય તો સીત્તેર વર્ષના એના દાદા એને એમ કહે કે એય છોકરા ! તારો ઘોડો જરાક આનીકોર લઈ જા, તારા ઘોડાને બહાર લઈ જા હમણા. શું કહે ? તારા ઘોડાને તું બહાર લઈ જા, અહીં ઘરમાં (ફેરવવાનું) રહેવા દે. જો આ કાચનો કબાટ ફૂટી જશે, ફલાણું આમ થઈ જશે, આ ઢોળાઈ જશે. પેલો એને ઘોડો કહે છે તો સીત્તેર વર્ષના (દાદા) પણ એ લાકડીને ઘોડો જ કહે. તો જ પેલો સમજે.

પ્રશ્ન :– સત્પુરુષ એમ કહે ?

સમાધાન :– એમાં શું છે કે 'શ્રીમદ્' તો મોટાપુરુષ છે, એ વૃદ્ધની જ્ગ્યાએ છે અને પેલા બાળકની જ્ગ્યાએ છે. શું છે કે 'સોભાગભાઈ'ને થોડીક માન્યતા હતી, એ આ હિન્દુધર્મની માન્યતામાં આવી ગયેલા. જગતમાં જે ઈશ્વરકર્તાની માન્યતા છે એ જાતનો સંગ હતો, સંગ એટલે કુસંગ હતો એ જાતનો. એટલે એમને એ થોડી માન્યતાની અસર હતી. એટલે એમને એમની ભાષામાં જ વાત કરે છે.

મુમુક્ષુ :– નવા માણસને ગેરસમજણ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :– હા, નવા માણસને થાય. પણ એવું છે કે નવા માણસે એટલો વિચાર કરવો જોઈએ કે મારા કરતાં કોઈ સમર્થ પુરુષ છે. માટે મારે જો આ વિષય કાંઈક સમજવો હશે તો વધારે ઊંડા ઊતરીને સમજવો પડશે. એમ ને એમ શબ્દો પકડીને સમજવા જઈશ તો હું મુશ્કેલીમાં મૂકાઈશ.

મુમુક્ષુ :– રૂઢિગત વાત....

પૂજ્ય ભાઈશ્રી :– હા, રૂઢિગત વાત... હા, એ કાળમાં એમાં પણ ‘સોભાગભાઈ’ને તો ખાસ એવું લખે છે, બીજાને એવી વાત બહુ નથી લખતા. ‘સોભાગભાઈ’ને ખાસ લખે છે. સામે જેવી વ્યક્તિ હોય ને એવી જ લખશે. ‘લલ્લુજી’ને એવું નહિ લખે. કારણ કે એ સ્થાનકવાસીના જૈન સાધુ હતા. તો એને એવું નહિ લખે. એને પ્રતિમાના વિષયનું, બીજું-ત્રીજું એવું બધું લખશે. એટલે સામે કેવો દર્દી છે એવી દવા આપે છે. એ બાબતમાં એ પોતે બહુ વિચક્ષણ છે, અસાધારણ વિચક્ષણતા ધરાવે છે. કોઈ એવો એમને પોતાને પણ ઉઘાડ છે, નિર્મળતા છે. સામાની યોગ્યતા માપીને એને જે યોગ્ય લાગે એ જ લખે છે. એ વિશેષતા છે.

**‘એને લઈને અમને પણ મનમાં રહ્યા કરે છે; પણ નિરુપાયતાનો ઉપાય હાલ તો નથી કરી શકાતો.’** છતાં એમની યોગ્યતા જ નથી એનો ઉપાય શું કરવો ? **‘છોટમ જ્ઞાની પુરુષ હતા. પદની રચના બહુ શ્રેષ્ઠ છે. સાકારરૂપે હરિની પ્રગટ પ્રાપ્તિ એ શબ્દને પ્રત્યક્ષ દર્શન ઘણું કરીને લખું છું.’ ‘સાકારરૂપે હરિની પ્રગટ પ્રાપ્તિ’** એટલા જે શબ્દો છે. કાંઈક લખ્યું હશે, ક્યારેક ક્યારેક પૂછ્યું હશે કે આ ભગવાન સાકારરૂપે દર્શન દ્યે છે તો એનું શું સમજવું ? એમને ‘શ્રીમદ્જી’ પ્રત્યેથી એક નવો પ્રકાશ મળ્યો છે. ઈશ્વરકર્તાની બધી વાત એ બીજી રીતે જ રજુ કરતા હોય છે. શબ્દો એના એ વાપરે અને એનું અર્થઘટન જૈનના નય અનુસાર બીજું કરે. તો કહે (છે), આ **‘સાકારરૂપે હરિની પ્રગટ પ્રાપ્તિ’** એ શબ્દનું શું ? તો કહે (છે), એ શબ્દનો અર્થ અંદર આત્મસ્વરૂપનું જે પ્રત્યક્ષદર્શન છે, પ્રત્યક્ષ અનુભવ છે, આત્માનો જે સાક્ષાત્કાર છે એવો હું એનો અર્થ કરું છું. બીજા ભગવાનનું પ્રત્યક્ષ દર્શન થાય એમ હું નથી કહેતો. હું તો એમ કહું છું કે જે આત્માનું પ્રત્યક્ષદર્શન થાય એને આ શબ્દનો અર્થ ગણવો જોઈએ, એમ મારું લેખવું છે, એમ મારી ગણતરી છે. લેખવું એટલે ગણતરી છે.

પ્રશ્ન :– ‘છોટમ’ કોણ હતા ?

સમાધાન :– ‘છોટમ’ કોઈ કવિ થઈ ગયા છે. એમના બધા અધ્યાત્મિકપદ ઘણા છે. અને એ અધ્યાત્મિકપદની અંદર અધ્યાત્મનો વિષય બહુ સારી રીતે આવે છે. જ્ઞાનીપુરુષ હતા એ શું Sense માં લખ્યું છે (એ ખ્યાલમાં આવતું નથી). કેમકે ન

તો આપણે 'છોટમ'ને જાણીએ છીએ, ન તો એમના પદનો પરિચય છે. બન્ને વાતથી આપણે અજાણ્યા છીએ. એટલે એનો નિર્ણય કરવો આપણા માટે મુશ્કેલ છે.

**'આપને જ્ઞાનની આગળ જતાં વૃદ્ધિ થશે. લિ. આજ્ઞાંકિત રાયચંદ્ર'** એટલે હજુ સુધી તમે જ્ઞાન પામ્યા નથી પણ આપને આગળ જતાં જરૂર જ્ઞાનની પ્રાપ્તિ થશે. એમ કહેવું છે.

મુમુક્ષુ :– સત્પુરુષના વચન હોય એટલે પામે જ.

પૂજ્ય ભાઈશ્રી :– એમના માટે તો કાંઈ પ્રશ્ન જ નથી. અહીં સુધી રાખીએ.

**આત્માર્થીજીવનું જીવન / પરિણમન 'આત્મલક્ષ' પૂર્વક હોય છે; તેથી ચાલુ પરિણમનમાં ઇષ્ટ-અનિષ્ટપણું થતાં, તેમાં (પોતાનો) વિભાવ રસ ઉત્પન્ન થાય છે, તેને તેનું અવલોકન - સૂક્ષ્મ અવલોકન રહે છે. આ અવલોકનના કારણે કષાયરસની માત્રા વધી શકતી નથી. પરંતુ ઘટતી જાય છે. અર્થાત્ કષાયરસ મંદ પડતો જાય છે. જ્યારે આત્મલક્ષે વિભાવરસ ગળે ત્યારે સમકિતની પૂર્વ ભૂમિકા તૈયાર થાય છે, જેમાં દર્શનમોહ મંદ થાય છે. જ્ઞાન પણ સ્વરૂપની ઓળખાણ કરી શકે તેવું નિર્મળ થાય છે, ધીરું અને ગંભીર થાય છે અને સ્વભાવની જાગૃતિ ઉત્પન્ન થાય છે. તેમજ અધ્યાત્મના સમ્યક્ ન્યાયોમાં રસ / રુચિ વૃદ્ધિગત થાય છે – અને અનંત નય (ન્યાય) ના અધિષ્ઠાતા સ્વ-દ્રવ્યનું ગ્રહણ સુલભ થાય છે.**

**જે શાસ્ત્રોનું ભણતર કરવાં છતાં પણ આત્માર્થી નથી, તેને પરિણમનમાં વિપરીતતાનો વેગ ઘણો છે, તેનો દર્શનમોહ બળવાન છે અને જ્ઞાનનો ક્ષયોપશમ ઘણો હોવા છતાં તેનું જ્ઞાન સ્થૂળ છે. જેથી તે ચાલતા પરિણમનમાં કષાયરસનું અવલોકન કરવા સમર્થ નથી - જાગૃત પણ નથી. જો કે મૂળમાં ત્યાં આત્મલક્ષ નથી.**

**તેથી એમ ફલિત થાય છે કે, સ્વરૂપ લક્ષી યથાર્થ પુરુષાર્થમાં વિભાવરસ – અવરોધક તત્ત્વ હોવાથી - તેનું જાણવું - અવલોકન થવું આવશ્યક છે.**

**અહીં, જાગૃતિ એટલે 'હું જ્ઞાનમાત્ર છું' તેવી અંતર સાવધાની–એમ જાણવું - સમજવું. શબ્દાર્થની સમજણ કરતાં, ભાવના અનુભવને અવલોકવામાં જ્ઞાનને લંબાવી ને સમજવું.**

**('અનુભવ સંજીવની' - ૯૭)**

પત્રાંક-૨૫૧

મુંબઈ, જેઠ વદ ૬, શનિ, ૧૯૪૭

હરિ ઇચ્છાથી જીવવું છે, અને પરેચ્છાથી ચાલવું છે. અધિક શું કહેવું ?

લિ. આજ્ઞાંકિત

## તા. ૧૬-૧૦-૧૯૮૯, પ્રવચન નં. ૬૭
## પત્રાંક – ૨૫૧ થી ૨૫૪

પત્રાંક ૨૫૧, પાનું ૨૮૮. 'સોભાગભાઈ' ઉપરનો એક લીટીનો પત્ર છે. પોતાના જીવનની, પરિણમનની શું ચાલ છે ? ક્યા દોરે પોતે પરિણમે છે ? એ સંક્ષેપમાં બતાવ્યું છે. '**હરિ ઇચ્છાથી જીવવું છે,...**' જે કાંઈ આયુષ્ય છે એ કુદરતને આધીન છે. કોઈ કારણસર વધારે જીવવું છે કે કોઈ કારણસર ઓછું જીવવું છે એવો કાંઈ વિકલ્પ નથી. જે કાંઈ જીવન છે એ કુદરત આધીન છે. એ જીવનમાં જે કાંઈ કાર્યો કરવા છે, ચાલવું છે (તે) '**પરેચ્છાથી ચાલવું છે.**' બીજાની ઇચ્છાથી ચાલવું છે. અમારે કરવું, નહિ કરવું એ કાંઈ પ્રશ્ન નથી. કેમકે ઇષ્ટ-અનિષ્ટ કાંઈ દેખાતું નથી. એટલા માટે પરેચ્છાથી ચાલવું છે.

'**અધિક શું કહેવું ?**' આથી વધારે શું કહેવાનું હોય ? આ અમારા ચાલતા જીવનનો અને પરિણમનનો પ્રકાર છે. એના ઉપરથી તમારે જે ગ્રહણ કરવું હોય એ કરો. વાત તો એ કહેવી છે કે જ્યારે અમે પોતે આમ જીવીએ છીએ કે પરિણમીએ છીએ તો તમારે એ જ યોગ્ય છે. એથી બીજો પ્રકાર યોગ્ય નથી. એવું ગ્રહણ કરવું. એટલે પોતાના પરિણમનને દર્શાવવામાં પણ એ હેતુ છે કે 'સોભાગભાઈ' પોતે એવી રીતે પોતાના જીવનને ઘડે. ૨૫૧ થયો.

## પત્રાંક-૨૫૨

મુંબઈ, જેઠ સુદ, ૧૯૪૭

**છોટમકૃત પદસંગ્રહ વગેરે પુસ્તકો વાંચવાનો હાલ પરિચય રાખજો. વગેરે શબ્દથી સત્સંગ, ભક્તિ અને વીતરાગતાનું માહાત્મ્ય વર્ણવ્યું હોય તેવાં પુસ્તકો સમજશો.**

**સત્સંગાદિકની જેમાં માહાત્મ્યતા વર્ણવી છે તેવાં પુસ્તકો અથવા પદો, કાવ્યો હોય તે વારંવાર મનન કરવા અને સ્મૃતિમાં રાખવા યોગ્ય સમજશો.**

**જૈનસૂત્રો હાલ વાંચવાની ઇચ્છા થાય તો તે નિવૃત્ત કરવા યોગ્ય છે, કારણ કે તે (જૈનસૂત્રો) વાંચવા, સમજવામાં વધારે યોગ્યપણું હોવું જોઈએ, તે વિના યથાર્થ ફળની પ્રાપ્તિ હોતી નથી; તથાપિ બીજા પુસ્તકોની ગેરહાજરી હોય, તો 'ઉત્તરાધ્યયન' અથવા 'સૂયગડાંગ'નું બીજું અધ્યયન વાંચશો, વિચારશો.**

પત્રાંક ૨૫૨, '**છોટમકૃત પદસંગ્રહ વગેરે પુસ્તકો વાંચવાનો હાલ પરિચય રાખજો. વગેરે શબ્દથી સત્સંગ, ભક્તિ અને વીતરાગતાનું માહાત્મ્ય વર્ણવ્યું હોય તેવાં પુસ્તકો સમજશો.**' છોટમકૃત પદસંગ્રહ વગેરે, 'વગેરે' શબ્દનો પ્રયોગ કર્યો છે. તો તે શબ્દથી ખુલાસો કર્યો છે કે એ શબ્દમાં સત્સંગ, ભક્તિ અને વીતરાગતાનું માહાત્મ્ય વર્ણવ્યું હોય તેવા પુસ્તકો સમજશો. એટલે એમાં સિદ્ધાંતજ્ઞાન લીધું નથી.

સત્સંગ ઉપર વધારે વજન છે એટલે એ વિષે વધારે વાત કરે છે કે '**સત્સંગાદિકની જેમાં માહાત્મ્યતા વર્ણવી છે તેવાં પુસ્તકો અથવા પદો, કાવ્યો હોય તે વારંવાર મનન કરવા અને સ્મૃતિમાં રાખવા યોગ્ય સમજશો.**' સત્સંગ માટે પોતાને પહેલેથી જ વધારે વજન છે. એ માટે આગળ પણ વાત કરી છે. તમે જૈનશાસ્ત્ર વાંચવાને બદલે આમ વાંચજો એમ લખ્યું છે ને ? પત્ર ૨૫૨ આમાં જ છે. 'અંબાલાલભાઈ'ને લખ્યું છે. પત્ર કોના ઉપર લખેલો છે ? 'અંબાલાલભાઈ' ઉપર લખેલો છે. વેદાંતની શ્રદ્ધા

કરાવવા માટે લખ્યું નથી. એમ લખ્યું હતું ને ? જૈનશાસ્ત્રો હમણા તમે વાંચવાનું લખતા નથી, એમ કરીને લખ્યું છે. આમાં તો છે એ તો ખ્યાલ છે. બનતા સુધી 'સોભાગભાઈ'ને જ લખ્યું છે, એવો ખ્યાલ છે. **'જૈનસૂત્રો હાલ વાંચવાની ઇચ્છા થાય તો તે નિવૃત્ત કરવા યોગ્ય છે,...'** એ પત્ર કોને લખ્યો છે એ એમાં બહાર (નથી પાડ્યું) કોને ઉદ્દેશીને પત્ર છે એ નથી લખ્યું. **'કારણ કે તે (જૈનસૂત્રો) વાંચવા, સમજવામાં વધારે યોગ્યપણું હોવું જોઈએ,...'** અત્યારે એની મનાઈ કરી છે. એના બદલે સામાન્ય વૈરાગ્ય, ભક્તિ, સત્સંગનું માહાત્મ્ય હોય એવા પુસ્તકોનો પરિચય કરવો. **'તે વિના યથાર્થ ફળની પ્રાપ્તિ હોતી નથી;...'** યોગ્યપણું આવ્યા વિના સિદ્ધાંત-સૂત્રને સમજે તોપણ યથાર્થ ફળની પ્રાપ્તિ હોતી નથી. એટલે એ વાત એમણે વિશેષ દરેકને વ્યક્તિગત રીતે ખ્યાલમાં મૂકી છે કે સિદ્ધાંત સમજવા માટે કેટલીક યોગ્યતા આવ્યા વિના એમ ને એમ ભલે બુદ્ધિથી કદાચ સમજી લ્યે, ગ્રહણ કરી લ્યે તોપણ એના ફળની પ્રાપ્તિ થતી નથી. એટલે એ પ્રકારે પરિણમન આવતું નથી. **'તથાપિ બીજા પુસ્તકોની ગેરહાજરી હોય, તો 'ઉત્તરાધ્યયન' અથવા 'સૂયગડાંગ'નું બીજું અધ્યયન વાંચશો, વિચારશો.'** એટલે એ બધા પોતે વાંચેલા છે, 'ઉત્તરાધ્યયન', 'સૂયગડાંગ' પોતાના વાંચેલા છે. એમાંથી કોણે શું વાંચવું ? એ ભલામણ જુદી તારવીને કરે છે.

## પત્રાંક-૨૫૩

**મુંબઈ, અષાઢ સુદ ૧, સોમ, ૧૯૪૭**

**ગુરુગમે કરીને જ્યાં સુધી ભક્તિનું સ્વરૂપ સમજાયું નથી, તેમ તેની પ્રાપ્તિ થઈ નથી, ત્યાં સુધી ભક્તિમાં પ્રવર્તતાં અકાળ અને અશુચિ દોષ હોય.**

**અકાળ અને અશુચિનો વિસ્તાર મોટો છે, તોપણ ટૂંકામાં લખ્યું છે.**

**(એકાંત) પ્રભાત, પ્રથમ પ્રહર, એ સેવ્ય ભક્તિને માટે યોગ્ય કાળ છે. સ્વરૂપચિંતનભક્તિ સર્વ કાળે સેવ્ય છે.**

**વ્યવસ્થિત મન એ સર્વ શુચિનું કારણ છે. બાહ્ય મલાદિકરહિત તન અને શુદ્ધ, સ્પષ્ટ વાણી એ શુચિ છે. વિ. રાયચંદ**

પત્રાંક ૨૫૩મો 'અંબાલાલભાઈ' ઉપરનો છે. **'ગુરુગમે કરીને જ્યાં સુધી ભક્તિનું સ્વરૂપ સમજાયું નથી, તેમ તેની પ્રાપ્તિ થઈ નથી, ત્યાં સુધી ભક્તિમાં પ્રવર્તતાં અકાળ અને અશુચિ દોષ હોય.'** બે પ્રકારના દોષની વાત કરી છે. ઓળખીને જે ભક્તિ થાય છે, સ્વરૂપને ઓળખીને દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષ એમના પ્રત્યે જે ભક્તિ છે અને નિશ્ચયભક્તિ પોતાની છે. એ પ્રકારે વીતરાગતાનું સ્વરૂપ સમજાયાં વિના, ઓળખ્યા વિના જે ભક્તિ કરે છે તેમાં બે પ્રકારના દોષ આવે છે. એક અકાળદોષ અને એક અશુચિદોષ.

**'અકાળ અને અશુચિનો વિસ્તાર મોટો છે, તોપણ ટૂંકામાં લખ્યું છે.'** નીચે પ્રમાણે. એ વિષય વિસ્તારવાળો છે છતાં પણ ટૂંકામાં લખીએ છીએ.

**'(એકાંત) પ્રભાત, પ્રથમ પ્રહર, એ સેવ્ય ભક્તિને માટે યોગ્ય કાળ છે.'** સેવ્યભક્તિ એટલે બહારની જે સેવા છે, સેવા કરવા યોગ્ય, એ યોગ્ય કાળ છે. જેમકે ભગવાનના પ્રક્ષાલ વગેરે હોય એ સવારમાં કરવું જોઈએ, પ્રથમ પ્રહરમાં કરવું જોઈએ. રાત્રે કરે એ યોગ્ય નથી. **'સ્વરૂપચિંતનભક્તિ...'** નિશ્ચયભક્તિ જે છે એ **'સર્વ કાળે સેવ્ય છે.'** એને કોઈ કાળનો પ્રતિબંધ નથી. કોઈ પણ કાળે પોતાના સ્વરૂપનું ચિંતન, કોઈ પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં પોતે કરી શકે છે. એ કાળની અપેક્ષા બતાવી. હવે અશુચિની વાત કરે છે.

**'વ્યવસ્થિત મન એ સર્વ શુચિનું કારણ છે.'** વ્યવસ્થિત મન એટલે શાંતચિત્ત. પોતાના હિત-અહિતનો વિચાર કરી શકે એવી ક્ષમતાથી જે કાંઈ વિચારણા થાય છે તે વ્યવસ્થિત મન કહેવાય. **'વ્યવસ્થિત મન એ સર્વ શુચિનું કારણ છે. બાહ્ય મલાદિકરહિત તન અને શુદ્ધ, સ્પષ્ટ વાણી એ શુચિ છે.'** બહારમાં એ સિવાય શરીરશુદ્ધિ અને વાણીની શુદ્ધિ, મન, વચન અને કાયા. શુચિની અંદર ત્રણ વાત લીધી. મનશુદ્ધિ-તત્ત્વનો વિચાર, કાયાની શુદ્ધિ એક શાસ્ત્રમાં એ વાત લીધી છે, શ્રીગુરુઆદિની વૈયાવચ્ચ એ કાયાની શુદ્ધિ ગણી છે. અને સત્યવચન બોલવું તે વચનની શુદ્ધિ લીધી છે. એવી રીતે ભેદ પાડ્યા છે.

તત્ત્વવિચાર તે મનશુદ્ધિ છે. હેય-ઉપાદેયરૂપ તત્ત્વવિચાર અને વિવેક તે મનશુદ્ધિ છે. શ્રીગુરુ આદિની વૈયાવચ્ચ તે કાયશુદ્ધિ છે, સત્યવચન આદિ તે વચનશુદ્ધિ છે. શુચિ એટલે પવિત્રતા. એ 'અંબાલાલભાઈ'ને કોઈ સંકેત હશે લખવામાં, આવું લખવા પાછળ વ્યક્તિગત રીતે યોગ્ય માન્યું હશે કે આમને આમ લખીએ. આ જીવને આ

પ્રકાર અત્યારે લખવાનો ઠીક છે. એટલે એવા જ્યારે જુદાં જુદાં વિષય ઊભા થાય ત્યારે એવું વિચારવું જોઈએ કે સામાને અત્યારે શું કહેવાની જરૂર છે એ ખ્યાલમાં આવતા એમણે એમ કહ્યું છે. એ જાતનો વિશેષ વિશાળ ક્ષયોપશમ હતો.

પત્રાંક-૨૫૪

મુંબઈ, અષાઢ સુદ ૮, ભોમ, ૧૯૪૭

નિઃશંકતાથી નિર્ભયતા ઉત્પન્ન હોય છે;

અને તેથી નિઃસંગતા પ્રાપ્ત હોય છે.

પ્રકૃતિના વિસ્તારથી જીવનાં કર્મ અનંત પ્રકારની વિચિત્રતાથી પ્રવર્તે છે; અને તેથી દોષના પ્રકાર પણ અનંત ભાસે છે; પણ સર્વથી મોટો દોષ એ છે કે જેથી 'તીવ્ર મુમુક્ષુતા' ઉત્પન્ન ન જ હોય, અથવા 'મુમુક્ષુતા' જ ઉત્પન્ન ન હોય.

ઘણું કરીને મનુષ્યાત્મા કોઈ ને કોઈ ધર્મમતમાં હોય છે, અને તેથી તે ધર્મમત પ્રમાણે પ્રવર્તવાનું તે કરે છે, એમ માને છે; પણ એનું નામ 'મુમુક્ષુતા' નથી.

'મુમુક્ષુતા' તે છે કે સર્વ પ્રકારની મોહાસક્તિથી મુઝાઈ એક 'મોક્ષને' વિષે જ યત્ન કરવો અને 'તીવ્ર મુમુક્ષુતા' એ છે કે અનન્ય પ્રેમે મોક્ષના માર્ગમાં ક્ષણે ક્ષણે પ્રવર્તવું.

'તીવ્ર મુમુક્ષુતા' વિષે અત્ર જણાવવું નથી પણ 'મુમુક્ષુતા' વિષે જણાવવું છે, કે તે ઉત્પન્ન થવાનું લક્ષણ પોતાના દોષ જોવામાં અપક્ષપાતતા એ છે, અને તેને લીધે સ્વચ્છંદનો નાશ હોય છે.

સ્વચ્છંદ જ્યાં થોડી અથવા ઘણી હાનિ પામ્યો છે, ત્યાં તેટલી બોધબીજ યોગ્ય ભૂમિકા થાય છે.

સ્વચ્છંદ જ્યાં પ્રાયે દબાયો છે, ત્યાં પછી 'માર્ગપ્રાપ્તિ' ને રોકનારાં

ત્રણ કારણો મુખ્ય કરીને હોય છે, એમ અમે જાણીએ છીએ.

આ લોકની અલ્પ પણ સુખેચ્છા, [1]પરમ દૈન્યતાની ઓછાઈ અને પદાર્થનો અનિર્ણય.

એ બધાં કારણો ટાળવાનું બીજ હવે પછી કહેશું. તે પહેલાં તે જ કારણોને અધિકતાથી કહીએ છીએ.

'આ લોકની અલ્પ પણ સુખેચ્છા', એ ઘણું કરીને તીવ્ર મુમુક્ષુતાની ઉત્પત્તિ થયા પહેલાં હોય છે. તે હોવાનાં કારણો નિઃશંકપણે તે 'સત્' છે એવું દૃઢ થયું નથી, અથવા તે 'પરમાનંદરૂપ' જ છે એમ પણ નિશ્ચય નથી. અથવા તો મુમુક્ષુતામાં પણ કેટલોક આનંદ અનુભવાય છે, તેને લીધે બાહ્યશાતાનાં કારણો પણ કેટલીક વાર પ્રિય લાગે છે (!) અને તેથી આ લોકની અલ્પ પણ સુખેચ્છા રહ્યા કરે છે; જેથી જીવની જોગ્યતા રોકાઈ જાય છે.

[2]સત્પુરુષમાં જ પરમેશ્વર બુદ્ધિ, એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે; અને એ બુદ્ધિ પરમ દૈન્યત્વ સૂચવે છે; જેથી સર્વ પ્રાણી વિષે પોતાનું દાસત્વ મનાય છે અને પરમ જોગ્યતાની પ્રાપ્તિ હોય છે. એ 'પરમ દૈન્યત્વ' જ્યાં સુધી આવરિત રહ્યું છે ત્યાં સુધી જીવની જોગ્યતા પ્રતિબંધયુક્ત હોય છે.

કદાપિ એ બન્ને થયાં હોય, તથાપિ વાસ્તવિક તત્ત્વ પામવાની કંઈ જોગ્યતાની ઓછાઈને લીધે પદાર્થ-નિર્ણય ન થયો હોય તો ચિત્ત

---

૧. પાઠાન્તર : પરમ વિનયની ઓછાઈ

૨. પાઠાન્તર : તથારૂપ ઓળખાણ થયે સદ્ગુરુમાં પરમેશ્વરબુદ્ધિ રાખી તેમની આજ્ઞાએ પ્રવર્તવું તે 'પરમ વિનય' કહ્યો છે. તેથી પરમ જોગ્યતાની પ્રાપ્તિ હોય છે. એ પરમ વિનય જ્યાં સુધી આવે નહીં ત્યાં સુધી જીવને જોગ્યતા આવતી નથી.

વ્યાકુળ રહે છે, અને મિથ્યા સમતા આવે છે; કલ્પિત પદાર્થ વિષે 'સત્'ની માન્યતા હોય છે; જેથી કાળે કરી અપૂર્વ પદાર્થને વિષે પરમ પ્રેમ આવતો નથી, અને એ જ પરમ જોગ્યતાની હાનિ છે.

આ ત્રણે કારણો ઘણું કરીને અમને મળેલા ઘણાખરા મુમુક્ષુમાં અમે જોયાં છે. માત્ર બીજા કારણની કંઈક ન્યૂનતા કોઈ કોઈ વિષે જોઈ છે, અને જો તેઓમાં સર્વ પ્રકારે ([1]પરમદૈન્યતાની ખામીની) ન્યૂનતા થવાનું પ્રયત્ન હોય તો જોગ્ય થાય એમ જાણીએ છીએ. પરમ દૈન્યપણું એ ત્રણેમાં બળવાન સાધન છે; અને એ ત્રણેનું બીજ મહાત્માને વિષે પરમ પ્રેમાર્પણ એ છે.

અધિક શું કહીએ ? અનંત કાળે એ જ માર્ગ છે.

પહેલું અને ત્રીજું કારણ જવાને માટે બીજા કારણની હાનિ કરવી.[2] અને મહાત્માના જોગે તેના અલૌકિક સ્વરૂપને ઓળખવું. ઓળખવાની પરમ તીવ્રતા રાખવી, તો ઓળખાશે. મુમુક્ષુનાં નેત્રો મહાત્માને ઓળખી લે છે.

મહાત્મામાં જેનો દૃઢ નિશ્ચય થાય છે, તેને મોહાસક્તિ મટી પદાર્થનો નિર્ણય હોય છે. તેથી વ્યાકુળતા મટે છે. તેથી નિઃશંકતા આવે છે. જેથી જીવ સર્વ પ્રકારના દુઃખથી નિર્ભય હોય છે અને તેથી જ નિઃસંગતા ઉત્પન્ન હોય છે, અને એમ યોગ્ય છે.

માત્ર તમ મુમુક્ષુઓને અર્થે ટૂંકામાં ટૂંકું આ લખ્યું છે; તેનો પરસ્પર વિચાર કરી વિસ્તાર કરવો અને તે સમજવું એમ અમે કહીએ છીએ.

અમે આમાં ઘણો ગૂઢ શાસ્ત્રાર્થ પણ પ્રતિપાદન કર્યો છે.

તમે વારંવાર વિચારજો. યોગ્યતા હશે તો અમારા સમાગમમાં

---

૧. પાઠાન્તર : પરમ વિનયની

૨. પાઠાન્તર : અને પરમ વિનયમાં વર્તવું યોગ્ય છે.

**આ વાતનો વિસ્તારથી વિચાર બતાવીશું.**

**હાલ અમારો સમાગમ થાય તેમ તો નથી; પણ વખતે શ્રાવણ વદમાં કરીએ તો થાય; પણ તે કયે સ્થળે તે હજુ સુધી વિચાર્યું નથી. કળિયુગ છે માટે ક્ષણવાર પણ વસ્તુવિચાર વિના ન રહેવું એમ મહાત્માઓની શિક્ષા છે. તમને બધાને યથાયોગ્ય પહોંચે.**

૨૫૪મો પત્ર 'ખંભાત'ના મુમુક્ષુભાઈઓ ઉપર છે. એક વ્યક્તિને ઉદ્દેશીને નહિ પણ જેટલા એમના પરિચયમાં આવ્યા હતા એ બધાને સમષ્ટિગત અહીંયાં વાત કરી છે. કોઈ એક વ્યક્તિને ઉદ્દેશીને લખવું કે એકસાથે આખા સમૂહને ઉદ્દેશીને લખવું એમાં પણ ફરક પડે છે. જ્યારે વ્યક્તિને ઉદ્દેશીને લખવામાં આવે છે ત્યારે એ વાત એ વ્યક્તિ પૂરતી મર્યાદિત (છે). એ વ્યક્તિ પૂરતી અને એ વ્યક્તિની તે વખતની યોગ્યતા પૂરતી મર્યાદિત છે, એટલું લક્ષમાં રાખવું યોગ્ય છે. અને જો પોતાને એવી કોઈ યોગ્યતા વર્તતી હોય તો એ ત્યાં ગ્રહણ કરવાનું કારણ બને છે. નહિતર એ વાતને સમષ્ટિગત કહી છે એવા ઉદ્દેશથી કે એવા દૃષ્ટિકોણથી એને વિચારવી નહિ જોઈએ કે અર્થઘટનમાં ઘટાવવી નહિ જોઈએ. અહીંયાં બધા મુમુક્ષુઓને ઉદ્દેશીને લખે છે. આ પત્ર ઘણો સારો છે. ઘણીવાર આપણે અહીંયાં સ્વાધ્યાયમાં આનો જુદી જુદી રીતે આધાર લઈએ છીએ.

**'નિઃશંકતાથી નિર્ભયતા ઉત્પન્ન હોય છે; અને તેથી નિઃસંગતા પ્રાપ્ત હોય છે.'** જે મુનિઓ નિઃસંગદશામાં, અસંગદશામાં વર્તે છે એનું કારણ એ નિર્ભય છે. એકલા રહેવું એ ભયવાન હોય એ ન રહી શકે અને એ પણ નિર્જન સ્થળમાં. એકલા તો નિર્જન સ્થળમાં જ રહેવાનું બને. કોઈ નિર્જન સ્થળ તો જંગલ છે, સ્મશાન છે, પર્વત છે, ગુફા છે. એમાં તો નિર્ભય હોય તે રહી શકે. અને નિર્ભયતા ક્યાંથી આવે ? કે પોતે શાશ્વત પદાર્થ છે, અવ્યાબાધ પદાર્થ છે, કોઈ બાધા કરી શકે એમ નથી,

કોઈ નાશ કરી શકે એમ નથી. એવી નિઃશંકતા સ્વરૂપની વર્તતી હોય એ નિઃશંક હોય, તે નિર્ભય હોય અને નિર્ભય હોય તે નિઃસંગ થઈ શકે. એમ ને એમ કોઈ નિઃસંગતા પ્રાપ્ત કરી શકતું નથી. એ કાંઈ ને કાંઈ આરક્ષણ, રક્ષણનો વિકલ્પ, વિચાર ને પ્રવૃત્તિ થયા વિના રહેતી નથી. એટલું મથાળું બાંધ્યું છે. મુનિદશાની ભાવનાનું આ મથાળું છે. ખરેખર તો પોતાની મુનિદશાની જે ભાવના છે એનું મથાળું છે.

**'પ્રકૃતિના વિસ્તારથી જીવનાં કર્મ અનંત પ્રકારની વિચિત્રતાથી પ્રવર્તે છે;...'** કર્મની પ્રકૃતિઓનો એટલો બધો વિસ્તાર છે, એના અનંત ભેદ-પ્રભેદ છે કે અનંત પ્રકારની વિચિત્રતાથી એ બધાનો જે ઉદયવિપાક છે એમાં અનેકવિધ વિચિત્રતા છે. એક જ જીવને જબરદસ્ત પુણ્યનો ઉદય હોય તોપણ કોઈ એક પ્રકારે પાપનો ઉદય પણ હોય. કોઈને ઘણો પાપનો ઉદય હોય તો એમાં ક્યાંક કોઈ પ્રકારનો પુણ્યનો ઉદય હોય. એમ કાંઈક જાતની એકસાથે ચિત્રવિચિત્ર પરિસ્થિતિ હોય છે.

'ભરત' ચક્રવર્તિ(ને) ચક્રવર્તિના પુણ્યનો ઉદય હતો. છતાં 'બાહુબલીજી'થી હાર્યા. જુઓ ! કંઈક પ્રકાર બને છે એ તો ઉદય અનુસાર બને છે. એ કોઈ પુણ્યનો ઉદય નહોતો. પુણ્યના ઉદયમાં પણ ત્યાં એ પ્રકારની ક્ષતિ હતી. એવી રીતે અનેક મહાપુરુષોને (એ પ્રકારના ઉદય વર્તતા હતા). 'રામચંદ્રજી', 'શ્રીકૃષ્ણ' વગેરે સમર્થ પુરુષો છે. બધાને અનુકૂળતા અને પ્રતિકૂળતા અનેક પ્રકારે આવે જ છે.

મુમુક્ષુ :- આઠ કર્મનો ઉદય હોય જ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, હોય જ. દરેકને હોય.

મુમુક્ષુ :- કોઈને સીધો...

પૂજ્ય ભાઈશ્રી :- ના. એવું નથી બનતું. કેમકે પૂરા પુણ્ય કોઈને હોતા નથી. પૂરા પુણ્ય કોઈ દિવસ (હોતા નથી). એ પરિસ્થિતિ જ એ છે (કે) એમાં પૂર્ણતા નથી, મર્યાદા છે. અપૂર્ણતા છે અથવા મર્યાદા છે. વચનામૃતમાં એ આવે છે ને ? કે સ્વભાવ અમર્યાદિત છે. પુણ્ય અમર્યાદિત નથી, પુણ્ય મર્યાદિત હોય છે, સ્વભાવ અમર્યાદિત હોય છે. એમ પ્રકૃતિ મર્યાદિત છે, સ્વભાવ છે તે અમર્યાદિત છે. વિભાવ મર્યાદિત છે કેમકે વિભાવ છે. એ વિભાવનું ફળ છે તો વિભાવ મર્યાદિત છે. સ્વભાવ છે એ અમર્યાદિત છે, એમ છે.

**'પ્રકૃતિના વિસ્તારથી જીવનાં કર્મ અનંત પ્રકારની વિચિત્રતાથી પ્રવર્તે છે; અને**

**તેથી દોષના પ્રકાર પણ અનંત ભાસે છે;...'** એ જે ફળ જોવામાં આવે છે એનું નિમિત્ત કારણ તો જીવના દોષ છે. તો એમ સિદ્ધ થાય છે કે જીવ અનંત પ્રકારે દોષ કરે છે. અનંત પ્રકારનો કર્મનો ઉદય જોતાં અનંત પ્રકારના પુણ્ય-પાપના પરિણામ પણ શુભ-અશુભ જોવામાં આવે છે.

એ વાતને હવે અધ્યાત્મ ઉપર લઈ જાય છે કે અનંત પ્રકારના દોષ છે **'પણ સર્વથી મોટો દોષ એ છે કે જેથી 'તીવ્ર મુમુક્ષુતા' ઉત્પન્ન જ ન હોય,...'** સર્વથી મોટો દોષ મિથ્યાત્વનો છે કે જેને લઈને તીવ્ર મુમુક્ષુતા એટલે જ્ઞાનદશા નથી. મુમુક્ષુતા અને તીવ્ર મુમુક્ષુતા એમ બે ભેદ અહીંયાં પાડ્યા છે. **'જેથી 'તીવ્ર મુમુક્ષુતા' ઉત્પન્ન જ ન હોય, અથવા 'મુમુક્ષુતા' જ ઉત્પન્ન ન હોય.'** કાં તો જીવને આત્માર્થીપણું, મોક્ષાર્થીપણું આવતું નથી અથવા તો જીવ ક્ષણે ક્ષણે અનન્યભાવે મોક્ષમાર્ગની અંદર જ પ્રવર્તે એવી જે તીવ્ર મુમુક્ષુતા, જ્ઞાનદશા, મોક્ષમાર્ગની દશા છે એમાં જીવ આવતો નથી. એ જીવનો મોટો દોષ છે, એ સર્વથી મોટો દોષ છે.

ક્યાંથી વાત લઈ લીધી ? દોષના ફળ ઉપરથી દોષ લીધો અને એ દોષની અંદર મુખ્ય દોષ આ છે કે જીવને પોતાને જો પરિભ્રમણ મટાડવાનો ભાવ થાય તો એણે સમજવું કે એ પરિભ્રમણ મટાડવામાં એને આત્માર્થીતા આવી છે, એને મુમુક્ષુતા ઉત્પન્ન થઈ છે. પણ પ્રાયઃ એમ જોવામાં આવે છે કે જીવને મુમુક્ષુતા જ ઉત્પન્ન થતી નથી. તીવ્ર મુમુક્ષુતા તો એથી આગળની દશા છે.

પ્રશ્ન :– સમ્યગ્દૃષ્ટિ તીવ્ર મુમુક્ષુ છે ?

સમાધાન :– હા, સમ્યગ્દૃષ્ટિને તીવ્ર મુમુક્ષુતા હોય છે. એ તીવ્ર મુમુક્ષુ છે. અને આત્માર્થી છે, મોક્ષાર્થી છે, પાત્રતાવાળા છે એ મુમુક્ષુ છે. પાત્રતા અને જ્ઞાની બેની વાત કરી છે. એ દશામાં જીવ નથી આવતો ત્યાં સુધી એ ગમે તેવો સજ્જન દેખાતો હોય, ગમે તે પ્રકારે વર્તતો હોય, ત્યાગની, વૈરાગ્યની, તપની, દાનની, ભક્તિની, પૂજાની, શાસ્ત્ર સ્વાધ્યાયની, વિદ્વત્તાની કોઈ પણ ભૂમિકામાં દેખાતો હોય તોપણ એ સર્વથી મોટા દોષને આધીન રહીને વર્તે છે, એમ લેવું. સર્વથી મોટો દોષ છે એ હજી ત્યાં ઊભો છે.

કેમકે મુખ્ય વાત એ છે કે જીવને પરિભ્રમણથી મુક્ત થવું છે કે નહિ ? જન્મ-મરણ મટાડવા છે કે નહિ ? જન્મ-મરણ મટાડવા એમ કહો કે મોક્ષાર્થીપણું કહો,

એક જ વાત છે. એ તો અસ્તિ-નાસ્તિથી વાત છે. પોતાની ધાર્મિક પ્રવૃત્તિમાં એ પ્રયોજન ન હોય અને એ વાતનું લક્ષ ન હોય તો જીવને જરૂર બીજું કોઈ અન્યથા લક્ષ છે. અન્ય પ્રકારે કોઈ બીજું લક્ષ છે એ સાબિત કરવાની જરૂર રહેતી નથી. એટલે કાં તો જીવ મોક્ષહેતુ ધર્મ આચરે છે અને કાં તો જીવ ભોગહેતુ ધર્મ આચરે છે. કેમકે બીજા બધા પરિણામનું ફળ પુણ્યબંધ છે કે જે ભોગનો હેતુ છે. અને બે જ પ્રકાર છે, ત્રીજો પ્રકાર નથી.

**'ઘણું કરીને મનુષ્યાત્મા કોઈ ને કોઈ ધર્મમતમાં હોય છે,...'** બાકીની ત્રણ ગતિને છોડી દઈએ અને અત્યારે આપણા જીવો મનુષ્યગતિમાં છે એટલે એની ચર્ચા પોતાને લાગુ પડે છે. બીજાની ચર્ચા પોતાને લાગુ પડતી નથી. પછી કોઈ વાત કોઈ અંશે લાગુ પડે એ બીજી વાત છે. ઘણું કરીને મનુષ્યાત્મા કોઈ ને કોઈ ધર્મમતમાં હોય જ છે. મનુષ્યગતિમાં અનેક પ્રકારના ધર્મમત ચાલે છે, અને ખાસ કરીને આ ક્ષેત્રમાં.

મહાવિદેહક્ષેત્રમાં તો બીજા ધર્મમત ચાલતા નથી. એક જૈનધર્મ સિવાય બીજો કોઈ મત ત્યાં પ્રસિદ્ધપણે પ્રવર્તતો નથી. અભિપ્રાયની વાત આખી જુદી છે. આ તો મનુષ્યાત્મા અને આ ક્ષેત્રની વાત લીધી છે. **'અને તેથી તે ધર્મમત પ્રમાણે પ્રવર્તવાનું તે કરે છે,...'** જ્યાં જે જન્મ્યો, મુસલમાનના ઘરે જન્મે તો મસ્જિદમાં જવાનો છે. બ્રાહ્મણના ઘરે જન્મે તો શંકરના મંદિરે જવાનો છે. જૈનના ઘરે જન્મે તો દેરાસર જવાનો છે, જિન મંદિર જવાનો છે. જોકે અત્યારે તો એવું પણ નથી રહ્યું. અત્યારે તો જૈનના ઘરે જન્મ્યો હોય અને માતાજીના મંદિરમાં ચાલતો થાય છે. ચાલો, મહાલક્ષ્મી માતાનું મંદિર બાજુમાં જ છે તો ભેગાભેગા (જઈ આવીએ), એક પંથ દો કાજ. રસ્તામાં જ છે, આપણે ક્યાં ચાહીને આંટો ખાવો છે.

મુમુક્ષુ :- બધા ભગવાન સરખા !

પૂજ્ય ભાઈશ્રી :- બધા ભગવાન સરખા, એમ ને ! એમના ઘર બાજુ મંદિર છે. આમ તો હનુમાનનું મંદિર છે, ગોળીબાર હનુમાન કહેવાય છે. તમે દસ વાગે જાઓ તો લગભગ હિન્દુઓના બધા દેવો ત્યાંથી માંડીને અત્યારે જે માન્યતા થઈ ગઈ છે આ સાંઈબાબાની અને પેલા વિરપુરના જલારામ બાપાની ને બીજા-ત્રીજાની, જેને લોકો અત્યારે માનતા થયા છે, (તે) બધાને સ્થાપ્યા છે. એ પ્રતિષ્ઠા કરવાની કાંઈ જરૂર નહિ. મૂર્તિ બનાવી નાખે પથ્થરની કે આની બનાવે છે ને... ? પ્લાસ્ટર

ઑફ પેરિસની બનાવે છે. મૂકી દ્યે છે. પાઈ પૈસો નાંખે છે. દુકાન ખોલવી છે એને શું છે ? બધા ઘરાક આપણે સાચવવા. ખાંડવાળાને ખાંડ આપવી જોઈએ, ગોળવાળાને ગોળ, તેલવાળાને તેલ આપવું જોઈએ, માચીસવાળાને માચીસ આપવી જોઈએ. તમારે જે જોઈતું હોય એ અમારી દુકાને મળશે. આ પ્રોવિઝન સ્ટોર છે, બધું મળશે.

પ્રોવિઝનનો અર્થ શું થાય છે ખબર છે ? પ્રોવિઝન એટલે બધી પ્રકારની સગવડ મળે. બધું તમારું પ્રયોજન સચવાશે, એટલે બધી તમારી સગવડ સચવાય જાય. જે આવે એ... દસ-પંદર જાતની માતાજી લાઇનબંધ રાખી છે. આ ફલાણી માતા, આ ફલાણી માતા, આપણને તો નામ પણ ન આવડે. એટલા બધા નામ ગોતી કાઢ્યા છે. સામાન્ય આ કોળી, કણબી, પટેલ, આ-તે, બીજા-ત્રીજા બધા લોકો આવતા હોય છે. એ લોકો જે જે માતા માનતા હોય એ દસ-બાર જાતની માતાજી, રામ, કૃષ્ણ બધાય, હનુમાનજીથી માંડીને બધાને રાખ્યા છે. એટલે હવે તો કુળ ધર્મમાં તો એ વાત પણ નથી રહી. ક્યાંથી ક્યાં બધું ઇન્ટર-પીન્ટર ચાલે છે એ કાંઈ સમજાતું નથી. લોકોનું શું છે કે એક લોભ થઈ ગયો છે કે ભાઈ ! ગમે તે દેવને માનો. આપણને તો એ લાભ કરે એટલું જ જોવાનું છે. પછી (કોણ) લાભ કરે એ જોવાનું નથી. આપણે લાભ દેનાર જોઈએ. આપણે તો લેવાવાળા છીએ, દેનારો કોઈ જોઈએ. ગમે તે દ્યે નહિ, એની સાથે આપણે કાંઈ લેવા-દેવા નથી. મેલડી દ્યે કે સીકોતરી દ્યે આપણે તો જે આપે એના ભલ્લા. એના જેવું થઈ ગયું છે.

મુમુક્ષુ :– પરિણામની શક્તિ તો પૂરી જ થવાની છે.

પૂજ્ય ભાઈશ્રી :– વિભાવ છે એ મર્યાદિત છે. શુદ્ધતામાં સ્વભાવમાં (પૂર્ણ થવાની શક્તિ છે). સ્વભાવ પરિણામની, વિભાવની નહિ. વિભાવ (અને) સ્વભાવમાં આ ફરક છે, એમ વાત છે. પુણ્યાદિ તો વિભાવ છે.

મુમુક્ષુ :– બીજાનો આશ્રય લ્યે છે ત્યારે વિભાવ થાય છે પણ પરિણામ પોતે તો એવા જ રહે છે. જેવું છે તેવું રહે છે.

પૂજ્ય ભાઈશ્રી :– વિભાવ થવાની યોગ્યતા છે પણ મર્યાદિત છે. જો અમર્યાદિત વિભાવ થવાની યોગ્યતા હોય તો વિભાવ મટે નહિ, તો એનો નાશ ન થઈ શકે. કેમકે એની અનંતતા સિદ્ધ થઈ ગઈ. એમાં એની મર્યાદા છે, એમ. પછી શુભ હોય તો એની મર્યાદા છે, અશુભ હોય તોપણ એની મર્યાદા છે. એટલે તેનું ફળ પણ

મર્યાદિત છે ને ! કોઈને અનંત કાળનું અનંત આયુષ્ય હોય છે ? બધી મર્યાદા છે, એમ. એ ન્યાયે.

**'ઘણું કરીને મનુષ્યાત્મા કોઈ ને કોઈ ધર્મમતમાં હોય છે, અને તેથી તે ધર્મમત પ્રમાણે પ્રવર્તવાનું તે કરે છે, એમ માને છે;...'** એમ માને છે કે અમે ફલાણા ધર્મી. અમે તો સ્વામીનારાયણવાળા, અમે સત્સંગી, એમ માને છે. પણ એનું નામ કાંઈ મુમુક્ષુતા નથી. કોઈ પણ ધર્મચુસ્તતા હોય, જે તે ધર્મમાં કુળધર્મ પ્રમાણે એ ચુસ્ત વર્તતો હોય, પછી ભલે એ જૈન હોય તોપણ, અહીંયાં એમણે એ બંધન નથી રાખ્યું. જૈન હોય કે અજૈન હોય, કુળધર્મમાં જન્મ્યો, કુળધર્મ પ્રમાણે વર્ત્યો અને ચુસ્તપણે વર્ત્યો માટે એ મુમુક્ષુ છે એમ અહીંયાં કહેવું નથી. એટલે કાંઈ મુમુક્ષુતા નથી આવતી, એનું નામ કોઈ મુમુક્ષુતા નથી, એમ. એ એનો ઉદય છે, ઉદયને અનુસરે છે. મુમુક્ષુતા તો એનું નામ છે...

મુમુક્ષુ :- મુમુક્ષુતામાં તો ઉદયથી જુદાં પડવાનું છે.

પૂજ્ય ભાઈશ્રી :- જુદાં પડવું છે. મોક્ષમાં જવું છે એટલે ઉદયથી જુદાં પડવું છે. હવે બહુ સરસ વ્યાખ્યા કરી છે, મુમુક્ષુતાની જે વ્યાખ્યા કરી છે એ બહુ સારી કરી છે

**'મુમુક્ષુતા' તે છે...'** પેલી ધર્મચુસ્તતા તે મુમુક્ષુતા નથી. **'મુમુક્ષુતા' તે છે કે સર્વ પ્રકારની મોહાસક્તિથી મુઝાઈ એક 'મોક્ષને' વિષે જ યત્ન કરવો...'** આનું નામ મુમુક્ષુતા છે. એક લીટીમાં એની વ્યાખ્યા કરી છે કે મુમુક્ષુતા તેને કહીએ કે સર્વ પ્રકારના મોહના નિમિત્તો છે એના પ્રત્યેના પોતાના જે આસક્તિના પરિણામ છે, એની અંદર ઉત્પન્ન થતી જે આકુળતા છે, એની મૂંઝવણ થાય અને એનાથી જીવ પાછો વળીને એક મોક્ષને માટે જ યત્ન કરે તો એને મુમુક્ષુતા કહીએ. અથવા પૂર્ણ શુદ્ધિ માટે, સર્વ પ્રકાર લીધું ને ? સર્વ પ્રકારની મોહાસક્તિથી. કોઈ એમ કહે કે દર્શનમોહ મટે તો ભલે, ચારિત્રમોહનો અમને વાંધો નથી, એમ નથી. પરિપૂર્ણ નિર્દોષ થવાની વાત છે, પૂર્ણ નિર્દોષતાની વાત છે. પૂર્ણતાનું લક્ષ કહો, પરિભ્રમણનો નાશ કહો અથવા સર્વ શુદ્ધિ થવાનું કહો. એ સર્વ પ્રકારની મોહાસક્તિથી મૂંઝાઈને.

ભવભ્રમણથી છૂટી જવું છે, જન્મ-મરણથી છૂટી જવું છે એવું લક્ષ થાય એને મુમુક્ષુતા કહેવી, એનું નામ મુમુક્ષુતા છે. મોક્ષાર્થીની વાત લીધી છે. ૧૭-૧૮

(સમયસારજી) ગાથામાં પણ 'મોક્ષાર્થી' શબ્દ વાપર્યો છે. મોક્ષાર્થીમાં આત્માર્થીપણું આવી જાય છે. પણ 'આત્માર્થી' શબ્દ નથી વાપરતા, 'મોક્ષાર્થી' શબ્દ વાપરે છે. કેમકે આત્માર્થીની ભૂમિકા એ વર્તમાન જ્ઞાનદશા થયા પહેલાની એક પાત્રતાનો વિષય થઈ ગયો. તો એને માત્ર આત્માર્થી થવું છે એમ નથી પણ પૂર્ણ શુદ્ધ થવું છે, એમ વાત છે. પહેલેથી જ એમ વાત છે કે પૂર્ણ શુદ્ધ થવું છે. અને એ તો કોઈ પણ માણસ મકાન બનાવે છે તો પહેલા નક્કી કરે છે કે આને બે માળવાળું બનાવવું છે કે બાવીસ માળવાળું બનાવવું છે ? પાયો કેવી રીતે ખોદશો ? બે માળનો પાયો ખોદ્યો હોય એના ઉપર બીજા વીસ માળ નહિ લાગે. જો બાવીસ માળનું કરવું હશે તો પહેલેથી જ બીજી રીતે પાયો ખોદવો પડશે. એમ મોક્ષાર્થી હોય એની જે પાત્રતા છે એ વાત સાવ જુદી છે. આ વાત જૈનદર્શનના પાયાની છે. અન્ય દર્શનમાં એ વાત એવી રીતે નથી. ત્યાં તો ગૃહસ્થ હોય કે સાધુ હોય એ પોતપોતાની ભૂમિકા પૂરતો જ વિચાર કરે છે. જ્યારે અહીંયાં પહેલેથી જ મોક્ષની ભૂમિકાની વાત છે પછી પાત્રતા ઊભી થાય છે, ત્યાંથી પાત્રતાની શરૂઆત થાય છે. એ પહેલા કોઈ પાત્રતાની શરૂઆત નથી. એ બહુ મુદ્દાનો વિષય છે.

પ્રશ્ન :– મોક્ષાર્થીને વ્યવહાર અને વેપાર કેવી રીતે કરવાનો ?

સમાધાન :– વ્યવહાર અને વેપાર આ લક્ષે કરવાનો, છૂટવાના લક્ષે કરવાનો. બંધાવાના લક્ષે નહિ. આમાંથી છૂટવું છે, અહીંથી છૂટવું છે, અહીંથી છૂટવું છે. છૂટવું... છૂટવું... છૂટવું... છૂટવું એને થવું જોઈએ. તો છોડી શકે અને એ યથાર્થ પ્રકારે. નહિતર છોડે છે તો ઘણા પણ યથાર્થ પ્રકારે નથી છોડતા.

**'અને 'તીવ્ર મુમુક્ષુતા' એ છે કે અનન્ય પ્રેમે...'** અનન્ય રુચિથી. પ્રેમ એટલે અહીંયાં રુચિ લેવું. અનન્ય ભાવથી, અનન્ય પુરુષાર્થથી **'મોક્ષના માર્ગમાં ક્ષણે ક્ષણે પ્રવર્તવું.'** પ્રતિસમય મોક્ષમાર્ગમાં પરિણમે એ ચતુર્થ ગુણસ્થાન પછીની દશા છે, એ પહેલા મોક્ષમાર્ગમાં પ્રવેશ નથી, પ્રવૃત્તિ નથી. એને અહીંયાં તીવ્ર મુમુક્ષુતા કહી છે. મુમુક્ષુઓને પત્ર લખ્યો છે એટલે તીવ્ર મુમુક્ષુતાની વાતનો વિસ્તાર નથી કરતા. વ્યાખ્યા કરી નાખી પણ વિસ્તાર નથી કરતા.

**'તીવ્ર મુમુક્ષુતા' વિષે અત્ર જણાવવું નથી...'** શું કહ્યું ? કે અહીંયાં આ પ્રકરણ મારે લેવું નથી. **'તીવ્ર મુમુક્ષુતા' વિષે અત્ર જણાવવું નથી પણ 'મુમુક્ષુતા' વિષે જણાવવું**

**છે, કે તે ઉત્પન્ન થવાનું લક્ષણ પોતાના દોષ જોવામાં અપક્ષપાતતા એ છે,...'** હવે અહીંયાં વિચાર કરવાનો છે. બહુ વિચારણીય સ્થળ છે. એમ ન કહ્યું કે ફલાણું પુસ્તક, તમે 'સમયસાર' વાંચો તો તમને મુમુક્ષુતા આવશે, એમ કહ્યું ? કે તમે તત્ત્વજ્ઞાનનો અભ્યાસ કરો, એના વર્ગ ચાલતા હોય, શિબિર ચાલતી હોય જ્યાં એનો સ્વાધ્યાય થતો હોય ત્યાં જઈને બેસો માટે મુમુક્ષુતા આવશે, એ કાંઈ નથી કહ્યું. કે તમે આત્માની વિચારણા કરો એમ પણ નથી કીધું. વિચાર માગે એવો વિષય છે કે તમારે આત્માની વિચારણા કરવી, આત્માનું ચિંતવન કરવું, એમ પણ નથી કીધું.

મુમુક્ષુતા કેવી રીતે ઉત્પન્ન થાય છે ? કે મુમુક્ષુતા **'ઉત્પન્ન થવાનું લક્ષણ પોતાના દોષ જોવામાં અપક્ષપાતતા છે.'** સીધો પહેલેથી અવલોકનમાં મૂકે છે. જોવું-અવલોકવું. જોવું એટલે અવલોકવું. પદ્ધતિ સીધી આ લીધી છે. મુમુક્ષુતા ઉત્પન્ન કરવી છે ? તો તને તારા દોષ દેખાય છે કે નહિ ? પહેલા તો જે દ્રવ્ય-ગુણ-પર્યાય છે, જો સૈદ્ધાંતિક રીતે બહુ વ્યવસ્થિત વિચારીએ તો, દ્રવ્ય-ગુણ-પર્યાયમાં વ્યક્ત તો પર્યાય છે અને વ્યક્તની અંદર પણ સ્થૂળ ભાવો તો દોષના છે. હવે વ્યક્ત અવસ્થા અને એની સ્થૂળતા ન દેખાય, એ પહેલા એ આત્માને ક્યાં જોવા જવાનો હતો ? કે તું સ્વરૂપચિંતવન કરજે (કે) આત્મા જ્ઞાનસ્વરૂપી છે. ક્યાંથી જોશે ? એટલે એકડે એકથી શરૂ કરાવે છે કે અહીંથી શરૂઆત કરવી. વિચારણામાં ન લઈ ગયા, અવલોકવામાં લઈ ગયા.

મુમુક્ષુતા ઉત્પન્ન થવાનું લક્ષણ પોતાના દોષ જોવામાં અપક્ષપાતતા છે. દોષ જોવા એટલું નથી લીધું. જોવાની રીત લીધી છે, સાથે સાથે જોવાની પદ્ધતિની વાત કરી છે (કે) આ પદ્ધતિથી તું દોષ જો. નિષ્પક્ષ થઈને તારા દોષને જો, પક્ષ કરીશ નહિ. આટલો દોષ હોય એમાં શું વાંધો ? હું તો હજી ગૃહસ્થી છું, સાધારણ માણસ છું. આટલો તો દોષ મને હોય જ ને !

મુમુક્ષુ :- બીજાને જે રીતે પરિપૂર્ણ જોવે છે એ રીતે જ તારા..

પૂજ્ય ભાઈશ્રી :- અથવા બીજાના દોષનો તને તિરસ્કાર થાય છે, ઘૃણા થાય છે તો તારા દોષનો પણ તને તિરસ્કાર અને ઘૃણા થવી જોઈએ. એમ બીજાના દોષની રીતે જોઈએ તો. તારા દોષને તો તું કોઈ ને કોઈ બહાને હળવો કરી નાખ. એ તો આમ થયું એટલે મને આવો વિકલ્પ આવ્યો. એ તો ફલાણી વાત ઊભી થઈ

એટલે મેં તો આમ કીધું, એટલે મને આમ ભાવ થઈ ગયો. એમ નહિ.

મુમુક્ષુ :– પક્ષપાત કર્યો.

પૂજ્ય ભાઈશ્રી :– પક્ષપાત કર્યો છે. પક્ષપાત નહિ થવો જોઈએ.

અહીંયાં અવલોકન અને મધ્યસ્થતાથી અવલોકન એટલી અહીંયાં વિશેષતા છે. તું મધ્યસ્થ થા. તારા દોષ જોવા માટે પણ તું મધ્યસ્થ થા, નિષ્પક્ષ થા. અપક્ષપાતપણે તું તારા દોષને જો. એની સામે શું ગુણ ઉત્પન્ન થશે ? કે **'અને તેને લીધે સ્વચ્છંદનો નાશ હોય છે.'** પહેલામાં પહેલી વાત એ છે કે જીવ અનાદિનો સ્વચ્છંદી થઈને વર્તે છે. એમાં ખાસ કરીને મનુષ્યાત્મા છે એ સ્વચ્છંદી વધારે છે.

એક (તો) પોતાના કુળધર્મને જલ્દી છોડતો નથી. કુળધર્મને છોડવામાં એને એમ લાગે છે કે મારો કુળધર્મ છે એ જ બરાબર છે. માટે મારે એને ન છોડવો જોઈએ. આ એક એની જે માન્યતા છે એ સ્વચ્છંદપૂર્વકની છે, પક્ષપાતપૂર્વકની છે. તો કહે છે, તું નિષ્પક્ષ થઈ જા. એમ તારા દોષને તું નિષ્પક્ષ થઈને જો. (ત્યારે) પહેલું કામ એ થશે કે તારો જે સ્વચ્છંદ છે એનો નાશ થશે. ઘટશે, પહેલા ઘટશે. ઘટીને નાશ થવાની પ્રક્રિયામાં આવશે. પછી જે મૂળ જૈનમતમાં હોય એને પણ એ જ સિદ્ધાંત લાગુ પડે છે. નહિતર (કોઈને એમ થાય કે), એ તો અન્યમતની વાત થઈ કે એને તો કુળધર્મ બદલવાનો છે, પણ (અમે) દિગંબર છીએ એને ક્યાં બદલવાનો છે ? તો એમ નથી. તું જૈન હોઈશ તો જૈનાભાસી થઈને વર્તે છે. જો તું મુમુક્ષુ નથી, જ્ઞાની નથી તો જૈનના નામે જૈનાભાસી થઈને તું વર્તે છો. હવે એ સ્વચ્છંદપણું છે.

**'સ્વચ્છંદ જ્યાં થોડી અથવા ઘણી હાનિ પામ્યો છે,...'** ક્યા પ્રકારે ? આ પ્રકારે, હોં ! જે મુમુક્ષુજીવ પોતાના દોષ નિષ્પક્ષપણે જોવે છે, જોવે છે ત્યારે તેને અવશ્ય ખેદ થાય છે, ખેદ થાય છે, એની નિંદા-ગૃહા પણ એ કરે છે. એ બધો પ્રકાર એની અંદર છે. એ બધું એની અંદર લઈ લેવું. ત્યારે એનો સ્વચ્છંદ કોઈ અંશે દબાય છે, હાનિ પામે છે એવી પરિસ્થિતિમાં આવે છે. સર્વાંશે નાશ થવાનો તો જ્ઞાનીની ભૂમિકામાં જ થાય છે, પણ મુમુક્ષુ ભૂમિકામાં સ્વચ્છંદ થોડે અથવા ઘણી રીતે હાનિ પામે છે.

**'સ્વચ્છંદ જ્યાં થોડી અથવા ઘણી હાનિ પામ્યો છે, ત્યાં તેટલી બોધબીજ યોગ્ય ભૂમિકા થાય છે.'** એટલી બોધબીજ યોગ્ય ભૂમિકા ત્યાં થાય છે. આ મુમુક્ષુતાની

ભૂમિકા બાંધી. પહેલો બોધ ગ્રહણ કરવાની વાત નથી લીધી કે તું સિદ્ધાંતશાસ્ત્ર વાંચીને સૈદ્ધાંતિકબોધ ગ્રહણ કરજે, ઉપદેશશાસ્ત્ર વાંચીને ઉપદેશબોધનું ગ્રહણ કરજે. બોધના બે પ્રકાર કીધા છે – સિદ્ધાંતબોધ અને ઉપદેશબોધ. તો તું ફલાણા બોધનું શાસ્ત્ર વાંચીને બોધ ગ્રહણ કરજે એમ નથી લીધું. બોધ ગ્રહણ કરવાની તું ભૂમિકા તૈયાર કરજે. એ ભૂમિકા તૈયાર કરવામાં શું નડે છે ? કે ત્યાં જે જાળાંઝાંખરાં છે એ તારા દોષ છે. જાળાંઝાંખરાં સાફ કર્યા વિના એની ભૂમિકા ક્યાંથી તૈયાર થવાની ? શેમા વાવીશ તું ? બોધને મૂકશે શેમાં એ ? તો એ દોષને અવલોકન કર્યા વિના, મધ્યસ્થતાથી નિષ્પક્ષપણે જાણ્યા વિના (ટળશે કેવી રીતે ?).

દોષ ટાળવાના હેતુપૂર્વક, દોષ ટાળવાના ઉદ્દેશથી દોષને અવલોકવાની વાત છે. માત્ર અવલોકન કરવાની વાત નથી, પણ દોષને ટાળવાનો જેમાં ઉદ્દેશ અને હેતુ રહેલો છે એવો દૃષ્ટિકોણ જેણે અપનાવ્યો છે, ગ્રહણ કર્યો છે, એ દૃષ્ટિકોણ ગ્રહણ કરવાથી અવશ્ય સ્વચ્છંદની હાનિ થાય છે. જ્યાં સ્વચ્છંદની હાનિ થાય છે ત્યાં બોધબીજને પ્રાપ્ત ભૂમિકા અથવા યોગ્યતા આવે છે. એ પહેલા ઉપદેશની વાતો અનંતવાર નિરર્થક ગઈ છે એનું આ મુખ્ય કારણ છે, મૂળ કારણ જ આ છે કે ઉપદેશ તો જીવે અનંતવાર સાંભળ્યો છે પણ વ્યર્થ ગયો છે, કેમકે એની ભૂમિકામાં જ આવ્યો નથી. એ ઉપદેશ ક્યાંથી ચોંટવાનો હતો કે લાગવાનો હતો ? આપણે ત્યાં નથી કહેતા ? આ ભાઈ ઘણીવાર પ્રશ્ન ઉઠાવે છે કે, આવું બધું સાંભળીએ છીએ ઘણું પણ સાંભળ્યાં છતાં કેમકોંઈ થતું નથી ? કે મૂળ ભૂમિકા તૈયાર કરી નથી. પોતે પોતાની ભૂમિકા તૈયાર કરી નથી તો ઉપદેશ ક્યાંથી લાગવાનો હતો ને ઉપદેશની ક્યાંથી અસર થવાની હતી ?

એમનું તો ઘણું વજન છે. 'શ્રીમદ્જી'નું મુમુક્ષુતાની ભૂમિકા ઉપર ઘણું વજન છે. એટલે આ શાસ્ત્ર મુમુક્ષુને સીધું ઉપકારી છે એમ કહીએ તો ચાલે.

મુમુક્ષુ :– આ પત્રમાં તો Step by step વાતો કરી છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, બહુ (સરસ) પત્ર છે. ઘણી સૂક્ષ્મ (અંદરની) વાતો લીધી છે.

જેટલો સ્વચ્છંદ હાનિ પામ્યો, જેટલો સ્વચ્છંદ ગયો તેટલી યોગ્ય ભૂમિકા સમજવી, એમ કહે છે. આપણે તો વગર યોગ્યતાએ સિદ્ધાંતશાસ્ત્રો આપણા લોકો વાંચવા મંડી ગયા તો જ્ઞાનીઓની ભૂલ કાઢવા મંડી ગયા. 'શ્રીમદ્જી'ની અહીંયાં ભૂલ છે

ને 'ગુરુદેવ'ની અહીંયાં ભૂલ છે ને ફલાણું અહીંયાં છે. એ તીવ્ર સ્વચ્છંદની ભૂમિકા કહેવાય.

મુમુક્ષુ :- અમે રેતીમાં ખેતી કરી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. ભાઈ ! આપણા બધા જીવે એ જ કર્યું છે, અનંતકાળ સુધી એ જ કર્યું છે. ભૂમિકા પ્રાપ્ત થયા વિના, યોગ્યતા આવ્યા વિના ઉપદેશ ગ્રહણ કરવા માટે બેસી ગયા. ઉપદેશ લેવો જોઈએ, ઉપદેશ મેળવવો જોઈએ, પ્રાપ્ત કરવો જોઈએ. તો ક્યાંક સિદ્ધાંતબોધનો ઉપદેશ ચાલે તો ક્યાંક ઉપદેશબોધનો ઉપદેશ ચાલે. સિદ્ધાંત અને ઉપદેશ, બે પ્રકારે ઉપદેશ છે. તો નથી તો સિદ્ધાંતબોધ અડવાનો, નથી ઉપદેશબોધ અડવાનો. ભૂમિકા નથી, વાવવાની ભૂમિકા તો જોઈએ કે નહિ ? એ વાત છે.

મુમુક્ષુ :- જમીનને કેળવવાની છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, જમીનને કેળવવાની વાત છે. વાવે તો એમાંથી ઊગે જ ઊગે, ઊગ્યા વગર રહે નહિ.

**'સ્વચ્છંદ જ્યાં થોડી અથવા ઘણી હાનિ પામ્યો છે, ત્યાં તેટલી બોધબીજ યોગ્ય ભૂમિકા થાય છે.'** એટલો બધો સ્વચ્છંદ હોય કે જ્ઞાનીને શિખામણ આપે. અથવા પોતે સાંભળવા બેસે અને સંભળાવતા હોય એને શિખામણ આપે કે નહિ, આમ નહિ આમ હોવું જોઈએ. એવા બધા પ્રકાર સ્વચ્છંદના ચાલે. એ બધા પ્રકાર ગડબડવાળા ઘણા છે.

**'સ્વચ્છંદ જ્યાં પ્રાયે દબાયો છે,...'** હવે જે જીવ નિષ્પક્ષપણે દોષનું અવલોકન કરતો હોય અને એ રીતે સ્વચ્છંદ થોડો ઘણો દબાણો હોય એવા મુમુક્ષુજીવને **'ત્યાં પછી 'માર્ગપ્રાપ્તિ'...'** એટલે સમ્યગ્દર્શન અને સ્વાનુભવ, એ અનુભવપ્રાપ્તિને **'રોકનારાં ત્રણ કારણો મુખ્ય કરીને હોય છે, એમ અમે જાણીએ છીએ.'** આ એમનો આ વિષયનો બહુ ઊંડો અભ્યાસ છે. ઘણી સૂક્ષ્મ દૃષ્ટિ છે એટલે એમણે ત્રણ વાત અહીંયાં નાખી છે.

મુમુક્ષુ :- એ તો જેનો દબાયો હોય એની વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એની વાત છે. દબાયો ન હોય એને તો આ વાત લાગુ નથી પડતી એમ કહેવું છે. જે જીવ અવલોકનમાં આવ્યો ન હોય, પોતાના દોષ

નિષ્પક્ષપણે જોતો ન હોય એને તો આ ત્રણમાંથી કોઈ વાત લાગુ પડવાનો પણ પ્રશ્ન નથી. સત્પુરુષના વિનયની વાત ત્યારપછી લીધી છે. જોકે એ વાત થોડી આનુષંગિક છે કે જો કોઈ જીવ સ્વચ્છંદી હોય છે તોપણ જો સત્પુરુષ પ્રત્યે વિનમ્ર થઈને એના ચરણમાં રહેવાનું ઇચ્છે છે કે હું મારા દોષ તો જોઈ શકતો નથી અથવા હજી એ પ્રકારની મારી દોષને ટાળવાની, સ્વચ્છંદને મટાડવાની લગની નથી તો થોડોક સહેલો ઉપાય એ છે કે એ સત્પુરુષના ચરણમાં જાય છે. તો સત્પુરુષ એને ક્યારેક ક્યારેક ખ્યાલ આપે છે કે જો ભાઈ ! આ રીતે સ્વચ્છંદ ન થાય, આવો દોષ ન હોય, જરાક તું ધ્યાન રાખ, તારા ઉપર થોડુંક તું તારું ધ્યાન રાખ, બીજાના ઉપર નહિ પણ તારા ઉપર ધ્યાન રાખ. એવો ક્યાંક ક્યાંક પ્રકાર બને છે. પણ એમણે તો અહીંથી ભૂમિકા બાંધી છે. એમણે પેલી વાત નથી લીધી, આ વાત લીધી છે. ક્યાંક પેલી વાત લ્યે છે એટલે એ વાત વચ્ચે લીધી. પણ અહીંયાં એ વાત નથી લીધી. અહીં તો એમ કહે છે કે તું પહેલા તારા દોષનું નિષ્પક્ષપણે અવલોકન કરીને સ્વચ્છંદની હાનિ થાય પછી આ ત્રણ કારણોને તપાસજે કે તારામાં આમાંથી કોઈ ક્ષતિ નથી ને ? અને એ પણ ટાળજે.

મુમુક્ષુ :- આ ક્રમ જાણીને તપાસવાની ભૂમિકા આ છે. એ વગર...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ વગર આગળની વાત નથી. પદ્ધતિ આમ લીધી છે. સત્સંગ તો શું છે કે જીવને હિતબુદ્ધિ થવાનું નિમિત્ત છે. અને જેને હિતબુદ્ધિ થઈ છે એને પણ સત્સંગ યોગ્ય છે. પણ જેને હિતબુદ્ધિ નથી થઈ એને ? તો કહે એને પણ સત્સંગ યોગ્ય છે કે હિતબુદ્ધિ ઊગે. એ રીતે વાત છે. એ એક વિષય એવો વિશિષ્ટ છે કે બન્ને ભૂમિકામાં (સત્સંગ યોગ્ય છે). કાં તો ભૂમિકા ઊભી કરી દ્યે છે, કાં તો ઊભી થઈ હોય એને આગળ લઈ જાય છે અને કાં તો ભૂમિકા ન ઊભી થઈ હોય તો ઊભી કરી દ્યે છે. એ એક સત્સંગની અંદર વિશેષતા છે. એ પોતે વાત લેશે. ક્યાંક ક્યાંક પોતે એ વાત લીધી છે. એવો પણ પ્રશ્ન ઉઠાવ્યો છે કે યોગ્યતા ન હોય તો શું કરવું ? તો કહે, તોપણ સત્સંગમાં જાજે. એને માટે એ વાત કરી છે.

અહીંયાં તો 'ખંભાત'ના મુમુક્ષુ છે ને ! એટલે જોયું છે કે સત્પુરુષની નજીક તો આ લોકો આવ્યા છે. તમે સત્પુરુષની નજીક આવ્યા છો તો પહેલા આ તૈયારી કરીને આવ્યા છો કે એમ ને એમ આવ્યા છો ? એમ હવે નક્કી કરાવે છે. એમાં

સામે જે વ્યક્તિઓ છે એનો એ જ પ્રકાર જોઈ લીધો છે. જોકે એ પ્રકાર ખામીવાળો છે એમ પોતે કહે છે કે તમારા એ પ્રકારમાં અમે ખામી જોઈએ છીએ. પણ એ વાત પછીની છે. પહેલા તમે આ તૈયારી કરી છે ? અપક્ષપાતપણે તમારા દોષનું અવલોકન કરો છો ? અને એ અવલોકન કરતા તમારો સ્વચ્છંદ છે એ દબાણો છે ? તો હવે માર્ગપ્રાપ્તિ માટે જે ત્રણ કારણ છે એ ત્રણ કારણ તમારામાં વર્તે છે, એમ અમારો ખ્યાલ છે, એમ ચોખ્ખું લખ્યું છે.

પાંચમાં પેરેગ્રાફમાં છે. **'આ ત્રણે કારણો ઘણું કરીને અમને મળેલા ઘણાખરા મુમુક્ષુમાં અમે જોયાં છે.'** માટે આ પત્ર લખ્યો છે. એટલે આ ત્રણ કારણની ચર્ચા કરી છે. અમે જોયા છે, મુમુક્ષુઓની અંદર આ ક્ષતિ છે, એ ખ્યાલ છે.

એમાં **'આ લોકની અલ્પ પણ સુખેચ્છા,...'** શું કહે છે ? **'આ લોકની અલ્પ પણ સુખેચ્છા,...'** આ લોકની લૌકિક સુખની ઘણી ઇચ્છા, એનો તો કોઈ Class નથી, એમ કહે છે. અલ્પ પણ સુખેચ્છા, એ વાત લીધી છે. આ તો મુનિદશા સુધી આ વાત લ્યે છે, શાસ્ત્રકારો તો આ વાત મુનિદશા સુધી લ્યે છે. સમ્યગ્દૃષ્ટિ માટે લ્યે છે, મુનિઓ માટે લ્યે છે કે ભૂલેચૂકે ક્યાંય પણ લોકની સુખેચ્છા છે, સંયોગની સુખેચ્છા છે, અનુકૂળતામાં સુખેચ્છા છે એ અનાત્માબુદ્ધિ છે. આત્મા નથી ત્યાં આત્માની બુદ્ધિ છે, સુખ નથી ત્યાં સુખની બુદ્ધિ છે. આ સીધી જ દર્શનમોહની ચેષ્ટા છે. ખરેખર તો એમ છે.

દર્શનમોહની જે અનેક પ્રકારની ચેષ્ટાઓ છે એમાં આ સુખબુદ્ધિ છે, કર્તાબુદ્ધિ છે, એ મુખ્ય છે. કર્તાબુદ્ધિ અને સુખબુદ્ધિ. એ કર્તાબુદ્ધિ પણ સુખબુદ્ધિને લઈને ઊભી થાય છે. મૂળમાં પ્રયોજનનો જે વિષય છે એ તો સુખનો જ છે, કર્તાપણાનો નથી. એટલે આના ઉપર અહીંયાં મુખ્ય ધ્યાન ખેંચ્યું છે. અલ્પ પણ સુખેચ્છા. પણ અમે તો હજી જ્ઞાની પણ થયા નથી, અમે તો હજી મુમુક્ષુ છીએ અને અલ્પ પણ સુખેચ્છા ન રહે ? શરત થોડી આકરી છે, આ શરત થોડી કઠણ શરત છે. કેમકે અહીંયાં એક નિર્ણય કરવો છે કે ત્યાં સુખ છે કે નહિ ? કે મૂળમાં સુખ જ નથી. કોઈ પણ પુદ્‌ગલ પરમાણુની કોઈ પણ પ્રકારની, કોઈ પણ કાળની અવસ્થામાં કોઈ પણ પ્રકારે સુખ નથી, નથી ને નથી જ.

જે જડ છે અને સુખ રહિત છે એમાં જે સુખની કલ્પના છે એ કલ્પના જીવને

પોતામાં અનંત સુખ ભર્યું છે એનો મોટો પ્રતિબંધ છે. એ દરવાજો બંધ કરી આગળિયો મારી દેવાની વાત છે.

મુમુક્ષુ :- રેતીમાંથી તેલ કાઢવાના પ્રયાસ છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, રેતીમાંથી તેલ કાઢવું છે. છે નહિ અને કાઢવું છે, મળશે નહિ, અનંતકાળે પણ મળશે નહિ.

મુમુક્ષુ :- આ જે સ્વચ્છંદનો પ્રકાર ક્યાં સુધી રહે છે ?

પૂજ્ય ભાઈશ્રી :- આમાં શું છે ? જ્ઞાનદશામાં તો સ્વચ્છંદ ચાલ્યો જાય છે. જ્ઞાનદશા શરૂ થાય છે (પછી સ્વચ્છંદ ચાલ્યો જાય છે). આ આપણા સ્વભાવની વાતો છે. સ્વભાવ છે એ વિભાવનો ક્ષયકરણશીલ જ છે. પછી મૂળમાંથી જ કાપવાની વાત હોય ને ! એનો ક્ષય કરવાની વાત છે. ભલે પહેલા ઉપશમ થાય છે, પણ હેતુ તો એનો મૂળમાંથી ક્ષય કરવાનો છે. જરા સૂક્ષ્મ ચર્ચા કરશે. પહેલા બોલ ઉપર સૂક્ષ્મ ચર્ચા કરે છે.

બીજું '**પરમ દૈન્યતાની ઓછાઈ...**' પરમ વિવેક કહો, પાઠાન્તર : કોઈ જગ્યાએ પરમ વિનય પણ આવ્યું છે. એટલે પરમ વિનયની ઓછાઈ. સત્પુરુષ પ્રત્યે પરમ વિનય જે હોય છે એની અંદર ઓછપ હોય છે. વિરુદ્ધતા હોય છે એ પ્રશ્ન નથી ચર્ચતા. કેમકે એને તો મુમુક્ષુ જ કેમકેહેવા ? પણ વિનય કરતા હોય છતાં એ વિનયની અંદર ખામી હોય, ઓછપ હોય તો એ પણ એને માર્ગની પ્રાપ્તિને રોકનારું એક પ્રબળ કારણ છે.

મુમુક્ષુ :- ...જ્ઞાનીનો ખ્યાલ ઓછો આવ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનીનો ખ્યાલ આવ્યો નથી. ઓઘસંજ્ઞામાં હજી ચાલે છે. ઓઘસંજ્ઞામાં એ ઓછપ રહે છે, એ વાત છે. એ વિષય પણ લેશે. ચર્ચે છે.

'**અને પદાર્થનો અનિર્ણય.**' પદાર્થ એટલે નિજતત્ત્વ, જીવતત્ત્વ, પોતાનું જે સ્વરૂપ છે, શુદ્ધજીવાસ્તિકાય. એનો સ્વસ્વરૂપે જે નિર્ણય થવો જોઈએ એનો નિર્ણય નથી થતો. એની મતિમાં વિપર્યાસ કામ કરે છે કે જેને લઈને જ્ઞાન પોતે જ પોતાના સ્વભાવના નિશ્ચયમાં આવી શકતું નથી. એ ત્રણ કારણો માર્ગની પ્રાપ્તિને રોકનારા છે. જુઓ ! એ નિર્ણય પહેલા લઈ લીધો. સ્વાનુભવ પહેલા જે નિર્ણયની ભૂમિકા છે એ અહીંયાં એક કારણરૂપે નાખી દીધી.

મુમુક્ષુ :– પદાર્થનો અનિર્ણય છેલ્લું લીધું.

પૂજ્ય ભાઈશ્રી :– હા, છેલ્લે લીધું. કારણ કે સુખેચ્છા હોય, અન્ય પદાર્થમાં સુખેચ્છા હોય તો મતિ વિપર્યાસ આવે, નિર્ણય કેવી રીતે થાય ? કેમકે પદાર્થ તો અનંત સુખની ખાણ છે. સ્વપદાર્થ તો અનંત સુખની ખાણ છે. તો એનો નિશ્ચય જે થાય છે ત્યારે પેલો નિશ્ચય રહે અને આ (નિશ્ચય થાય એમ) કેવી રીતે બને ? નિશ્ચય તો તૂટવો જ જોઈએ.

**'એ બધાં કારણો ટાળવાનું બીજ હવે પછી કહેશું. તે પહેલાં તે જ કારણોને અધિકતાથી કહીએ છીએ.'** ત્રણે કારણની ચર્ચા કરે છે કે ત્રણે કારણોને ટાળવાનું બીજ તો પછી વાત કરીએ. પણ પહેલા એક એકને ચર્ચી લઈએ એમ કહે છે અને પછી બીજી વાત કરશું. પણ એમણે આ વાત ઉપર વજન એટલું બધું દીધું છે કે પોતે નીચે લખે છે કે **'અમે આમાં ઘણો ગૂઢ શાસ્ત્રાર્થ પણ પ્રતિપાદન કર્યો છે.'** નીચેથી પાંચમી લીટી છે. એક જ લીટી છૂટી પાડી છે. એક લીટીને પોતે પત્રની અંદર છૂટી પાડી દીધી છે કે આ વાત કરવી છે એમાં અમે ઘણો ગૂઢ શાસ્ત્રાર્થ પણ પ્રતિપાદન કર્યો છે. એમ નથી કે આ વાત અદ્ધરથી કરીએ છીએ. જે શાસ્ત્રની અંદર મર્મ છે, જેને ગૂઢ શાસ્ત્રાર્થ કહેવામાં આવે છે એ અમે આ પત્રની અંદર પ્રતિપાદન કર્યો છે. એટલે એમ કહ્યું છે કે **'તમે વારંવાર વિચારજો.'** આ પત્રને વારંવાર વિચારજો.

**'યોગ્યતા હશે તો અમારા સમાગમમાં આ વાતનો વિસ્તારથી વિચાર બતાવીશું.'** અહીંયાં જે લખ્યું છે એ તો પત્રની મર્યાદામાં લખ્યું છે પણ એની પાછળ અમારા વિશાળ વિચારની ભૂમિકા છે એ તમે સમાગમે પૂછશો તો બતાવશું કે આની અંદર કેટલી કેટલી વાતો રહેલી છે. એમ કરીને મુમુક્ષુને મોક્ષ પામવાનું મૂળિયું ક્યાંથી છે એની આ ૨૫૪ પત્રમાં લાઇનદોરી મૂકી દીધી છે.

પ્રશ્ન :– સ્વરૂપનિર્ણયનો પણ આ જ ક્રમ છે ?

સમાધાન :– હા, સીધી વાત છે. નહિતર સ્વરૂપનિર્ણય થશે નહિ. નહિતર ઉઘાડ હોય છે ત્યારે શું કરે છે ? સિદ્ધાંતશાસ્ત્ર વાંચી લ્યે છે કે આત્માનું મૂળસ્વરૂપ કેવું ? કે અનંત ગુણનું એકરૂપ. જે દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવથી આત્માનું સ્વરૂપ બતાવ્યું છે, એમાં જે ભાવ લીધો છે કે જેને દ્રવ્યસ્વભાવ કહેવામાં આવે છે એ આત્માનું સ્વરૂપ છે.

તો કાંઈ નિર્ણય થઈ ગયો ? નિર્ણય તો પોતારૂપે પ્રતિભાસવા લાગે ત્યારે એને નિર્ણય થયો કહેવાય. સ્વરૂપે, સ્વયંરૂપે પ્રતિભાસવા લાગે ત્યારે એને નિર્ણય થયો કહેવાય. એ નિર્ણય તો થતો નથી અને શાસ્ત્રથી નક્કી કરી લ્યે છે. એ રીતે તો કોઈ ન તો એનો ઉપદેશબોધ લાગે છે કે ન તો એનો સિદ્ધાંતબોધ લાગે છે. બેમાંથી એક્કે બોધ એને લાગતો નથી. કેમકે બોધ ગ્રહણ કરવાની ભૂમિકા નથી.

મુમુક્ષુ :- નર્સરી ક્લાસમાં પણ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- વિચારવા જેવો વિષય છે જરા. વિચારમાં મૂકી દ્યે એવો વિષય છે. વિશેષ લઈશું...

સ્વરૂપના યથાર્થ ભાવભાસનમાં પરિણમન ઉપર બહુ ઊંડી અસર થાય છે :-

* લક્ષ : જ્ઞાનમાં સ્વરૂપનું લક્ષ બંધાઈ જાય છે. ત્યારથી જ્ઞાન સ્વરૂપ લક્ષી થઈ જાય છે. જ્ઞાનના લક્ષમાંથી સ્વરૂપ ભૂંસાતુ નથી અને પરલક્ષ મટે છે.

* રુચિ : રુચિ અનન્યભાવે સ્વરૂપ પ્રત્યે જાગૃત થઈ જાય. આ ગુણની રુચિ છે. વિભાવ/ અવગુણ પ્રત્યે અરુચિ થાય છે.

* પુરુષાર્થ : ચૈતન્ય વીર્યની સ્ફુરણા થાય છે. વારંવાર સ્વરૂપનો - સ્વરૂપ પ્રત્યયી - વેગ ઉત્પન્ન થઈ આવે છે. પુરુષાર્થની દિશા બદલાય છે. જે અપૂર્વ છે.

* સ્વરસ : સ્વરૂપના અત્યંત રસવાળું ઘોલન રહ્યા કરે છે.

* મહિમા : અસાધારણ મહિમાવંત સ્વરૂપનો, અપૂર્વ મહિમા ઉત્પન્ન થાય છે અને જગતનો મહિમા ઊડી જાય છે. જગતના કોઈ પદાર્થનો મહિમા આવતો નથી - રહેતો નથી. સ્વરૂપ સન્મુખના પરિણામ રહે છે.

* અહો ! નિજ જિનપદથી અધિક બીજું શું હોય શકે ?

* અનંત સુખનો ભંડાર પોતામાં / અંતરમાં છે ત્યાં વૃત્તિનું વલણ થઈ જાય છે.

* ગુણનિધિ સ્વરૂપનો પત્તો લાગતાં અપૂર્વ... અપૂર્વ ભાવોનું વહેણ શરૂ થાય જ ને ! લક્ષના કારણથી ઉત્પન્ન જ્ઞાનમાં આનંદના ફૂવારા ફાટે છે.-પૂ. ગુરુદેવશ્રી

(પરમાગમસાર - ૫૧૬) ('અનુભવ સંજીવની' - ૧૦૩)

## તા. ૧૭-૧૦-૧૯૮૯, પ્રવચન નં. ૬૮
## પત્રાંક – ૨૫૪

શું કહે છે ? કે જે મુમુક્ષુજીવ અંદરમાં પોતાના જ્ઞાયકસ્વરૂપનો અનુભવ કરવાનો પ્રયત્નવાન છે. એ પ્રયત્નમાં સફળતા મળ્યાં પહેલા જે પ્રયત્ન ચાલે છે એ દરમ્યાન ભિન્ન જ્ઞાયક જુદો પકડાતો નથી, અનુભવગોચર થતો નથી ત્યારે જે કાર્ય કરવું છે, જે કરવું હોય છતાં ન થાય ત્યારે જે મૂંઝવણ થાય એ પ્રકારની આ મૂંઝવણ છે. મૂંઝવણ, મૂંઝવણમાં ફેર છે. એક કામ કરવા ધારે, કરવાનો પરિશ્રમ થાય અને છતાં એ કાર્ય પાર ન પડે, સફળ ન થવાય ત્યારે કેમકોર્ય થતું નથી એની મૂંઝવણ થાય છે. પણ એ એવી મૂંઝવણ નથી કે મૂંઝાઈ જાય, મૂંઢાઈ જાય એવી મૂંઝવણ નથી. શોધક જીવ છે અને એના શુદ્ધાત્માને ભિન્નપણે અનુભવ કરવાનો પ્રયત્ન છે અને એ પ્રયત્નમાં જ લાગે છે અને આડોઅવળો જતો નથી.

પત્રાંક ૨૫૪માં તો માર્ગની પ્રાપ્તિને રોકનારા કારણોની ચર્ચા કરી છે. અને એ તો છે કે કૅન્સર થયું હોય અને એના માટે કોઈ જડીબુટ્ટી આપે, એ જડીબુટ્ટી ખાય, પછી પાછો ટાટામાં જઈને રિપોર્ટ કઢાવે ને રિપોર્ટ Nil આવે પછી જ એને ખબર પડે કે જેણે જડીબુટ્ટી આપી હતી એ મારો ભગવાન છે કે નહિ ? પછી એને શું કહે ? આ તો પ્રસંગ બનેલો છે. જે આ શિવામ્ભુનો પ્રયોગ કરે છે ને ? સ્વમૂત્ર પ્રયોગ, એનું પુસ્તક ભાઈએ મને વાંચવા આપ્યું હતું. કાલબાદેવીનું Address છે, પર વર્ષની ઉંમરના ભાઈ હતા. પોતાના નામ, Address સાથે લખ્યું હતું.

એને લીવરનું કૅન્સર થયું હતું. અને પાંચેક મહિના ટાટાની અંદર ઉપચાર કરાવ્યા પછી એમને હૉસ્પિટલમાંથી રજા આપી દીધી કે આયુષ્ય હોય ત્યાં સુધી પંદર દિવસ, મહિનો ઈશ્વરનું નામ લઈ લ્યો. હવે આ દુનિયામાં તમારા માટે કોઈ ઇલાજ નથી. એનો ઇલાજ શોધાયો જ નથી કે તમને ટકાવવા માટે અમે મહેનત કરીએ. એ માણસ

નિરાશ થઈને ઘરે આવી ગયો. પછી આ માણસ, જેણે આ પ્રયોગ ચીંધ્યો એના માટે પોતાના પત્રમાં એ શબ્દો વાપર્યા છે કે ફેબ્રુઆરીની એક સવારે મારા ઘરે કોઈ દૈવી ફિરસ્તો આવ્યો. શું શબ્દ વાપર્યા ? રોગ મટી ગયો છે ને ! આવ્યો તે દિવસે એને ફિરસ્તો નહોતો દેખાણો. પણ રોગ એણે મટાડ્યો એટલે કહે કે મારા ઘરે કોઈ દૈવી ફિરસ્તો આવ્યો. એણે મને કહ્યું કે તું આ પ્રયોગ કર. તો મને એમ થયું કે આમ પણ મરવું તો છે જ તે ! તો પ્રયોગ ચાલુ કર્યો. ચાલુ કર્યા પછી ઘણા પ્રસંગો બની ગયા અને તબિયત સુધરવા લાગી. જે પ્રસંગો બન્યા એમાં બધું મળદ્વારથી નીકળ્યું, બધું સડેલું, કચરો બધું ખૂબ નીકળ્યું અને પછી તબિયત સુધરવા લાગી અને તબિયત એવી થઈ ગઈ કે ટાટાના ડૉક્ટર પાસે એ ગયા કે ભાઈ ! તમને મળવા આવ્યો છું. એ તો વિચારમાં પડી ગયા. ઓળખે નહિ, કેમકે પહેલા તો શરીર લેવાઈ ગયું હતું. કેન્સરની અંદર તો Weight fall થઈ જાય છે અને આનું તો વજન વધી ગયેલું. એમણે તો ધારી ધારીને જોયું કે ફલાણા ભાઈ તો નહિ ? તો કહે હા, હું એ જ ભાઈ છું. મારું ભૂત નથી. શું જવાબ દીધો એણે ? હું એ કાંતિભાઈ છું, કાંતિભાઈનું ભૂત નથી, હોં! શું કીધું એણે ? પછી એને કીધું કે આવી રીતે થયું છે અને તમે મારો રિપોર્ટ લઈ શકો છો. કેન્સર મટી ગયું હતું.

મારો તો કહેવાનો મતલબ એ છે કે એક વખત જેણે બચાવ્યો એને એણે ભગવાનની નજરે જોયો. તો જે અનંત જન્મ-મરણથી બચાવે એવી વાસ્તવિકતા જેનામાં દેખાય, એને કઈ નજરથી જોવે ? આ કાંઈ શીખડાવવાનો વિષય નથી.

મુમુક્ષુ :- સિદ્ધ અને નિગોદમાં હું કઈ નયથી ભેદ માનું એમ લીધું છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો દ્રવ્યદૃષ્ટિનો વિષય છે. આ તો પર્યાયદૃષ્ટિથી લ્યે છે. કેમકે આ તો જ્ઞાનીની તો પર્યાય છે ને ! જ્ઞાનીની આ પર્યાય છે. પેલા નિગોદમાં છે એ તો જ્ઞાની નથી. આ તો જેની પાસેથી માર્ગ પ્રાપ્ત કરવો છે એવી જેને વર્તમાન વિદ્યમાન અવસ્થા છે, એમાં પરમાત્મબુદ્ધિ લેવી છે. પરમાત્મા છે નહિ, ચોથે ગુણસ્થાને છે, અવિરત સમ્યગ્દૃષ્ટિ છે છતાં એમાં પરમાત્મબુદ્ધિ એ કોઈ બીજી દૃષ્ટિનો વિષય છે, એ જુદી દૃષ્ટિનો વિષય છે અને એ દૃષ્ટિ મુમુક્ષુતામાં ઉત્પન્ન થાય છે ત્યારે માર્ગની પ્રાપ્તિ નિકટ હોય છે નહિતર પરમ વિકટ હોય છે.

એ વાત એમણે ૨૨૩ (પત્રાંક)માં સ્થાપી છે. **'જ્ઞાની તો પરમાત્મા જ છે; અને**

**તેના ઓળખાણ વિના પરમાત્માની પ્રાપ્તિ થઈ નથી;...'** ભૂતકાળમાં **'માટે સર્વ પ્રકારે ભક્તિ કરવા યોગ્ય એવી દેહધારી દિવ્ય મૂર્તિ–જ્ઞાનીરૂપ પરમાત્માની–ને નમસ્કારાદિ ભક્તિથી માંડી પરાભક્તિના અંત સુધી એક લયે આરાધવી...'** એક લયે એટલે એમાં ફેર પડવા દેવો નહિ, ચડતા પરિણામે એનું આરાધન (કરવું) **'એવો શાસ્ત્રલક્ષ છે.'** આ પાછું આગમ વિરુદ્ધ નથી, આગમ નિહિત આ વાત છે.

**'પરમાત્મા આ દેહધારીરૂપે થયો છે...'** વિદ્યમાન લેવું છે ને ! કોઈ પરમાત્મા જ આ દેહધારીરૂપે થયો છે **'એમ જ જ્ઞાની પુરુષ પ્રત્યે જીવને બુદ્ધિ થયે ભક્તિ ઊગે છે, અને તે ભક્તિ...'** એની ચરમસીમાએ પહોંચે છે. એમાં કોઈ નાત-જાત કોઈ વાત રહેતી નથી. એને પરાભક્તિ કહી છે. અને એવી પરાભક્તિ માટે જ ભાગવતની અંદર વાત કરી છે અને જૈનની અંદર પંચપરમેષ્ટીના મંત્રમાં એ રહસ્ય રહેલું છે. એ વાત એમણે અહીંયાં ખોલી છે કે સિદ્ધ ભગવાન ઉચ્ચ કોટીએ બિરાજમાન હોવા છતાં અરિહંત ભગવાનને પ્રથમ નમસ્કાર કરવાની પાછળ આ જ કારણ રહેલું અમને દેખાય છે. એ વાત એમણે અહીંયાં ૨૫૪માં નાખી છે.

મુમુક્ષુ :– ખુલાસો બરાબર સારો થયો. પર્યાયદૃષ્ટિએ વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, પર્યાયદૃષ્ટિએ વાત છે. અહીંયાં એ પર્યાયદૃષ્ટિની વાત છે.

**'સત્પુરુષમાં જ પરમેશ્વર બુદ્ધિ, એને જ્ઞાનીઓએ પરમ ધર્મ કહ્યો છે; અને એ બુદ્ધિ પરમ દૈન્યત્વ સૂચવે છે;...'** હવે ત્યાં એમણે ફૂટનોટ મૂકી છે. સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિ એ વાત ઉપર એમણે ફૂટનોટ કરી છે કે **'તથારૂપ ઓળખાણ થયે સદ્‌ગુરુમાં પરમેશ્વરબુદ્ધિ રાખી તેમની આજ્ઞાએ પ્રવર્તવું તે 'પરમ વિનય' કહ્યો છે, તેથી પરમ જોગ્યતાની પ્રાપ્તિ હોય છે.'** તેવા વિનયથી પરમ જોગ્યતાની એટલે પરમ પાત્રતાની પ્રાપ્તિ હોય છે. **'એ પરમ વિનય જ્યાં સુધી આવે નહીં ત્યાં સુધી જીવને જોગ્યતા આવતી નથી.'** પાત્રતા આવતી નથી અને પાત્રતા નથી ત્યાં સુધી માર્ગપ્રાપ્તિ થઈ શકતી નથી.

પ્રશ્ન :– જ્ઞાનીની વિદ્યમાનતા ન હોય ત્યારે શું કરવું ?

સમાધાન :– ત્યારે એની ખોજ કરવી પડે છે. રોગ થયો હોય અને ડૉક્ટર ન મળતો હોય તો શું કરે ? મૂકો પડતી વાત, એમ કરીને મૂકી દ્યે ? રોગ નહિ મટવાનો હોય, જાવા દ્યો હવે. એના પરિણામ રહી શકે જ નહિ. આ રોગ ગમે

તેમ કરીને મટવો જોઈએ. કોઈ મરવા ચાહતું નથી, કોઈ જીવ મરવા ચાહતું નથી. મરવા ઇચ્છતો નથી. એને એક જ વાત રહે કે છે કોઈ ? છે ક્યાંય ? છે કોઈ ? એ વાત રહ્યા જ કરે. એ જ્યારે રહ્યા કરે ત્યારે એ એની ભાવના છે એ તીવ્ર થયા કરે. સત્પુરુષના વિયોગના કાળમાં એ ભાવના તીવ્ર થયા કરે અને એ જ પરિસ્થિતિ, એ જ પરિણામ એને નિકટ ભવિષ્યમાં સત્પુરુષનો યોગ થવા માટેના પુણ્યબંધનું કારણ થાય છે, બીજું કોઈ કારણ નહિ, એમ.

મુમુક્ષુ :– ઉપાદાન જાગે ત્યારે નિમિત્ત ન મળે એવું બનતું નથી.

પૂજ્ય ભાઈશ્રી :– એવું બનતું નથી, એવું લગભગ બનતું નથી. હા, બનતું નથી. એવું છે કે કોઈ વખત આગળ-પાછળ થઈ જાય. ઉપાદાન જાગ્યું હોય અને થોડો સમય પણ લાગી જાય. એ તો માનો કે વર્તમાનમાં એવું કોઈ ઉપાદાન હોય, એક દૃષ્ટાંત લઈએ અને વર્તમાનમાં કોઈ જ્ઞાની ન હોય, એમ લઈએ. તો શું થાય ? તો બીજા ભવમાં એને એ યોગ થઈ જાય. પછી અહીંયાં આયુષ્ય પૂરું થાય તો સીધો ત્યાં જ ઉત્પન્ન થાય કે જ્યાં જ્ઞાનીઓ હોય. એવી રીતે બની જાય. પણ ભાવના નિષ્ફળ જતી નથી. ચૌદ બ્રહ્માંડ ફરે તોપણ ભાવના નિષ્ફળ જતી નથી. એ વાત નક્કી છે. વહેલોમોડો કાળ એ તો એક કુદરતનો ક્રમ છે. એમાં પોતે જ કારણ છે. એ કુદરતના ક્રમમાં બીજો કોઈ કારણ નથી પણ પોતે જ કારણ છે. પોતે જ વિરાધના કરી છે, પોતે જ બીજાને અંતરાય પાડ્યો હોય છે. બીજા કોઈને જ્ઞાનીનો યોગ થાય એમાં પોતે અંતરાય નાખેલો હોય. એ રીતે.

મુમુક્ષુ :– એટલું પુણ્ય તો અત્યારે લઈને આવ્યા છીએ.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ભાઈ કહે છે કે, અત્યારે તો એટલું પુણ્ય લઈને આવ્યા છીએ. પછી ભવિષ્યનો ક્યાં વિચાર કરવાનો રહ્યો ? પુણ્ય લઈને આવ્યા એથી શું ? ઓળખાણ થવી મુખ્ય વાત છે. પરમેશ્વરબુદ્ધિ તો ઓળખાણ થયે (થાય છે) ને ! તથારૂપ ઓળખાણ થયે સદ્‌ગુરુમાં પરમેશ્વરબુદ્ધિ. એનું અહીંયાં લક્ષણ બાંધશે. અહીંયાં સાથેસાથે એક અસાધારણ વાત લીધી છે એ આ છે કે જ્યારે એ બુદ્ધિ પરમ દૈન્યત્વ સૂચવે છે કે **'જેથી...'** જે કારણને લીધે **'સર્વ પ્રાણી વિષે પોતાનું દાસત્વ મનાય છે અને પરમ જોગ્યતાની પ્રાપ્તિ હોય છે.'**

'સર્વ પ્રાણીને વિષે પોતાનું દાસત્વ' આ વાત્સલ્ય ઊભું થાય છે. આ બાજુ

જો, એક બાજુ જો સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિ થઈ તો એ જ સિક્કાની બીજી બાજુ એ છે કે જેને લઈને સર્વ પ્રાણીમાં પોતાનું દાસત્વ મનાય છે. એટલે એને ક્યાંય અવાત્સલ્યનો પ્રસંગ બનતો નથી. નહિતર અહીંયાં ગડબડ થાય છે, એમ કહેવું છે. આ જગ્યાએ ગડબડ થાય છે. એટલે કોઈ પ્રાણીનો તિરસ્કાર નથી થતો.

એક બાજુ જો સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિ થાય તો બીજી બાજુથી કોઈ પણ જીવ પ્રત્યે તિરસ્કારવૃત્તિ ન થાય. ઊલ્ટાનું એમ કહે છે, તિરસ્કારવૃત્તિનો તો વિચાર જ કરવાનો નથી. આ તો Side ચોખ્ખી કરવા માટે વાત લ્યે છે. સર્વ પ્રાણી વિષે પોતાનું દાસત્વ મનાય છે. અમારે તો તમારી સેવાનો લાભ મળે, એ ઘણી વાત છે. દાસને શું છે ? દાસ તો સેવા કરનાર છે. તમારી સેવાનો લાભ મળ્યો, એ ઘણું છે, પતી ગયું. અહીંથી વાત્સલ્ય ઊભું થાય છે એ મુમુક્ષુતાની પાયાની ચીજ છે. સમ્યગ્દૃષ્ટિને જે વાત્સલ્ય નામનું અંગ છે, આઠ અંગમાંથી એક અંગ છે, એનું મૂળિયું અહીંયાં મુમુક્ષુતામાં પડેલું છે. આ બધી વાતોનું નિરૂપણ કરવા પાછળ 'શ્રીમદ્જી'ની બહુ અસાધારણ વિચક્ષણતા છે ! અસાધારણ વિચક્ષણતા છે !!

મુમુક્ષુ :– સર્વ પ્રાણી પ્રત્યે એટલે મુમુક્ષુ અંદર આવી ગયો.

પૂજ્ય ભાઈશ્રી :– પ્રશ્ન જ નથી રહેતો. કોઈ પણ જીવ સન્માર્ગે વળે, સન્માર્ગમાં આવે તો એને કેટલો Response આપવો જોઈએ ? પછી ભલે ગમે તે નાતમાંથી, ગમે તે જાતમાંથી, ગમે તે ક્ષેત્રમાંથી, ગમે ત્યાંથી આવતો હોય. એમ જોવા બેસાય છે કે આ દિગંબર છે કે નહિ ? આ જૈન છે કે નહિ, એમ જોવો બેસાય છે ? ગમે ત્યાંથી આવે. એ સત્‌ના માર્ગે આવે છે, સત્‌ની નજીક આવે છે, એવું કાંઈ પણ દેખાતું હોય તો એના માટે પૂરેપૂરો આદર આવે જ આવે. આ એક બહુ કુદરતી વસ્તુ છે. જેને સન્માર્ગની કિંમત છે, ઓળખાણ છે કે મહિમા છે એના માટે એ બહુ સ્વાભાવિક વસ્તુ છે. એ વાત એમણે મૂકી છે. એટલા માટે મૂકી છે કે આથી અન્યથા પ્રકારનું કોઈ લક્ષણ હોય તો તપાસી લેવું જોઈએ, એને છોડી દેવું જોઈએ. એટલી વાત છે.

મુમુક્ષુ :– આ મુમુક્ષુતાની વાત કરે છે ?

પૂજ્ય ભાઈશ્રી :– હા, મુમુક્ષુતાની જ. આ વાત મુમુક્ષુતાની જ ચાલે છે, પાત્રતાની જ વાત ચાલે છે.

મુમુક્ષુ :- મુમુક્ષુતા એટલે પ્રથમ ભૂમિકા, શરૂઆત.

પૂજ્ય ભાઈશ્રી :- નહિતર એ માર્ગની પ્રાપ્તિને રોકનારું કારણ છે. યોગ્યતાને, પાત્રતાને રોકનારું કારણ છે, સીધેસીધી વાત છે. પાત્રતાનો છેદ ઉડાડવો છે કે પાત્રતા પ્રાપ્ત કરવી છે ? બસ ! આના ઉપર બધો આધાર છે.

**'જેથી સર્વ પ્રાણી વિષે પોતાનું દાસત્વ મનાય છે...'** કુદરતી જ, હોં ! મનાય છે એટલે કુદરતી એ માન્યતા આવે છે **'અને પરમ જોગ્યતાની પ્રાપ્તિ હોય છે. એ 'પરમ દૈન્યત્વ'...'** એટલે પરમ વિનય **'જ્યાં સુધી આવરિત રહ્યું છે...'** એટલે ઉત્પન્ન થયું નથી. જીવ એવો થઈ શકે છે, એવો ગુણ એને ઊઘડી શકે છે. પણ જ્યાં સુધી એ પ્રકારની યોગ્યતા અવરાયેલી છે **'ત્યાં સુધી જીવની જોગ્યતા પ્રતિબંધયુક્ત હોય છે.'** ત્યાં સુધી એને બાંધી દીધો છે. જેમ કહે ને કે આ સાપને અહીંયાં બાંધ્યો છે, આ ભૂતને અહીંયાં બાંધ્યો છે, એમ આ યોગ્યતાને બાંધી છે, બાંધી લીધી, પ્રતિબંધ થઈ ગયો, આગળ નહિ વધી શકે. મોક્ષમાર્ગમાં આવવા માટે એ જીવ આગળ નહિ વધી શકે, એ નક્કી વાત છે.

મુમુક્ષુ :- વાત્સલ્ય...

પૂજ્ય ભાઈશ્રી :- 'જેથી' શબ્દ વાપર્યો છે. એક બાજુ જો સત્પુરુષમાં પરમેશ્વરબુદ્ધિ થાય તો **'જેથી...'**, જેને લઈને, જેથી એટલે જેને લીધે **'સર્વ પ્રાણી વિષે પોતાનું દાસત્વ મનાય છે...'** આ પરિસ્થિતિ સાથેસાથે જ ઊભી થાય છે, એમાં આગળ-પાછળનો પ્રશ્ન છે નહિ. આખી જીવની કઠોરતા છૂટી જાય એવી વાત છે. સર્વ પ્રાણી વિષે જ્યાં દાસત્વ આવે એટલે કૂણોકૂણો થઈ જાય, એવો કૂણો બીજે ન થાય, એવો કૂણો થઈ જાય. વાત પૂરી થઈ ગઈ. આમાં એને વિષય-કષાય ક્યાં મંદ પાડવા જવું પડે એવું છે ? (ક્યાં) ગોતવા જવું પડે એવું છે ? સીધો જ કષાય મંદ પડી જાય.

નંબર ત્રણ, **'કદાપિ એ બન્ને થયા હોય,...'** માનો કે કોઈ જીવને સત્પુરુષનો આટલો ભાવ થયો, અલ્પ પણ સુખેચ્છા નથી તથાપિ, તોપણ હજી એક ત્રીજું કારણ છે, એમ કહે છે. આ અહીંયાં જ્ઞાનની નિર્મળતા લેવી છે. જો કે જ્ઞાનની નિર્મળતા પેલા બન્ને કારણથી આવી શકે છે પણ છતાં આ એક મુદ્દો છે ખરો. આ પણ એક વિચારણીય મુદ્દો છે, વિચારવા યોગ્ય વાત છે એટલે એ વાતનું એમણે અહીંયાં કારણ ગણ્યું છે.

**'કદાપિ એ બન્ને થયાં હોય, તથાપિ વાસ્તવિક તત્ત્વ પામવાની કંઈ જોગ્યતાની ઓછાઈને લીધે પદાર્થ-નિર્ણય ન થયો હોય...'** અનંત જ્ઞાનનું અને અનંત સુખનું ધામ છે એ નિશ્ચય થવો, નિર્ણય થવો એ એક સમ્યગ્દર્શનનું અને સ્વાનુભવનું અનન્ય કારણ છે. પેલું અનન્ય કારણ નથી, આ અનન્ય કારણ છે. પેલું કારણનું કારણ છે, આ અનન્ય કારણનું પેલું કારણ છે. પણ આ અનન્ય કારણ છે. આ તબક્કે પહોંચવું જોઈએ. ન પહોંચે તોપણ સમ્યગ્દર્શન અને સ્વાનુભવની અને મોક્ષમાર્ગની પ્રાપ્તિ નથી. ૭૫૧ (પત્રાંક)માં એ વિષે એમણે લીધું છે.

એટલે બન્ને થયા હોય તોપણ વાસ્તવિક તત્ત્વ પામવાની કાંઈક યોગ્યતાની ઓછાઈને લીધે, પછી ત્યાં મોટી યોગ્યતાની ઓછાઈ નથી પણ કાંઈક યોગ્યતાની ઓછાઈને લીધે **'પદાર્થ-નિર્ણય ન થયો હોય તો ચિત્ત વ્યાકુળ રહે છે, અને મિથ્યા સમતા આવે છે; કલ્પિત પદાર્થ વિષે 'સત્'ની માન્યતા હોય છે;...'** કે થઈ જાય છે **'જેથી કાળે કરી અપૂર્વ પદાર્થને વિષે પરમ પ્રેમ આવતો નથી, અને એ જ પરમ જોગ્યતાની હાનિ છે.'** આટલાની અંદર બહુ સરસ વાત લીધી છે કે વાસ્તવિક તત્ત્વ પામવાની જે યોગ્યતા છે, એમાં સ્વરૂપનિશ્ચય સંબંધીની જે અયોગ્યતા છે, ઓછાઈ કહો કે અયોગ્યતા છે, એ તો જ્ઞાન લક્ષણને આધારે, જ્ઞાનસ્વભાવનો નિર્ણય કરવા માટે જે આંશિક રાગથી ખસીને, આંશિક રાગનો અભાવ કરીને – અવલંબનમાં-ખસવામાં – અભાવ કરીને, ઉત્પત્તિમાં અભાવ નહિ થાય, અવલંબનમાં અભાવ થઈને. જે કાંઈ અંતર્મુખપણું આવે છે કે જે જ્ઞાનને આધારે જ્ઞાનસ્વભાવનો નિશ્ચય થાય છે, એવી જે કાંઈક થોડી ખામી છે, ઉપરના બે કારણોની ખામી નથી પણ અહીંયાં એક ત્રીજી ખામી છે, એવી કોઈક ખામીને લઈને, જ્યારે પદાર્થનો, અપૂર્વ પદાર્થનો, પોતાના નિજ પરમેશ્વરપદને અહીંયાં અપૂર્વ પદાર્થ કહ્યો છે. પૂર્વે ક્યારેય એણે નિશ્ચય કર્યો નથી. એ સંબંધીનો નિર્ણય ન થયો હોય તો એનું લક્ષણ એ છે. અહીંયાં Negative side બધી લીધી છે, Positive side અહીંયાં હજી નથી લીધી.

૭૫૧ (પત્રાંક)માં જે વાત કરી છે એ Positive sideની વાત કરી છે. સ્પષ્ટ અનુભવાંશે પ્રતીતિ, પ્રતીતિ એટલે વિશ્વાસ. એક વચનમાં ત્યાં એટલી વાત લીધી છે. ત્યાં અસ્તિથી વાત લીધી છે. અહીંયાં નાસ્તિથી લીધી છે. એવો નિર્ણય ન થયો હોય તો ચિત્ત વ્યાકુળ રહે. એને જે સમાધાન આવવું જોઈએ એ સમાધાન ન આવે

એટલે વ્યાકુળતા રહે. પદાર્થના નિશ્ચયથી જે સમાધાન આવે એ સમાધાન આવે નહિ. એટલે અસમાધાન રહે, અસમાધાન રહે ત્યાં વ્યાકુળતા રહે.

પ્રશ્ન :- સાધનની ભૂલ છે ?

સમાધાન :- સાધનની ભૂલ કરતાં, અહીંયાં સાધનની ભૂલ પણ છે અથવા અહીંયાં સાધનનો અભાવ છે, અભાવ છે. નિશ્ચય નથી થયો તો સ્થિતિ શું રહી ? કે વ્યાકુળતા રહે, સમાધાન ન આવે. બીજું કે મિથ્યા સમતા આવે. જે કાંઈ બીજા નય, ન્યાયોની સમજણ છે એનાથી પોતે સમાધાન કરી લ્યે. આ સાધનની ભૂલ છે. મિથ્યા સમતા આવે છે એ સાધનની ભૂલ છે. વ્યાકુળતા રહે છે એ નિશ્ચયનો અભાવ બતાવે છે. અભાવને લઈને વ્યાકુળતા રહે છે. સાધનની ભૂલને લઈને મિથ્યા સમતા આવે છે. અથવા **'કલ્પિત પદાર્થને વિષે 'સત્‌'ની માન્યતા હોય છે;...'** કલ્પિત એટલે શું ? કે શાસ્ત્ર વાંચ્યું હોય, સાંભળ્યું હોય અને આત્માના સ્વરૂપની મનથી કલ્પના કરી હોય કે આત્મા આવો છે. દ્રવ્યથી, ક્ષેત્રથી, કાળથી, ભાવથી આત્મા આવો છે. દ્રવ્ય-ગુણ-પર્યાયથી, ઉત્પાદ્-વ્યય-ધ્રુવથી આત્મા આવો છે, મૂળ તત્ત્વ અપરિણામી ધ્રુવ આવું છે. એક મનથી કલ્પના કરી.

સ્પષ્ટ અનુભવાંશે જ્ઞાનનું લક્ષણ જે અનુભવગોચર છે, સાકાર છે, પ્રગટ છે ત્યાંથી પ્રતીતિ લેવાને બદલે મનથી કલ્પના કરી એટલે એને (માટે) કલ્પિત પદાર્થ થઈ ગયો. એ કલ્પિત પદાર્થમાં એણે સત્‌ની માન્યતા કરી કે હું આવો શાશ્વત, હું આવો ત્રિકાળી, હું આવો અનાદિઅનંત. એવી માન્યતા હોય છે. **'જેથી કાળે કરી અપૂર્વ પદાર્થને વિષે પરમ પ્રેમ આવતો નથી,...'** એટલે ઓળખાણથી જે મહિમા ઉત્પન્ન થવો જોઈએ એ મહિમા ઉત્પન્ન ન થાય. કૃત્રિમ મહિમા કરે, આહા...! મારો આત્મા અવ્યાબાધ છે, મારો આત્મા ધ્રુવ છે, મારો આત્મા ત્રિકાળી છે, મારો આત્મા શાશ્વત છે, મારો આત્મા અનંત જ્ઞાનની ખાણ છે, મારો આત્મા પરમાનંદની મૂર્તિ છે. કૃત્રિમ કર્યા કરે. જે અંતરથી ઓળખાણ થઈને પરમ પ્રેમ આવવો જોઈએ એ મહિમા એને ઉત્પન્ન થાય નહિ. આ એનું લક્ષણ બાંધ્યું છે.

**'અને એ જ પરમ જોગ્યતાની હાનિ છે.'** એ પરમ પાત્રતા છે, એની ખામી છે. જેને યથાર્થ સ્વરૂપનિશ્ચય થાય છે એને પરમ પાત્રતા આવી. એને સંસ્કાર તો ત્યાં થઈ ગયા, દઢ સંસ્કાર થઈ ગયા, સંસ્કાર થઈ ગયા એટલું જ નહિ દઢ સંસ્કાર

થયા અને એ જીવ સમ્યક્ સમીપ છે, સમ્યક્ સન્મુખ છે. એને બહુ અલ્પ કાળમાં એની પ્રાપ્તિ હોય છે.

મુમુક્ષુ :– જ્ઞાન-દર્શનથી શાંતી નથી.

પૂજ્ય ભાઈશ્રી :– ઓળખાણ નથી. લક્ષણથી લક્ષ્યની જે ઓળખાણ થવી જોઈએ અથવા સ્વયં એ રૂપે પ્રતિભાસવા લાગે, એ રૂપે પોતાને માલૂમ પડે કે એ રીતે પોતે છે. તો શું થાય છે કે ત્યાં ચિત્તની સ્થાપના થઈ જાય છે. એ વિષય અહીંયાં સ્પષ્ટ થાય છે. શાસ્ત્રમાં એક દૃષ્ટાંત છે આ માથે ત્રણ-ચાર પાણીના બેડા લ્યે છે ને ? તો માથે ઉપાડ્યા પછી પણ ચાલવામાં વિચાર હોય છે અને વાતો કરવામાં વિચાર હોય છે, બે જગ્યાએ ઉપયોગ ફંટાય છે. માથે ત્રણ-ચાર બેડા ઉપાડ્યા પછી પણ ઉપયોગ છે એ ચાલવામાં પણ જાય અને વાતો કરવામાં પણ જાય. સાથેસાથે ચાલનારા એવી રીતે હોય જેની સાથે વાતો કરે. પણ ચિત્તની સ્થાપના કરી દીધી છે. એટલે એ પડતું નથી. વાતો કરે, ઊંચા-નીચા રસ્તા આવે, ખાડો આવે, તરીને ચાલે, ખાડામાં પગ મૂકે, પગથિયું ચડે તો ઊંચો ઢાળ આવે, નીચો ઢાળ આવે બધું થાય. પણ ચિત્તની સ્થાપના એવી રીતે કરી છે કે એ માથેથી પડતું નથી. Balance કેવી રીતે જાળવવું આ Practical side નો વિષય છે આ Theoritical side નો વિષય નથી.

એમ અહીંયાં ચિત્તની એક સ્થાપના છે કે ‘હું આવો છું’ એ જે ઓળખાણ થઈ છે પછી ઉદયમાન ક્રિયામાં જીવ પ્રવર્તે છે, પ્રવર્તી શકે છે તોપણ એની ચિત્તની સ્થાપના બદલાતી નથી. આ Practical side નો વિષય છે, એ કોઈ Theory થી સમજાવી શકાય એવો વિષય નથી પણ આના માટે ઓળખાણ થવી જોઈએ. જ્યાં સુધી ઓળખાણ ન થાય ત્યાં સુધી કોઈ રીતે આ પ્રકારની પરિસ્થિતિ ઊભી થતી નથી અને ત્યાં સુધી માર્ગની પ્રાપ્તિ નથી, બીજી કોઈ રીતે નથી, એ વાત બહુ સ્પષ્ટ છે.

મુમુક્ષુ :– કલ્પિત પદાર્થ વિષે સત્‌ની માન્યતા હોય છે. એમાં વાંચી વાંચીને પોતાની કલ્પનાએ પદાર્થને કલ્પી લે.

પૂજ્ય ભાઈશ્રી :– લગભગ જીવ આમ કરે છે. જે જીવો તત્ત્વજ્ઞાનના અભ્યાસમાં આવેલા છે એ બહુભાગે અપૂર્વ પદાર્થની કલ્પના કરે છે. પેલું તો એને સીધું જ ભાસે કે આ પદાર્થ, મારું સ્વરૂપ અપૂર્વ ભાસ્યું છે. પૂર્વે કોઈ કાળમાં, અનંતકાળમાં

ભાસ્યું નથી એવું જ મને કોઈ અપૂર્વ ભાસ્યું છે. અને અપૂર્વ પ્રેમ અને અપૂર્વ મહિમા એવી રીતે અંદરથી ઊમટી પડે કે એને રોકી શકાય નહિ.

જેમ હરખ અને શોકને રોકી શકતા નથી. તદ્‌યોગ્ય પ્રસંગ બને ત્યારે હરખ-શોકને કોઈ રોકી શકતું નથી. એમ આ એક એવો સંવેગ છે. એવો આવેગ નથી કહેતા પણ એવો એક સંવેગ છે. આવેગ તો બાહ્ય પદાર્થને વિષે હોય છે. એવો એક સંવેગ હોય છે કે એને રોકી નથી શકાતો. જેણે પોતાનો સાક્ષાત્ પરમેશ્વર અંદરમાં મૂર્તિમંતપણે બિરાજમાન જોયો એ એના સંવેગને કેમ રોકી શકે ? કે રોકી નથી શકતા. એવો એક અપૂર્વ પ્રેમ આવે છે. એ જ એના અનુભવનું સાક્ષાત્ કારણ છે, અનન્ય કારણ છે, એ સિવાય કોઈને અનુભવ હોય નહિ કે થઈ શકે નહિ. આ સીધી વાત છે.

મુમુક્ષુ :– લક્ષણથી લક્ષ્ય ન ઓળખાય ત્યાં સુધી ખરેખર લક્ષણની પણ ખબર નથી ?

પૂજ્ય ભાઈશ્રી :– લક્ષણની ખબર જ નથી. લક્ષણ અને લક્ષ તો અપેક્ષિત છે. લક્ષનું લક્ષણ છે. જ્યાં સુધી લક્ષ ખ્યાલમાં નથી તો લક્ષણ કોનું પણ ? એનું લક્ષણ જ નથી. એ તો અપેક્ષિત છે. બન્ને વાત Related term માં છે. (વિશેષ લઈશું...)

આત્માનુભવી પુરુષો દ્વારા પ્રવાહિત થયેલાં વચનો અર્થાત્ સત્‌શાસ્ત્રો અનુભવરસથી લખાયેલાં હોવાથી, તેમાં અનુભવનું ઊંડાણ હોય છે. તે વચનોને અનુભવનો દૃષ્ટિકોણ મુખ્ય રાખી અવગાહન કરવા યોગ્ય છે; નહિ તો તેમના ભાવો–વાચ્ય, જ્ઞાનગોચર થઈ શકે નહિ. અનુભવનો દૃષ્ટિકોણ લાગુ કરવાથી ભાવ ભાસે. શાસ્ત્રવાંચનની રીત પણ ઊંડી અને રહસ્ય યુક્ત છે. પરલક્ષી ઉઘાડવાળું સ્થૂળ જ્ઞાન, તેથી જ શાસ્ત્રના મર્મ સુધી પહોંચતું નથી. વળી પરલક્ષી ઉઘાડ-પંડિતાઈ-વિદ્વતા સાથે, અભિમાન સ્વચ્છંદ વિ. દોષ સહજ જન્મ પામે છે. તેથી પણ તેનાથી ગુણ થતો નથી. આત્માર્થીને શબ્દાર્થ—ભાવાર્થ થી સંતોષાઈ જવાનું થતું નથી - પરંતુ તે અનુભવની કળા માટે અત્યંત જીજ્ઞાસુ રહે છે.

(‘અનુભવ સંજીવની’ - ૧૦૬)

પત્રાંક-૨૫૫

મુંબઈ, અષાઢ સુદ ૧૩, ૧૯૪૭

ૐ

સુખના સિંધુ શ્રી સહજાનંદજી, જગજીવન કે જગવંદજી;
શરણાગતના સદા સુખકંદજી; પરમસ્નેહી છો (!) પરમાનંદજી.

અપૂર્વ સ્નેહમૂર્તિ એવા આપને અમારા પ્રણામ પહોંચે. હરિકૃપાથી અમે પરમ પ્રસન્ન પદમાં છીએ. તમારો સત્સંગ નિરંતર ઇચ્છીએ છીએ.

અમારી દશા હાલમાં કેવી વર્તે છે તે જાણવાની આપની ઇચ્છા રહે છે; પણ જેવી વિગતથી જોઈએ, તેવી વિગતથી લખી શકાય નહીં એટલે વારંવાર લખી નથી. અત્રે ટૂંકામાં લખીએ છીએ.

એક પુરાણપુરુષ અને પુરાણપુરુષની પ્રેમસંપત્તિ વિના અમને કંઈ ગમતું નથી; અમને કોઈ પદાર્થમાં રુચિ માત્ર રહી નથી; કંઈ પ્રાપ્ત કરવાની ઇચ્છા થતી નથી; વ્યવહાર કેમ ચાલે છે એનું ભાન નથી; જગત શું સ્થિતિમાં છે તેની સ્મૃતિ રહેતી નથી; કોઈ શત્રુ-મિત્રમાં ભેદભાવ રહ્યો નથી; કોણ શત્રુ છે અને કોણ મિત્ર છે, એની ખબર રખાતી નથી; અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ; અમારે શું કરવાનું છે તે કોઈથી કળાય તેવું નથી; અમે બધાય પદાર્થથી ઉદાસ થઈ જવાથી ગમે તેમ વર્તીએ છીએ; વ્રત, નિયમનો કંઈ નિયમ રાખ્યો નથી; જાતભાતનો કંઈ પ્રસંગ નથી; અમારાથી વિમુખ જગતમાં કોઈ માન્યું નથી; અમારાથી સન્મુખ એવા સત્સંગી નહીં મળતાં ખેદ રહે છે; સંપત્તિ પૂર્ણ છે એટલે સંપત્તિની ઇચ્છા નથી; શબ્દાદિક વિષયો અનુભવ્યા સ્મૃતિમાં આવવાથી, – અથવા ઈશ્વરેચ્છાથી તેની ઇચ્છા રહી નથી; પોતાની ઇચ્છાએ થોડી જ પ્રવૃત્તિ

કરવામાં આવે છે; જેમ હરિએ ઇચ્છેલો ક્રમ દોરે તેમ દોરાઈએ છીએ; હ્રદય પ્રાયે શૂન્ય જેવું થઈ ગયું છે; પાંચે ઇંદ્રિયો શૂન્યપણે પ્રવર્તવારૂપ જ રહે છે; નય, પ્રમાણ વગેરે શાસ્ત્રભેદ સાંભરતાં નથી; કંઈ વાંચતાં ચિત્ત સ્થિર રહેતું નથી; ખાવાની, પીવાની, બેસવાની, સૂવાની, ચાલવાની અને બોલવાની વૃત્તિઓ પોતાની ઇચ્છા પ્રમાણે વર્તે છે; મન પોતાને સ્વાધીન છે કે કેમ એનું યથાયોગ્ય ભાન રહ્યું નથી. આમ સર્વ પ્રકારે વિચિત્ર એવી ઉદાસીનતા આવવાથી ગમે તેમ વર્તાય છે. એક પ્રકારે પૂર્ણ ઘેલછા છે; એક પ્રકારે તે ઘેલછા કંઈક છૂપી રાખીએ છીએ; અને જેટલી છૂપી રખાય છે, તેટલી હાની છે. યોગ્ય વર્તીએ છીએ કે અયોગ્ય એનો કંઈ હિસાબ રાખ્યો નથી. આદિપુરુષને વિષે અખંડ પ્રેમ સિવાય બીજા મોક્ષાદિક પદાર્થોમાંની આકાંક્ષાનો ભંગ થઈ ગયો છે; આટલું બધું છતાં મનમાનતી ઉદાસીનતા નથી, એમ માનીએ છીએ; અખંડ પ્રેમખુમારી જેવી પ્રવહવી જોઈએ તેવી પ્રવહતી નથી, એમ જાણીએ છીએ; આમ કરવાથી તે અખંડ ખુમારી પ્રવહે એમ નિશ્ચળપણે જાણીએ છીએ; પણ તે કરવામાં કાળ કારણભૂત થઈ પડ્યો છે; અને એ સર્વનો દોષ અમને છે કે હરિને છે, એવો ચોક્કસ નિશ્ચય કરી શકાતો નથી. એટલી બધી ઉદાસીનતા છતાં વેપાર કરીએ છીએ; લઈએ છીએ, દઈએ છીએ, લખીએ છીએ, વાંચીએ છીએ; જાળવીએ છીએ, અને ખેદ પામીએ છીએ. વળી હસીએ છીએ - જેનું ઠેકાણું નથી એવી અમારી દશા છે; અને તેનું કારણ માત્ર હરિની સુખદ ઇચ્છા જ્યાં સુધી માની નથી ત્યાં સુધી ખેદ મટવો નથી.

(अ) સમજાય છે, સમજીએ છીએ, સમજશું; પણ હરિ જ સર્વત્ર કારણરૂપ છે.

જે મુનિને આપ સમજાવવા ઇચ્છો છો, તે હાલ જોગ્ય છે, એમ અમે જાણતા નથી.

અમારી દશા મંદ જોગ્યને હાલ લાભ કરે તેવી નથી, અમે એવી જંજાળ હાલ ઇચ્છતા નથી; રાખી નથી; અને તેઓ બધાનો કેમ વહીવટ ચાલે છે, એનું સ્મરણે નથી. તેમ છતાં અમને એ બધાની અનુકંપા આવ્યા કરે છે; તેમનાથી અથવા પ્રાણીમાત્રથી, મનથી ભિન્ન ભાવ રાખ્યો નથી, અને રાખ્યો રહે તેમ નથી. ભક્તિવાળાં પુસ્તકો ક્વચિત્ ક્વચિત્ વાંચીએ છીએ; પણ જે સઘળું કરીએ છીએ તે ઠેકાણા વગરની દશાથી કરીએ છીએ.

અમે હાલમાં ઘણું કરીને આપના કાગળોનો વખતસર ઉત્તર લખી શકતા નથી; તેમ જ પૂરા ખુલાસાથી પણ લખતા નથી, તે જોકે યોગ્ય તો નથી; પણ હરિની એમ ઇચ્છા છે, જેથી તેમ કરીએ છીએ. હવે જ્યારે સમાગમ થશે, ત્યારે અમારો એ દોષ આપને ક્ષમા કરવો પડશે એવી અમારી ખાતરી છે.

અને તે ત્યારે મનાશે કે જ્યારે તમારો સંગ હવે ફરી થશે. તે સંગ ઇચ્છીએ છીએ, પણ જેવા જોગે થવો જોઈએ, તેવા જોગે થવો દુર્લભ છે. ભાદરવામાં જે આપે ઇચ્છા રાખી છે, તેથી કંઈ અમારી પ્રતિકૂળતા નથી, અનુકૂળતા છે; પણ તે સમાગમમાં જે જોગ ઇચ્છીએ છીએ તે જો થવા દેવા હરિની ઇચ્છા હોય અને સમાગમ થાય તો જ અમારો ખેદ મટે એમ માનીએ છીએ.

દશાનું ટૂંકું વર્ણન વાંચીને, આપને ઉત્તર લખાયા ન હોય તે માટે ક્ષમા આપવાની વિજ્ઞાપના કરું છું.

પ્રભુની પરમ કૃપા છે. અમને કોઈથી ભિન્ન ભાવ રહ્યો નથી; કોઈ વિષે દોષબુદ્ધિ આવતી નથી; મુનિ વિષે અમને કોઈ હલકો વિચાર

નથી; પણ હરિની પ્રાપ્તિ ન થાય એવી પ્રવૃત્તિમાં તેઓ પડ્યા છે. એકલું બીજજ્ઞાન જ તેમનું કલ્યાણ કરે એવી એમની અને બીજા ઘણા મુમુક્ષુઓની દશા નથી. 'સિદ્ધાંતજ્ઞાન' સાથે જોઈએ, એ 'સિદ્ધાંતજ્ઞાન' અમારા હૃદયને વિષે આવરિતરૂપે પડ્યું છે. હરિઇચ્છા જો પ્રગટ થવા દેવાની હશે તો થશે. અમારો દેશ હરિ છે, જાત હરિ છે, કાળ હરિ છે, દેહ હરિ છે, રૂપ હરિ છે, નામ હરિ છે, દિશા હરિ છે, સર્વ હરિ છે, અને તેમ છતાં આમ વહીવટમાં છીએ, એ એની ઇચ્છાનું કારણ છે. ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ

**તા. ૨૮-૯-૧૯૯૮, પ્રવચન નં. ૭૨૫**
**પત્રાંક – ૨૫૫ (૩૧:૪૫ મિનિટથી)**

પછીનો પત્ર છે ૨૫૫ મો. એ તો એમની અધ્યાત્મદશા કેટલી બધી ઉચ્ચ કોટીની હતી અને અધ્યાત્મની ડિગ્રી કેટલી બધી હતી એ આ પત્રની અંદર એ વિષય આવ્યો છે. આપણે ૨૫૫મો નથી વંચાણો કેમ ? કોઈ વાર વંચાણો છે ? નથી વંચાણો ને ? વંચાણો હોય તો ઘણા વખત પહેલા વંચાણો હશે. ઘણા વખતથી નથી વંચાણો. વંચાઈ ગયો છે ? નથી વંચાણો. બહુ સારો પત્ર છે એમની દશાનો.

સમ્યગ્દર્શન થયે નવેક મહિના થયા હશે પણ એમની દશા કાંઈ છે ! શરીરને ભૂલી જાય છે ! એમાં એક વાક્ય આવશે 'અમે દેહધારી છીએ કે કેમ ? માંડ માંડ સંભારીએ ત્યારે ખ્યાલ જાય છે.' યાદ આવે છે કે શરીર છે બાજુમાં. એવી ચૈતન્યમય

દશા છે. મુમુક્ષુ થઈને ભૂલ જોવે (તો) કેવડો મોટો સ્વચ્છંદ થાય ! કહો ! દેહાતીત દશામાં (લખે છે). સમ્યગ્દર્શનની પ્રાપ્તિને હજી નવ મહિના થયા છે અને દેહાતીત દશા જુઓ એમની !! 'સોભાગભાઈ' છે તો નીકળ્યું છે બહાર, નહિતર બહાર નીકળવું મુશ્કેલ.

**'સુખના સિંધુ શ્રી સહજાનંદજી, જગજીવન કે જગવંદજી;**
**શરણાગતના સદા સુખકંદજી; પરમસ્નેહી છો (!) પરમાનંદજી'**

છે કોઈ અન્યમતિનું પદ પણ એમણે આત્મા ઉપર ઉતાર્યું છે. **'સુખના સિંધુ શ્રી સહજાનંદજી' 'સુખના સિંધુ શ્રીસહજાનંદજી'** સહજ આનંદ સ્વરૂપ છે એ સુખનો દરિયો છે. સિંધુ એટલે દરિયો. **'જગજીવન કે જગવંદજી'** એ જગતને વંદન કરવા યોગ્ય છે અને એ જ અમારા જગતનું જીવન છે. એને જ અમે જગજીવન ગણીએ છીએ. **'શરણાગતના સદા સુખકંદજી'** જે એના શરણમાં જાય એને સુખનો કંદ મળી ગયો. **'પરમસ્નેહી છો'** વીતરાગ તો કાંઈ પરમસ્નેહી હોય નહિ એટલે આશ્ચર્યચિહ્ન કર્યું છે. **'પરમસ્નેહી છો (!) પરમાનંદજી'** આપ તો પરમ આનંદવાળા અમારા પરમસ્નેહી છો. આત્મા ઉપર ઉતારવું. એમને તો પોતાને અધ્યાત્મ દશાનું વર્ણન કરવું છે એટલે અધ્યાત્મપદ લખી નાખ્યું અને તે પણ 'સોભાગભાઈ' હતા એટલે અન્ય મતવાળાનું લખી નાખ્યું. કેવું Double role માં કામ કરે છે !

મુમુક્ષુ :– આશ્ચર્યચિહ્ન મૂક્યુ છે.

પૂજ્ય ભાઈશ્રી :– 'પરમસ્નેહી છો.' એમને સ્નેહ-રાગ કોનો કરવાનો હોય કાંઈ ? આત્મા કાંઈ રાગ કરે ? એટલે આશ્ચર્ય ચિહ્ન મૂક્યું.

**'અપૂર્વ સ્નેહમૂર્તિ એવા આપને અમારા પ્રણામ પહોંચે'** શું કહે છે 'સોભાગભાઈ'ને ? કે આપનો સ્નેહ છે, તમે સ્નેહની મૂર્તિ જ છો. અપૂર્વ સ્નેહમૂર્તિ. આવો પ્રેમ અમે કોઈનો જોયો નથી એમ કહે છે. **'એવા આપને અમારા પ્રણામ પહોંચે. હરિકૃપાથી અમે પરમ પ્રસન્ન પદમાં છીએ.'** પરમ પ્રસન્ન છીએ એમ નહિ **'પરમ પ્રસન્ન પદમાં છીએ.'** એટલે આત્મપદમાં છીએ હરિઇચ્છાથી, હરિકૃપાથી, આત્માનીકૃપાથી. અને **'તમારો સત્સંગ નિરંતર ઇચ્છીએ છીએ.'**

**'અમારી દશા હાલમાં કેવી વર્તે છે તે જાણવાની આપની ઇચ્છા રહે છે;...'** એમણે કાગળ લખ્યો હશે કે આપની દશા હાલમાં કેવી રહે છે એ અમારે જાણવું છે. **'પણ**

**જેવી વિગતથી જોઈએ, તેવી વિગતથી લખી શકાય નહીં એટલે વારંવાર લખી નથી.'** ક્યારેક ક્યારેક ચમકારા તો એમણે આપ્યા છે પણ જેવી વિગતથી લખી શકાય એવું તો કાંઈ વારંવાર લખી શકાય નહિ. **'અત્રે ટૂંકામાં લખીએ છીએ.'** આટલો મોટો પેરેગ્રાફ લખ્યો છે પણ ટૂંકામાં લખ્યો છે.

આમાં શું છે કે જે અધ્યાત્મદશા છે એ વચનાતીત દશા છે. વચનાતીત કહેવું એના કરતા પણ વિકલ્પાતીત દશા છે. કેવી દશા છે ? વિકલ્પાતીત દશા છે. નિર્વિકલ્પ શુદ્ધોપયોગ વખતે તો વિકલ્પ હોતો જ નથી. અને એ વખતે તો વિકલ્પને ઓળંગીને એ દશા પ્રાપ્ત થાય છે, પણ જ્ઞાન પરિણતિ જે છે, અધ્યાત્મ પરિણતિ સવિકલ્પ દશાની છે એ પણ વિકલ્પાતીત દશા છે. જોડે રહેલો જે વિકલ્પ છે એમાં એ દશા આવતી નથી. વિચારમાં, વિકલ્પમાં એ દશા નથી આવતી.

એક એવી નિર્વિકલ્પ દશા વચનાતીત નહિ પણ વિકલ્પાતીત દશાને લખવી કેવી રીતે ? વિકલ્પમાં ન આવે એને વળી લખવી કેવી રીતે ? એ તો વધારે સ્થૂળ હોય એને લખી શકાય. એટલે જે કાંઈ કહે છે એ ટૂંકામાં જ આવે છે. મૂળ જે કહેવું છે એ કહેવા કરતા પણ પ્રત્યક્ષ યોગમાં બતાવી શકાય, બતાવીને દેખાડી શકાય કે દેખનારો બતાવતા જોઈ શકે એવી એ દશા છે. અને તે જોનારની નિર્મળતાને આધારિત છે. કોને આધારિત છે ? જોનારની નિર્મળતાને આધારિત છે.

બધા જોઈ શકે એવું પણ નથી. નિર્મળતા વગર જોવાય એવું નથી. અને લખવામાં કે બોલવામાં આવે એવું નથી. અભિવ્યક્તિ એની હોય છે. ચેષ્ટામાં હોય છે. મુખમુદ્રામાં હોય છે, નેત્રોમાં હોય છે અને તે વચન અને કથનથી જરાક આગળનો વિષય બને છે. કેમકે કથન અને શબ્દોમાં વ્યાખ્યા આવે છે એની મર્યાદા બહુ અલ્પ છે. ચેષ્ટામાં એ મર્યાદા થોડીક વધારે વ્યક્ત થાય છે, વધારે મર્યાદામાં, વધારે હદમાં એ વ્યક્ત થાય છે. અને જો મતિની નિર્મળતાથી એના દર્શન થાય તો; ભલે એનું આંશિક દર્શન છે વિશેષપણે તો સ્વાનુભવમાં એનું દર્શન છે, પણ આંશિક દર્શનથી સ્વાનુભવ સુધી પહોંચવાનો એક નવો તબક્કો આમાંથી શરૂ થાય છે. એવો એનો ઝાંખીમાં ચમત્કાર છે. ઝાંખી થાય ને ત્યાં તો ? એટલે ઝાંખીમાં એવો ચમત્કાર છે. તો એ દશા કેટલી Powerful હશે અને એ દશાનું નિમિતત્ત્વ કેટલું પ્રભાવિત ગણવું જોઈએ !! એવો વિષય વિચારવા યોગ્ય છે કે સમજવા યોગ્ય છે.

એટલે એમ કહે છે જેવી વિગતથી લખી શકાય એ વિગતવાર તો લખી શકાય એવું નહિ. કેમકે એનું અંતર્મુખપણું કેવી રીતે લખાય ? જ્યાં પરિણામ અંદરમાં સ્વરૂપને અવલંબે છે, ભાવમાં અભેદતા ધારણ કરે છે એને લખવી કેવી રીતે ? એ લખાય કેવી રીતે ? ચેષ્ટામાં કાંઈક અંશે અભિવ્યક્ત થાય છે, વ્યક્ત થાય છે પણ એ પકડવા માટે નિર્મળતા અપેક્ષિત છે. એ નિર્મળતાએ જીવ પહોંચે એટલે એનો છુટકારો થઈ જાય. એવું છે.

એ આત્મયોગનો એક અંશ છે. આત્મકલ્યાણકારી યોગનો One of the part પ્રત્યક્ષ યોગનું રહસ્ય, પ્રત્યક્ષ યોગનો ગુપ્ત ભેદ અથવા પ્રત્યક્ષ યોગનો મંત્ર અથવા ચમત્કાર ! જે ગણો તે. જીવનો છુટકારો થઈ જાય.

એમ સ્વાનુભવ પહેલા સ્વાનુભવ થવાના મૂળ બહુ ઊંડા છે. સ્વાનુભવ તો પછી Resulted position છે, Oriented position છે. એના મૂળ બધા બહુ ઊંડા છે. અને એ સત્પુરુષના પ્રત્યક્ષયોગમાં રહેલા છે. એટલે 'કૃપાળુદેવે', એ વિષય ઉપર એમણે ૨૧૩ માં તો કેટલી Highlight નાખી છે ! ૨૧૩ પત્રમાં તો એકદમ Highlight મૂકી છે. એટલા માટે મૂકી છે કે એ એમનો અનુભવ બોલે છે. એમનો ઇતિહાસ જે થયો, પોતાનો ભૂતકાળ ગયો એનો અનુભવ બોલે છે. Time થયો છે. કાલે એ વિષયની સ્પષ્ટતા વિસ્તારથી લઈશું.

**જગતના સમસ્ત પરપદાર્થ પ્રત્યેથી આકર્ષણ છૂટી જાય અને એકમાત્ર સ્વ-સ્વરૂપનું જ ખેંચાણ રહ્યા કરે, તેવું પરમ અદ્ભુત, આશ્ચર્યકારી, અનંત મહિમાવંત આત્મસ્વરૂપ છે. અરે ! પૂર્ણ કેવળજ્ઞાનાદિ પર્યાયની પણ જેને અપેક્ષા નથી, તેવું પરમ નિરપેક્ષ આત્મસ્વરૂપ છે. આવા નિજ સ્વરૂપની એકાકાર ભાવનાવાનને પણ અન્ય કાંઈ અપેક્ષા ન રહે. આવા નિજ સ્વરૂપની દૃષ્ટિ વિના, અન્ય દ્રવ્ય-ભાવમાં મુખ્યતા થાય - સ્વરૂપ-દૃષ્ટિમાં તો પોતે 'સ્વરૂપમાત્ર' - 'જ્ઞાયકમાત્ર' (હું), સિવાઈ અન્ય કાંઈ છે જ નહિ.**
**('અનુભવ સંજીવની' - ૧૧૦)**

## તા. ૨૯-૯-૧૯૯૮, પ્રવચન નં. ૭૨૬
## પત્રાંક – ૨૫૫

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત. પત્રાંક ૨૫૫. 'સોભાગભાઈ'એ 'કૃપાળુદેવ'ની અધ્યાત્મદશા કેવી વર્તી રહી છે એ જાણવાની ઇચ્છા વ્યક્ત કરી છે. સંક્ષેપમાં એનો ઉત્તર આપે છે.

**'એક પુરાણપુરુષ અને પુરાણપુરુષની પ્રેમસંપત્તિ વિના અમને કંઈ ગમતું નથી; અમને કોઈ પદાર્થમાં રુચિ માત્ર રહી નથી; કંઈ પ્રાપ્ત કરવાની ઇચ્છા થતી નથી; વ્યવહાર કેમ ચાલે છે એનું ભાન નથી; જગત શું સ્થિતિમાં છે તેની સ્મૃતિ રહેતી નથી; કોઈ શત્રુ-મિત્રમાં ભેદભાવ રહ્યો નથી; કોણ શત્રુ છે અને કોણ મિત્ર છે, એની ખબર રખાતી નથી;'** અલ્પવિરામ... અલ્પવિરામ છે બધે.

**'અમે દેહધારી છીએ કે કેમ ? તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ; અમારે શું કરવાનું છે તે કોઈથી કળાય તેવું નથી; અમે બધાય પદાર્થથી ઉદાસ થઈ જવાથી ગમે તેમ વર્તીએ છીએ; વ્રત, નિયમનો કોઈ નિયમ રાખ્યો નથી; જાતભાતનો કોઈ પ્રસંગ નથી; અમારાથી વિમુખ જગતમાં કોઈ માન્યું નથી; અમારાથી સન્મુખ એવા સત્સંગી નહીં મળતાં ખેદ રહે છે; સંપત્તિ પૂર્ણ છે એટલે સંપત્તિની ઇચ્છા નથી; શબ્દાદિક વિષયો અનુભવ્યા સ્મૃતિમાં આવવાથી, — અથવા ઈશ્વરેચ્છાથી તેની ઇચ્છા રહી નથી; પોતાની ઇચ્છાએ થોડી જ પ્રવૃત્તિ કરવામાં આવે છે; જેમ હરિએ ઇચ્છેલો ક્રમ દોરે તેમ દોરાઈએ છીએ; હૃદય પ્રાયે શૂન્ય જેવું થઈ ગયું છે; પાંચે ઇંદ્રિયો શૂન્યપણે પ્રવર્તવારૂપ જ રહે છે;'** એક વાક્ય કેટલું લંબાવ્યું છે !

**'નય, પ્રમાણ વગેરે શાસ્ત્રભેદ સાંભરતા નથી; કંઈ વાંચતા ચિત્ત સ્થિર રહેતું નથી; ખાવાની, પીવાની, બેસવાની, સૂવાની, ચાલવાની અને બોલવાની વૃત્તિઓ પોતાની ઇચ્છા પ્રમાણે વર્તે છે; મન પોતાને સ્વાધીન છે કે કેમ એનું યથાયોગ્ય ભાન**

**રહ્યું નથી.'** ત્યાં પૂર્ણવિરામ આવ્યું. આટલી લીટી લીધી છે. કેટલી લીટીમાં વાક્ય પૂરું કર્યું ? ચૌદમી લીટીએ પૂરું કર્યું. એટલા પ્રકારથી દશા બતાવી તોપણ સંક્ષેપમાં બતાવી એમ કહે છે.

**'એક પુરાણપુરુષ અને પુરાણપુરુષની પ્રેમસંપત્તિ વિના અમને કંઈ ગમતું નથી.'** પુરાણપુરુષ એટલે પોતાનો આત્મા. પુરાણની અંદર જેને ગાયો છે. માટે તે પુરાણપુરુષ છે અને અનાદિનો હોવાને લીધે પણ એ પુરાણો હોવાથી પુરાણપુરુષ છે. કેમકે પુરાણ છે એ પુરાણા મહાત્માઓના લખાયા. પુરાણા મહાત્માઓના ઇતિહાસ લખાયા, જીવન વૃતાંત લખાયા એને પુરાણ કહે છે. ભૂતકાળના પુરાણા.

આત્મા પણ અનાદિનો હોવાથી પુરાણો છે અને શાસ્ત્રોમાં એની મુખ્યપણે કથા હોવાથી તે પુરાણનો પુરુષ છે. પુરુષ એટલે Main actor – મુખ્ય નાયક. બાકી પાત્રો ઘણા હોય નાટકમાં પણ એક મુખ્ય હીરો હોય. એમ આખા શાસ્ત્રનો મુખ્ય હીરો-નાયક કોણ છે ? આત્મા. તીર્થંકર સર્વજ્ઞ વીતરાગ પરમાત્માએ દિવ્યધ્વનિમાં આ આત્માની જ મુખ્યતા ગાઈ છે અથવા આત્માની મહિમાના જ ગાણા ગાયા છે. અને તે તું પોતે છો. એટલે અહીંયાં એમ કહે છે કે અમને તો એ અમારો આત્મા અને એ આત્મા પ્રત્યેનો અમારો જે પ્રેમ – આત્મપ્રેમ, આ શુદ્ધ પ્રેમ છે અને આ આત્માનો સ્વભાવ પણ છે, એ વિના અમને કાંઈ ગમતું નથી.

અમારો આત્મા ગમે છે અને અમારા આત્મા પ્રત્યેનો અમારો પ્રેમ છે એ અમારી સંપત્તિ છે. બસ ! એ અમને ગમે છે. માણસને પોતાની સંપત્તિ વ્હાલી લાગે કે નહીં ? બહુ માણસ મલાવા કરે ત્યારે શું કહે ? આ અમારો પરિવાર છે એ અમારી સંપત્તિ જ છે. જુઓ ! આ અમારા કુટુંબ-કબિલા એ અમારી સંપત્તિ છે. અમારા છોકરા-છૈયા એ અમારી સંપત્તિ છે. પૈસા ન હોય તો એને પણ સંપત્તિ ગણાય છે. સંપત્તિ એટલે વ્હાલી ચીજ, સંપત્તિ એટલે વ્હાલી ચીજ. આમ તો શું છે, સારી રીતે પ્રાપ્ત થયું તે સંપત્તિ. સારી રીતે પ્રાપ્ત થયું તે સંપત્તિ. અને એમાં વિઘ્ન આવે તે આપત્તિ. એમાં વિઘ્ન આવી પડે તે આપત્તિ.

મુમુક્ષુ :- આબરૂને લોકો સંપત્તિ ગણે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, આબરૂને લોકો સંપત્તિ ગણે છે.

મુમુક્ષુ :- બહારમાં સંપત્તિને પ્રેમ કરવા જાય તો માર ખાય અને અહીંયાં પોતાના

આત્માનો પ્રેમ કરે તો પોતે માર્ગે ચડી જાય.

પૂજ્ય ભાઈશ્રી :– તરી જાય. પેલો સંસારમાં ડૂબી જાય અને આ સંસારમાંથી તરી જાય. ચોખ્ખી વાત ઇ છે. અને સંસારના પદાર્થો કે સાંસારિક વ્યક્તિઓ પ્રત્યેનો પ્રેમ એ પ્રેમ નથી પણ રાગ છે. એ રાગ ખસે ત્યારે દ્વેષ આવીને ઊભો રહે છે. કેમકે રાગ-દ્વેષ એક સિક્કાની બે બાજુ છે. જેને જેનો જે પ્રકારનો રાગ છે તેને તેનાથી પ્રતિકૂળમાં દ્વેષ આવ્યા વિના રહે નહિ. જ્યારે આમાં એવું નથી.

આત્માના પ્રેમમાં એવું નથી. એમાં Oneway traffic છે. એમાં આત્મસમર્પણ છે. કેવી રીતે આત્મસમર્પણ છે ? કે આત્માનો પ્રેમ છે એ ગુણનો પ્રેમ છે. કેમકે આત્મા ગુણનિધાન છે. કેવો છે આત્મા ? ગુણનિધાન છે. એ ગુણનિધાનનો જે પ્રેમ છે એમાં પ્રકૃતિનું સમર્પણ છે. શેનું સમર્પણ છે ? પ્રકૃતિનું સમર્પણ છે. કેમકે એ અવગુણ છે. આજે પેલો યજ્ઞનો જે પ્રકાર ચાલ્યો છે ને બહારમાં ? એ શું છે ખબર છે ? યજ્ઞની અંદર હોમે એટલે સ્વાહા થઈ જાય. સ્વાહા એટલે ખતમ થઈ જવું. એમ પ્રકૃતિ સ્વાહા થઈ જાય.

આત્માના પ્રેમયજ્ઞમાં પ્રકૃતિ સ્વાહા થઈ જાય. એવી ચીજ છે એ. બાકી પ્રકૃતિ અને પ્રાણ સાથે જ જાય. મરે તો પ્રકૃતિને લઈને જાય બીજે. અહીંયાં ક્રોધવાળી પ્રકૃતિ હોય, એ કીડી થાય તો લાલ કીડી થાય અને કાં ક્રોધી પ્રાણી ગમે તે થાય. જેને ક્રોધ વારંવાર બહુ આવે એ સર્પ થાય, વાઘ થાય, ચિત્તો થાય, સિંહ થાય. એને વારંવાર ક્રોધ આવે. અમસ્તે અમસ્તો અંદર ક્રોધનો ઉદય આવે અને ક્રોધ થઈ જાય એને. પછી ગમે તેની સાથે ગમે તેમ કરી નાખે. કોઈને મારી નાખે, કોઈને ખાય જાય, કોઈને બટકા ભરી જાય.

સાપ છે એ કોઈને કરડે છેને તો એને કાંઈ ખબર નથી કે આ મારો કોઈ દુશ્મન છે તો એટલે હું એને કરડું. તેમ છંછેડે એને જ કરડે એવું કાંઈ નથી. એની અંદર ક્રોધ પ્રકૃતિનો ઉદય આવે. પછી જે મળ્યો ઇ, બટકું ભરી લ્યે. હવે એને તો એ બટકું ભર્યું એટલે એનો ક્રોધ ઊતરી ગયો. એ મનનો આમળો છે. એ આમળો ઊતરી જાય. નથી ઘણા ઝઘડાળુ માણસો હોતા ? કો'ક એક-બેની સાથે ઝઘડો કરે સવારમાં પછી એને વાંધો નહિ આખો દિવસ. નહિતર એ ગોત્યા કરે કોઈકને. કોણ સામો મળે છે. ઝઘડે ત્યારે જ એને શાંતિ થાય. આમળો ઊતરી જાય. એવું છે.

ઇ સાપ થાય. સાપ થાય (ત્યારે) કોઈ ને કોઈને કરડે ત્યારે એનો ક્રોધ ઊતરી જાય. પેલો મરી જાય. એનો આમળો ઊતરી જાય–ક્રોધ શાંત થાય અને પેલો મરી જાય. એટલે ક્રોધનો ઉદય એનો પૂરો થાય. એ વખતે નવો ક્રોધ (કરે એટલે) પાછી ક્રોધ પ્રકૃતિ એને બંધાય. પાછો એને ફરીને ક્રોધ થવાનો. આ દશા છે સંસારમાં.

પ્રશ્ન :– દર્શનમોહ કહી શકાય ?

સમાધાન :– ના. પ્રકૃતિ ચારિત્રમોહ છે, પ્રકૃતિ છે એ ચારિત્રમોહ છે. અને એની અંદર જેટલો રસ વધે એટલો દર્શનમોહ તીવ્ર થવાનો પ્રકાર આવે, રસ વધે એટલે. એટલે ચારિત્રમોહની પ્રકૃતિના ઉદયમાં રસ વધી જાય ત્યારે પાછો દર્શનમોહ પણ સાથે સાથે તીવ્ર થાય. એમ એનો છેડો રસ સાથે સંબંધ ધરાવે છે.

અહીં તો શું કહેવું છે કે પ્રકૃતિ છે એ પ્રકૃતિદોષ મટવો સહેલો નથી અથવા જલદી મટતો નથી. કેમકે જ્યારે જ્યારે જે પ્રકૃતિનો ઉદય આવે એમાં જોડાય, પાછું એવું કર્મ બંધાય, પાછો એમાં જોડાય, એવું કર્મ બંધાય, રસને લઈને. આત્મા પ્રત્યેના પ્રેમમાં એને બાળવી પડતી નથી, પ્રકૃતિ બળી જાય છે. એ એક આની અંદર મોટો ફાયદો છે. એટલે એ પ્રકૃતિનું સમર્પણ થઈ જાય છે. ખલાસ થઈ જાય છે. ગળી જાય, ઓગળી જાય.

શું કહે છે ? કે **'એક પુરાણપુરુષ અને પુરાણપુરુષની પ્રેમસંપત્તિ વિના અમને કંઈ ગમતું નથી; અમને કોઈ પદાર્થમાં રુચિ માત્ર રહી નથી;...'** એટલે કોઈ પદાર્થમાં થોડી પણ રુચિ નથી રહી કે આ પદાર્થ અમને રુચે છે. એવો કોઈ પદાર્થ નથી.

**'કંઈ પ્રાપ્ત કરવાની ઇચ્છા થતી નથી;...'** આ મળે તો ઠીક આમ મળે તો ઠીક. એ કોઈ પદાર્થની પ્રાપ્તિની ઇચ્છા નથી થતી. **'વ્યવહાર કેમ ચાલે છે એનું ભાન નથી;...'** જુઓ ! લક્ષ ઓછું થઈ ગયું છે. સાવધાની ઘટી ગઈ છે એટલે ઉપરછલ્લા ઉપયોગથી ચાલે છે એ ચાલે છે પણ અમને ભાન નથી એટલે એની અંદર વ્યવહારમાં અમારી સાવધાની નથી. સાવધાની ઊડી ગઈ છે.

**'જગત શું સ્થિતિમાં છે તેની સ્મૃતિ રહેતી નથી;...'** એટલે જગતનો તો વિકલ્પ પણ આવતો નથી, સ્મરણ પણ આવતું નથી કે દુનિયામાં અત્યારે શું ચાલે છે ? કાંઈ નહિ. જાણે ભૂલી ગયા છીએ જગતને. **'કોઈ શત્રુ-મિત્રમાં ભેદભાવ રહ્યો નથી'** એટલે કોઈ પ્રશંસકો પણ છે, કોઈ નિંદા કરનારા પણ છે. અમને એ બે વચ્ચે કાંઈ

ભેદ નથી. જે જે હોય તે. સૌ સૌના પરિણામ પોતપોતાની યોગ્યતાને કારણે થતા હોય છે એમાં મારે કાંઈ લેવા-દેવા છે નહિ, મારે કાંઈ લેવા-દેવા હોતી નથી.

**'કોણ શત્રુ છે અને કોણ મિત્ર છે, એની ખબર રખાતી નથી;...'** નહિતર શું છે (કે) આ એક માનવ સ્વભાવ છે. મનુષ્યોની માનસિક વૃત્તિ છે કે આપણા શત્રુ કોણ છે ? અને આપણી Favour માં કોણ છે ? અને આપણી Unfavour માં કોણ છે ? એનું ધ્યાન છૂટે નહિ. એનું ધ્યાન છૂટે જ નહિ. 'કૃપાળુદેવ' કહે છે કે અમને ખબર રહેતી જ નથી. ખબર રાખવા માગીએ તો રખાતી નથી એમ કહે છે. અમારી હાલત એવી છે કે એની કદાચ ખબર રાખવા માગીએ ને તો રખાતી નથી. એટલું દુર્લક્ષ અને એટલી ઉપેક્ષાવૃત્તિ રહે છે. બંને પ્રકાર માટે. એમ નથી કે કોઈ પ્રશંસા કરે છે માટે સારું લાગે છે. એમ નથી. અને પ્રશંસક સારો લાગે તો નિંદા કરનારો ખરાબ લાગ્યા વિના રહે નહિ. અને નિંદા કરનારા પ્રત્યે અણગમો આવે તો પ્રશંસા કરનારા પ્રત્યે ગમવાપણું થયા વિના રહે નહિ. આ નિયમબદ્ધ વાત છે, હોં !

મુમુક્ષુ :- બેય એક સરખા લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- બન્ને એક સરખા છે, સમભાવમાં બંને એક સરખા છે. કેમ ? કે હું બંનેથી સાવ ભિન્ન છું. કોઈ મારી પ્રશંસા કરે ત્યારે મારા આત્માને જરાય લાભ થતો નથી એવો પ્રત્યક્ષ અનુભવ વર્તે. અને કોઈ નિંદા કરે ત્યારે મારા આત્માને કોઈ નુકસાન થતું નથી એવો પણ પ્રત્યક્ષ અનુભવ વર્તે. બંને પ્રકારના સંયોગ મારાથી સર્વથા ભિન્ન છે તેથી મને એમાં કાંઈ રસ નથી. ભિન્નતાની અપેક્ષાએ બંને સરખા જ છે. એક ભિન્ન છે અને એક અભિન્ન છે એવું નથી. અને એવું બની શકતું પણ નથી. એકની અભિન્નતામાં બીજાની અભિન્નતા હંમેશાં ગર્ભિત છે. એટલે એ જ્ઞાનદશામાં સર્વથા ભિન્ન છે.

મુમુક્ષુ :- નમસ્કાર વચન લીધું છે, ભક્તિ કરનારો મારો છે એવું કદી જોયું નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એવું કદી આપે જોયું નથી. હે વીતરાગ પરમાત્મા ! આ મારો ભક્ત છે અને મારી ભક્તિ કરે છે માટે મારો ભક્ત છે એવું કદી આપે જોયું નથી. અને આ ભક્તિ કરતો નથી માટે મારો ભક્ત નથી એવું પણ આપે

કદી જોયું નથી એમ એમાં આવી જાય છે. એવી વાત છે. એનું નામ વીતરાગતા છે અને એનું નામ સમભાવ છે. અને એ આત્માનો ગુણસ્વભાવ છે. એમ છે ખરેખર.

**'અમે દેહધારી છીએ કે કેમ તે સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ;...'** આત્મામાં રમણતા, આત્મભાવમયતા. શું કહે છે એને ? આત્મભાવમયતા. આત્મભાવમાં તન્મયપણું એવું રહે છે કે અમારા આત્માની બાજુમાં જોડે દેહ છે એને સંભારવો પડે અને ત્યારે માંડ જાણીએ છીએ કે છે તો ખરો. કેવી આત્મમયતા હશે ? દેહથી ભિન્નતા તો પ્રગટ અનુભવગોચર હોય જ છે પણ દેહથી ભિન્ન છું એમાં એટલું દેહનું લક્ષ છે ને ? આ તો કહે છે એ લક્ષ જ છૂટી જાય છે. ભિન્ન છું એ લક્ષ છૂટી જાય છે. પોતામાં પોતાની તન્મયતા એવી છે, તદ્રૂપતા એવી છે. શરીર છે એ માંડ સંભારીએ છીએ ત્યારે જાણીએ છીએ. સંભારવું પડે છે શરીરને.

મિથ્યાત્વ દશામાં શરીર સાથેની આત્મબુદ્ધિ જે છે એની પરિણતિ થઈ જાય છે અને એ પરિણતિ સતત નિરંતર ચાલુ રહેતી હોય છે. એ જ્યારે શરીરમાં અશાતાદિ આવે ત્યારે ખબર પડે છે કે, અરે...! શરીરની વેદના તે મારી વેદના એમ મને અનુભવ થાય છે. પણ શરીરને પોતાપણે સતત પરિણતિમાં અનુભવી જ રહ્યો હોય છે. પરિણતિ પકડે એને જ ખ્યાલ આવે. અને એમાં અનંતી આકુળતા છે.

પરમાં પોતાપણાનું એકત્વપણું એમાં અનંતી આકુળતા છે. કેમ ? એવા વિભાવ પરિણામમાં અખંડ અને ત્રિકાળી એવો જે વિશાળ આત્મા તે ખંડિત થઈને એક પરિણમનની અંદર, એક અનિત્ય પરિણામમાં, એક અનિત્ય વિભાવ પરિણામમાં, એક અનિત્ય વિભાવ મલિન પરિણામમાં પકડાઈ ગયો. આખેઆખો પકડાઈ ગયો. એમાં અનંતી આકુળતા છે.

આત્મશાંતિ, નિરાકુળ આત્મસુખની સાથે એની મીંઢવણી કરે ત્યારે એ અશાંતિ અને આકુળતા પકડાય એવું છે. ઇ ભઠ્ઠી છે, આકુળતાની ભઠ્ઠી અંદર ચાલે છે. પણ ટેવાઈ ગયો. તેનું સહન કરવાનું સામર્થ્ય પણ ઘણું છે, અનંતુ છે. એટલે અનંતી આકુળતાને સહન કરે તો જાણે એને કાંઈ નથી. કાંઈ નથી જાણે. ખડખડ હસે. પરનું એકત્વ થાય અને રાજી થાય, રાચે.

મારો દીકરો Firstclass first આવ્યો, લ્યો ! કેવો રાજી થાય ! University ની Board ની પરીક્ષા હોય અને આખા રાજ્યમાં પહેલો નંબર આવે અને છાપાવાળા

ફોટો લઈ જઈને છાપે. સામેથી ફોટો માગવા આવે, એને છપાવા ન જાવું પડે. જોઈને કેવું થાય એને ? જુઓ ! આ આપણો, જુઓ ! આ આપણો દીકરો. આજે ઘરે ઘરે છાપામાં બધા એનો ફોટો જોશે. એટલો રસ ચડે. કેટલો રસ ચડે કે કેટલું ઝેર પીધું એને ખબર જ ન પડે. પરિણતિ થઈ જાય એની, મારાપણાની પરિણતિ થઈ જાય. જામ થઈ જાય, પરિણતિ જામી જાય. ઉખાડવી મુશ્કેલ પડે પછી. પરસેવો ઊતરી જાય. કેટલું નુકસાન થાય એની ખબર ન પડે એવી વાત છે.

જ્ઞાનદશામાં પોતે એવી અધ્યાત્મની મસ્તીમાં છે (કે) દેહને પણ સંભારીએ ત્યારે માંડ જાણીએ છીએ કે છે. નહિતર દેહાતીત દશામાં રમણતા કરે છે. એવી પરિણતિ કામ કરે છે. શુદ્ધોપયોગ આટલો બધો ન રહે, પણ પરિણતિ એવી કામ કરે છે. બળવાન પરિણતિ છે. કેવી ? બળવાન પરિણતિ છે.

પ્રશ્ન :- ભાઈશ્રી ! મારાપણું એ તીવ્ર દર્શનમોહ છે ?

સમાધાન :- જેટલું મારાપણું તીવ્ર છે એટલો દર્શનમોહ તીવ્ર છે. જેટલો દર્શનમોહ તીવ્ર છે એટલો પોતે પોતાના સ્વરૂપથી દૂર જઈ રહ્યો છે. બહુ દૂર જઈ રહ્યો છે.

પ્રશ્ન :- જેણે દર્શનમોહને માર્યો છે એને તો પ્રકૃતિમાં પણ ફેર પડી જાય ને ?

સમાધાન :- હા. એની પ્રકૃતિમાં ફેર પડે.

મુમુક્ષુ :— આપણે એમ કહીએ છીએ કે પ્રાણ અને પ્રકૃતિ સાથે જાય.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો શું છે કે સંસારમાં તો કોઈ પ્રકૃતિ છોડી શકતા જ નથી. ગમે એ પ્રયોગ કરે નહિ. ઉદય આવે એટલે એની અંદર એકાકાર થઈને જોડાઈ જ જાય. ક્રોધી હોય એ ક્રોધાવેશમાં આવી જાય. Control ન કરી શકે પોતે. અને સંસારમાં એનો કોઈ ઇલાજ જડતો નથી. એટલે માણસના હાથ હેઠા પડી ગયા છે. ભાઈ ! એ તો પ્રાણ ને પ્રકૃતિ સાથે જાય. એટલે મરશે ત્યારે પ્રકૃતિ નહિ દેખાય. મડદાને પ્રકૃતિ હોય નહિ. એટલે મરશે ત્યારે પ્રકૃતિ સાથે ગઈ. પ્રાણ છૂટી ગયા તો પ્રકૃતિ એની સાથે ગઈ. એવી રીતે હારી ગયા છે લોકો. જગત હારી ગયું છે એની સામે જ્ઞાની જીત્યા છે. પ્રકૃતિ ઉપર પણ વિજય મેળવી શકે છે. એટલી જાગૃતિ હોય છે કે પ્રકૃતિ ઉપર પણ વિજય મેળવી શકે છે. એક જ એનો ઇલાજ છે જ્ઞાનપ્રાપ્તિ.

પ્રકૃતિનો દુશ્મન કોણ ? કે, જ્ઞાન. અને જ્ઞાનને મારી નાખે કોણ ? આવરે કોણ ? કે પ્રકૃતિ. બેય એક બીજાના વધ્યઘાતક સંબંધવાળા છે. એકબીજાના વધ કરીને ઘાત

કરે. આવી પરિસ્થિતિ છે. જ્ઞાન છે એ સમર્થ છે. પ્રકૃતિને મારવા માટે જ્ઞાન સમર્થ છે.

મુમુક્ષુ :– એકચક્રીય શાસન છે.

પૂજ્ય ભાઈશ્રી :– શાસ્ત્રમાં મોહરાજા કીધો છે અને ત્રણે લોક ઉપર એનું એકચક્રી રાજ ચાલે છે. બધા પ્રાણીઓને વશ રાખે છે. એના ઉપર જેણે જીત મેળવી એનું પુરુષાર્થનું પરાક્રમ ચોક્કસ વંદનીય છે, ચોક્કસ વંદનીય છે.

શું કહે છે ? **'અમારે શું કરવાનું છે તે કોઈથી કળાય તેવું નથી;....'** એટલે અમે શું કરવા માગીએ છીએ અને શું કરી રહ્યા છીએ અમારા આત્મામાં એ અમારી સાધના કોઈ સમજી શકે એવું નથી. કેમ ? કે બહારનો દેખાવ ઘણો વિચિત્ર છે. ૨૪ વર્ષની યુવાન ઉંમર છે. કેટલી ? ૨૪ વર્ષની યુવાન ઉંમર છે. 'મુંબઈ'ની બજારમાં મોટી પેઢીના સંચાલક છે અને પ્રવૃત્તિમાં બેઠેલા લોકો જોવે છે. અંદરમાં સાવ વાત જુદી જ છે. આત્મા કાંઈક બીજું જ કામ કરે છે. એટલે અમારાથી શું કરાય છે ? અમારે શું કરવાનું છે ? અમે શું કરી રહ્યા છીએ ? **'એ કોઈથી કળાય એવું નથી.'** એટલે કોઈ એને પરખી શકે એવું નથી, સમજી શકે એવું નથી.

**'અમે બધાય પદાર્થથી ઉદાસ થઈ જવાથી ગમે તેમ વર્તીએ છીએ;...'** ગમે તેમ વર્તીએ છીએ એટલે કોઈ બાહ્ય પ્રવૃત્તિમાં અમારી સાવધાની નથી. જ્યારે જે પ્રકારનો શુભાશુભ કર્મનો ઉદય આવ્યો ત્યારે એનાથી ભિન્ન રહેવાના પુરુષાર્થમાં અમારું પરિણમન કામ કરે છે. એટલે એ ઉદય સાથે અમારે આમ કરવું ને તેમ કરવું, આમ કરવું ને તેમ કરવું એવું કાંઈ નથી. એક જ લાકડી છે – ભિન્ન છે. આવવા દ્યો. જે આવે એ આવવા દ્યો. આપણે ભિન્ન રહી જાવ. જે આવે એ શુભાશુભ આવવા દ્યો. શુભાશુભ ઉદય આવે એટલે અનુકૂળતા-પ્રતિકૂળતા. શુભાશુભ પરિણામ થાય. બંનેથી ઉદાસ. એમાં પણ રસ નહિ. શુભાશુભ ઉદય આવે શુભાશુભ પરિણામ થાય. (એમાં) ઉદાસ એટલે નિરસ (છે).

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– હા. એમાં પણ નિરસ. એટલે એનાથી ઉદાસ.

પ્રશ્ન :– પરિણામ છે તો એ જ ઉદય છે ?

સમાધાન :– ઉદય તો બહારનો પ્રસંગ છે અને પરિણામ છે એ એની સાથેની પ્રવૃત્તિમાં જોડાણ છે. એમાં બે પ્રકાર પડે છે – એક સરસતા અને એક નિરસતા.

ઉદાસ છે. એની ઉપેક્ષા રહે છે. શું છે ? (ઉદાસ છે).

**'અમે બધાય પદાર્થથી ઉદાસ થઈ જવાથી ગમે તેમ વર્તીએ છીએ;...'** એટલે કોઈ **'વ્રત, નિયમનો કંઈ નિયમ રાખ્યો નથી;...'** નહિતર શું છે કે, રોજ મંદિર તો જાવું જ, મંદિર ગયા વગર કાંઈ ખાવું નહિ. અમુક નિયમ કરી લેને માણસ ? વ્રત અને નિયમનો અમુક નિયમ કરી લે. અમે કાંઈ રાખ્યું નથી. એમાં પણ અમારી સાવધાની નથી. અંદરમાં પુરુષાર્થમાં કામ અમારું બરાબર ચાલે છે, સ્વરૂપમાં તન્મયતા બરાબર ચાલે છે. પછી બાહ્ય પરિણામની અંદર અમારે કોઈ નિયમ નથી. એવું છે.

રોજ અડધી કલાક, કલાક શાસ્ત્ર તો વાંચવા જ જોઈએ, વાંચવું જ જોઈએ. સત્‌શાસ્ત્ર તો વાંચવું જ જોઈએ એવો પણ નિયમ નથી. અમને એવું બંધન નથી. એવું બંધન નથી, એમ કહે છે. કામે લાગેલા છે બરાબર. બાહ્ય પ્રવૃત્તિમાં કોઈ બંધન નથી. અને વ્યાપાર આદિ પ્રવૃત્તિ હતી એટલે કોઈ પ્રવચન આપવાનું બંધન નહિ. બંધન નહિ ને ? કાંઈ નહિ. આ ટાઇમ થઈ ગયો છે એ બંધન નહિ.

અંદરના કામે બરાબર લાગેલા છે. હાલતા, ચાલતા, ખાતા, પીતા, ઊઠતા, બેસતા, સૂતા કોઈપણ ઉદયમાં પુરુષાર્થમાં લાગેલા છે. બસ ! એ એક કામ એટલું બરાબર કરે છે, બીજા કામમાં સાવધાની રાખવાની જરૂર રહેતી નથી અને એવું બંધન એમને માટે જરૂરી પણ નથી. કેમ શાસ્ત્ર વાંચતા નથી ? કેમ મંદિર ગયા નથી ? એમને માટે જરૂરી નથી.

'સમયસાર કળશ ટીકા' માં ૧૩ નંબરના કળશમાં એ વિષય લીધો છે કે, શાસ્ત્ર ભણવાની અટક નથી. જ્ઞાનીને શાસ્ત્ર ભણવાની અટક નથી. અટક એટલે એમને બંધન નથી કે કેમ શાસ્ત્ર વાંચતા નથી ? રોજ શાસ્ત્ર તો વાંચવું જ જોઈએ ને ! તો કહે નહિ. જરૂરી નથી.

પ્રશ્ન :- વ્રત નહિ, પચ્ચખાણ નહિ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો તીર્થંકર થવાના છે. 'શ્રેણીક' મહારાજા માટે એ રીતે વાત કરી છે. 'વ્રત નહિ, પચ્ચખાણ નહિ, નહિ ત્યાગ વસ્તુ કોઈનો, મહાપદ્મ તીર્થંકર થશે. શ્રેણીક ઠાણાંગ જોઈ લ્યો.' શું કરવા થાશે પણ ? વ્રત નહિ, પચ્ચખાણ નહિ ને તીર્થંકર થવાનું કારણ શું ? તો કહે, સ્વાનુભૂતિ સંપન્ન છે, સ્વાનુભવ થયો છે. એણે બધા વ્રત, નિયમ કરી લીધા, જાવ !

જ્યાં સ્વાનુભવ થયો ત્યાં પરમાં મારાપણું મટ્યું. આત્મામાં આત્માપણું થયું અને પરમાં મારાપણું મટ્યું. બસ ! એ વ્રત, નિયમ, યાત્રા, દયા, દાન બધું કરી ચૂક્યા. બહુ મોટી વાત છે.

પ્રશ્ન :– વ્રત નિયમ હોય એવો નિયમ લાગુ પડે કે સહજ હોય ?

સમાધાન :– સહજ છે એ. સહજ છે, કરવું નથી પડતું. પંચમ ગુણસ્થાને એકદેશ ચારિત્ર આવે છે, બરાબર છે ? અધ્યાત્મ શાસ્ત્રમાં એની બહુ સારી વાત આવે છે કે એમ કેમ આવ્યું ? કે એને ચોથા ગુણસ્થાને પણ ક્યાંય રસ તો પડતો નહોતો. એટલે કોઈ વસ્તુ છોડે તો એમાં એને દમન થવાનો તો પ્રશ્ન રહ્યો નહિ. કેમકે સહેજે રુચિ તો હતી નહિ. બરાબર ? હવે શું થયું ? કે સ્વરૂપસ્થિરતા વધી. સ્વરૂપસ્થિરતા વધી એટલે વીતરાગતા વધી. વીતરાગતાનો સદ્‌ભાવ થયો એટલે રાગનો અભાવ થયો. જેટલી વીતરાગતાનો સદ્‌ભાવ થયો એટલો સામે રાગનો અભાવ થયો. એટલે વિકલ્પ ઉત્પન્ન નથી થતા. એનું નામ વ્રત છે.

પરિણતિ આત્માને વીંટળાઈ વળી. વ્રત એટલે વીંટળાવું. વ્રતનો એક અર્થ શું થાય છે ? વીંટળાવું. પોતાના આત્મસ્વરૂપને પરિણતિ એટલી હદે વીંટળાઈ ગઈ કે એને અમુક પ્રકારના વિકલ્પનો અભાવ થયો એનું નામ વ્રત. વિકલ્પનો અભાવ થવાથી વિકલ્પ અનુસાર થતી પ્રવૃત્તિનો પણ અભાવ થયો. એટલે લોકોએ જાણ્યું કે આને આટલો ત્યાગ થયો. ત્યાગ કર્યો, એમ. લોકો તો કર્તાબુદ્ધિમાં છે એટલે આણે ત્યાગ કર્યો એમ કહે. પણ ત્યાગ કર્યો નથી. થઈ ગયેલો છે. એમ પાંચમું ગુણસ્થાન છે. એમ છઠ્ઠું-સાતમું ગુણસ્થાન છે. વિકલ્પ ઉત્પન્ન ન થાય એમ વાત છે.

પ્રશ્ન :– પાંચમાં ગુણસ્થાનમાં એક પ્રતિમા, બે પ્રતિમા, ચાર પ્રતિમા, પાંચ પ્રતિમા.. એ પ્રતિમા કોણ આપે છે ? સહેજે થાય છે કે મુનિરાજ આપે છે ?

સમાધાન :– ના, પછી ભલે એ વિધિ થાય એ જુદી વાત છે. વિકલ્પનો અભાવ થયો છે એની વાત છે. ગમે તેની વાત નથી. શુભભાવથી કોઈ નિયમ લઈ લીધો એની વાત નથી. રાગનો અભાવ થઈને વીતરાગતાનો સદ્‌ભાવ થયો છે એની વાત છે એ તો. અધ્યાત્મ શાસ્ત્રમાં એ વિષય ચાલ્યો છે. 'કાર્તિકેયાનુપ્રેક્ષા'માં બહુ સરસ ચાલ્યો છે.

પંચમગુણસ્થાનવાળો મુનિદશામાં સહજ આવે છે. સહજ જ આવે છે. કેમકે એ

ક્ષુલ્લક, એલક થાય એટલે એ અડધો મુનિ તો થઈ ગયો. ગમન, આગમન બીજી બધી વૃત્તિઓ એની સંક્ષેપાય ગઈ. ક્ષુલક-એલકને ગમન-આગમનનો નિયમ હોય છે ને ? બધી વૃત્તિઓ એની સંક્ષેપાય જાય છે. સહજમાત્રમાં ! એમ વાત છે. એ સહજતા વૃદ્ધિગત થઈ છે.

**'વ્રત નિયમનો કંઈ નિયમ રાખ્યો નથી;...'** એમાં એવું છે, મુમુક્ષુની ભૂમિકામાં કામે ચડેને તો સમજાય એવું છે. બરાબર અંદરના કામે લાગી જાય ને પુરુષાર્થમાં ચડે ને પછી સમજાય જાય એવું છે કે પુરુષાર્થે ચડે એને બહારની સાવધાની કેવી ઘટી જાય છે ? નહિતર બહારની સાવધાનીવાળાને એ ન સમજાય. એમાં વ્રત તો લેવું પડે ને ! નિયમનું પચ્ચખાણ તો લેવું પડે ને. પછી પાંચમું ગુણસ્થાન આવે ને ! એ પણ એક વિધિના કાળે થઈ જાય છે. બાકી અંદરમાં તો પુરુષાર્થ જ કામ કરે છે.

મુમુક્ષુ :- પરાધીનતાનો માર્ગ નથી, સ્વાધીનતાનો માર્ગ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એકદમ સ્વાધીનતાનો માર્ગ છે, બિલકુલ.

પોતાના કલ્યાણની શરૂઆત યથાર્થપણે - વાસ્તવિકપણે કેવા પ્રકારે હોય તે વિષયમાં સિદ્ધાંત સૂત્ર, અનુભવસિદ્ધ થયેલ - 'પૂર્ણતાને લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે.' અહીં પૂર્ણતા - પૂર્ણ શુદ્ધ દશારૂપ ધ્યેયના સ્થાને છે. - સાધ્યના સ્થાને છે, આ સૂત્ર એમ નિર્દેશ કરે છે કે જો ધ્યેય પૂર્ણતાનું ન બંધાયુ હોય તો સાધ્યની ભૂલ રહી છે. તેથી તેને શરૂઆત યથાર્થ પ્રકારે થતી નથી. તેથી તે જીવ ધર્મ અંગે જે કાંઈ કરે છે; તે માર્ગની વિધિ માટે શરૂઆત રૂપ પણ નથી. કોઈપણ (ધર્મમાં) પ્રવેશ કરનાર જીવે પોતાના પરિણમનમાં ઉક્ત સૂત્રનું વાચ્યભૂત - તાત્પર્યભૂત સાધ્ય નિશ્ચિત થયું છે કે કેમ ? તે અવશ્ય મેળવણીથી - તપાસીને સમજી લેવું જોઈએ. પ્રાયઃ જીવ પોતાની મતિ કલ્પનાથી ધર્મ - માર્ગમાં પ્રવર્તે છે. પરંતુ શરૂઆત અન્યથા પ્રકારે હોવાથી ધર્મનો પ્રારંભ પણ થતો નથી. પરંતુ અનાદિ ભ્રમ ભાંગવાને બદલે એક વધુ ભ્રમ સેવાય છે. સાધ્યની ભૂલ રહેતાં સાધન મળતું નથી. ('અનુભવ સંજીવની' - ૧૩૧)

## તા. ૩૦-૯-૧૯૯૮, પ્રવચન નં. ૭૨૭
## પત્રાંક – ૨૫૫

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત. ૨૫૫મો પત્ર ચાલે છે. પાનું ૨૯૦. આ પત્રમાં 'કૃપાળુદેવ' પોતાની અંતરંગ અધ્યાત્મદશા દર્શાવી રહ્યા છે. કહે છે કે, ઇશ્વરેચ્છાથી શબ્દાદિક પાંચ ઇન્દ્રિયોના વિષયોની ઇચ્છા રહી નથી. એટલે ઇચ્છા ઉત્પન્ન થતી નથી. આ મળે તો ઠીક... આ મળે તો ઠીક.. આ મળે તો ઠીક... ઇચ્છા કહો, અપેક્ષા ભાવો કહો. ઉપેક્ષા, ઉદાસીનતા ઘણી વર્તતી હોવાથી ઇચ્છાઓ થતી નથી. ઇચ્છાઓ રહી નથી.

**'પોતાની ઇચ્છાએ થોડી જ પ્રવૃત્તિ કરવામાં આવે છે.'** ઇચ્છાપૂર્વક પ્રવૃત્તિ બહુ ઓછી કરવામાં આવે છે. બહુભાગ તો બીજાની ઇચ્છા પ્રમાણે પ્રવૃત્તિ કરી લઈએ છીએ. **'જેમ હરિએ ઇચ્છેલો ક્રમ દોરે તેમ દોરાઈએ છીએ;...'** એટલે ઉદય અનુસાર. હરિએ દોરેલો ક્રમ એટલે પૂર્વક્રમ પ્રારબ્ધ અનુસાર જે જે શુભાશુભ પ્રસંગો ઉત્પન્ન થાય છે. સામે આવે છે (પરંતુ) નિરસપણે પરિણામ ચાલી જાય છે કે પ્રવૃત્તિ થઈ જાય છે. **'હૃદય પ્રાયે શૂન્ય જેવું થઈ ગયું છે;...'** રસ પડતો નથી. હૃદયથી કોઈ પ્રવૃત્તિ નથી. એ તો શૂન્ય જેવું છે. હૃદયશૂન્યતા છે. એટલે મનમાં રુચે. હૃદય હોય તો રુચે (પણ) એ તો શૂન્ય જેવું થઈ ગયું છે. એ બધી પ્રવૃત્તિમાં રુચિ તો ક્યાંય બિલકુલ નથી.

**'પાંચે ઇંદ્રિયો શૂન્યપણે પ્રવર્તવારૂપ જ રહે છે;...'** પાંચે ઇન્દ્રિયોમાં ઉપયોગ એટલો ચાલતો નથી. પ્રવર્તવારૂપ થાય છે પણ ઉપયોગ નથી. અણઉપયોગે પ્રવૃત્તિ થઈ જાય તે થઈ જાય છે. અહીંયાં ઉપયોગશૂન્યતાની વાત છે. **'નય, પ્રમાણ વગેરે શાસ્ત્રભેદ સાંભરતા નથી;...'** બધા નય-પ્રમાણના શાસ્ત્રભેદ જાણે છે. ઘણા શાસ્ત્રભેદ જાણતા હોવા છતાં પણ એમાં પણ ઉપયોગ ચાલતો નથી, એનું સ્મરણ પણ આવતું નથી.

**'કંઈ વાંચતા ચિત્ત સ્થિર રહેતું નથી;'** એટલે વાંચવામાં પણ ચિત્ત લાગતું નથી. ચિત્ત આત્મામાં લાગેલું રહે છે, અંદર ચિત્ત લાગેલું રહે છે. વાંચવાની પ્રવૃત્તિ તો બાહ્ય પ્રવૃત્તિ છે. એમાં પણ ચિત્ત ચોંટતું નથી. જુઓ ! કેવી પરિણતિમાં સ્વરૂપનું ખેંચાણ કેટલું બધું છે ! શાસ્ત્ર વાંચવા બેસે તો ચિત્ત કામ કરતું નથી. **'ખાવાની, પીવાની, બેસવાની, સૂવાની, ચાલવાની અને બોલવાની વૃત્તિઓ પોતાની ઇચ્છા પ્રમાણે વર્તે છે;...'** એમાં મારી ઇચ્છા નથી એમ કહે છે. એ પોતાની ઇચ્છા પ્રમાણે વર્તે છે, હું એનાથી ભિન્ન છું. ઇ ઇચ્છાની સાથે હું ખેંચાતો નથી, તણાતો નથી. બેસવાની ઇચ્છા થઈ ને બેસી ગયા, ખાવાની ઇચ્છા થઈ ને ખાય લીધું. ચાલવાની ઇચ્છા થઈ ને ચાલી લીધું. એ ઇચ્છાનું એક Division જુદું થઈ ગયું છે. એ એનું કામ કર્યા કરે છે, હું મારું અંદરનું કામ કરું છું. એમ રાગથી ભિન્ન પડી જાય છે. આત્મા અંદર રાગથી ભિન્ન પડી જાય છે. વિભાવો વિભાવનું કામ કરે છે, હું મારું કામ કરું છું. આવી જે જ્ઞાનીની ગંભીર દશા (છે) એ બહારથી કળાય એવી હોતી નથી. બીજાને એમ લાગે આપણે ખાઈએ-પીએ છીએ, બોલીએ-ચાલીએ છીએ, ઊઠીએ-બેસીએ-સૂઈએ છીએ, આ પણ એવું જ કરે છે.

એવી થોડીક વાત ગીતાના બીજા અધ્યાયમાં સાંખ્યયોગ છે એની અંદર કરેલી છે. ત્યાં જ્ઞાનીને 'સ્થિતપ્રજ્ઞ' નામ આપ્યું છે. જેનું જ્ઞાન – જેની પ્રજ્ઞા આત્મામાં સ્થિર થઈ ગઈ છે એને સ્થિતપ્રજ્ઞ કહે છે. તો 'અર્જુન'ના મોઢેથી પ્રશ્ન ઉઠાવાયો છે કે 'स्थितप्रज्ञसिकाभाषा समाधिस्तस्यकेशव' હે 'કેશવ' ! 'શ્રીકૃષ્ણ'ના ઘણા નામ છે એમાં એક 'કેશવ' કરીને પણ નામ છે. સ્થિતપ્રજ્ઞની ભાષા કેવી હોય છે ? 'स्थितध्येय किं प्रभासेत तीमासेत वृजेत किम' એ સ્થિત 'ધિ' 'ધિ' એટલે બુદ્ધિ, જ્ઞાન. જેની બુદ્ધિ આત્મામાં સ્થિર થઈ છે એ કેમ બોલે છે ? કેમ બેસે છે ? કિમ આસિત– કેમ બેસે છે ? કેમ ત્યાગ કરે છે ? એ બધું કેવી રીતે કરે છે ? કરતા તો જોવામાં આવે છે. ત્યારે 'શ્રીકૃષ્ણ'ના મુખેથી ઉત્તર આપે છે. 'प्रजहाति यदाकामान सर्वान भार्थ मनोदकान' હે પાર્થ ! 'પાર્થ' એટલે 'અર્જુન' જેની મનની બધી કામનાઓ છૂટી ગઈ છે. 'प्रजहाति' 'जहाति' છૂટી ગઈ છે, ચાલી ગઈ છે.

'आत्मन्येवात्मना तुष्ठाः स्थितप्रज्ञस्दोच्यते' આત્માથી જે આત્મામાં સંતુષ્ટ થઈ ગયો છે એને અમે સ્થિતપ્રજ્ઞ કહીએ છીએ. આમાં શું બાકી રાખ્યું ? આત્માથી

આત્મામાં સંતુષ્ટ થઈ ગયો. પછી એના વિશેષણો લીધા છે. એમાં 'वीतराग भय-क्रोधस्थितध्येमुनिउच्यते' 'વીતરાગ' શબ્દનું નામ લીધું. 'વીતરાગ' શબ્દ વાપર્યો છે. જેનો રાગ ચાલી ગયો છે, ભય ચાલી ગયો છે, ક્રોધ ચાલી ગયો છે. એને અમે આત્મામાં સ્થિર થયેલો મુનિ કહીએ છીએ.

અધ્યાત્મમાં પણ વેદાંતમાં એ લોકોએ જેટલી બુદ્ધિ ચાલી એટલું વર્ણન કર્યું છે અને જેટલું સારું લાગ્યું એટલું લઈ લીધું છે. સાંખ્યમત એટલે એકલો સમ્યગ્દર્શનનો જ વિષય, દૃષ્ટિનો જ વિષય. એને કૂટસ્થ કહે છે, સ્વરૂપને ત્યાં કૂટસ્થ કહે છે. આત્માને બાળી શકાય નહિ, પલાળી શકાય નહિ, મારી શકાય નહિ, છેદી શકાય નહિ, ભેદી શકાય નહિ. 'नैनं छेदन्ति शस्त्राणी, नैनं दहति पावकः' શસ્ત્ર જેને છેદી શકતા નથી, અગ્નિ જેને બાળી શકતો નથી. એવા બધા શ્લોક આવે છે. એ એટલું બુદ્ધિગમ્ય પકડ્યું છે. અનુભવમાં લેવું સાવ બીજી વાત છે.

અહીંયાં અનુભવની પ્રધાનતાથી વિષય ચાલે છે. કહે છે કે, આ બધી ઇચ્છાઓ, પોતાની એ બધી વૃત્તિઓ, વૃત્તિઓ પોતાની ઇચ્છા પ્રમાણે ચાલે છે. ચાલે તો ચાલે હું એમાં નથી. હું કરતો નથી, ઇચ્છાઓ હું નથી કરતો. થાય છે બાજુમાં. કરતો નથી એટલે એક ન્યાયે નહીં કરવાનો પ્રશ્ન નથી. એ કરું તો ન કરું આવેને વાત. ભિન્ન પડવામાં એનો નાશ થઈ જશે એ ખબર છે. બસ ! પોતે ભિન્ન પડે છે.

**'મન પોતાને સ્વાધીન છે કે કેમ એનું યથાયોગ્ય ભાન રહ્યું નથી.'** મનના કોઈ વિકલ્પો ગમે તે ચાલી જાય. અમે અંદરમાં ભિન્ન પડેલા છીએ. મનની સાથે, બીજી ઇચ્છાની વૃત્તિઓ સાથે જેમ અમારે સંબંધ નથી એનાથી ભિન્ન છીએ, એમ મનના વિકલ્પથી પણ અમે ભિન્ન છીએ. એટલે એનું પણ જ્ઞાન નથી રહ્યું કે મન છે એ અમારા વશ પ્રવર્તે છે કે સ્વાધીન છે કે પરાધીન છે. જેમ હોય તેમ. ચિંતા જ નથી એની. પોતાનો અંતર પુરુષાર્થ એવો ચાલે છે કે મનની કે ઇન્દ્રિયોના વિષયોની અલ્પ બાહ્ય વૃત્તિ (છે) એની ચિંતા ગઈ છે. એની ચિંતા નથી કરતા. એવી ભિન્નતા આવી છે.

**'આમ સર્વ પ્રકારે વિચિત્ર એવી ઉદાસીનતા આવવાથી ગમે તેમ વર્તાય છે.'** વિચિત્ર જ કહેવાય ને ! બહારમાં પ્રવૃત્તિ થાય અને અંદરમાં કાંઈ એની સાથે લેવા દેવા ન હોય એ વિચિત્રતા નહિ ? કેમ માની લે ? કોઈ માને નહિ. જોકે કોઈના માનવા નહિ માનવા સાથે જ્ઞાનીને સંબંધ નથી. પણ ઉદાસીનતા એવી છે, ઉદાસીનતા

એવી છે. 'વિચિત્ર' શબ્દ 'ઉદાસીનતા'ને લગાવ્યો છે. પ્રવૃત્તિ-પ્રવૃત્તિ, ઇચ્છા-ઇચ્છા જે કાંઈ હોય તે, અમારી ઉદાસીનતા છે એ બરાબર છે.

**'ગમે તેમ વર્તાય છે'** એટલે પછી એનો અમને ભય નથી થતો કેમકે અમારું કાર્ય બરાબર (ચાલે છે), સ્વરૂપમાં સાવધાન છીએ. બહાર વિચિત્રતા આવવી જોઈએ તોપણ ઉદાસીનતા છે એટલે વાંધો નથી. એમાં ઉદાસીનતા છે એટલે વાંધો નથી. **'ગમે તેમ વર્તાય છે. એક પ્રકારે પૂર્ણ ઘેલછા છે;...'** ઘેલછા એટલે ગાંડપણ–Madness. એક જાતનું ગાંડપણ આવી ગયું કે, બસ ! આંખો મીંચીને સ્વરૂપમાં લાગ્યા રહો. બીજાનો કાંઈ વિકલ્પ નથી આવતો. એટલા ઉદાસીન છે કે બીજાનો (વિકલ્પ નથી આવતો). કોને કેમ લાગશે ? કોણ કેમ સમજશે ? કોનું કેમ ? કાંઈ નહિ. આપણે અંદરમાં કામે લાગી જાવ, આપણા કામમાં રહો.

જેમ કોઈ માણસ ગાંડો થઈને પ્રવૃત્તિ કરે તો એને દુનિયામાં ડાહ્યો કહેવાય છે કે ભાઈ ! એ તો બરાબર કરે છે. એમ ગાંડો થાય ત્યારે જ આવું કામ થાય. આ એવું છે. પોતાના કામ પાછળ, મહત્ત્વના કામ પાછળ ગાંડા થઈને લાગેલા છે. પૂર્ણ ઘેલછા છે. **'એક પ્રકારે પૂર્ણ ઘેલછા છે; એક પ્રકારે તે ઘેલછા કંઈક છૂપી રાખીએ છીએ; અને...'** થોડુંક એમાં એમ થાય છે કે આવું આટલું બધું અધ્યાત્મનું વલણ છે એ કોઈ ન જાણે તો સારું, એનું પ્રદર્શન ન થાય તો સારું. ન જાણે એટલે ? એનું પ્રદર્શન કરવા ઇચ્છા નથી. નહિતર શું કરે છે કે જીવને કાંઈક સારું પરિણામ થાય ને એનું એને પ્રદર્શન કરવાની ઇચ્છા થાય. એટલે એ પ્રદર્શન ન થાય, એનું પ્રદર્શન ન થાય એવું કાંઈક રહે છે.

એટલે (કહે છે કે), **'એક પ્રકારે તે ઘેલછા કંઈક છૂપી રાખીએ છીએ;...'** એટલું બધું અમારું વલણ છે અંદરનું એ થોડુંક છુપાવીએ છીએ. **'અને જેટલી છૂપી રખાય છે, તેટલી હાની છે.'** એવું શું કરવા ? એટલો પણ વિકલ્પ શું કરવા આવ્યો ? એમ કહે છે. એટલું નુકસાન સમજીએ છીએ. ઠીક ! કેમકે એમાં બીજાનું લક્ષ થયું ને ? બીજાથી છૂપી રાખવાની વાત છે ને ? એટલું પણ બીજાનું લક્ષ છેને એટલી હાની છે, એમ કહે છે. પણ જે પરિણામ છે એ ખુલ્લા લખે છે. એક્કે વાત ગોપવતા નથી.

મુમુક્ષુ :— ....

પૂજ્ય ભાઈશ્રી :– નહિ. કાંઈક રહે છે એમ લખે છે. પોતાની વાત તો એમ એમ લખે છે, કાંઈક રહે છે, થોડીક રહે છે એમ. થોડીક રહે છે એમ. અને જેટલી રહે છે એટલું નુકસાન છે. જેટલું રહે છે એટલું નુકસાન છે, એટલી હાની છે.

**'યોગ્ય વર્તીએ છીએ કે અયોગ્ય એનો કંઈ હિસાબ રાખ્યો નથી.'** એટલું પરિણામ ઉપર અમારું વજન નથી જાતું. પર્યાય પ્રત્યેની ઉપેક્ષા સ્વરૂપ સાવધાનીના કારણે આવે છે. સ્વરૂપમાં જેમ જેમ સાવધાની અત્યંત અત્યંત થતી જાય તેમ તેમ પર્યાયની ઉપેક્ષા થતી જાય. એ પર્યાયની ઉપેક્ષા હોવાથી એટલી દરકાર નથી આવતી કે આ કેટલું બરાબર થયું ? અને કેટલું બરાબર ન થયું ? કેટલું બરાબર થયું ? અને કેટલું બરાબર ન થયું ? એ હિસાબ નથી રાખતા. સ્વરૂપને સંભાળીએ છીએ, પરિણામને સંભાળતા નથી હવે. અને સ્વરૂપને પરિણામ દ્વારા સંભાળાતા હોવાથી પરિણામ આપોઆપ બરાબર છે. હવે પરિણામની સંભાળ રાખવાની જરૂર નથી. સ્વરૂપને સંભાળનારા તો પરિણામ છે. બસ ! પતી ગઈ વાત. પછી પરિણામને સંભાળવાની વાત ક્યાં રહી ? જરૂર ક્યાં રહી ? એ જરૂર ન રહી, એમ કહે છે.

**'આદિપુરુષને વિષે અખંડ પ્રેમ સિવાય....'** પોતાનું જે પરમાત્મ તત્ત્વ એ આદિપુરુષ છે. એને **'વિષે અખંડ પ્રેમ સિવાય બીજા મોક્ષાદિક પદાર્થોમાંની આકાંક્ષાનો ભંગ થઈ ગયો છે;...'** પહેલા તો મોક્ષના લક્ષે – પૂર્ણતાના લક્ષે તો મુમુક્ષુતાની શરૂઆત થઈ હતી. અમારી એ આકાંક્ષા ભાંગી ગઈ છે. બસ ! અમને અમારા આત્માનો પ્રેમ એટલો છે કે હવે એ પ્રેમમાં અમે ડૂબેલા છીએ. હવે મોક્ષ પણ સાંભરતો નથી અને એની આકાંક્ષા પણ ઉત્પન્ન થાતી નથી. જાવ ! પરિણામ ગુલાંટ ખાઈ જાય છે.

જ્યારથી ભાવભાસન થાય છે ત્યારથી પરિણામ ગુલાંટ ખાઈ જાય છે. જે પરિણામના અવલોકનથી ભાવભાસન સુધી પહોંચ્યો હતો એ અવલોકન તો ઉપરછલ્લા ઉપયોગમાં થઈ જાય છે. પહેલા પરિણામની સાવધાની રાખવી પડતી હતી, હવે તો વગર સાવધાનીએ ખબર પડે છે. કેમકે ઊંડું ઊંડું એવું જે પરમતત્ત્વ છે ત્યાં સુધી ઉપયોગ જાવા માંડ્યો. એટલે પર્યાય ઉપરછલ્લી છે. ઉપર ઉપર તરતો વિષય છે, એ તો જણાય જાય. એ તો સપાટી ઉપરની ચીજ છે, આ તો તળિયે પહોંચી ગયો. એટલે એની એટલી સાવધાની રાખવી પડતી નથી. મોક્ષની આકાંક્ષા

ને એ બધા વિકલ્પો બંધ થઈ ગયા. હવે તો પોતાના પરમાત્માને પકડીને બેસી ગયા, ઇ બેસી ગયા. એને છોડવાની વાત નથી. મોક્ષને આવવું હશે ત્યારે એની મેળે ચાલ્યો આવશે. આપણે હવે ત્યાં જવાની જરૂર નથી. એમ થયું.

**'આદિપુરુષને વિષે અખંડ પ્રેમ સિવાય બીજા મોક્ષાદિક પદાર્થોમાંની આકાંક્ષાનો ભંગ થઈ ગયો છે; આટલું બધું છતાં મનમાનતી ઉદાસીનતા નથી, એમ માનીએ છીએ;...'** અમારી માન્યતામાં અપૂર્ણતાનો ખ્યાલ છે. એમ નથી માનતા કે અમને અહીંયાં પૂર્ણ દશા થઈ ગઈ છે. અમારી મનમાની ઉદાસીનતા નથી, અમારી મનમાની દશા નથી. જે હોવી જોઈએ એમાં અધૂરાપણું છે એ બરાબર ખ્યાલમાં છે અને એમ જ માનીએ છીએ.

**'અખંડ પ્રેમખુમારી જેવી પ્રવહવી જોઈએ તેવી પ્રવહતી નથી, એમ જાણીએ છીએ;...'** અખંડ પ્રેમખુમારી. સ્વરૂપની ખુમારી અને એ પણ પ્રેમખુમારી પાછી. ખુમારીનો અનુભવ કર્યો છે ? નથી કહેતા કોઈ ? કોઈ માણસને પોતાના કૂળની ખુમારી હોય છે. અમે કોણ ? ખુમારી નથી ચડતી માણસને ? એમ. અમે આત્મા. એની આત્માની ખુમારી ચડે છે. અનંત ગુણો ! અમારામાં અનંત ગુણ છે એની ખુમારી ચડે છે અને એના પ્રત્યેની પ્રેમ સહિતની ખુમારી છે એ તો.

પ્રેમ છેને એ Feeling ની અંદર Top level ની Feeling છે. Felling અનેક પ્રકારની છે. એમાં Top level ની Feeling છે એ પ્રેમ છે. તો કહે (છે), અમારા ગુણનિધાન પ્રત્યેનો જે પ્રેમ અને એની જે ખુમારી, પ્રેમની ખુમારી પાછી ચડે. ગમે તે પરિસ્થિતિમાં મટે નહિ. ખુમારીવાળાને શું છે ગમે એ પરિસ્થિતિમાં એ ખુમારી ઊતરે નહિ.

મુમુક્ષુ :– ખીલાને વળગેલાનો વાળ વાંકો ન થાય.

પૂજ્ય ભાઈશ્રી :– **'અખંડ પ્રેમખુમારી જેવી પ્રવહવી જોઈએ...'** એનો પ્રવાહ જેટલો ચાલવો જોઈએ હજી અમને સંતોષ થતો નથી. **'આમ કરવાથી તે અખંડ ખુમારી પ્રવહે એમ નિશ્ચળપણે જાણીએ છીએ;'** અને સ્વરૂપમાં લીન થવાથી એ પ્રવાહ, વિશેષ પ્રેમનો ખુમારીનો પ્રવાહ પ્રવહે એમ જાણીએ છીએ તો **'પણ તે કરવામાં કાળ કારણભૂત થઈ પડ્યો છે;...'** આ પંચમકાળ અહીં કારણભૂત થઈ પડ્યો છે. અહીંયાં ક્યાં આવી

ગયા ? એમ કહે છે. જે પ્રમાણે ચાલવું જોઈએ એ પ્રમાણે ચાલતું નથી. એટલો પોતાને અસંતોષ વર્તે છે. સંતોષ નથી એટલે અસંતોષ વર્તે છે.

**'અને એ સર્વનો દોષ અમને છે કે હરિને છે,...'** આ કાળમાં અહીંયાં આવી પડ્યા એનો દોષ અમારો છે કે પ્રારબ્ધનો છે **'એવો ચોક્કસ નિશ્ચય કરી શકાતો નથી.'** એટલે કે એની ભાંજગડમાં જાતા નથી. એ પ્રત્યે પણ ઉદાસીન. આમ તો અપરાધ તો પોતાનો જ છે પૂર્વનો અને પ્રારબ્ધ લઈને આવી પડ્યા છીએ એટલે બે વાત ભેગી થઈ – પોતાનો અપરાધ અને પ્રારબ્ધ એનું ફળ. પણ એ પ્રત્યે પણ ઉદાસીન છીએ.

**'એટલી બધી ઉદાસીનતા છતાં...'** આટલી બધી ઉદાસીનતા છતાં **'વેપાર કરીએ છીએ; લઈએ છીએ, દઈએ છીએ, લખીએ છીએ, વાંચીએ છીએ; જાળવીએ છીએ,...'** હીરાનું પડીકું હાથમાંથી પડી નથી જાતું. પડીકું વાળેને ? એ તો વાળતા આવડતું હોય એને જ (આવડે), નહિતર હીરા અંદરથી ઊડી જાય. કાગળ છે ને.. કાગળમાં હીરા દડે. પડીકું વાળતા ન આવડે તો કાગળ ક્યાંક ટાઇટ થઈ જાય તો હીરો ઊડીને બહાર પડે. એ લોકોને એની Practice હોય છે. પડીકું વાળવાની Practice હોય છે. ફટ.. ફટ.. ફટ વાળી દ્યે. હીરાના પડીકામાં આમ કરે, આમ કરે અને આમ વાળી દે તરત જ, સેકન્ડોમાં. એ Practice હોય છે, હોં !

**'જાળવીએ છીએ'** અને એટલું જે કાંઈ થાય છે એનો **'ખેદ પામીએ છીએ.'** ઇ જે વેપાર કરીએ છીએ, લઈએ છીએ, દઈએ છીએ અને ખેદ પામીએ છીએ. એ બધાનો ખેદ પામીએ છીએ. **'વળી હસીએ છીએ.'** ઠીક ! કેવી પરિસ્થિતિ છે ? એક બાજુ અંદરમાં લય લાગી છે. બીજી બાજુ આ 'મુંબઈ'ની બજારમાં દુકાન અને એમાં આ બધું કામ ને... હસવું આવે છે.

મુમુક્ષુ :– એક બાજુ ખેદ પામીએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :– હા. એક બાજુ ખેદ પામીએ છીએ તો બીજી બાજુ હસીએ છીએ. જેનું ઠેકાણું નથી એવી અમારી દશા છે. બહુ વિચિત્ર દશા છે.

'ગુરુદેવ' એક દૃષ્ટાંત આપતા હતા. કેવી રીતે હસવું આવે છે ? એક ભરવાડ બાઈ હતી. માથે છાશની દોણી હતી અને બજાર વચ્ચે ચાલી જાતી હશે. એમાં ઠેસ

વાગી. ઠેસ વાગી એટલે માટીનું માટલું હતું એ નીચે પડ્યું. નીચે પડ્યું એટલે ફૂટી જાય. એમાં છાશ કેટલી હાથમાં આવે પછી ? એટલે દાંત કાઢવા માંડી. એનું છાશનું માટલું ફૂટી ગયું, છાશ ઢોળાઈ ગઈ એટલે હસવા માંડી. એટલે દુકાનદારોએ જોયું કે આ બાઈને ઠેસ વાગી અને એનું આ છાશનું માટલું ફૂટી ગયું અને છાશ ઢોળાઈ ગઈ અને આ તો દાંત કાઢે છે. એટલે કોઈક ડાહ્યા માણસે વળી એને જરા ઊભી રાખીને પૂછ્યું કે, બહેન ! ખરાબ ન લાગે તો પૂછું. તો કહે, કહો ને ! તો કહે, આ તમારું માટલું ફૂટી ગયું અને તમે દાંત કાઢો છો. નુકસાન તો ગયું તમને. તો (કહે), આટલા નુકસાનને ક્યાં રોવું મારે ? પછી એણે એનું નુકસાન બતાવ્યું. એનો ઇતિહાસ બતાવ્યો.

એ ઇતિહાસમાં એને એના ભૂતકાળની અંદર એટલી બધી તકલીફમાં પડેલી, એટલી બધી તકલીફ પડેલી કે આટલી છાશ ઢોળાઈ ગઈ એમાં શું રોવું ? કુદરત ઉપર હસું છું. એક તો બહુ સારી પરિસ્થિતિમાંથી એકદમ ખરાબ પરિસ્થિતિમાં આવી ગઈ હશે. હવે છાશ વહેંચવાનો વારો આવ્યો. એ છાશ વેંચવા નીકળી એ ઢોળી નાખી તેં ? એવું કુદરત ઉપર હસું છું. આટલું બધું નુકસાન સહન કર્યું હજી ઇ પણ તને ઓછું પડ્યું કે આ થોડી છાશ પણ ઢોળી નાખે છે. કાંઈ નહીં, ઢોળી નાખ હાલ ને ! અહીં અમને કાંઈ લાગે એવું નથી. બહુ દુખિયાને દુઃખ શું ? અને બહુ રળિયાને રળ શું ? બહુ દુખિયો હોય એને થોડું દુઃખ છે એ બહુ લાગે નહિ કાંઈ. ઘણું દુઃખ પડ્યા પછી થોડું દુઃખ ન લાગે. એમ બહુ કમાણો પછી થોડું-ઘણું કમાય એને અસર ન થાય. પહેલા થોડું કમાતો હોય તોપણ રાજી થાય. પણ બહુ કમાણા પછી થોડું કમાય એમાં કાંઈ રાજીપો ન આવે. ઠીક હવે. આ કમાણા એવું કાંઈ નહીં. 'બહુ દુઃખિયાને દખ નહિ અને બહુ રળિયાને રળ નહિ.' એટલે એની અસર નહીં એમ. એની અસર નહિ.

**'અને તેનું કારણ માત્ર હરિની સુખદ ઇચ્છા જ્યાં સુધી માની નથી ત્યાં સુધી ખેદ મટવો નથી.'** અને જ્યાં સુધી પૂર્ણ દશા નહિ થાય ત્યાં સુધી અમને ખેદ નહિ મટે, અમને સંતોષ નહીં થાય. ભલે આટલી અધ્યાત્મદશા આવી હોય તોપણ અમને સંતોષ નથી થતો. પછી એક વાક્ય લખ્યું છે.

(अ) **'સમજાય છે, સમજીએ છીએ, સમજશું; પણ હરિ જ સર્વત્ર કારણરૂપ છે.'**

ગમે તે વાત હોય. બધું સમજાય છે, સમજીએ છીએ, સમજશું. અમારું લક્ષ એક આત્મા ઉપર છે. બધાના કારણમાં અમે આત્માને વળગીને રહીએ છીએ, બધી જગ્યાએ. સમજવાની ગમે તે ચીજ સામે આવે નહિ. **'હરિ જ સર્વત્ર કારણરૂપ છે.'** સર્વત્ર અમારો આત્મા જ અમને મુખ્ય છે, બાકી અમને કાંઈ મુખ્ય નથી.

**'જે મુનિને આપ સમજાવવા ઇચ્છો છો, તે હાલ જોગ્ય છે, એમ અમે જાણતા નથી.'** એટલે અયોગ્ય છે એમ સીધું ન કીધું. કોઈ એમના સંપ્રદાયના મુનિ હશે એને 'સોભાગભાઈ' કાંઈક સમજાવવાની મહેનત કરતા હશે. પછી લખે બધુંય ને ! લખે બધું. જે કરતા હોય, જે પરિણામ ચાલતા હોય એ બધું જ લખે. કોઈ મુનિ હશે, અપાસરા-બપાસરામાં આવ્યા હશે. કાંઈક સમજાવવા વાત ચાલી હશે. તો કહે જે મુનિને આપ સમજાવવા ઇચ્છો છો તે અયોગ્ય છે, એ કાંઈ સમજે એમ નથી કાંઈ. મોટાભાગે જેઓ સમજ્યા વિના સાધુ થઈ જાય છે, ત્યાગી થઈ જાય છે એને સમજણ આવવી મુશ્કેલ છે. સમજ્યા વિના જે ત્યાગી થઈ ગયા, સાધુ થઈ ગયા એને સમજ ચડવી બહુ મુશ્કેલ છે. કેમકે એનું વજન ત્યાગ ઉપર હોય, એની સાવધાની ત્યાં હોય, સમજવા ઉપર એનું વજન ન હોય. એટલે એને સમજાવવા કઠણ પડે. અને ત્યાગમાં એને જે આગ્રહ થયો હોય એની પકડ છૂટે નહિ. એટલે પેલી સમજણની બીજી વાત છે એ એને જલદી અસર કરે નહિ.

મુમુક્ષુ :– 'દિપચંદજી'

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ હશે. એ 'દિપચંદજી' જ કદાચ હશે.

કહે છે, **'જે મુનિને સમજાવવા ઇચ્છો છો, તે હાલ જોગ્ય છે,...'** અત્યારે એની યોગ્યતા દેખાતી નથી એમ કહે છે. યોગ્ય છે એમ જાણતા નથી એટલે અયોગ્ય છે એમ જાણીએ છીએ, એમ. એમ આવ્યું.

**'અમારી દશા...'** જુઓ ! એક બહુ સારી વાત લખે છે. **'અમારી દશા મંદ જોગ્યને હાલ લાભ કરે તેવી નથી,...'** મંદ યોગ્ય એટલે શું ? જે મુમુક્ષુ મંદ યોગ્યતાવાળા છે એને અમારી દશા લાભ કરે એવું નથી. કેમકે એ સમજી જ નહીં શકે. મંદ યોગ્યતાવાળાને તીવ્ર યોગ્યતાવાળા મુમુક્ષુનો સંગ જેટલો લાભ કરે તેટલો જ્ઞાનીનો સંગ કદાચ લાભ ન કરે. આવી પણ એક પરિસ્થિતિ ક્યાંક ક્યાંક હોય છે. એટલે

લખે છે કે અમારી દશા એવી છે કે મંદ યોગ્યતાવાળા મુમુક્ષુને લાભ કરે એવી અમારી દશા નથી. કેમકે એને અમારી દશાની સમજણ જ નહીં પડે, એને કાંઈ ખ્યાલ જ નહીં આવે. અમારી દશાની એને કેવી રીતે અસર આવશે ? અસર જ નહીં આવે. સમજે નહીં, અસર ક્યાંથી આવે ?

**'અમે એવી જંજાળ હાલ ઇચ્છતા નથી;...'** અને એની પાસે પિષ્ટપિંજણ કરીને એને બહુ વિગતથી સમજાવીએ એટલો અમારો ઉપયોગ ચાલે એવું નથી. એ જંજાળ લાગે છે. મંદ યોગ્યતાવાળાને કહે કે, તું આમ કર ને, તું આમ કર ને, તું હવે આમ કર ને... ઇ જંજાળ લાગે છે. એ જંજાળમાં અમારો ઉપયોગ ચાલતો નથી. એટલે અમે એ જંજાળને ઇચ્છતા નથી. **'એવી જંજાળ હાલ ઇચ્છતા નથી; રાખી નથી;...'** અને એ જંજાળ અમે રાખી નથી.

**'અને તેઓ બધાનો કેમ વહીવટ ચાલે છે, એનું સ્મરણે નથી.'** અને એ બધાને કેમ આગળ સુધારો થાય છે, નથી સુધારો થતો, એનું શું ચાલે છે ? કાંઈ અમને સ્મરણ (કે) વિકલ્પ પણ આવતો નથી. **'તેમ છતાં અમને એ બધાની અનુકંપા આવ્યા કરે છે;...'** કરુણા જરૂર આવે છે કે આવો યોગ થયો છે. પ્રત્યક્ષ યોગ મળે છે અને કલ્યાણ કરી જાય તો સારી વાત છે. એ બધાની અનુકંપા જરૂર આવે છે.

**'તેમનાથી અથવા પ્રાણીમાત્રથી, મનથી ભિન્ન ભાવ રાખ્યો નથી,...'** જેટલું અમારું કલ્યાણ ઇચ્છીએ છીએ એટલું પ્રાણીમાત્રનું કલ્યાણ અમે ઇચ્છીએ છીએ. એમાં ભેદભાવ નથી કે આનું કલ્યાણ થાય તો સારું અને આનું ન થાય તો સારું, એવું કાંઈ નથી. અમારા મુમુક્ષુ છે માટે એનું કલ્યાણ થાય તો સારું. એમ નહીં. એમનાથી કે પ્રાણીમાત્રથી અમને ભિન્નભાવ નથી. એક પત્ર તો બહુ સારો છે. કેટલા બધા બોલ લીધા છે એમણે ! અમારા માટે ઇચ્છીએ છીએ એ બધાને માટે કેવી કેવી રીતે ઇચ્છીએ છીએ (એમ કરીને લખ્યું છે).

**'મનથી ભિન્નભાવ રાખ્યો નથી, અને રાખ્યો રહે તેમ નથી.'** અમારી યોગ્યતા જ એવી છે કે અમે કોઈ ભિન્નભાવ રાખી શકીએ એમ નથી. **'ભક્તિવાળાં પુસ્તકો ક્વચિત્ ક્વચિત્ વાંચીએ છીએ;...'** કોઈ ભક્તિના પદો હોયને એવા પુસ્તકો ક્યારેક ક્યારેક વાંચીએ છીએ. **'પણ જે સઘળું કરીએ છીએ તે ઠેકાણા વગરની દશાથી કરીએ**

**છીએ.'** ઉપયોગ નથી અમારો. કોઈ બાહ્ય પ્રવૃત્તિ થાય (પણ) અમારી સાવધાની નથી, એમાં એટલો ઉપયોગ ચાલતો નથી.

**'અમે હાલમાં ઘણું કરીને આપના કાગળોનો વખતસર ઉત્તર લખી શકતા નથી; તેમ જ પૂરા ખુલાસાથી પણ લખતા નથી, તે જોકે યોગ્ય તો નથી;...'** આપને વખતસર કાગળ પણ લખવો જોઈએ અને પૂરા ખુલાસાથી લખવો જોઈએ પણ એમ થતું નથી એટલે **'તે યોગ્ય તો નથી; પણ હરિની એમ ઇચ્છા છે.'** પણ અમારો ઉપયોગ ન ચાલે શું કરીએ ? એમ કહે છે. યોગ્ય તો નથી પણ અમારું સહજ પરિણમન જ એવું છે. હરિઇચ્છા એટલે સહજ પરિણમન જ, અમારું કુદરતી પરિણમન એવું છે, કરીએ શું ? અમારા વશની વાત નથી. ઉપયોગ નથી ચાલતો.

**'જેથી તેમ કરીએ છીએ. હવે જ્યારે સમાગમ થશે, ત્યારે અમારો એ દોષ આપને ક્ષમા કરવો પડશે એવી અમારી ખાતરી છે.'** એટલે સમાગમમાં અમે તમને કહેશું કે તમને કેમકોગળ વખતસર નહોતો લખાતો, કેમ પૂરો નહોતો લખાતો. જુઓ ! આ અમારી દશા છે. આ દશા અમે જ્યારે બતાવશું ત્યારે તમને એમ લાગશે કે આ દોષ ન ગણાય. આ દોષને દોષ ન ગણાય. એટલે એ દોષ આપને ક્ષમા કરવો પડશે. એ ક્ષમા કરવો જ પડશે કે, નહિ, નહિ, એ કાંઈ આપનો દોષ ન ગણાય. આપ આગળ વધો, આપના રસ્તે આગળ વધો એ તો એમ જ હોય ને. પછી એમાં અમારો શું હિસાબ ગણવાનો હોય. કાંઈ નહિ, એનું કાંઈ નહિ.

**'ત્યારે અમારો એ દોષ આપને ક્ષમા કરવો પડશે એવી અમને ખાતરી છે.'** કેમકે તમે આ સમજી શકશો અને સમજશો એટલે તમે એમ કહેશો કે, પછી તો આમાં મારે કાંઈ કહેવાનું જ રહેતું નથી. આમાં મારે ખોટું લગાડવાનો પ્રશ્ન જ રહેતો નથી. કાગળ ન મળ્યો તોપણ ઠીક ને મોડો મળ્યો તો ઠીક ને ઓછું લખાણું તો ઠીક. કાંઈ વાંધો નહિ. એટલો આદરભાવ આવશે, એમ.

**'અને તે ત્યારે મનાશે કે જ્યારે તમારો સંગ હવે ફરી થશે.'** એવી અમને ખાતરી છે **'અને તે ત્યારે મનાશે કે જ્યારે તમારો સંગ હવે ફરી થશે. તે સંગ ઈચ્છીએ છીએ, પણ જેવા જોગે થવો જોઈએ, તેવા જોગે થવો દુર્લભ છે.'** એવી કોઈ પરિસ્થિતિમાં થાય કે તમને પણ બરાબર પારમાર્થિક લાભ થઈ જાય. એવો યોગ દુર્લભ દેખાય

છે. કેમકે પોતે એટલા નિવૃત્તિ ક્ષેત્રમાં આવતા નથી અને પ્રવૃત્તિમાં નિરાંતે કામ થવું જોઈએ એ કામ સંતોષકારક રીતે થતું નથી. ક્યારેક ક્યારેક 'સોભાગભાઈ' 'મુંબઈ' આવી જતા હતા.

**'ભાદરવામાં જે આપે ઇચ્છા રાખી છે,...'** અષાઢ મહિનો ચાલે છે. **'તેથી કંઈ અમારી પ્રતિકૂળતા નથી, અનુકૂળતા છે; પણ તે સમાગમમાં જે જોગ ઇચ્છીએ છીએ તે જો થવા દેવા હરિની ઇચ્છા હોય અને સમાગમ થાય તો જ અમારો ખેદ મટે એમ માનીએ છીએ.'** નિવૃત્તિ ક્ષેત્રમાં પણ એવી રીતે સમાગમ થાય કે કાંઈક અમારી દશા જોઈને અમારા સંગથી તમને પણ કોઈ પારમાર્થિક લાભ થઈ જાય તો અમારો ખેદ મટે. તો અમને કાંઈક સંતોષ થાય કે ચાલો, આ સમાગમ થયો તે આ વખતે બરાબર થયો. લેખે લાગ્યો, એમ. એવી અમારી ઇચ્છા છે એમ કહે છે. એટલે 'સોભાગભાઈ'ના આત્મહિત માટે એમને ઘણો ભાવ રહેતો હતો. એમના અભિપ્રાયમાં એ વાત મુખ્ય રહેતી કે આ ઘણો પાત્ર જીવ છે અને આગળ વધે ને પામે તો સારું. આગળ વધીને પામે તો સારું. એમના અભિપ્રાયમાં એ વાત ખૂબ રહી છે અને એટલે એવું એ ઇચ્છતા હતા કે એ પ્રકારનો સમાગમ થાય તો ઠીક.

મુમુક્ષુ :- વચન આપ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પછી આપ્યું છેને, વચન આપ્યું છે. એ તો ૨૪૯માં આપ્યું છે ને ? ના, એ પત્ર તો હવે આવશે. ૨૫૯ છે. ૨૪૯ નથી. ૨૯૩ પાને છે.

**'જ્ઞાનધારા' સંબધી મૂળમાર્ગ અમે તમને આ વખતના સમાગમમાં થોડો પણ કહીશું; અને તે માર્ગ પૂરી રીતે આ જ જન્મમાં તમને કહીશું એમ અમને હરિની પ્રેરણા હોય તેવું લાગે છે.** અમારો આત્મા એમ બોલે છે. **'અમને લાગે છે કે અમારા હાથે હરિ તમને પરાભક્તિ અપાવશે. હરિના સ્વરૂપનું જ્ઞાન કરાવશે...'** અમારા નિમિત્તે **'અને એ જ અમે મોટો ભાગ્યોદય માનીશું.'** એમને જ લખેલો છે. ૨૫૯મો પત્ર છે.

પાત્ર જીવ છે એના આત્મકલ્યાણની ભાવના, એના આત્મકલ્યાણની ભાવના કેવી સરસ આવી છે ! બોલો ! કેમકે તમે અમારા આત્મભાવમાં નિમિત્ત પડતા હો તો પછી અમારી પણ સાથે એવી જ ભાવના હોય ને ! એમ કહે છે. કે તમારો પણ છુટકારો થઈ જાય, ઉદ્ધાર થઈ જાય, એમ. એમ સામેસામું છે. એકબીજાના

નિમિત્તની સામેસામી Entry પડે છે. એટલે એમાં આગળ લખ્યું છે. તમારો ઉપકાર માનીએ એટલો ઓછો છે. તમે અમારા અથાગ ઉપકારી છો તે માટે નમસ્કાર સિવાય બીજો શું બદલો વાળીએ ? ઠીક ! એવું બધું લખે છે.

**'દશાનું ટૂંકું વર્ણન વાંચીને, આપને ઉત્તર લખાયા ન હોય તે માટે ક્ષમા આપવાની વિજ્ઞાપના કરું છું.'** આવું અમારી દશાનું વર્ણન વાંચીને તમને કોઈ કોઈ પત્રમાં ઉત્તર ન લખાણો હોય તો ક્ષમા આપજો એવી વિજ્ઞાપના કરું છું. એવી વિનંતી કરું છું કે ક્ષમા આપી દેજો. ક્ષમાને યોગ્ય છું અને ક્ષમા આપી દેજો. પછી એક પેરેગ્રાફ રહ્યો છે એ કાલના સ્વાધ્યાયમાં લઈશું. પછી બધા પત્રો એમના ઉપર જ છે. ૨૫૬, ૨૫૭ બધા એમના ઉપરના જ પત્રો છે. ૨૫૮, ૨૫૯, ૨૬૦ સુધી એમના ઉપર છે. અહીં સુધી રાખીએ.

**સ્વભાવનો ભાવમાં આવિર્ભાવ કરવાની રીત અંગે સ્વ. શ્રી દિપચંદજીના નિમ્ન વચનામૃતો ('અનુભવ પ્રકાશ'માં) અત્યંત પ્રયોગ પદ્ધતિને પ્રકાશે છે.**

**૧. "જ્ઞાનનો પ્રત્યક્ષ રસ ભાવમાં વેદવો તે અનુભવ છે."**

**૨. "પોતાના પરમેશ્વરપદનું દૂર અવલોકન ન કર, પોતાને જ પ્રભુ સ્થાપ."**

**૩. "ગુપ્ત ચૈતન્ય શક્તિને વ્યક્તપણે ભાવવાથી તે વ્યક્ત થાય છે."**

**(૧) આત્મસ્વરૂપ સહજ પ્રત્યક્ષ જ્ઞાન સ્વરૂપ છે. જ્ઞાન લક્ષણમાં પણ તે સદૃશ પ્રત્યક્ષપણું પ્રગટ છે. જે અનુભવરૂપ છે. નિજરસથી / ભાવનાથી તેનું વેદવું તે અનુભવ છે.**

**(૨) પોતાના પરમેશ્વરપદનું દૂરપણું ભાવમાં ન રાખવું પરંતુ સમીપતાથી ભાવતાં અર્થાત્ સહજપદની પ્રત્યક્ષતાને મુખ્ય કરી સ્વરૂપે અવલોકતાં, આત્મવીર્યની સ્ફૂરણા તેજ થાય છે - ઉગ્ર થાય છે ને પરોક્ષપણાનો વિલય થઈ સ્વરૂપનો સાક્ષાત્કાર સધાય છે.**

**(૩) ગુપ્ત અર્થાત્ શક્તિરૂપ ચૈતન્ય સ્વભાવને, શુદ્ધ પરિણમન સ્વભાવપણે જોતાં / ભાવતાં શક્તિનું વ્યક્ત શુદ્ધ પરિણમન થવા લાગે છે. - પરિણમનની શુદ્ધતાનું આ વિજ્ઞાન છે. સ્વભાવની મહત્તામાં અન્ય સર્વ જગત સહજ ગૌણ છે. ગૌણ કરવાની કૃત્રિમતા ત્યાં કરવી પડતી નથી.** **('અનુભવ સંજીવની' - ૧૪૧)**

## તા. ૧-૧૦-૧૯૯૮, પ્રવચન નં. ૭૨૮
## પત્રાંક – ૨૫૫,૨૫૬,૨૫૭

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત. પત્રાંક ૨૫૫ મો ચાલે છે. પાનું ૨૯૧. પત્રનો છેલ્લો પેરેગ્રાફ છે.

**'પ્રભુની પરમ કૃપા છે.'** શું લખે છે ? **'પ્રભુની પરમ કૃપા છે.'** એટલે અમારા આત્માની અમારા પરિણમન ઉપર કૃપા છે. એમ એનો અર્થ છે. 'સોભાગભાઈ'ને એમની ભાષામાં લખે છે. અમને જે આત્મશાંતિ વર્તે છે એ અમારા શાંતસ્વરૂપને કારણે વર્તે છે. શાંત સ્વરૂપના અવલંબને વર્તે છે એ પ્રભુની પરમ કૃપા છે.

**'અમને કોઈથી ભિન્ન ભાવ રહ્યો નથી;...'** જગતના કોઈપણ આત્મા પ્રત્યે ભિન્નભાવ એટલે પારકાપણું કે આ પારકા છે આપણે શું ? ભિન્નભાવનો અર્થ પારકાપણું પણ થાય છે. અથવા કોઈના પ્રત્યે દ્વેષભાવ પણ નથી. કેમકે પેલા મુનિને વિષે વાત ચાલી છે ને ! એટલે એના અનુસંધાનમાં લખે છે કે **'મુનિ વિષે અમને કોઈ હલકો વિચાર નથી;...'** એટલે અમને કોઈ Prejudiced mind મુનિ માટે નથી. એમના માટે એમ લખ્યું કે એ યોગ્ય જીવ નથી. એમ લખ્યું ને ? અથવા યોગ્ય છે એમ જાણતા નથી. એટલે યોગ્ય નથી. તો અમને કોઈ એવો Prejudice છે એમ નથી.

**'મુનિ વિષે અમને કોઈ હલકો વિચાર નથી; પણ હરિની પ્રાપ્તિ ન થાય એવી પ્રવૃત્તિમાં તેઓ પડ્યા છે.'** કાંઈક વિરોધમાં ચાલતા હશે, પ્રવૃત્તિ કરતા હશે એટલે એ પ્રવૃત્તિ એમના આત્માને નુકસાનકારક છે એમ કહેવું છે. એટલે હરિની પ્રાપ્તિ એટલે એમને આત્માની પ્રાપ્તિ ન થાય એવી પ્રવૃત્તિમાં એ પડ્યા છે.

મુમુક્ષુ :– હાલમાં યોગ્ય નથી....

પૂજ્ય ભાઈશ્રી :– હા. હાલમાં યોગ્ય નથી એટલે વર્તમાનમાં યોગ્ય નથી. પણ હંમેશના માટે યોગ્ય નહીં થાય એમ નથી. એમ એનો અર્થ નીકળે છે. એટલે વર્તમાન સ્થિતિ પૂરતી વાત કરી. કોઈપણ જીવ ગમે ત્યારે પલટો મારી શકે છે. અને ભગવાન 'મહાવીર સ્વામી'નું દૃષ્ટાંત તો બહુ મોટું ઇતિહાસમાં છે. ક્યાં 'મરીચિ કુમાર'ના ભવમાં ભગવાન 'ઋષભદેવ'ના કટ્ટર વિરોધી અને ક્યાં એ અંતિમ તીર્થાધિનાથ ! પોતાના દાદાજી અને તીર્થંકરદેવ વીતરાગ સર્વજ્ઞ પરમાત્મા, એક સમયમાં એના કટ્ટર વિરોધી હતા. એક સમયમાં એ જૈનશાસનના નાયક હતા, એમનાથી જીવો કેવળજ્ઞાન પામ્યા. એમના નિમિત્તે બીજા જીવો કેવળજ્ઞાન (પામ્યા), પોતે તો કેવળજ્ઞાન પામ્યા એમ નહિ, એમના નીમિત્તે બીજા જીવો પણ કેવળજ્ઞાન પામ્યા. આટલો મોટો તફાવત, આટલો મોટો ફેરફાર પર્યાયમાં થઈ શકે છે, થઈ શકવા યોગ્ય છે અને એને માટે હંમેશાં અભિપ્રાય ખુલ્લો રાખવો જોઈએ. ન ખુલ્લો રાખે તો પોતાને નુકસાન થાય. બીજું કાંઈ નથી. સામાને તો જે કાંઈ થવાનું છે એના યોગ્યતા-અયોગ્યતા પ્રમાણે પરિણમન થવાનું છે. નુકસાન તો પોતાને થાય છે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– હાં, યથાર્થ સમજપૂર્વક સહજ હોના ચાહિયે. સમજણની જે યથાર્થતા છે કે સ્વરૂપે તો પરમાત્મા છે એમાં તો કાંઈ બીજી વાત નથી અને મુખ્ય વાત તો એ છે. હવે જે ગૌણપણે અવસ્થાનો દોષ છે એ વર્તમાન પૂરતો છે. દોષ છે એ વર્તમાન અવસ્થાનો છે અને વર્તમાન પૂરતો છે. અવસ્થા પલટનહાર છે. પલટામાં પલટો મારે છે અને ક્યારે પણ કોઈ અવસ્થા સવળી થઈ શકે છે. અવળીમાંથી સવળી થઈ શકે છે. એટલે દોષિત અવસ્થાનો દોષનો ભલે નિષેધ થાય પણ આખા આત્માનો નિષેધ ન કરી શકાય. નહિતર એક અવસ્થા પૂરતો આખો આત્મા માની લીધો એમ થઈ ગયું. અને તે મોટો દોષ છે. એમ છે.

શું કહે છે ? **'મુનિ વિષે અમને કોઈ હલકો વિચાર નથી; પણ હરિની પ્રાપ્તિ ન થાય એવી પ્રવૃત્તિમાં તેઓ પડ્યા છે. એકલું બીજજ્ઞાન જ તેમનું કલ્યાણ કરે એવી એમની અને બીજા ઘણા મુમુક્ષુઓની દશા નથી.'** બીજજ્ઞાન એટલે પાયાનું જ્ઞાન, ઉપદેશ કોઈ હોય એટલે એનાથી ઉપદેશ, ખાલી ઉપદેશ વચનો અને ઉપદેશબોધ એનાથી કોઈ કલ્યાણ થઈ જાય એમ બનતું નથી. ઉપદેશબોધ તો તમામ સંપ્રદાયમાં

છે. જે મોટા મુખ્ય સંપ્રદાયો ચાલે છે એમાં બધે ઉપદેશબોધ તો છે. અને એને બધા પાયાનું જ્ઞાન ગણે છે કે, ઉપદેશ તો બરાબર હોવો જોઈએ. પણ એનાથી કલ્યાણ નથી થઈ જતું.

બધા ઇચ્છે છે કે અવગુણ ન હોવા જોઈએ ને ગુણ હોવા જોઈએ. પાપ ન કરાય અને પુણ્ય કરાય એટલું તો સામાન્ય રીતે બધા સંપ્રદાયમાં છે, પણ એથી આત્માનું કલ્યાણ નથી થઈ જતું. વાત સારી છે અને ખરાબ નથી એટલું, પણ એ પૂરતી નથી. ભલે એ વાત સારી હોય તોપણ તે હજી અપૂરતી છે, પૂરતી નથી એમ કહેવું છે. કેમકે એ ઉપદેશમાં સ્થિર રહેવા માટે સિદ્ધાંતજ્ઞાન જોઈએ. એ કહેશે.

**'સિદ્ધાંતજ્ઞાન' સાથે જોઈએ,'** શું કહે છે ? વસ્તુના સ્વરૂપને અવલંબીને બોધ પ્રાપ્ત થવો જોઈએ. અથવા બોધ વસ્તુ સ્વરૂપ અનુસારી હોવો જોઈએ. તો એ બોધમાં ટકી શકાય. નહિતર ન ટકી શકાય. મારે ક્રોધ કરવો નથી ચાલો, આ તો બધા સમજે છે. કેમકે એનું નુકસાન સમજાય છે, આકુળતા સમજાય છે. ક્રોધિત અવસ્થામાં કાંઈ પણ નિર્ણય લેવો હોય તો Balance નથી રહેતું. બરાબર છે ? આ તો બધાને બુદ્ધિથી સમજાય એવો વિષય છે કે કોઈ બરાબર નિર્ણય લેવો હોય તો શાંત ચિત્તે નિર્ણય લેવાવો જોઈએ. ઉતાવળું નહીં થવું જોઈએ એ રીતે. કોના આધારે અને કોના અવલંબને ક્રોધ ન થાય ? આ મહત્ત્વનો વિષય છે. ક્રોધ ન કરવો જોઈએ, ન હોવો જોઈએ, ન થવો જોઈએ તે વાત બરાબર હોવા છતાં પણ અધૂરી છે. કોના અવલંબને એ ન થવો જોઈએ ? એ મુખ્ય વાત છે. અને એ રીતે એનો ખરો ઉપાય થાય છે, બીજી રીતે એનો ખરો ઉપાય નથી થતો એમ વાત છે.

**'એકલું બીજજ્ઞાન જ તેમનું કલ્યાણ કરે એવી એમની અને બીજા ઘણા મુમુક્ષુઓની દશા નથી. 'સિદ્ધાંતજ્ઞાન' સાથે જોઈએ, એ 'સિદ્ધાંતજ્ઞાન' અમારા હ્રદયને વિષે આવરિતરૂપે પડ્યું છે.'** એ સિદ્ધાંત અમારા હ્રદયને વિષે છે. હ્રદયને વિષે પ્રગટ છે પણ બહારમાં નથી કહેતા માટે આવરિતરૂપે છે. એ સિદ્ધાંતની પ્રરૂપણા અમે નથી કરતા એટલે આવરિતરૂપે છે, એમ. **'હરિઈચ્છા જો પ્રગટ થવા દેવાની હશે તો થશે.'** એટલે કુદરતી રીતે બહાર આવવાનું હશે ત્યારે આવશે.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– નહિ, એમાં શું છે કે પોતે પણ ઉપદેશક તરીકે, અત્યારે

ઉપદેશકની જગ્યાએ બેસવા માગતા નથી. એટલે અમારી એવી દશા વિશેષ થઈ જાય. સર્વસંગપરિત્યાગ કરીને મુનિદશામાં આવીએ, એમના અભિપ્રાયમાં એ વાત છે, ત્યારે ઉપદેશક તરીકે અમારે કાર્ય થવું હોય તો થાય. તે પણ અત્યારથી Planning નથી કે મુનિ થઈને ઉપદેશ કરશું. છે ગુરુપદ એ. છતાં પણ મુનિ થઈને ઉપદેશ કરશું એ અત્યારથી Planning નથી. એ વાત એમણે ૭૦૮ પત્રમાં કરી છે. એ પણ ત્યારે ઉદય આવશે એ પ્રકારનો અને ઉદય હશે તો થાશે, થવું હશે તો થાશે. એટલે હરિઈચ્છા ઉપર રાખ્યું એમણે. અત્યારથી એ કોઈ વાત નથી.

**'અમારો દેશ હરિ છે,...'** હરિ એટલે આત્મા હવે લઈ લેવો. **'અમારો દેશ હરિ છે, જાત હરિ છે, કાળ હરિ છે, દેહ હરિ છે, રૂપ હરિ છે, નામ હરિ છે, દિશા હરિ છે, સર્વ હરિ છે,...'** સર્વસ્વપણે આત્મા સિવાય હવે અમારે કાંઈ નથી. **'અને તેમ છતાં આમ વહીવટમાં છીએ,...'** આવી રીતે આત્મામયપણું હોવા છતાં પણ બહારમાં **'વહીવટમાં છીએ, એ એની ઇચ્છાનું કારણ છે.'** એ પણ હરિ ઇચ્છાનું કારણ છે. એ પણ પ્રારબ્ધ પ્રમાણે ચાલીએ છીએ. પરેચ્છાથી ચાલીએ છીએ. અહીંયાં હરિઇચ્છા એટલે પ્રારબ્ધ. બસ ! પૂર્વનો ઉદય. ઉદય પ્રમાણે વહીવટમાં છીએ. ઇચ્છા નથી, કોઈ આકાંક્ષા નથી, કોઈ અભિલાષા નથી, કોઈ ભવિષ્યનો વિચાર નથી.

**'ૐ શાંતિઃ શાંતિઃ શાંતિઃ.'** એ રીતે અહીંયાં ૨૫૫મો પત્ર સમાપ્ત થાય છે. ત્યાર પછી ૨૫૬મો 'સોભાગભાઈ' ઉપરનો પત્ર છે.

**પત્રાંક - ૨૫૬**

**મુંબઈ, અષાડ વદ ૨, ૧૯૪૭**

**'અથાગ પ્રેમે તમને નમસ્કાર'**

**બે પત્ર વિસ્તારથી લખેલાં એવા આપના તરફથી મલ્યાં; આટલો પરિશ્રમ લો છો, એ અમારા ઉપરની આપની કૃપા છે.**

**એમાં જે જે પ્રશ્નોનો ઉત્તર ઇચ્છ્યો છે, તે સમાગમે જરૂર આપશું.**

**જીવના વધવા-ઘટવા વિષયે, એક આત્મા વિષયે, અનંત આત્મા વિષયે, મોક્ષ વિષયે, મોક્ષના અનંત સુખ વિષયે તમને સર્વ પ્રકારે નિર્ણય સમાગમે આ વેળા આપવા ધાર્યું છે. કારણ કે એ માટે અમને હરિની કૃપા થઈ છે; પણ તે માત્ર તમને જણાવવા માટે; બીજા માટે પ્રેરણા કરી નથી.**

પત્રના મથાળામાં એમણે 'સોભાગભાઈ'ને જ નમસ્કાર કર્યા છે. **'અથાગ પ્રેમે તમને નમસ્કાર'** ઠીક ! કેટલા પ્રેમે ? અથાગ પ્રેમે. એમ કહે છે કે, અમને તમારા પ્રત્યે જે પ્રેમ છે એની અમારે હદ નથી. થાગ એટલે ? અથાગ એટલે હદ નહિ, એમ. નીચે તળિયું નહિ. Bottomless – અનહદ. એટલો 'સોભાગભાઈ' ઉપર એમનો પ્રેમ છે. અને પ્રેમ છે એમ નહિ. નમસ્કાર કરે છે. અહમ્‌ભાવ જરાય ખરો ? (કે) હું જ્ઞાની છું. અત્યારે તો વાત વાતમાં લોકો ગુરુ થઈ જાય. ઉપદેશ આપવા માંડે. અને અહમ્‌ભાવનો તો પાર ન હોય. આ તો આટલી બધી અધ્યાત્મદશા (વર્તે છે), ૨૫૫માં પોતાની કેવી અધ્યાત્મ દશા બતાવી છે ! અહંકારનું જાણે નામનિશાન નથી.

જેને પોતે જ્ઞાન પમાડવા ઇચ્છે છે એને નમસ્કાર કરતા જાય છે અને એમાં એમનો પોતાનો લાભ છે પાછો. એમને પોતાને એમના નિમિત્તે આત્મભાવ આવિર્ભૂત થતો હતો. આમાં શું છે ગુરુ-શિષ્ય તો કલ્પનામાત્ર જ છે. ખરા ગુરુ હોય ને એ કોઈ દિવસ ગુરુપણું કરે નહિ અને ગુરુપણું કરે તો એ ખરા ગુરુ નહિ. અમે તમારા ગુરુ છીએ અને તમે અમારા શિષ્ય છો માટે તમારે આમ કરવું. એ બધી ગડબડવાળી વાત છે. જ્ઞાની બીજાના ગુરુ હોય તોપણ માનતા નથી. ઠીક ! વ્યવહાર સંબંધે હોય તોપણ માનતા નથી. એ પણ આત્મા છે અને હું પણ આત્મા છું.

બીજી એક એમાં પારમાર્થિક દૃષ્ટિકોણની વાત એવી છે કે શ્રોતા-વક્તાનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ બને છે. ગુરુ હોય એ વક્તા હોય, શિષ્ય હોય એ શ્રોતા થાય છે. બરાબર છે ? છે તો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ. હવે શ્રોતાને વક્તવ્ય સાંભળીને

આત્મભાવ ઉત્પન્ન થાય ત્યારે શ્રોતા ઉપકાર માનીને પોતાના ગુરુને નમસ્કાર કરે. અ..હો...! મને આત્મા સંભળાવ્યો. આવો આત્મા કોણ સંભળાવે ? આવી રીતે આવા ભાવથી આત્મા કોણ સંભળાવે ? મને જેનાથી આમ અંદરથી આત્મભાવ આવવા માંડ્યો. એટલે એને બહુ ઉપકાર બુદ્ધિ થઈ જાય, નમસ્કારાદિ પણ કરે. ત્યારે વક્તાને (શું થાય છે) ? વક્તાને શ્રોતાના નિમિત્તે આત્મભાવ આવિર્ભાવ થતો હોવાથી... ઠીક ! નિમિત્ત એટલે ઉપકારી અને ઉપકારી એટલે નિમિત્ત બીજું શું છે ? શ્રોતાને એમ જ છે ને ! એ નિમિત્ત છેને અને નિમિત્ત છે એટલે ઉપકારી ગણે. તો આ પણ નિમિત્ત છે અને નિમિત્ત એટલે ઉપકારી, બસ ! જેમ શ્રોતા વક્તાને નમસ્કાર કરે એમ વક્તા શ્રોતાને નમસ્કાર કરે એમાં ખોટું શું છે ? એ તો યથાર્થ જ છે. ઠીક ! કરે છે, જુઓ !

મુમુક્ષુ :- આ તો ભાવ નમસ્કાર છે, દ્રવ્ય નમસ્કાર...

પૂજ્ય ભાઈશ્રી :- જરૂર શું પણ ? ભાવની જ જરૂર છે ને. દ્રવ્ય નમસ્કાર તો ખોટા પણ થાય. ભાવ નમસ્કાર જ સાચા નમસ્કાર છે ને. સાચા નમસ્કાર ક્યા ? ભાવ કે દ્રવ્ય ? દ્રવ્ય તો પુદ્ગલ છે. આત્મા છે એ ? એ દ્રવ્ય નમસ્કાર કરે એ તો દ્રવ્ય તો પુદ્ગલ છે એ ક્યાં આત્મા છે ? ભાવ તો આત્મા છે. સાચા તો આત્માએ નમસ્કાર કર્યા ને ? એમા શું ?

'ગુરુદેવે' 'સોગાનીજી'ને નમસ્કાર કર્યા કે ન કર્યા ? આ તો આપણે પ્રત્યક્ષ થયેલી વાત છે. કોઈ સાંભળેલી વાત નથી, પ્રત્યક્ષ થયેલી વાત છે. કો'કના મોઢે સાંભળેલી વાત હોય તો ફેરફાર હોય કાંઈ. આપણી સામે, આ તો મારી જ સામે મને જ વાત કરેલી છે. એ તો યુગપુરુષ જેવા યુગપુરુષ હતા. પણ જ્ઞાનીને અહંમભાવ એવો હોતો નથી કે આ મારા શિષ્ય છે તેથી (હું) એને નમસ્કાર કરીશ તો બીજાને શું લાગશે ? બીજાને શું લાગશે એ વાત તો પહેલેથી ચોકડી મુકાઈ ગઈ છે. લોકસંજ્ઞા તો મુમુક્ષુની ભૂમિકામાં છોડી છે કે લોકોને શું લાગશે ? કરે છે. પોતાને ભાવ આવ્યો છુપાવતા નથી. ભાવ આવ્યો એટલે છુપાવતા નથી અને બોલ્યા અને લખ્યું તો એ દ્રવ્ય નમસ્કાર થયા કે ન થયા ?

મુમુક્ષુ :- થયા. ભાવ થયો ત્યારે થયા.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ. બોલ્યા એ પુદ્ગલની પર્યાય થઈ કે નહિ ? અને લખ્યા

એ પુદ્‌ગલની પર્યાય થઈ કે નહિ ? તો એ દ્રવ્ય નમસ્કાર ન થયા ? થયા કે ન થયા ? કે આમ માથું નમાવે અને પગમાં પડે તો જ કહેવાય ?

મુમુક્ષુ :– ભાવરૂપે દ્રવ્ય નમસ્કાર ...

પૂજ્ય ભાઈશ્રી :– થયા કે ન થયા ?

મુમુક્ષુ :– શ્રોતાને દ્રવ્ય કે ભાવ નમસ્કારની અપેક્ષા થોડી હોય ?

પૂજ્ય ભાઈશ્રી :– ન તો શ્રોતાને હોવી જોઈએ કે ન તો વક્તાને હોવી જોઈએ. શ્રોતાને તો ન હોવી જોઈએ એ તો સ્વાભાવિક છે પણ વક્તાને ન હોવી જોઈએ.

મુમુક્ષુ :– ભાઈશ્રી ! શ્રોતામાં પાત્ર જીવ હોય તો જ્ઞાનીને (ભાવ) થાય ને !

પૂજ્ય ભાઈશ્રી :– એ તો યોગ્યતાને જ નમે છે ને. એમાં ક્યાં સવાલ છે. યોગ્યતાને (નમે છે). પાત્ર જીવ હોય છે, બહુ સુપાત્ર જીવ હોય છે. 'સોભાગભાઈ' તો ઘણા પાત્ર જીવ હતા તો એ ભાવી જ્ઞાની હતા. તો નૈગમનયે પણ એને નમસ્કાર કરી શકાય કે ન કરી શકાય ? જ્ઞાની તરીકે પણ કરી શકાય. નહિતર વળી વિદ્વાન લોકો વાંધો પાડે કે અજ્ઞાનીને નમસ્કાર ન હોય. જ્ઞાનીને જ હોય માટે હજી અજ્ઞાની છે ત્યાં સુધી ન કરવા જોઈએ.

'સોગાનીજી' જ્ઞાની થઈ ગયા હતા. આ તો 'સોભાગભાઈ'ની વાત લઈએ. કે 'કૃપાળુદેવ'ની ભૂલ કાઢે કદાચ. કાઢે છે લોકો. ભાવી નૈગમનયથી નમસ્કાર કરી શકાય છે. એવું છે. એમાં ઘણા દૃષ્ટિકોણ છે. એમને પોતાને આત્મભાવનો આવિર્ભાવ થાય છે. બસ ! એમને એથી બીજું શું જોઈએ ? કદાચ એમના ગુરુના નિમિત્તે આત્મભાવ આવિર્ભાવ થાત. આ શિષ્યના નિમિત્તે થયો. હવે ગુરુ-શિષ્યપણું શું જોવું. આપણને તો જે થયું તે થયું.

મુમુક્ષુ:– ગણધરદેવ આવ્યા પછી વાણી છૂટી.

પૂજ્ય ભાઈશ્રી :– હા. ગણધરદેવ આવ્યા પછી વાણી છૂટી. તીર્થંકર પણ ઊભા રહી ગયા હતા. રહી ગયા હતા કે નહિ ? પાત્રતાનો એટલો આદર છે. સર્વજ્ઞ પણ પાત્રતાનો એટલો આદર કરે છે, વીતરાગ હોવા છતાં ! બોલો ! છે કે નહિ ઇતિહાસ ? દુકાને વેપારી બેઠો હોય અને ઘરાક આવે, (કહે કે), મારે માલ લેવો છે તમારા ભાવ મને મંજૂર છે. પેલાને અંદર ખબર પડી ગઈ કે મારો ભાવ મંજૂર હોય તો મને તો બહુ સારો નફો આ ભાવે છે. આ ભાવે મને બહુ સારો નફો છે. મારી બાર

આનાની ચીજ બાર રૂપિયે ખપે છે. (પેલો) કહે, મારે બહુ મોટા પ્રમાણમાં તમારો માલ લેવો છે. આ ભાવથી તમે વેંચતા હોય તો બહુ મોટા પ્રમાણમાં લેવો છે. પછી એને પૂછે ખરો કે તું ઢેઢ છો ? ભંગી છો ? ચમાર છો ? તું ક્યો છો ? પૈસા કેવી રીતે કમાઈને લાવ્યો છો ? ક્યો ધંધો કરીને તેં પૈસા મેળવ્યા ? કાંઈ Inquiry કરે છે ? કેમ ? શું કરવા નથી પૂછતો ? તું પ્રમાણિકપણે લાવ્યો છો કે ચોરી કરીને લાવ્યો છો ? કાંઈ પૂછે છે ? તારી પાસે કાળાબજારના છે કે ધોળા બજારના છે ? કાંઈ પૂછે છે ? શું કરવા (નથી પૂછતો) ? પોતાને નફો થાય છે એટલે. એમ આ જેનાથી નફો થાય એમાં પૂછવાનું શું કે ગુરુ છે કે શિષ્ય છે ઇ શું પૂછવાનું ? આપણે કામથી કામ છે. આપણે પૂછવાનો સવાલ ક્યાં છે કે ઇ ગુરુ છે કે શિષ્ય છે ? એ આત્મા છે અને એવો યોગ્યતાવાન છે કે જેથી પોતાનો ભાવ આવિર્ભાવ થાય છે. આત્મભાવ આવિર્ભાવ થાય છે. આપણે બીજું પૂછવાની પડપૂછ કરવાની જરૂર ક્યાં ઊભી થાય છે ઇ કહો ને ? જેમ ત્યાં કોઈ પૂછતું નથી એ બરાબર છે, એમ અહીંયાં બરાબર જ છે. પોતાને આત્મભાવ થતો હોય તો ગુરુ-શિષ્યની કલ્પના કરવાની જરૂર શું ?

મુમુક્ષુ :– સોભાગભાઈ...

પૂજ્ય ભાઈશ્રી :– એમને વધારે પ્રેમ આવતો હશે. કારણ કે એ તો One-way ટ્રાફિક તો છે નહિ. એ તો અરસપરસની લાગણી છે.

**‘બે પત્ર વિસ્તારથી લખેલા એવાં આપના તરફથી મળ્યા;...’** જુઓ ! બે કાગળ એકસાથે મળ્યા છે. **‘આટલો પરિશ્રમ લો છો, એ અમારા ઉપરની આપની કૃપા છે.’** ઠીક ! ‘સોભાગભાઈ’ના પત્રો આવે (તો) એમનો પ્રેમ વધી જતો હતો, એમનો પ્રેમ વધી જતો હતો. એ કૃપા છે. એમને કૃપા ગણે છે, ઉપકારી ગણે છે.

આપણે બધા પત્રો આવશે જ. છે ને થોડાઘણા છે ને ? ક્યારથી કેટલામા પત્રથી શરૂ થાય છે ? ૩૫૦ આસપાસથી શરૂ થાય છે. અહીંયાં ૩૫૦ આસપાસ આવશે પછી આપણે બન્ને સાથે સાથે લેશું. ‘સોભાગભાઈ’ શું લખે છે અને (કૃપાળુદેવ) જવાબ શું દે છે. બન્ને સાથે સાથે લેશું. એટલે આપણને થોડો વધારે ખ્યાલ આવશે. આમાં તો શું ખબર પડે આપણને ? પણ આપણે અનુમાન કરી શકીએ કે બહુ સારું લખતા હશે કે જેથી એમને આવા શબ્દો (વાપર્યા છે). કોઈ અતિશયોક્તિથી કોઈ વાત જ્ઞાની કરતા નથી. એમનું જેવું પરિણમન હોય એવું જ બહાર મૂકે, જેવું

પરિણમન હોય એવું જ બહાર મૂકે. કેમકે પ્રમાણજ્ઞાન છે. પ્રમાણજ્ઞાન છે એટલે જ્ઞાનમાં માપ આવે છે અને માપ આવે એ પ્રમાણે જ કહે. બીજું ન કહે.

**'એમાં જે જે પ્રશ્નોનો ઉત્તર ઇચ્છ્યો છે,...'** કેટલાક આધ્યાત્મિક અથવા પારમાર્થિક પ્રશ્નો છેડતા હશે. **'એમાં જે જે પ્રશ્નોનો ઉત્તર ઇચ્છ્યો છે, તે સમાગમે જરૂર આપશું. જીવના વધવા-ઘટવા વિષયે, એક આત્મા વિષયે, અનંત આત્મા વિષયે, મોક્ષ વિષયે, મોક્ષના અનંત સુખ વિષયે તમને સર્વ પ્રકારે નિર્ણય સમાગમે આ વેળા આપવા ધાર્યું છે.'** એટલા પ્રશ્નો એમણે ઉઠાવ્યા છે. કેમકે અન્યમતમાં તો એક આત્મા અને અનંત આત્મા. ત્યાં વેદાંતમાં એક જ આત્મા છે. એક પરમબ્રહ્મ છે. એક જ ઇશ્વર છે. એક ઈશ્વરના બધા અંશો છે એવી રીતે (આવે છે). એ બધા પ્રશ્નો એમણે ઉઠાવેલા છે. આ જીવ મરે છે, જન્મે છે એમાં મનુષ્ય ઓછા થાય છે. ક્યારેક મનુષ્યો વધી જાય છે. એમાં જીવોની વધ-ઘટ કેવી રીતે થતી હશે ? આ બધા પ્રશ્નો એમણે પૂછ્યા છે. મોક્ષના વિષયમાં મોક્ષનું સ્વરૂપ પૂછ્યું છે. મોક્ષમાં અનંત સુખ છે એ કેવા પ્રકારે છે ? એનું પણ સ્વરૂપ પૂછ્યું છે, પણ એ બધાનો નિશ્ચય-નિર્ણય થાય એવી વાત તમને પ્રત્યક્ષ સમાગમમાં કરશું. આ વેળા એટલે હવે પછી મળવાનું થશે ત્યારે.

**'કારણ કે એ માટે અમને હરિની કૃપા થઈ છે;...'** એટલે અમારો આત્મા છે એ હવે એ વાત માટે તૈયાર થઈ ગયો છે, અંદરથી એ ભાવ આવે છે. આપના ઉપર રાગ છે માટે ભાવ આવે છે એમ નહિ. આત્મામાંથી એ ભાવ આવે છે. એમ કહેવું છે. **'અમને હરિની કૃપા થઈ છે;...'** એટલે અમારો આત્મા અંદરથી બોલે છે એમ કહે છે. આ જીવ હવે પામવો જોઈએ, જરૂર પામવો જોઈએ અને એ પામે એવી જ બધી વાત હવે થવી જોઈએ. એમ આત્મા અંદરથી બોલે છે, એમ કહેવું છે.

પ્રશ્ન :- ઇ રાગનો પ્રકાર છે ?

સમાધાન :- બે પ્રકાર એમાં હોય છે. કોઈ રાગથી પ્રવૃત્તિ કરે છે, કોઈ આત્મભાવથી પ્રવૃત્તિ કરે છે. એમાં એમણે અહીંયાં આત્મભાવ પ્રદર્શિત કર્યો છે. એમ વાત છે. કેવળ રાગથી વાત નથી. જો કે એમને જે પ્રેમ શબ્દ વાપરે છે એનું કારણ જ એ છે કે રાગ છે એ ખસે ત્યારે દ્વેષ આવે. અને પ્રેમ ખસે નહિ, પ્રેમ ક્યારેય ખસે નહિ. ખસે તો એ પ્રેમ હતો જ નહિ, એમ છે. ઉત્પન્ન થાય ત્યારથી

એનો સ્વભાવ વૃદ્ધિગત થવાનો છે. જ્યારથી એ જન્મ પામે ત્યારથી એ વૃદ્ધિગત થાય એવો જ એનો સ્વભાવ છે. કેમકે એ આત્માનો ગુણ છે અને આત્મામાંથી ઉત્પન્ન થાય છે.

**'એ માટે અમને હરિની કૃપા થઈ છે; પણ તે માત્ર તમને જણાવવા માટે; બીજા માટે પ્રેરણા કરી નથી.'** કોઈ બીજા માટે આ વાત નથી. આ તમારા પૂરતી વાત છે અને કોઈને બીજાને જણાવવાની પણ આમાં જરૂર નથી. એટલું એમણે એક પોસ્ટકાર્ડમાં સંક્ષેપમાં લખ્યું છે. ત્યારપછી ૨૫૭મો પત્ર પણ 'સોભાગભાઈ' ઉપરનો જ છે.

**પત્રાંક - ૨૫૭**

**મુંબઈ, અષાડ વદ ૪, ૧૯૪૭**

**અત્રે ઈશ્વરકૃપાથી આનંદ છે. આપનું પત્ર ઇચ્છું છું.**

**ઘણુંય લખવું સૂઝે છે, પણ લખી શકાતું નથી. તેમાં પણ એક કારણ સમાગમ થયા પછી લખવાનું રહે છે. અને સમાગમ પછી લખ્યા જેવો તો માત્ર પ્રેમ-સ્નેહ રહેશે,લખવું પણ વારંવાર મુઝાવાથી સૂઝે છે. બહુ જ ધારાઓ ચાલતી જોઈ, કોઈ કંઈ પેટ દેવા જોગ મળે તો બહુ સારું, એમ લાગી જવાથી, કોઈ ન મળતાં આપને લખવા ઇચ્છા થાય છે. પણ તેમાં ઉપર જણાવ્યા કારણને લીધે પ્રવૃત્તિ થતી નથી.**

**જીવ સ્વભાવે (પોતાની સમજણની ભૂલે) દોષિત છે; ત્યાં પછી તેના દોષ ભણી જોવું, એ અનુકંપાનો ત્યાગ કરવા જેવું થાય છે, અને મોટા પુરુષો તેમ આચરવા ઇચ્છતા નથી. કળિયુગમાં અસત્સંગથી અને અણસમજણથી ભૂલભરેલે રસ્તે ન દોરાય એમ બનવું બહુ મુશ્કેલ છે; આ વાતનો ખુલાસો પછી થશે.**

**'અત્રે ઈશ્વરકૃપાથી આનંદ છે. આપનું પત્ર ઇચ્છું છું.'** હંમેશાં એમના પત્રની અપેક્ષા રાખી છે. **'ઘણુંય લખવું સૂઝે છે, પણ લખી શકાતું નથી.'** પોતે પાછો બે દિવસમાં જ કાગળ લખ્યો છે. અષાડ વદ બીજે ઉપરનું પોસ્ટકાર્ડ લખ્યું છે. અષાડ વદ ચોથે હવે પાછું બીજું પોસ્ટકાર્ડ લખે છે.

**'ઘણુંય લખવું સૂઝે છે, પણ લખી શકાતું નથી. તેમાં પણ એક કારણ સમાગમ થયા પછી લખવાનું રહે છે.'** કેટલીક રૂબરૂ વાત થઈ જાય પછી લખીએ તો તમને એનો આખો Idea, આખું Background તમને સમજાય કે અમે શું લખવા માગીએ છીએ ? કેમકે લખવામાં વાત પૂરી ન આવે. એટલે નથી લખાતું એનું કારણ એ પણ છે કે **'સમાગમ થયા પછી લખવાનું રહે છે. અને સમાગમ પછી લખ્યા જેવો તો માત્ર પ્રેમ–સ્નેહ રહેશે, લખવું પણ વારંવાર મુઝાવાથી સૂઝે છે.'** શું કહે છે ? કે સમાગમ થયા પછી તો બધા ખુલાસા થઈ જશે. પછી શું લખવાનું રહેશે ? તો કહે બસ ! તમારા ઉપર પ્રેમ છે ને તમારા ઉપર અમારો બહુ સ્નેહ છે એટલું લખવાનું રહેશે. ઠીક ! એટલે કાગળ લખશું તો અમે તો અમારો પ્રેમ વ્યક્ત કરશું, જાવ ! બાકી તો બધું કહેવું છે એ આ વખતે કહી દેશું. પદ્ધતિ જોઈ એમની ?

જેવો ભાવ આવ્યો છે ને ! એવું લખી નાખ્યું છે. એ બહુ સ્પષ્ટ છે એમના પત્રોમાં. એમને પોતાને નિર્ણય ન થતો હોય તો એમ લખે. આગળ નિવૃત્તિક્ષેત્ર માટે લખે છે કે હાલમાં હજી જ્ઞાનમાં કાંઈ નિર્ણય થતો નથી. નિર્ણય થશે તો જણાવશું. નિર્ણય ન થતો હોય તો નથી થતો એમ લખે. જે પરિણામ ચાલતા હોય ને એ પ્રમાણે Exact લખે. આઘુંપાછું ન લખે.

મુમુક્ષુ :— આમ એમ લખે છે કે અમને કોઈ માટે વિરોધભાવ નથી અને આમ કહે છે કે તમારા માટે જ વાત છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ એટલો ફેર છે. એ અપેક્ષા રાખીને વાત છે. એ અપેક્ષા રાખીને વાત છે. આમ નીતિ વિષયક કેટલીક વાત હોય છે. કેટલીક વાત પરિણમન વિષયક હોય છે. તો જ્યાં સુધી નીતિને લાગેવળગે છે ત્યાં સુધી બધા આત્માઓ સરખા છે. કોઈ મિત્ર નથી, કોઈ દુશ્મન નથી, કોઈ પોતાનું નથી, કોઈ પારકું નથી. એમ હોવા છતાં પણ પાત્રતાવાન જીવોને જોઈને ચિત્ત પ્રસન્ન થાય એવી એમની- જ્ઞાનીની એક સ્વભાવિક સ્થિતિ હોય છે. આ બહુ સ્વભાવિક છે. એનો અર્થ કોઈ

ઓછાઅદકાપણું છે એવું કાંઈ નથી. આ બહુ સ્વભાવિક છે.

**'સમાગમ પછી લખ્યા જેવો તો માત્ર પ્રેમ-સ્નેહ રહેશે, લખવું પણ વારંવાર મુઝાવાથી સૂઝે છે.'** એટલે બહાર નીકળી જાય છે. તમને પત્ર લખીએ છીએ. ન લખાય એવું હોય તોપણ એ મૂંઝવણથી કોઈ વાત બહાર નીકળી જાય એવી રીતે અમારી વાત છે. મૂંઝાવાથી. મૂંઝવણ એટલે પેલી મૂંઝવણ નહિ, અજ્ઞાનની મૂંઝવણની વાત નથી. લખવાની ઇચ્છા-વૃત્તિ થતી નથી પણ (મૂંઝવણ થાય તો) દબાવતા નથી. નીકળી જાય છે.

**'બહુ જ ધારાઓ ચાલતી જોઈ,...'** જુઓને આ લખ્યું પાછું. **'બહુ જ ધારાઓ ચાલતી જોઈ, કોઈ કંઈ પેટ દેવા જોગ મળે તો બહુ સારું, એમ લાગી જવાથી, કોઈ ન મળતાં આપને લખવા ઇચ્છા થાય છે.'** આ ચોખ્ખું લખી નાખ્યું. અંદરમાં બહુ ધારા એટલે ઘણા ભાવો આવે, ઘણા ભાવો આવે છે, ઘણા ભાવો આવે છે. હવે એ બધા ઊંડા ઊંડા જે ભાવો છે એ અમારું પેટ છે. એ પેટ ખોલીને વાત કરવા જેવું અમને કોઈ મળતું નથી. કેમકે એને સમજનાર જોઈએ ને ! અને વાતને ઝીલનાર જોઈએ ને ! વાતને પકડનાર તો જોઈને.

**'કોઈ કંઈ પેટ દેવા જોગ મળે તો બહુ સારું, એમ લાગી જવાથી,...'** એમ લાગે છે અને કોઈ નથી મળતું એ પણ બરાબર છે. **'આપને લખવા ઇચ્છા થાય છે'** એટલે તમે અમારા પેટ દેવા જોગ છો (એટલે) તમને લખી નાખીએ છીએ.

**'પણ તેમાં ઉપર જણાવ્યા કારણને લીધે પ્રવૃત્તિ થતી નથી'** એટલે પ્રત્યક્ષ સમાગમમાં ઘણી વાતો કરવી છે એ કારણને લઈને લખવાની જે પ્રવૃત્તિ થવી જોઈએ એ પ્રવૃત્તિ થતી નથી. **'જીવ સ્વભાવે દોષિત છે;'** સ્વભાવે દોષિત છે એટલે શું ? પ્રકૃતિ સ્વભાવ નથી કહેતા આપણે ? પ્રકૃતિ સ્વભાવ કહીએ છીએ. સહેજે સહેજે દોષ કરી લે છે. પોતાના સ્વરૂપને જાણતો નથી, યથાર્થ જ્ઞાન નથી એટલે સહજ દોષભાવે પરિણમે છે. સ્વભાવે દોષિત છે.

**'ત્યાં પછી તેના દોષ ભણી જોવું, એ અનુકંપાનો ત્યાગ કરવા જેવું થાય છે,...'** એના કે કોઈના, કોઈ વ્યક્તિગત વાત ચાલી હશે. કોઈના દોષ પ્રત્યે જોવું એ તો એ બિચારા અજ્ઞાનપણે દોષ ન કરે તો શું કરે ? જ્યારે જીવ પોતાના સ્વરૂપને ભૂલ્યો હોય ત્યારે અમર્યાદિતપણે દોષ થવાનો સંભવ છે. કોઈ કેવો દોષ કરે ? કોઈ કેવો

દોષ કરે ? કોઈ કેવો દોષ કરે ? થઈ જાય, કરે. હવે એને મુખ્ય કરવો અથવા એના પ્રત્યે દ્વેષ થવો એ યોગ્ય નથી.

ખરેખર તો એ દોષને લઈને એ જીવ દુઃખી થવાનો છે. વર્તમાનમાં પણ એ દોષથી એને આકુળતા છે અને ભવિષ્યમાં પણ એ દોષને લઈને એ દુઃખી થવાનો છે. એનું દુઃખ જોઈને અનુકંપા આવવી જોઈએ. એ અનુકંપા ન આવે ને એના બદલે દ્વેષભાવ થાય તો અનુકંપાનો ત્યાગ થયો કે ન થયો ? એમ કહે છે. એટલે અહીંયાં એ ન્યાય લીધો કે **'જીવ સ્વભાવે દોષિત છે; ત્યાં પછી તેના દોષ ભણી જોવું,...'** એટલે એના દોષને મુખ્ય કરવા **'એ અનુકંપાનો ત્યાગ કરવા જેવું થાય છે,...'** અનુકંપા છોડી દેવા જેવું થયું. ખરેખર તો અનુકંપા થવી જોઈએ. યોગ્ય તો એ છે. **'અને મોટા પુરુષો તેમ આચરવા ઇચ્છતા નથી.'** કોઈના દોષ જોવામાં મોટા પુરુષો આચરતા નથી.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- ગમે તે. ગમે તે કરે નહિ. કોઈ ભલે ને ગમે તે કરે તો એથી એના દુઃખને જોવું કે એના દોષને જોવો ? એમ કહે છે. એ દુઃખી થાય છે. વર્તમાનમાં આકુળિત છે, ભવિષ્યમાં દુઃખી થશે. એના પ્રત્યે અનુકંપા આવવી જોઈએ.

**'કળિયુગમાં અસત્સંગથી અને અણસમજણથી ભૂલભરેલે રસ્તે ન દોરાય એમ બનવું બહુ મુશ્કેલ છે; આ વાતનો ખુલાસો પછી થશે.'** એટલે અત્યારે જે કાળ વર્તી રહ્યો છે એ કાળમાં અસત્સંગ ઘણો છે. અસત્સંગ પણ છે, ક્યાંક ક્યાંક કુસંગ પણ છે. તો જીવ અણસમજણથી અસત્સંગમાં કે કુસંગમાં આવી જાય અને ભૂલભરેલે રસ્તે ન દોરાય એવું બનવું બહુ મુશ્કેલ છે. દોરાય જ જાય એમ કહે છે. એ ભૂલમાં આવી જ જાય. એટલે એ વિષયમાં વધારે ખુલાસો પછીથી અમે કરશું. અત્યારે એ વિશેષ પત્રમાં ખુલાસો કરતા નથી.

મુમુક્ષુ :- સમજણમાં વિવેક રાખવો જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- સંગમાં વિવેક રાખવો. અસત્સંગમાં અરુચિ થવી જોઈએ અને કુસંગને તો બહુ જ દૂરથી નમસ્કાર કરી લેવા જોઈએ. કેમકે એ તો ઝેર કરતા પણ વધારે ખરાબ છે. ઝેર સારું, કુસંગ કરતા ઝેર સારું. કેમકે ઝેર છે એકાદ વખત મારે. કુસંગ તો અનંત જન્મ-મરણ વધારી મૂકે. કોઈ વાત હશે એટલે એમણે પત્રમાં ખુલાસો

નથી કર્યો. પછી ખુલાસો કરીશું એમ લખે છે. એ ૨૫૭મો પત્ર પૂરો થયો.

૨૫૮મો પત્ર પણ 'સોભાગભાઈ' ઉપર છે. અને એમાં એમણે એક કાવ્ય લખીને પછી થોડા વાક્યો લખ્યા છે.

પ્રશ્ન :– સત્‌શાસ્ત્ર સ્વાધ્યાય હો રહા હો વહાઁ પર ભી કુસંગ હો સકતા હૈ ?

સમાધાન :– અગર કોઈ વ્યક્તિગત નિંદા–ગર્હા હોતી હૈ તો. સત્શાસ્ત્રને અનુસરીને વાત થતી હોય તો ત્યાં કુસંગ નથી. ત્યાં કાં તો સત્સંગ છે અને કાં તો અસત્સંગ છે, બેમાંથી એક છે. માત્ર ધારણા જ્ઞાનથી અથવા તો અયથાર્થ પ્રકારે પોતાના વર્તમાન પ્રયોજનભૂત વિષયને છોડીને ભાવના રહિતપણે સત્‌શાસ્ત્રનું વાંચન પણ થતું હોય તો તે સત્સંગ નથી, એમ.

'કૃપાળુદેવે' સત્સંગના પાઠમાં એક બહુ સરસ માર્મિક વાત લખી છે અને એ વાત એમણે એ લખી છે કે 'સત્‌નો જ્યાં રંગ ચડે તે સત્સંગ છે.' એટલે અહીંયાં આપણે પોતાના પરિણમનને તપાસવું કે આ સત્સંગમાં બેસતા મને સત્‌નો રંગ ચડે છે ? આત્મકલ્યાણ થવાની રુચિ કે ભાવના વધે છે ? એવો પ્રકાર બરાબર ચાલે છે ? એમ પોતાના પરિણમનથી નક્કી કરવું. કેમકે પોતે આત્મકલ્યાણનો અને આત્મભાવનાનો ઇચ્છુક છે અને એને અનુસરીને સત્સંગ ચાલતો હોય તો એ ભાવમાં વૃદ્ધિ થયા વિના રહે નહિ.

આત્મરુચિને પોષણ મળે છે ? પુષ્ટિ મળે છે કે નહિ ? એ પોતાને જોવાનું રહે છે અને ત્યાંથી નક્કી કરવાનું રહે છે. સામા જીવની યોગ્યતા-અયોગ્યતા માપવાની બહુ જરૂર નથી. અને એવું માપવા જવાની હજી આપણી યોગ્યતા હોય કે કેમ એ પણ એક સવાલ છે. એટલે એમાં તો ગડબડ (થવાની). એવી રીતે જો નિર્ણય લેવા જાય તો પોતાને એ નિર્ણય ભૂલભરેલો થાય એમ બનવાનો સંભવ છે. પણ આ પ્રકારે જો નિર્ણય લે. કેવી રીતે ? કે પોતાની આત્મરુચિને પોષણ મળે છે કે કેમ ? પોતાની આત્મભાવના વૃદ્ધિગત થાય છે કે નહિ ? પોતાને પાત્રતા વધે છે કે નહિ ? એ રીતે સત્‌નો રંગ ચડે તો તે સત્સંગ છે નહિતર અસત્સંગ છે. સત્સંગનો અભાવ, અસત્સંગ એટલે સત્સંગનો અભાવ. અસત્સંગમાં અરુચિ થવી જોઈએ. શું થવું જોઈએ ? અરુચિ થવી જોઈએ, જો સત્સંગની રુચિવાળો હોય તો. આ એનું માપ છે અને એ રીતે જીવ નિર્ણય કરી શકે છે. નહિતર તો શાસ્ત્ર લઈને ઘણા બેસે

છે. માટે સત્સંગ છે એવું કોઈ જરૂરી નથી. બધી જગ્યાએ એમ હોઈ શકે નહિ.

બહુભાગ તો પ્રયોજનભૂત અને અપ્રયોજનભૂત વિષયની ચર્ચા અને વહેંચણી એ પ્રકારે થતી નથી એટલે પછી ગમે તેમ ચાલતું હોય છે. એ સત્સંગ નથી, એ અસત્સંગ છે – સત્સંગનો અભાવ છે. પછી તો એમણે ઘણી વાત લીધી છે કે જ્યાં સત્પુરુષોના ચારિત્ર ઉપર ચર્ચા થતી હોય, જ્યાં સિદ્ધાંતની સરળતાભાવે ચર્ચા થતી હોય, જ્યાં તત્ત્વજ્ઞાનની લહેરીઓ છૂટતી હોય. ઘણી વાતો એમણે લખી છે. એવો બધો પ્રકાર ચાલતો હોય ત્યાં સહેજે આત્મરુચિ વધે અને સહેજે સહેજે એ સત્સંગ આત્મકલ્યાણમાં નિમિત્ત થાય. બાકી એકદમ પ્રયોજનને પકડીને કે, આકુળતા એ દુઃખ છે માટે દુઃખને સમજો. અનુભવથી દુઃખને સમજો. નિરાકુળતા એ સુખ છે. એ પણ અનુભવનો વિષય છે. એમ એકદમ પ્રયોજનને પકડીને સત્સંગ આખા જગતમાં મળવો બહુ દુર્લભ છે. મળવો એ બહુ દુર્લભ છે, બહુ દુર્લભ ચીજ છે. એવો વિષય છે. એ રીતે પ્રયોજનભૂત ઉપર તો વાત બહુ ભાગ્યે જ ચાલતી હોય છે. અને એવું જો મળતું હોય તો જરૂર આત્મલાભમાં કારણ થાય, થાય ને થાય. એ રીતે અહીંયાં ૨૫૭ (પત્ર) પૂરો થાય છે. ૨૫૮માં બીના નયનનું પદ છે એ કાલના સ્વાધ્યાયમાં લઈશું.

**સમ્યક્જ્ઞાન મહાવિવેક ધારણ કરી, સ્વપર પ્રકાશક પરિણમનમાં, સ્વવિષયમાં અને પર વિષયમાં નીચે પ્રકારે / પ્રમાણે પરિણમે છે :–**

*** સ્વરૂપને અભેદ અનુભવરૂપ, મહામહિમાવંત જાણી સર્વોત્કૃષ્ટ ઉપાદેયપણે-ચૈતન્યરસપણે સ્વ-આશ્રયભાવે સહજ પરિણમે છે.**

*** પર પદાર્થ અને રાગ જ્ઞાનમાં પ્રતિબિંબિત થતાં, ભિન્નપણે, ઉપેક્ષાભાવે, નિર્મૂલ્ય અને નીરસપણે સહજ જણાય છે - પરિણમે છે. તેથી તે પરથી નિવૃત્ત થતું થકું–વિજ્ઞાનઘન થતું જાય છે. આ સમ્યક્જ્ઞાનનું સ્વરૂપ છે.**

**('અનુભવ સંજીવની' - ૧૨૪)**

## પત્રાંક - ૨૫૮

મુંબઈ, અષાડ, ૧૯૪૭

ॐ સત્

[૧]બિના નયન પાવે નહીં, બિના નયનકી બાત;
સેવે સદ્‌ગુરુકે ચરન, સો પાવે સાક્ષાત્. ૧
બૂઝી ચહત જો પ્યાસકો, હૈ બૂઝનકી રીત;
પાવે નહિ ગુરુગમ બિના, એહી અનાદિ સ્થિત. ૨
એહી નહિ હૈ કલ્પના, એહી નહીં વિભંગ;
કઈ નર પંચમકાળમેં, દેખી વસ્તુ અભંગ. ૩
નહિ દે તું ઉપદેશકું, પ્રથમ લેહિ ઉપદેશ;
સબસેં ન્યારા અગમ હૈ, વો જ્ઞાનીકા દેશ. ૪
જપ, તપ ઔર વ્રતાદિ સબ, તહાં લગી ભ્રમરૂપ;
જહાં લગી નહિ સંતકી, પાઈ કૃપા અનૂપ. ૫
પાયાકી એ બાત હૈ, નિજ છંદનકો છોડ;
પિછે લાગ સત્પુરુષકે, તો સબ બંધન તોડ. ૬

તૃષાતુરને પાયાની મહેનત કરજો.

અતૃષાતુરને તૃષાતુર થવાની જિજ્ઞાસા પેદા કરજો. જેને તે પેદા ન થાય તેવું હોય, તેને માટે ઉદાસીન રહેજો.

આપનું કૃપા પત્ર આજે અને ગઈ કાલે મળ્યું હતું. સ્યાદ્વાદની ચોપડી શોધતાં મળતી નથી. થોડાંએક વાક્ય હવે પછી લખી મોકલીશ.

ઉપાધિ એવી છે કે આ કામ થતું નથી. પરમેશ્વરને નહીં પાલવતું હોય ત્યાં શું કરવું ? વિશેષ હવે પછી.

વિ.આ. રાયચંદના પ્ર.

તા. ૨-૧૦-૧૯૯૮, પ્રવચન નં. ૭૨૯
પત્રાંક – ૨૫૮, ૨૫૯

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત આંક ૨૫૮મો. 'સોભાગભાઈ'ને આ અવસરે એક પદ લખ્યું છે અને પછી થોડો પત્ર લખેલો છે.

**બિના નયન પાવે નહીં, બિના નયનકી બાત;**
**સેવે સદ્ગુરુકે ચરન, સો પાવે સાક્ષાત્. ૧.**

બિના નયન એટલે નેત્ર. નયન એટલે આંખ. ચર્મ ચક્ષુનો વિષય નથી. જ્ઞાનચક્ષુનો વિષય છે. ચર્મચક્ષુનો વિષય નથી. ૮૮૩માં એનો ઉલ્લેખ કરીને કર્યો છે પોતે. પત્રાંક ૮૮૩ લ્યો. પાનું ૬૩૬. એમાં મથાળામાં પંક્તિ મૂકી છે.

**'બિના નયન પાવે નહીં, બિના નયનકી બાત;' 'એ વાક્યનો હેતુ મુખ્ય આત્મદૃષ્ટિ પરત્વે છે.'** આ ચર્મચક્ષુની દૃષ્ટિ છે એની વાત નથી એમ કહેવું છે. **'બિના નયન'** એટલે આંખની-દૃષ્ટિની વાત નથી. **'બિના નયન કી બાત'** એટલે આત્મદૃષ્ટિની વાત આત્મદૃષ્ટિ વિના સમજાય એવું નથી. **'સ્વભાવિક ઉત્કર્ષાર્થે એ વાક્ય છે.'** ઉત્કર્ષ અર્થે એટલે ઉત્સાહ ચડે તેના માટે એ વાત છે. ઉમંગ આવે એના માટે એ વાત છે.

**'સમાગમના યોગે સ્પષ્ટ અર્થ સમજાવા યોગ્ય છે. તેમજ બીજા પ્રશ્નોના સમાધાન માટે હાલ પ્રવૃત્તિ બહુ અલ્પ વર્તે છે. સત્સમાગમના યોગમાં સહજમાં સમાધાન થવા યોગ્ય છે. 'બિના નયન' આદિ વાક્યનો સ્વકલ્પનાથી કંઈ પણ વિચાર ન કરતાં, અથવા શુદ્ધ ચૈતન્યદૃષ્ટિ પ્રત્યેનું વલણ તેથી વિક્ષેપ ન પામે એમ વર્તવું યોગ્ય છે.'** 'વીરમગામ'ના એક મુમુક્ષુ છે એને પત્ર લખેલો છે. 'મનસુખલાલ છગનલાલ'.

આત્મદૃષ્ટિ વિના આત્મદૃષ્ટિની વાત સમજી શકે નહિ કે પ્રાપ્ત કરી શકે નહિ અને એના માટે કોણ પામે ? **'સેવે સદ્ગુરુકે ચરણ'** જે સદ્ગુરુના ચરણ સેવે છે એ તો જરૂર પામશે જ. વાત અજાણી છે, અનાદિકાળની અજાણી છે. ઘણી રહસ્યમય

વાત છે. સૂક્ષ્મ પણ છે, અરૂપી પણ છે, અજાણી પણ છે. એના માટે તો જાણેલા હોય એની પાસેથી જ એ જાણી શકાય, એ સિવાય બીજો કોઈ ઉપાય નથી. કોઈ પણ નવી વાત સમજવી હોય, શીખવી હોય તો એ સમજવાવાળાનો સાથ લેવો જ પડે છે. મોટી મોટી Industry માં Foreign collaboration શા માટે છે ? Technical knowhow ના પૈસા કેમ લાગે છે ? Industry ની અંદર તકલીફ પડે ત્યારે એના Industry Consultation ના પૈસા કેમ લાગે છે ? ખાલી વાત કરવાના પૈસા લાગે.

૨૫ વર્ષ પહેલા 'ફ્યુઅલ એડીટીવ રિસર્ચ'નું હતું એમાં એક 'બૅંગ્લોર'ના પ્રોફેસર હતા. 'બૅંગ્લોર'ની અંદર કૉલેજ છે. ટેકનિકલ એન્જિનિઅરિંગ કૉલેજ છે. મિકેનિકલ ફ્યુઅલ એન્જિનિઅરિંગ. એના એક પ્રોફેસર 'રંગનાથન' કરીને હતા. એ એન્જિનિઅરિંગ ઉપર એમની બહુ માસ્ટરી હતી. એટલે એને એમ કહ્યું કે ભાઈ ! અમારે આ વિષય ઉપર તમારી Technical advice જોઈએ છે. આ Subject છે. શું તમે લ્યો ? તો કહે, એક Sitting ના પાંચ હજાર રૂપિયા. કેટલા ? એક જ Sitting ના પાંચ હજાર રૂપિયા સલાહ દેવાના, વાતચીત કરવાના. ઇ જમાનામાં. ૨૫ વર્ષ પહેલાની વાત કરું છું. અત્યારે ૨૫ વર્ષે એ પાંચ હજાર કેટલા થયા એ સમજી લેવાના. અને તમારે કોઈ મશીન ઉપર Practical મને લઈ જઈને Advice જોતી હોય તો મારા આવવા-જવાનો ઍરોપ્લેનનો To & fro નો ખર્ચો તમારે ભોગવવાનો. તો એ હું આવીને બતાવી જઈશ. પણ એક વખતના પાંચ હજાર લાગશે.

કહેવાનો મતલબ શું છે ? એ તો સ્થૂળ રૂપી દ્રવ્યનો વિષય છે તોપણ જે વિષયમાં તમે અજાણ્યા હોય તો એક એકડો શીખવો હોય તોપણ કો'ક બતાવનાર જોઈએ કે એકડો આમ થાય. બીજી મોટી વાતોમાં તો સવાલ જ નથી કે જોઈએ, જાણકાર જોઈએ. અને આ તો આખા સંસારને ઊથલાવી નાખવાની વાત છે. આખો સંસાર કેવી રીતે એનો નાશ કરવો ? સ્વયંભૂરમણ સમુદ્ર તરવો સહેલો છે. મોહસમુદ્ર તરવો સહેલો નથી. એમાં તો બીજો કોઈ ઉપાય જ નથી.

**સેવે સદ્‌ગુરુકે ચરન, સો પાવે સાક્ષાત્‌.**
**બૂઝી ચહત જો પ્યાસકો, હૈ બૂઝનકી રીત;**

પહેલા તો તને તરસ લાગી છે કે નહિ ? પાણીની તરસ એક એવી ચીજ છે

કે જો ન મળે તો માણસના પ્રાણ છૂટી જાય. ભૂખ લાગી હોય અને ખાવાનું ન મળે તો માણસ મરે નહિ, પણ તરસ લાગી હોય ને પાણી ન મળે તો માણસ મરી જાય. અનાજના પૈસા લાગે છે, પાણીના પૈસા નથી લાગતા એટલા. છતાં એની કિંમત જરૂર પડે કેટલી છે એ જુઓ ! એમ પ્રાણ છૂટી જાય એવી તમારી જિજ્ઞાસાની તૈયારી છે ? તમારી જિજ્ઞાસા એવી છે ? કે આ વસ્તુ મને ન જાણવા મળે, મને ન સમજવા મળે, મને પ્રાપ્તિ ન થાય તો હું જીવી જ ન શકું. એવી તૈયારી છે ? તો એ ચરમસીમાની ભાવના થઈ.

સ્વરૂપ પ્રાપ્તિ વિના, સ્વરૂપ શાંતિ વિના ચાલતી અશાંતિમાં હું જીવી શકું એમ નથી. આ આકુળતા મારાથી સહન થાય નહિ. એવી તૈયારી, એવી તરસ લાગી હોય તો એ તરસ છીપાવવાની રીત છે ખરી. તો કહે, એ રીત શું છે ? કે **'પાવે નહિ ગુરુગમ બિના, એહી અનાદિ સ્થિત.'** અનાદિથી જે કોઈ જીવો પામ્યા છે એ ગુરુગમથી પામ્યા છે. એ જ વસ્તુસ્થિતિ છે, બીજી કોઈ વસ્તુસ્થિતિ નથી. ગુરુગમ વિના કોઈ જ્ઞાન પામે નહિ અને ગુરુગમ મળવા અર્થે પાત્રતા અનિવાર્ય છે. પાત્રતા એટલે પામવાની ગરજ. પાત્રતા એટલે શું ? પામવાની ગરજ. એમાંથી પાત્રતા ઊભી થાય છે. જેટલી ગરજ વધારે એટલી પાત્રતા વધારે. જેટલી ગરજ ઓછી એટલી પાત્રતા ઓછી. ગરજનો અભાવ તો પાત્રતાનો પણ અભાવ. આ પાત્રતાનું મીટર છે. અનાદિની આ જ વસ્તુસ્થિતિ છે. **'પાવે નહિ ગુરુગમ બિના.'**

**'એહી નહિ હૈ કલ્પના, એહી નહીં વિભંગ;'** આ કોઈ કલ્પના નથી અને આ કોઈ વિભંગજ્ઞાન એટલે કોઈ વિપરીતજ્ઞાન, કોઈ ઊલટું જ્ઞાન, કોઈ અજ્ઞાન નથી. ઊલટા જ્ઞાનને વિપરીત જ્ઞાનને વિભંગજ્ઞાન કહેવામાં આવે છે. આ કોઈ કલ્પના નથી, આ કોઈ ઊંધી સમજણ નથી. વિભંગ એટલે ઊંધી સમજણ.

**'કઈ નર પંચમકાળમેં, દેખી વસ્તુ અભંગ.'** આ પંચમકાળમાં પણ અખંડ, અભંગ એવું જે આત્મસ્વરૂપ છે એ કોઈ કોઈ જીવોએ જોયું છે, કોઈ કોઈ જીવોને એના દર્શન થયા છે. આ પંચમકાળમાં પણ થયા છે એવા જીવો કે જેણે પોતાની અખંડ અભંગ વસ્તુને અંતરંગમાં જોઈ છે.

**'નહિ દે તું ઉપદેશકું, પ્રથમ લેહિ ઉપદેશ;'** તું ઉપદેશ દેવાનું તો બંધ કરી દે. કોઈને ઉપદેશ દઈશ નહીં **'પ્રથમ લેહિ ઉપદેશ'** તું ઉપદેશને ધારણ કર, તું ઉપદેશને

અંગીકાર કર. તું ઉપદેશને પરિણમાવ. એ પહેલા ઉપદેશ આપવાની વાત ખોટી છે. ખોટી છે એટલે નુકસાનકારક છે.

**'સબસેં ન્યારા અગમ હૈ, વો જ્ઞાનીકા દેશ.'** અને જ્ઞાની જ્યાં વિચરે છે, જે દેશમાં જ્ઞાની વિચરે છે એ કોઈ અગમ અગોચર પ્રદેશ છે. 'બહેનશ્રીનાં વચનામૃત'માં એક જગ્યાએ કહે છે. એમ કહે છે કે, જ્ઞાની ઊંડે ઊંડે ક્યાં વિચરતા હોય છે એનો બહારથી સામાન્ય જીવોને કોઈને ખ્યાલ પણ ન આવે. એટલા ઊંડા... ઊંડા... ઊંડા... અંદર ચાલ્યા જતા હોય છે કે જે ઇન્દ્રિયજ્ઞાનનો વિષય નથી. વિચારજ્ઞાનનો વિષય નથી. ચિંતવનનો વિષય નથી. કોઈ અચિંત્ય એવા આત્મસ્વભાવમાં અચિંત્ય દશાએ, અચિંત્ય દશા જે ઊંડો અનુભવ છે એમાં એ ચાલ્યા જાય છે. એને અગમ અગોચર પ્રદેશ કહેવામાં આવે છે. ઇન્દ્રિયજ્ઞાનથી ગોચર થતો નથી. **'સબસે ન્યારા અગમ હૈ, વો જ્ઞાનીકા દેશ;'**

**જપ, તપ ઔર વ્રતાદિ સબ, તહાં લગી ભ્રમરૂપ;**
**જહાં લગી નહિ સંતકી, પાઈ કૃપા અનૂપ. ૫.**

અનુપમ એવી જે શ્રીગુરુની કૃપા છે એની પ્રાપ્તિ ન થાય ત્યાં સુધી જપ, તપ ને વ્રત બધું કરે એ બધી જીવની ભ્રમણા છે કે મેં આટલા તપ કર્યા ને આટલા વ્રત કર્યા. બધી જીવની ભ્રમણા છે, વાતમાં કાંઈ માલ નથી.

**'પાયાકી એ બાત હૈ, નિજ છંદનકો છોડ;'** આ મૂળ પાયાની વાત છે. તારો સ્વચ્છંદ છોડી દેજે, એમ કહે છે. નિજ છંદ. નિજ એટલે સ્વ અને છંદ- સ્વચ્છંદ. પોતાની મેળે હું કામ કરી લઈશ, મારી મેળે કામ કરી લઈશ એ સ્વચ્છંદ તું છોડી દે. મારી રીતે હું કામ કરીશ એ વાત મૂકી દે. આ પાયાની વાત છે.

**'પીછે લાગ સત્પુરુષ કે, તો સબ બંધન તોડ.'** તું સત્પુરુષની પાછળ પડી જા કે, મારે તો માર્ગ જોઈએ જ છે અને જ્યાં સુધી માર્ગ નહિ મળે ત્યાં સુધી હું મૂકીશ નહિ. એવી રીતે પાછળ પડી જા. તારા બંધન બધા તૂટી જશે. તો બધા બંધન તોડી શકીશ. નહિતર બંધનમાં તો છો અને બંધનમાં કેટલો આવીશ એની કાંઈ ખબર નહિ પડે. એવું એક છ કડીનું કાવ્ય એમણે પત્રમાં લખ્યું છે.

**'તૃષાતુરને પાયાની મહેનત કરજો.'** કોઈની જિજ્ઞાસા, ભાવના થઈ હોય એની સાથે એવી આત્માની વાત કરજો કે એની ભાવનાને કાંઈક પુષ્ટિ મળે, પોષણ મળે

એવી વાત કરજો, પણ ભાવનાવાળો હોય તો. જેને આત્મપ્રાપ્તિની જિજ્ઞાસા અને ભાવના જ ન હોય એને એ વાત કરવાનો કાંઈ અર્થ નથી. શાકભાજીની ફેરી કરવા નીકળે. ટમેટા પાંચ રૂપિયે કિલો છે. પછી કહે, દસ રૂપિયે કિલો છે. પણ કોઈ ઝવેરાતની ફેરી કરવા નથી નીકળતું કે ભાઈ ! દસ લાખનો હાર કોઈને લેવો હોય તો હું શેરીમાં વેચવા માટે નીકળ્યો છું. આવે છે કોઈ ? આ તો બહુ કિંમતી વસ્તુ છે. આ કોઈ શાકભાજીની લારીમાં મૂકવા જેવી વસ્તુ નથી.

**'તૃષાતુરને પાયાની મહેનત કરજો. અતૃષાતુરને તૃષાતુર થવાની જિજ્ઞાસા પેદા કરજો.'** અને જેને તરસ ન લાગી હોય તો એને તરસ લાગે એવી બે વાત મૂકી દેવી. વિચારતો થઈ જાય. આ કાંઈક કહે છે, વાત કાંઈક વિચારવા જેવી છે. આપણે ભલે ગમે એટલી બુદ્ધિવાળા હોય પણ આ વાત આપણે વિચારી નથી અત્યાર સુધી એવું એને લાગવું જોઈએ. એમ એની જિજ્ઞાસા ઉત્પન્ન થાય એવી વાત કરજો.

**'જેને તે પેદા ન થાય તેવું હોય,...'** એની યોગ્યતા જ એવી હોય, **'તેને માટે ઉદાસીન રહેજો.'** એની ઉપેક્ષા કરી નાખજો કે અહીંયાં કાંઈ આપણે એને જિજ્ઞાસા પણ જગાડવાની પણ મહેનત કરવા જેવી નથી. એમ કોઈ જીવ સંસારની રુચિ અને સંસારના રસના પ્રવાહમાં એટલો હોય છે કે એની સાથે કોઈ વાત કરવાનો કોઈ અર્થ જ નથી હોતો. તો ત્યાં એ વાત કરવાની કોઈ જરૂર નથી. એને એના રસમાં દોડવા દેવો. એની ગતિમાં એ ભલે દોડ્યા કરે. એને માટે કોઈ પરિશ્રમ લેવાની જરૂર નથી.

**'આપનું કૃપા પત્ર આજે અને ગઈ કાલે મળ્યું હતું.'** રોજ લગભગ એકાદ કાગળ એમને મળે છે. એક કાગળ કાલે મળ્યો હતો, એક કાગળ આજે મળ્યો છે. **'સ્યાદ્વાદની ચોપડી શોધતાં મળતી નથી.'** કોઈ પુસ્તક મગાવ્યું હશે. **'થોડાએક વાક્ય હવે પછી લખી મોકલીશ. ઉપાધિ એવી છે કે આ કામ થતું નથી.'** વ્યાપારની પ્રવૃત્તિ એટલી રહે છે કે બીજા કામ કરી શકતા નથી.

**'પરમેશ્વરને નહીં પાલવતું હોય ત્યાં શું કરવું ?'** પ્રારબ્ધ એવું લઈને આવ્યા છીએ શું કરીએ ? એમ કહે છે. પ્રવૃત્તિ કરવી પડે છે. મજૂરી કરવી પડે છે. પ્રારબ્ધ લઈને આવ્યા છીએ. એટલે ઇ પરમેશ્વરને નથી પાલવતું, અમે બીજું કામ કરીએ એ પરમેશ્વરને નથી પાલવતું. એમ કહે છે. ઠીક ! કટાક્ષ બહુ લખે છે. એમના વચનોમાં

કટાક્ષ ઘણા છે અને એમાં ઈશ્વર ઉપર ઘણા કટાક્ષ કર્યા છે.

મુમુક્ષુ :- વ્યંગ.

પૂજ્ય ભાઈશ્રી :- વ્યંગ ઘણા કર્યા છે.

**'વિશેષ હવે પછી. વિનિત આત્મસ્વરૂપ રાયચંદના પ્રણામ.'** એ ૨૫૮ પત્ર એ રીતે એક પદસહિત ચાલ્યો છે. આટલા પત્રમાં પહેલોવહેલો આ પત્ર છે કે જેમાં એમણે પદરચના કરીને થોડી વાતો લખી છે. આ પદ તો અત્યારે ઘણું પ્રસિદ્ધ છે. **'બિના નયન પાવે નહિ.'** પોતે ગુજરાતીભાષી હોવા છતાં પદરચના હિન્દી ભાષામાં કરે છે. ભલે આ ગુજરાતી લિપીમાં લખ્યું છે પણ ભાષા હિન્દી છે. એક પદ છે ને એમાં હિન્દી ભાષા વાપરી છે.

**પત્રાંક - ૨૫૯**

**મુંબઈ, શ્રાવણ સુદ ૧૧, બુધ, ૧૯૪૭**

**પરમ પૂજ્યજી.**

**આપનો કાગળ ૧ ગઈ કાલે કેશવલાલે આપ્યો. જેમાં નિરંતર સમાગમ રહેવામાં ઈશ્વરેચ્છા કેમ નહીં હોય એ વિગત જણાવી છે.**

**સર્વશક્તિમાન હરિની ઇચ્છા, સદૈવ સુખરૂપ જ હોય છે, અને જેને કાંઈ પણ ભક્તિના અંશો પ્રાપ્ત થયા છે એવા પુરુષે તો જરૂર એમ જ નિશ્ચય કરવો કે 'હરિની ઇચ્છા સદૈવ સુખરૂપ જ હોય છે.'**

**આપણો વિયોગ રહેવામાં પણ હરિની તેવી જ ઇચ્છા છે, અને તે ઇચ્છા શું હશે તે અમને કોઈ રીતે ભાસે છે, જે સમાગમે કહીશું.**

**શ્રાવણ વદમાં આપને વખત મળે તેવું હોય તો પાંચ પંદર દિવસ માટે સમાગમની ગોઠવણ કરવાની ઇચ્છા કરું.**

**'જ્ઞાનધારા' સંબંધી મૂળમાર્ગ અમે તમને આ વખતના સમાગમમાં થોડો પણ કહીશું; અને તે માર્ગ પૂરી રીતે આ જ જન્મમાં તમને**

કહીશું એમ અમને હરિની પ્રેરણા હોય તેવું લાગે છે.

તમે અમારે માટે જન્મ ધર્યો હશે એમ લાગે છે. તમે અમારા અથાગ ઉપકારી છો. તમે અમને અમારી ઇચ્છાનું સુખ આપ્યું છે, તે માટે નમસ્કાર સિવાય બીજો શું બદલો વાળીએ ?

પણ અમને લાગે છે કે અમારે હાથે હરિ તમને પરાભક્તિ અપાવશે; હરિના સ્વરૂપનું જ્ઞાન કરાવશે; અને એ જ અમે મોટો ભાગ્યોદય માનીશું.

અમારું ચિત્ત તો બહુ હરિમય રહે છે, પણ સંગ બધા કળિયુગના રહ્યા છે. માયાના પ્રસંગમાં રાત દિવસ રહેવું રહે છે; એટલે પૂર્ણ હરિમય ચિત્ત રહી શકવું દુર્લભ હોય છે, અને ત્યાં સુધી અમારા ચિત્તને ઉદ્વેગ મટશે નહીં.

ખંભાતવાસી જોગ્યતાવાળા જીવ છે, એમ અમે જાણીએ છીએ; પણ હરિની ઇચ્છા હજુ થોડો વિલંબ કરવાની દેખાય છે. આપે દોહરા વગેરે લખી મોકલ્યું તે સારું કર્યું. અમે તો હાલ કોઈની સંભાળ લઈ શકતા નથી. અશક્તિ બહુ આવી ગઈ છે; કારણ કે ચિત્ત બાહ્ય વિષયમાં હાલ જતું નથી.

લિ. ઈશ્વરાર્પણ.

પત્રાંક ૨૫૯. **'પરમ પૂજ્યજી'** બહુ માનથી પત્ર લખ્યો છે. આ પત્રમાં એમણે કેટલીક વાત જરા જોરથી કરી છે. **'આપનો કાગળ ૧ ગઈ કાલે કેશવલાલે આપ્યો. જેમાં નિરંતર સમાગમ રહેવામાં ઈશ્વરેચ્છા કેમ નહીં હોય એ વિગત જણાવી છે.'** 'સોભાગભાઈ'એ કાગળમાં એમ લખ્યું છે કે આપણે સાથે રહી શકતા નથી. ઘણી ભાવના છે, એકબીજાને ખૂબ પ્રેમ છે, સાથે રહીએ. ઈશ્વરઇચ્છા કેમ નથી ? કાંઈક

લખ્યું હશે.

**'સર્વશક્તિમાન હરિની ઇચ્છા સદૈવ સુખરૂપ જ હોય છે,...'** એની ઇચ્છા સામે આપણે વાંધો લેનાર કોણ ? ઈશ્વર ઇચ્છાની સામે આપણે વાંધો લેનાર કોણ ? સામાન્ય રાજા મહારાજા હોય ને ? આ બધા દરબારો. એ બોલે એટલે ખલાસ પછી. એમની સામે વાંધો ન લેવાય. તોરીલો મગજ હોય ને ! પાવર તો બધાના ચડેલા જ હોય. આ તો ઈશ્વર-ત્રણ લોકનો નાથ, એની ઇચ્છા સામે શું વાંધો લેવાય ?

**'સર્વશક્તિમાન હરિની ઇચ્છા સદૈવ સુખરૂપ જ હોય છે, અને જેને કાંઈ પણ ભક્તિના અંશો પ્રાપ્ત થયા છે...'** એ ઈશ્વરની ભક્તિના અંશ. **'એવા પુરુષે તો જરૂર એમ જ નિશ્ચય કરવો કે 'હરિની ઇચ્છા સદૈવ સુખરૂપ જ હોય છે.'** એને તો એમ જ રાખવું. ઇ જેમ રાખે એમ જ આપણે રહેવાનું છે અને એમાં જ આપણી ભલાઈ છે. એમ જ રહેવું જોઈએ. એ જ આપણે એમની આજ્ઞામાં રહ્યા બરાબર છે. નહિતર આજ્ઞા વિરુદ્ધતા થાય. એટલે પ્રતિકૂળતામાં દુઃખ લગાડવાનો સવાલ રહેતો નથી.

આ તો 'સોભાગભાઈ' ઈશ્વરની માન્યતામાં હતા એટલે એમની ભાષામાં લખે છે. વાસ્તવિક રીતે તો જે પ્રતિકૂળતા સંસારના જીવોને દુઃખદાયક છે એ જ પ્રતિકૂળતા આત્માર્થી જીવોને સુખદાયક છે અને એમાં પણ જે જીવો પ્રયોગે ચડેલા છે એને તો પ્રતિકૂળતા એ સારામાં સારા આશીર્વાદરૂપે છે. જેમ કોઈના આશીર્વાદથી કોઈ તરી જાય. આવશે એક જગ્યાએ કે, આ સંસારમાં આત્માર્થી જીવને સંસારની પ્રતિકૂળતા ઉત્પન્ન થવી તે તરવા બરાબર છે.

કોઈ માણસને પાણીમાં તરવા શીખવું હોય તો તરવા માટે પાણી તો જોઈએ કે ન જોઈએ ? કે હવામાં બાચકા ભરે અને તરતા આવડે ? પાણીનો હોજ જોઈએ કાં કૂવો જોઈએ કાં નદી જોઈએ. કાંઈક પાણી ભરેલું હોય ત્યાં તરતા શીખે કે એમ ને એમ શીખે ? એમ સંસારની પ્રતિકૂળતા વિના તમે તરતા કેવી રીતે શીખશો ? એ તો કહો. જે ઉદયથી તમારે તરી જવું છે. તરી જવું એટલે ? તારવીને આગળ ચાલવું છે, ભિન્ન પડવું છે તો એ ઉદય જોશે કે નહિ ? એ ઉદય વગર તમે ક્યાં પ્રયોગ કરવા જાશો ? તો જે પ્રતિકૂળતાનો ઉદય આવ્યો એ તો તમને તરવાનું શીખવવા માટે આવ્યો. એનાથી દુઃખ ક્યાં લગાડો તમે ? એ તો તમારા માટે સુખદાયક થયો. કેમ ? કે સુખી થવાનું તમે ઇ પ્રયોગથી શીખો છો. માટે એ તો સુખદાયક થયું

કે દુઃખદાયક થયું ? કહો જોઈ ? માટે હરિઈચ્છા સદૈવ સુખદાયક જ હોય છે. માટે કદીપણ પ્રતિકૂળતામાં આકુળતા કરીને દુઃખી થાવું નહિ. કોઈ પ્રતિકૂળતામાં આકુળતાથી દુઃખી થવા જેવું નથી. એ પ્રતિકૂળતાનો લાભ લઈ લેવો, જેટલો લેવાય એટલો લાભ યોગ્યતા પ્રમાણે લઈ લેવો. આમ વાત છે.

જગત આખાના જીવો પ્રતિકૂળતામાં દુઃખી થાય છે, મુંઝાય છે, ખેદાય છે, ક્લેશ પામે છે અને કેટલાક તો આવ્યા પહેલા જ દુઃખી થઈ જાય છે. મોત આવ્યા પહેલા મરવાની વાત છે. આમ થશે તો ? તેમ થશે તો ? ફલાણું થશે તો ?

એક મુમુક્ષુ હતા, અમસ્તા અમસ્તા ગભરાય. એ કહે અમસ્તી અમસ્તી કલ્પના થઈ જાય છે કે આમ થઈ જશે તો ? તેમ થઈ જશે તો ? એ તો શરીરનું મમત્વ બહુ છે, બીજું શું ? બેઠા છીએ ને કાંઈક છત પડશે તો ? દીવાલ પડશે તો આપણે દબાઈ જઈશું તો ? કલ્પના કરે એને કોણ રોકી શકે ? કલ્પના જ કર્યા કરે અને દુઃખી થયા કરે. કાંઈ થયા પહેલા આમ થશે તો ? એમાં. અહીં તો પ્રતિકૂળતા આવે તોપણ દુઃખી થવાનું નથી તો આવ્યા પહેલા દુઃખી થવાનો સવાલ ક્યાં ઊભો થાય છે ? પ્રતિકૂળતા તો આવવી જોઈએ અને તો જ તરતા શિખાય અને એ તરતા શિખાય એમાં તરવાની મજા છે. તરવાની મજા નહિ ? ગમે તેટલું પાણી હોય ઉપર જ તરે. તરવાવાળાને નીચે પાણી કેટલું ઊંડું છે એની સાથે સંબંધ જ નથી કેમકે એ સપાટી ઉપર તરે છે. પાણી છ ફૂટ ઊંડું હોય કે છસ્સો ફૂટ ઊંડુ હોય એને શું લેવાદેવા છે ? તરવાનું તો સપાટી ઉપર છે. છે કે નહિ ? એમ જે તરતા શીખ્યો હોય એને ઉદય સાથે વાંધો જ નથી. ગમે તે ઉદય આવે નહિ. જે આવવો હોય એ આવે નહિ. આવવા દ્યો સામે. એવો ઉત્કર્ષ – એવો ઉમંગ આવવો જોઈએ.

પ્રશ્ન :– ભાઈશ્રી ! એમાં ગુણોનો વિકાસ થાય છે ?

સમાધાન :– ચોક્કસ થાય છે. આત્મગુણો પ્રગટ થાય છે.

**'આપણો વિયોગ રહેવામાં પણ હરિની તેવી જ ઇચ્છા છે,...'** ઠીક ! હવે એ કહે છે કે, તમને તો વિયોગનું દુઃખ છે. તો કહે પણ હરિઇચ્છા એવી છે. આપણે પ્રારબ્ધ એવું લઈને આવ્યા છીએ. શું થાય ? **'અને તે ઇચ્છા શું હશે તે અમને કોઈ રીતે ભાસે છે, જે સમાગમે કહીશું.'** બહુ ગૂઢ વાતો લખે છે. તમને વિયોગની અંદર જે દુઃખ થાય છે એ દુઃખ તમને પમાડી દેશે. અને છેલ્લે એમણે એમના ઉપર

એ જ પ્રયોગ કર્યો છે. છ, સાત, આઠ મહિના. સાત-આઠ મહિના બરાબર વિયોગમાં રાખ્યા છે.

પહેલા તો શું હતું કે જ્યારે હરીફરી શકતા હતા ત્યારે 'મુંબઈ' પણ આવી જતા હતા. હવે શરીર અટક્યું હતું. વૃદ્ધાવસ્થા હતી અને મંદવાડ ચાલુ થઈ ગયો. સાત-આઠ મહિનાથી તાવ ખસતો નહોતો. ચાર-પાંચ દિવસ તાવ આવેને તોપણ માણસ નખાય જાય. જુવાનજોધ હાથી જેવો માણસ હોય એ થઈ જાય કૂણો લાબરા જેવો. એમ કહે છે, તાવ છે એ હાથીના હાડ ભાંગી નાખે. સાત-આઠ મહિનાથી તાવ આવતો હતો. વૃદ્ધાવસ્થા હતી. સાવ નબળા પડી ગયા હતા. બોલાવતા હતા કે, તમે આવો... તમે આવો. (આ કહે), આવું છું હવે.

એમ કહે છે કે, **'આપણો વિયોગ રહેવામાં પણ હરિની તેવી જ ઇચ્છા છે અને તે ઇચ્છા શું હશે તે અમને કોઈ રીતે ભાસે છે,...'** એ અમને ખબર પડે છે. અમને ખ્યાલ છે કે એમાં શું ઇચ્છા છે ? તમારી જે યોગ્યતા છે એ યોગ્યતા એમાં વધતી જાય છે. એ અમને ભાસે છે કે તમારી યોગ્યતા વધતી જાય છે. તમે વિયોગ સહન નથી કરી શકતા તો એની અંદર તમારી યોગ્યતા વધે છે. સમાગમે કહીશું, રૂબરૂ કહેશું. કાગળમાં નથી લખવું. એમ કરીને એ પણ જિજ્ઞાસામાં રાખી દીધા.

લખે તોપણ એનું ભલું થાય અને ન લખે તોપણ એનું ભલું જ થાય. એમ છે. બોલે તોપણ ભલું થાય અને મૌન રહે તોપણ ભલું થાય. એક પત્રમાં એ આવશે કે, એમનું જે મૌન છે એ સ્વરૂપ સ્થિરતાનું કારણ થાય છે. જ્ઞાનીપુરુષનો ઉપદેશ તો સ્વરૂપ સ્થિરતામાં કારણ થાય પણ એમનું મૌન પણ સ્વરૂપ સ્થિરતામાં કારણ થાય છે. એવો પ્રત્યક્ષયોગનો પ્રભાવ છે એમ એમને લેવું છે.

**'શ્રાવણ વદમાં આપને વખત મળે તેવું હોય તો પાંચ પંદર દિવસ માટે સમાગમની ગોઠવણ કરવાની ઇચ્છા કરું.'** એમાં પેલા તો તૈયાર જ છે. આપને વખત મળે તેવું હોય. (તો કહે છે) અહીંયાં તો તમારા માટે જ બેઠા છીએ. વખત મળવાનો ક્યાં સવાલ છે ?

મુમુક્ષુ :- જાપ જ જપે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ તો જાપ જ જપે છે. હું તો ગોઠવણ કરું. તો ક્યાં ના પાડવાનો સવાલ છે આમાં ?

**'જ્ઞાનધારા' સંબંધી મૂળમાર્ગ...'** જ્ઞાનધારા એટલે આત્મધારા, ચૈતન્યધારા એવી જે જ્ઞાન પરિણતિ, જ્ઞાનદશા છે એ સંબંધી મૂળમાર્ગ. એ જૈનમાર્ગ કહો, જિનેશ્વરનો મૂળમાર્ગ કહો. 'મૂળમાર્ગ સાંભળો જિનનો...' **'અમે તમને આ વખતના સમાગમમાં થોડો પણ કહીશું;...'** એ સંબંધની અંદર મૂળમાર્ગના વિષયમાં આ વખતે તમને થોડી વાત કરવી છે. **'અને તે માર્ગ પૂરી રીતે આ જ જન્મમાં તમને કહીશું...'** હવે મળશું ત્યારે થોડુંક એ સંબંધમાં શરૂઆત કરવી છે અને આ જ ભવમાં તમને એ વાત પૂરેપૂરી કરવી છે.

**'એમ અમને હરિની પ્રેરણા હોય તેવું લાગે છે.'** અમારા આત્માની પ્રેરણા થઈ છે કે આ જીવને આ વાત કરવાની જરૂર છે, આ જીવને આ વાત કરવાની જરૂર છે. **'તમે અમારા માટે જન્મ ધર્યો હશે એમ લાગે છે.'** ઠીક ! હવે ઉપકાર ગાય છે. પોતાને શું થયું છે ? ૨૩માં વર્ષે ભાદરવા મહિનામાં મળ્યા છે. ત્યારે જે બીજજ્ઞાનની ચબરખી લઈને આવ્યા છે એમાંથી એમના ભાવભાસન સંબંધીના જે સંસ્કાર છે એ એકદમ જાગૃત થઈ અને સ્વરૂપ સન્મુખતાના પુરુષાર્થમાં આવીને અનુભવ દશામાં પોતે પ્રવેશ કરી લીધો. એ પ્રકારે અંદરથી આત્માની જાગૃતિ, સન્મુખતા થવામાં 'સોભાગભાઈ' નિમિત્ત પડ્યા કે એ વિષય લઈને એ આવ્યા. અંદર કાંઈક ચાલતું હતું. અંદર ચાલતું હતું એમાં આ બરાબર લઈને આવ્યા. એટલે એમને કહી દીધું કે, તમે આ કામે આવ્યા છો. અંદરથી આત્મા જ બોલતો હતો કે, તમે આ કામે આવ્યા છો. એટલે પોતે ચીઠ્ઠી લખીને આપી દીધી કે, આ વાત છે ને ? તો કહે, હા, એ જ વાત છે. 'સોભાગભાઈ'ને થયું આ તો બહુ ચમત્કારી પુરુષ છે ! 'સોભાગભાઈ'ની ઉંમર ૬૦ વર્ષની હશે, લગભગ ૫૯-૬૦ વર્ષ અને આમની ૨૩ વર્ષની ઉંમર. ૪૪ વર્ષનો ફેર છે.

**'તમે અમારે માટે જન્મ ધર્યો હશે એમ લાગે છે.'** કેમ ? કે એવું નિમિત્ત બની ગયું. **'તમે અમારા અથાગ ઉપકારી છો.'** કેમકે એ જે અનુભવદશા આવી એની કિંમત શું થાય ? કઈ રીતે એની કિંમત થાય ? એ ઉપકારની કોઈ રીતે, બીજી રીતે, કિંમત થાય નહિ. **'તમે અમારા અથાગ ઉપકારી છો. તમે અમને અમારી ઇચ્છાનું સુખ આપ્યું છે,..'** અમારે જે આત્મસુખ જોઈતું હતું એ સુખ તમે અમને આપ્યું છે. બોલો ! નિમિત્ત પડ્યા ને ! તમે અમને એ સુખ આપ્યું છે. **'તે માટે નમસ્કાર સિવાય**

**બીજો શું બદલો વાળીએ ?'** તમને વંદન નમસ્કાર કરીએ છીએ. તમારો ઉપકાર થયો, અમે તમને નમસ્કાર કરીએ છીએ.

મુમુક્ષુ :– આપ્યું એમ લખ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, આપ્યું એમ જ કીધું. અમારા પુરુષાર્થથી અમે સુખ પ્રાપ્ત કર્યું એમ ન કીધું. તમે અમને આપ્યું. ગુરુને તો કોઈ કહે, આ તો હજી જ્ઞાનધારા એમને આપવાની વાત કરે છે એવા શિષ્યની વાત છે. અમે તમને જ્ઞાન, મૂળમાર્ગ સમજાવશું. જ્ઞાનદશા અમે તમને આપીશું.

**'પણ અમને લાગે છે કે અમારે હાથે હરિ તમને પરાભક્તિ અપાવશે;...'** એટલે આત્માની ભક્તિ, સ્વરૂપની ભક્તિ, સ્વરૂપમાં અભેદ થાવ એવી ભક્તિ. એ અમારા હાથે તમને અપાવશે. **'હરિના સ્વરૂપનું જ્ઞાન કરાવશે;...'** અને આત્મસ્વરૂપનું જ્ઞાન તમને અમારા હાથે, અમારા નિમિત્તે થશે. **'અને એ જ અમે મોટો ભાગ્યોદય માનીશું.'** અને અમારા નિમિત્તે એ કામ થાય તો તમારો ભાગ્યોદય નહિ, અમારો ભાગ્યોદય અમે માનીશું. ઠીક ! **લખવાની તો કાંઈ પદ્ધતિ છે એમની !! સરળતા તે કેટલી સરળતા પણ ! કે અનહદ સરળતા છે એમની.** નહિતર માણસ તો વાત વાતમાં આડું પકડે. આ તો કેટલું ! તમારું કલ્યાણ થાય અમારા નિમિત્તે એમાં અમારો ભાગ્યોદય અમે માનીશું. લ્યો ઠીક ! એમ નથી કહેતા કે અમે તમારા ઉપર ઉપકાર કરીએ છીએ. એવી તો વાત જ નથી.

**'અમારું ચિત્ત તો બહુ હરિમય રહે છે.'** આત્મામય અમારું ચિત્ત રહે છે. **'પણ સંગ બધા કળિયુગના રહ્યા છે.'** આજુબાજુનું 'મુંબઈ'નું વાતાવરણ. **'માયાના પ્રસંગમાં રાત દિવસ રહેવું રહે છે;...'** અહીંયાં તો બધે એ જ છે. 'મુંબઈ'માં તો કાંઈ.... **'એટલે પૂર્ણ હરિમય ચિત્ત રહી શકવું દુર્લભ હોય છે,...'** પૂરેપૂરું અમારે તો અંદર ચાલ્યું જાવું છે પણ દુર્લભ થઈ ગયું છે. **'અને ત્યાં સુધી...'** એટલે જ્યાં સુધી પૂર્ણ નહિ થવાય ત્યાં સુધી **'અમારા ચિત્તને ઉદ્વેગ મટશે નહીં.'** ત્યાં સુધી અમે જંપ વાળીને બેસવાના નથી. જ્યાં સુધી પૂર્ણ દશા નહિ થાય ત્યાં સુધી અમે નિરાંત નહિ કરીએ.

**'ખંભાતવાસી જોગ્યતાવાળા જીવ છે, એમ અમે જાણીએ છીએ.'** ઘણું કરીને 'અંબાલાલભાઈ' માટે લખ્યું હશે. એ 'અંબાલાલભાઈ' 'સોભાગભાઈ'ને 'અમદાવાદ'માં મળી ગયેલા. કોઈ પ્રસંગે કોઈને ત્યાં. પછી એમાંથી આમને તો શું છે કે એકલા

'કૃપાળુદેવ' જ દેખાતા હતા. એટલે 'હાલુ ચાલુને હરિ સાંભરે રે.' એના જેવું છે. હાલતા અને ચાલતા. એટલે પછી એની જ વાત કરે. એટલે 'અંબાલાલભાઈ' પણ એમના પરિચયમાં આવ્યા ત્યારથી વળગી ગયા. એટલે એમ કહે છે, **'ખંભાતવાસી જોગ્યતાવાળા જીવ છે, એમ અમે જાણીએ છીએ; પણ હરિની ઇચ્છા હજુ થોડો વિલંબ કરવાની દેખાય છે.'** એટલે હજી યોગ્યતા અલ્પ છે, એમ.

**'આપે દોહરા વગેરે લખી મોકલ્યું તે સારું કર્યું.'** 'સોભાગભાઈ' કાંઈક કવિતા બનાવતા હતા. પછી એકવાર ના લખી નાખી કે હવે તમારે કાંઈ કવિતા લખવાની જરૂર નથી. **'આપે દોહરા વગેરે લખી મોકલ્યું તે સારું કર્યું.'** કારણ કે પછી શું થાય કે ઇ બાબતમાં કોઈ પછી કવિત્વની કુશળતામાં ચડી જાય. તો કહે એ લાઇન તમે મૂકી દ્યો, તમારું કામ નથી.

**'આપે દોહરા વગેરે લખી મોકલ્યું તે સારું કર્યું. અમે તો હાલ કોઈની સંભાળ લઈ શકતા નથી.'** અમારી પરિસ્થિતિ બીજાની સંભાળ લેવાની નથી. અમારા પુરુષાર્થમાં લાગેલા છીએ, અમારા કામમાં લાગેલા છીએ. બીજાની સંભાળ લેવાનું અમારાથી બનતું નથી. **'અશક્તિ બહુ આવી ગઈ છે;...'** એ બાબતમાં. બીજાની સંભાળ લેવાની બાબતમાં **'અશક્તિ બહુ આવી ગઈ છે; કારણ કે ચિત્ત બાહ્ય વિષયમાં હાલ જતું નથી.'** જઈ શકતું નથી. ધક્કો મારીએ તોપણ ચાલતું નથી એમ કહે છે. પરિણામ જ કામ કરતા નથી. એટલે કોઈ મુમુક્ષુ આવે તોપણ વિશેષ ધ્યાન દેવાતું નથી. એમ કહેવું છે.

**'લિ. ઈશ્વરાર્પણ'** બધું ઈશ્વરને અર્પણ કરીને બેઠા છીએ. એ રીતે અહીંયાં ૨૫૯મો પત્ર પૂરો થાય છે. ૨૬૦મો આવતીકાલે લઈશું. એ પણ 'સોભાગભાઈ' ઉપરનો છે.

વર્તમાન પર્યાયમાં વિકારભાવ વર્તતો હોવા છતાં, 'હું વર્તમાનમાં જ પરિપૂર્ણ શુદ્ધ છું'. એવી અપૂર્વ દૃષ્ટિ મૂળ સ્વરૂપ સત્તાને ગ્રહે - તે સ્વરૂપ દૃષ્ટિનું કાર્ય છે.
('અનુભવ સંજીવની' - ૧૦૧A)

પત્રાંક - ૨૬૦

મુંબઈ, શ્રાવણ સુદ ૯, ગુરુ, ૧૯૪૭

નથુરામજીના પુસ્તક વિષે, તથા તેના વિષે આપે લખ્યું તે જાણ્યું. હાલ કંઈ એવું જાણવા ઉપર ચિત્ત નથી. તેનાં એકાદ બે પુસ્તકો છપાયેલાં છે, તે મેં વાંચેલા છે.

ચમત્કાર બતાવી યોગને સિદ્ધ કરવો, એ યોગીનું લક્ષણ નથી. સર્વોત્તમ યોગી તો એ છે કે સર્વ પ્રકારની સ્પૃહાથી રહિતપણે સત્યમાં કેવળ અનન્ય નિષ્ઠાએ જે સર્વ પ્રકારે 'સત્' જ આચરે છે, જગત જેને વિસ્મૃત થયું છે. અમે એ જ ઇચ્છીએ છીએ.

## તા. ૩-૧૦-૧૯૯૮, પ્રવચન નં. ૭૩૦
## પત્રાંક – ૨૬૦

'શ્રીમદ્ રાજચંદ્ર' પત્રાંક ૨૬૦. 'સોભાગભાઈ' ઉપરનો આ ૫૦મો પત્ર છે.

**'નથુરામજીના પુસ્તક વિષે, તથા તેના વિષે આપે લખ્યું તે જાણ્યું.'** 'નથુરામજી' કરીને કોઈ વિદ્વાન છે એનો ઉલ્લેખ કર્યો હશે. 'સોભાગભાઈ' પોતાના પત્રમાં એના ગ્રંથ વિષે એમણે કોઈ પુસ્તક લખ્યું હશે એના વિષે અને વ્યક્તિગત રીતે 'નથુરામજી' વિષે.

**'હાલ કંઈ એવું જાણવા ઉપર ચિત્ત નથી.'** એટલે એ તો અપ્રયોજ ભૂત વિષય છે અને બીજું એ પોતે પોતાના કામે લાગેલા છે એટલે એ જાણવામાં કાંઈ ચિત્ત

નથી અથવા વિચાર લંબાતો નથી. **'તેનાં એકાદ બે પુસ્તકો છપાયેલાં છે, તે મેં વાંચેલાં છે.'** પોતે એક-બે પુસ્તકો એમના છપાયેલા વાંચ્યા હશે.

**'ચમત્કાર બતાવી યોગને સિદ્ધ કરવો,...'** કોઈ યોગના પ્રયોગ હશે એની અંદર. આ સરસ વાત લખી છે. **'ચમત્કાર બતાવી યોગને સિદ્ધ કરવો, એ યોગીનું લક્ષણ નથી.'** એ તો બધી મેલી વિદ્યા છે. એવી રીતે પણ કોઈ લોકો ચમત્કારિક રીતે યોગને સાધે છે પણ એ તો આત્માને નુકસાનનું કારણ છે અને એથી આત્મા અધોગતિમાં જાય છે. એ ચમત્કારથી લોકસંજ્ઞા વિશેષ દઢ થાય છે. લોકોમાં પોતાનું સ્થાન, મહત્તા, આબરુ, કીર્તિ-એની ઉત્પત્તિ થાય છે અને એ ચમત્કારથી અનુકૂળતા અને પ્રતિકૂળતા બાજુ જીવ વધારે ઝૂકે છે. એટલે દર્શનમોહ તીવ્ર થાય છે. પરિણામે અધોગતિ થાય છે. એટલે ચમત્કારથી કોઈ વસ્તુ, રિદ્ધિ-સિદ્ધિ પ્રાપ્ત કરવી એ યોગીનું લક્ષણ નથી.

**'સર્વોત્તમ યોગી તો એ છે...'** જુઓ ! એ સંબંધમાં પોતાનો અભિપ્રાય આપે છે કે **'સર્વોત્તમ યોગી તો એ છે કે સર્વ પ્રકારની સ્પૃહાથી રહિતપણે સત્યમાં કેવળ અનન્ય નિષ્ઠાએ જે સર્વ પ્રકારે 'સત્' જ આચરે છે, જગત જેને વિસ્મૃત થયું છે. અમે એ જ ઇચ્છીએ છીએ.'** વીતરાગતા લીધી છે. યોગી કોણ ? વીતરાગ થાય તે. **'સર્વોત્તમ યોગી તો એ છે કે સર્વ પ્રકારની સ્પૃહાથી...'** રહિત થઈ જાય. કાંઈ ન જોઈએ. કોઈ રિદ્ધિ-સિદ્ધિ, કોઈ વસ્તુની પ્રાપ્તિ ન જોઈએ. કેમકે આત્માને કોઈ વસ્તુ મળતી નથી, આ કોઈ વસ્તુ કામની નથી, આત્માને એથી કાંઈ લાભ નથી. અને જે પોતે પરિપૂર્ણ પદાર્થ હોવાથી... શા માટે જરૂર નથી ? કે પોતે પરિપૂર્ણ પદાર્થ હોવાને લીધે કોઈ પદાર્થની અપેક્ષા નથી. પોતે નિરપેક્ષ તત્ત્વ છે.

એટલે નિસ્પૃહથી **'સ્પૃહાથી રહિતપણે સત્યમાં કેવળ અનન્ય નિષ્ઠાએ...'** સત્ય એટલે પોતાનું સ્વરૂપ, એમાં અનન્ય શ્રદ્ધાએ – **'અનન્ય નિષ્ઠાએ જે સર્વ પ્રકારે 'સત્' જ આચરે છે,...'** અને એને જ અનુસરે છે. સત્‌ને જ આચરે છે એટલે આત્મપરિણામને જ, આત્માને જ, સ્વભાવને જ અનુસરે છે. બસ ! જેવું સત્ છે જેવી હયાતી છે એવું જ એનું સ્મરણ કરે છે. અને **'જગત જેને વિસ્મૃત થયું છે.'** દુનિયાને ભૂલી જાય છે. પોતાના સ્વરૂપની સંભાળ આડે દુનિયાને–જગતને ભૂલી જાય છે. એ સર્વોત્તમ યોગી છે એમ કહે છે.

આમ તો 'યોગ' શબ્દનો મૂળ ધાતુ 'યુજ' છે. સંસ્કૃતમાં યુજ ધાતુ છે. યુજ યોજ To join – જોડાવું. યોગ ઉપરથી સંયોગ શબ્દ આવ્યો ને ! એકબીજાની નજીક આવે છે. જેના પરિણામ શ્રદ્ધાના, જ્ઞાનના, આચરણના અને સર્વ ગુણોના પરિણામ સ્વરૂપમાં જોડાય, સ્વરૂપમાં લાગે તે સર્વોત્તમ યોગી છે. તે ખરેખર યોગી છે, તે સાચા યોગી છે. સ્વરૂપમાં પરિણામ જોડાયેલા રહે અને બીજે ક્યાંય ન જોડાય એ યોગી છે. વાસ્તવિક યોગી તો એ છે કે જેને લઈને વીતરાગતા રહે અને કોઈપણ પ્રકારનો વિકાર કે વિભાવ ઉત્પન્ન ન થાય. બસ ! કોઈ પણ જાતનો દોષ ઉત્પન્ન ન થાય, નિર્દોષતા આવી જાય.

**'અમે એ જ ઇચ્છીએ છીએ.'** અને અમે તો એવું પરિણમન ઇચ્છીએ છીએ કે અમારા પરિણામ સ્વરૂપમાં એક નિષ્ઠાથી લીન થઈને રહે. અમે કોઈ ચમત્કાર, રિદ્ધિ-સિદ્ધિને ઇચ્છતા નથી.

મુમુક્ષુ :– ...

પૂજ્ય ભાઈશ્રી :– હા. એટલે એમાં શું છે એ 'કૃપાળુદેવ'નો અભિપ્રાય માગેલો. આવા આવા લોકો દુનિયામાં છે, લોકોમાં એની મહત્તા છે, મોટા માણસ ગણાય છે, મોટા યોગી ગણાતા હોય, ચમત્કારિક માણસો ગણાતા હોય. આપને કેમ લાગે છે એ બાબતમાં ? તો કહે (છે), ચમત્કાર બતાવીને યોગને સિદ્ધ કરવો, પ્રાપ્ત કરવો, બતાવવો, કે જુઓ ! અમારી પાસે આ (છે), અમે યોગની સિદ્ધિ કરી છે. અમારા અભિપ્રાયમાં આ યોગીનું લક્ષણ નથી, જાવ ! અમે એને યોગી માનતા નથી. એ કોઈ લોકમાંથી કોઈ પદાર્થની વાંચ્છાથી કે આબરુ, કીર્તિની વાંછાથી ગમે તે કરતા હોય, અમને એ વસ્તુ કામની નથી લાગી.

એમ કહીને એમણે એક આત્મા સિવાય જગતના કોઈ પદાર્થ, રિદ્ધિ-સિદ્ધિ, ચમત્કારની સ્પૃહા ન કરવી એ વાત સ્પષ્ટ કરી દીધી. જરાપણ વૃત્તિ લોભાય નહિ, લાલચમાં પડે નહિ. ચમત્કારથી કોઈ વસ્તુ મળે એની પણ લાલચ નહિ રાખવાની. તો પછી થોડીક વાતમાં ગમવાપણું કેમ આવી જાય ? નાની નાની વાતમાં. ચમત્કારથી કોઈ મોટો લાભ થાય તો મોટી સિદ્ધિ ગણાય. રિદ્ધિ-સિદ્ધિ ગણાય. એની પણ એવા પ્રકારની સ્પૃહા નહિ હોવી જોઈએ તો નાની નાની વાતમાં કાંઈક અનુકૂળતા થાય

અને આપણને ગમવાપણું થઈ જાય એમ કેમ થવું જોઈએ ?

કોઈ પરિસ્થિતિમાં પુણ્યયોગ હોય છે, પૂર્વકર્મનો પુણ્યનો ઉદય હોય છે, કોઈ પરિસ્થિતિમાં પૂર્વકર્મનો પાપનો ઉદય હોય છે. એ પૂર્વકર્મની સાથે સંબંધ રાખે છે. વર્તમાનમાં મારે શું છે એની સાથે ? મારે કોઈ કલ્પના કરીને એમાં રાજી-નારાજ થવું (એ) હોય શકે નહિ. મારે એવું કાંઈ કરાય નહિ. બહુ મોટી વાત હોય તો એમાં મારે પડવું નથી તો આ તો બહુ નાની વાત છે એમાં ક્યાં પડવાનું હોય ?

છોકરાઓ કોડીયું માટે બાઝે. નાનપણમાં ૫-૧૦ વર્ષની ઉંમર હોય, કોડીએ રમતા હોય તો કોડી માટે બાઝે ને. અને બાઝે એટલે પછી મારામારીમાં આવે તો પથરા મારીને લોહી કાઢે. માથામાં પથરો મારે તો લોહી નીકળે કે ન નીકળે ? શેના માટે ? કોડી માટે. મોટો થયો એટલે પૈસા માટે બાધે. નાનપણમાં કોડી માટે બાધતો હતો, હવે પૈસા માટે બાધે. વાત તો એની એ થઈ ને ! શું ફેર પડ્યો ? પેલાને કોડીયુંની કિંમત છે, આને આની કિંમત છે. આત્મા માટે બેય વસ્તુ કોડી જેવી જ છે. આત્માને જેમ કોડીથી ફાયદો નથી. એમ બીજા કોઈ પદાર્થથી ફાયદો નથી.

**વિભાવથી / રાગથી જ્ઞાનની ભિન્નતાના પ્રયોગ દ્વારા ભેદજ્ઞાન પ્રથમ અંતરંગમાં થવું ઘટે છે; કે જેમાં જ્ઞાનની મુખ્યતા દ્વારા જ્ઞાનથી જ્ઞાનનું એકત્વ થાય છે. એક સમયની પ્રગટ શુદ્ધ પર્યાય - ત્રિકાળી સ્વભાવથી ભિન્ન હોવા છતાં, સ્વયં સ્વભાવને અવલંબે છે. વિભાવની જેમ તે ભાવનો પણ ક્ષય કરવાનું પ્રયોજન નથી. માત્ર અવલંબનનું (આશ્રયનું) સ્થાન તે શુદ્ધ પર્યાય નથી - તેટલું જ પ્રયોજન છે. તેથી રાગનું અવલંબન (સ્વભાવના અવલંબને) છૂટવાનું પ્રથમ કર્તવ્ય છે.–આ વિધિ ક્રમ છે. વિધિ-ક્રમમાં ફરક થતાં માર્ગ બદલાઈ જાય છે અથવા મિથ્યાત્વની ઉત્પત્તિ થાય છે. મિથ્યાદષ્ટિને શુદ્ધ પર્યાય પ્રગટેલી ન હોવાથી, તેને તેથી ભિન્ન પડવાની વિધિનો પ્રારંભ કરવાનો પ્રશ્ન નથી.**

**('અનુભવ સંજીવની' - ૧૧૫)**

## પત્રાંક-૨૬૨

મુંબઈ, શ્રાવણ સુદ, ૧૯૪૭

ઉપાધિના ઉદયને લીધે પહોંચ આપવાનું બની શક્યું નથી, તે ક્ષમા કરશો. અત્ર અમને ઉપાધિના ઉદયને લીધે સ્થિતિ છે. એટલે તમને સમાગમ રહેવો દુર્લભ છે.

આ જગતને વિષે સત્સંગની પ્રાપ્તિ ચતુર્થકાળ જેવા કાળને વિષે પણ પ્રાપ્ત થવી ઘણી દુર્લભ છે, તો આ દુષમકાળને વિષે પ્રાપ્તિ પરમ દુર્લભ હોવી સંભાવ્ય છે એમ જાણી, જે જે પ્રકારે સત્સંગના વિયોગમાં પણ આત્મામાં ગુણોત્પત્તિ થાય તે તે પ્રકારે પ્રવર્તવાનો પુરુષાર્થ વારંવાર, વખતોવખત અને પ્રસંગે પ્રસંગે કર્તવ્ય છે; અને નિરંતર સત્સંગની ઇચ્છા, અસત્સંગમાં ઉદાસીનતા રહેવામાં મુખ્ય કારણ તેવો પુરુષાર્થ છે, એમ જાણી જે કંઈ નિવૃત્તિનાં કારણો હોય, તે તે કારણોનો વારંવાર વિચાર કરવો યોગ્ય છે.

અમને આ લખતાં એમ સ્મરણ થાય છે કે 'શું કરવું ?' અથવા 'કોઈ પ્રકારે થતું નથી ?' એવું તમારા ચિત્તમાં વારંવાર થઈ આવતું હશે, તથાપિ એમ ઘટે છે કે જે પુરુષ બીજા બધા પ્રકારનો વિચાર અકર્તવ્યરૂપ જાણી આત્મકલ્યાણને વિષે ઉજમાળ થાય છે, તેને કંઈ નહીં જાણતાં છતાં, તે જ વિચારના પરિણામમાં જે કરવું ઘટે છે, અને કોઈ પ્રકારે થતું નથી એમ ભાસ્યમાન થયેલું તે પ્રગટ થવાનું તે જીવને વિષે કારણ ઉત્પન્ન થાય છે, અથવા કૃતકૃત્યતાનું સાક્ષાત્ સ્વરૂપ ઉત્પન્ન થાય છે.

દોષ કરે છે એવી સ્થિતિમાં આ જગતના જીવોના ત્રણ પ્રકાર જ્ઞાનીપુરુષે દીઠા છે. (૧) કોઈ પણ પ્રકારે જીવ દોષ કે કલ્યાણનો વિચાર નથી કરી શક્યો, અથવા કરવાની જે સ્થિતિ તેમાં બેભાન

છે, એવા જીવોનો એક પ્રકાર છે. (૨) અજ્ઞાનપણાથી, અસત્સંગના અભ્યાસે ભાસ્યમાન થયેલા બોધથી દોષ કરે છે તે ક્રિયાને કલ્યાણસ્વરૂપ માનતા એવા જીવોનો બીજો પ્રકાર છે. (૩) ઉદયાધીનપણે માત્ર જેની સ્થિતિ છે, સર્વ પરસ્વરૂપનો સાક્ષી છે એવો બોધસ્વરૂપ જીવ, માત્ર ઉદાસીનપણે કર્ત્તા દેખાય છે; એવા જીવોનો ત્રીજો પ્રકાર છે.

એમ ત્રણ પ્રકારના જીવસમૂહ જ્ઞાનીપુરુષે દીઠા છે. ઘણું કરી પ્રથમ પ્રકારને વિષે સ્ત્રી, પુત્ર, મિત્ર, ધનાદિ પ્રાપ્તિ-અપ્રાપ્તિના પ્રકારને વિષે તદાકાર-પરિણામી જેવા ભાસતા એવા જીવો સમાવેશ પામે છે. જુદા જુદા ધર્મની નામક્રિયા કરતા એવા જીવો, અથવા સ્વચ્છંદ-પરિણામી એવા પરમાર્થમાર્ગે ચાલીએ છીએ એવી બુદ્ધિએ ગૃહીત જીવો તે બીજા પ્રકારને વિષે સમાવેશ પામે છે. સ્ત્રી, પુત્ર, મિત્ર, ધનાદિ પ્રાપ્તિ-અપ્રાપ્તિ એ આદિ ભાવને વિષે જેને વૈરાગ્ય ઉત્પન્ન થયો છે, અથવા થયા કરે છે; સ્વચ્છંદ-પરિણામ જેનું ગળિત થયું છે, અને તેવા ભાવના વિચારમાં નિરંતર જેનું રહેવું છે, એવા જીવના દોષ તે ત્રીજા પ્રકારમાં સમાવેશ થાય છે. જે પ્રકારે ત્રીજો સમૂહ સાધ્ય થાય તે પ્રકાર વિચાર છે. વિચારવાન છે તેને યથાબુદ્ધિએ, સદ્‌ગ્રંથે, સત્સંગે તે વિચાર પ્રાપ્ત થાય છે, અને અનુક્રમે દોષરહિત એવું સ્વરૂપ તેને વિષે ઉત્પન્ન હોય છે. આ વાત ફરી ફરી સૂતાં તથા જાગતાં અને બીજે બીજે પ્રકારે વિચારવા, સંભારવા યોગ્ય છે.

## તા. ૧૦-૦૩-૧૯૯૫, પ્રવચન નં. ૭૧
## પત્રાંક – ૨૬૨

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત, પત્રાંક ૨૬૨, કોના ઉપરનો છે એમાં લખેલું ? 'ઉગરી બહેન'. 'ઉગરી બહેન' શાયદ 'જૂઠાભાઈ' કી ધર્મપત્નિ થી. 'જૂઠાભાઈ' જો થે ન ? ઉનકી ધર્મપત્નિ થી. કાફી યોગ્યતાવાન જીવ થી. **'ઉપાધિકે ઉદયકે કારણ પહુંચ દેના નહીં હો સકા, ઉસકે લિયે ક્ષમા કરેં. યહાં હમારી ઉપાધિ કે ઉદય કે કારણ સ્થિતિ હૈ.'** યહાં માને 'બંબઈ'મેં. 'બંબઈ' મેં જો રહના હો રહા હૈ વહ ઉપાધિકે ઉદય કે કારણ હૈ. માને વ્યવસાયકે કારણ હૈ. વ્યવસાયકા ઉદય હૈ ઔર વ્યવસાયકે કાર્યકી ઉપાધિ ભી હૈ. **'ઇસલિયે આપકો સમાગમ રહના દુર્લભ હૈ.'** ઇસલિયે બહેનકે લિયે સમાગમ દુર્લભ હો ગયા થા. 'અહમદાબાદ'મેં ઔર 'કલોલ' મેં ઉસકા રહના થા. 'મંગલદાસ જેસિંગભાઈ', 'જેસિંગભાઈ ગ્રુપ ઓફ મિલ્સ' હૈં ન ? 'અહમદાબાદ'મેં, 'કલોલ'મેં, એક 'ભાવનગર' મેં ભી ઉનકી કપડેકી મિલ થી. પાંચ-સાત મિલોંકા ઉન લોગોંકો Business થા.

**'ઇસ જગતમેં, ચતુર્થકાલ જૈસે કાલમેં ભી સત્સંગકી પ્રાપ્તિ હોના બહુત દુર્લભ હૈ,...'** પૂરે વિશ્વમેં, ઇસ કાલમેં તો દુર્લભ હો વહ કોઈ બડી બાત નહીં હૈ, ચતુર્થકાલમેં ભી સત્સંગકી પ્રાપ્તિ હોના બહુત દુર્લભ હૈ. **'તો ઇસ દુષમકાલમેં ઉસકી પ્રાપ્તિ પરમ દુર્લભ હોના સમ્ભવ હૈ.'** ઇસ કાલમેં ઔર દુષમ પંચમકાલમેં તો સત્સંગકી પ્રાપ્તિ હોના (પરમ દુર્લભ હૈ).

પ્રશ્ન :– ભાઈશ્રી ! દુર્લભ માને ...

સમાધાન :– દુર્લભ માને બહુત કમ માત્રામેં સત્સંગ પાયા જાતા હૈ. નજર લગાઓ તો કહીં સત્સંગ નહીં હૈ. યથાર્થ સત્સંગ જિસકો કહે ઐસા સત્સંગ કહીં નહીં હૈ કિ જહાં અપને દોષ નિકાલને કી ચર્ચા હોતી હો, અપને પરિણામોંકી ચર્ચા

હોતી હો, ઔર હમ કૈસે દિનપ્રતિદિન આગે બઢે ? રૂઢિગતરૂપસે કોઈ સ્વાધ્યાય કર લેતે હૈં, (વહ) અલગ બાત હૈ. વહ કોઈ સત્સંગ નહીં બોલા જાતા. ચલો, યહ શાસ્ત્રકા સ્વાધ્યાય કર લો, વહ શાસ્ત્રકા સ્વાધ્યાય કર લો. લેકિન યથાર્થ સત્સંગ જિસમેં જીવકો, મુમુક્ષુકો નિર્મલતા આતી જાય, આગે બઢતા જાય, ઐસા સત્સંગ જગતમેં કહીં નહીં હૈ. બહુત દુર્લભ ચીજ હૈ.

વિશ્વમેં, આજ બોલા જાતા હૈ, પૂરે જગત મેં યે જો અર્થશાસ્ત્રી હોતે હૈં વે બહુત કમ હૈં. જૈસે હિન્દુસ્તાનમેં એક-દો હૈં, 'પાલખીવાલા' વગેરે. વૈસે પૂરે જગતમેં દો દર્જનસે જ્યાદા નહીં હોંગે. ઐસા Statistics બોલતા હૈ. જબકી સત્સંગ પૂરે જગતમેં કોઈ એક-દો જગહ હોગા. ઔર ફિર ભી જીવ સત્સંગ કા મૂલ્ય નહીં કરતા હૈ. વહાં તો ઐસા હોતા હૈ કિ મિનટ મિનટ કા પૈસા મિલતા હૈ. કોઈ Economic advice લેને જાઓ તો ઉનકે Time પર જાના પડતા હૈ ઔર વહ કહે ઉતના પૈસા દેના પડતા હૈ. એક ઘંટેકા ઉતના ઔર એક ઘંટા ઔર દસ મિનટ હોવે તો Fraction of the hour કા દૂસરા એક ઘંટેકા લગ જાય. દો ઘંટેકા. એક ઘંટા દસ મિનટકા નહીં લગે, દો ઘંટેકા લગે. ઔર વહ હજારોંકી તાદાતમેં લગતા હૈ. જબ કી સત્સંગમેં કુછ લગતા નહીં હૈ. દુર્લભ હોનેપર ભી વહ Free મિલતા હૈ.

મતલબ યહ હૈ કિ સત્સંગ કા મૂલ્યાંકન હોના ચાહિયે. ઇતની દુર્લભ ચીજ હૈ ફિર ભી ઇસકા મૂલ્યાંકન નહીં હૈ તો સત્સંગકા લાભ ભી કૈસે હોગા ? લાભ ભી નહીં હોગા. ઉસકી પ્રાપ્તિ ઇસ પંચમકાલમેં **'પરમ દુર્લભ હોના સંભવ હૈ. ઐસા સમજકર જિસ જિસ પ્રકારસે સત્સંગકે વિયોગમેં ભી આત્મામેં ગુણોત્પત્તિ હો ઉસ ઉસ પ્રકાર સે પ્રવૃત્તિ કરનેકા પુરુષાર્થ વારંવાર, સમય સમય પર ઔર પ્રસંગ પ્રસંગ પર કરના ચાહિયે;...'** સત્સંગ દુર્લભ હૈ ઐસા સમજકર જબ સત્સંગ પ્રાપ્ત નહીં હો, સત્સંગકા વિયોગ રહતા હો તો આત્મા મેં ગુણકી ઉત્પત્તિ હો, ગુણકા આવિર્ભાવ હો ઉસ-ઉસ પ્રકાર સે પ્રવૃત્તિ કરનેકા પુરુષાર્થ વારંવાર કરના, સમય-સમય પર કરના ઔર ઉદય કે પ્રસંગ-પ્રસંગ પર કરના ચાહિયે. સત્સંગ બંદ હો ગયા તો પુરુષાર્થ બંદ હો ગયા, ઐસા નહીં હોના ચાહિયે. સત્સંગ નહીં હો તો ભી અપની આત્મજાગૃતિસે પુરુષાર્થ તો અપના પ્રસંગ-પ્રસંગ, હર ઉદય મેં ચાલુ રખના ચાહિયે.

મુમુક્ષુ :- સત્સંગ મિલતા હૈ તો કરના હી ચાહિયે, નહીં તો પ્રમાદ...

પૂજ્ય ભાઈશ્રી :– સત્સંગમેં તો સત્સંગકે અસરસે થોડા બહુત પુરુષાર્થ ચલેગા. લેકિન સત્સંગકા વિયોગ હો તબ ભી પુરુષાર્થ અપના ચલના હી ચાહિયે, ઐસા કહતે હૈં. **'ઔર નિરંતર સત્સંગ કી ઇચ્છા...'** રખના. સત્સંગકી ચાહ તો નિરંતર રહની ચાહિયે ઔર **'અસત્સંગમેં ઉદાસીનતા...'** ઔર અસત્સંગ કે જિતને ભી પ્રસંગ હો ઉસમેં નિરસતા, ઉસમેં **'ઉદાસીનતા રહનેમેં મુખ્ય કારણ વૈસા પુરુષાર્થ હૈ,...'** જાગૃતિ હૈ, પુરુષાર્થ હૈ તો ઉદાસીનતા રહેગી. વરના ઉદયમેં રસ લે લેંગે.

**'ઐસા સમજકર જો કુછ નિવૃત્તિ કે કારણ હોં ઉન સબ કારણોંકા વારંવાર વિચાર કરના યોગ્ય હૈ.'** ઐસા સમજકર જો કુછ નિવૃત્તિકે કારણ હો, માને ઉદયસે નિવૃત્ત હોકરકે અપને આત્મકલ્યાણકે પરિણામોંમેં સમયકો લગાના, ઐસા વિચાર કર લેના ચાહિયે. ઇસ પ્રકારકા વિચાર કરના ચાહિયે કે ઉદયકી પ્રવૃત્તિસે નિવૃત્તિ લેકરકે, જિતની હો સકે ઉતની, ભીતરમેં અપના કામ કરના હૈ, ઉસમેં અપના સમય લગાના ચાહિયે.

મુમુક્ષુ :– ઉદયસે નિવૃત્તિ લેકર...

પૂજ્ય ભાઈશ્રી :– નિવૃત્તિકે કારણ જો હૈં, બાત તો ઉસમેં યહ હૈ કિ જો **'નિવૃત્તિકે કારણ હોં ઉન સબ કારણોંકા વારંવાર વિચાર કરના યોગ્ય હૈ.'** કિ હમ કૈસે નિવૃત્તિ લે સકે ? કૈસે હમારા સમય બચા સકે ? ઉદયમેં સે હમ કિતના સમય કમ કર સકે ? ઉન કારણોંકા વિચાર કરના ચાહિયે. ઉન કારણોંકા વિચાર કરનેસે જૈસા જિસકો ઉદય હો, ક્યોંકિ હરએકકો તો એક-સા ઉદય હોતા નહીં. હરએકકો અનેક-અનેક પ્રકારકા ઉદય હોતા હૈ તો અપને-અપને કારણોંકા વિચાર કરના ચાહિયે કિ હમ ક્યા કરેં કિ યહાંસે નિવૃત્ત હો સકે ? હમ ક્યા-ક્યા કરે તો નિવૃત્ત હો સકે ? ઇસકે કારણ જો ભી હૈં ઇસકા વિચાર કરના ચાહિયે. ઇસકા Alternative, નિવૃત્તિકા Alternative બિઠાનેકા પ્રયત્ન કરના ચાહિયે.

જૈસે હમારી Duty કમ હો, હમારા આના-જાના કમ હો, હમારી પ્રવૃત્તિ કમ હો. ઐસી વ્યવસ્થા હો સકે ઇતની બિઠાની ચાહિયે. જૈસે કિ કિસીકો કામ કરનેવાલે પરિવારકે જન હોતે હૈં, તો વો લોગ કામ કરે. ભાઈ હો, લડકા હો, જો ભી હો. અગર ઐસા ભી ન હો તો કોઈ ઐસા વિશ્વાસુ આદમી મિલ જાતા હૈ, થોડા ખર્ચા ભલે બઢતા હૈ તો ઉતના Income કમ હો ગયા ઐસા સમજકરકે અપના સમય Free રખે કિ ચલો ભાઈ ! તુમકો સંભાલના હૈ, હમ ઇતને દિન નિવૃત્તિમેં જા રહે

હૈં. પીછે તુમ લોગ સંભાલ લેના. તો ઐસે આદમીકો રખ લેવે. ઐસે વ્યવસ્થા હો સકતી હૈ. ઐસે કારણોંકા હમ અગર વિચાર કરતે હૈં તો યે વ્યવસ્થા હો સકતી હૈ. ઉસમેં કોઈ ઐસી બાત નહીં હૈ કિ હમ વ્યવસ્થા કરના ચાહે ઔર વ્યવસ્થા નહીં હોવે, ઐસા તો નહીં હો સકતા. હો સકતા હૈ. થોડા ખર્ચા અવશ્ય બઢતા હૈ. વિશ્વાસુ કોઈ આદમી કો રખનેકે લિયે ખર્ચા અવશ્ય બઢ સકતા હૈ. લેકિન હમારા સમય ઇસસે ભી કિમતી હૈ. ઉસકો જો ભી હમ દેંગે ઇસસે હમારા સમય તો જ્યાદા કિમતી હૈ. તો ઇસલિયે કભી ભી હમેં કહીં ભી સત્સંગમેં જાના હો, હમ બંધે હુએ નહીં રહે ઐસા વિચાર કરના ચાહિયે. નિવૃત્તિકા વિચાર કરના ચાહિયે. કિતની ભી પ્રવૃત્તિ હો, હમેં કરની પડતી હૈ તો કરતે હૈં. નહીં ચાહતે હુએ ભી કરની પડતી હૈ. તો ફિર ઇસમેં ભી હમ જગહ રખે. ઐસી વ્યવસ્થા બિઠાયે કિ હમકો જ્યાદાસે જ્યાદા સત્સંગકે નિવૃત્તિ લિયે મિલ સકે. ઐસે-ઐસે કારણોંકા વિચાર કરકે ઐસી વ્યવસ્થા બિઠાની ચાહિયે ઔર યહ હો સકતા હૈ.

**'હમેં યહ લિખતે હુએ ઐસા સ્મરણ હોતા હૈ કિ ''ક્યા કરના ?'' અથવા ''કિસી પ્રકાર સે નહીં હો પાતા ?'' ઐસા વિચાર આપકે ચિત્ત મેં વારંવાર આતા હોગા, તથાપિ ઐસા યોગ્ય હૈ કિ જો પુરુષ દૂસરે સબ પ્રકાર કે વિચારોં કો અકર્તવ્યરૂપ જાનકર આત્મકલ્યાણ મેં ઉત્સાહી હોતા હૈ ઉસે, કુછ નહીં જાનનેપર ભી, ઉસી વિચાર કે પરિણામ મેં જો કરના યોગ્ય હૈ, ઔર કિસી પ્રકાર સે નહીં હો પાતા, ઐસા ભાસ્યમાન હોનેપર ઉસકે પ્રકટ હોને કી સ્થિતિ જીવ મેં ઉત્પન્ન હોતી હૈ, અથવા કૃતકૃત્યતા કા સાક્ષાત્ સ્વરૂપ ઉત્પન્ન હોતા હૈ.'** જરા ગુજરાતી આપજો તો. અનુવાદમાં થોડોક ભાવ બેસતો નથી. 'કલોલ' લખેલો છે. 'કલોલ'માં, 'મહેસાણા'માં એમની મિલો હતી.

**'અમને આ લખતાં એમ સ્મરણ થાય છે કે ''શું કરવું ?'' અથવા ''કોઈ પ્રકારે થતું નથી ?'' એવું તમારા ચિત્તમાં વારંવાર થઈ આવતું હશે,...'** આ મૂંઝવણ છે, 'ઉગરીબેન'ની આ મૂંઝવણ છે કે શું કરવું ? અથવા કોઈ પ્રકારે પણ મારું આત્મકાર્ય થતું નથી. આવું તમને થયા કરતું હશે, અમને ખ્યાલમાં આવે છે. તમારી સ્થિતિ જોતાં, યોગ્યતા જોતાં અમને સ્મરણ થાય છે કે તમારા ચિત્તમાં વારંવાર આ પ્રકારના પરિણામો થતાં હશે કિ ક્યા કરના ? ક્યોં પ્રાપ્ત નહીં હોતા હૈ ? ઇસ બાત કી

જો ઉલજન હૈ, અકુલાહટ હૈ વહ બારબાર હોતી હોગી.

તથાપિ ઐસા ઘટિત હોતા હૈ કિ જો પુરુષ દૂસરે સબ પ્રકાર કે વિચાર અકર્તવ્યરૂપ જાન કરકે આત્મકલ્યાણ મેં અગ્રેસર હોતા હૈ. હિન્દી ક્યા કિયા હૈ ? **'તથાપિ ઐસા યોગ્ય હૈ કિ જો પુરુષ દૂસરે સબ પ્રકાર કે વિચારોં કો અકર્તવ્યરૂપ જાનકર આત્મકલ્યાણ મેં ઉત્સાહી હોતા હૈ ઉસે, કુછ નહીં જાનનેપર ભી,...'** ઉસી વિચાર મેં પરિણમન કરના ચાહિયે. **'ઉસી વિચાર કે પરિણામમેં જો કરના યોગ્ય હૈ ઔર કિસી પ્રકાર સે હો પાતા નહીં ઐસા ભાસ્યમાન હોનેપર ઉસકે પ્રકટ હોને કી સ્થિતિ જીવ મેં ઉત્પન્ન હોતી હૈ અથવા કૃતકૃત્યતા કા સાક્ષાત્ સ્વરૂપ ઉત્પન્ન હોતા હૈ.'**

મુમુક્ષુ :- ભાઈશ્રી ! અપની ચિંતા ઔર અકુલાહટ નિરંતર ચલની ચાહિયે.

પૂજ્ય ભાઈશ્રી :- યહી ચિંતા ઉનકો ચલતી હૈ. જિસ બહિન કો ચિઠ્ઠી લિખી હૈ, ઉનકો યહી ચિંતા ચલતી હૈ, તો વે લિખતે હૈં કિ, વહ ઠીક હૈ. ઐસી ચિંતા તુમકો ચલની હી ચાહિયે. ભલે હી દૂસરી કોઈ જાનકારી નહીં હો. ફિર ઐસે હી પરિણામ હોના ચાહિયે. કિ કિસી પ્રકાર સે હોતા નહીં હૈ તો ઉસકી જો ચિંતા હૈ. વહ ભાસ્યમાન હોતા હૈ કિ કિસી પ્રકાર સે મેરા કામ નહીં હો રહા હૈ, ઐસા ઉનકો લગતા હૈ. ભાસ્યમાન હોતા હૈ મતલબ લગતા હૈ. તો વહ ચિંતા હી આત્મકલ્યાણ પ્રગટ હોને કા વહાં કારણ ઉત્પન્ન હોતા હૈ. માને ઇસ ચિંતા સે નિર્મલતા આતી હૈ.

જૈસે કિ ઉનકો ઉલજન હૈ કિ ક્યા કરના ? કુછ સૂઝતા નહીં હૈ. આત્મકલ્યાણ કે લિયે ભીતર મેં હમ ક્યા કરેં ? ભીતર મેં કુછ સૂઝતા નહીં હૈ. ઔર પ્રાપ્તિ હોતી નહીં હૈ ઇસકી ચિંતા હોતી હૈ, આકુલતા હોતી હૈ. તો યહ હોની જરૂરી હૈ. જબ લગતા હૈ કિ હમકો કુછ કરના ચાહિયે, આત્મકલ્યાણ કે વિષય મેં કુછ કર લેના ચાહિયે. હમ કુછ જાનતે નહીં હૈં, ફિર ક્યા કરેં ? તો વહ ચિંતા હી ઉસકો નિર્મલતા લે આતી હૈ. ઐસા કહતે હૈં. હું ગુજરાતીમાં વાંચીશ એટલે સ્પષ્ટ સમજાશે. હિન્દીમાં જરાક Clumsy થઈ જાય છે.

**'અમને આ લખતાં એમ સ્મરણ થાય છે કે ''શું કરવું ?'' અથવા ''કોઈ પ્રકારે થતું નથી ?...''** એવું તમારા ચિત્તમાં વારંવાર થઈ આવતું હશે એ ચિંતા તમને વારંવાર થતી હશે, અમને ખ્યાલ છે. **'તથાપિ એમ ઘટે છે કે જે પુરુષ બીજા બધા પ્રકારનો વિચાર અકર્તવ્યરૂપ જાણી આત્મકલ્યાણને વિષે ઉજમાળ થાય છે,...'** બીજું તો કાંઈ

કરવું જ નથી. એક આત્મકલ્યાણ જ કરવું છે. ભલે હજી થતું નથી. નથી થતું એટલે એની ચિંતા છે. પણ બીજું કાંઈ કર્તવ્યરૂપ નથી. અકર્તવ્યરૂપ છે એમ જાણીને **'આત્મકલ્યાણને વિષે ઉજમાળ થાય છે,...'** ઉત્સાહિત થાય છે.

**'તેને કંઈ નહીં જાણતાં છતાં,...'** ભલે એને બીજું કાંઈ જ્ઞાન નથી કે કેમકેરવું ? અને શું કરવું ? રસ્તો સૂઝતો નથી, કાંઈ જાણતા નથી છતાં **'તે જ વિચારના પરિણામમાં જે કરવું ઘટે છે,...'** એ જ વિચારો, એ જ ચિંતના કરવી ઘટે છે. **'અને કોઈ પ્રકારે થતું નથી...'** છતાં કોઈ પ્રકારે થતું નથી **'એમ ભાસ્યમાન થયેલું...'** એવું લાગેલું **'તે પ્રગટ થવાનું તે જીવને વિષે કારણ ઉત્પન્ન થાય છે,...'** એવું જે એને Feel થયા કરે છે, લાગ્યા કરે છે કે કાંઈ થતું નથી, કાંઈક આત્મકલ્યાણ કરવું છે પણ થતું નથી. એની જે ચિંતા છે એને એ આત્મકલ્યાણ પ્રગટ થવાનું કારણ ઉત્પન્ન થાય છે. એટલે નિર્મળતા ઉત્પન્ન થાય છે.

આમાં શું છે ? ક્યોં સૂઝતા નહીં હૈ ? કિ નિર્મલતા નહીં હૈ ઇસલિયે સૂઝતા નહીં હૈ. આત્મકલ્યાણ કે લિયે ભીતર મેં ક્યા કરેં ? તો સૂઝતા નહીં હૈ, સૂઝતા નહીં હૈ તો ઉસકી ચિંતા હોતી હૈ. વહ ચિંતા નિર્મલતાકો લે આતી હૈ તો આગે જા કરકે સૂઝેગા, સૂઝ આ જાયેગી. અગર ચિંતા નહીં હુઈ તો આપત્તિ હૈ. ઇસકા મતલબ ક્યા હુઆ ? કિ જિસકો આત્મકલ્યાણ નહીં હોતા હૈ ઉસકો આત્મકલ્યાણ કે લિયે ચિંતા હોની આવશ્યક હૈ, હોની ચાહિયે. વહ ચિંતા ઉસ નિર્મલતા કો લે આયેગી જિસ કારણ સે ઉનકો આત્મકલ્યાણ કરને કી ભીતર મેં સૂઝ આ જાયેગી. અગર વહ ચિંતા નહીં (હૈ) તો દૂસરી ચિંતા મેં તો જીવ લગા હુઆ હૈ હી, વહ સંસાર કી હૈ.

ચિંતા દો પ્રકાર કી હોતી હૈં – એક, સંસાર કી તો સબોં કો હૈ હી. કોઈ ભી પ્રકાર કા ઉદય હો, અનુકૂલતા કા, પ્રતિકૂલતા કા, ચિંતા બિના કા કોઈ જીવ નહીં હૈ. લેકિન જિસકો આત્મકલ્યાણ કી ચિંતા ગલે લગી ઉસકો વહ (સંસારકી) ચિંતા ગૌણ હો જાયેગી ઔર વહ (આત્મકલ્ણાયકી) ચિંતા ઉસકો નિર્મલતા લે આયેગી. ઉસકે સિવા કોઈ દૂસરા રાસ્તા નહીં હૈ.

મુમુક્ષુ :– ભાઈશ્રી ! એક તરફ ચિંતા હોતી હૈ ઔર દૂસરી તરફ પ્રતિબંધ...

પૂજ્ય ભાઈશ્રી :– પ્રતિબંધ ભી અપને કારણસે હૈ. અપના પ્રતિબંધ તો અપને

કારણસે હૈ. હમ ક્યોં લગાવ રખતે હૈં ? હમ ચિંતા ભી કરેં ઔર લગાવ ભી રખેં. દો બાત ક્યોં કરતે હૈં હમ ? નહીં કરના ચાહિયે. અપની Duty નૌકરકી તરહ Fulfil કર દે. કિ ચલો, ઇસ ઘરમેંસે હમકો ઉતના, ખાના-પીના, યે-યે સબ હોતા હૈ તો ઉસકે સામને હમકો કુછ પરિશ્રમ દે દેના ચાહિયે. બાત ખતમ. લગાવ ક્યોં રખેં ?

મુમુક્ષુ :– લગાવ નહીં રખતે હૈં ...

પૂજ્ય ભાઈશ્રી :– ફિર પ્રતિબંધ નહીં હૈ. પ્રતિબંધ તો વહ હૈ કિ અપના ભાવ અપનત્વ કરતા હૈ વહ પ્રતિબંધ હૈ. યહ મેરા લડકા હૈ, યહ મેરા પતિ હૈ, યહ મેરા ઘર હૈ, યહ મેરા વહ હૈ, વહ હૈ, વહ હૈ. તો અપના ભાવ હૈ વહ પ્રતિબંધરૂપ હૈ, વહ ચીજ નહીં.

મુમુક્ષુ :– સત્સંગ મેં જૈસે જાને નહીં દેતે, Problem કરતે હૈં, તો ઉસમેં ક્યા કરેં ? વહ પ્રતિબંધ હૈ ?

પૂજ્ય ભાઈશ્રી :– ઉસકો તો દોનોં બાત હૈં. બંધન ભી હૈ ઔર પ્રતિબંધ ભી હૈ. પ્રતિબંધ ભી થોડાબહુત હૈ. તો ઠીક હૈ. ઉસકા દુઃખ તો હોતા હૈ ન ? ઉસકા દુઃખ તો હોગા ન ? દુઃખ હોના ચાહિયે. વહ નિર્મલતા લે આયેગા. વહ દુઃખ પ્રતિબંધકો છોડેગા. દુઃખ નહીં હોગા તો આપત્તિ હૈ, દુઃખ નહીં હોગા તો આપત્તિ (હૈ). દુઃખ હોગા તો આગે જા કરકે ઇસકા રાસ્તા નિકલ જાયેગા. દુઃખ હોગા, દુઃખ બઢેગા ઔર દુઃખ બઢકરકે કુછ ઇસ હદ તક પહુંચેગા કિ જો પ્રતિબંધકો તોડેગા ઔર રાસ્તા નિકલ જાયેગા. યહ બાત બનનેવાલી હૈ. આગે જાકરકે ઐસા બનતા હૈ. ઠીક હૈ. દુઃખ નહીં હોતા હૈ તો તકલીફ હૈ, દુઃખ હોતા હૈ તો ઉતની તકલીફ નહીં હૈ. વહ બાત હૈ.

મુમુક્ષુ :– ચિંતા અને નિર્મળતા ...

પૂજ્ય ભાઈશ્રી :- આત્મકલ્યાણ નહીં હોતા હૈ ઉસકી જો ચિંતા હૈ વહ આત્મકલ્યાણ હોનેકે લિયે નિર્મલતા લે આયેગી. જિસકો આત્મકલ્યાણકી ચિંતા, ફિકર નહીં હૈ વહ ભયંકર બાત હૈ. જિસકો અપને આત્મકલ્યાણકી ચિંતા નહીં હોતી હૈ વહ બાત અચ્છી નહીં હૈ. ઉસમેં ગડબડ જ્યાદા હૈ. લેકિન જિસકો ચિંતા હોતી હૈ વહ ચિંતા નિર્મલતાકો લે આયેગી.

ઇસકે લિયે તો કૃપાલુદેવને ૮૬ ઔર ૧૯૫ દો પત્ર જો લિખેં હૈં કિ, અનંતકાલસે

આત્મકલ્યાણ નહીં હુઆ, પરિભ્રમણ નહીં મિટા તો ઇસકે લિયે ક્યા કરના ચાહિયે ? ઉસકી ચિંતના સતત ચલની ચાહિયે. ઔર ઉસ ચિંતનાકે પરિણામોમેં ઝૂરનાકા પરિણામ આ જાના ચાહિયે. હિન્દીમેં ઝૂરનાકા ક્યા (અનુવાદ) કિયા હૈ ? તડપન, તડપન, ઠીક હૈ. તડપન હોની ચાહિયે. તડપન આયેગી, જિતની તડપન આયેગી ઉતની નિર્મલતા આયેગી. **'દૃઢ વિશ્વાસસે વ્યથિત હુએ બિના'** હિન્દી વહ કિયા હૈ. **'દૃઢ વિશ્વાસસે વ્યથિત હુએ બિના માર્ગકે અંશકા અલ્પ ભાન નહીં હોતા.'** (પત્રાંક) ૮૬મેં **'વ્યથિત'** શબ્દ કિયા હૈ. વ્યથા કહો, ચિંતા કહો.

મુમુક્ષુ :- ચિંતા કરતા તો ખેદ વધારે થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હોને દો. (જિતના) ખેદ હોવે, હોને દો. હોના હી ચાહિયે. જ્ઞાની ઇસ ખેદકો દેખેંગે તો જ્ઞાની રાજી હોંગે કિ ચલો, અચ્છા હુઆ ઇસકો ખેદ હોતા હૈ. હોને દો, ઔર જોરસે હોને દો. હોના હી ચાહિયે. તભી નિર્મલતા આયેગી.

મુમુક્ષુ :- ખેદ થાય છે એમાં આર્ત્તધ્યાન...

પૂજ્ય ભાઈશ્રી :- આર્ત્તધ્યાન છે એ પ્રશસ્ત આર્ત્તધ્યાન હૈ. સારું છે, થવું જોઈએ, એવું આર્ત્તધ્યાન જરૂરી છે. ધર્મધ્યાન થયા પહેલા બીજું આર્ત્તધ્યાન મટીને આ પ્રકારનું આર્ત્તધ્યાન એકવાર આવશે, પછી ધર્મધ્યાન આવશે. પહેલા આર્ત્તધ્યાનમાં ને આર્ત્તધ્યાનમાં Transfer થઈ જશે.

જેમકે અત્યારે સંયોગની ચિંતા છે એમાંથી આત્મકલ્યાણની ચિંતા (થશે). ચિંતા એ ચિંતામાં Transfer થશે. પહેલા સગાસંબંધીઓ, પ્રિયજનો, મિત્રો – એને ઇચ્છતો હતો. પછી સત્પુરુષને ઇચ્છે છે. તો એમાંને એમાં એવી રીતે Transfer થઈ જશે. **'ઇસ વાક્યમેં અનંત અર્થ સમાયા હુઆ હૈ; ઔર ઇસ વાક્યમેં કહી હુઈ ચિંતના કિયે બિના, ઉસકે લિયે દૃઢ હોકર તરસે બિના...'** આમાં (પત્રાંક ૧૯૫માં) તરસ લીધી છે. તરસે બિના, વ્યથિત હુએ બિના, તરસે બિના **'માર્ગકી દિશાકા ભી અલ્પ ભાન નહીં હોતા;...'** ૧૯૫મેં વહ બાત લી હૈ.

તો ઇસ બહિનકી જો યોગ્યતા હૈ વહ કૃપાલુદેવ જાનતે થે કિ તુમ્હારી યોગ્યતામેં ઇસ પ્રકારકે પરિણામ હોતે હોંગે. ઠીક હૈ, હોના ચાહિયે. યહ હોના હી ચાહિયે. ઔર ઉસકો આત્મકલ્યાણ પ્રગટ હોનેકા કારણ ઉત્પન્ન હોતા હૈ. અથવા આત્મકલ્યાણ હો જાતા હૈ તો **'કૃતકૃત્યતાકા સાક્ષાત્ સ્વરૂપ ઉત્પન્ન હોતા હૈ.'** યાની કિ આત્મકલ્યાણ

હો જાયેગા, સમ્યગ્જ્ઞાન હો જાયેગા તો કૃત્યકૃત્યતા અનુભવમેં આયેગી.

**'દોષ કરતે હૈં ઐસી સ્થિતિમેં ઇસ જગતકે જીવોંકે તીન પ્રકાર જ્ઞાની પુરુષને દેખે હૈં.'** દોષ કરનેવાલે જીવમેં તીન પ્રકારકે જીવ હૈં. દોષ કરનેવાલેમેં ભી, એક પ્રકારકે જીવ દોષ નહીં કરતે હૈં. તીન પ્રકારકે જીવ દોષ કરતે હૈં. (૧) **'કિસી ભી પ્રકારસે જીવ દોષ યા કલ્યાણકા વિચાર નહીં કર સકા, અથવા કરનેકી જો સ્થિતિ હૈ ઉસમેં બેભાન હૈ, ઐસે જીવોંકા એક પ્રકાર હૈ.'** પહલા પ્રકાર તો વહ લિયા હૈ કિ કિતને હી જીવ ઐસે હૈં કિ અપને દોષકા ભી વિચાર નહીં કરતે હૈં ઔર દોષકો છોડકરકે આત્મકલ્યાણકા વિચાર કરતે હી નહીં હૈ. ઔર કરને યોગ્ય સ્થિતિમેં ભી નહીં હૈ. ઉદયમેં દૌડતા હી જાતા હૈ. ઉદયકે પીછે લગા હુઆ હૈ. કિતના દોષ કરતા હૂં ? યા મુઝે મેરા આત્મકલ્યાણ કરના ચાહિયે ઉસ વિષયમેં કુછ સોચતા નહીં હૈ, કુછ સોચનેકી સ્થિતિમેં ભી નહીં હૈ. ઉતના આવેગમેં હૈ, વેગમેં હૈ. ઐસી સ્થિતિમેં બેભાન હૈ, બિલકુલ બેભાન હૈ. આયુષ્ય પૂરા હો જાતા હૈ ઔર સંયોગકી દૌડકે પીછે-પીછે હી આયુષ્ય પૂરા હો જાતા હૈ. કુછ સૂઝતા નહીં હૈ. બેભાન અવસ્થામેં પૂરા જીવન ચલા ગયા. એક તો ઐસા પ્રકાર હૈ.

(૨) **'અજ્ઞાનતાસે, અસત્સંગકે અભ્યાસસે ભાસમાન બોધસે દોષ કરતે હૈં ઉસ ક્રિયાકો કલ્યાણસ્વરૂપ માનનેવાલે જીવોંકા દૂસરા પ્રકાર હૈ.'** જો ધાર્મિકક્રિયા કરતા હૈ, લેકિન અજ્ઞાનસે. ઉસકો યહ પતા નહીં હોતા હૈ કિ ઇસસે આત્મકલ્યાણ નહીં હોતા હૈ. અજ્ઞાન હૈ અથવા અસત્સંગકે અભ્યાસસે ભાસ્યમાન હુઆ ઐસે બોધસે દોષ કરતા હૈ. માને કુગુરુસે. સંપ્રદાયમેં ઐસા હી હોતા હૈ. (કુ)ગુરુ તો જ્ઞાની હોતે નહીં. જો ઉસકો બતાતે હૈં વહ કર લેતા હૈ. ઔર માનતા હૈ કિ હમકો કુછ ઉપદેશ મિલા હૈ ઔર હમ હમારે ગુરુકે ઉપદેશ કે અનુસાર ચલતે હૈં. લેકિન ઉસમેં કોઈ આત્મકલ્યાણ નહીં હૈ. યહ દોષકા દૂસરા પ્રકાર હૈ.

(૩) **'ઉદયાધીનરૂપસે માત્ર જિસકી સ્થિતિ હૈ, સર્વ પરસ્વરૂપકા સાક્ષી હૈ ઐસા બોધસ્વરૂપ જીવ, માત્ર ઉદાસીનતાસે કર્તા દિખાયી દેતા હૈ; ઐસે જીવોંકા તીસરા પ્રકાર હૈ.'** યહ જ્ઞાનીકી બાત હુઈ. **'ઉદયાધીનરૂપસે માત્ર જીસકી સ્થિતિ હૈ,...'** ઉદયકા બંધન જિસકો હૈ. ઇસલિયે વે દોષકે પરિણામ કરતે હુએ દિખનેમેં આતે હૈં. લેકિન વે સાક્ષી હૈં. વે તો જ્ઞાતા-દૃષ્ટા હૈં, સાક્ષી હૈં. વે દોષ નહીં કરતે, લેકિન દૂસરે કો

ઐસા લગતા હૈ કિ દેખો, દુકાન જાતે હૈં, ઓફીસમેં બૈઠતે હૈં, વ્યવસાય કરતે હૈં. તો દોષ નહીં હોતા હૈ ક્યા ? લેકિન વે ઉદાસીન હૈં, ઉનકી ઉસમેં ઉદાસીન સ્થિતિ હૈ ઔર ઉસમેં સાક્ષીભાવ હૈ. ઐસા બોધસ્વરૂપજીવ માને જ્ઞાનીજીવ કિ જિસકા સ્વરૂપ જાનનેસે અજ્ઞાનીકો બોધ મિલતા હૈ. **'માત્ર ઉદાસીનતાસે કર્તા દિખાયી દેતા હૈ;...'** ઉદાસીનભાવસે જો ભી કાર્ય કરતે હૈં વહ કર લેતે હૈં. ઐસા જીવકા તીસરા પ્રકાર હૈ.

મુમુક્ષુ :- સંસારીજીવની જે ઉદયાધીન પ્રવૃત્તિ છે એ રસપૂર્વક કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :- રસપૂર્વક ઇસલિયે કરતા હૈ કિ ઉસકો ઉસમેં અપનાપન લગતા હૈ કિ, યહ મેરા વ્યવસાય હૈ, યહ મેરા ધંધા હૈ. ઉસકા લાભ ભી મુઝે હૈ, ઉસકા નુકસાન ભી મુઝે હૈ. ઇસલિયે મુઝે પૂરા ધ્યાન દેકર અપના કામ સંભાલના ચાહિયે. જબકિ જ્ઞાનીકો અપનત્વ નહીં હૈ. ઉદય આયા હૈ, હમ તો એક Manager હૈં, Manager કી તરહ કામ કર લેંગે. ઉસકો અપનાપન નહીં લગતા હૈ.

હમ 'વવાણિયા' ગયે થે. વહાં કૃપાલુદેવકા ઔર પ્રકારકા ભી સાહિત્ય હૈ. મુમુક્ષુકા ભી સાહિત્ય હૈ, 'સોભાગભાઈ'કા, 'અંબાલાલભાઈ'કા, 'લલ્લુજી'કા. કિતને હી મુમુક્ષુકે વહાં પત્ર હૈં. લેકિન હમકો એક વહ મિલા કિ કૃપાલુદેવકા જો Business contract હોતા હૈ. Business contract કી condition જો હોતી હૈ ઉસકા એક પૂરા Proforma હમકો મિલા. 'કૃપાલુદેવ' કે હસ્તાક્ષરમેં હૈ. ઉસકા જો Title થા કિ 'રેવાશંકર જગજીવનની કંપની, મેનેજર, રાયચંદ રવજીભાઈ મહેતા.' વે Partner થે. લેકિન ઉન્હોંને ક્યા લિખા થા ? 'મેનેજર, રાયચંદ રવજીભાઈ મહેતા.' ઉન્હોંને લિખા થા. ઉનકા Commission agent કા (કામ થા). ઉસ Concern મેં જો કામ થા, Deparment commission agent કા થા. તો હમારે યહા જો માલ બિકનેકે લિયે આયેગા,.. 'બંબઈ'મેં દો પ્રકારકા Business, Commission Agent કો મિલતા હૈ. એક તો ઉનકે વહાં માલ બિકનેકો આતા હૈ. ઔર માલ યહાં 'બંબઈ'સે ખરીદકે લે જાનેવાલે હોતે હૈં વે ઉનકે Through લે જાતે હૈં. Local party કો Payment, Commission Agent કર દેતે હૈં. દો પ્રકારકા Commission કા કામ હોતા હૈ, ખરીદકા ઔર બીક્રીકા-દોનોંકા.

વે દોનોં કરતે થે. તો ઉનકે લિયે Proforma બનાયા થે કિ હમારી કામ કરનેકી નીતિ રીતિ ક્યા હૈ ? હમ કૈસે ખર્ચ લગાતે હૈં. જો લગતે હૈં વહ લગાતે હૈં. ઉસમેં

હમ કિતના ફાયદા કરતે હૈં ? ગ્રાહકકો, હમારે Customer કો હમ કિતના લાભ કર સકતે હૈં ? કિતના કર દેતે હૈં ? વહ સબ પ્રકારકી જો છોટીમોટી બાતેં હૈં ઉસકા Condition કા વિવરણ થા. ઉસમેં એક Intelligent ઔર Business મેં બહુત Expert હોતે હૈં ઐસે લોગ હી ઉસ જમાનેમેં ઐસે Proforma બનાતે હોંગે. વહ ખુદને બનાયા થા. ઔર અલગ-અલગ જગહ તીન Office કા Address મિલતા હૈ. એક ઝવેરી બાઝારમેં હૈ, વહાં જ્યોહરાતકા કામ હૈ. Commission Agent કા કામ કોઈ ઔર જગહ ભી થા. દો ઔર Office કા Address મિલતા હૈ. તીન Office કા તો મિલતા હૈ. તો કમસે કમ ઉન Partners કી તીન Office તો હોગી. વે Group of partners થે. તો મતલબ ક્યા હૈ ? હમારા તો ધ્યાન ઉતના થા કિ ઉસમેં Partner શબ્દ નહીં લિખા થા, Manager શબ્દ લિખા થા. હમ ઇસ કામકો Manage કરતે હૈં. ઉનકો કુછ લેના-દેના નહીં હૈ. Manage કરનેસે જ્યાદા લેના-દેના નહીં હૈ. Manage કર લેતે હૈં. ફિર જૈસા હુઆ વૈસા હુઆ. તો ઉસ તરહસે કામ કર સકતે હૈં.

હમ હમારી Firm મેં નૌકર બન જાય તો કોઈ ચિંતા નહીં હૈ. ધની રહે તો પૂરી ચિંતા હૈ. ફિર Office મેં નહીં ઘર પર રહેંગે તો ચિંતા કરેંગે. ધની તો ઘર પર બૈઠા રહેગા ઔર નૌકર લોગ કામ કરેંગે તો ચિંતા ધની કરેગા. ઔર ખુદ નૌકર બન જાયેગા તો કોઈ તકલીફ નહીં હૈ. ઐસે હી હરજગહ, ઘરમેં, વ્યવસાયમેં હરજગહ અપનાપન યા સ્વામિત્વ છોડના હૈ. સ્વામિત્વ છોડા તો પ્રતિબંધ છૂટા. સ્વામિત્વ રખા તો ખુદને પ્રતિબંધ ખડા કિયા. ઉતની સી બાત હૈ. કામ તો જો હોગા સો હોગા. વહ પ્રારબ્ધ આધીન હૈ. લેકિન પરિણામ ક્યા રખના વહ અપને આધીન હૈ. પરિણામ સ્વામિત્વકા રખના યા Manager કા રખના વહ અપને આધીન હૈ. બાકી કામ તો જો હોગા સો હોગા. Manager બનને સે કોઈ કામ કચ્ચા હોગા વહ માનનેકી જરૂરત નહીં હૈ ઔર ધની બન જાયેંગે તો કામ પક્કા હોગા વહ ભી માનનેકી જરૂરત નહીં હૈ. કામ તો જો હોગા સો હોગા. હમ અપને આપકો કિતના નુકસાન કરતે હૈં વહ અપનેકો સંભાલના હૈ. બાત તો ઉતની હી હૈ.

**‘ઇસ તરહ જ્ઞાની પુરુષને તીન પ્રકારકા જીવ-સમૂહ દેખા હૈ. પ્રાયઃ પ્રથમ પ્રકારમેં...’** માને પહલે પ્રકારકા જો દોષ હૈ ઉસમેં **‘સ્ત્રી, પુત્ર, મિત્ર, ધન આદિકી**

**પ્રાપ્તિ-અપ્રાપ્તિકે પ્રકારમેં તદાકાર-પરિણામી...**' તન્મય હોકરકે કુટુંબ-પરિવારમેં ઔર વ્યવસાય આદિમેં તન્મય હોકર કે '**તદાકાર-પરિણામી જૈસે ભાસિત હોનેવાલે જીવોંકા સમાવેશ હોતા હૈ.**' વહ તો કુટુંબ-પરિવાર ઔર ધંધેકે સિવા દૂસરા કુછ ઉનકો તો લગતા હી નહીં. વે પહલે પ્રકારકે જીવ હૈં. તીનોંકા સ્પષ્ટીકરણ દિયા હૈ. વે પહલે પ્રકારમેં સમાવેશકો પ્રાપ્ત હોતે હૈં.

દૂસરે પ્રકારમેં '**ભિન્ન-ભિન્ન ધર્મોંકી નામક્રિયા કરનેવાલે જીવ, અથવા સ્વચ્છંદપરિણામી...**' અપની મનમાની ધાર્મિક પ્રવૃત્તિ કરનેવાલે સ્વચ્છંદ પરિણામી જીવ. '**ઔર પરમાર્થમાર્ગપર ચલતે હૈં...**' આત્મકલ્યાણ હમ કર રહે હૈં '**ઐસી બુદ્ધિ રખનેવાલે...**' કિ હમ તો હમારા આત્મકલ્યાણ કરતે હૈં. કિસીને તપશ્ચર્યા કીયા, શાસ્ત્ર પઢા, વહ કિયા, વહ કિયા ઐસે '**જીવોંકા દૂસરે પ્રકારમેં સમાવેશ હોતા હૈ.**'

અબ તીસરા પ્રકાર લેતે હૈં કિ, '**સ્ત્રી, પુત્ર, મિત્ર, ધન આદિકી પ્રાપ્તિ-અપ્રાપ્તિ ઇત્યાદિ ભાવમેં જિન્હેં વૈરાગ્ય ઉત્પન્ન હુઆ હૈ...**' આતા હૈ, જાતા હૈ, ઉસમેં કુછ રસ નહીં હૈ. કુછ ભી હો, લાભ-નુકસાન કોઈ રસ નહીં હૈ. જો ભી પૂર્વકર્મ અનુસાર હોતા હૈ સો હોને દો. ઉસમેં જિસકો વૈરાગ્ય ઉત્પન્ન હુઆ હૈ '**અથવા** (વૈરાગ્ય ઉત્પન્ન) **હુઆ કરતા હૈ;...**' વૈરાગ્ય હોતા રહતા હૈ. '**જિનકા સ્વચ્છંદ-પરિણામ ગલિત હુઆ હૈ,...**' સ્વચ્છંદ જિનકો નહીં હૈ '**ઔર જો ઐસે ભાવકે વિચારમેં નિરંતર રહતે હૈં,...**' જો હમેશા ઐસે પરિણમનમેં રહતા હૈ '**ઐસે જીવોંકા સમાવેશ તીસરે પ્રકારમેં હોતા હૈ.**' ફિર ભી બાહ્ય પરિણામ દિખતા હૈ તો અલ્પ દોષ હોતા હૈ વહ તીસરે પ્રકારમેં આતા હૈ.

'**જિસ પ્રકારસે તીસરા ભેદ સિદ્ધ હો ઐસા વિચાર કર્તવ્ય હૈ.**' યહ વિચાર અચ્છા હૈ, ઠીક હૈ. તીસરે પ્રકારમેં આના યોગ્ય હૈ. પહલે દો પ્રકારમેં આના યોગ્ય નહીં હૈ. '**જો વિચારવાન હૈ ઉસે યથાબુદ્ધિસે,...**' માને અપની બુદ્ધિ અનુસાર, યોગ્યતા અનુસાર '**સદ્ગ્રંથસે ઔર સત્સંગસે વહ વિચાર પ્રાપ્ત હોતા હૈ,...**' જિસકી જિતની યોગ્યતા હૈ ઉસકો સત્સંગમેં યા સદ્ગ્રંથસે અપને ઉદયમેં નિરસ પરિણામસે, વિરક્તભાવસે ચલના ચાહિયે, ઐસા વિચાર ઉનકો વહાં પ્રાપ્ત હોતા હૈ.

'**ઔર અનુક્રમસે દોષરહિત સ્વરૂપ ઉસમેં ઉત્પન્ન હોતા હૈ.**' ઔર અનુક્રમસે વહ નિર્દોષ હો જાતા હૈ. અનુક્રમસે માને ક્રમશઃ આગે જાકરકે. '**યહ બાત પુનઃ પુનઃ**

**સોતે જાગતે ઔર ભિન્ન ભિન્ન પ્રકારસે વિચાર કરને, સ્મરણ કરને યોગ્ય હૈ.'** ઇસકા મતલબ યહ હુઆ કિ જીવકો અપને ઉદયમેં રસ લેના યહ અપના હી બડા નુકસાનકા કારણ હૈ. નિરસ રહના યહી અપને લાભકા કારણ હૈ. અપનત્વ રખે ઔર રસ નહીં આયે ઐસા બનનેવાલા નહીં હૈ. ઇસલિયે મુમુક્ષુકો ચાહિયે કિ વહ જિતના હો સકે ઉતના અપનત્વ કમ કરનેકા પુરુષાર્થ કરે.

અબ ક્યા બાત નિકલી ? ઇસમેંસે સારાંશ ક્યા નિકલા ? જૈસે વહ બહિનકી સ્થિતિ દેખી કિ આપકો ક્યા કરના વહ સૂઝતા નહીં હૈ ઔર કિસ પ્રકારસે પ્રાપ્ત હો, કિસી ભી પ્રકારસે પ્રાપ્ત નહીં હો રહા હૈ ઇસકી ચિંતના હો રહી હૈ, તો કૃપાલુદેવને બહુત વિચક્ષણતાસે તીન બાત રખ દી. સારે પત્રકો Summarize કરતે હૈં તો કૈસે હોતા હૈ ? કિ જગતમેં તીન પ્રકારકે દોષ હોતે હૈં.

તુમ દેખો, તુમ્હારા કૌનસા પ્રકાર હૈ ? ક્યા તુમ પહલે પ્રકારમેં ફંસે હુએ હો ? યા દૂસરે પ્રકારમેં ફંસે હુએ હો ? તીસરે પ્રકારમેં આના યોગ્ય હૈ ઇસકા મતલબ ક્યા ? કિ ઇસકા વહ મતલબ હૈ કિ તુમ અપનાપન છોડો. જબ તક અપનાપન કરતે રહોગે તબ તક આત્મકલ્યાણ હોનેકી સંભાવના નહીં હૈ. આત્મકલ્યાણ ભી કરના ઔર ઉદયમેં અપનાપન ભી રખના, દો બાત નહીં બનેગી. તો ક્યા કરના ? કિ અપનાપન છોડના. ક્યા કરના, ઉસકા ઉત્તર દે દિયા. લેકિન બહુત વિચક્ષણતાસે દિયા હૈ. દેખો ! યે તીસરે પ્રકારકે જીવ જગતમેં હોતે હૈં. વે ભી પ્રવૃત્તિ કરતે હૈં તો લોગ દેખતે હૈં કિ ઉસકા ભી દોષ હોતા હૈ, દેખો ! વે ભી જો સંસારકી પ્રવૃત્તિ કરતે હૈં ઉસમેં દોષ તો હોતા હી હૈ. લેકિન તીસરા પ્રકાર અચ્છા હૈ, ક્યોંકિ નિરસ પરિણામસે હોતા હૈ ઔર નિરસ પરિણામ કબ હોતા હૈ ? કિ જબ અપનત્વ નહીં હોતા હૈ તબ. તો અપનત્વ મિટાનેકા પુરુષાર્થ કરના, જહાં-જહાં અપનત્વકા પરિણામ હોતા હૈ ઔર રસ આતા હૈ. વહાંસે માલૂમ પડ જાયેગા કિ રસ આયેગા વહાંસે અપનત્વ મિટાનેકા પુરુષાર્થ કરો યહી આત્મકલ્યાણકી દિશામેં ક્યા કરના ઉસકા ઉત્તર હૈ. વરના તો બહુત અકુલાહટ હોગી. ક્યા કરના ? નહીં હો રહા હૈ. ક્યા કરના ? નહીં હો રહા હૈ. ઠીક બાત હૈ. યહ ચિંતા ભી અચ્છી હૈ. હોની જરૂરી ભી હૈ.

લેકિન ક્યા કરના ? ઉસકા ઉત્તર યહ મિલ જાયેગા કિ જહાં અપનત્વ હૈ વહાં

પ્રતિબંધ હૈ. અપનત્વ મિટા તો પ્રતિબંધ નહીં હૈ. ફિર જો હૈ વહ બંધ હૈ. બંધન અલગ ચીજ હૈ, પ્રતિબંધ અલગ ચીજ હૈ. તો બંધન કુછ ભી હો. હો સકતા હૈ પ્રારબ્ધ કે આધીન. હમારે કિયે હુએ અપરાધકે કારણસે બંધનમેં હમ હૈં. શરીરકે બંધનમેં હૈં, પરિવારકે બંધનમેં હૈં, સમાજકે બંધનમેં હૈં. લેકિન હમેં ન શરીરકા પ્રતિબંધ ચાહિયે, ન કુટુંબ કા પ્રતિબંધ ચાહિયે, ન સમાજકા પ્રતિબંધ ચાહિયે. પ્રતિબંધ નહીં ચાહિયે. બંધન હો સકતા હૈ. તો બંધનકે કારણસે કુછ મર્યાદામેં રહના પડતા હૈ, નહીં ચાહે તો ભી. લેકિન પ્રતિબંધ તો કરના હી નહીં હૈ, અપનત્વ નહીં કરના હૈ. અપનત્વ મિટાનેકા પુરુષાર્થ કરના યહી મુમુક્ષુકો કરના હૈ. ઇસસે યોગ્યતા બઢતી હૈ, મુમુક્ષુતા વર્ધમાન હોતી હૈ ઔર આગે જાકરકે જ્ઞાનદશાકી પ્રાપ્તિ હોતી હૈ, હો સકતી હૈ. યહ બાત હૈ.

ઇસ પૂરે પત્રકા જો સારાંશ હૈ વહ મુમુક્ષુકે લિયે ક્યા કરના ? આત્મકલ્યાણ કિસી ભી પ્રકારસે પ્રાપ્ત નહીં હો રહા હૈ ઇસકે લિયે ક્યા કરના ? ઇસકા ઉત્તર યહાં બરાબર મિલતા હૈ. ઔર ઐસે હી જો મુમુક્ષુ બહિન હૈ વહ ઐસી હી ઉલઝનમેં હૈ તો ઉસકો જો બાત કહી, વહ બાત સભી મુમુક્ષુઓંકો લાગૂ પડતી હૈ. બાત તો ઇસકો કહી લેકિન જો ઇસ ભૂમિકામેં હૈં ઉન સબકો લાગૂ પડતી હૈ. કિ હમારા કાર્ય નહીં હો રહા હૈ, હમ ક્યા કરેં ? હમારા કાર્ય નહીં હો રહા હૈ. ઉનકો યહ લાગૂ પડતી હૈ.

શુરૂમેં વહ બાત ભી બહુત અચ્છી આયી હૈ કિ સત્સંગ પરમ દુર્લભ હૈ. કહીં નહીં મિલતા. ધર્મકે ક્ષેત્રમેં જાઓ (તો ભી) ઔર સંસારકે ક્ષેત્રમેં તો અસત્સંગ હૈ. લેકિન કહીં ભી ધર્મકે ક્ષેત્રમેં જાઓ (તો ભી), મંદિરમેં જાઓ, કહીં ભી ઉપાશ્રયમેં જાઓ, કહીં ભી જાઓ, સાધુકે સંગમેં જાઓ, ત્યાગીકે સંગમેં જાઓ. અરે...! મુમુક્ષુકે સંગમેં જાઓ. યથાર્થ સત્સંગ મિલના બહુત દુર્લભ હૈ, બહુત બુહુત દુર્લભ હૈ. ઐસી પરિસ્થિતિમેં અગર સત્સંગકા મૂલ્યાંકન હોતા હૈ તો ઇસકે લિયે પ્રયત્ન રહેગા. ઔર યહ ભી એક આત્મકલ્યાણકી દિશામેં હોનેવાલે પરિણામ હૈં.

જિસકો સત્સંગકા મૂલ્ય નહીં, મૂલ્યાંકન નહીં યા કમ હૈ ઉતના આત્મકલ્યાણ ભી દૂર હૈ, ઐસા સમઝના ચાહિયે. સબસે પહલે ઇસ બાતકો Establish કિયા હૈ કિ ચતુર્થકાલમેં ભી સત્સંગ દુર્લભ હૈ તો ઇસ કાલમેં તો બહુત દુર્લભ હૈ. બહુત

દુર્લભ હૈ ઇસલિયે પૂરા પ્રયત્ન કરના ચાહિયે ઔર હમારી પૂરી ભાવના હોની ચાહિયે. વહ બાત શુરૂમેં લે લિયા હૈ.

સત્સંગમેં સમાધાન નહીં કરતા. ૨૯૩ પત્રમેં વહ બાત હૈ. સત્સંગમેં હમ સમાધાન નહીં કરતે. સત્સંગ નહીં મિલતા હૈ તો હમકો સમાધાન નહીં હોતા હૈ. પૈસા નહીં મિલતા હૈ યા અનુકૂલતા નહીં મિલતી હૈ તો ઉસમેં તો હમકો સમાધાન આતા હૈ. પ્રતિકૂલતા હોતી હૈ ઉસમેં સમાધાન આતા હૈ. લેકિન સત્સંગ નહીં મિલતા હૈ તો હમકો સમાધાન નહીં આતા હૈ. પત્ર છોટા-સા હૈ. 'સોભાગ્યભાઈ'કો લિખા હૈ.

**'શ્રી સુભાગ્ય, સ્વમૂર્તિરૂપ શ્રી સુભાગ્ય,...'** ક્યા લિખા હૈ ? સ્વમૂર્તિરૂપ, હમારી મૂર્તિ હૈં આપ તો. દેખો ! ક્યા ક્યા લિખતે હૈં ! **'હમેં વિરહકી વેદના અધિક રહતી હૈ, ક્યોંકિ વીતરાગતા વિશેષ હૈ;...'** રાગ વિશેષ હૈ ઇસલિયે વિરહકી વેદના રહતી હૈ વહ બાત નહીં હૈ, વીતરાગતા વિશેષ હૈ. મતલબ ક્યા હુઆ ? કિ સત્સંગકા મૂલ્યાંકન હમકો જ્યાદા હૈ, આપસે ભી જ્યાદા હૈ ઇસલિયે હમકો વિરહકી વેદના જ્યાદા રહતી હૈ. મુમુક્ષુકો તો સત્સંગકી, જ્ઞાનીકે વિરહકી વેદના રહતી હૈ ઇસસે જ્યાદા જ્ઞાનીકો સત્સંગકે વિરહકી વેદના રહતી હૈ. ક્યોંકિ ઉનકો ઉસસે જ્યાદા મૂલ્યાંકન હૈ ઇસલિયે. દેખો ! ક્યા બાત હૈ ઊલટીસૂલટી !

**'અન્ય સંગમેં બહુત ઉદાસીનતા હૈ,...'** બાકીકા, સત્સંગ સિવાકા જો સંગ હૈ ઉસમેં તો હમારી પૂરી ઉદાસીનતા હૈ, કહીં મન નહીં લગતા. **'પરંતુ હરીચ્છાકે અનુસાર...'** યાની કુદરતકી વ્યવસ્થાકો અનુસરણ કરકે, બંધનમેં રહકરકે **'પ્રસંગોપાત્ત...'** ઐસે પ્રસંગ પડે હૈં (કિ) **'વિરહમેં રહના પડતા હૈ,'** હમકો આપસે અલગ રહના પડતા હૈ.

**'જિસ ઇચ્છાકો...'** જો હરીઇચ્છા, માને કુદરતકી વ્યવસ્થા **'સુખદાયક માનતે હૈં, ઐસા નહીં હૈ.'** ઉસ હરીઇચ્છાકો હમ સુખદાયક નહીં માનતે. સત્સંગકા વિરહ હોતા હૈ યહ કુદરતકી વ્યવસ્થાકો હમ સ્વીકાર નહીં કરતે. ઐસી કુદરતકી વ્યવસ્થાકા હમ નહીં સ્વીકાર કરતે, ઐસા નહીં માનતે. **'ભક્તિ ઔર સત્સંગમેં વિરહ રખનેકી ઇચ્છાકો સુખદાયક માનનેમેં હમારા વિચાર નહીં રહતા.'** હમારા અભિપ્રાય ઇસમેં નહીં હૈ. હમ ઇસમેં સાથ નહીં દેંગે. ઈશ્વરકો ભી હમ ઇસમેં સાથ નહીં દેતે. હમારા વિચાર ઐસા નહીં હૈ. ઐસા **'હમારા વિચાર નહીં રહતા.'**

**'શ્રી હરિકી અપેક્ષા ઇસ વિષયમેં હમ અધિક સ્વતંત્ર હૈં.'** ક્યા લિખા ? ભગવાનકો સ્વતંત્રતા નહીં દેંગે. ભક્તિ ઔર સત્સંગકે વિષયમેં વે અપની મનમાની કરે વહ હમ નહીં ચલાયેંગે. ઇસમેં તો હમ સ્વતંત્ર હૈં, વે નહીં. ઉનકો ઝૂકના પડેગા, કુદરતકો ઝૂકના પડેગા. હમારી ભાવના ઇતની હોગી કિ કુદરતકો ઝૂકના પડેગા. ઇસમેં હમ સ્વતંત્ર હૈ, દેખો ! શૈલી હૈ કોઈ, લિખનેકી ભી કોઈ પદ્ધતિ હૈ. ઐસા લિખા હૈ, 'સોભાગભાઈ'કો ચિઠ્ઠીમેં ઐસા (લિખા હૈ).

મુમુક્ષુ :- બીજા બધા પત્રોમાં હરિઇચ્છા સુખદાયક છે એમ આવે છે...

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમ કે હરિઇચ્છા સુખદાયક છે. તો કહે નહીં, ઇસમેં નહીં. સત્સંગમેં હમ સમાધાન નહીં કરતે. સત્સંગમેં તો હમ સ્વતંત્ર હૈં. ઈશ્વરસે, હરિસે ભી સ્વતંત્ર હૈં. વહ બાત હૈ. ઇનકા જીવન દેખો તો દોનોં અલગ હી રહે હૈં. છઃ-સાત સાલકા જો દોનોંકા પરિચય રહા, ફિર 'સોભાગભાઈ' તો ચલ બસે સ્વર્ગમેં ઔર તીન સાલકે બાદ વે ભી ગયે. તો તીન સાલ દોનોંકા બહુત વિયોગ રહા. અબ દોનોં સ્વર્ગમેં સાથમેં હૈં. કુદરતને વ્યવસ્થા બિઠાઈ કિ નહીં બિઠાઈ ? અભી વહાં સાથમેં હૈં. અભી યહાં તો વિયોગમેં રહે. કભી સંયોગ હુઆ, કભી વિયોગ હુઆ, કભી સંયોગ હુઆ, કભી વિયોગ હુઆ. લેકિન ભાવના તીવ્ર થી તો દોનોં વહાં સાથમેં હો ગયે. વહાં થોડી અલગ રહેંગે ? વહાં તો પૂરા પુણ્ય લેકર ગયે હૈં. આગે જા કરકે યહ વ્યવસ્થા બૈઠ જાતી હૈ. જિતની ભાવનામેં વહ રહતા હૈ ઉતની દેરસબેર રહતી હૈ. વહ ઠીક હૈ. યહ બાત હૈ, સત્સંગકે વિષયમેં જ્ઞાયિઓંકી યહ બાત હૈ. મુમુક્ષુકો તો અપની ગિનતી કર લેના ચાહિયે. વિશેષ કહેંગે...

**વિધિ : અંતરંગમાં સૂક્ષ્મ અનુભવદૃષ્ટિથી જોતાં, જીવને માત્ર જ્ઞાનનો - સામાન્યનો- જ અનુભવ છે. ત્યાં જોરથી સ્વપણું થતાં અનેક જ્ઞેયાકારો અને પર્યાયત્વ ગૌણ થાય છે; ને 'સ્વભાવનો આશ્રય' લક્ષના કારણથી થઈ જાય છે. સ્વભાવના આશ્રયમાં દ્રવ્ય પર્યાયના ભેદ સહજ નિરસ્ત થઈ જાય છે. કારણકે સ્વભાવ દ્રવ્ય-પર્યાયના ભેદથી નિરપેક્ષ છે. સ્વભાવે અનઉભય સ્વરૂપ છે. ('અનુભવ સંજીવની' - ૧૧૪)**

## પત્રાંક-૨૬૪

રાળજ, ભાદરવા સુદ ૮, ૧૯૪૭

(દોહરા)

હે પ્રભુ ! હે પ્રભુ ! શું કહું, દીનાનાથ દયાળ;
હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ. ૧
શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજરૂપ;
નથી લઘુતા કે દીનતા, શું કહું પરમસ્વરૂપ ? ૨
નથી આજ્ઞા 'ગુરુદેવ'ની, અચળ કરી ઉરમાંહી;
આપ તણો વિશ્વાસ દૃઢ, ને પરમાદર નાહીં. ૩
જોગ નથી સત્સંગનો, નથી સત્સેવા જોગ;
કેવળ અર્પણતા નથી, નથી આશ્રય અનુયોગ. ૪
'હું પામર શું કરી શકું ?' એવો નથી વિવેક;
ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક. ૫
અચિંત્ય તુજ માહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;
અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ. ૬
અચળરૂપ આસક્તિ નહિ, નહીં વિરહનો તાપ;
કથા અલભ તુજ પ્રેમની, નહિ તેનો પરિતાપ. ૭
ભક્તિમાર્ગ પ્રવેશ નહિ, નહીં ભજન દૃઢ ભાન;
સમજ નહીં નિજ ધર્મની, નહિ શુભ દેશે સ્થાન. ૮
કાળદોષ કળિથી થયો, નહિ મર્યાદાધર્મ;
તોય નહીં વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ. ૯
સેવાને પ્રતિકૂળ જે, તે બંધન નથી ત્યાગ;
દેહેંદ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ. ૧૦

તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાહીં;
નહિ ઉદાસ અનભક્તથી, તેમ ગૃહાદિક માંહીં. ૧૧
અહંભાવથી રહિત નહિ, સ્વધર્મ સંચય નાહીં;
નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ. ૧૨
એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય;
નહીં એક સદ્‌ગુણ પણ, મુખ બતાવું શુંય ? ૧૩
કેવળ કરુણા-મૂર્તિ છો, દીનબંધુ દીનનાથ;
પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ. ૧૪
અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન;
સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન. ૧૫
સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક;
પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક. ૧૬
સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય;
સત્ સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય ? ૧૭
પ્રભુ પ્રભુ લય લાગી નહીં, પડ્યો ન સદ્‌ગુરુ પાય;
દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય ? ૧૮
અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય;
એ નિશ્ચય આવ્યા વિના, સાધન કરશે શુંય ? ૧૯
પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માગું એ જ;
સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દૃઢતા કરી દે જ. ૨૦

## તા. ૧૨-૦૪-૧૯૯૮, પ્રવચન નં. ૭૨
## પત્રાંક - ૨૬૪

શ્રીમદ્ રાજચંદ્ર વચનામૃત, પત્રાંક ૨૬૪. કૃપાળુદેવ નિવૃત્તિ ક્ષેત્રમાં લગભગ ભાદરવા / આસોમાં આવતા હતા. ૨૪મા વર્ષે પણ આ ખંભાત બાજુ આવેલા હશે. ખંભાતની બાજુમાં રાળજ કરીને ગામ છે. એ ગામમાં થોડા દિવસ રહ્યા હતા, ત્યાં એમણે આ બધા પદ ભાદરવા મહિનામાં બનાવ્યા છે, (પત્રાંક નંબર) ૨૬૪,૨૬૫,૨૬૬,૨૬૭-ચાર પદ ત્યાં રાળજમાં બનાવ્યા છે. એમાં વીસ દોહરા બનાવ્યા છે એ લલ્લુજી મહારાજ માટે બનાવ્યા છે. એ ભૂમિકાનો આ વિષય છે કે જે ભૂમિકામાં કોઈ જીવ જ્યારે આત્મકલ્યાણની સૂઝમાં નથી આવતો, કેવી રીતે મારે આત્મકલ્યાણ કરવું એવું સૂઝતું નથી ત્યારે એ જીવે એવી ઇચ્છા કરવી ઘટે કે મને કોઈ સત્પુરુષનું શરણ મળી જાય તો સારું; જેથી મારા અકલ્યાણ, કલ્યાણ (અર્થે) એક Guardian (વાલી) તરીકે તે મને દોરી જાય એવી ભાવના અને એવી ઇચ્છા થાય એવા અર્થમાં આ પદ બનાવીને શ્રી લલ્લુજીને મોકલેલું છે.

**"હે પ્રભુ, હે પ્રભુ, શું કહું, દીનાનાથ દયાળ;"**

હે પ્રભુ ! ખાસ કરીને મુમુક્ષુ પોતાના શ્રીગુરુ અથવા સત્પુરુષને અહીંયાં પ્રભુ કહીને સંબોધન કરે છે, કે હું આપને શું કહું ? આપ તો મારા દેવ છો, આપ મારા નાથ છો અને દયાળુ છો.

**"હું તો દોષ અનંતનું, ભાજન છું કરુણાળ."**

હું અનંત દોષનું ભાજન છું ભાજન એટલે પાત્ર. હે કરુણાનિધાન ! મારામાં અનંત દોષ ભરેલા છે. એ રીતે શ્રીગુરુને કરુણાનિધાન પણ કહે છે. કરુણાળ પણ કહે છે. આપની ઘણી કરુણા છે. અને મારા આત્મકલ્યાણ અર્થે હું આ નિવેદન કરું છું કે મારામાં તો દોષનો પાર નથી. અનંત દોષ છે એટલે કે મારામાં તો દોષનો પાર

નથી. ક્યારે પરિણામ ક્યાં જાય છે, કેટલા નીચા ઊતરી જાય છે, એના ઉપર મારો કોઈ Control નથી. ગમે ત્યારે ગમે તેવા ભાવ થઈ જાય છે અને એ એમ સૂચવે છે કે મારામાં કોઈ દોષનો પાર નથી. કેટલાક કહું ? શું કહું એટલે કેટલાક કહું ? એમ કહીને પણ જેટલા કહી શકાય એટલા અહીંયાં કહ્યા છે.

પ્રશ્ન :- Control કેમ નથી રહેતો ?

સમાધાન :- Control ક્યાંથી રહે ? અનંતકાળથી પરિભ્રમણ કરી રહ્યો છે. આત્મકલ્યાણની સૂઝ નથી. કઈ વિધિએ અને કઈ પદ્ધતિએ આત્મકલ્યાણ થાય એ ખબર નથી તો પરિણામોનું ઠેકાણું ન જ રહે ને ! પૂર્વે અનેક પ્રકારના વિભાવ ભાવો કર્યા છે અનેક પ્રકારના અપરાધ કર્યાં છે, એ વખતે જે કર્મ બાંધ્યા છે, એ જ પાછાં ઉદયમાં આવે છે. ઉદયમાં આવે છે, ત્યારે પોતાનો Control નહીં રહેતો હોવાથી પોતે ઉદયમાં જોડાઈ જાય છે. વળી પાછાં પરિણામ બગાડે છે. આમ ને આમ પરિસ્થિતિ ચાલુ ને ચાલુ રહે છે. પાછાં એ પરિણામ બગાડે અને નવા કર્મ બાંધે. ફરીને પાછો એનો ઉદય આવે ત્યારે એથી વધુ નવા કર્મ બાંધે. એમ ને એમ જીવ નીચે ઊતરતો - ઊતરતો અધોગતિમાં ચાલ્યો જાય છે. પોતાનો Control પોતા ઉપર છે નહીં અને રહેતો નથી. કરવું શું ? એ કાંઈ ખબર રહેતી નથી. ત્યારે એણે એવું ઇચ્છવું ઘટે, એવું ઇચ્છવું જોઈએ કે હું કોઈ સત્પુરુષના ચરણમાં ચાલ્યો જાઉં અને એની આજ્ઞામાં રહી મારું આત્મકલ્યાણ એ કહે તેવી રીતે હું કરું. કેમકે કેવી રીતે કરવું એ તો મને ખબર નથી. માટે પહેલાં પોતાની સ્થિતિ કહી દે છે કે મારી આવી ખરાબ સ્થિતિ છે, હવે આપને જેમ ઠીક લાગે એમ મને કહો અથવા મને જે રીતે Treatment આપો એ રીતે હું તૈયાર છું.

**"શુદ્ધ ભાવ મુજમાં નથી, નથી સર્વ તુજરૂપ;"** મારું અંતઃકરણ શુદ્ધ નથી, બહુ મલિન અંતઃકરણ છે. અને તમે જ મારા સર્વસ્વ છો. એવું પણ મને આવ્યું નથી.

**"નથી લઘુતા કે દીનતા,"** મારામાં નમ્રતા પણ નથી અને જે દીનતા હોવી જોઈએ એટલે મારા કલ્યાણ માટે મારે જે યાચના કરવી જોઈએ એવા ભાવ પણ મારી પાસે નથી. દીન માણસ શું કરે ? યાચના કરે. દીનપણે યાચના કરે. અહીંયાં લૌકિક દીનતાની વાત નથી. અહીંયાં જે પોતાના આત્મકલ્યાણ માટે યાચના કરવી જોઈએ એવી યાચના કરવા જેવા પરિણામ પણ મારામાં નથી રહ્યા, એમ કહે છે.

એવો અહંભાવ મને વર્તે છે.

**"શું કહું પરમસ્વરૂપ ?"** આપ તો પરમસ્વરૂપે છો. હું આપને શું કહું ? **"નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહી;"** શ્રીગુરુની આજ્ઞા મારે ઉઠાવવી, એમાંથી ચલિત ન થવું, આજ્ઞાધીનપણે જ રહેવું, આજ્ઞાપાલનમાં વિચલિત ન થવું, એવું પણ મારા હૃદયમાં નથી. ઉર એટલે હૃદય. એવું મારાં હૃદયમાં છે નહીં. માત્ર ઉપર-ઉપરથી બધું કહું છું કે આપ મારા ગુરુ છો, મારે આપની આજ્ઞામાં રહેવું જોઈએ, મારે આપની આજ્ઞાનું પાલન કરવું જોઈએ, આજ્ઞાંકિતપણે મારે વર્તવું જોઈએ–ખરેખર હૃદયમાં એવું નથી; એ બધો ઉપર-ઉપરથી રાગ થાય છે, પણ મારું હૃદય નથી, એમ કહે છે. શું કહે છે ? **"નથી આજ્ઞા ગુરુદેવની, અચળ કરી ઉરમાંહી;"** જો એ (આજ્ઞા) હૃદયથી ગ્રહણ કરી હોય તો તો પરિણામ બરાબર મક્કમ રહે અને આજ્ઞા ભંગ ન થાય. પણ એવું મેં નક્કી નથી કર્યું.

**"આપ તણો વિશ્વાસ દ્રઢ, ને પરમાદર નાહીં."** આપના પ્રત્યે દ્રઢ વિશ્વાસ નથી, ક્યારેક કેવા વિકલ્પ આવી જાય છે, ક્યારેક કેવી શંકા થઈ જાય છે, ક્યારે કાંઈક થઈ જાય છે, તો ક્યારેક કાંઈક થઈ જાય છે એટલે કે આદરબુદ્ધિ તો પૂરી હોય નહીં ત્યારે જ એવું થાય છે. એટલે પરમ આદર જે આવવો જોઈએ એ આદર પણ મને હજી આવ્યો નથી.

**"જોગ નથી સત્‌સંગનો,"** સત્સંગનો મને યોગ નથી. **"નથી સત્‌સેવા જોગ;"** અને સત્પુરુષની સેવા કરવાનો યોગ પણ નથી. સત્સંગનો યોગ નથી અને સેવા કરવાનો પણ યોગ નથી. **"કેવળ અપર્ણતા નથી,"** અને જે સર્વાર્પણપણું આવવું જોઈએ, કેવળ અપર્ણતા એટલે સર્વાર્પણપણે જે અપર્ણતા આવવી જોઈએ એ અપર્ણતા મને આવી નથી. હજી શરીર, કુટુંબ, પરિવાર, વ્યવહાર એ બધાની મુખ્યતા એવી રહે છે કે આપ ગૌણ થઈ જાવ છો. આપની મુખ્યતામાં એ બધું ગૌણ થઈ જવું જોઈએ પરંતુ એમ નથી થતું.

**"નથી આશ્રય અનુયોગ."** અને આપના આશ્રયમાં રહેવું જોઈએ, અનુસરવું જોઈએ, આપના સમાગમને અનુસરીને આશ્રયમાં રહીને, અનુસરવું જોઈએ. એવો પણ અનુયોગ મારામાં નથી. અનુસરવાનો યોગ તેને 'અનુયોગ' કહે છે. કૃપાળુદેવે યોગ શબ્દનો પ્રયોગ જુદી જુદી રીતે બહુ કર્યો છે એમનો શબ્દ સંયોજનનો જે

ક્ષયોપશમ છે એમાં આ પ્રકાર વિશેષ છે.

**“હું પામર શું કરી શકું ? એવો નથી વિવેક”** અને એવો પણ વિવેક નથી કે હું પામર શું કરી શકું ? વળી જાણે હું કાંઈક છું, હું સમજું છું, હું કાંઈક કરી શકું છું, કાંઈક કરું છું, એ પ્રકારનો અહંભાવ મને વર્તે છે. પણ એવો વિવેક, મને આવતો નથી કે હું પામર છું શું કરી શકીશ ? મારી તો કોઈ શક્તિ જ નથી ! જ્યારે પરિણામો ગમે ત્યારે ગમે તેમ ચાલી જાય છે તેનો અર્થ શું છે કે હું કાંઈ કરી શકું એવી યોગ્યતા મારામાં છે જ નહીં. અને હું ઘણો પામર છું તેમ છતાં એવું મને લાગતું નથી. જે પામરતા Feel (અનુભવ) થવી જોઈએ એ Feel થતી નથી.

આમ તો આ વીસ દોહરા એવા છે કે જે જીવ વેદનામાં ન આવ્યો હોય અને આ નિવેદનના સ્થાને પોતાને ગોઠવી દે, Involve કરી દ્યે તો વેદના ચાલુ થઈ જાય, એવા ભાવવાહી આ દોહરાઓ છે. પોતાની જાતને અંદર ભેળવી દેવાનું થવું જોઈએ. એ જગ્યાએ હું જ છું એવું પોતાને સ્પષ્ટપણે લાગે તો વેદના ચાલુ થઈ જાય. પોતે પોતાને પામર તરીકે Feel કરે, અનુભવ કરે કે હું શું કરી શકું ? કેટલી પામરતા છે મારામાં ! એક નાનામાં નાના સંયોગમાં હું આખે-આખો વેચાઈ જાઉં છું. જેવો એક સામાન્ય કોઈ પદાર્થ દેખાય ત્યાં ઇષ્ટ-અનિષ્ટપણું થઈ જાય. કોઈ પણ ચીજનો સંયોગ થાય ને ઇષ્ટ-અનિષ્ટપણું થઈ જાય. એક ભાણામાં શાક બરાબર ન થયું હોય તો અનિષ્ટપણું થઈ જાય. જરાક ઠીક થયું હોય તો ઇષ્ટપણું થઈ જાય. મારામાં કેટલી બધી પામરતા છે ! શું ?

મુમુક્ષુ : આપને ભી ઇસ પદકા અપનેમેં પ્રયોગ કીયા હૈ.

પૂજ્ય ભાઈશ્રી : હાં, શુરૂ શુરૂમેં હમ યે બહુત લેતે થે, બહુત લેતે થે. કંઠસ્થ હો ગયા થા. ખાસ કરકે સુબહ સત્સંગકો જાતે થે, ઘરસે સવા ચાર બજે નિકલતે થે, પાંચ બજે પહુંચતે થે. હમારા સત્સંગકા સમય થા ૫ સે ૭ બજે તકકા, ૭ – ૭ાા (તક) ૨-૨ાા ઘંટે સત્સંગ કરતે થે. ઉન દિનોંમેં ચાર બજે ઊઠ જાતે થે. કુલ્લા વગેરે કર લેતે થે, તબ ફિર વહાઁ સે સત્સંગ કે બાદ ચાય - પાની પીકર નિકલતે થે, ઘર પર સિર્ફ મુંહ સાફ કર લેતે થે, ઔર ફિર નિકલ જાતે થે. સાધન કોઈ નહીં થા, ઉસ જમાનેમેં હમારે પાસ સાઈકિલ ભી નહીં થી, કરીબ દો મીલ પૈદલ હી જાતે થે. દો મીલ માને કિતને કિલોમીટર હો ગયે ? કરિબ તીન કિલોમીટર, અભી

સુબહ પૈંતાલીસ મિનટ ચલતે હૈં ઉતના હી, બસ ! સિટિમેંસે ઇધર આ જાતે થે, કરીબ પૈંતાલીસ મિનટ લગતે થેં. પૈંતાલીસ મિનટ હમારા યહી (બીસ દોહા) ચલતા થા ઔર કાફી વેદના ભી રહતી થી. અપનેકો Involve કરે તો તો વેદના આ જાય ઐસી બાત હૈ. ઐસી રચના કૃપાલુદેવને જ્ઞાનદશામેં બનાઈ હૈ, જ્ઞાનદશામેં લિખી હૈ, વહાઁ બૈઠકર લિખી હૈ – ફિર ભી વેદનાકી ભૂમિકામેં બૈઠકર લિખા હો, ઐસી બાતેં આયી હૈં.

પ્રશ્ન :– લિખતે સમય વેદનામેં આકર લિખા હૈ ?

સમાધાન :– નહીં, ઉસ વક્ત, લિખતે વક્ત ઉનકો વેદના આઇ હૈ ઐસી બાત નહીં હૈ, લેકીન રચના કરનેકા સામર્થ્ય એસા હૈ કિ જિસ ભૂમિકા કી રચના કરતે હૈં, Exact કર પાતે હૈં. ક્યોંકિ ભૂતકાલકા અનુભવ તો સ્મરણમેં હોતા હૈ ન ! રહતા હૈ કિ નહીં રહતા હૈ ? તો ઉસ સ્મરણ પરસે વો બના લેતે હૈં.

પ્રશ્ન :– જોગ નથી સત્સંગનો.... (એમાં શું કહેવા માગે છે?)

સમાધાન :– યોગ હોય તો એ યોગમાં આપણે કેટલું લીધું ? ત્યારે તો યોગ છે. નહીં તો યોગ પણ અયોગ જ છે ને, બીજું શું ? **"વિષય વિકાર સહિત જે, રહ્યા મતિના યોગ; પરિણામની વિષમતા, તેને યોગ અયોગ."** સત્સંગ હોવા છતાં જેણે એવા વિષમ પરિણામ રાખ્યા તેને એ વિષમ પરિણામને લઈને એ યોગ પણ અયોગ બરાબર સાબિત થયો, સિદ્ધ થયો. એટલે સત્સંગનો યોગ હોય તો સત્સંગમાંથી ગ્રહણ થવું જોઈએ. ન ગ્રહણ કરે તો પરિણામની વિષમતા છે એટલે ગ્રહણ થતું નથી. માટે તેનો ખેદ થવો જોઈએ, કે યોગ હોવા છતાં અયોગ બરાબર મારી સ્થિતિ રહી છે (તો) એનો ખેદ થવો જોઈએ. સો રૂપિયાની નોટને ઓચિંતી ઝાળ લાગે અને એક સેકન્ડમાં રાખ થઈ જાય તો કેવું લાગે ? ત્યાં તો સો રૂપિયાના પુણ્ય બળ્યાં, અહીં તો અમૂલ્ય સત્સંગ યોગ છે કે જે અમૂલ્ય પુણ્યનો યોગ છે. જો એમાંથી કાંઈ ન લીધું તો એ નોટને બાળી નાખી અને રાખ કરી, હાથમાં શું આવ્યું ? કે રાખ આવી. પુણ્ય વપરાઈ ગયા, પુણ્ય બળી ગયા, હાથમાં આવી રાખ. ઓલી સો રૂપિયાની નોટ એક સેકન્ડમાં બળી જાય તો દુઃખ થાય, આ એથી (પણ વધારે) કે જેનું મૂલ્ય ન થઈ શકે એવી નોટ (બેઠો બેઠો) બાળે છે. બેઠો બેઠો હાથે કરીને દીવાસળી ચાંપે છે.

**"ચરણ શરણ ધીરજ નથી, મરણ સુધીની છેક."** મૃત્યુ સુધી જે ચરણ-શરણ ગ્રહણ કરવું જોઈએ, સત્‌પુરુષનાં ચરણનું શરણ ગ્રહણ કરવું જોઈએ. ઠેઠ ક્યાં સુધી ? કે, આમરણાંત, જીવન પર્યંત, એ જાતની પણ મારામાં ધીરજ નથી એ કામ મારે ધીરજથી કરવું જોઈએ. એ (પણ) મેં કર્યું નથી.

**"અચિંત્ય તુજ મહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ;**
**અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ."**

જ્ઞાનીનું જે માહાત્મ્ય આવવું જાઈએ, જ્યારે તે અચિંત્ય મહિમાધારી છે, તો એમનું માહાત્મ્ય પણ એવા પ્રકારે જ આવવું જોઈએ, અને ભાવમાં જે પ્રફુલ્લિતતા આવવી જોઈએ એ નથી. જો ખરેખર યોગ થયો હોય તો એવો પ્રકાર આવે. જો સત્સંગનો યોગ થયો હોય તો એવા પ્રકારનો પ્રફુલ્લિત ભાવ આવે અને ઘણો મહિમા આવે. 'અચિંત્ય' ! એવો પ્રકાર હજી મારામાં આવ્યો નથી. એટલે કે યોગ થયો છે પણ હું ઠેકાણા વગરનો છું, એમ લ્યે છે અને એનો ખેદ થાય છે. એ ખેદ કરતાં કરતાં આ વાત કરે છે. આ બધા જે વચનો છે એ ખેદ સહિતના છે. શું ? ખેદ એટલે એવો સ્વભાવિક ખેદ ઊપજે છે કે એક વખત તો એને રોકવા માંગે તોપણ રોકાય નહીં, એવો ખેદ થાય છે અને અંદરથી જીવ બળે. શું થાય ? અંદરથી જીવ બળે. **"અચિંત્ય તુજ મહાત્મ્યનો, નથી પ્રફુલ્લિત ભાવ."** મહિમા આવીને જે પ્રફુલ્લિત ભાવ આવવો જોઇએ, એ પ્રકાર હજી મને આવતો નથી, આવ્યો નથી.

**"અંશ ન એકે સ્નેહનો, ન મળે પરમ પ્રભાવ."**

વળી આપનાથી પ્રભાવિત થઈને, મને જે સ્નેહ-જે પ્રેમ આવવો જોઈએ તેનો એક અંશ પણ હજી મને આવ્યો નથી. રાગ થવો એ બીજી વાત છે અને સ્નેહ થવો બીજી વાત છે, બેય જુદી જુદી વાત છે, શું ? રાગ છે એ ઉપરછલ્લો થાય છે. પ્રેમ જે થાય છે, સ્નેહ જે થાય છે તે અંદરથી થાય છે અને એનો સંબંધ ગુણ સાથે હોય છે, સ્નેહનો, પ્રેમનો, સંબંધ ગુણ સાથે હોય છે. રાગનો સંબંધ ગુણ સાથે નથી. રાગ છે એ કલ્પિત ભાવ છે, જેનું કોઈ ઠેકાણું નથી. જેનું કોઈ ઠેકાણું નથી કેમકે રાગ ક્યારે દ્વેષમાં પલટશે એનો કોઈ નિયમ રહેવાનો નથી. કઈ ક્ષણે એ રાગ પલટો મારીને દ્વેષમાં આવશે એની કાંઈ ખબર નહીં રહે. એટલે એમ કહે છે કે મને જે થવું જોઈએ એવું કાંઈ નથી થયું. આપનાથી પ્રભાવિત થઈને જે સ્નેહ, જે નિર્મળ

પ્રેમ આવવો જોઈએ, એનો એક અંશ પણ આવ્યો નથી. રાગ થાય એ શું કામનું ? રાગ તો કાંઈ કામની ચીજ નથી, એ પોતે જ દોષ છે, રાગ છે એ પોતે જ દોષ છે.

**''અચળરૂપ આસક્તિ નહિ, નહીં વિરહનો તાપ;''**

**કથા અલભ તુજ પ્રેમની, નહિ તેનો પરિતાપ.''**

બહુ સરસ ભાવ લીધા છે ! શું ! કે જે આપના પ્રત્યેની આસક્તિ અચલિત રહેવી જોઈએ, ચલાયમાન ન થાય એવી હોવી જોઈએ એવી આસક્તિ પણ (મને) થઈ નથી, થતી નથી. અને મને આપના વિરહનો તાપ (નથી લાગ્યો). (તાપ એટલે) સહન ન કરી શકાય એવી સ્થિતિ - એવું પણ મને કંઈ થતું નથી. એટલે કે એ સિવાયના સંયોગો, એ સિવાયના ઉદયો, એના ઉપર મારું એટલું વજન છે કે આપનો સંયોગ (કે) વિયોગ હોય એનો કાંઈ ખાસ ફરક મને દેખાતો નથી (એમ લાગે છે કે), ઠીક છે ! પણ જે વિયોગનો તાપ લાગવો જોઈએ, પરિતાપ લાગવો જાઈએ, ઘણો તાપ લાગવો જોઈએ, સહન ન થાય એવો તાપ લાગવો જોઈએ એ પ્રકાર હજી મારામાં આવ્યો નથી. અને જે તમારો અલભ્ય પ્રેમ છે એની કથા, એનું કહેવું એ પણ મારામાં નથી. શું ? મહિમા આવે તો વાત કરું ને ! જેને મહિમા આવે એ વાત કર્યા વગર રહી શકે નહીં. એ નથી એનો પણ મને પરિતાપ નથી. આસક્તિ નહીં હોવાથી વિરહનો તાપ નથી, આસક્તિ હોય તો વિરહનો તાપ લાગ્યા વગર રહે નહીં. એવી જે Feeling position હોવી જોઈએ, એવી જે લાગણીની સ્થિતિ હોવી જોઈએ, એવી કોઈ લાગણી મારામાં ઉત્પન્ન થઈ નથી. કેમ ન થઈ ? કે હું દર્શનમોહ આદિ ઘણાં દોષથી ભરેલો છું. એવી લાગણી નહીં થવાનું શું કારણ ? કે હજી મારો દર્શનમોહ ઘણો ગાઢ છે, ઘણો તીવ્ર છે, એટલે આ બધું જે થવું જોઈએ તે થતું નથી. દર્શનમોહનો અનુભાગ ઘટે ત્યારે આ બધું ઊભું થાય, પરંતુ એ થયું નથી, એ થતું નથી.

**''ભક્તિમાર્ગ પ્રવેશ નહિ, નહીં ભજન દૃઢ ભાન; સમજ નહીં નિજ ધર્મની, નહિ શુભ દેશે સ્થાન.''** જે યથાર્થ ભક્તિ આવવી જોઈએ, બહુમાન જે યથાર્થપણે હોવું જોઈએ, એમાં હજી મારો પ્રવેશ થયો નથી. જેને ભક્તિમાર્ગ કહીએ એ માર્ગમાં તો (પ્રવેશ થયો જ નથી) માર્ગ એટલે ઉપાય, એમાં તો હજી મારો પ્રવેશ જ થયો નથી એવું લાગે છે. શું ? **''ભક્તિમાર્ગ પ્રવેશ નહિ, નહીં ભજન દૃઢ ભાન;''** અને જે

ભજન થવું જોઈએ (એ પણ થયું નથી). પછી (મન) આપને જ ભજે, મન છે એ બીજાને ભજે નહીં, એવી દઢતા જે આવવી જોઈએ એ પણ નથી. એ સંબંધીનું કંઈ ભાન પણ નથી કે, એ કેવી સ્થિતિ હોય !

**''સમજ નહીં નિજ ધર્મની, નહિ શુભ દેશે સ્થાન.''**

અને મારો જે આત્મધર્મ છે એની મને કોઈ સમજ નથી અને મને કોઈ આત્મધર્મ પ્રાપ્ત થાય એવા ઠેકાણે મારું સ્થાન પણ નથી. વળી એવા સ્થાનમાં, એવા ક્ષેત્રમાં પણ મારું રહેવું થતું નથી.

**''કાળદોષ કળિથી થયો, નહિ મર્યાદાધર્મ;**
**તોય નહીં વ્યાકુળતા, જુઓ પ્રભુ મુજ કર્મ.''**

**'કાળદોષ કળિથી થયો,'** કળિકાળમાં જન્મ થયો અને જે વિષમ પરિસ્થિતિ છે એ અનુસાર મારા પરિણામ પણ વિષમ જ છે. ખરેખર તો વિષમ પરિણામો છે એ જ વિષમકાળ છે પછી એને લગતા બહારના સંયોગો હોય છે એટલે આરોપ એના ઉપર કરવામાં આવે છે પણ મૂળમાં તો જીવના પરિણામ જ વિષમ છે એટલે પછી આ કળિયુગમાં કોઈ મર્યાદા રહેતી નથી. એ કળિકાળનો, પંચમકાળનો પુરાવો છે કે એ મર્યાદાધર્મ રહેતો નથી.

પ્રશ્ન :– મર્યાદા એટલે આજ્ઞારૂપ ધર્મ ?

ઉત્તર :– હા, આજ્ઞારૂપ ધર્મ, એમાં શું છે ? વિચિત્રતા કેવી હોય છે જેનું એક દૃષ્ટાંત લઈએ. ગુરુદેવને ગુરુદેવ તરીકે બધા વંદન કરે, ચરણ સ્પર્શ કરે, પ્રવચન સાંભળે, નમસ્કાર કરે પણ જ્યારે પોતાનો અભિપ્રાય સ્પષ્ટપણે ખ્યાલમાં આવે કે મારો અભિપ્રાય અને એમના અભિપ્રાયમાં વિરુદ્ધતા છે ત્યારે મર્યાદા તો એ છે કે પોતે પોતાનો અભિપ્રાય મૂકી દેવો જોઈએ.

શ્રોતા :– પોતાનો અભિપ્રાય મૂકી દેવો જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :– હા, મૂકી દેવો જોઈએ. જેમકે ગુરુદેવશ્રીએ જાહેર કર્યું કે સોગાનીજી એક જ્ઞાનીપુરુષ થઈ ગયા. છતાં અમુક લોકો અભિપ્રાય ફેરવી ન શક્યા. તો એ મર્યાદા બહારનો વિષય થઈ ગયો. નહિતર શ્રીગુરુ કહે એટલે વાત Finish થઈ જાય છે. ત્યાં પૂર્ણવિરામ આવી જાય. મને સમજાય ન સમજાય, મને ખબર પડે ન પડે, એ પ્રશ્ન રહેતો જ નથી; તેઓ દિવસ કહે તો દિવસ ને રાત કહે તો

રાત. એ મર્યાદા છૂટી જાય છે. એટલે કૃપાળુદેવે કહ્યું **"કાળદોષ કળીથી થયો, નહીં મર્યાદા ધર્મ"** એટલે એના ઉપરથી એવું લાગે છે કે કે સત્‌યુગમાં એવું કદાચ નહીં થતું હોય. આ કાળે જે આવા પ્રકારો જોવા મળે છે એ પ્રકારો કદાચ સત્‌યુગમાં નહિ જોવા મળતા હોય. એક બાજુથી પોતે જ્ઞાની તરીકે માને, સ્વીકારે અને બીજી બાજુથી પાછો પોતાના અભિપ્રાયમાં કાંઈ ફેરફાર થાય નહિ. એ કળિકાળ-પંચમકાળનો પુરાવો છે એ મર્યાદાધર્મ રહ્યો નથી.

**"તોય નહીં વ્યાકુળતા"** તોપણ એની વ્યાકુળતા, એનું દુઃખ થવું, એનો ખેદ થવો એવું કાંઈ મને થતું નથી. મારાં કર્મ તો જુઓ ! કર્મ એટલે મારી યોગ્યતા-અયોગ્યતા તો જુઓ ! કેમકે પોતે તો ઉદયાધીન પરિણમે છે ને કર્મને વશ પરિણમે છે, પ્રકૃતિ પાસે હારી જાય છે, જુઓ આ મારા કર્મ ! વળી એનો પણ મને ખેદ થતો નથી.

**"સેવાને પ્રતિકૂળ જે, તે બંધન નથી ત્યાગ;**
**દેહેંદ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ"**

આપની સેવામાં રહેતા, જે બંધન આડા આવે છે એનો હું ત્યાગ નથી કરતો. એટલે કે (હું) એટલો પ્રતિબંધમાં છું, એ પ્રતિબંધનો મેં ત્યાગ નથી કર્યો, એટલે આપની સેવા હું કરી શકતો નથી. મારા કુટુંબ-પરિવારની હું સેવા (કરું છું.) મારા સંયોગો અનુકૂળતા-પ્રતિકૂળતાની સેવા કરું છું અને એ બંધન આડે હું આપની સેવા નથી કરતો અને પ્રતિકૂળ જાઉં છું, સેવાથી હું પ્રતિકૂળ વર્તું છું. હજી પણ એવા બંધનનો મેં ત્યાગ કર્યો નથી, પરંતુ પૂરેપૂરો બંધનમાં પડ્યો છું.

**"દેહેંદ્રિય માને નહીં, કરે બાહ્ય પર રાગ."**

વળી મને જે પંચેન્દ્રિયના વિષયો જોઈએ, એનું જોર એટલું બધું છે કે એના રાગમાં હું તણાવ છું. એના રાગમાં તણાયા વગર મારે જે આપની સેવામાં રહેવું જોઈએ, એ હું કરી શકતો નથી. આ પરિસ્થિતિ ખેદને લઈને અસહ્ય થવી જોઈએ, એવી પણ વ્યાકુળતા થતી નથી.

**"તુજ વિયોગ સ્ફુરતો નથી, વચન નયન યમ નાહીં;**
**નહિ ઉદાસ અનભક્તથી, તેમ ગૃહાદિક માંહી, "**

જે વિયોગનું દુઃખ લાગવું જોઈએ, એ લાગતું નથી. **"વચન નયન યમ નાહીં;"**

એ અંગેના વચન, એ અંગેનો દૃષ્ટિકોણ, એ અંગેનો સંયમ, યમ એટલે સંયમ, એવું કાંઈ મારામાં નથી.

"**નહિ ઉદાસ અનભક્તથી, તેમ ગૃહાદિક માંહિ.**" અને ઘરમાં અને અભક્તિથી જે ઉદાસીનતા આવવી જોઈએ (એવી) ઉદાસીનતા અને નિરસતા પણ મારામાં જરાય નથી.

"**અહંભાવથી રહિત નહિ, સ્વધર્મ સંચય નાંહીં;**
**નથી નિવૃત્તિ નિર્મળપણે, અન્ય ધર્મની કાંઈ.**"

હું અહંભાવથી રહિત નથી એટલે હજી મને અહંભાવ ઘણો વર્તે છે, ધર્મના ક્ષેત્રમાં જે કાંઈ થોડી ઘણી પ્રવૃત્તિ થાય છે એ પ્રવૃત્તિ કરતાં તો અહંભાવ ઘણો વધી જાય છે. શું ? કેશવલાલભાઈએ (પત્રાંક ૭૦૬માં) કહ્યું ને કે કાંઈક પણ કરવા જઈએ છીએ ત્યારે એનો અહંભાવ એથી વધારે થઈ જાય છે, (તો) હવે કરવું શું ? કાંઈ પણ ત્યાગ કરીએ છીએ તો ત્યાગનો અહંભાવ વધી જાય છે. "**સ્વધર્મ સંચય નાંહીં**" સ્વધર્મનો સંચય એટલે પ્રાપ્ત કરવું. નિજધર્મની પ્રાપ્તિ મેં કાંઈ કરી નથી. પરિણામોમાં નિર્મળપણે જે નિવૃત્તિ એટલે કે નિરસપણું આવવું જોઈએ, એવું પણ કાંઈ આવ્યું નથી. અન્યધર્મની એટલે અન્ય પદાર્થના પર્યાયો સંબંધી, અન્ય પદાર્થનો ધર્મ એટલે પર્યાયો સંબંધી, જે નિરસપણું આવવું જોઈએ, એવું પણ કાંઈ મારામાં આવ્યું નથી.

શ્રોતા :- આમાં અનભક્ત લીધું છે એટલે ભક્તિ ન હોય એવા બીજા મનુષ્યો ?

પૂજ્ય ભાઈશ્રી :- હા ! એના (સંગમાં) પણ હું રસ લઉં છું. એમ પણ થાય, એમ પણ અર્થ નીકળે છે. એથી મને જે ઉદાસીનતા આવવી જોઈએ, અસત્સંગથી જે ઉદાસીનતા આવવી જોઈએ, એવો પ્રકાર પણ મારામાં નથી. જૂના પરિચિતો મળી જાય, તો રસ પડી જાય. તેનું સ્મરણ થાય તો રસ પડી જાય. અને ઘરની અંદર જે નિરસપણું આવવું જોઈએ, ઘર અને ઘરનાં કાર્યો, એમાં જે નિરસપણું આવવું જોઈએ એ નિરસપણું પણ મને આવ્યું નથી, ખરેખર તો બોજો લાગવો જોઈએ, ઘર અને ઘરનાં કાર્યોનો બોજો લાગવો જોઈએ, જે જે કાર્યો પહેલાં પોતે રસથી કરતો હતો તે જ ઘરમાં અને તે જ કાર્યમાં, તે જ ઘર અને તે જ કાર્યો બોજારૂપ લાગવા જોઈએ પરંતુ એવું એ હજી કાંઈ થતું નથી એમ કહે છે. એ પણ મારો દોષ છે કે એવું

મને કાંઈ થતું નથી.

**"નથી નિવૃત્તિ નિર્મળપણે"** નિર્મળપણે જે નિરસતા આવવી જોઈએ, પરિણામ ન લાગે તો નિવૃત્ત થાય ને ! પરિણામ રસથી લાગે તો પ્રવૃત્ત થાય અને નહીંતર પછી પરિણામ-ઉપયોગ એનાથી નિવૃત્ત થાય, નકામું લાગે. અન્ય ધર્મ એટલે અન્ય વસ્તુધર્મ છે એ નકામા લાગે તો નિવૃત્ત થાય. પરથી ઉપયોગ નિવૃત્ત થાય તો સ્વકાર્ય કરે ને ! ઉપયોગની જ નિવૃત્તિ ન હોય તો કેવી રીતે સ્વ-કાર્ય કરે ? બહારમાં વ્યવસાયમાં નિવૃત્તિ લીધી હોય પણ ઉપયોગની નિવૃત્તિ ન હોય તો શું કામ લાગે ? ઉપયોગ ચાલ્યો જતો હોય, ઉપયોગ એ બાજુ કામ કરતો હોય તો જે નિર્મળતા અને નિરસતા આવવી જોઈએ, એ પ્રકાર આવ્યો નથી.

**"એમ અનંત પ્રકારથી, સાધન રહિત હુંય;**
**નહીં એક સદ્‌ગુણ પણ, મુખ બતાવું શુંય ?"**

શું કહે છે ? કે એવા સર્વ પ્રકારે હું સાવ ઠેકાણા વગરનો છું. સાધન-રહિત એટલે ઠેકાણા-વગરનો છું મારી યોગ્યતામાં કોઈ ઠેકાણું નથી મારામાં એક પણ સદ્‌ગુણ નથી. શું જોઈને હું આપને મારું મોઢું બતાવું ? મોઢું બતાવવાને પણ હું લાયક નથી.

**"કેવળ કરુણા-મૂર્તિ છો, દીનબંધુ દીનાનાથ;**
**પાપી પરમ અનાથ છું, ગ્રહો પ્રભુજી હાથ."**

આપ તો કરુણાની મૂર્તિ છો, નિષ્કારણ કરુણાળ છો, જે દીન થાય એના બંધુ છો, જે દીન થાય એના નાથ છો, બંધુ પણ તમે છો અને નાથ પણ તમે જ છો; એની સામે હું અનાથ છું. મને કોઈ આશ્રય નથી. રખડી ગયો છું, રખડી મર્યો છું. અને પાપી છું. ઘણાં પાપનાં પરિણામ થાય છે, મારો કોઈ રીતે હાથ પકડો, એટલે કોઈ પણ રીતે મને હવે તમે લાઇન ઉપર લઈ આવો, એવી મારી વિનંતી છે.

**"અનંત કાળથી આથડ્યો, વિના ભાન ભગવાન;**
**સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન."**

મારો ભૂતકાળ જોઉં છું ત્યારે સ્પષ્ટ માલૂમ પડે છે કે અનંતકાળથી હું આથડતો રહ્યો છું, મારા સ્વરૂપના ભાન વિના, હે ભગવાન ! હું અનંતકાળથી આથડું છું.

**"સેવ્યા નહિ ગુરુ સંતને, મૂક્યું નહિ અભિમાન."**

જે શ્રીગુરુ અને સંતનું સેવન કરવું જોઈએ તે મેં કર્યું નહીં. કેમ ન કર્યું ? કારણ

મેં અભિમાન મૂક્યું નહીં અભિમાનમાં રહીને મેં સત્-સેવન ન કર્યું, સત્સંગ ન કર્યો, સત્સેવા ન કરી એ અભિમાનમાં રહીને ન કરી.

શ્રોતા :- કિસ બાતકા અભિમાન કિયા ?

પૂજ્ય. ભાઈશ્રી :- જૈસે હમ હમારા કલ્યાણ અપને આપ કર સકતે હૈં. કર લેંગે (ઇસલિયે) શ્રીગુરુકે પાસ નહીં ગયા. ઉનકી સેવા નહીં કી ઔર અભિમાનમેં રહકર દૂર રહા. અભિમાનમેં રહકર નહીં ગયા, અગર જાતા તો અભિમાન છોડના પડતા કી મેરેમેં કુછ નહીં હૈ, આપ મુજે સમજાઈયે. આપ મુજે મેરે હિતકા માર્ગ બતાઈયે મુજે આત્મકલ્યાણકે રાસ્તે પર લે જાઈયે. લેકિન એસા ભી મૈંને કભી કિયા નહીં.

**"સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક;**
**પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક."**

સંતચરણ વિના, સંતચરણના આશ્રય વિના, બધાય સાધન કર્યાં. જેને ધર્મસાધન કહેવાય એવા દીક્ષા પર્યંતના બધાય સાધન કર્યાં પણ જ્ઞાનીના શરણમાં રહીને, એ કાંઈ કર્યું નહી અને તેથી હું સંસારનો પાર પામ્યો નહીં. અને એ વિશેનો, એ બાબતનો એક અંશ વિવેક પણ મને ઊગ્યો નહીં.

આપણે થોડા દિવસ પહેલા ચર્ચા થઈ હતી કે જો જીવને અંતરથી આત્મકલ્યાણની ભાવના જાગી હોય તો એને First Thought (પહેલો વિચાર) એ હોય છે કે, મારે કોઈ જ્ઞાનીપુરુષનું શરણ જોઈએ; અને એના માટે મારી પૂરી તૈયારી હોવી જોઈએ. મને જો અહીંયાં મળે, મારા ગામમાં મળે તો જ (સત્સંગ કરીશ) એમ નહીં, જ્યાં હોય ત્યાં, દુનિયાના કોઈ પડમાં – જ્યાં હોય ત્યાં, મારે ત્યાં જઈને રહેવું છે; મારે બીજે રહેવું નથી. એ જાતનો First thought (પહેલો વિચાર) આવ્યા વગર (રહેતો નથી). Very First thought – પહેલો જ વિચાર આવે એનું નામ વિવેક છે; ભાવનામાંથી ઉત્પન્ન થયેલો વિવેક છે. જેને જ્ઞાનીપુરુષની જરૂર નથી ભાસી એને ખરેખર આત્મકલ્યાણ કરવાની જરૂર પણ નથી ભાસી એમ સાબિત કરવાનું રહેતું નથી; પરંતુ આપોઆપ જ સાબિત થાય છે. Natural Position તો આ છે.

"**સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક**" એ શું વિચારે છે ? હું મારી મેળે બધું કરી લઈશ. "**પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક**" એમાં વિવેકનો

અંશ, એક છાંટો પણ નથી. આ જ વિવેક છે.

આ ગ્રંથમાં એક ૫૦૦ નંબરનો પત્ર છે એમાં એક વાત લીધી છે કે જીવે બીજભૂત ભૂલ એ જ કરી છે; મૂળભૂત ભૂલ આ જ કરી છે પછી કૃપાળુદેવે એ ભૂલને ખોલી નથી પણ એ ભૂલ રહેવાથી બધી ભૂલ ઊભી રહી છે, એમ કરીને એક ૫૦૦ નંબરનો પત્ર છે એમાં એ વાત લખી છે. બહુ મોટો પેરેગ્રાફ લખ્યો છે.

**"વિચારની ઉત્પત્તિ થયા પછી વર્ધમાનસ્વામી જેવા મહાત્મા પુરુષે ફરી ફરી વિચાર્યું કે આ જીવનું અનાદિકાળથી ચારે ગતિ વિષે અનંતથી અનંત વાર જન્મવું, મરવું થયાં છતાં, હજુ તે જન્મ મરણાદિ સ્થિતિ ક્ષીણ થતી નથી, તે હવે કેવા પ્રકારે ક્ષીણ કરવાં ? અને એવી કઈ ભૂલ આ જીવની રહ્યા કરી છે, કે જે ભૂલનું આટલા સુધી પરિણમવું થયું છે ?"** એટલે જન્મ-મરણ ચાલુ રહ્યા છે. (એવી કઈ ભૂલ રહી છે ?) **"આ પ્રકારે ફરી ફરી અત્યંત એકાગ્રપણે સદ્‌બોધનાં વર્ધમાન પરિણામે વિચારતાં,"** (ફક્ત) વિચારતાં – એમ ન લીધું, ફરી ફરીને એકાગ્રપણે વિચારતાં એમ ન લીધું, – **"સદ્‌બોધનાં વર્ધમાન પરિણામે વિચારતાં વિચારતાં જે ભૂલ ભગવાને દીઠી છે તે જિનાગમમાં ઠામ ઠામ કહી છે,"** તે ભૂલને જિનાગમમાં ઠામ ઠામ કહી છે પોતે હજી કહેતાં નથી. તે ભૂલને જિનાગમમાં ઠામ ઠામ કહી છે; **"કે જે ભૂલ જાણીને તેથી રહિત મુમુક્ષુ જીવ થાય."** એવી રીતે ઠામ ઠામ એ વાત કરી છે. એ જાણીને ભૂલ તોડે આમ તો **"જીવની ભૂલ જોતાં તો અનંતવિશેષ લાગે છે;"** જીવ અનંત ભૂલો કરે છે ઘણી જ ભૂલો કરે છે, **"પણ સર્વ ભૂલની બીજભૂત ભૂલ,"**– કેવી છે ? **"સર્વ ભૂલની બીજભૂત ભૂલ તે જીવે પ્રથમમાં પ્રથમ વિચારવી ઘટે છે, કે જે ભૂલનો વિચાર કર્યાથી સર્વ ભૂલનો વિચાર થાય છે;"** બધી ભૂલો સમજાય છે; **"અને જે ભૂલના મટવાથી સર્વે ભૂલ મટે છે."** આટલી વાત લીધી છે. પછી **"કોઈ જીવ કદાપિ નાના પ્રકારની ભૂલનો વિચાર કરી તે ભૂલથી છૂટવા ઇચ્છે,"** અનેક ભૂલ મટાડવા ઇચ્છે **"તોપણ તે કર્તવ્ય છે. અને તેવી અનેક ભૂલથી છૂટવાની ઇચ્છા મૂળ ભૂલથી છૂટવાનું સહેજે કારણ થાય છે."** સંપૂર્ણ નિર્દોષ થવું હોય તો એને મૂળ ભૂલ મટાડવા તરફ ધ્યાન જવું જોઈએ, કે મને કોઈ સત્પુરુષ જોઈશે; હું તદ્દન અંધ છું અને કઈ દિશામાં એક પગલું માંડવું એ મને ખબર નથી. કેવી શૈલીથી વાત કરી છે ! જુઓ ! શૈલી કેવી લીધી છે અને ઠેઠ સુધી વાતને Suspense માં (રહસ્યમાં)

રાખી છે.

અહીંયાં શું કહે છે **''સંત ચરણ આશ્રય વિના, સાધન કર્યાં અનેક; પાર ન તેથી પામિયો, ઊગ્યો ન અંશ વિવેક.''** એ બધાં સાધન શું થયા ? **''સહુ સાધન બંધન થયાં, રહ્યો ન કોઈ ઉપાય; સત્ સાધન સમજ્યો નહીં, ત્યાં બંધન શું જાય ?''** શબ્દાર્થ તો બહુ સહેલાં છે. શું થયું ? કે **''પ્રભુ પ્રભુ લય લાગી નહીં,''** ગુરુ માટેની જે લય લાગવી જોઈએ એ લય લાગી નહીં. **''પડયો ન સદ્‌ગુરૂ પાય; દીઠા નહિ નિજ દોષ તો, તરીએ કોણ ઉપાય ?''**

પહેલાં-પ્રથમ (તો) પોતાના દોષ જ દેખાતાં ન હોય તો એને કાઢવાનો સવાલ, મટાડવાનો સવાલ જ ક્યાં ઊભો થાય છે ? બીજો તો કોઈ ઉપાય નથી; પહેલો ઉપાય જ એ છે કે એણે પોતાના દોષ સમજી લેવા જોઈએ. નુકસાનનો વેપાર બંધ કરે નહિ અને નફાનો વેપાર ચાલુ થાય કયા દિવસે ? પછી અંદરથી એમ આવવું જોઈએ કે – **''અધમાધમ અધિકો પતિત, સકલ જગતમાં હુંય; એ નિશ્ચય આવ્યા વિના સાધન કરશે શુંય ?''** એવું દેખાવું જોઈએ કે આ જગતમાં કોઈ સર્વથી દોષિતમાં દોષિત હોય, નીચમાં નીચ હોય, અધમમાં અધમ કોઈ હોય તો તે હું જ છું, બસ, મારાં જેવું કોઈ નહીં હોય. એવું થયા વિના જે સાધન કરવા માટેનો પુરુષાર્થ ઊપડવો જોઈએ તે પુરુષાર્થ ઊપડતો નથી. એક વાર એવું આવવું જોઈએ – આવવું ઘટે છે. પછી જ પુરુષાર્થ ઊપડે છે; પરિભ્રમણની વેદનામાં એક વાર એવું આવે છે.

**''પડી પડી તુજ પદપંકજે, ફરી ફરી માગું એ જ;''**

હવે તારા પદપંકજમાં એટલે ચરણકમળમાં પડીને, વારંવાર પડીને, ફરી ફરીને એ જ માંગુ છું **''સદ્‌ગુરુ સંત સ્વરૂપ તુજ, એ દઢતા કરી દે જ.''** બસ, મને સદ્‌ગુરુ જોઈએ – મને સંત જોઈએ; એ સિવાય મને સ્વરૂપ મળવાનું નથી. સ્વરૂપ મેળવવા માટે સંત અને સદ્‌ગુરુ જોઈએ – અને એ જ મને આપ, એ જ હું માગું છું; બીજું હું કંઈ માગતો નથી; જ્ઞાન નથી માગતો - એમ કહે છે; ગુરુઆશ્રય, ગુરુચરણ માંગુ છું.

એ રીતે વીસ દોહરા બહુ સરસ લખ્યાં છે વેદનામાં આવવું હોય એનાં માટે ભાવથી એ અંગીકાર કરવા જેવો વિષય લીધો છે. પદ અહીંયાં સમાપ્ત થાય છે.

## પત્રાંક-૨૬૬

રાળજ, ભાદ્રપદ સુદ ૮, ૧૯૪૭

(દોહરા)

(૧) જડ ભાવે જડ પરિણમે, ચેતન ચેતન ભાવ;
કોઈ કોઈ પલટે નહીં, છોડી આપ સ્વભાવ. ૧
જડ તે જડ ત્રણ કાળમાં, ચેતન ચેતન તેમ;
પ્રગટ અનુભવરૂપ છે, સંશય તેમાં કેમ? ૨
જો જડ છે ત્રણ કાળમાં, ચેતન ચેતન હોય;
બંધ મોક્ષ તો નહિ ઘટે, નિવૃત્તિ પ્રવૃત્તિ ન્હોય. ૩
બંધ મોક્ષ સંયોગથી, જ્યાં લગ આત્મ અભાન;
પણ નહિ ત્યાગ સ્વભાવનો, ભાખે જિન ભગવાન. ૪
વર્તે બંધ પ્રસંગમાં, તે નિજ પદ અજ્ઞાન;
પણ જડતા નહિ આત્મને, એ સિદ્ધાંત પ્રમાણ. ૫
ગ્રહે અરૂપી રૂપીને, એ અચરજની વાત;
જીવ બંધન જાણે નહીં, કેવો જિન સિદ્ધાંત. ૬
પ્રથમ દેહ દૃષ્ટિ હતી, તેથી ભાસ્યો દેહ;
હવે દૃષ્ટિ થઈ આત્મમાં, ગયો દેહથી નેહ. ૭
જડ ચેતન સંયોગ આ, ખાણ અનાદિ અનંત;
કોઈ ન કર્તા તેહનો, ભાખે જિન ભગવંત. ૮
મૂળ દ્રવ્ય ઉત્પન્ન નહિ, નહીં નાશ પણ તેમ;
અનુભવથી તે સિદ્ધ છે, ભાખે જિનવર એમ. ૯
હોય તેહનો નાશ નહિ, નહીં તેહ નહિ હોય;
એક સમય તે સૌ સમય, ભેદ અવસ્થા જોય. ૧૦

x x x

**(૨) પરમ પુરુષ પ્રભુ સદ્ગુરુ, પરમજ્ઞાન સુખધામ;**
**જેણે આપ્યું ભાન નિજ, તેને સદા પ્રણામ. ૧**

**તા. ૩૦-૧૦-૧૯૮૯, પ્રવચન નં. ૭૩**
**પત્રાંક – ૨૬૬, ૨૬૭**

પાનું ૨૯૭, દોહરાનું પદ છે. પાંચ થઈ ગયા છે. છઠ્ઠું છે,

**ગ્રહે અરૂપી રૂપીને, એ અચરજની વાત;**
**જીવ બંધન જાણે નહીં, કેવો જિન સિદ્ધાંત. ૬.**

જગતની અંદર બંધનો વિષય રૂઢિગત રીતે એવા પ્રકારે પ્રસિદ્ધ છે કે જીવ કર્મને બાંધે છે અથવા જીવ કર્મને ગ્રહણ કરે અથવા જીવને કર્મ બંધાય છે. આ બહુ પ્રચલિત વાત છે. એટલે એ વિષયમાં વિચારવાન જીવને વિચારતાં કરી મૂક્યા છે કે અરૂપી પદાર્થ એવો આત્મા રૂપી એવા પુદ્ગલ રજકણોને, પુદ્ગલ પદાર્થોને, રૂપી પદાર્થને ગ્રહણ કરે, આ કેવી રીતે બને ? અમને તો આશ્ચર્ય થાય છે.

અરૂપી પદાર્થ એની જાત જુદી છે, રૂપી પદાર્થની જાત જુદી છે. તો અરૂપી, રૂપીને કેવી રીતે ગ્રહણ કરી શકે ? છતાં જે પ્રચલિત વાત છે કે સંસારમાં જીવ કર્મથી બંધાય છે પણ એ સંબંધમાં જિનનો સિદ્ધાંત કેવો છે ? જિનેશ્વરનો સિદ્ધાંત કેવો છે ? એ જીવ ખરેખર જાણતો નથી. એટલે બંધના સ્વરૂપને જીવ સમજતો નથી. જો બંધના સ્વરૂપને સમજે તો મોક્ષના સ્વરૂપને પણ સમજે. મોક્ષ એટલે બંધની નિવૃત્તિ કેમ થવી. બંધની આવૃત્તિ કેમ થાય છે એ જો સમજાય તો બંધની નિવૃત્તિ કેમ થાય એ પણ સમજાય. પણ **'જીવ બંધન જાણે નહીં,...'** જીવ બંધનને જાણતો નથી કે ખરેખર આ વિષયમાં જિનેશ્વરનો સિદ્ધાંત કેવો છે ?

એક કડીમાં Suspense મૂક્યું છે પછી એ વાતનું પોતે સમાધાન નથી આપ્યું.

આ એક અચરજ છે એમ કરીને વિચાર કરનારા ઉપર વાત છોડી દીધી છે. બંધનું સ્વરૂપ જિનેશ્વરે કેવું કહ્યું છે અને જીવ કર્મ બાંધે છે, ચૈતન્ય હોવા છતાં અચેતન કર્મને બાંધે છે તો એ વિષયમાં શું સ્પષ્ટીકરણ અને સમાધાન છે, એ બન્ને વાત એમણે આ પદમાં કરી નથી. એ વાત એમણે વિચારક જીવો ઉપર, મુમુક્ષુજીવ ઉપર છોડી દીધી છે.

વિચારવું હોય તો એમ વિચારી શકાય કે જીવને રાગબંધન છે. બંધનું જે સ્વરૂપ છે એ અરૂપી પદાર્થનું અરૂપીભાવ જ છે. જીવને રાગબંધન છે અથવા દ્વેષબંધન છે અથવા મોહનું બંધન છે. બંધન છે એટલે એમાં પોતે બંધાયેલો, પકડાયેલો પોતાને અનુભવ કરે છે. જે જે કાળે, જે જે પ્રકારના રાગાદિ પરિણામ થાય છે તેવો જ હું છું એવું તન્મયભાવે પોતે વેદન કરે છે, અનુભવન કરે છે, એ જ જીવને ખરેખર બંધન છે. એમાં એકત્વભાવે રહેલો જે રસ એ બંધન છે. **'रागोद्गारमहारसेन'** 'સમયસાર', 'બંધ અધિકાર' (૧૬૩ કળશ).

મુમુક્ષુ :- જીવ અરૂપી છે અને કાર્મણવર્ગણા રૂપી છે. તો જ્યારે જીવ શુભ-અશુભભાવ કરે છે ત્યારે કાર્મણવર્ગણા જીવના પ્રદેશે પ્રદેશે બંધાય છે એવું કથન આવે છે. તો જીવના પ્રદેશે કેવી રીતે બંધાય ? એ તો અરૂપી છે.

પૂજ્ય ભાઈશ્રી :- જીવના પ્રદેશે ચોક્કસ કાળ સુધી સ્થિત થાય છે એને બંધાય છે એમ કહે છે.

પ્રશ્ન :- બંધાય છે તો કોઈ નક્કર આધાર હોવો જોઈએ. જીવ તો અરૂપી છે, નક્કર નથી. કાર્મણવર્ગણા કોના આધારે સંગ્રહાયેલી રહે છે ?

સમાધાન :- એ પહેલા કોને આધારે હતી ?

મુમુક્ષુ :- પહેલા છૂટી હતી.

પૂજ્ય ભાઈશ્રી :- બસ, તો અત્યારે પણ ખરેખર કોઈના આધારની એને જરૂર નથી. ભલે ક્ષેત્ર બદલ્યું. ખરેખર આમ જુઓ તો ક્ષેત્ર પણ નથી બદલ્યું. આપણે એનો વિચાર કરીએ તો આ આત્મા આકાશનું જે ક્ષેત્ર અત્યારે રોકે છે તે ક્ષેત્રે કાર્મણવર્ગણા ભરેલી છે. કાર્મણવર્ગણા, કાર્મણપરમાણુ ચૌદ બ્રહ્માંડમાં ખીચોખીચ ભરેલા છે. તો જ્યાં જ્યાં આ આત્મા અહીંયાં હોય કે ગમે ત્યાં જાય ત્યાં ત્યાં કાર્મણવર્ગણા એ ક્ષેત્રે હોય છે. જ્યારે આ જીવ કોઈ પણ પ્રકારનો વિભાવભાવ કરે

છે ત્યારે તે જ ક્ષેત્રે રહેલા કાર્મણપરમાણુઓમાં ભિન્ન ભિન્ન પ્રકારની પ્રકૃતિનો આવિર્ભાવ થાય છે.

કોઈમાં જ્ઞાનાવરણીયની પ્રકૃતિનો, કોઈમાં દર્શનાવરણીયનો, કોઈમાં મોહનીયનો, કોઈમાં અંતરાયનો, કોઈમાં વેદનીયનો, શાતા-અશાતા વેદનીયનો, એમ. તો એ પરમાણુ ક્યાંયથી આવતા નથી. ત્યાં રહેલા જે પરમાણુ તે પરમાણુમાં જે પ્રકૃતિનો આવિર્ભાવ થયો તેને આસ્રવ કહીએ. દ્રવ્યઆસ્રવ, પુદ્ગલઆસ્રવ. અને તે પરમાણુ પછી આ જીવ જ્યાં જ્યાં ગમન કરે ત્યાં સાથે ને સાથે ઉદય ન આવે ત્યાં સુધી રહે, ઉદય આવે પછી છૂટા પડી જાય, પછી ખરી જાય. નહિતર ત્યાં સુધી સાથે ને સાથે રહે તો એને એમ કહે છે કે એ ચોંટેલા રહ્યાં છે માટે સાથે આવે છે. ચોંટ્યા છે માટે સાથે આવે છે. ખરેખર ચોંટવા, નહિ ચોંટવાનો કાંઈ પ્રશ્ન નથી. એ પોતાને કારણે છે.

જીવ પોતાના જ કારણે ગમન કરે છે, આ શરીરના પરમાણુ સાથે સાથે ગમન કરે છે એ પોતાના કારણે કરે છે અને કાર્મણ-તૈજસના જે પરમાણુ છે (તે પણ પોતાના કારણે ગમન કરે છે). ત્રણ શરીર છે, કાર્મણશરીર, તૈજસશરીર અને ઔદારીક શરીર, એ ત્રણે શરીરના જે પુદ્ગલ પરમાણુ છે એ જ્યાં જ્યાં જીવની ગતિ થાય છે ત્યાં ત્યાં જ્યાં સુધી એનો નિમિત્ત-નૈમિત્તિક સંબંધ છે ત્યાં સુધી સાથે ને સાથે ગતિ કરતા માલૂમ પડે છે. પણ બન્ને પોતપોતાના કારણે છે. પુદ્ગલ પરમાણુ પુદ્ગલના કારણે છે, જીવ જીવના કારણે છે. પણ અમુક કાળ સુધીનો નિમિત્ત-નૈમિત્તિક સંયોગસંબંધ જોઈને એ બંધાણા છે એમ કહેવાનો રૂઢિગત વ્યવહાર છે. બાકી અરૂપીને રૂપી બંધાય કેવી રીતે ?

બંધ થવા માટે સ્પર્શગુણની પર્યાયની ચીકાશ જોઈએ. પુદ્ગલ પુદ્ગલને સંબંધ થવા માટે પણ પરસ્પર પુદ્ગલના સ્પર્શ ગુણની ચીકાશનો પર્યાય હોય તો બંધાય. રેતીનો પીંડલો નહિ થાય, માટીનો પીંડલો થાશે. કેમકે રેતીમાં ચીકાશ નથી અને માટીમાં ચીકાશ છે, એમ. જીવને તો સ્પર્શગુણ જ નથી. પુદ્ગલમાં સ્પર્શગુણની પર્યાય છે, જીવને તો સ્પર્શગુણ નથી. માટે એને તો એ રીતે બંધન થવાની કોઈ વૈજ્ઞાનિક પરિસ્થિતિ નથી. છતાં ઉદયકાળ પર્યંત એકક્ષેત્રે સાથે રહે છે. એટલે એને સંયોગ જોઈને બંધન એવું નામ આપ્યું છે, પણ બન્નેને પોતપોતાનું કારણ છે.

દ્રવ્યબંધનું એવું સ્વરૂપ છે અને ભાવબંધમાં જીવ પોતે રાગરસથી તન્મય ભાવે રાગમાં સ્વયંનો, પોતાનો અનુભવ કરે છે, ઇ રૂપે પોતાનો અનુભવ કરે છે, એ એને બંધન છે. અટક્યો, બંધ એટલે પ્રતિબદ્ધ પામ્યો. જીવ વિભાવભાવમાં પ્રતિબદ્ધ પામ્યો તેને ભાવબંધન કહેવામાં આવે છે. અટક્યો, બંધાયેલો રહ્યો, એમ.

પ્રશ્ન :- વધારે સમસ્યા તો એ છે કે એક સમયમાં ચૌદ રાજલોક ગમન કરે. ત્યારે તો ઔદારિક શરીર છે નહિ, જીવ અને કાર્મણવર્ગણા બે છે. છતાં રસ્તામાં એક પણ છૂટી પડતી નથી અને વીખરાઈ જાતી નથી તો એ કેવી રીતે ?

સમાધાન :- હા, એ પોતાનું કારણ છે. એમાં પરમાણુને પોતાનું કારણ છે, જીવને પોતાનું કારણ છે. બન્નેની સ્વતંત્ર યોગ્યતા છે.

પ્રશ્ન :- પરમાણુ આવિર્ભાવ થાય ત્યારે પણ સ્વતંત્ર ?

સમાધાન :- સ્વતંત્રતાનો આવિર્ભાવ થાય ત્યારે પણ સ્વતંત્ર છે, નિમિત્ત ઉદય આવે છે ત્યારે પણ સ્વતંત્ર છે. ક્યા કર્મને જીવ ઉદયમાં લાવી શકે ? ક્યા કર્મને ફેરવી શકે ? અરિહંત પરમાત્માને અનંત ચતુષ્ટય પ્રગટ્યા, તો અનંત જ્ઞાનની સાથે એક અનંત વીર્ય નામનો, પુરુષાર્થ નામનો ગુણ પ્રગટ્યો, તો અનંત પુરુષાર્થ હોવા છતાં આયુષ્ય, નામ, વેદનીય અને ગોત્ર (એ) ચાર છે એ આયુષ્યકાળે પૂરા થાશે, એ પહેલા પૂરા નહિ થાય. ચારેયને એવો પરસ્પર સ્વતંત્ર એવો સંબંધ છે કે એ આયુષ્ય પૂરું થશે ત્યારે પૂરા થશે. 'સીમંધર ભગવાન' અરિહંત દશામાં એક કરોડ પૂર્વ જે (આયુષ્ય) બાકી છે એ પૂરું કર્યે જ છૂટકો છે. પૂર્વે જે રાગભાવથી આયુષ્યનું, શાતાવેદનીય આદિનું નિબંધન કર્યું છે એમાં અનંત વીર્ય કામ ન કરે. જોકે અનંત વીર્ય તો આત્મામાં જ કામ કરે છે. અલ્પ વીર્ય હોય કે અનંત વીર્ય, આત્માનું વીર્ય આત્મામાં કામ કરે છે, આત્માનું વીર્ય જડ પુદ્ગલમાં કામ કરતું નથી. કોઈ પરપદાર્થમાં કામ કરે એ સિદ્ધાંત બહારનો વિષય છે.

**'ગ્રહે અરૂપી રૂપીને, એ અચરજની વાત;...'** છે, એમ કહે છે. **'જીવ બંધન જાણે નહીં,...'** જીવ બંધના સ્વરૂપને જાણતો નથી કે જિનસિદ્ધાંતમાં બંધનું સ્વરૂપ કેવી રીતે કહેવામાં આવ્યું છે. દ્રવ્યબંધ કેવી રીતે કહ્યો છે ? ભાવબંધ કેવી રીતે કહ્યો છે ? એ જગતની અંદર બંધની વાત પ્રસિદ્ધ છે પણ કેવી રીતે બંધ થાય છે ? અથવા બંધનું સ્વરૂપ શું છે ? એને જીવ જાણતો નથી.

મુમુક્ષુ :– અહીંયાં આવ્યા પછી ખબર પડી કે રાગ છે, જ્ઞાન છે. બંધન તો અનાદિથી ચાલુ છે. રાગ જે અનુભવાય છે...

પૂજ્ય ભાઈશ્રી :– એ ખબર હોય કે ન હોય પણ જે થાય છે એ તો થાય જ છે. જે થાય છે એ તો પદાર્થના ગુણધર્મો અનુસાર થાય છે. ખબર હોય તો... અજાણપણે ઝેર ખાય તો ન મરે. કેમકે ખબર નથી, એવું કાંઈ થોડું છે ? એમ. એવી રીતે ખબરની સાથે સંબંધ નથી. વસ્તુનું જે સ્વરૂપ છે એ સંબંધીનું જીવને જ્ઞાન હોય કે અજ્ઞાન હોય પદાર્થ તો પદાર્થના ગુણધર્મ પ્રમાણે જ પરિણમન કરશે.

**પ્રથમ દેહ દૃષ્ટિ હતી, તેથી ભાસ્યો દેહ;**
**હવે દૃષ્ટિ થઈ આત્મમાં, ગયો દેહથી નેહ. ૭.**

નેહ એટલે સ્નેહ. જ્યાં સુધી દેહદૃષ્ટિ હતી એટલે દેહ તે હું. દૃષ્ટિ એટલે જેમાં અસ્તિત્વ ગ્રહણ થાય છે એવો જીવનો ભાવ. હુંપણે એવા ભાવથી, 'હું', 'હું' એવા ભાવથી પોતાનું અસ્તિત્વ અનુભવાય છે એને દૃષ્ટિનું પરિણમન કહે છે. દેહદૃષ્ટિમાં હું દેહસ્વરૂપ છું, એવી અનાદિથી, પહેલેથી જ આવી જીવની દૃષ્ટિ છે. તેથી પોતાને દેહસ્વરૂપે ભાસે છે. '**તેથી ભાસ્યો દેહ;...**' જીવ જીવસ્વરૂપે ભાસતો નથી, દેહ જ જીવસ્વરૂપે ભાસે છે. '**તેથી ભાસ્યો દેહ;...**'

'**હવે દૃષ્ટિ થઈ આત્મમાં,...**' હવે જ્યારે આત્માની દૃષ્ટિ થઈ, આત્મામાં હુંપણું થયું ત્યારે '**ગયો દેહથી નેહ.**' ત્યારે દેહથી એનો સ્નેહ છે, દેહ ઉપર એનો જે રાગ છે, દેહ સાથેની જે એકત્વબુદ્ધિ છે એ છૂટે છે.

**જડ ચેતન સંયોગ આ, ખાણ અનાદિ અનંત;**
**કોઈ ન કર્તા તેહનો, ભાખે જિન ભગવંત. ૮.**

જડ અને ચેતનનો આ વિશ્વની અંદર જે સંયોગ છે, એકસાથે રહેવાનો પ્રકાર છે એ અનાદિ અનંત છે. એ અનાદિ અનંત છે. એ ખાણ એવી છે કે આ ખાણ ક્યારેય પૂરી થતી નથી. સદાય અનંત જીવો, અનંત પરમાણુઓ, જડ અને ચેતનનો સંયોગ આ વિશ્વમાં રહેવાનો છે. અથવા વિશ્વ એમ કહેતા જડ-ચેતનના સંયોગરૂપ પરિસ્થિતિ એને જ વિશ્વ અથવા જગત કહેવામાં આવે છે.

'**કોઈ ન કર્તા તેહનો,**' એનો કોઈ કર્તા નથી. ઈશ્વરકર્તા એવો જે એક અભિપ્રાય છે એનું આમાં નિરાકરણ છે, નિષેધ છે કે કોઈ એનો કર્તા નથી. ક્યારેય સૃષ્ટિને,

વિશ્વને કોઈ ઈશ્વરે ઉત્પન્ન કરી છે એ વસ્તુસ્થિતિ નથી. એમ જિનેશ્વર ભગવાને દિવ્યધ્વનિમાં સો ઇન્દ્રોની સભામાં સમવસરણમધ્યે આ રીતે ભાખ્યું છે, દિવ્યધ્વનિથી પ્રકાશિત કર્યું છે.

**'મૂળ દ્રવ્ય ઉત્પન્ન નહિ,...'** જે મૂળ દ્રવ્ય છે, મૂળમાં જે જીવ છે એની ઉત્પત્તિ થતી નથી. એમ કહેવાય કે, આ જીવ જન્મ્યો પણ ખરેખર જીવ નથી જન્મ્યો. જીવ અને દેહનો સંયોગ થયો છે એને જન્મ થયો એમ કહેવામાં આવે છે. **'મૂળ દ્રવ્ય ઉત્પન્ન નહિ, નહીં નાશ પણ તેમ;...'** અને એનો સર્વનાશ થાય, અભાવ થાય એવું પણ કદી બનતું નથી. એટલે અનંતા જડ રજકણો, અનંતા જીવો એમાંથી ક્યારેય એક પદાર્થ ઘટતો નથી. ચેતન-અચેતન એક પદાર્થ ક્યારેય વધતો નથી. જગતના પદાર્થોની સંખ્યા ત્રણે કાળે જેટલી છે એટલી જ રહે છે.

**મૂળ દ્રવ્ય ઉત્પન્ન નહિ, નહીં નાશ પણ તેમ;**
**અનુભવથી તે સિદ્ધ છે, ભાખે જિનવર એમ. ૯.**

ત્યાં પણ જિનવર–જિનેશ્વરની વાણીનો આધાર લીધો છે કે અમારો અનુભવ પણ એમ કહે છે અને જિનેશ્વરની વાણી પણ એમ જ કહે છે. જિનેશ્વરને એટલા માટે વચ્ચે લ્યે છે કે એ સર્વજ્ઞ પરમાત્મા છે, એમના જ્ઞાન બહાર કોઈ વાત નથી.

**હોય તેહનો નાશ નહિ, નહીં તેહ નહિ હોય;**
**એક સમય તે સૌ સમય, ભેદ અવસ્થા જોય. ૧૦.**

પહેલા પદમાં જે આગળની કડી છે એ જ વાત દોહરાવી છે કે મૂળ દ્રવ્યનો નાશ થતો નથી. એટલે જે છે, હોય એટલે જે છે એનો કદી નાશ થતો નથી. આગળ પાછળ વાત લીધી છે. અને **'નહીં તેહ નહિ હોય;...'** એટલે મૂળ દ્રવ્ય છે એ છે, એ નહિ હોય એવું કદી નહિ થાય. **'નહીં તેહ નહિ હોય;...'** નવી કોઈ ઉત્પત્તિ થશે નહિ. મૂળ દ્રવ્ય કોઈ નવું ઉત્પન્ન થતું નથી. જે છે એનો કદી નાશ થતો નથી. ઉપરની કડીની જ વાત ઊલટીસૂલટી કરીને ફરીને આમાં કરી છે.

**'એક સમય તે સૌ સમય, ભેદ અવસ્થા જોય.'** અત્યારે જે પદાર્થ દેખાય છે તે સદાય છે. ફક્ત એની અવસ્થાનો ફેરફાર છે. ભેદ દેખાય છે, મનુષ્ય છે એ દેવ દેખાય છે તે અવસ્થાભેદની વાત છે. બાળક છે તે યુવાન થાય છે, અવસ્થાભેદની વાત થઈ. તેનો તે જ પદાર્થ છે, એમ કહેવું છે. આ રીતે પદાર્થનું વિજ્ઞાન છે એ

આ પદની અંદર મુખ્યપણે સ્થાપ્યું છે.

હવે એ જ દોહરાનું બીજું પદ છે. ઉપદેશાત્મક જે ભાગ છે એની એક જ કડી આ પદની અંદર છે. એમાં પ્રત્યક્ષ સદ્‌ગુરુ પ્રત્યે બહુમાન વ્યક્ત કરેલું છે કે **'પરમ પુરુષ પ્રભુ સદ્‌ગુરુ,...'** સદ્‌ગુરુ છે એ પરમપુરુષ છે. પરમપુરુષ એટલે આથી આગળ કોઈ પુરુષ છે નહિ. પોતાને જે બહુમાનને યોગ્ય, ભક્તિને યોગ્ય, સ્તુતિને યોગ્ય જે છે એ સદ્‌ગુરુ પરમપુરુષ છે. પરમ એટલે સર્વોત્કૃષ્ટ, એમ લેવું.

**'પરમજ્ઞાન સુખધામ;...'** સુખધામને દેનારા છે, પરમજ્ઞાનને દેનારા છે એટલે એ પોતે જ પરમ જ્ઞાનસ્વરૂપ છે અને પોતે જ પરમ સુખધામસ્વરૂપ છે. અમારા તો સુખનું ધામ છે. આશ્રયસ્થાન છે એટલે સુખધામ કહેવામાં આવે છે. **'જેણે આપ્યું ભાન નિજ,...'** જેણે આત્માનું ભાન કરાવ્યું **'તેને સદા પ્રણામ.'** તેને અમે સદાને માટે પ્રણામ કરીએ છીએ. સદ્‌ગુરુનો મહિમા કરેલો છે.

## પત્રાંક-૨૬૭

રાળજ, ભાદ્રપદ, ૧૯૪૭

(હરિગીત)

જિનવર કહે છે જ્ઞાન તેને સર્વ ભવ્યો સાંભળો.

---

જો હોય પૂર્વ ભણેલ નવ પણ, જીવને જાણ્યો નહીં,
તો સર્વ તે અજ્ઞાન ભાખ્યું, સાક્ષી છે આગમ અહીં;
એ પૂર્વ સર્વ કહ્યાં વિશેષે, જીવ કરવા નિર્મળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૧
નહિ ગ્રંથમાંહી જ્ઞાન ભાખ્યું, જ્ઞાન નહિ કવિચાતુરી,
નહિ મંત્ર તંત્રો જ્ઞાન દાખ્યાં, જ્ઞાન નહિ ભાષા ઠરી;
નહિ અન્ય સ્થાને જ્ઞાન ભાખ્યું, જ્ઞાન જ્ઞાનીમાં કળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૨

આ જીવ ને આ દેહ એવો, ભેદ જો ભાસ્યો નહીં,
પચખાણ કીધાં ત્યાં સુધી, મોક્ષાર્થ તે ભાખ્યાં નહીં;
એ પાંચમે અંગે કહ્યો, ઉપદેશ કેવળ નિર્મળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૩
કેવળ નહીં બ્રહ્મચર્યથી,.............................................
કેવળ નહીં સંયમ થકી, પણ જ્ઞાન કેવળથી કળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૪
શાસ્ત્રો વિશેષ સહિત પણ જો, જાણિયું નિજરૂપને,
કાં તેહવો આશ્રય કરજો, ભાવથી સાચા મને;
તો જ્ઞાન તેને ભાખિયું, જો સમ્મતિ આદિ સ્થળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૫
આઠ સમિતિ જાણીએ જો, જ્ઞાનીના પરમાર્થથી,
તો જ્ઞાન ભાખ્યું તેહને, અનુસાર તે મોક્ષાર્થથી;
નિજ કલ્પનાથી કોટિ શાસ્ત્રો, માત્ર મનનો આમળો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૬
ચાર વેદ પુરાણ આદિ શાસ્ત્ર સૌ મિથ્યાત્વનાં,
શ્રીનંદીસૂત્રે ભાખિયા છે, ભેદ જ્યાં સિદ્ધાંતના;
પણ જ્ઞાનીને તે જ્ઞાન ભાસ્યાં, એ જ ઠેકાણે ઠરો,
જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૭
વ્રત નહીં પચખાણ નહિ, નહિ ત્યાગ વસ્તુ કોઈનો,
મહાપદ્મ તીર્થંકર થશે, શ્રેણિક ઠાણંગ જોઈ લો;
છેદ્યો અનંતા...............................................
............................................................... ૮

પછી ૨૬૭ નંબરનો આંક છે એમાં જ્ઞાનના વિષયમાં, જ્ઞાન કોને કહેવું ? અથવા જિનેશ્વરદેવે જ્ઞાન કોને કહ્યું છે ? જિનેશ્વરદેવે ખરેખર જ્ઞાન કોને કહ્યું છે ? એને કહી સંભળાવે છે.

**'જિનવર કહે છે જ્ઞાન તેને સર્વ ભવ્યો સાંભળો.'** હે ભવ્યો ! હે લાયક જીવો! જિનવરદેવે જ્ઞાન કોને કહ્યું છે એનું હું અહીંયાં વર્ણન કરીશ.

**જો હોય પૂર્વ ભણેલ નવ પણ, જીવને જાણ્યો નહીં,**
**તો સર્વ તે અજ્ઞાન ભાખ્યું, સાક્ષી છે આગમ અહીં;**
**એ પૂર્વ સર્વ કહ્યાં વિશેષે, જીવ કરવા નિર્મળો,**
**જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૧.**

નવ પૂર્વ એટલે અગિયાર અંગ પૂરા થયા પછી બારમા અંગના ચૌદ પૂર્વ છે. એમાંથી મિથ્યાદૃષ્ટિ જીવને આગમજ્ઞાન, શાસ્ત્રજ્ઞાન અગિયાર અંગ ઉપરાંત નવ પૂર્વ સુધીનું છેલ્લી હદે થાય છે. પછી આગળ દસમા પૂર્વનું નથી થતું. 'સમયસાર' છે એ દસમા પૂર્વમાંથી છે. 'સમયસાર'નો જે ઇતિહાસ ઉપોદ્‌ઘાતમાં લખ્યું છે એ દસમું વસ્તુ કે દસમું પૂર્વ એમ કાંઈક છે. પણ અગિયાર અંગ અને નવ પૂર્વ સુધીનું જ્ઞાન, એટલે અહીં તો પદ છે એટલે અગિયાર અંગ શબ્દનો સમાવેશ નથી થયો પણ નવ પૂર્વ કહ્યા એનો અર્થ એમ સમજી લેવો કે અગિયાર અંગ અને નવ પૂર્વ, એમ.

મિથ્યાદૃષ્ટિ જીવ અગિયાર અંગ અને નવ પૂર્વ ભણેલો હોય પણ જો એને પોતાના આત્મસ્વરૂપનું જ્ઞાન ન હોય એટલે સ્વસંવેદનરૂપ અનુભવજ્ઞાન ન હોય તો એનું અગિયાર અંગ અને નવ પૂર્વનું સર્વ જ્ઞાન છે તે અજ્ઞાન છે, એમ આગમ કહે છે. એ નવ પૂર્વ અને બાર અંગમાં એ વાત છે કે જેણે આત્માને ન જાણ્યો તેણે અગિયાર અંગ ને નવ પૂર્વ જાણ્યા તે બધું અજ્ઞાનસ્વરૂપે છે. જોકે તે જ્ઞાન આગમને અનુરૂપ દેખાય છે, એ અગિયાર અંગ અને નવ પૂર્વવાળો આગમનો વિરોધ નથી કરતો કે હું આ જે ભણું છું એની એને વ્યવહાર શ્રદ્ધા એવી રીતે છે કે આ બરાબર છે. આગમ કહે છે એમ જ વસ્તુનું સ્વરૂપ છે. એની બુદ્ધિ એમ કહે છે. છતાં પણ આત્મજ્ઞાનના અભાવમાં તેને અજ્ઞાન ગણવામાં આવ્યું છે. એવી આગમની સાક્ષી છે.

**'એ પૂર્વ સર્વ કહ્યાં વિશેષે,...'** વિશેષે એટલે વિસ્તારથી, વિશેષપણે, સર્વ ભેદે. જે અગિયાર અંગ અને ચૌદ પૂર્વ કહ્યાં છે **'જીવ કરવા નિર્મળો,...'** જીવને અશુદ્ધિ

મટે, ભાવકલંક, મલિનતા, મલિન ભાવ મટે, શુદ્ધિ થાય, આત્મશુદ્ધિ થાય એ હેતુથી કહ્યા છે. એટલે સીધો ગુણ-દોષનો જ વિષય છે. શાસ્ત્ર છે એ જીવને નિર્મળ કરવા માટે છે, દોષરૂપ મલિનતાનો નાશ થવા માટે છે. **'જિનવર કહે છે જ્ઞાન...'** જે જ્ઞાન એ રીતે જીવને નિર્મળ કરે, આત્મશુદ્ધિ કરે, આત્માનું જેનાથી શુદ્ધિકરણ થાય એવા જ્ઞાનને જિનવર જ્ઞાન કહે છે એમ હે ભવ્યો ! તમે સાંભળો. જો જીવને નિર્મળતા ન પ્રાપ્ત થતી હોય તો એનું બધું જ્ઞાન અજ્ઞાન સમજો. આ જ્ઞાનને અને આત્માની શુદ્ધિને અવિનાભાવી સંબંધ રહેલો છે, એમ કહેવું છે. જો આત્માની શુદ્ધિ ન થતી હોય તો એ જ્ઞાન બધું અજ્ઞાન છે, કાંઈ વિચાર કરવાની જરૂર નથી.

મુમુક્ષુ :- કાંઈ સાંભળતો જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :- લોકો એમ કહે છે કે, જુઓ ! એને જ્ઞાન છે કે નહિ ? એ આમ વાત કરે છે કે નહિ ? આપણું શાસ્ત્ર કહે છે એવી જ વાત કહે છે કે નહિ ? એ લોકોનો ભ્રમ થાય છે. એમ નહિ. એનો આત્મા નિર્મળ થયો ? આત્મા નિર્મળ થાય છે ? તો જ્ઞાન છે, આત્મા નિર્મળ ન થતો હોય તો જ્ઞાન નથી, બસ ! બીજું તું કાંઈ જોઈશ નહિ. તું નિર્મળતાની તપાસ કરજે, એના જ્ઞાનની તપાસ નહિ કરતો. નિર્મળતાને આધારે જ્ઞાનને સંમત કરજે. જ્ઞાનને આધારે નિર્મળતા છે એમ જોવા જઈશ તો ભૂલો પડી જઈશ.

મુમુક્ષુ :- પોતાને એ જ લાગુ પડે છે. નિર્મળતા થઈ કે જ્ઞાન થયું ?

પૂજ્ય ભાઈશ્રી :- પોતાને પણ એમ જ જોવાનું છે.

**નહિ ગ્રંથમાંહી જ્ઞાન ભાખ્યું, જ્ઞાન નહિ કવિચાતુરી,**
**નહિ મંત્ર તંત્રો જ્ઞાન દાખ્યાં, જ્ઞાન નહિ ભાષા ઠરી;**
**નહિ અન્ય સ્થાને જ્ઞાન ભાખ્યું, જ્ઞાન જ્ઞાનીમાં કળો,**
**જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો.** ૨.

એ ગ્રંથજ્ઞાન, પુસ્તકિયું જ્ઞાન કંઠસ્થ હોય, ગ્રંથોના ગ્રંથો કંઠસ્થ હોય તો એને ભગવાન જિનેશ્વરદેવ જ્ઞાન કહેતા નથી. ઘણું યાદ રહી જાય, જેટલું વાંચે એટલું યાદ રહી જાય, લ્યો ! મતિજ્ઞાનમાં સ્મૃતિની એવી તીવ્રતા હોય (કે) જેટલું વાંચે એટલું યાદ રહી જાય. તો કહે **'નહિ ગ્રંથમાંહી જ્ઞાન ભાખ્યું,...'** અમે એને જ્ઞાન કહેતા નથી.

**'જ્ઞાન નહિ કવિચાતુરી,...'** કવિત્વ શક્તિ હોય અને બહુ સારી પદરચના કરી

શકે, લોકો આફરીન થઈ જાય. મોટા કવિ સંમેલનો થાય છે ને ! ડાયરાઓ થાય છે, કવિ સંમેલનો થાય છે. એવી વાક્ય રચનાની ચતુરાઈ હોય કે આમ પદ ગાય ત્યાં આમ વાહ, વાહ, વાહ થઈ જાય. શું આની પાસે કળા છે ! તો કહે (છે), એ જ્ઞાનનું સ્વરૂપ નથી.

**'નહિ મંત્ર તંત્રો જ્ઞાન દાખ્યાં,...'** કોઈ મંત્ર, તંત્ર શીખ્યા હોય, એવી એને વિદ્યા છે, એને વિદ્યા છે એમ કહેવામાં આવે છે. એ મેલી વિદ્યા છે. એ જ્ઞાન નથી, મંત્ર-તંત્ર એ જ્ઞાન નથી. આત્માને નિર્મળ કરે તે મંત્ર સાચો. એ નિર્મળ મંત્ર છે, એ નિર્મળ જ્ઞાન છે. અધ્યાત્મવિદ્યા તે ખરી વિદ્યા છે. 'ગુરુદેવ' કહેતા, અધ્યાત્મવિદ્યા છે તે જ સાચી વિદ્યા છે, બાકી બધી વિદ્યા મેલી વિદ્યા છે. આ ભૂત-પ્રેતને મેલી વિદ્યા કહે છે ને ? એ મેલી વિદ્યા છે. કેમકે આત્માને અશુદ્ધિનું કારણ થાય છે.

**'જ્ઞાન નહિ ભાષા ઠરી;...'** અને કોઈને એવું સારું બોલતા કે લખતા ભાષામાં આવડતું હોય તો એ કોઈ જ્ઞાન નથી. સારી વક્તૃત્વ શક્તિ હોય, બહુ સારું સમજાવી શકે છે, એમ લાગતું હોય કે બહુ સારા લેખો અને પુસ્તકો લખી શકે છે, ગ્રંથો લખે છે માટે એને કોઈ જ્ઞાન છે એમ પણ કદી વિચારવા જેવું નથી.

**'જ્ઞાન નહિ ભાષા ઠરી; નહિ અન્ય સ્થાને જ્ઞાન ભાખ્યું, જ્ઞાન જ્ઞાનીમાં કળો,...'** જેને અનુભવ, સ્વસંવેદનરૂપ આત્મજ્ઞાન થયું છે અથવા જે આત્મજ્ઞાન, મૂર્તિમંત આત્મજ્ઞાન સ્વરૂપ છે એવા જે સત્પુરુષ ત્યાંથી માંડી જે પરમાત્માઓ ઉપરના ગુણસ્થાનમાં હોય એનામાં જ્ઞાન છે. જ્ઞાનીમાં જ્ઞાન છે અને આ સિવાય ક્યાંય જ્ઞાન નથી. જ્ઞાનનું સ્થાન ક્યાં ? જ્ઞાન ક્યાં રહે છે ? કે આત્મજ્ઞાનીમાં જ્ઞાન રહે છે. એ સિવાય, જ્ઞાની સિવાય ક્યાંય જ્ઞાન રહેતું નથી. બીજા સ્થાને ભગવાને જ્ઞાન ભાખ્યું નથી અને બીજા સ્થાને જ્ઞાન છે એવી ભ્રાંતિમાં તું ક્યારેય પણ ભૂલો પડીશ નહિ, એમ કહેવું છે. **'નહિ અન્ય સ્થાને જ્ઞાન ભાખ્યું, જ્ઞાન જ્ઞાનીમાં કળો, જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો.'** આ રીતે જિનવર જ્ઞાન કહે છે એને તમે સાંભળો.

મુમુક્ષુ :- જ્ઞાનીમાં જ્ઞાન છે.

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાનીમાં જ્ઞાન છે, આગમમાં જ્ઞાન નથી. આગમ છે એ કાગળ ઉપર ચીતરેલો દીવો છે. ચીતરેલો દીવો હોય એનાથી અજવાળું પડે અને રસ્તો સૂઝે એમ કાંઈ બને નહિ. એ કાગળ ઉપર ચીતરેલો દીવો છે અને સત્પુરુષ છે તે પ્રગટ

પ્રકાશવાળો દીવો છે. એમ ફેર છે. પોતે ઉપમા આપી છે, 'શ્રીમદ્જી'એ આ ઉપમા આપી છે. પ્રગટ મોક્ષસ્વરૂપ છે, જ્ઞાનપ્રકાશ સ્વરૂપ છે. એની સાથે કોઈ આગમને મેળવવા જાય તો એ વસ્તુસ્થિતિને સમજ્યા નથી.

**આ જીવ ને આ દેહ એવો, ભેદ જો ભાસ્યો નહીં,**
**પચખાણ કીધાં ત્યાં સુધી, મોક્ષાર્થ તે ભાખ્યાં નહીં;**

**'આ જીવ ને આ દેહ એવો ભેદ જો ભાસ્યો નહીં.'** હવે પચ્ચખાણ ઉપર જાય છે કે આ સંપ્રદાયની અંદર પચ્ચખાણની જે પદ્ધતિ છે એને કાંઈક ને કાંઈ ધર્મ અને ધર્મનું કારણ માનવામાં આવે છે અથવા મોક્ષના અર્થે કાંઈક પણ ક્રિયા કરી એમ માનવામાં આવે છે. ત્યાગ કર્યો ને ! પચ્ચખાણ કર્યા એટલે એમાં ત્યાગ કર્યો. તો કહે છે કે, આ જીવ અને આ દેહ એવું બેનું ભિન્નપણું જ્યાં સુધી ભાસે નહિ ત્યાં સુધી કોઈ પણ પ્રકારનો ત્યાગ કરે, પચ્ચખાણ લ્યે, એ મોક્ષાર્થે હોતા નથી. એનાથી મોક્ષરૂપી પ્રયોજન, એ દિશામાં કાંઈ પણ સિદ્ધિ થતી નથી.

**'એ પાંચમે અંગે કહ્યો, ઉપદેશ કેવળ નિર્મળો,...'** બાર અંગ છે એમાંથી પાંચમા અંગની અંદર, 'આચારાંગ', 'સૂયગ્ડાંગ' પાંચમું ક્યું છે ? 'ઠાણાંગ', 'સૂત્રકૃતાંગ' ચોથું કે પાંચમું ક્યુ છે ? 'આચારાંગ' છે, 'ઠાણાંગ' છે, 'સૂત્રકૃતાંગ' છે અને બનતા સુધી 'સમવાયાંગ' છે. **'એ પાંચમે અંગે કહ્યો, ઉપદેશ કેવળ નિર્મળો,...'** એ વિષય, ત્યાગ અને પચ્ચખાણનો નિર્મળ ઉપદેશ પાંચમા અંગમાં કહ્યો. 'શ્રીમદ્દે' કેટલું વાંચ્યું હશે ! ચોવીસમા વર્ષે ક્યા અંગમાં શું લખ્યું છે એ વાત નાખી છે.

મુમુક્ષુ :– આ તો આત્માનો ચમત્કાર છે !

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ આત્માનો ચમત્કાર છે !

**'જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો.'**

**'કેવળ નહીં બ્રહ્મચર્યથી,...'** એમ કરીને પાછળ ખાલી જગ્યા રાખી છે. કોઈ તીખી વાત લખી હશે, એમ અનુમાન કરવામાં આવે છે. જોકે આમાં તો જે નિવેદન છે.... કોઈ એક જગ્યાએ ખાલી પણ જોવામાં આવે છે કે જ્યાં કાંઈક જોરથી વાત કરી હોય, દ્રવ્યદૃષ્ટિથી તીખી વાત કરી હોય.

**'કેવળ નહીં બ્રહ્મચર્યથી,...'** પછી કેવળ કરીને કોઈ બીજી વાત હશે. કેમકે બધે કેવળ.. કેવળ કહ્યું છે. **'કેવળ નહીં સંયમ થકી, પણ જ્ઞાન કેવળથી કળો, જિનવર**

**કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો.**' અહીંયાં તો દોઢ લીટી બાદ કરેલી છે. એટલે ચાર લીટીના પદ છે એમાં આ ચોથા પદની અઢી લીટી છે, એટલે દોઢ લીટીને બાદ કરી છે. પણ એમાં ખાલી... ટપકાં મૂક્યાં નથી એટલે ખ્યાલ ન આવે. પણ ખરેખર દોઢ લીટીમાં બાદ કરેલી છે. એટલે એમ કે જે બાહ્ય ત્યાગ અને બાહ્ય સંયમ અને બ્રહ્મચર્ય આદિ જે મન-વચન-કાયાની શુભયોગની ક્રિયા છે એનાથી કોઈ આત્મહિત થાય એવું નથી. આત્મજ્ઞાન ઉપર વધારે વજન આપ્યું છે.

**શાસ્ત્રો વિશેષ સહિત પણ જો, જાણિયું નિજરૂપને,**
**કાં તેહવો આશ્રય કરજો, ભાવથી સાચા મને;**
**તો જ્ઞાન તેને ભાખિયું, જો સમ્મતિ આદિ સ્થળો,**
**જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૫.**

શાસ્ત્રોમાં જે વિશેષ સહિત એટલે કે વિસ્તારથી જે કાંઈ કહ્યું છે એનાથી જો પોતાના આત્માને જાણ્યો, '**જાણિયું નિજરૂપને,...**' આત્માને, પોતાના સ્વરૂપને જાણ્યું તો જિનવર એને જ્ઞાન કહે છે. જો ન જાણ્યું હોય તો સાચી ભાવનાથી આત્મજ્ઞાન થાય એવી ભાવના કરજો, એનો આશ્રય કરજો, આશ્રયભાવનામાં રહેજો, એમ કહેવું છે. કાં તો આત્માનું જ્ઞાન કરવું, આત્મજ્ઞાન ન થાય તો ભાવથી, સાચા મનથી કે ભાવનાથી આત્મજ્ઞાનની ભાવના ભાવવી, સ્વરૂપપ્રાપ્તિની ભાવના રાખવી અને એ ભાવનાનો આશ્રય કરવો.

'**તો જ્ઞાન તેને ભાખિયું,...**' એક જ્ઞાનીને જ્ઞાન કહ્યું અને એક ભાવનાવાળાને જ્ઞાન કહ્યું, જોયું ? (આત્મા) પ્રાપ્ત કરવાનો છે ને ! '**તો જ્ઞાન તેને ભાખિયું,...**' કારણમાં કાર્યનો ઉપચાર કર્યો. '**જો સમ્મતિ આદિ સ્થળો,...**' સમ્મતિ આદિ જે કોઈ મોટા શાસ્ત્રો છે એની અંદર આ વાત કરેલી છે. એ સ્થળે એટલે એ શાસ્ત્રમાં. '**જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો.**'

**આઠ સમિતિ જાણીએ જો, જ્ઞાનીના પરમાર્થથી,**
**તો જ્ઞાન ભાખ્યું તેહને, અનુસાર તે મોક્ષાર્થથી;**
**નિજ કલ્પનાથી કોટિ શાસ્ત્રો, માત્ર મનનો આમળો,**
**જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૬.**

'**આઠ સમિતિ જાણીએ જો, જ્ઞાનીના પરમાર્થથી,...**' સમિતિ-ગુપ્તિનો જે વિષય

છે એનું પરમાર્થ સ્વરૂપ જો જાણવામાં આવે તો સ્વરૂપલીનતાના એ બધાં ભેદથી વાત કરી છે. સ્વરૂપલીનતાને બાહ્ય વિકલ્પ સાથે કેવો સંબંધ છે, એવો એની અંદર પારમાર્થિક નિશ્ચય-વ્યવહારનો સંબંધ છે. એ જાણીએ તો એને મોક્ષમાર્ગનું જ્ઞાન કહ્યું છે અને એ મોક્ષના પ્રયોજન સહિત, મોક્ષ અનુસારી, મોક્ષાર્થ અનુસારી જ્ઞાન છે.

એમ જે જ્ઞાનમાં મોક્ષાર્થ ન હોય, મોક્ષનું પ્રયોજન ન હોય, આત્માને મુક્તિ થાય એ પ્રકાર ન હોય તો **'નિજ કલ્પનાથી કોટિ શાસ્ત્રો,...'** કરોડો શાસ્ત્રો વાંચે તો એ એની કલ્પના છે, એના ઘરની કલ્પના ઉઠાવે છે. એ 'ગુરુદેવ' કહેતા, કોઈ અન્ય માર્ગે ચડી જાય તો (કહેતા કે) ઉઠાવગીર છે, કલ્પના ઉઠાવી છે, ઉઠાવગીરે કલ્પના ઉઠાવી છે. એમ **'નિજ કલ્પનાથી કોટિ શાસ્ત્રો, માત્ર મનનો આમળો,...'** એને મનમાં એમ થાય છે કે મેં તો કરોડો શાસ્ત્રો, લાખો શાસ્ત્રો વાંચ્યા. તો કહે (છે), તારા મનનો આમળો ઉતાર્યો છે.

કાઠિયાવાડી ભાષામાં મનનો આમળો એટલે શું ? કે માણસને એક કામ કર્યા વિના સખ ન પડે. (જ્યારે) એ કામ કરે ત્યારે એને સખ પડે. એમ આત્મજ્ઞાન વિના શાસ્ત્રો વાંચવાની ટેવ પડી હોય ત્યારે એને એમ થાય કે આ શાસ્ત્ર વાંચુને તો બસ, હવે. મારે..... એક શાસ્ત્ર વાંચું ને એટલે મારું કામ પૂરું. મારું આજનું કામ પૂરું. મનનો આમળો ઉતારે છે, બીજું કાંઈ કરતો નથી. જો આત્મજ્ઞાન નથી તો એ બધા કરોડો શાસ્ત્ર તું વાંચતો હોય તો તારા મનનો આમળો ઉતારવાની વાત છે. એ સિવાય બીજું કાંઈ નથી. એ મનની અંદર વળ ચડી ગયેલી વાત છે કે શાસ્ત્ર તો વાંચવું જ જોઈએ, એટલે શાસ્ત્ર વાંચ્યા કરે. એવા તેં ભલે કરોડો શાસ્ત્ર વાંચ્યા હોય. મનનો આમળો ઉતાર્યો છે બીજું કાંઈ તેં કર્યું નથી.

પ્રશ્ન :- મનનો આમળો એટલે મનનો વેગ થાય ?

સમાધાન :- આમળો એ ચોક્કસ પ્રકારનો શબ્દ છે. માણસ નથી કહેતા ? કે, ભાઈ ! એને આમળો ચડ્યો છે એ ઊતરશે ત્યારે થાશે. એ હઠ કરે છે.

મુમુક્ષુ :- અમલ એટલે કેફ. કેફી દ્રવ્ય-અમલ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, હા, અમલ એ નશો જ છે. અમલ એ નશાના અર્થમાં જ વપરાય છે. પણ એ નશા જેવી જ પરિસ્થિતિ છે. એ થોડીક ભળતી વાત છે. પણ એક હઠ થાય છે. એ કર્યા વગર એને સખ પડે જ નહિ. માણસની પ્રકૃતિ

નથી હોતી ? કે આ ચીજ અહીંયાં જ રહેવી જોઈએ. પછી કોઈ બીજે મૂકે તો એ તરત જ પાછી ત્યાં મુકાઈ જાય. તો કહે, એ એના મનનો આમળો છે. એ એમ જ કરશે, બીજું નહિ કરે. એમ કર્યા વગર એ છોડશે નહિ. એવી રીતે.

મુમુક્ષુ :- ચોક્કસ પરિસ્થિતિનો આગ્રહ.

પૂજ્ય ભાઈશ્રી :- આગ્રહ, આમળો એટલે આગ્રહ, હઠ છે. એમ આ હઠથી શાસ્ત્ર વાંચે છે. કરોડો શાસ્ત્ર વાંચ્યા એ હઠથી વાંચ્યા છે. આ તમારે હિન્દીમાં કહે છે. વાત બહુ ભરાઈ ગઈ હોય, જેને કોઈ વાત ખૂબ ભરાઈ ગઈ હોય તો..... કરે છે જેને કહે છે. ઇ કહે પછી એને શાંતિ થાય. અમારે ગુજરાતીમાં કહે કે, ભાઈ ! એને આમળો ચડ્યો હતોને તો હવે એ આમળો ઊતરી ગયો. બોલ્યો ને એટલે એનો આમળો ઊતરી ગયો. એને આમળો કહે છે, લ્યો ! હા, ઊભરો નીકળી ગયો. એ ભરાઈ ગયું હોય ને ઇ નીકળે ત્યારે એને આમળો ઊતર્યો એમ કહેવામાં આવે છે. જરા એવા Sense માં આ વાત છે.

**'નિજ કલ્પનાથી કોટિ શાસ્ત્રો, માત્ર મનનો આમળો, જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો.'**

**'ચાર વેદ પુરાણ આદિ શાસ્ત્ર સૌ મિથ્યાત્વનાં,...'** ઇ આમાં પણ વપરાય છે. ઘણાને પોતાની વાત કહેવાનો આગ્રહ બહુ હોય અને ઇ કહે ત્યારે એને સખ પડે. કોઈ બોલવા ન દ્યે તો એમાં જરાક ખેંચાખેંચી થાય. ડાહ્યો માણસ કહે કે એને બોલી લેવા દ્યોને, એનો મનનો આમળો ઊતરશે ને પછી શાંતિ થશે. શું કહે ? એનો આમળો ઉતારી લેવા દ્યો. એમ **'નિજ કલ્પનાથી કોટિ શાસ્ત્રો, માત્ર મનનો આમળો.'**

**ચાર વેદ પુરાણ આદિ શાસ્ત્ર સૌ મિથ્યાત્વનાં,**
**શ્રીનંદીસૂત્રે ભાખિયા છે, ભેદ જ્યાં સિદ્ધાંતના;**
**પણ જ્ઞાનીને તે જ્ઞાન ભાસ્યાં, એ જ ઠેકાણે ઠરો,**
**જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો. ૭.**

આ વાત બહુ સારી કરી છે કે જે અન્યમતમાં ચાર વેદ કહ્યાં છે. શામવેદ, યજુર્વેદ ને એ બધાં જે ચાર વેદ કહ્યાં છે, એ બધા મિથ્યાત્વના શાસ્ત્રો છે. પણ એક નયમાંથી નયાભાસથી ઉત્પન્ન થયેલા એ મિથ્યાત્વના શાસ્ત્રો છે. નયાભાસને

લઈને (ઉત્પન્ન થયેલા છે). એમાંથી નય શું છે ? ન્યાય શું છે ? એ શોધવાનું છે અને એને જ્ઞાન કહે છે. **'જ્ઞાનીને તે જ્ઞાન ભાસ્યાં,...'** એમાંથી એણે નયજ્ઞાન કાઢ્યું. એ જ્ઞાનીને એમાંથી જ્ઞાન ભાસ્યું. એ ઠેકાણે ઠરો એમ કહે છે. એ ઠેકાણે સ્થિર થાઓ.

મુમુક્ષુ :- ખુલ્લેખુલ્લું બોલવાની આ પહેલી જગ્યા છે, ક્યાંય આવું બોલ્યા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, એમ તો અન્યમત વિષે અભિપ્રાય આપી દીધો છે. મિથ્યાત્વ છે, આમ છે, આમ છે. મારા ગ્રંથમાં છે. યાદી કરેલી છે. ઘરે છે. એક એમણે જે 'મોક્ષમાળા' લખી છે એમાં લખ્યું છે અને પાછળ પણ એક જગ્યાએ છે. બે-ત્રણ જગ્યાએ એનો આધાર છે. (એક પત્રિકામાં) સ્થાપતા હતા ને ! એની સામે એણે આધાર માગ્યા હતા.

'શ્રીમદ્જી' અન્યમત પ્રત્યે મધ્યસ્થ હતા ને એમને બધા અન્યમતો પ્રત્યે સમભાવ હતો અને કોઈને મિથ્યાત્વી અને આમ નહોતા કહેતા, એવું બધું છાપ્યું હતું. મેં કીધું નહીં, એમનો સ્પષ્ટ અભિપ્રાય છે. તમે બરાબર સમજીને નથી છાપ્યું. તો એમણે કહ્યું, તમે આધાર મોકલો. 'શ્રીમદ્'ના શબ્દોમાં આધાર મોકલો. પછી આધાર મોકલ્યો હતો. બે-ત્રણ આધાર મોકલ્યા હતા. પછી એની સામે એણે દલીલ નથી કરી. ઇ તો આમાંથી જ પાના સહિત આધાર મોકલ્યા હતા.

**'ચાર વેદ પુરાણ આદિ શાસ્ત્ર સૌ મિથ્યાત્વનાં,...'** અહીંથી તો શું કહે ? કે જુઓ ! જ્ઞાનીને જ્ઞાન ભાસ્યાં છે માટે આપણે મિથ્યાત્વના ન કહેવાય, એવો ઊંધો અર્થ પણ કરે છે. એ અર્થ બરાબર નથી. છે તો મિથ્યાત્વના શાસ્ત્રો છે, નયાભાસ થઈને ઉત્પન્ન થયેલા છે. પણ એમાંથી જ્ઞાની જે નયની મર્યાદા છે એ સમજાવી શકે છે, સમજી શકે છે. એટલે એના જ્ઞાનમાં એ શાસ્ત્ર વાંચતા મિથ્યાત્વ નથી ઉત્પન્ન થતું. જ્ઞાની મિથ્યાત્વનું શાસ્ત્ર વાંચે તો એનું જ્ઞાન મિથ્યા ન થાય. એના સમ્યગ્જ્ઞાનમાં એને ખબર પડી જાય કે અહીંયાં ક્યાં ભૂલ્યાં છે, એમ. એ એનું જ્ઞાન છે. અને નંદીસૂત્રમાં જ્યાં સિદ્ધાંતના ભેદ કહ્યાં છે એમાં પણ ફેરફાર છે તોપણ જ્ઞાનીને ખબર પડે છે કે આની અંદર સૈદ્ધાંતિક વાત ખરેખર શું છે.

મુમુક્ષુ :- અજ્ઞાનીને લપસવાનું કારણ બને. જ્ઞાનીને તો મિથ્યાત્વ ન થાય, અજ્ઞાની તો છેતરાય જ જાય ને !

પૂજ્ય ભાઈશ્રી :- અજ્ઞાની એને શાસ્ત્ર માનીને વાંચે છે તો એ તો પહેલેથી

જ ભૂલેલો છે, જો એને શાસ્ત્ર માને છે તો. હવે એને શાસ્ત્ર નથી માનતો તો એને વાંચવાની શું જરૂર છે ? શાસ્ત્ર માનીને વાંચે છે એ તો ભૂલેલો જ છે. કેમકે એની તો શ્રદ્ધા છે. હવે ખબર પડી કે આ શાસ્ત્ર, શાસ્ત્ર નથી, આ મિથ્યાત્વનું શાસ્ત્ર છે તો એને વાંચવાનું પ્રયોજન શું ? જરૂર નથી. કાંઈ પણ એને એના પ્રત્યે બહુમાન હોય તો એ પરિશ્રમ કરે, સમય-શક્તિ બગાડે. નહિતર શું કરવા બગાડે ? એના માટે નકામી ચીજ છે.

મુમુક્ષુ :- નંદીસૂત્રે જે લખ્યા છે એમાં ખોટા સિદ્ધાંત છે ?

પૂજ્ય ભાઈશ્રી :- હા, એવું લાગે છે. કારણ કે શાસ્ત્ર સૌ મિથ્યાત્વના, એની સામે નંદીસૂત્ર લીધું છે. નંદીસૂત્ર શ્વેતાંબરનું પીસ્તાલીસ આગમમાંથી કોઈ સૂત્ર હોવું જોઈએ અને એમાં કાંઈક ગડબડ હોવી જોઈએ. એ એમના ખ્યાલમાં છે એટલે એ વાત લખે છે.

પછી કહે છે કે, **'જ્ઞાનીને તે જ્ઞાન ભાસ્યાં, તે જ ઠેકાણે ઠરો,...'** જ્ઞાની તો એમાંથી પણ સમ્યગ્જ્ઞાનમાં વસ્તુનું સ્વરૂપ કેવી રીતે છે ? એમ એ એમાંથી કાઢી શકે છે. એમાંથી સમજાવી શકે છે. માટે એના માટે એ જ્ઞાન છે. એ જ ઠેકાણે એટલે એ જ સ્થાને. તમે જે ..... એમ. **'જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો.'**

**'વ્રત નહીં પચખાણ નહિ, નહિ ત્યાગ વસ્તુ કોઈનો,...'** 'શ્રેણિક' મહારાજા માટે વાત લીધી છે. અવિરત સમ્યક્દૃષ્ટિ છે, ક્ષાયિક સમ્યગ્દૃષ્ટિ છે કે જેમને વ્રત નહોતું, જેમને પચ્ચખાણ પણ નહોતું. કોઈ બાહ્ય ત્યાગ નહોતો. **'નહિ ત્યાગ વસ્તુ કોઈનો,...'** કોઈ વસ્તુ ત્યાગી પણ નહોતી. **'મહાપદ્મ તીર્થંકર થશે,...'** ભગવાનની વાણીથી પ્રસિદ્ધ છે કે એ આવતી ચોવીસીના પ્રથમ 'આદિનાથ' ભગવાન છે તેમ 'શ્રેણિક' મહારાજાનો જીવ 'મહાપદ્મ' નામના, જે અત્યારે 'આદિનાથ' આ ચોવીસીના થયા તે 'ઋષભદેવ' નામના થયા. એમ પહેલા-પ્રથમ આદિ તીર્થંકર, આદિનાથ 'મહાપદ્મ' ભગવાન થશે. 'શ્રેણિક' મહારાજા, જેની આપણે 'સોનગઢ'માં સ્થાપના કરી છે, પ્રતિષ્ઠા કરી છે.

**'વ્રત નહીં પચખાણ નહિ, નહિ ત્યાગ વસ્તુ કોઈનો, મહાપદ્મ તીર્થંકર થશે, શ્રેણિક ઠાણાંગ જોઈ લો;...'** ઠાણાંગ સૂત્રની અંદર આ વાત પ્રસિદ્ધ છે. **'છેદ્યો અનંતા...'** ભવનો. અનંતા ભવનો. એમને જે કાંઈ કહેવું છે એ એમણે અનંતા ભવ છેદી નાખ્યાં છે. તો એને જ્ઞાન કહેવા માગે છે. **'જિનવર કહે છે જ્ઞાન તેને, સર્વ ભવ્યો સાંભળો.'**

જેણે અનંતા ભવનો અંત કરીને છેદી નાખ્યો છે, એને જ્ઞાન કહેવું. ભવનિવૃત્તિ કરે તેને જ્ઞાન કહીએ. ભવની આવૃત્તિ કરે તેને અજ્ઞાન કહીએ. ભલે એ જ્ઞાન ગમે એવા સ્વરૂપે દેખાવ પામતું હોય તોપણ તે અજ્ઞાન છે.

મુમુક્ષુ :– ૫૯૭ નો આધાર...

પૂજ્ય ભાઈશ્રી :– ૫૯૭ (પત્રાંક), હા, આધાર આપ્યો હતો.

પ્રશ્ન :– 'શ્રેણિક ઠાણાંગ જોઈ લ્યો' એ શું છે ? ઠાણાંગ એટલે ?

સમાધાન :– ઠાણાંગ, ઠાણાંગ નામનું સૂત્ર છે. બાર અંગમાં ઠાણાંગ નામનું સૂત્ર છે. આચારાંગ, સૂત્રકૃતાંગ, સમવાયાંગ, ઠાણાંગ. એમ ઠાણાંગ નામનું સૂત્ર છે. એમાં આ વાત પ્રસિદ્ધ થયેલી છે. ભગવાન 'મહાવીરસ્વામી' ની જે વાણી છે એમાં એ વાણીનો પ્રકાશ ઠાણાંગસૂત્રની અંદર 'શ્રેણિક' મહારાજાનો ઉલ્લેખ છે, એમ કહેવું છે. એટલે આગમ રહીત છે. એ તો આ લોકોની દલીલ હતીને કે જે વાત આગમમાં હોય એને તમે સ્થાપો. એમ કહ્યું કે ભાવી તીર્થંકર તો 'મહાપદ્મ' ભગવાન છે, એનો વિરોધ કેમકેરતાં નથી ? તો કહે એ આગમમાં છે. અને 'સૂર્યકીર્તિ' ભગવાનનું નામ આગમમાં નથી માટે અમારો વિરોધ છે. એ તો દલીલ હતી, આગમની તો દલીલ હતી.

**'અમારા ચિત્તને વિષે વારંવાર એમ આવે છે અને એમ પરિણામ સ્થિર રહ્યા કરે છે...'** આ નિર્ણયની વાત કરે છે. વારંવાર એ વિચાર આવે છે અને એ નિશ્ચય થાય છે **'કે જેવો આત્મકલ્યાણનો નિર્ધાર શ્રી વર્ધમાનસ્વામીએ કે શ્રી ઋષભાદિએ કર્યો છે, તેવો નિર્ધાર બીજા સંપ્રદાયને વિષે નથી.'** છે ? ચોખ્ખી વાત કરી છે ? બીજા સંપ્રદાયને માન્ય કર્યા છે એમ (એમણે) લખ્યું હતું. તો કહ્યું નહિ, ના પાડે છે. આ જ્ગ્યાએ ચોખ્ખી વાત છે.

**'વેદાંતાદિ દર્શનનો લક્ષ આત્મજ્ઞાન ભણી અને સંપૂર્ણ મોક્ષ પ્રત્યે જતો જોવામાં આવે છે, પણ તેનો યથાયોગ્ય નિર્ધાર સંપૂર્ણપણે તેમાં જણાતો નથી, અંશે જણાય છે,...'** આમાંથી – દિવ્યધ્વનિમાંથી જુદાં પડેલા છે. એટલે એમાં શું થયું છે કે એ સંપ્રદાયની અંદર બુદ્ધિમાન માણસો બહુ થયા. ઘણા એવા બુદ્ધિમાન માણસો થયા કે જેણે એ એક જ વિષય જીવનભર ઉપાસ્યો. ગૃહસ્થાશ્રમાદિ છોડીને જંગલમાં જઈ વસ્યા. શહેરમાં રહે તો કોઈ પૂછે કે આ દાઢું (દાઢી) કેમ વધાર્યું છે ? જંગલમાં કોઈ

પ્રવૃત્તિ નહિ. એકલી જ્ઞાન-ધ્યાનની પ્રવૃત્તિમાં રહ્યાં છે. એવા બહુ ક્ષયોપશમવાળા ઋષિમુનિઓ એ સંપ્રદાયની અંદર થયા છે. તો કહે છે કે પણ સંપૂર્ણ નિર્ધાર ત્યાં જણાતો નથી. કેટલીક વાત ત્યાં મેળ ખાય એવી છે. અંશે એટલે કે કેટલીક વાતનો મેળ ખાય છે. આ એની મધ્યસ્થતા છે.

**'અંશે જણાય છે, અને કંઈ કંઈ તે પણ પર્યાયફેર દેખાય છે.'** કેમકે વિધિનો વિષય ન આવે એની અંદર, જ્યાં મિથ્યાત્વ હોય ત્યાં વિધિનો વિષય ન આવે. એટલે પર્યાયફેર દેખાય છે. **'જો કે વેદાંતને વિષે ઠામઠામ આત્મચર્યા જ વિવેચી છે,...'** વેદાંતની અંદર અઢાર ઉપનિષદ છે, આત્માનો વિષય છે. **'તથાપિ તે ચર્યા સ્પષ્ટપણે અવિરુદ્ધ છે, એમ હજુ સુધી લાગી શકતું નથી.'** એટલે કે વિરુદ્ધ છે. પણ વિરુદ્ધ છે એમ કહેવાને બદલે અવિરુદ્ધ નથી એમ કહે છે, એ શૈલી છે. **'એમ પણ બને કે વખતે વિચારના કોઈ ઉદયભેદથી વેદાંતનો આશય બીજે સ્વરૂપે સમજવામાં આવતો હોય અને તેથી વિરોધ ભાસતો હોય,...'** એટલે કદાચ તમે કલ્પના કરો, મને તર્ક કરો કે ભાઈ, તમારો ઉદય એવો હશે. કર્મના ઉદયમાં રહીને તમે વાંચ્યું હશે માટે તમને વેદાંતનો આશય બરાબર નહિ સમજાતો હોય. બાકી વેદાંતમાં તો સત્ય જ કહ્યું છે.

**'એવી આશંકા પણ ફરી ફરી ચિત્તમાં કરવામાં આવી છે,...'** અમે એ તપાસ્યું છે, Observation કર્યું છે, તપાસણી કરી છે કે ક્યાંય અમે ઉદયમાં રહીને એટલે કે પક્ષાપક્ષીમાં રહીને તો આ વાત નથી કરતા ને ! ઉદયનો અર્થ એમ. પક્ષબુદ્ધિથી તો નથી કરતા ને ! કે જૈનનો પક્ષ ખેંચવો છે માટે વેદાંતને મિથ્યાત્વ કહીએ છીએ, એવું તો નથી ને ! પાછું તપાસ્યું છે, એમ કહે છે. અમારા ચિત્તની તપાસણી કરી છે.

**'વિશેષ વિશેષ આત્મવીર્ય પરીણમાવીને...'** કેટલી ખાતરી આપી છે ! **'વિશેષ વિશેષ આત્મવીર્ય પરિણમાવીને તેને અવિરોધ જોવા માટે વિચાર કર્યા કરેલ છે,...'** અમે પુરુષાર્થમાં ઊભા રહીને આ વાતને તોળી છે, એમ કહે છે. **'તથાપિ એમ જણાય છે કે વેદાંત જે પ્રકારે આત્મસ્વરૂપ કહે છે, તે પ્રકારે સર્વથા વેદાંત અવિરોધપણું પામી શકતું નથી.'** એ તો 'ગાંધીજી'ને પણ એમણે લખી છે કે વેદાંતાદિની અંદર જે વાત છે તે સંપૂર્ણપણે અવિરોધ જોવામાં આવતી નથી. એ વાત એમણે 'ગાંધીજી'ને લખી છે કેમકે એ પોતે હિન્દુ ધર્મમાં હતા અને એની માન્યતા માટે સ્પષ્ટીકરણ આપ્યું છે.

**'કેમકે તે કહે છે તે જ પ્રમાણે આત્મસ્વરૂપ નથી; કોઈ તેમાં મોટો ભેદ જોવામાં આવે છે;...'** મૂળમાં ફેર છે, એમ કહે છે. મોટો ભેદ એટલે મૂળમાં ફેર છે, એમ કહે છે. **'અને તે તે પ્રકારે સાંખ્યાદિ દર્શનોને વિષે પણ ભેદ જોવામાં આવે છે.'** એ વેદાંતના પેટા ભેદમાં છે. **'એકમાત્ર શ્રી જિને કહ્યું છે તે આત્મસ્વરૂપ વિશેષ વિશેષ અવિરોધી જોવામાં આવે છે,...'** જોવામાં આવે છે, એમ નહિ પણ **'તે પ્રકારે વેદવામાં આવે છે.'** અનુભવ પણ થાય છે એમ કહે છે. એવું જોવામાં આવે છે અને એમ અનુભવવામાં પણ આવે છે. **'સંપૂર્ણપણે અવિરોધી જિનનું કહેલું આત્મસ્વરૂપ હોવા યોગ્ય છે, એમ ભાસે છે.'** સ્પષ્ટપણે ભાસે છે, એમ કહે છે.

**'સંપૂર્ણ અવિરોધી જ છે, એમ કહેવામાં નથી આવતું...'** એમ ભાસે છે, એમ કહ્યું ને ? એમાં 'જ' નથી વાપર્યો, એનો ખુલાસો કરે છે **'તેનો હેતુ માત્ર એટલો જ છે કે, સંપૂર્ણપણે આત્માવસ્થા પ્રગટી નથી.'** હું કેવળી થયો નથી, માટે એમ કહું છું. કેમકે એમના વચનોનો હું પૂરેપૂરો પાર પામ્યો છું એમ કહેવા માગતો નથી. મારી શક્તિ છે એના ઉપરથી હું કહું છું, મારા અનુભવથી હું કહું છું, એમ.

**'જેથી જે અવસ્થા અપ્રગટ છે, તે અવસ્થાનું અનુમાન વર્તમાનમાં કરીએ છીએ જેથી તે અનુમાન પર અત્યંત ભાર ન દેવા યોગ્ય ગણી...'** કેટલી મધ્યસ્થતા છે ! **'અત્યંત ભાર ન દેવા યોગ્ય ગણી વિશેષ વિશેષ અવિરોધી છે, એમ જણાવ્યું છે; સંપૂર્ણ અવિરોધી હોવા યોગ્ય છે, એમ લાગે છે.'** હોવા યોગ્ય છે અને એમ લાગે છે.

**'સંપૂર્ણ આત્મસ્વરૂપ કોઈ પણ પુરુષને વિષે પ્રગટવું જોઈએ, એવો આત્માને વિષે નિશ્ચય પ્રતીતિભાવ આવે છે; અને તે કેવા પુરુષને વિષે પ્રગટવું જોઈએ, એમ વિચાર કરતાં જિન જેવા પુરુષને પ્રગટવું જોઈએ એમ સ્પષ્ટ લાગે છે.'** નહિતર તો બધા, ઘણાને, 'વ્યાસને' જાણ્યાં છે અને ફલાણા ને બધાના નામની ખબર છે.

વેદાંતના રચયિતા વેદંવ્યાસ કહેવાય છે. વ્યાસને જ વેદંવ્યાસ કહેવાય છે. બધા મોટા માથાના નામની ખબર છે. પણ એમ કહ્યું છે કે સંપૂર્ણપણે કોઈ પુરુષને વિષે આત્મસ્વરૂપ પ્રગટે તો તે જિનેશ્વરને પ્રગટે એવું એમનું સ્વરૂપ છે, એમ અમને લાગે છે. બીજા કોઈનું નામ ન લીધું, જોયું ?

મુમુક્ષુ :- એનું જ્ઞાન સાચું, બાકી નહિ.

પૂજ્ય ભાઈશ્રી :- બાકી કોઈનું નહિ, એમ. સંપૂર્ણ આત્મસ્વરૂપ એને પ્રગટ્યું,

એ અમને સ્પષ્ટ લાગે છે. અહીંયાં ગોળગોળ નથી લખ્યું. **'એમ સ્પષ્ટ લાગે છે. કોઈને પણ આ સૃષ્ટિમંડળને વિષે આત્મસ્વરૂપ સંપૂર્ણ પ્રગટવા યોગ્ય હોય તો શ્રી વર્ધમાનસ્વામીને વિષે પ્રથમ પ્રગટવા યોગ્ય લાગે છે, અથવા તે દશાના પુરુષોને વિષે સૌથી પ્રથમ સંપૂર્ણ આત્મસ્વરૂપ...'** પ્રગટવા યોગ્ય લાગે છે. પત્ર અપૂર્ણ રહી ગયો છે પણ બહુ સારો પત્ર છે. આવા બહુ મહત્ત્વના પત્રો અપૂર્ણ રહેલા છે. એ જરા ખટકે એવો વિષય છે.

એ પોતાનો અભિપ્રાય છે એ અન્યમત વિષેનો, વેદાંત આદિ દર્શન વિષેનો બહુ સ્પષ્ટ આપ્યો છે અને અધ્યાત્મની ભળતી વાતો વાંચીને, સાંભળીને લોકોને વ્યામોહ થાય છે કે વેદાંતની અંદર પણ કાંઈક આત્માની વાત બરાબર છે. કેમકે સંખ્યા પણ, આજે હિન્દુસ્તાનની અંદર જૈનો કરતા વેદાંતને અનુસરનારાઓની સંખ્યા બહુ મોટી છે. બદ્ધિશાળી માણસો છે. વેદાંતની અંદર બીજા અન્ય દર્શનો કરતા Logic નો વિષય, બદ્ધિમાન માણસો ઘણા થયા છે એટલે Logic નો વિષય પણ એની અંદર ઘણો છે. એ બધો પ્રકાર જોઈને લોકોને વેદાંતની શ્રદ્ધા થઈ જાય છે, કહેવાતા જૈનો પણ વેદાંતને અનુસરતા થઈ જાય છે, એવો બધો પ્રકાર ઘણો બન્યો છે. અને ભૂતકાળમાં પણ આ દેશમાં ઘણા જૈનો હિન્દુ થઈ ગયા છે એનું કારણ પણ આ વેદાંત છે. કેમકે ત્યાં 'શંકરાચાર્ય' જેવા બીજા-ત્રીજા પ્રખર વિદ્વાનો થયા. વચ્ચે તો શાસ્ત્રાર્થ ચાલેલા છે. વેદાંતીઓ અને જૈનના આચાર્યો અને વિદ્વાનો વચ્ચે શાસ્ત્રાર્થો પણ ચાલ્યા છે. એ લોકોમાં બુદ્ધિશાળી વર્ગ પણ એ કાળ એવો હતો કે થયા છે, જેને લઈને જૈનો જૈનત્વ છોડીને, સંપ્રદાયનો પલટો મારીને હિન્દુઓ થયા છે, એવા પ્રકાર બન્યાં છે. આજે એની સંખ્યા વધારે છે એનું મૂળમાં કારણ એ પણ છે. એટલે એ વિષયની અંદર એમણે બહુ સ્પષ્ટ અભિપ્રાય આપેલો છે, ગોળ ગોળ નથી રાખ્યું. અહીં સુધી રાખીએ.

પત્રાંક-૨૬૯

વવાણિયા, ભાદ્રપદ વદિ ૩, સોમ, ૧૯૪૭

ઈશ્વરેચ્છા હશે તો પ્રવૃત્તિ થશે; અને તેને સુખદાયક માની લઈશું, પણ મન મેલાપી સત્સંગ વિના કાલક્ષેપ થવો દુર્લભ છે. મોક્ષથી અમને સંતની ચરણ-સમીપતા બહુ વહાલી છે; પણ તે હરિની ઇચ્છા આગળ દીન છીએ. ફરી ફરી આપની સ્મૃતિ થાય છે.

તા. ૩૧-૧૦-૧૯૮૯, પ્રવચન નં. ૭૪
પત્રાંક – ૨૬૯ થી ૨૭૨

બહિર્દષ્ટિ અને અંતર્દષ્ટિ બન્નેની દિશા પરસ્પર વિરુદ્ધ છે. એક બાજુ વધારે પડતો લંબાય તો બીજી બાજુ છૂટી જાય. એવો સહજ પ્રકાર છે. બન્ને એકસાથે વિકાસ પામે એવું નથી. એટલે પોતે એ વાત છોડી દીધી છે. જ્યોતિષનું જ્ઞાન, આવો અનેક પ્રકારની વિશેષતાવાળો જે પ્રકાર હતો એ પ્રકાર પોતે છોડી દીધો. કેમ ? કે પોતાને પણ અનુકૂળ નથી અને બીજાને પણ, બાહ્યદષ્ટિથી બાહ્ય પદાર્થોનો અને બાહ્ય ભાવોનો મહિમા વધે એ બીજાને પણ ઇષ્ટ નથી. તોપણ આજે કેટલાક એમના અનુયાયીઓ એ વાતને વધારે મહત્ત્વ પણ આપે છે એ બરાબર નથી. એ પરમાર્થ માર્ગને અનુકૂળ નથી ફક્ત એની મર્યાદા એટલી જ છે કે સમ્યગ્દર્શન આદિ સાથે એની વિશેષતા છે તેથી એની યત્કિંચિત્ પ્રશંસા કરવામાં આવે છે પણ એમાં સમ્યગ્દર્શનનો મહિમા કરવો છે, મોક્ષમાર્ગનો મહિમા કરવો છે. ખરેખર બાહ્ય વિશેષતાઓનો મહિમા કરવાનો અભિપ્રાય હોતો નથી.

મુમુક્ષુ :– અનેક જીવોને પરભવની, પોતાની હયાતીની (જાણ થતાં) ઉપકારભૂત

થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- આત્માની શાશ્વતતાને એ પોતાના અનુભવથી પ્રબળપણે દર્શાવી શકે છે. તો એ રીતે પોતાની વિશેષતાનો પરમાર્થ માર્ગમાં વાળવા માટે કોઈ વાર પ્રયોગ પણ કરે. જેમકે કોઈ જ્ઞાનીને, મુનિને રિદ્ધિસિદ્ધિ હોય તો પોતાને આવશ્યકતા લાગે તો શાસન પ્રભાવના અર્થે કોઈ વાર પ્રયોગ કરે ખરા. એવું બને છે. જેમકે કોઈ એવો કાળ હોય કે જેમાં અન્યમતના રિદ્ધિસિદ્ધિવાળા ચમત્કારો બતાવનાર કોઈ વ્યક્તિવિશેષ હોય, એને કારણે ઘણો જનસમૂહ જિનશાસન છોડીને અન્ય માર્ગમાં વળી જતો હોય તો એવા ટાણે કોઈ આચાર્ય હોય, મુનિ હોય, જ્ઞાની હોય જેની પાસે એવી કોઈ રિદ્ધિસિદ્ધી હોય તો એ રીતે એ વિશેષતા બતાવે કે એવું નથી કે અન્ય માર્ગમાં જ આવી રિદ્ધિસિદ્ધિ છે, આવી રિદ્ધિસિદ્ધિ તો જૈન માર્ગમાં પણ છે. એવો કોઈ પ્રકાર હોય છે. વિચાર સુધીની મર્યાદા ઠીક છે.

મુમુક્ષુ :- 'વિષ્ણુકુમાર' મુનિ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, 'વિષ્ણુકુમારે' તો બચાવ્યા હતા. ત્યાં તો વળી એ બચાવવાનો જ સવાલ હતો. એટલે એથી વધારે આવશ્યકતા એમને લાગી હતી. પણ કોઈ વખત તો શાસન પ્રભાવનાના કાર્યોમાં પણ એનો ઉપયોગ થાય છે. એમાં પણ કેવળ અન્ય જીવો પ્રત્યે કરુણા, અન્ય જીવો ઉન્માર્ગે જતાં બચે અને સન્માર્ગે વળે એવી નિષ્કારણ કરુણા, એટલો જ ત્યાં અભિપ્રાય જોવો, એથી વધારે નહિ.

૨૬૯ પત્ર 'સોભાગભાઈ' ઉપર છે. **'ઈશ્વરેચ્છા હશે તો પ્રવૃત્તિ થશે; અને તેને સુખદાયક માની લઈશું,...'** કોઈ બાહ્ય પ્રવૃત્તિ સંબંધમાં કોઈ આગળપાછળના એમના પત્રનો ખુલાસો છે. આગળનો પત્ર 'સોભાગભાઈ'નો શું છે એ તો એમાંથી કાંઈ મળે નહિ. પણ બાહ્ય પ્રવૃત્તિના વિષયમાં એટલો ઉલ્લેખ કર્યો છે કે કુદરતે તે પ્રવૃત્તિ અમારાથી થવા યોગ્ય હશે તો એ પ્રવૃત્તિને વિષે પણ અમને અસમાધાન નહિ વર્તતું હોવાને લીધે એને સુખદાયક માનશું, એને અસમાધાનથી દુઃખદાયક નહિ માનીએ, એમ. એને વિષે પણ સમાધાન રાખશું.

એમ સર્વ ઉદયમાં સમાધાન વર્તતું હોવા છતાં, અહીંયાં થોડીક સૂક્ષ્મ વાત છે. સામાન્ય રીતે પ્રવૃત્તિ, બાહ્ય નિવૃત્તિ એ ઉદયાધીન વસ્તુ છે અને ઉદયાધીન હોવાથી અમારા હાથની બાજી નથી. અમે ખરેખર એના કર્તાહર્તા થઈને કંઈ કરી શકીએ

એ વસ્તુસ્થિતિ નથી. એટલે સમાધાન વર્તે છે તોપણ, પણ કરીને એમ કહે છે કે એક વિષયમાં અમને રાગનું ઉત્થાન થાય છે, અમારો રાગ ખેંચાય છે અને તે એ કે મનમેળાપી સત્સંગ અમને નથી. અમારે જેવો સત્સંગ હોવો જોઈએ એવો સત્સંગ અમને પ્રાપ્ત નથી. બીજા સંસારના ઉદય પ્રત્યે અમારું મન ખેંચાતું નથી પણ અમારું મન સત્સંગના અભાવને (લઈને) અવશ્ય અમારા મનમાં એ વાત ખટકે છે કે અત્યારે આ કાળમાં કોઈ મન ઠરે, મન મેલાપી એટલે મન ઠરે એવો કોઈ સત્સંગ નથી, એમ કહે છે.

મુમુક્ષુ :- પ્રવૃત્તિ ઉદયાધીન છે પણ એમાં જીવની એક ઇચ્છા તો છેને કે આ ફેરફાર હું કરું, આ 'મુંબઈ' માં દુકાન કરું.

પૂજ્ય ભાઈશ્રી :- પણ એમાં શું હોય છે કે નારાજગી સહિત હોય છે.

પ્રશ્ન :- ઇચ્છા અને નારાજગી ?

સમાધાન :- હા, એકસાથે હોય છે. દવા પીવી પડે ત્યારે માણસ દવા પીવાનો વિકલ્પ કરે ત્યારે દવા પીવાય છે, કંઈ વિકલ્પ વગર તો દવા નથી પીવાતી. કડવી દવા હોય, એકદમ ખરાબ વાસ આવે એવી દવા હોય, કડવી દવા હોય, જરાપણ-એક ટકો પણ રુચે એવી દવા ન હોય અને ડોક્ટર એમ કહે કે નહિ, આ તમારે પીવી જ પડશે. દવાનો ટાઇમ છે અને ટાઇમસર તમારે દવા લેવી જ પડશે. જ્યારે એ દવાનો ડોઝ લ્યે છે ત્યારે વિકલ્પ તો અવશ્ય કરે છે કે લાવને દવા પી લઉં, પણ પૂરી નારાજગી સાથે. ત્યાં ન પીવી પડે તો સારું અને આ મારું પીવાનું બંધ થઈ જાય તો સારું (એમ સાથે છે).

મુમુક્ષુ :- પીવાનું બંધ થઈ જવા માટે પીવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- પીવે છે તો પીવાનું બંધ કરવા માટે પીવે છે. બસ ! ગૃહસ્થાશ્રમમાં રહેલા સમ્યગ્દષ્ટિની આ હાલત છે. તમામ સમ્યગ્દષ્ટિ, જે કોઈ ગૃહસ્થાશ્રમમાં ઉદયભાવની અંદર, ઉદય પ્રવૃત્તિની અંદર દેખાય છે એ બધાની અંતરંગ હાલત આ છે. જે ઉદયના ચારિત્રમોહવશાત્ એટલે પોતાની અશક્તિને કારણે થતાં રાગ-દ્વેષ અકર્તાબુદ્ધિએ ભિન્ન પડીને, ભિન્ન રહીને, એક ન્યાયે જ્ઞાતા રહીને પણ એ રાગ-દ્વેષ એની અવસ્થામાં થાય છે અથવા પરિણમે છે તેથી કરવા પડે છે એમ લ્યો તોપણ એનો ત્રાસ છે એ એમને માલૂમ પડે છે કે આ ઘણું ત્રાસદાયક છે,

આ સ્થિતિ ઘણી ત્રાસદાયક છે. અને તે ખરેખર જરાપણ કરવા ઇચ્છતા નથી. પણ લાચારીથી, પરિસ્થિતિવશ પોતાનો પણ પુરુષાર્થ નહિ ચાલતો હોવાને લીધે કરે છે.

મુમુક્ષુ :- પુરુષાર્થ નહિ ચાલતો હોવાને લીધે તમે કીધુંને તો ત્યાં વાત મેળ બેસે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમ જ છે, હા ! એમ જ છે.

મુમુક્ષુ :- કારણ કે ઉદયાધીનમાં તો પાણીની તરસ ઘણી લાગે છે તો મુનિ પ્રાણ જાય તો પણ પાણી નથી લેતા.

પૂજ્ય ભાઈશ્રી :- પુરુષાર્થ છે, એમનો પુરુષાર્થ છે. એમને તો એટલો બધો પુરુષાર્થ છે કે વિકલ્પ છૂટી જાય છે. જેમકે મહિના, બે મહિના, છ મહિનાના ઉપવાસ(માં) જંગલમાં જ્ઞાન-ધ્યાનમાં રહ્યા હોય. 'ઋષભદેવસ્વામી' છ મહિના સુધી જંગલમાં જ્ઞાન-ધ્યાનમાં રહ્યા છે, છદ્મસ્થ અવસ્થામાં આહારનો વિકલ્પ ઊઠે છે. અને તે પણ ક્યારે વિકલ્પ ઊઠે છે ? કે અશાતા વેદનીનો અંદર બળવાન ઉદય થાય છે. છતાં મુનિને આહારસંજ્ઞા નથી.

કરણાનુયોગ એમ કહે છે કે મુનિને આહારસંજ્ઞા નથી. પ્રમત્ત ગુણસ્થાનમાં આહારસંજ્ઞા છૂટી છે. પ્રમત્ત ગુણસ્થાનમાં છૂટી ગઈ છે તોપણ અશાતા વેદનીયનો તીવ્ર ઉદય હોવાને લીધે વિકલ્પ અને પ્રવૃત્તિ દેખાતી હોવાથી ઉપચારથી એ આહાર કરે છે, એમ કહેવાય છે. ઉપચાર લાગુ કરાય છે, આહારસંજ્ઞા નથી. જે અનાદિની ચાર સંજ્ઞા છે એ ગઈ છે. એમાં આહારસંજ્ઞાની તો જે આહારની, ખાવાની જે વૃત્તિ છે એની ઉદીરણાનો ત્યાં વિચ્છેદ છે. એટલે આહાર લેવા છ મહિને નીકળે અને જ્યારે એમ લાગે કે જે વિધિએ કુદરતી આહાર પ્રાપ્ત થવો જોઈએ, કૃત્રિમતા કરીને નહિ, કોઈને ઊભા રાખીને નહિ, કોઈ સમાજને જાહેર કરીને નહિ કે મુનિ આવેલા છે. તો એમની વૃત્તિ એ વખતે વીતરાગતામાં પરિણમી જાય છે, ખેદમાં નથી પરિણમતી કે છ-છ મહિને મારા જેવો તીર્થંકરપુરુષ ગામમાં, નગરમાં આવે છે ને કોઈ એને આહાર કરવાનો મેળ ખાતો નથી, આ તે શું ? આ તે કુદરતે શું ધાર્યું છે ? તીર્થંકરના પુણ્ય છે, છ મહિને આહારનો જોગ થતો નથી. તો એ વૃત્તિ વીતરાગતામાં પરિણમી જાય છે એટલો પુરુષાર્થ છે.

પુરુષાર્થ એટલે એટલો બધો પુરુષાર્થ છે કે દેહ છે કે કેમ ? તે (લક્ષ) છૂટી

જાય છે. એટલો બધો જોરથી પુરુષાર્થનો આવેગ ઉત્પન્ન થાય છે, સ્વરૂપલીનતામાં આવે છે, ચાલતા ચાલતા સીધા જ સ્વરૂપલીનતામાં સાતમે ગુણસ્થાને આવી જાય છે. પાછા વળી જાય. પાછા વળી ગયા એટલે પાછા વળી ગયા. પછી કોઈ પરિણામ કરે તો એ પછી પાછા વળ્યા નહિ. વૃત્તિ વળી ગઈ, ખલાસ થઈ ગઈ. એટલો જબરદસ્ત વિષય છે. સામાન્ય પ્રાણીને અંદાજ ન આવે એવો વિષય છે. છે, આમાં છે બહુ ઓલી વાત છે.

પ્રશ્ન :– બીજા સમયે શાતાનો ઉદય બદલાય જાય ?

સમાધાન :– હં, બદલાય જાય, ન બદલાય જાય તો પુરુષાર્થમાં એની કાંઈ ખબર રહેતી નથી, ખબર નથી રહેતી. નિરસ થઈને ખરી જાય છે.

મુમુક્ષુ :– આહારસંજ્ઞા નથી.

પૂજ્ય ભાઈશ્રી :– નહિ, આહારસંજ્ઞા નથી. એ તો તમને બતાવે છે. 'ગોમટ્ટસાર'માં...

મુમુક્ષુ :– ઉદયાધીન કહીએ કે પુરુષાર્થની ખામી કહીએ. બન્ને એકાર્થ છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, પુરુષાર્થની ખામીને લઈને ઉદયને આધીન પરિણામ થાય છે. પણ એ ઉદયાધીન થાય છે એ પરાણે. જેમકે કોઈ બળવાન માણસ નિર્બળને બાંધીને લઈ જાય. તો પેલાએ તો છૂટવાની મહેનત કરી હતી, પણ છતાં એની શક્તિ ન કામ કરી તો બાંધીને લઈ જાય છે તો એમાં કાંઈ હોંશ થોડી થાય છે?

મુમુક્ષુ :– એમાં પુરુષાર્થની ખામી, જ્યારે આમાં સ્વરૂપની બાબતમાં તો..

પૂજ્ય ભાઈશ્રી :– નહિ, એમાં પણ એના પુરુષાર્થની ખામી શું છે ? કે પોતાની શક્તિ હોય તો તો પોતાને છોડાવી લ્યે ને ! ત્યાં શરીર શક્તિનો પુરુષાર્થ નથી એટલે બંધાવું પડે છે. એમ અહીંયાં પણ આત્મિક પુરુષાર્થ નથી તો જીવ બંધાય છે. પણ બંધાય છે માટે એ રુચે છે અને ગમે છે એમ હરગિઝ નથી, બિલકુલ નથી.

પ્રશ્ન :– પુરુષાર્થની ખામી એ વાત તો જ્ઞાનીને લાગુ પડે છે ?

સમાધાન :– હા, એ જ્ઞાનીને લાગુ પડે છે. મુમુક્ષુને લાગુ નથી પડતી. મુમુક્ષુને વિપર્યાસ છે. ઊંધો પુરુષાર્થ વર્તે છે, જ્યારે જ્ઞાનીને સવળો પુરુષાર્થ વર્તે છે. તો છે એમાં ઓછાવત્તાપણું હોય. પણ જે સવળો જ નથી એને ઓછાવત્તાપણું કેમ લાગુ પડે ? એ પ્રશ્ન નથી.

'ગોમ્મટ્ટસાર' 'સંજ્ઞા પ્રરૂપણા અધિકાર' એક ગાથાનો ફેર છે, આમાં ૧૩૮ છે. પેલામાં ૧૩૯ છે, આમાં ૧૩૮ છે. પણ 'સંજ્ઞા અધિકાર'ની છેલ્લી ગાથા છે. આ પ્રકાશન 'પરમશ્રુત પ્રભાવક મંડળ'નું છે. આ પ્રકાશન 'રાજચંદ્ર જૈન શાસ્ત્રમાળા'નું છે.

**नष्टप्रमादे प्रथमा संज्ञा न हि तत्र कारणाभावात्।**
**शेषाः कर्मास्तित्वेन उपचारेण संति न हि कार्ये।।१३९।।**

**'णट्ठपमाए'** પ્રમાદ જેનો નષ્ટ થઈ ગયો છે. અપ્રમત્ત ગુણસ્થાનમાં જે વર્તે છે એવા મુનિરાજને આહારસંજ્ઞા હોતી નથી. વાત સાતમેથી શરૂ કરી છે, છઠ્ઠેથી નહિ. કેમકે સાતમું છે એને જ છઠ્ઠું છે. છઠ્ઠામાં તો બાહ્ય પંચ મહાવ્રત, સમિતિ, ગુપ્તિનું પાલન છે. એટલે નહિ. 'નષ્ટ પ્રમાદે' - જેણે પ્રમાદને નષ્ટ કરીને અપ્રમત્ત ગુણસ્થાન સુધી પહોંચ્યા છે, પછી છઠ્ઠામાં આવ્યા છે.

'અપ્રમત્ત ગુણસ્થાનમેં આહારસંજ્ઞા નહીં હોતી. ક્યોંકિ યહાંપર ઉસકા કારણ અશાતા વેદનીયકર્મકા ઉદય નહિ હૈ.' અશાતા વેદનીયનો ઉદય નથી, એટલો તીવ્ર ઉદય નથી કે આહાર કરી જ લેવો પડે. એવો તીવ્ર ઉદય ન આવે કે એને આહાર કર્યા વિના ચાલે નહિ. અશાતા વેદનીયનો એટલો પણ ઉદય નથી હોતો. 'ઔર શેષકી તીન સંજ્ઞા...' ચાર સંજ્ઞા છે. એમાં આહારસંજ્ઞાનો એણે અભાવ કર્યો છે કેમકે એનો અશાતા વેદનીયનો એટલો ઉદય નથી હોતો. 'ઔર શેષકી તીન સંજ્ઞા ઉપચારસે વહાંપર હોતી હૈ. ક્યોંકિ ઉનકા કારણ કર્મ વહા મૌજૂદ હૈ.' એનો ઉદય છે, અશાતા વેદનીયનો ઉદય જ નથી. વેદનીય આદિ ત્રણ કર્મનો ઉદય છે પણ નવમેં ગુણસ્થાને જાય છે. એટલે વેદ આદિનો ઉદય છે પણ 'કિન્તુ ઉનકા કાર્ય વહાંપર નહિ હોતા.' મુનિ પરિગ્રહ ન કરે, પરિગ્રહસંજ્ઞા છે પણ ઉપચારથી છે, એમ. વેદનીય સંજ્ઞા છે પણ ઉપચારથી, એનું કાર્ય નથી. એટલે એને ઉપચારથી કહેવામાં આવે છે. ત્યારે પેલી તો વ્યુચ્છિત્તિ થઈ ગઈ છે. આહારસંજ્ઞાની વ્યુચ્છિત્તિ થઈ ગઈ છે. એટલે ત્યાં ઉપચાર પણ નથી, એમ કહેવું છે.

ભાવાર્થ :- 'સાતા-અસાતા વેદનીય ઔર મનુષ્ય આયુ કી તીન પ્રકૃતિ કી ઉદીરણા...' સાતા-અસાતા વેદનીય ઔર મનુષ્ય આયુ, ફરીને એને મનુષ્ય આયુ ન બંધાય. જ્ઞાનીને બંધાતું નથી, મુનિને તો પ્રશ્ન જ ક્યાં છે ? મોક્ષમાર્ગને મનુષ્ય પછી દેવનું હોય કાં ચરમશરીરી હોય કાં દેવાયુ થાય. તિર્યંચ અને નારકીનો તો મુનિરાજ

માટે તો વિચાર કરવાનો પણ પ્રશ્ન નથી. પણ મનુષ્ય આયુ પણ એમને બંધાતું નથી.

'સાતા-અસાતા વેદનીય ઔર મનુષ્ય આયુકી તીન પ્રકૃતિયોંકી ઉદીરણા પ્રમત્તવિપરતિ મેં હી હોતી હૈ, આગે નહીં.' છઠ્ઠા ગુણસ્થાનમાં ઉદયની આવે છે, ઉપર નથી આવતી. 'ઇસલિએ સાતવેં ગુણસ્થાનમેં આહારસંજ્ઞા નહિ હૈ. કિન્તુ શેષકી સંજ્ઞા ઉપચારસે હોતી હૈ, વાસ્તવિક નહીં. ક્યોંકિ ઉનકા કારણભૂત કર્મ વહાંપર હૈ. કિન્તુ ભાગના...' એટલે ભયસંજ્ઞા, 'રતિક્રિડા...' એટલે વેદની સંજ્ઞા, 'પરિગ્રહ સ્વીકાર...' પરિગ્રહસંજ્ઞા 'આદિ મેં પ્રવૃત્તિરૂપ ઉનકા કાર્ય નહિ હૈ. ક્યોંકિ વહાંપર ધ્યાનઅવસ્થા હી હૈ. અન્યથા કભી ભી ધ્યાન ન હો સકેગા ઔર કર્મકા ક્ષય ઔર મુક્તિકી પ્રાપ્તિ ભી નહિ હો સકેગી.'

હવે અહીંયાં જે ઉદીરણાનો વિષય લીધો છે, જે 'ગોપાલદાસજી બરૈયા' છે અને એમના શિષ્ય પંડિત 'ખુબચંદ્રજી જૈન' દ્વારા રચિત સંસ્કૃત છાયા. 'ખુબચંદ્રજી' કરીને કોઈ પંડિત છે. એમણે લીધું છે કે સાતવે ગુણસ્થાનમેં આહારસંજ્ઞા નહીં હૈ. ઉદીરણા પ્રવૃત્તિરૂપસે નહિ હોતી હૈ, આગે નહીં. 'ટોડરમલજી'એ જે 'સમ્યગ્જ્ઞાનચંદ્રીકા' લખી છે એમાં છઠ્ઠા ગુણસ્થાને એનો વિચ્છેદ છે, એમ લીધું છે.

પંડિત 'ટોડરમલજી' રચિત ઢુંઢારી 'સમ્યગ્જ્ઞાનચંદ્રીકા' અનુસાર ગુજરાતી ટીકાનો અનુવાદ 'કાંતિલાલ ઈશ્વરલાલે' કરેલો છે. 'જેને પ્રમાદ નષ્ટ થયેલ છે એવા જે અપ્રમત્તાદિ ગુણસ્થાનવર્તી જીવને પ્રથમ આહારસંજ્ઞા નથી. કારણ કે આહારસંજ્ઞાના કારણભૂત અસાતા વેદનીયની ઉદીરણાની વ્યુચ્છિત્તિ પ્રમત્ત ગુણસ્થાનમાં જ થઈ છે.' એમણે અપ્રમત્ત ગુણસ્થાનમાં લીધી છે, અહીંયાં પ્રમત્ત ગુણસ્થાનમાં થઈ છે, એમ લીધું છે. 'ટોડરમલજીએ' એ વાત લીધી છે. 'ટોડરમલજી'ને કરણાનુયોગનો બહુ ઊંડો અભ્યાસ હતો. 'એથી કારણના અભાવમાં કાર્યનો પણ અભાવ છે. શેષ ત્રણ સંજ્ઞાઓ પણ ઉપચારમાત્ર છે. કારણ કે સંજ્ઞાઓના કારણભૂત કર્મનો ઉદય હોય છે તે અપેક્ષાએ ઉપચાર છે. પરંતુ ભય, મૈથુન અને પરિગ્રહ સંજ્ઞા અપ્રમત્ત આદિ જીવને કાર્યરૂપ હોતી નથી.' ઉપરના ગુણસ્થાનમાં તો સવાલ જ નથી. એટલે મુનિને એ પ્રકાર છે.

મુમુક્ષુ :– સંજ્ઞા શબ્દનો અર્થ કરશો.

પૂજ્ય ભાઈશ્રી :– સંજ્ઞા એટલે ઇચ્છા, વાંચ્છા. એને શાસ્ત્ર પરિભાષામાં સંજ્ઞા કહે છે.

પ્રશ્ન :- નિંદ્રા...

સમાધાન :- હા, ઉદય, ઉદીરણા એ બધા, છે એના ચાર્ટ છે. એના ચાર્ટ છે. ક્યા ગુણસ્થાને શેની વ્યુચ્છિત્તિ થાય છે, ક્યાંક બંધની વ્યુચ્છિત્તિ, ક્યાંક ઉદયની વ્યુચ્છિત્તિ, ક્યાંક ઉદીરણાની વ્યુચ્છિત્તિ એ બધા પ્રકાર છે.

મુમુક્ષુ :- ચાર સંજ્ઞામાં ભય...

પૂજ્ય ભાઈશ્રી :- આહાર, ભય, મૈથુન, પરિગ્રહ એ ચાર અનાદિની સંજ્ઞા છે.

અમે આ વખતે 'જામનગર' ગયા ત્યારે બધા ચાર્ટ જોયા હતા. જેટલા જેટલા ચાર્ટ બનાવ્યા હતા (એ જોયા હતા). તમારો ચાર્ટ યાદ કર્યો હતો. તમારા ઘરે જે ચાર્ટ જોયો હતો એ યાદ કર્યો હતો. બરાબર છે. 'જામનગર' ગયા ત્યારે થોડા ચાર્ટ અમે લેતા આવ્યા હતા.

મુમુક્ષુ :- છપાયો હોય તો ઉપયોગી થાય.

પૂજ્ય ભાઈશ્રી :- બહુ મોટો પ્રેસ હોય તો થાય એવું છે. આમ લંબાઈ-પહોળાઈ (મોટી છે). કાગળના સાંધા કરીને ચાર્ટ બનાવવા પડ્યા છે.

પ્રશ્ન :- આહારસંજ્ઞા જે છે અનંતાનુબંધી કષાય હોય સાથે એટલે આહારસંજ્ઞા નથી હોતી એમ ?

સમાધાન :- ના. એ છઠ્ઠા ગુણસ્થાને નથી, અનંતાનુબંધી નહિ. એમ તો પાંચમા ગુણસ્થાને પણ હોય છે, ચોથા ગુણસ્થાને આહારસંજ્ઞા છે, પાંચમા ગુણસ્થાને આહારસંજ્ઞા છે, છઠ્ઠે જાય છે, એમ કહે છે.

મુમુક્ષુ :- આહારસંજ્ઞા ન હોય ત્યારે કષાયની તીવ્રતા હોય છે ?

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, નથી હોતી, એમ.

મુમુક્ષુ :- હા, નથી હોતી એ બરાબર. પણ આહારસંજ્ઞા નથી એટલે એને કષાયની તીવ્રતા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- હા, વીતરાગતા વધી છે. તીવ્રતા નથી (એમ) નહિ, અભાવ કર્યો છે. તથાપ્રકારના કષાયનો અભાવ, ક્ષય કર્યો છે, નાશ કર્યો છે એમ લેવું છે. તીવ્રતા નથી એટલે મંદતા રહી છે, એમ થાય. એમ નહિ, અભાવ કરેલો છે. સ્વરૂપસ્થિરતા અને વીતરાગતાની વૃદ્ધિ થાય છે એટલે સામે તે તે પ્રકારની મલિનતાનો અભાવ થાય છે, એમ લેવું. શુદ્ધિ બળવાન થાય છે ત્યારે અશુદ્ધિનો નાશ કરે છે.

અશુદ્ધિ બળવાન થાય છે તો શુદ્ધિને હણે છે, એ તો સીધી વાત છે.

મુમુક્ષુ :- એક ઇન્દ્રિય, બે ઇન્દ્રિય, ત્રણ ઇન્દ્રિય, ચાર ઇન્દ્રિયને પરિગ્રહ દેખાતો નથી...

પૂજ્ય ભાઈશ્રી :- તીવ્ર પરિગ્રહસંજ્ઞા છે, એકેન્દ્રિયને સૌથી તીવ્ર છે. નિગોદિયા જીવને સૌથી તીવ્ર છે. પ્રવૃત્તિ ઉપરથી તો માપ નીકળે એવું નથી. એટલે તો કહે છે કે દિગંબર મુનિ થાય અને જો વીતરાગતા પ્રાપ્ત ન કરે તો કહે, કપડા ઉતાર્યા એમાં શું ? આ પશુ, પક્ષી ક્યાં કપડા પહેરે છે ? પશુ, પક્ષી પણ જંગલમાં રહે છે. તું જંગલમાં રહે છે અને પશુ, પક્ષી પણ જંગલમાં રહે છે. એવી રીતે ઉપદેશ આપે છે. અને તું નિર્વસ્ત્ર છે તો જંગલમાં પશુ, પક્ષી પણ નિર્વસ્ત્ર છે. એથી શું થઈ ગયું ? એમ કહે. સીધો પશુની કોટિમાં પ્રહાર કરવામાં આવે છે. એટલે પ્રવૃત્તિ સાથે બધું માપ નથી. જીવના પરિણામ સાથે એનો નિશ્ચય આંક છે.

મુમુક્ષુ :- શાસ્ત્રમાં અજ્ઞાનીને પશુ જ કીધા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા !

આ તો અહીંથી વિચાર આવ્યો કે એક બાજુ એમ કહે છે કે પ્રવૃત્તિ છે એ ઈશ્વરેચ્છાએ થશે. આ જ્ઞાનદશાનો વિચાર છે કે જ્ઞાનદશામાં એક બાજુ એમ કહે છે કે જે કાંઈ ઉદયની પ્રવૃત્તિ થશે એ પૂર્વકર્મ પ્રમાણે થશે. અમારી ઇચ્છા નથી. કરવું પડશે તો, વિકલ્પ ઊઠશે તોપણ પરાણે કરવાની વાત છે. તોપણ આ ભૂમિકાની અંદર સત્સંગના વિષયમાં રાગ છે એ જરા તીવ્ર થાય છે. અને એ તો 'સોગાનીજી'ના પત્રોમાં પણ દેખાય છે કે એમને 'ગુરુદેવ'ના સત્સંગ માટે કેટલી ભાવના રહેતી હતી ! એવી ભાવના રહેતી હતી કે આર્થિક સ્થિતિ તો 'કલકત્તા'થી 'સોનગઢ' આવવાની નહોતી. પણ એમ થાય છે કે નહિ, એક-બે વરસ 'ગુરુદેવ'ના સંગમાં રહી જાઉં, ઓછામાં ઓછું 'ગુરુદેવ'ના ચરણમાં રહી જાઉં તો બહુ સારું. પણ અત્યારે પરિસ્થિતિ જોતાં તો હું ક્યાંય પહોંચું એમ પણ નથી. એવી રીતે એક પત્રમાં આવ્યું છે. તો એક પત્રમાં એમ આવ્યું છે કે, જીવનનો શેષ કાળ એમના ચરણમાં વિતાવવાની મારી ભાવના છે. પણ ઓચિંતો જ ગૃહસ્થાવસ્થામાં જ દેહત્યાગ થઈ જાય છે.

મુમુક્ષુ :- 'સોગાનીજી'ની આર્થિક સ્થિતિ નબળી હતી ?

પૂજ્ય ભાઈશ્રી :- ઘણી નબળી હતી. પાછળથી ઠીક હતી, મધ્યમ. ઠીક એટલે

સાધારણ. પણ કલકત્તા ગયા એ વર્ષોમાં તો સેનેટોરિયમમાં રહીને ધંધો શરૂ કર્યો હતો, જેને ધર્મશાળા કહેવાય. પંદર દિવસ કે વીસ દિવસ, ત્રણ અઠવાડિયા કે પાંચ અઠવાડિયા, છ અઠવાડિયાનો નિયમ હોય. એટલે સેનેટોરિયમના મહેતાજી કહે કે, બાબુજી આપકા ટાઇમ હો ગયા. અબ આપકો યહાં નહિ ઠહરને દેંગે. તો બીજા સેનેટોરિયમમાં જાય. વચમાં Gape આપવો પડે. એના નિયમ પ્રમાણે એકધારું ન રહેવા દે. જ્યાં સુધી 'કલકત્તા'માં રૂમ નથી લઈ શક્યા ત્યાં સુધી સેનેટોરિયમમાં રહીને બજારમાં જતા-આવતા થયા છે. મોટા શહેરની અંદર વગર મૂડીએ ધંધો શરૂ કરવો એટલે ઊભા થવું, એ આર્થિક સ્થિતિમાં ઊભા થવું એ તો એ પરિસ્થિતિમાં ઊભા થયા હોય એને જ ખ્યાલ આવે કે શું પરિસ્થિતિ હોય છે ?

મુમુક્ષુ :– માણસ ઉઘરાણીના પૈસા ખાઇ ગયો હતો એવું કાંઈક આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. ત્યારે કાંઈક વેપાર ચાલુ થઈ ગયેલો. ત્યારપછી બજારમાં દુકાન લીધેલી, મકાન લીધેલું, પરિવારને બોલાવી લીધેલું. પહેલા તો એમના મોટા દીકરા જે અહીંયાં આવે છે એમને સાથે લીધેલા. એ કોલેજમાં ભણતા અને ધંધામાં મદદ કરતા. ભણતા અને મદદ કરતા હતા. એ કહેતા હતા કે 'કલકત્તા'માં Tram નો એક આનો બચાવવા માટે મેં પાંચ માઈલ ચાલી નાખ્યું છે. તમે પરિસ્થિતિ સમજી લ્યો. ત્યારે Tram નો એક આનો લાગતો હતો. એક આનામાં તો ક્યાંથી ક્યાંય લઈ જાય. એટલી સસ્તાઈ હતી. પણ એક આનો બચાવવા માટે પાંચ માઈલ ચાલી નાખતા. છતાં એમ કહે છે કે સીત્તેર લાખની આબાદીમાં હું એક જ સુખી છું. આ અંતરંગ સ્થિતિ છે. એ પરિસ્થિતિ સાધારણ માણસને સમજાવી મુશ્કેલ પડે એવી વાત છે.

(અહીંયાં કહે છે), બીજી પ્રવૃત્તિ કુદરતી પૂર્વકર્મના ઉદય અનુસાર અને પોતાના પુરુષાર્થ ને પરિણામની એ બધી પરિસ્થિતિમાં સમાધાન હોય છે તોપણ ચતુર્થ ગુણસ્થાનમાં સત્સંગનો વિકલ્પ જોરદાર હોય છે. એ અહીંયાં 'શ્રીમદ્દજી'ના આ પત્રથી નીકળે છે, ૨૬૯મા પત્રથી એ વાતની સિદ્ધિ થાય છે કે આ એક રાગ કોઈ વધારે જોર કરે છે.

મુમુક્ષુ :– 'સોગાનીજી'ની તમારી વાત ઉપરથી હવે ખ્યાલ આવ્યો કે 'શ્રીમદ્દે' શું કામ ધંધો કરવો પડે.

પૂજ્ય ભાઈશ્રી :– એમાં શું છે ભાઈ કે, જો આજીવિકાના સાધન માટે પોતાનો રાગ હોવા છતાં પ્રવૃત્તિ ન કરે તો એક અન્યાય છે. રાગ આવે (છે), વિકલ્પ ઊઠે છે એટલે આવશ્યકતા તો પોતાને થઈ. મને આવશ્યકતા છે અને હું તમારા માથે પડું ? કે ભાઈ ! તમે મારું પૂરું કરો.

મુમુક્ષુ :– દીનતા આવી જાય.

પૂજ્ય ભાઈશ્રી :– દીનતા આવ્યા વગર રહે નહિ. એમાં દીનતા આવ્યા વગર રહે જ નહિ. આખો પુરુષાર્થ હણાઈ જશે. માટે ખર્ચી નાખે છે, વિકલ્પનો ખર્ચ કરી નાખે છે. પછી થવું હોય તે થાય પણ વિકલ્પનો ખર્ચ કરી નાખે છે. એમ છે.

જૈનમાર્ગ બહુ નિર્દોષ માર્ગ છે. એટલો બધો ન્યાયપૂર્ણ માર્ગ છે કે ચોથા અને પાંચમામાં ઉત્કૃષ્ટ ભૂમિકાએ ન પહોંચે ત્યાં સુધી સાધક જ્ઞાની સમ્યગ્દૃષ્ટિ પોતાનો બોજો સમાજ ઉપર કે બીજા ઉપર લાદે નહિ અને નાખે નહિ, એવી પરિસ્થિતિ છે. પછી પરિસ્થિતિવશ ગમે તે થાય પણ એના અભિપ્રાયમાં આ વાત છે. પાંચમા ઉત્કૃષ્ટથી છઠ્ઠા-સાતમામાં આવી જાય છે ત્યારે વીતરાગતા એટલી વધેલી હોય છે કે ત્યારે ઉદ્દેશીક કાંઈ લેવાનું ખપતું નથી. જુઓ, આ માર્ગની સુંદરતા !

જ્યારે એ પોતે વિકલ્પમાં છે કે મારે આ જોઈએ ત્યારે બીજાને માથે પડતા નથી. જ્યારે સર્વ પ્રવૃત્તિથી એ ક્ષુલ્લક, એલક અને મુનિ અવસ્થામાં નિવૃત્ત થાય છે ત્યારે એ કોઈ ઉદ્દેશીક ગ્રહણ કરવું એમને ખપતું નથી. પાંચમા ઉત્કૃષ્ટથી છૂટી જાય છે. કોઈ ચીજ મારા માટે કરે, હું નહિ સ્વીકારું. પછી મકાન હોય કે આહાર હોય. એ પરિસ્થિતિ છે. એ માર્ગ એટલો ન્યાયપૂર્ણ અને સુંદર છે.

મુમુક્ષુ :– નીચલી દશામાં બીજા ઉપર આધાર રહે અને અશુભ કરે તો કૃત, કારીત અને અનુમોદના થાય ને !

પૂજ્ય ભાઈશ્રી :– થઈ જ જાય ને ! થઈ જ જાય. આ ભાઈ મને મદદ કરે છે તો એ ગરીબ ન રહે અને એ પૈસાવાળા થાય એ પ્રકારના પરિણામ આવ્યા વગર કેવી રીતે રહેવાના હતા ? એ તો તું ધંધો કરે કે ઇ કરે બન્ને તારા માટે તો સરખું જ થઈ ગયું. કરવું, કરાવવું અને અનુમોદવું. એ તો વાત પૂરી થઈ ગઈ. તું ધંધો કરતો નથી પણ અનુમોદે છે એટલે એક ન્યાયે એ ધંધો તું જ કરે છો, બીજું કાંઈ નથી.

**'મન મેલાપી સત્સંગ વિના કાલક્ષેપ થવો દુર્લભ છે.'** સમય પસાર કરવો પણ દુર્લભ છે. **'મોક્ષથી અમને સંતની ચરણ-સમીપતા બહુ વહાલી છે;...'** કેમકે પુરુષાર્થ જોતા અત્યારે મોક્ષ થાય એ તો પરિસ્થિતિ નથી. એની શું વાત કરવી ? જ્યાં પહોંચાય એવું જ નથી એની શું વાત કરવી ? જે માણસ એકદમ નબળો હોય, જે ઊભા થવા માટે બીજાનો ટેકો લેતો હોય એ એમ કહે કે મારે પહેલવાનની સામે કુસ્તીમાં ઊતરવું છે. એ વાત જ વિચારવા જેવી નથી રહેતી. એમ મોક્ષનો ક્યાં પ્રશ્ન છે ? અત્યારે જે જરૂરિયાત છે, આવશ્યકતા છે એ સંતચરણની છે.

કોઈ વીતરાગી સંત મળી જાય. જુઓ ! મુનિની ભાવના. 'ગુરુદેવ' જે ભાવતા હતા એ એમણે ભાવી છે. 'ગુરુદેવ' ભાવના ભાવતા હતા, કોઈ મુનિરાજ મળે (તો) એમના (પગના) તળિયા ચાટીએ. એમ કરીને બહુ ભાવનામાં આવતા હતા, ભાવવિભોર થઈ જતા હતા. એમણે પણ એ વાત લીધી છે કે કોઈ નિર્ગ્રંથ મુનિરાજ મળે તો એકવાર અમે એમ કહીએ કે, આ સંતની ચરણ-સમીપતા અમને પ્રિય છે, મોક્ષમાં અત્યારે નથી આવવું, જાઓ ! એ દશાની એટલી બધી ભાવના ભાવી છે. **'પણ તે હરિની ઇચ્છા આગળ દીન છીએ.'** એવી કોઈ કુદરતી પરિસ્થિતિ નથી. લાચાર છીએ કે કોઈ સંત જોવામાં આવતા નથી.

મુમુક્ષુ :– એને સંતના ચરણમાં જ મોક્ષ દેખાય છે પછી પેલા મોક્ષનું શું કામ છે ?

પૂજ્ય ભાઈશ્રી :– પછી મોક્ષનો વિકલ્પ નથી થયો. પછી મોક્ષનો વિકલ્પ છૂટી ગયો. સંતચરણ મળી ગયા કે મોક્ષનો વિકલ્પ છૂટ્યો. જાણે સર્વસ્વ મળી ગયું, એમ.

એ પરિસ્થિતિમાં **'ફરી ફરી આપની સ્મૃતિ થાય છે.'** આ પરિસ્થિતિમાં બીજા કોઈ પાત્ર તો દેખાતા નથી, તમારું સ્મરણ આવે છે. એમ કરીને 'સોભાગભાઈ' અને સત્સંગની પોતાની ભાવના અને 'સોભાગભાઈ'ની ભાવના એ બન્નેની ભાવનાને ત્યાં પોતે વૃદ્ધિગત કરેલી છે. પત્ર ત્રણ લીટીનો છે પણ માલ બહુ ભરેલો છે.

પત્રાંક-૨૭૦

વવાણિયા, ભા.વદ ૪, ભોમ, ૧૯૪૭

ૐ સત્

**જ્ઞાન તે જ કે અભિપ્રાય એક જ હોય; થોડો અથવા ઘણો પ્રકાશ, પણ પ્રકાશ એક જ.**

**શાસ્ત્રાદિકના જ્ઞાનથી નિવેડો નથી પણ અનુભવજ્ઞાનથી નિવેડો છે.**

૨૭૦ (પત્રાંક), **'જ્ઞાન તે જ કે અભિપ્રાય એક જ હોય; થોડો અથવા ઘણો પ્રકાશ, પણ પ્રકાશ એક જ.'** જ્ઞાનને પ્રકાશની પણ ઉપમા આપવામાં આવે છે. જ્ઞાન તો તે જ કે અભિપ્રાય એક જ હોય. વસ્તુના સ્વરૂપ વિષે એક જ અભિપ્રાય હોય કેમકે વસ્તુદર્શન જેને પણ થાય છે તેને સરખું જ થાય છે. જે આત્મવસ્તુને જોવે છે તે ત્રણે કાળે જેવો આત્મપદાર્થ છે એવો જ જોવે છે. ઘણા જોવે છે તોપણ જેવો છે તેવો એકસરખો જ જોવે છે. તેથી કદી જ્ઞાનીને વિષે ભિન્ન ભિન્ન અભિપ્રાય હોતા નથી, થતા નથી.

એવો જે સ્વરૂપજ્ઞાનનો પ્રકાશ, એનો ઉઘાડ કોઈને એની શક્તિ ઓછી હોય કે વધારે હોય તોપણ પ્રકાશ તે પ્રકાશ છે ત્યાં અંધકાર નથી. પ્રકાશ એ પ્રકાશ જ છે. પ્રકાશની જ જાત છે. એ કેવળજ્ઞાન હોય તોપણ પ્રકાશની જાત છે અને સમ્યગ્જ્ઞાન હોય તોપણ એ એ જ જાતનો પ્રકાશ છે. એમાં અંધકાર નથી, એમ કહેવું છે. માટે ત્રણે કાળના જ્ઞાનીઓનો એક જ અભિપ્રાય હોય છે. કદી વિરુદ્ધ અભિપ્રાય જ્ઞાનીના હોતા નથી.

પ્રશ્ન :– ચોથા ગુણસ્થાનમાં પ્રકાશ હોય કે કોઈપણ ગુણસ્થાનમાં હોય..

સમાધાન :– હા, મોક્ષમાર્ગમાં ચારથી ઉપરના ગુણસ્થાનમાં સમ્યગ્જ્ઞાન (છે). બારમા ગુણસ્થાન સુધી સમ્યગ્જ્ઞાન જ છે. સમ્યક્ મતિ-શ્રુત એ સમ્યક્ મતિ-શ્રુત જ છે. અવધિ, મનઃપર્યય એ તો બાહ્ય ઉઘાડ છે. એ તો રિદ્ધિસિદ્ધિમાં જાય છે. બારમા

ગુણસ્થાન સુધી સમ્યક્ મતિ-શ્રુત જ્ઞાન જ છે. અને કેવળજ્ઞાન છે એ પરિપૂર્ણ દિવ્ય જ્ઞાન છે તોપણ બન્નેના પ્રકાશની જાત એક છે. પ્રકાશ તે પ્રકાશ છે. ભલે એ સૂર્ય છે – કેવળજ્ઞાન સૂર્ય છે અને આ કોડિયાનો દીવો છે, પણ પ્રકાશ એ પ્રકાશ છે, અંધકાર નથી. એટલે સર્વ જ્ઞાનીઓનો એક જ અભિપ્રાય હોય છે, ભિન્ન ભિન્ન અભિપ્રાય હોતો નથી. એમ એક પંક્તિમાં સમ્યગ્જ્ઞાનનો મહિમા કરેલો છે.

બીજી પંક્તિમાં જ્ઞાનનો વિષય ચાલ્યો એટલે એમ કહે છે કે **'શાસ્ત્રાદિકના જ્ઞાનથી નિવેડો નથી પણ અનુભવજ્ઞાનથી નિવેડો છે.'** એટલે કે સ્વાનુભવનો મહિમા છે, શાસ્ત્રના જાણપણાનો કોઈ મહિમા નથી. એ તો અગિયાર અંગ અને નવ પૂર્વ સુધી, એ તો આવી ગયું, 'જિનવર કહે છે જ્ઞાન તેને સર્વ ભવ્યો સાંભળો, હોય પૂર્વ નવ ભણેલ.' અગિયાર અંગ અને નવ પૂર્વ ભણેલો હોય પણ તેને અજ્ઞાન ભાખ્યું છે, એને જ્ઞાન નથી કહેતા. અને એ ભવનિવૃત્તિનું કારણ નથી. ભવથી નિવેડો થતો નથી અથવા અભવ્યને હોય છે.

કોઈ પણ અભવ્ય જીવને ઉત્કૃષ્ટ શાસ્ત્રજ્ઞાનનો ઉઘાડ અગિયાર અંગ અને નવ પૂર્વ સુધીનો હોય છે. અત્યારે તો કોઈને હજારમા ભાગે નથી. કોઈ વિદ્વાન-પંડિત હોય તોપણ હજારમા ભાગે પણ એનો ઉઘાડ નથી. એ જ્ઞાનનો કોઈ મહિમા નથી. ઉઘાડજ્ઞાનની આ માર્ગની અંદર કોઈ કિંમત નથી, એમ લેવું છે. કેમકે તેનાથી ભવનો નિવેડો નથી, પરિભ્રમણનો નિવેડો નથી. પણ એક ક્ષણનો અનુભવ છે તે અનંત જન્મ-મરણનો નાશ કરનારો છે. એનાથી નિવેડો છે.

એ રીતે બાહ્ય ક્ષયોપશમ ઉપર પ્રહાર કર્યો છે અથવા બાહ્ય ક્ષયોપશમનો નિષેધ કરીને અનુભવ કરવા માટે અંતર્લક્ષ કરાવે છે. એમ એની પાછળ હેતુ છે. એ બે લીટીનો ૨૭૦ નંબરનો પત્રાંક છે.

પત્રાંક-૨૭૧

વવાણિયા, ભા.વદ ૪, ભોમ, ૧૯૪૭

ૐ સત્

શ્રીમાન્ પુરુષોત્તમની અનન્ય ભક્તિને અવિચ્છિન્ન ઇચ્છું છું.

એવો એક જ પદાર્થ પરિચય કરવા યોગ્ય છે કે જેથી અનંત પ્રકારનો પરિચય નિવૃત્ત થાય છે; તે ક્યો ? અને કેવા પ્રકારે તેનો વિચાર મુમુક્ષુઓ કરે છે.

લિ. સત્‌માં અભેદ

૨૭૧ (પત્રાંક), આ બે લીટીનો 'અંબાલાલભાઈ' ઉપરનો છે. **'શ્રીમાન્ પુરુષોત્તમની અનન્ય ભક્તિને અવિચ્છિન્ન ઇચ્છું છું.'** શ્રીમાન્ પુરુષોત્તમ એટલે પોતાનો પરમપારિણામિકભાવ સ્વરૂપ પરમાત્મા, તેની અનન્ય એટલે તેનાથી વિકલ્પનો આંતરો રહે તેવી નહિ. અનન્ય એટલે વિકલ્પવાળી એમ નહિ. નિર્વિકલ્પ ભક્તિ એટલે પરિણતિ, નિર્વિકલ્પ દશા. તેને અવિચ્છિન્ન (એટલે) તેમાં ક્યાંય આંતરો ન પડે, એક સમયનો પણ છેદ ન પડે એવી અવિચ્છિન્ન ભક્તિને ઇચ્છું છું. એમ કરીને ભાવના ભાવી છે.

પ્રશ્ન :– એટલે પૂર્ણ દશાને ઇચ્છે છે ?

સમાધાન :– હા. પૂર્ણ દશાને ઇચ્છું છું અને પૂર્ણ દશાની જે લય છે એને પણ એકધારી ઇચ્છું છું. બન્ને વાત છે.

**'એવો એક જ પદાર્થ પરિચય કરવા યોગ્ય છે કે જેથી અનંત પ્રકારનો પરિચય નિવૃત્ત થાય છે;...'** એવો એક જ પદાર્થ પોતાનો આત્મા પરિચય કરવા યોગ્ય છે, પરમ સ્વરૂપ કે જે ઘુંટાય છે એ લખે છે. મથાળામાં એ વાત નાંખી અને પોતાને એ જ વાત ઘુંટાય છે એટલે પત્રમાં પણ એ વાત લખે છે કે એવો એક જ પદાર્થ પોતાનો પરમાત્મા, નિજસ્વરૂપ પરિચય કરવા યોગ્ય છે કે જેથી અનંત પ્રકારનો બાહ્યનો પરિચય નિવૃત્ત થાય છે. પછી કોઈનો પરિચય કરવાનો પ્રશ્ન રહેતો નથી.

**‘તે ક્યો ? અને કેવા પ્રકારે ? તેનો વિચાર મુમુક્ષુઓ કરે છે.’** અથવા તેનો વિચાર કરે છે તે મુમુક્ષુઓ છે. એનો વિચાર કરે. મુમુક્ષુઓ હોય તે એનો વિચાર કરે કે હું મારા સ્વરૂપનો પરિચય કરું કે જેથી મારે બીજાનો પરિચય કરવાનો પ્રસંગ રહે નહિ. સંગ પણ સંગ નહિ કરવાને અર્થે, ‘સોગાનીજી’એ લીધું છે ને ! સત્સંગ ઇચ્છીએ છીએ પણ તે અસંગદશા માટે ઇચ્છીએ છીએ.

મુમુક્ષુ :– સુનના નહિ સુનને કે લિયે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, સૂત્ર જેવી વાત છે. **‘લિ. સત્‌માં અભેદ’** લિ. માં અહીં નામ નથી લખ્યું. સત્‌માં અભેદભાવ છે. એનું આ લખાણ છે. લિખીતન એ. પોતાને ઘણો ભાવ વર્તી રહ્યો છે એ દેખાય છે. તે ક્યો ? તે ક્યો પદાર્થ ? કે નિજાત્મ પદાર્થ. કેવા પ્રકારે ? કે અંતર્મુખ થઈને, જેવો આત્મા છે તેવા જ આત્મભાવે, એમ. કેવા પ્રકારે ? કે આત્માને આત્મભાવે ભાવે એવા પ્રકારે. જો જીવ નિજસ્વરૂપનો પરિચય કરે તો પછી એને સર્વ અન્ય પરિચયથી નિવૃત્ત થવાનો પ્રસંગ આવે છે, પછી કોઈનો પરિચય રહેતો નથી.

## પત્રાંક-૨૭૨

**વવાણિયા, ભાદ્રપદ વદ ૪, ભોમ, ૧૯૪૭**

**જે મહત્‌ પુરુષનું ગમે તેવું આચરણ પણ વંદન યોગ્ય જ છે, એવો મહાત્મા પ્રાપ્ત થયે નિઃસંદેહપણે ન જ વર્તી શકાય તેમ તે વર્તતો હોય તો મુમુક્ષુએ કેવી દૃષ્ટિ રાખવી એ વાર્તા સમજવા જેવી છે.**

**લિ. અપ્રગટ સત્‌**

૨૭૨, ‘કુંવરજી મગનલાલ’ કરીને છે. ઘણું કરીને ‘કલોલ’ના છે. ‘ઉગરીબહેન’ અને આ ‘કુંવરજી મગનલાલ’ ‘કલોલ’ના છે. ઉત્તર ગુજરાત. ‘શ્રીમદ્‌જી’ના પરિચયમાં ખાસ કરીને આ ચરોતર પ્રદેશના ‘અગાસ’, ‘વડવા’, ‘ખંભાત’, ‘આણંદ’ જિલ્લો, ‘નડિયાદ’, ‘આણંદ’ એ બધો ચરોતર પ્રદેશ કહેવાય છે. ‘નડિયાદ’, ‘આણંદ’,

'વડોદરા'. સ્થાનકવાસી અને દેરાવાસી લોકો પરિચયમાં આવ્યા છે. સૌરાષ્ટ્રમાં લઈએ તો 'રાજકોટ'માં, 'મોરબી'માં પછી અહીંયાં 'સાયલા'માં 'સોભાગભાઈ', 'સુરેન્દ્રનગર'માં કોઈ કોઈ વ્યક્તિઓ પરિચયમાં આવી છે. ઉત્તર ગુજરાતમાં આટલો પરિચય છે, મધ્ય ગુજરાતમાં પરિચય થયો છે. પછી મુંબઈમાં પરિચય થયો છે. આટલા વર્તુળમાં એમનો પરિચય થયો છે.

મુમુક્ષુ :- 'આણંદજી કુંવરજી' 'ભાવનગરના' છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એ 'મુંબઈ'માં રહેતા હતા. 'કુંવરજી આણંદજી' એ 'ભાવનગર'માં રહેતા હતા. અને એ વખતના એ શ્વેતાંબર સમાજના બહુ પ્રખ્યાત ગૃહસ્થ વિદ્વાન ગણાતા હતા. પણ આત્માર્થી હતા એટલે 'શ્રીમદ્જી' સાથે એમને સંપર્ક થયો. અને જો એમના પત્રો વાંચીએ, 'કુંવરજી આણંદજી'ના પત્રો જો વાંચીએ તો સરળતા ઘણી હતી. શ્વેતાંબર વિદ્વાન હતા અને એ દિવસોમાં શ્વેતાંબર સમાજની અંદર એમનું નામ મોટું હતું.

'કુંવરજી આણંદજી કાપડીયા'. 'પરમાણંદ કુંવરજીવાળા' જ છે બનતા સુધી. એ દિવસોમાં ધંધાર્થે 'મુંબઈ'માં રહેતા હતા. પણ બહુ સરળ પ્રકૃતિના, સરળતા ઘણી હતી. 'શ્રીમદ્જી'ને લગભગ એવા સરળ જીવોનો જ સંપર્ક થયો છે. એક એ કાળની પણ થોડી વિશેષતા છે કે સરળ પરિણામી જીવો એમના પરિચયમાં આવ્યા છે, વક્ર પરિણામી જીવો એમના પરિચયમાં નથી આવ્યા. એ એક સારું ચિહ્ન છે. આમનો ક્ષયોપશમ હતો, આ 'કુંવરજી આણંદજી'નું વાંચન ઘણું હતું પણ છતાં સરળ બહુ હતા.

પોતાના દોષનો એકરાર કર્યો છે, થોડા પરિચયમાં પણ 'શ્રીમદ્જી' પાસે પોતાના દોષ પત્રોની અંદર વિદિત કર્યા છે અને માર્ગદર્શન માગ્યું છે. એવા સરળ પરિણામી હતા. એ ઉપરથી એમ દેખાય છે કે ભલે આપણે બધા મુમુક્ષુઓના પત્રો નથી વાંચ્યા પણ સરળ પરિણામી જીવો એમના પરિચયમાં આવેલા. એ એક નોંધવા જેવી વાત છે. અત્યારે થોડોક ધાર્મિક સમાજમાં અસરળતાનો પ્રકાર વિશેષ દેખાય છે. એ થોડો બે વચ્ચે તફાવત લક્ષમાં લેવા જેવો વિષય છે, નોંધવા જેવો વિષય છે.

મુમુક્ષુ :- સરળતા અને વક્રતા પોતાને જ લાભ-નુકસાનનું કારણ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- સીધી વાત છે. પોતાના પરિણામનો દંડ પોતાને લાગે. પોતાના

અપરાધનો દંડ બીજાને કેવી રીતે લાગે ? અપરાધ પોતે કરે તો પોતે દંડાય. સીધી વાત છે.

પ્રશ્ન :- ઇ માયાચારમાં જ જાય ?

સમાધાન :- હા. માયાચાર કહો, અસરળતા કહો.

મુમુક્ષુ :- અહીંયાં આવીને નુકસાન થયું. સરળતા અને માર્ગની પ્રાપ્તિ માટે તો અહીંયાં આવીએ છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- એથી એ બહુ લક્ષમાં લેવા જેવો વિષય છે કે કોઈ એવું ગંભીર કારણ ન હોય ત્યાં સુધી જે મનમાં, તે વચનમાં, તે કાયામાં. સાધારણ કોઈ વાત હોય અને એમ લાગે કે સરળતા રાખવા જતાં બહુ મોટું નુકસાન થઈ જશે તો કોઈ વખત એવી વૃત્તિ થઈ જાય તો જુદી વાત છે. પણ મુમુક્ષુ હોય વાતવાતમાં, સાધારણ વાતમાં અસરળતા કરે તો અપરાધ તો પોતાને જ થવાનો છે, નુકસાન પોતાને જ થવાનું છે, કોઈને નહિ થાય. બહારની પરિસ્થિતિ કાંઈ વિકલ્પ અનુસાર નથી થતી. વિકલ્પને અનુકૂળ કોઈ પુદ્ગલો બંધાયેલા નથી, કોઈ પરિસ્થિતિ બંધાયેલી નથી. જ્ઞાની કે અજ્ઞાનીનો કોઈનો વિકલ્પ હોય, શું કામ આવે ?

માટે પોતાના આત્માના હિત-અહિતને મુખ્ય રાખીને સરળ પરિણામે પ્રવર્તવું. એ સમ્યગ્દર્શન પામવા માટેનો એક સુગમ રસ્તો ચોખ્ખો થાય છે. નહિતર સમ્યગ્દર્શન પામવું છે એવા મુમુક્ષુને કોઈ અવરોધ હોય તો તે અસરળતા છે. એ બહુ ઊંડાણથી વિચારવા જેવો વિષય છે. સરળતાનો વિષય થોડો ઊંડાણથી વિચારવા જેવો છે.

**'જે મહત્ પુરુષનું ગમે તેવું આચરણ પણ વંદન યોગ્ય જ છે, એવો મહાત્મા પ્રાપ્ત થયે નિઃસંદેહપણે ન જ વર્તી શકાય તેમ તે વર્તતો હોય...'** કોણ ? મહાત્મા. શંકા પડે એવી રીતે વર્તતો હોય **'તો મુમુક્ષુએ કેવી દૃષ્ટિ રાખવી એ વાર્તા સમજવા જેવી છે.'** આ પત્રની અંદર એક સમસ્યા મૂકી છે અને સમાધાન પણ મૂક્યું છે પણ ઉપરટપકે એમ લાગે કે સમસ્યા મૂકીને પત્ર છોડી દીધો છે. ખરેખર એમણે સમાધાન પહેલા આપી દીધું છે. પહેલી જ લીટી એ એનું સમસ્યાનું સમાધાન છે. પણ શૈલી એવી કરી છે કે મુમુક્ષુજીવને Suspense માં રહેવું પડે અને એ વિષયના ઊંડાણમાં સ્વતંત્ર રીતે વિચારણામાં લંબાવું પડે. શોધ કરવી પડે કે આમાં શું કહેવા માગે છે ? અને આનો શું ઉકેલ હોઈ શકે ? એ મહાપુરુષ છે એમનું ગમે તેવું આચરણ

છે તે વંદન યોગ્ય જ છે, એમ કહે છે. ક્યારેક ક્રોધમાં વર્તતા હોય ત્યારે ? કોઈ અશુભભાવમાં વર્તતા હોય ત્યારે ? ત્યારે પણ વંદનયોગ્ય જ છે, એમ કહે છે. કારણ કે એ વખતે એ ભિન્ન રહે છે માટે વંદનયોગ્ય છે. **'જે મહત્ પુરુષનું ગમે તેવું આચરણ પણ વંદન યોગ્ય જ છે,...'** સત્પુરુષ વંદન યોગ્ય છે, એમ નહિ. એ ગમે તેવા આચરણમાં હોય ત્યારે પણ વંદન યોગ્ય છે. કેટલું વંદનને એમણે સ્થાપ્યું છે ! કેટલું સ્થાપ્યું છે !

પ્રશ્ન :- 'એવો મહાત્મા' શબ્દ લખ્યો છે, મહાત્મા એટલે ?

સમાધાન :- મહાત્મા એટલે મહાપુરુષ, મોટો આત્મા, મહાન આત્મા એટલે મહાત્મા. એવો મહાત્મા, મહત્ પુરુષ. પહેલા મહત્ પુરુષ કહ્યું, મોટા પુરુષ, જ્ઞાનીપુરુષ, સત્પુરુષ. જ્ઞાનીપુરુષ કહો, સત્પુરુષ કહો, મહત્પુરુષ કહો, મહાત્મા કહો, એમ. એનું ગમે તેવું આચરણ પણ વંદન યોગ્ય જ છે. કેમકે આ પ્રશ્ન નીચેના ગુણસ્થાનમાં ઉપસ્થિત થાય છે. નિર્ગ્રંથ દશાવાળામાં તો પ્રશ્ન જ ઉપસ્થિત થવાનો અવકાશ નથી. એમનો તો દેદાર એવો થઈ જાય છે, વીતરાગતા એટલી બધી વધે છે કે જેને તીલતુષમાત્ર પરિગ્રહ નથી, જેની બાહ્યાભ્યાંતર શાંતિ જંગલી અને ક્રોધીમાં ક્રોધી પ્રાણીને એકવાર થંભાવી દ્યે છે. એવી તો જેની બાહ્યાભ્યાંતર શાંત દશા હોય છે. એમાં તો શંકા શું પડે ? એમાં સંદેહ શું પડે ?

સંદેહ તો જે ઉદયની વિચિત્રતામાં ઊભા રહેલા હોય એમાં સંદેહ પડે કે, 'રામચંદ્રજી'એ આમ કેમકેર્યું ? 'ભરત-બાહુબલી'એ આમ કેમકેર્યું ? ત્યાં સંદેહ પડે. ગૃહસ્થાશ્રમમાં વર્તતા 'શ્રીમદ્જી' વગેરે મહાપુરુષો છે તો એના માટે સંદેહ ઊભો થાય કે આવો કેમ વિકલ્પ આવ્યો ? આમ કેમ પ્રવર્તે છે ? મુમુક્ષુએ, કેમકે મુમુક્ષુની વાત લીધી છે. મુમુક્ષુને એનો યોગ છે. નિર્ગ્રંથ તો છે ક્યાં ? એમના વખતથી નિર્ગ્રંથ નથી. સો વરસ પહેલા કોઈ નિર્ગ્રંથને જોતા નથી.

દિગંબર મુનિઓ તો (હોય) છે, એમને ખબર છે કે દિગંબર, શ્વેતાંબર બે પંથ ચાલે છે. દિગંબરના આચાર્યોના 'સમયસાર' આદિ, 'પદ્મનંદિ' વગેરે પુસ્તકો હાથમાં આવ્યા છે. 'પદ્મનંદિ' ને તો કહ્યું ને કે વનશાસ્ત્ર છે. એ ખ્યાલ છે કે આ સંપ્રદાય ચાલે છે, અત્યારે એના (શ્વેતાંબરના) થોડાઘણા સાધુઓ છે, પણ સંતચરણ નથી, એમ કહે છે. કોઈ સંત નથી, પણ એ તો સમ્યગ્દર્શનની ખબર નથી, બીજી તો

શું ખબર હોય ?

મુમુક્ષુ :– તો તો આમાં નામ આવે.

પૂજ્ય ભાઈશ્રી :– નહિ, ક્યાંય નહિ. બિલકુલ નહિ.

કહે છે કે **'મુમુક્ષુએ કેવી દૃષ્ટિ રાખવી...'** તો કે એવી દૃષ્ટિ રાખવી કે એનું ગમે તેવું આચરણ પણ વંદન યોગ્ય જ છે. **'એ વાર્તા સમજવા જેવી છે.'** એટલે સમજીને સ્વીકારવા જેવી છે, એના ઊંડાણમાં જઈને સ્વીકારવા જેવી છે. એમની અંતરંગ પરિણતિનો પરિચય કરીને એમના પુરુષાર્થને વંદન કરવા યોગ્ય છે કે ગમે તે હાલતમાં, કોઈ પણ દ્રવ્ય-ક્ષેત્ર-કાળ-ભાવમાં એ પોતાના આત્માને ભિન્ન રાખી શકે છે. ભિન્ન પરિણમી શકે છે, છૂટા પડી જાય છે અને એને નમસ્કાર છે. એ પુરુષાર્થનો જેને પોતાના જ્ઞાનમાં Picture આવે કે આ પ્રકારનો પુરુષાર્થ છે એટલે એનું હૃદય નમ્યા વિના રહે નહિ. આ એક મુમુક્ષુની દશાની વસ્તુસ્થિતિ છે. એમાં એણે એવી દૃષ્ટિ રાખવી.

મુમુક્ષુ :– સામાસામા ઉદયમાં આવે તો...

પૂજ્ય ભાઈશ્રી :– સામાસામા ઉદયમાં આવે નહિ, એ એકબાજુ ઊતરી જાય. Unconditional surrender છે. મુમુક્ષુ છે એ જ્ઞાનીની પાસે શરત નથી રાખતા. મહાપુરુષની સામે એવી શરત નથી કે આપ આ રીતે અમને અનુકૂળતા આપો તો અમે આપના ચરણમાં રહીએ. બાકી આપના તરફથી સગવડ ન મળે તો અમે આપના ચરણમાં નહિ રહીએ, એવી ત્યાં શરત નથી. Unconditional surrender થવાની વાત છે. આ વિષયમાં બહુ ચર્ચાઓ ચાલી છે. અનેક મુમુક્ષુઓ સાથે બહુ ભિન્ન ભિન્ન ચર્ચાઓ ચાલી છે. અને એમાં ઘણા તર્ક ઉઠાવેલા છે. લોકોએ આ વિષયમાં બહુ તર્ક ઉઠાવેલા છે. આ વિષય ઘણા વખતથી કહેતા આવ્યા છીએ એટલે લોકોના એની સામે તર્ક પણ આવે છે. એ વાત એવી જ છે કે Unconditional surrendership છે. જેને સર્વાર્પણબુદ્ધિ આવી, એમાં વાત પૂરી થઈ જાય છે. એનું નામ સર્વાર્પણબુદ્ધિ છે, એમાં બીજી વાત હોતી નથી, એમાં બીજો વિકલ્પ નથી. એવી વાત છે.

મુમુક્ષુ :– 'સીતાજી' અને 'રામચંદ્રજી'નું ઉદાહરણ તો શિક્ષા લેવા જેવું છે.

પૂજ્ય ભાઈશ્રી :– 'સીતાજી'નું સમર્પણ કેટલું હતું ? જબરદસ્ત સમર્પણ હતું.

'સીતાજી' સમ્યગ્દૃષ્ટિ હતા. પોતે કહેવામાત્ર સતી નહોતા અથવા બાહ્યાચરણને લઈને માત્ર 'રામચંદ્રજી' સિવાય એમને વિકલ્પ નહોતો માટે સતી હતા, એમ નથી. એ સમ્યગ્દૃષ્ટિ ધર્માત્મા હતા. એમનું સમર્પણ બહુ હતું. વિકલ્પ નથી આવ્યો. એમને એ ખ્યાલ છે કે એમનો ('રામચંદ્રજી'નો) મારા ઉપર અનુરાગ પણ એટલો જ છે અને જે કાંઈ કરે છે તે સમજીને કરે છે, મહાવિચક્ષણ પુરુષ છે. એ પોતે તો એમને ઓળખે છે. એટલે એમની વિચક્ષણતા કાંઈ એમના ખ્યાલ બહાર નથી. એટલે એમને વગર કારણે દંડ મળ્યો છે.

અન્યાય થાય ત્યારે સહન થવું મુશ્કેલ પડે છે. ઉદયની અંદર અન્યાય થાય તો માણસને એવો સંદેહ થાય કે ધર્મી હોય એ અન્યાય કરે ? ન્યાય, નીતિ તો સજ્જન પુરુષો જાળવે છે. લૌકિક સજ્જનતામાં પણ ન્યાય, નીતિ હોય છે, તો આ તો અલૌકિક સત્પુરુષ છે, એ અન્યાય કરે ? એને શંકા પડી જાય. પણ જે ખરેખર ઓળખે છે એને શંકા નથી પડતી. જે ખરેખર ઓળખે એને શંકા ન પડે. અને અહીંયાં મુમુક્ષુની પરીક્ષા થાય છે. એની યોગ્યતાની જો પરીક્ષા થાય છે તો આ જગ્યાએ થાય છે.

એથી એમણે એ વાત માની લેવા જેવી છે એમ નથી કહ્યું (પણ) સમજવા જેવી છે, એમ કહ્યું છે. એક એક શબ્દની અંદર બહુ તોળીને લખાયેલી વાત છે. ભલે એક પત્રમાં સવા બે લીટી લખી છે. કે જે મહત્ પુરુષનું ગમે તેવું આચરણ પણ વંદન યોગ્ય જ છે, એ માની લેવાનું નહિ. આ વાત જરા સમજવા જેવી છે. સમજીને અંગીકાર કરવી.

મુમુક્ષુ :– 'ગુરુદેવે' સમ્યગ્દર્શન અઘરું અને મોંઘું કરી નાખ્યું પછી એમ થયું કે ઠીક આપણે તો મુમુક્ષુ છે. હવે અહીં આવ્યા તો એમ થાય કે આ મુમુક્ષુપણુ એનાથી કઠણ છે.

પૂજ્ય ભાઈશ્રી :– સાચી વાત છે. સહેલું નથી. નામધારી મુમુક્ષુપણાથી કાંઈ મુમુક્ષુતા નથી આવી જતી. એ આખી જુદી ચીજ છે અને આ તો મુમુક્ષુ એક એવી ભૂમિકા છે કે જ્યાં જે પ્રકારે ખેતી થાય છે એ ખેતીમાં કેવળજ્ઞાન નિપજવાનું છે એવા પ્રકારની ખેતીનો પ્રારંભ મુમુક્ષુદશામાં થાય છે. સામાન્ય વાત નથી. વિશેષ લઈશું...

## પત્રાંક-૨૭૩

વવાણિયા, ભાદ્રપદ વદ ૫, બુધ, ૧૯૪૭

વિગત લખી તે જાણી. ધીરજ રાખવી અને હરિઇચ્છા સુખદાયક માનવી એટલું જ આપણે તો કર્તવ્યરૂપ છે.

કળિયુગમાં અપાર કષ્ટે કરીને સત્પુરુષનું ઓળખાણ પડે છે. છતાં વળી કંચન અને કાંતાનો મોહ તેમાં પરમ પ્રેમ આવવા ન દે તેમ છે. ઓળખાણ પડ્યે અડગપણે ન રહી શકે એવી જીવની વૃત્તિ છે, અને આ કળિયુગ છે; તેમાં જે નથી મુઝાતા તેને નમસ્કાર.

## તા. ૧-૧૧-૧૯૮૯, પ્રવચન નં. ૭૫
## પત્રાંક – ૨૭૩ થી ૨૭૭

(પત્રાંક ૨૭૩) કોઈ પ્રસંગને અનુરૂપ સંક્ષેપમાં સૂચના આપી છે. પછી ખાસ તો નીચેની વાત લખે છે કે, **'કળિયુગમાં અપાર કષ્ટે કરીને સત્પુરુષનું ઓળખાણ પડે છે.'** ભાગ્યે જ એવો કોઈ પત્ર છે કે જેમાં એમણે સત્પુરુષ તરફ આંગળી ન ચીંધી હોય. એવો ભાગ્યે જ પત્ર મળે છે. નાનો પત્ર હોય છે તોપણ એમાં એ વાત લખે છે. કળિયુગમાં એટલે આ કાળની અંદર જેમાં વિષમતા અને વિષમતાની પણ વિચિત્રતાઓ અનેક પ્રકારે વર્તે છે, વિભિન્ન પ્રકારે વર્તે છે, આશ્ચર્યકારક રીતે વર્તે છે. એવી વિષમતાના આ કાળમાં અપાર કષ્ટે કરીને એટલે ભાગ્યે જ, કોઈક જ જીવને સત્પુરુષનું ઓળખાણ પડે છે અને એવા જીવને કાંઈક ખ્યાલ આવે છે કે આ સત્પુરુષ છે. ત્યાં વળી સંયોગ બાજુના અતિ રાગને કારણે અથવા જે કાંઈ નિર્ણય થઈ ગયો છે, જે કાંઈ મૂલ્ય થઈ ગયું છે કે જે કાંઈ અધિકતા અને કિંમત

અપાઈ ગઈ છે એના કારણે **'વળી કંચન અને કાંતાનો મોહ...'** એમાં બધું આવી ગયું. સોનું અને સ્ત્રીની અંદર તમામ સંયોગો આવી ગયા. બધા જ ઉદયો આવી જાય છે. **'તેમાં પરમ પ્રેમ આવવા ન દે તેમ છે.'** એટલે કે રાગની અધિકાઈ જે .... જ્યાં સુધી આ પલ્લુ નહિ નમે ત્યાં સુધી આત્મહિત થવાનો અવકાશ નથી. એટલું જો સમજમાં આવે તો ફેર પડે.

**'ઓળખાણ પડ્યે અડગપણે ન રહી શકે એવી જીવની વૃત્તિ છે,...'** એટલે મુમુક્ષુદશાની અંદર એટલી નબળાઈ હોય છે, એટલી અશક્તિ હોય છે અથવા મુમુક્ષુદશા એવી નાજુક અવસ્થા છે કે ઓળખાણ પડ્યા પછી પણ, અથવા જાહેરપણે, 'ગુરુદેવ'ના વિષયમાં કેટલી જાહેરાત (થઈ) ? તોપણ અડગપણે રહેવું, નિશ્ચય રહેવો કે આ જ સત્પુરુષ છે અને સર્વાર્પણબુદ્ધિએ અનુસરવા યોગ્ય છે, એ જે પરિસ્થિતિ છે, એ રહેતી નથી.

**'ઓળખાણ પડ્યે અડગપણે ન રહી શકે એવી જીવની વૃત્તિ છે,...'** પ્રાયઃ મુમુક્ષુની એવી ભૂમિકા જોવામાં આવે છે કે અનુસરતા જોવામાં આવે છે, સત્પુરુષને વળગેલા, સત્પુરુષને અનુસરતા જોવામાં આવે છે એવા મુમુક્ષુઓમાં પણ એ વૃત્તિ અડગ રહેતી નથી, એવું એમને જોવામાં આવે છે. સો વરસ પહેલા આ વાત લખે છે. નવાણું વરસ તો થયા આજે. ૨૦૪૬ અને ૧૯૪૭. ૯૯ વરસ થઈ ગયા.

મુમુક્ષુ :- એ વખતે આ સ્થિતિ હતી.

પૂજ્ય ભાઈશ્રી :- એવી સ્થિતિ હતી. અત્યારે તો ઘણી વિષમતા છે.

પ્રશ્ન :- સત્યને અડગપણે વળગી રહેવા શું કરવું ?

સમાધાન :- સત્યને વળગી રહેવા માટે એની કિંમત સમજાવી જોઈએ. વાત તો બધી સમજણ ઉપર આધારીત છે. જેટલી સમજણ એટલું બળ આવશે. સમજણ વિનાનું કેવળ રાગનું બળ છે એમાં ટકી નહિ શકાય, એમાં અડગ નહિ રહી શકાય. એટલે સમજણનો જે તફાવત છે એ સમજણનો જ તફાવત છે. રાગ તો માણસને કોઈ વાર જોરથી આવી જાય છે (પણ) એમાં ટકી નથી શકાતું.

**'ઓળખાણ પડ્યે અડગપણે ન રહી શકે એવી જીવની વૃત્તિ છે, અને આ કળિયુગ છે;...'** આ કાળ કોઈ એવો વિચિત્ર છે **'તેમાં જે નથી મુઝાતા તેને નમસ્કાર.'** એટલે કે આવા વિષમ કાળની અંદર પણ આંટીઘૂંટી, સંયોગની ચિત્રવિચિત્રતા, મુમુક્ષુઓની

ચિત્રવિચિત્રતા, દુનિયાના પ્રકારોની અનેક ચિત્રવિચિત્રતા એમાંથી પણ જે માર્ગ કાઢી લઈને સોંસરવટ ઊતરીને જે આત્મહિત કરી લ્યે છે અથવા આત્મહિતના રસ્તે ચડી જાય છે, તેને તો અમે નમસ્કાર કરીએ છીએ. શાબાશ છે ! ધન્ય છે તને કે આ કાળમાં પણ તે તત્ત્વને છોડ્યું નહિ અથવા તત્ત્વને ગ્રહણ કરી લીધું અને સાચો રસ્તો પકડી લીધો, અમે તો નમસ્કાર કરીએ છીએ.

**એ વિષયમાં એમની વિચક્ષણતા કોઈ અસાધારણ છે. ઘણા એવા એવા પ્રસંગો અને એવા એવા વચનો આ ગ્રંથમાં જોવા મળે છે કે એમની વિચક્ષણતા માટે અને જે માર્ગને એ અનુસરે છે એ માર્ગને એ કેટલી કુશળતાથી અંતર્-બાહ્ય બન્ને પ્રકારથી અનુસરે છે, એ ખરેખર જ્યારે સમજમાં આવે ત્યારે એમના પ્રત્યેનું બહુમાન વિશેષે વિશેષે વૃદ્ધિગત થાય એવું સ્પષ્ટ થાય છે.**

મુમુક્ષુ :– રસ્તે ચડનારને નમસ્કાર છે.

પૂજ્ય ભાઈશ્રી :– રસ્તે ચડનારને નમસ્કાર કે આ કાળમાં આ રસ્તે તમે આવી ગયા ! નમસ્કાર છે તમને ! એટલો એને આદર આપે છે. કેટલો Response આપે છે ! કેટલો આદર આપે છે ! આવશે, ઘણી વાતો આવશે, એ વિષયમાં તો અસાધારણ વાતો આવશે.

મુમુક્ષુ :– ઓળખાણ...

પૂજ્ય ભાઈશ્રી :– એ ઓળખાણ એવી છે કે એક પ્રશ્ન તમને પૂછું એટલે તમને પ્રશ્નના ઉત્તરનો ખ્યાલ આવી જશે. આજે 'ગુરુદેવ'ને અનુસરતા અને અનુસરવા માટે સામાન્ય રીતે બીજા પ્રસંગોથી, કુટુંબથી, ધંધાથી નિવૃત્ત થઈને ત્યાં રહ્યા છે, 'સોનગઢ' આવીને ત્યાં રહ્યા છે, (એ) 'ગુરુદેવ'ને માન્યા વગર રહ્યા છે ?

મુમુક્ષુ :- ઓળખાણ નથી.

પૂજ્ય ભાઈશ્રી :– એમને પૂછો કે તમે સત્પુરુષને ઓળખ્યા વગર અહીંયાં આવ્યા ? પૂછો એમને. 'શ્રીમદ્જી' જે લક્ષણો બતાવે છે એ ક્યાં સમજાણા છે કોઈને ? પણ એમને પૂછો તો એમ કહેશે કે અમે 'ગુરુદેવ'ને ઓળખ્યા નથી અને એમ ને એમ અહીંયાં આવી ગયા છીએ ? કે 'ગુરુદેવ'ને સાંભળ્યા, 'ગુરુદેવ'ની દિવ્યધ્વનિ જેવી વાત સાંભળ્યા પછી એમ થયું કે હવે તો અહીંયાં જ રહેવું. અને એટલા માટે સંકેલો કરીને અહીં આવી ગયા. તો એવી જે ઓળખાણ છે એને અહીંયાં ઓળખાણ

શબ્દમાં લ્યે છે.

બાકી જે અંતરથી ઓળખે છે એને તો પરમ પ્રેમ આવ્યા વિના રહે નહિ અને એને આમાં ડગી જવાનો પ્રશ્ન ઉપસ્થિત થતો નથી. એ વાત નથી લીધી. આપણે જેમ આપણો મોટો સમૂહ થઈ ગયો છે (એમ) એમની આજુબાજુ પણ કેટલોક સમૂહ થઈ ગયેલો. ચોવીસમા વર્ષમાં મોક્ષમાર્ગમાં પ્રવેશ થયો એ પહેલા થોડીક પ્રસિદ્ધિ અઢાર, ઓગણીસ, વીસ વર્ષમાં બહુ થઈ ગયેલી. આ જે ચમત્કાર અને અફવાઓ એમના વિષે ચાલી પછી શતાવધાનના પ્રયોગો એમણે જાહેરમાં કર્યા. એ બધું એમની પ્રસિદ્ધિનું થોડું કારણ થઈ ગયું. પછી ત્રેવીસમા વર્ષમાં એકદમ સન્મુખતામાં આવ્યા, આત્માર્થનો વિષય એકદમ ખ્યાલમાં આવ્યો તો બધી બાજુથી સંક્ષેપ કરી લીધો કે, પરિચય જ કોઈનો કરવો નથી, પરિચય ઘટાડી દેવો છે. છે એ ઘટાડી દેવો છે. ન વધે એની સાવધાની રાખવી છે. તોપણ અમુક Group – કેટલોક સમૂહ એમની આજુબાજુ આવી ગયેલો. એટલે તો એમણે ૨૫૪મો પત્ર 'ખંભાત'ના મુમુક્ષુઓને લખ્યો છે કે કેટલીક ક્ષતિઓ મને જોવામાં આવે છે અને હું એ ક્ષતિઓ તમારા મુમુક્ષુઓમાં જોઉં છું. જે મારા પરિચયમાં આવ્યા છે એમાં જોઉં છું.

એ કાળમાં જે મુમુક્ષુઓમાં સરળતા હતી એટલી સરળતા તો આજે ભાગ્યે જ જોવા મળે એવો પ્રકાર છે. એટલી સરળતા નહિ જોવા મળે. છતાં પણ એમને સંતોષ નથી. એટલે જેને સ્પૃહા નથી, એટલે એ તો નિસ્પૃહ વ્યક્તિ તો જે ઇચ્છે એ વાત કરી દેશે.

જેટલો એ મોક્ષમાર્ગમાં આવનારને એક બાજુથી આદર આપે છે, એક બાજુથી જેટલું એ વાત્સલ્ય કરે છે એટલું જ સામા જીવને માર્ગે ચડાવવા માટે સ્પષ્ટ એના દોષને પણ કહી દ્યે છે. એમાં પણ એ હિતબુદ્ધિએ ગોળગોળ રાખતા નથી. આવવા માટે આદર આપે છે, એને વૃદ્ધિગત થવા માટે આદર આપે છે, બીજી બાજુથી એના દોષની વાત આવે છે તો ચોખ્ખીચણાક કહી દ્યે છે. એની અંદર થાબડભાણા નથી કરતા. આવી જે એમની વિચક્ષણતા છે એ અસાધારણ અને લોકોત્તર વિચક્ષણતા છે. અને જેમ જેમ એમના પત્રો વાંચીએ તો એ વિષયની સૂક્ષ્મતા અને વિશેષતા નજરમાં આવે છે, એનો અભ્યાસ થાય છે અને એ વાત પોતાને એક ઉપદેશાત્મક પ્રસંગ ગણીને અંગીકાર કેવી રીતે કરવી ? એ પણ એમાંથી લક્ષ કરવા જેવો વિષય છે.

મુમુક્ષુ :- સંસારીપણામાં રહીને કંચનનો મોહ છોડવો કઠણ લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, કઠિન છે એ વાત તો સાચી છે. પણ હવે આ તો વિષય જ એવો છે કે આત્મહિત જેને કરવું છે એને એકવાર તો એવો અંદરથી જોરથી અભિપ્રાય આવવો જોઈએ કે ગમે તે પરિસ્થિતિ ઊભી થાય, વર્તમાનમાં કે ભવિષ્યની, મારે આ કામ કરી જ લેવું છે, ગમે તે ભોગે કરી લેવું છે, કોઈ પણ કિંમતે કરી લેવું છે. એટલો જોરથી એને અભિપ્રાય આવવો જોઈએ. તો કાંઈક આ બાજુ આ માર્ગની દિશામાં એકાદું ડગલું, પ્રવેશમાં એકાદું ડગલું પણ ભરાશે. બાકી તો પ્રવેશ જ નથી, એમ સમજવા જેવું છે. બાકી તો ગતાનુગતે, લોકસંજ્ઞાએ અને એક રૂઢિગત રીતે અનુસરવાની પદ્ધતિ તો આપોઆપ થઈ જ જાય છે, સહેજે સહેજે બની જાય છે.

પ્રશ્ન :- સત્પુરુષની આજ્ઞા વિરુદ્ધ મારો વ્યવહાર હોય તો મેં સત્પુરુષને ઓળખ્યા છે એમ કેવી રીતે કહેવાય ?

સમાધાન :- નહિ, ન જ કહેવાય. નથી ઓળખ્યા, ઓળખ્યા નથી. એમ જ છે. ઓળખ્યા છે એમ કહેવાય જ નહિ. ખરેખર પ્રતીતિ આવી જ નથી. નહિતર એવું કાર્ય કરવાનું બને જ નહિ. આ બહુ સીધી વાત છે. ઓળખાણ હોય તો, ખરેખર ઓળખાણ હોય તો એ પ્રકાર ન આવે. બાકી ઓઘેઓઘે તો આજે હજારો માણસો 'ગુરુદેવ'ને માને છે. એટલે કાંઈ ઓળખીને માને છે એમ તો ન કહી શકાય. એટલે તો દૃષ્ટાંત જરાક વિશેષ લીધો કે ખાલી 'સોનગઢ' આવે છે અને ચાલ્યા જાય છે એમ નહિ, 'સોનગઢ' રહી જાય છે એવો દૃષ્ટાંત લીધો.

અલબત્ત એને ફરવાના Chance વધારે છે, એને ઓળખવાની તક વધારે છે કેમકે એણે સમય એટલો ફાળવ્યો અને બીજી પ્રવૃત્તિથી ખસ્યા. તો એને એટલી તક વધારે જરૂર છે, પણ એ તકનો પોતે લાભ લ્યે તો એ તકનો ઉપયોગ થયો, નહિતર એ વાત પણ નકામી ગઈ. એમ બને છે. અને એવું બને છે એટલા માટે સત્પુરુષો એ વાત કરે છે કે એવો કોઈ કાળ છે કે એકવાર ઓળખાણ પડે એટલે એમ લાગે કે આ સત્પુરુષ જ છે અમને એમાં શંકા નથી, એમ પોતાને પણ એમ જ લાગે. હું કાંઈ શંકા રાખીને નથી અહીંયાં આવ્યો કે અહીંયાં રહ્યો. મને તો બરાબર લાગે છે કે આ જ મહાપુરુષ છે, આ જ સત્પુરુષ છે. તોપણ અડગપણે ન રહી શકે એવા કોઈ ચિત્રવિચિત્ર પ્રસંગો બને તો આજ્ઞામાં ન રહે, ન અનુસરે, એવું જીવ

કરે છે અને એવી જીવની વૃત્તિ છે.

સો વર્ષ પહેલા એમના ખ્યાલમાં એ વાત આવી છે અને જોવે છે કે બહુભાગ જીવોની આ પરિસ્થિતિ છે એટલે કાળ જ કોઈ એવો હીણો છે નહિતર વિદ્યમાન સત્પુરુષ હોય, એને અનુસરતો જીવ થયો હોય, પછી પાછું વાળીને કેમ જોવે ? સંયોગ પ્રત્યે એટલે આ કંચન અને કાંતા એટલે સંયોગ પ્રત્યે પાછું વાળીને કેમ જોવે ? પછી તો સંયોગને ગૌણ કરીને આત્મહિતની એટલી મુખ્યતામાં આવી જાય કે એને પછી નુકસાન થવાનો અવસર આવે નહિ. દિનપ્રતિદિન આત્માની જે ઊર્ધ્વતા છે, જે ઊંચી કોટિમાં આવવાના પરિણામ છે એમાં એ દિનપ્રતિદિન આવતો જ જાય.

પોતાની ઉન્નતિ-આત્માની ઉન્નતિ અને આત્માની અવનતિ આ પરસ્પર વિરુદ્ધ માર્ગ છે. તો ઉન્નતિના ક્રમમાં જેણે પ્રવેશ કર્યો એ તો દિનપ્રતિદિન ઉન્નતિના ક્રમમાં આગળ જ વધવો જોઈએ. એના બદલે એ ઉન્નતિના ક્રમના બાહ્ય માર્ગમાં, બાહ્ય પરિસ્થિતિમાં થોડો વિચારથી આવ્યો એટલો અંદરની પરિસ્થિતિમાં પણ આવ્યો અને પછી ઉન્નતિના બદલે અવનતિમાં આવે ત્યારે સત્પુરુષને પણ આશ્ચર્ય થાય છે કે અરે...! આ પંચમકાળ તે શું ભાગ ભજવે છે કે જીવ અહીંયાં આવીને પણ અહિત કરે ! આ તે શું કહેવાય ? તો લગભગ તો આવી પરિસ્થિતિમાં મુંઝાઈને જીવ અટકી જાય છે, મુંઝાઈ જાય છે. મુંઝાયા વિના માર્ગ કાઢી લ્યે છે, ન મુંઝાયા એટલે માર્ગ કાઢી લીધો જેણે, માર્ગ શોધી લીધો, માર્ગને પકડી લીધો. એને પોતે નમસ્કાર કરે છે. જે મુંઝાયા નહિ એને નમસ્કાર. એ ૨૭૩ (પત્ર પૂરો) થયો.

## પત્રાંક-૨૭૪

**વવાણિયા, ભાદ્રપદ વદ ૫, બુધ, ૧૯૪૭**

**'સત્' હાલ તો કેવળ અપ્રગટ રહ્યું દેખાય છે. જુદી જુદી ચેષ્ટાએ તે હાલ પ્રગટ જેવું માનવામાં આવે છે, (યોગાદિક સાધન, આત્માનું ધ્યાન, અધ્યાત્મચિંતન, વેદાંતશુષ્ક વગેરેથી) પણ તે તેવું નથી.**

**જિનનો સિદ્ધાંત છે કે જડ કોઈ કાળે જીવ ન થાય, અને જીવ**

**કોઈ કાળે જડ ન થાય; તેમ 'સત્' કોઈ કાળે 'સત્' સિવાયના બીજા કોઈ સાધનથી ઉત્પન્ન હોઈ શકે જ નહીં. આવી દેખીતી સમજાય તેવી વાતમાં મુઝાઈ જીવ પોતાની કલ્પનાએ 'સત્' કરવાનું કહે છે, પ્રરૂપે છે, બોધે છે, એ આશ્ચર્ય છે.**

**જગતમાં રૂડું દેખાડવા માટે મુમુક્ષુ કંઈ આચરે નહીં, પણ રૂડું હોય તે જ આચરે.**

પત્રાંક ૨૭૪, **'સત્ હાલ તો કેવળ અપ્રગટ રહ્યું દેખાય છે.' 'સત્ હાલ તો કેવળ અપ્રગટ રહ્યું દેખાય છે.'** ધર્મના ક્ષેત્રમાં સત્ છે એ આવરણ પામી ગયું હોય એવું દેખાય છે. **'જુદી જુદી ચેષ્ટાએ તે હાલ પ્રગટ જેવું માનવામાં આવે છે, (યોગાદિક સાધન, આત્માનું ધ્યાન, અધ્યાત્મચિંતન, વેદાંતશુષ્ક...)'** વેદાંતશુષ્ક એટલે જ્ઞાનની શુષ્કતા. આ સાંખ્યમાં ત્રિકાળીની મુખ્યતાવાળો જે પ્રકાર છે, એમ. **'પણ તે તેવું નથી.'** જુદી જુદી ચેષ્ટાએ જાણે સત્ પ્રગટ હોય એવો આભાસ થાય કે અહીંયાં પણ લાગે છે, અહીંયાં પણ લાગે છે, અહીંયાં પણ લાગે છે. કેમકે કોઈ આત્મધ્યાનની વાતો કરે છે, કોઈ શુષ્કજ્ઞાનની વાત કરે છે, કોઈ અધ્યાત્મચિંતનની વાત કરે છે, કોઈ યોગના પ્રયોગોની વાતો કરે છે. તોપણ સત્ અપ્રગટ રહ્યું હોય એવું એમને લાગે છે. દેખાય છે એટલે એવું સ્પષ્ટપણે લાગે છે કે સત્ અપ્રગટ છે. આ બધી વાત સ્પષ્ટ નથી. લોકો એમ ને એમ અંધારામાં કૂદકા મારે છે. આમાં કાંઈ માર્ગ હાથ આવે એવું લાગતું નથી.

મુમુક્ષુ :- આત્માનું ધ્યાન અને અધ્યાત્મચિંતન એમાં પણ ભૂલ....

પૂજ્ય ભાઈશ્રી :- કલ્પિત કરે છે, કલ્પિત કરે છે. આત્માને કલ્પે છે. જ્યાંથી એને સાંભળવા મળ્યું હોય, વાંચવા મળ્યું હોય ત્યાં એ મનથી આત્માનો નિર્ણય કરે છે, કલ્પના કરે છે, ધ્યાન કરવાનો પ્રયત્ન કરે છે. કલ્પના જ કરે છે. યથાર્થ રીતે એને નિશ્ચય થઈને સ્વરૂપધ્યાન થવાનો પ્રસંગ હોતો નથી. એટલે બાકીમાં અન્યથા

જેટલો પ્રકાર છે એ બધો કલ્પિત છે.

એ આત્મધ્યાન, અધ્યાત્મચિંતન, વેદાંતશુષ્ક. વેદાંતશુષ્કમાં સાંખ્યની કૂટસ્થ અપરિણામીની મુખ્યતાની વાત છે–પરિણામ વગરનું દ્રવ્ય. યોગાદિક સાધન એ વગેરે જે ચેષ્ટા એટલે બહારના જે પ્રકારો છે, એનાથી જાણે સત્ હાથમાં આવી ગયું હોય એમ લોકો માને છે પણ અમને લાગે છે કે સત્ કેવળ અપ્રગટ રહ્યું છે, ક્યાંય નથી દેખાતું. અને એમના કાળમાં એ નજર એમણે ફેરવી છે. કોઈને જોયા નથી. કોઈને સત્‌ની પ્રાપ્તિ થઈ હોય એવા કોઈ વ્યક્તિને એમણે જોયા નથી.

**'જિનનો સિદ્ધાંત છે કે જડ કોઈ કાળે જીવ ન થાય, અને જીવ કોઈ કાળે જડ ન થાય;...'** મૂળમાં આ જડ-ચૈતન્યના ભેદનો સિદ્ધાંત છે કે કોઈ કાળે જડ છે તે જીવ ન થાય અને જીવ છે તે જડ ન થાય. અથવા તેની કોઈ ક્રિયા પરસ્પર એકબીજાથી એકબીજાની ન થાય. **'તેમ 'સત્' કોઈ કાળે 'સત્' સિવાયના બીજા કોઈ સાધનથી ઉત્પન્ન હોઈ શકે જ નહીં.'** આહા..હા..! જો જડથી ચેતનનું કાર્ય ન થતું હોય તો સત્ સિવાય સત્‌ની પ્રાપ્તિ થવી કોઈ અમને દેખાતી નથી.

સત્ સિવાયના બીજા કોઈ સાધનથી સત્‌ની ઉત્પત્તિ થઈ શકે નહિ. નિમિત્ત-નૈમિત્તિક સંબંધ પણ સજાતિય દ્રવ્યનો સ્વીકારાય છે, વિજાતિય દ્રવ્યનો નહિ. આ આગમથી ભૂલે છે ને ! અમારી પાસે આગમ છે. ભલે સત્પુરુષ ન હોય પણ અમારી પાસે આચાર્યોના આગમ તો છે ને ! ભૂલ્યો તું, બહુ મોટી ભૂલ થઈ ગઈ. જો જડથી ચેતનનું કાર્ય થતું નથી તો કોઈ કાળે સત્ સિવાય, સત્ સાધન સિવાય સત્ પ્રગટ થવાનો કોઈ અવસર નથી, ઉત્પન્ન થઈ શકે નહિ.

**'આવી દેખીતી સમજાય તેવી વાતમાં...'** શું કહ્યું ? **'આવી દેખીતી સમજાય તેવી વાતમાં મુઝાઈ જીવ પોતાની કલ્પનાએ 'સત્' કરવાનું કહે છે, પ્રરૂપે છે, બોધે છે, એ આશ્ચર્ય છે.'** એટલે જે સત્‌થી વિમુખ ચાલે છે, સત્પુરુષને જે છોડે છે, સત્પુરુષથી દૂર જાય છે, વેગળા જાય છે, વેગળા રહે છે અથવા વિમુખ રહે છે ત્યારે આશ્ચર્ય પામે છે કે, જ્યારે જિનસિદ્ધાંત જ એવો છે કે જડથી ચેતન ન થાય તો કોઈ અજ્ઞાનીથી જ્ઞાન પામે એ તો જડથી ચેતનનું કાર્ય માનવા બરાબર છે. **પ્રત્યક્ષ યોગના વિષયમાં એમણે ગજબની વાતો કરી છે !**

મુમુક્ષુ :– જડ સાથે પ્રેમ હોય તો પછી જડ જેવો કહેવામાં..

પૂજ્ય ભાઈશ્રી :– હા, એમ જ છે. એ તો જડાશ્રિત વૃત્તિને ખરેખર તો જડ જ કહી છે. એ આત્માને પણ જડ કહ્યો છે. પણ અહીંયાં તો સત્‌ના માર્ગમાં જીવ ભૂલે છે અને વિદ્યમાન સત્ હોય, પ્રગટ સત્ હોય અને એનું મૂલ્યાંકન ન કરી શકે ત્યારે એમ કહે છે કે જડથી ચેતન ન થાય, ચેતનથી જડનું કાર્ય ન થાય, આ તો પ્રગટ જિનસિદ્ધાંત છે, તો સત્‌સાધન વિના, 'સત્ સાધન સમજ્યો નહિ, ત્યાં બંધન શું જાય?' સત્‌નું સાધન, બાહ્ય સાધનની ખબર ન પડી (તો પછી) અંતરંગ સાધનની તો કેમ ખબર પડે ? જેને બાહ્ય સાધનમાં પણ, આ સત્પુરુષ તો હજી બાહ્ય સાધન છે, પાત્રતા અપેક્ષિત છે. પાત્રતા ન હોય તો સત્પુરુષનો યોગ શું કરે ? કાંઈ ન કરે.

એટલે એમ કહે છે કે પોતાની કલ્પનાએ સત્ માને, સત્ સાધન માને, એનું પ્રરૂપણ કરે, એને બોધે છે. એટલે ધર્મના ક્ષેત્રની અંદર પણ એમણે જોયું કે જીવો કલ્પનાથી સત્ પ્રાપ્તિની વાત કરે છે, એનું પ્રરૂપણ કરે છે, એનો ઉપદેશ આપે છે. આ એક આશ્ચર્યની વાત છે. આ તો જડથી ચેતનનું કાર્ય માનવા જેવી વાત છે. એ તો જિનસિદ્ધાંત છે કે જડ કોઈ કાળે જીવ ન થાય તે ન જ થાય. એટલો જે તફાવત છે એટલો તફાવત અસત્‌થી સત્ થવાનું માનવું તે છે.

મુમુક્ષુ :– આ જે પરસંગ પ્રત્યે જે પરિણામ જાય છે એ સજાતિય તો નથી.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો શું છે કે સંયોગ તરફની વૃત્તિ તો આત્મવૃત્તિનો એ તો કાળ જ છે. સંયોગ તરફની તીવ્ર વ્રત્તિ છે, રસવાળી વૃત્તિ છે એ તો આત્મા તરફ વળવા માટેનો એક કાળ છે. એ તો એને ઉત્પન્ન જ નહિ થવા દ્યે. પણ અહીંયાં જે લીધું છે એ તો બાહ્ય સાધનમાં જે જીવો ભૂલ્યા છે એની વાત કરી છે. અને એનું મુખ્ય કારણ હોય છે લોકસંજ્ઞા. એનું મુખ્ય કારણ જે રહી જાય છે, સત્‌થી જે વિમુખ જાય છે એનું કારણ લોકોને જીવ જ્યારે મુખ્ય કરે છે, લોકની નજરને મુખ્ય કરે છે ત્યારે તે પોતાની નજર–આત્મદૃષ્ટિને છોડે છે.

એટલે તો એ વાત કરી છે, પત્ર પૂરો કરતાં પહેલા એક જ લીટીમાં એ વાત કરી છે કે આમ કેમ થયું ? સત્પુરુષ હોવા છતાં એની સમીપ કેમ જીવ આવી શકતો નથી ? એનાથી દૂર રહે છે, વિમુખ કેમ રહી જાય છે ? તો કહે **'જગતમાં રૂડું દેખાડવા માટે મુમુક્ષુ કંઈ આચરે નહીં,...'** જગતને જેમ કહેવું હોય તેમ કહો. **'પણ રૂડું હોય તે જ આચરે.'** આત્મકલ્યાણ થાય, રૂડું એટલે આત્મકલ્યાણ થાય એ એક જ લક્ષમાં

રાખે, બાકી બધું ગૌણ, આખા જગતને ગૌણ કરી દ્યે. જેમ જગતને માનવું હોય તેમ માને, મારે કોઈના સામું જોવું નથી. મારું કલ્યાણ થાય એ વાતમાં મારે ફેરફાર કરવો નથી. આવી મુખ્યતા જ્યારે આવે છે ત્યારે લોકસંજ્ઞા છૂટે છે, લોકસંજ્ઞા મટ્યા વિના કદીપણ ઓળખાણ થાય નહિ, વિદ્યમાન સત્પુરુષની ઓળખાણ ન થાય એને અંદરમાં આત્માની ઓળખાણ ન થાય. અનુભવ થવાનો તો પ્રશ્ન જ રહેતો નથી.

'શ્રીમદ્જી'નું આ વચન બહુ પ્રસિદ્ધ છે. **'જગતમાં રૂડું દેખાડવા માટે મુમુક્ષુ કંઈ આચરે નહીં,...'** અથવા જે કાંઈ આચરણ હોય એમાં એ દષ્ટિકોણથી મારા તરફથી કોઈ દેખાવ અને આડંબર ન થાય એની તકેદારી, સાવધાની અને જાગ્રતિ રાખે કે લોકોની ગણતરી થાય એવી રીતે તો હું કાંઈ કરું નહિ અને એવી રીતે કાંઈ થતું હોય તો મારે કાંઈ કરવું નથી.

લોકસંજ્ઞાનું ઝેર જેને ખ્યાલમાં આવ્યું છે એ એ બાબતમાં સાવધાન થઈ જાય છે, જાગૃત થઈ જાય છે અને લોકોની નજરમાં મુખ્યતા મેળવવા માટે (પ્રયત્ન કરતો નથી) ઊલ્ટાનો બચવાનો પ્રયત્ન કરે છે કે નહિ, મારે ભાગવું છે, એ સ્થાનથી તો મારે દૂર ભાગવું છે. એવો આત્માર્થીનો સમજણપૂર્વકનો નિર્ણય હોય છે. નહીંતર તો આત્માર્થ રહેવો મુશ્કેલ છે. એવી પરિસ્થિતિ છે.

પ્રશ્ન :– લોકસંજ્ઞા ઝેર છે, એની સામે અમૃત શું લેવું ?

સમાધાન :– એની સામે અમૃત તો આત્માનો માર્ગ જે પકડે છે એ અમૃત છે, સન્માર્ગ છે એ અમૃત છે. આ તો ઉન્માર્ગ છે. ભલે પછી દાન આપે, ઘણો સ્વાધ્યાય કરે અથવા ધર્મના ક્ષેત્રમાં ધાર્મિકજન તરીકે લોકોની શ્રદ્ધા ઘણી પ્રાપ્ત હોય. લોકો વિશ્વાસ કરે કે આ તો ધર્મના ક્ષેત્રમાં ધાર્મિક વ્યક્તિ તરીકે એના માટે બેમત નથી. 'શ્રીમદ્જી' ચોકડી મૂકે છે કે **'જગતમાં રૂડું દેખાડવા માટે મુમુક્ષુ કાંઈ આચરે નહીં, પણ રૂડું હોય તે આચરે.'** બસ ! આ એક જ લક્ષ છે. જગતને દષ્ટિમાંથી ઉડાડ્યું, ખરેખર તો એમ છે.

પ્રશ્ન :– સદ્ગુરુનો યોગ ઓછોવત્તો હોય તો શાસ્ત્રનો ઉપયોગ કરવો ને ?

સમાધાન :– હા, એમાં કાંઈ પ્રશ્ન નથી. સદ્ગુરુનો યોગ ન હોય તો સત્શાસ્ત્રનો ઉપયોગ કરવામાં આવે છે, પણ એ એને ખ્યાલ છે, મુમુક્ષુને એ ખ્યાલ છે કે મને નિમિત્ત સત્પુરુષ થશે, શાસ્ત્ર નહીં થાય. એ એને ખ્યાલમાં છે. સત્પુરુષ છે એ

પ્રગટ દીવો છે અને શાસ્ત્ર છે એ આગમ, કાગળ ઉપર ચીતરેલો દીવો છે. પોતાને અજ્ઞાનઅંધકાર છે. પ્રકાશ ક્યાંથી મળશે ? ચીતરેલા દીવાથી મળશે ? ચીતરેલા દીવા ઉપરથી પ્રગટ દીવો કેવો હોય એટલો ખ્યાલ કરવા પૂરતો આધાર લ્યે. ચીતરેલો દીવો છે એનાથી પ્રકાશ નથી મળતો. પ્રગટ દીવો છે એનાથી પ્રકાશ મળે છે. એટલો ફરક છે.

મુમુક્ષુ :- લોકસંજ્ઞારૂપ ઝેરની ઉત્પત્તિ તો જાણે-અજાણે થઈ જ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે તો બહુ ઊંડો વિચાર કરવો. જે પ્રકારના પરિણામ એવા હોય કે ખ્યાલ ન રહે તોપણ લોકસંજ્ઞાના પરિણામ, લોકની મુખ્યતાના પરિણામ થઈ જતા હોય કે આપણી ગણતરી થશે, આ વાતમાં આપણી ગણતરી થશે, તો બહુ જ સૂક્ષ્મ અવલોકનથી એની જાગૃતિ રાખવી જોઈએ અને એ વિષયમાં અવલોકન જરા વધારે સૂક્ષ્મ, તીક્ષ્ણ બનાવવું જોઈએ કે આ કાર્ય મેં કર્યું અથવા આ કાર્યમાં મારી મુખ્યતા લોકોને દેખાય પણ મારા પરિણામમાં તો કાંઈ એવું નહોતુંને કે લોકોને મુખ્યતા દેખાય છે એવું કોઈ લક્ષ મેં સ્થૂળપણે તો નહિ પણ સૂક્ષ્મપણે તો નથી રાખ્યું ને ? કે મને નથી રહ્યું ને ? એ તપાસી લેજે. અને એવું લાગે તો એ વિચાર કરે કે ફરીને આવું નહિ થવું જોઈએ, ફરીને આ રીતે પરિણામ નહિ આવવું જોઈએ. લોકો ભલે માને કે આ ભાઈને ઘણો લાભ મળ્યો (પણ) મને તો મારા આત્માની અંદરમાં નુકસાન થયું છે. લોકો એમ માને કે આને બહુ લાભ મળ્યો. કેમકે લોકોની નજરમાં એ કાર્ય આવ્યું. આ એમ સમજે છે કે (મને નુકસાન થયું છે).

## પત્રાંક-૨૭૫

**વવાણિયા, ભા. વદ ૫, બુધ, ૧૯૪૭**

**આજે આપનું પત્તું ૧ આવ્યું. તે વાંચી સર્વાત્માનું ચિંતન અધિક સાંભર્યું છે. સત્સંગનો અમને વારંવાર વિયોગ રાખવો એવી હરિની ઇચ્છા સુખદાયક કેમ મનાય ? તથાપિ માનવી પડે છે.**

**...ને દાસત્વભાવથી વંદન કરું છું, એમની ઇચ્છા 'સત્' પ્રાપ્ત**

**કરવા માટે તીવ્ર રહેતી હોય તોપણ સત્સંગ વિના તે તીવ્રતા ફળદાયક થવી દુર્લભ છે. અમને તો કાંઈ સ્વાર્થ નથી; એટલે કહેવું યોગ્ય છે કે કેવળ 'સત્'થી વિમુખ એવે માર્ગે પ્રાયે તેઓ વર્તે છે.**

**જે તેમ વર્તતા નથી તે હાલ તો અપ્રગટ રહેવા ઇચ્છે છે. આશ્ચર્યકારક તો એ છે કે, કળિકાળે થોડા વખતમાં પરમાર્થને ઘેરી લઈ અનર્થને પરમાર્થ બનાવ્યો છે.**

**'આજે આપનું પત્તું ૧ આવ્યું.'** એમના ('સોભાગભાઈ') પ્રત્યે એમને કાંઈક વિશેષ બહુમાન આવે છે. એની પાત્રતા એવી હતી. એવું કાંઈક એ લખતા હશે કે જેને લઈને પોતાને વિશેષ આત્મભાવમાં આવિર્ભાવ થવાનું નિમિત્ત પડતું હતું. **'તે વાંચી સર્વાત્માનું...'** એટલે પોતાના આત્માનું. સર્વસ્વ એવો પોતાનો આત્મા તેનું **'ચિંતન અધિક સાંભર્યું છે. સત્સંગનો અમને વારંવાર વિયોગ રાખવો એવી હરિની ઇચ્છા સુખદાયક કેમ મનાય ? તથાપિ માનવી પડે છે.'** જુઓ ! અંદરનું જે પરસ્પર વિરુદ્ધ વૃત્તિઓનું યુદ્ધ છે એ પ્રસિદ્ધ કરે છે કે કુદરત અમને તમારાથી વિયોગમાં રાખે છે અને સત્સંગથી વિયોગમાં રહેવું એને તો અમે સુખદાયક કેમ માનીએ ? કેમ માની શકાય ? છતાં માનવું પડે એવી પરિસ્થિતિમાં ઊભા છીએ, સમાધાન કરીએ છીએ.

એમ સમાધાન અને સમાધાનની સાથે ઊઠતો જે વિકલ્પ એ બન્નેનું પ્રદર્શન કર્યું, પોતાના પરિણામની એ બન્ને વાત પ્રસિદ્ધ કરી દીધી છે. અને સાથેસાથે એમ કહ્યું કે જો તમારા પત્રોથી અમને જો આવું આત્માનું ચિંતન અધિક સાંભરે છે તો તમારી સાથેનો પ્રત્યક્ષ સમાગમ હોય તો વિશેષ આત્મભાવ આવિર્ભૂત થાય એમ સમજીને એમને સમાગમ માટેનો વિકલ્પ ત્યાં જોર કરી જાય છે.

પ્રશ્ન :– ...

પૂજ્ય ભાઈશ્રી :– આ તો પોતે પાછા જ્ઞાની છે. પોતે જ્ઞાની છે, પણ (સામે) એકદમ પાત્ર મુમુક્ષુ છે કે જેના પરોક્ષ વચનથી પણ પોતાને આત્મભાવ આવિર્ભૂત

થાય છે તો એમનો એ જ વખતે પ્રત્યક્ષ યોગનો વિકલ્પ જોર કરી જાય છે. પછી કોઈ વ્યક્તિનું નામ અહીંયાં બાદ કર્યું છે. કેમકે એમના વિષે લખ્યું છે કે એ વિમુખ વર્તે છે એમ આગળ નીચે લખે છે.

ફલાણાને '**...દાસત્વભાવથી વંદન કરું છું,...' જુઓ ! કેટલો Response આપે છે ! વિમુખ વર્તે છે એને એમ કહે છે, હોં ! ગજબના એ એમના પ્રકાર છે. સામા માણસ પ્રત્યે કેમ ચાલવું ? ગજબની વાત કરી છે** ! કોઈકનું નામ નથી લીધું પણ 'સોભાગભાઈ'ના પરિચિત છે એને '**દાસત્વભાવથી વંદન કરું છું, એમની ઇચ્છા 'સત્' પ્રાપ્ત કરવા માટે તીવ્ર રહેતી હોય...**' શું કારણ છે ? કે એ જીવની સત્ પ્રાપ્ત કરવાની ઇચ્છા તીવ્ર છે, એ વારંવાર એવી ઇચ્છા વ્યક્ત કરે છે કે મારે આત્મકલ્યાણ કરી લેવું છે. મારે આત્મકલ્યાણ કરી લેવું છે, એવી એ જે વાત કરે છે હું તો એને દાસત્વભાવથી વંદન કરું છું.

મુમુક્ષુ :- પેલો અજ્ઞાની છે !

પૂજ્ય ભાઈશ્રી :- પેલો અજ્ઞાની છે. આ માર્ગ જુદી જાતનો છે, ભાઈ ! અલૌકિક માર્ગ છે. **સામો જીવ સત્પ્રાપ્તિની ભાવના વ્યક્ત કરે છે, ઇચ્છા વ્યક્ત કરે છે. એને અમારો સો નહિ, એક સો ને એક ટકા અમારો Response છે, એમ કહે છે. બધો ખ્યાલ છે. કેટલામાં છે, કેટલો વિમુખ જાય છે, એ બધું ખ્યાલમાં છે પણ છતાં એની ઇચ્છાને માન આપે છે. આ એક કોઈ વિશિષ્ટ પ્રકારની વિચક્ષણતા છે. એમની ગજબની વિચક્ષણતા છે** !

મુમુક્ષુ :- ગણધર દેવોને નમસ્કાર કરે છે ને !

પૂજ્ય ભાઈશ્રી :- હા, કરે છે ને ! ગણધર કરે છે અને સમ્યગ્દૃષ્ટિઓ સમ્યગ્દૃષ્ટિને નમસ્કાર કરે છે. અરે...! આચાર્યોએ સમ્યગ્દૃષ્ટિઓને વંદન, નમસ્કાર કર્યા છે !! એ તો આ 'દંસણમૂલોધમ્મો'નો Subject છે. એ પુસ્તિકાનો આખો જે Theme છે એ એટલો જ છે કે બધા મુનિઓ અને આચાર્યોના જ કથનો લીધા છે અને એવા કેટલા મુનિઓ અને આચાર્યોએ સમ્યગ્દૃષ્ટિને વંદન કર્યા છે.

'પદ્મપ્રભમલધારીદેવ' આત્માની મસ્તીમાં 'નિયમસાર'ની ટીકા કરે છે. તોપણ સમ્યગ્દૃષ્ટિનું પ્રકરણ જ્યાં સામે આવે છે તો કહે 'वंदामहेतमअयं'. અમે એને નમસ્કાર કરીએ છીએ. 'वंदामहे' એવા શબ્દો વાપર્યા છે. 'वंदामहे' અમે તો એને નમસ્કાર

કરીએ છીએ. આ માર્ગ કોઈ જુદી જાતનો છે. માનના તો ભૂક્કા બોલાવ્યા છે. જે માન, મનુષ્યગતિ કે જે મોક્ષમાર્ગનો ચાર (ગતિ)માંથી ઉત્તમ ગતિનો એક પ્રકાર છે કે જેમાં માન જ એનો દુશ્મન છે એને તો આ માર્ગમાં ખતમ કરી નાખ્યું છે. એ એક આમાંથી કોઈ વધુમાં વધુ ઉપસીને બહાર આવે એવી વાત હોય તો આ છે કે માનને ખતમ કરી નાખ્યું છે.

મુમુક્ષુ :- મુમુક્ષુ થાવું હોય તો ...

પૂજ્ય ભાઈશ્રી :- **આ વાંચે એ તો અમસ્તો પણ આત્માર્થ બહાર ન જાય એવો વિષય છે, આત્માર્થીપણું તો આવી જાય.**

**'એમની ઇચ્છા 'સત્' પ્રાપ્ત કરવા માટે તીવ્ર રહેતી હોય તોપણ સત્સંગ વિના તે તીવ્રતા ફળદાયક થવી દુર્લભ છે.'** પ્રત્યક્ષયોગ નહિ ઉપાસે, પ્રત્યક્ષયોગ તરફ તેમનું લક્ષ નહિ જાય તો એમની સત્પ્રાપ્તિની જે ભાવના છે એ ફળવાન થવી દુર્લભ છે. **'અમને તો કાંઈ સ્વાર્થ નથી;...'** શું કહે છે ? અમે તો નિઃસ્પૃહ છીએ, અમારે કોઈની પાસેથી કાંઈ જોઈતું નથી. એ તો સત્પુરુષની તો વાત જ એવી છે કે એ લીલા ફળદ્રુપ ઝાડ નીચે ભૂખ્યા રહે તોપણ ફળ તોડે નહિ. એ રીતે એટલા નિઃસ્પૃહ હોય છે.

**'અમને તો કાંઈ સ્વાર્થ નથી; એટલે કહેવું યોગ્ય છે...'** એટલા માટે ધડાકાબંધ આ વાત કહીએ છીએ. નિઃસ્વાર્થતા અમારી એટલી જોર કરે છે, નિઃસ્પૃહતા એટલી જોર કરે છે એટલે કહીએ છીએ **'કે કેવળ 'સત્'થી વિમુખ એવે માર્ગે પ્રાયે તેઓ વર્તે છે.'** બોલો, બે બાજુની કચાશ રાખી કાંઈ ? એક બાજુથી વંદન કર્યા તો બીજી બાજુથી એટલો જોરથી ફટકો માર્યો છે. આ બન્ને બાજુ એકસાથે, એક જ વ્યક્તિ માટે, એક જ જગ્યાએ વાત કરી દ્યે છે.

મુમુક્ષુ :- પહેલી વાત ગમી જાય, નીચેવાળી વાત ન ગમે.

પૂજ્ય ભાઈશ્રી :- બન્ને વાતનું મૂલ્ય એક જ હેતુથી આંકવા જેવું છે. બીજો એમાં હેતુ નથી, બીજો આશય નથી, બીજું કારણ નથી. એક જ કારણે બે વાત કરી છે, આ સમજવા યોગ્ય છે.

મુમુક્ષુ :- 'ગુરુદેવ' કાયમ લેતા. પહેલા ભગવાન કહે અને પછી મૂઢ કહે.

પૂજ્ય ભાઈશ્રી :- એક જ પ્રવચનમાં (આવે). એ વિષય સમજવા જેવો છે કે

એક જ વ્યક્તિને દાસત્વભાવથી વંદન કરવાનું કહે છે, (તેને જ) કહે છે કે તે સત્‌થી વિમુખ એવે માર્ગે વર્તે છે અને અમારે કાંઈ સ્વાર્થ નથી એટલે આ વાત કરીએ છીએ કે પ્રત્યક્ષ સત્સંગ વિના એમની આત્મકલ્યાણની ભાવના ફળદાયક થાય એ વાત સંભવિત નથી. એટલે આ વાત ચોખ્ખી કહી દઈએ છીએ.

પ્રશ્ન :– ...

પૂજ્ય ભાઈશ્રી :– એટલે એમાં શું હોય છે કે આત્મકલ્યાણની ભાવના ક્યા જીવને ન હોય ? આત્મકલ્યાણની ભાવના તો અનેક સંપ્રદાયમાં, અન્યમતોમાં પણ જીવને થાય છે કે અમે તો ધર્મ એટલા માટે કરીએ છીએ કે કાંઈક અમારું કલ્યાણ થાય. તો એની ઇચ્છા તો છે. પણ અજ્ઞાનને લઈને એ પોતાના સ્વની સન્મુખ પણ થતો નથી. બહારમાં કોઈ પ્રગટ વિદ્યમાન સત્પુરુષ હોય તો એની પણ સન્મુખ જતો નથી. આમ બને છે. અને એવું તો લગભગ બધા જ કાળમાં બનતું હોય છે. એટલે એમણે 'સોભાગભાઈ'ની સાથે સંગતમાં હતા એવી કોઈ વ્યક્તિને માટે આ નિર્દેશ કર્યો છે. એ તો કથાનુયોગ છે, કોઈને કોઈના માટે જેમ બન્યું હોય એમ પણ પોતે પોતાના માટે વિચારવા જેવી વાત છે.

**'જે તેમ વર્તતા નથી તે હાલ તો અપ્રગટ રહેવા ઇચ્છે છે.'** જે સત્‌થી સન્મુખ વર્તે છે અને વિમુખ વર્તતા નથી તે હાલ તો પ્રગટ થવા ઇચ્છતા નથી. **'આશ્ચર્યકારક તો એ છે કે, કળિકાળે થોડા વખતમાં પરમાર્થને ઘેરી લઈ અનર્થને પરમાર્થ બનાવ્યો છે.' કેવી કલમ ચાલી છે એમની ! બહુ સશક્ત કલમ છે. કલમમાં પણ શક્તિ ઘણી છે. સો વરસ પહેલા આવી વાત લખે છે** કે આ કળિકાળે બહુ થોડા વખતમાં પરમાર્થને ઘેરી લઈને અનર્થને જ પરમાર્થ બનાવી નાખ્યો છે. જ્યાં સત્‌ની પ્રાપ્તિ ન થાય ત્યાં સત્‌ની પ્રાપ્તિ થાય એવી રીતે લોકોને લાગે છે.

જ્યાં જ્યાં જે જે સંપ્રદાયમાં, જે જે ક્રિયાકાંડ અને જે જે રૂઢિ અને જે પ્રકાર ચાલે છે (એ) જાણે કોઈ ધર્મની ઉપાસના થતી હોય ! જાણે કોઈ ધાર્મિક વાતાવરણ હોય એવું લોકોને લાગે કે બસ ! આપણે આમાં આમ કરતા કરતા જ કલ્યાણ પામી જઈશું ! એવું ઘેરાઈ ગયું છે, પરમાર્થમાર્ગ એવો ઘેરાઈ ગયો છે કે અનર્થને જ પરમાર્થ માનવામાં આવે છે. એ જ ગૃહીત મિથ્યાત્વ છે. સાધનના વિષયમાં બુદ્ધિગમ્ય રીતે, વિધિના વિષયમાં જે માર્ગ નથી એને માર્ગ માને છે, ઉપાય નથી એને ઉપાય

માને છે, ઇલાજ નથી એને ઇલાજ માને છે (એ) ગૃહીત મિથ્યાત્વમાં જાય છે, એ અનર્થ છે. અનર્થને પરમાર્થ માન્યો છે. ગૃહીત મિથ્યાત્વને જ પરમાર્થ માને છે. મોટી ભૂલ કરે છે.

મુમુક્ષુ :– 'ગુરુદેવ' કહે છે ને ! માર્ગને લૂંટનારા.

પૂજ્ય ભાઈશ્રી :– હા, માર્ગને લૂંટી લીધો છે. માર્ગ લૂંટાઈ ગયો. એ રીતે એક વ્યક્તિ ઉપરના પત્રથી એમણે અહીંયાં ઘણું માર્ગદર્શન મુમુક્ષુને આપ્યું છે. ૨૭૫મો પત્ર (પૂરો) થયો.

**પત્રાંક-૨૭૬**

**વવાણિયા, ભાદરવા વદ ૭, ૧૯૪૭**

**વિગતવાર પત્ર અને ધર્મજવાળું પત્તું પ્રાપ્ત થયું.**

**હાલ ચિત્ત પરમ ઉદાસીનતામાં વર્તે છે. લખવા વગેરેમાં પ્રવૃત્તિ થતી નથી. જેથી તમને વિશેષ વિગતથી કંઈ લખવાનું બની શકતું નથી. ધર્મજ જણાવશો કે આપને મળવા માટે હું (એટલે કે અંબાલાલ) ઉત્કંઠિત છું. આપના જેવા પુરુષના સત્સંગમાં આવવા મને કોઈ શ્રેષ્ઠ પુરુષની આજ્ઞા છે. તો બનતાં સુધી દર્શન કરવા આવીશ. તેમ બનવામાં કદાપિ કોઈ કારણે વિલંબ થયો તોપણ આપનો સત્સંગ કરવાની ઇચ્છા મને મંદ નહીં થાય. એ પ્રમાણેના અર્થથી લખશો. હાલ કોઈ પણ પ્રકારે ઉદાસીન રહેવું યોગ્ય નથી.**

**અમારા વિષેની કંઈ પણ વિગત તેઓને હાલ લખવાની નથી.**

૨૭૬મો પત્ર 'અંબાલાલભાઈ' ઉપરનો છે. **'વિગતવાર પત્ર અને ધર્મજવાળું પત્તું પ્રાપ્ત થયું. હાલ ચિત્ત પરમ ઉદાસીનતામાં વર્તે છે. લખવા વગેરેમાં પ્રવૃત્તિ થતી નથી.'** બે દિવસે એક પત્ર લખેલો છે. વદ પાંચમ પછી વદ સાતમે પત્ર લખેલો છે. પણ પત્ર લખવાની વૃત્તિ પ્રત્યે ઉદાસીનતા વર્તે છે, પરમ ઉદાસીનતામાં વર્તે છે. ચિત્ત છે એ બાહ્ય પ્રવૃત્તિમાં પાછું પડે છે, રસ આવતો નથી. બાહ્ય પ્રવૃત્તિમાં વૃત્તિ એકદમ નિરસ થઈ જાય છે.

**'જેથી તમને વિશેષ વિગતથી કંઈ લખવાનું બની શકતું નથી.'** એટલે 'ધર્મજ' કરીને બાજુમાં ગામ છે. 'ખંભાત' છે એની આજુબાજુનું એ ગામ છે. એ વિષયમાં કોઈક વાત હશે, એના વિષે વિશેષ કાંઈ લખતો નથી.

**'ધર્મજ જણાવશો કે આપને મળવા માટે હું (એટલે કે અંબાલાલ) ઉત્કંઠિત છું.'** હું એટલે પોતે 'શ્રીમદ્જી' નહિ. તમે એમ લખજો કે હું તમને મળવા માટે ઉત્કંઠિત છું. **'આપના જેવા પુરુષના સત્સંગમાં આવવા મને કોઈ શ્રેષ્ઠ પુરુષની આજ્ઞા છે.'** ધર્મજમાં કોઈ વ્યક્તિ રહે છે, ઘણું કરીને કબીરપંથી છે. આગળ એનો એક પત્ર આવશે.

પત્ર ૩૦૫માં એક ઉલ્લેખ છે કે **'ધર્મજવાસી છે જેઓ, તેમને સમ્યક્જ્ઞાનની હજુ જો કે પ્રાપ્તિ નથી, તથાપિ માર્ગાનુસારી જીવ હોવાથી તેઓ સમાગમ કરવા જોગ છે.'** એ ૩૦૫માં પહેલી બે લીટી છે. એ વ્યક્તિનું નામ એમણે નથી પાડ્યું પણ એ વિષે એક બીજો વિસ્તારવાળો પણ પત્ર છે. એમાં એમણે ગોળગોળ ઘણું લખ્યું છે. નામ નથી પાડતા પણ ગોળગોળ ઘણું લખ્યું છે અને પોતાના વિષે પણ એમણે ઉલ્લેખ કર્યો છે. 'ધર્મજ'નો પત્ર આવ્યો નથી, પણ હવે આવશે.

**'આપના જેવા પુરુષના સત્સંગમાં આવવા મને કોઈ શ્રેષ્ઠ પુરુષની આજ્ઞા છે.'** એટલે કે પોતાનો આમાં ઉલ્લેખ છે. તમારાથી કોઈ વિશેષ પુરુષ છે જેણે એમ કહ્યું છે કે તમારો સત્સમાગમ અમારે કરવો. **'તો બનતાં સુધી દર્શન કરવા આવીશ.'** તો 'અંબાલાલભાઈ' એને એમ લખે કે બનતા સુધી હું તમારા દર્શન કરવા આવીશ. **'તેમ બનવામાં કદાપિ કોઈ કારણે વિલંબ થયો તોપણ આપનો સત્સંગ કરવાની ઇચ્છા મને મંદ નહીં થાય. એ પ્રમાણેના અર્થથી...'** એટલે કે ભાવાર્થથી **'લખશો. હાલ કોઈ પણ પ્રકારે ઉદાસીન રહેવું યોગ્ય નથી.'** આમાં કોઈ તાત્ત્વિક વાત નથી

પણ આગળ જે પત્રો આવવાના છે એનો સંકેત આ રીતે કર્યો છે એટલા પૂરતું આ પત્રની નોંધ લેવાની છે.

**'અમારા વિષેની કંઈ પણ વિગત તેઓને હાલ લખવાની નથી.'** અમારી કોઈપણ વાત તમારે એમને જણાવવી નહિ. એ આગળ પણ કહેશે કે અમારું નામ પણ દેશો નહિ, અમારી કોઈ વાત કરશો નહિ.

**પત્રાંક-૨૭૭**

**વવાણિયા, ભાદ્રપદ વદ ૭, બુધ, ૧૯૪૭**

**ચિત્ત ઉદાસ રહે છે; કંઈ ગમતું નથી; અને જે કંઈ ગમતું નથી તે જ બધું નજરે પડે છે; તે જ સંભળાય છે. ત્યાં હવે શું કરવું ? મન કોઈ કાર્યમાં પ્રવૃત્તિ કરી શકતું નથી. જેથી પ્રત્યેક કાર્ય મુલતવાં પડે છે; કાંઈ વાંચન, લેખન કે જનપરિચયમાં રુચિ આવતી નથી. ચાલતા મતના પ્રકારની વાત કાને પડે છે કે હૃદયને વિષે મૃત્યુથી અધિક વેદના થાય છે. સ્થિતિ કાં તમે જાણો છો કાં સ્થિતિ વીતી ગઈ છે તે જાણે છે, અને હરિ જાણે છે.**

પછીનો પત્ર 'સોભાગભાઈ' ઉપરનો છે. **'ચિત્ત ઉદાસ રહે છે; કંઈ ગમતું નથી; અને જે કંઈ ગમતું નથી તે જ બધું નજરે પડે છે; તે જ સંભળાય છે. ત્યાં હવે શું કરવું ?'** 'વવાણિયા' પોતાના ઘરેથી આ પત્ર લખે છે. જે કાંઈ કુટુંબ-પરિવાર આદિ દેખાય છે, જે કાંઈ સંયોગ-વિયોગની વાર્તા આદિ સંભળાય છે, ત્યાં તો શું હોય ? સંસારમાં તો એ જ વાત હોય ને ? તો કહે (છે), ચિત્ત તો ઘણું ઉદાસ થઈ ગયું છે, કાંઈ ગમતું નથી. છતાં જે કાંઈ ગમતું નથી તે જ બધું નજરે પડે છે અને તે જ બધું સંભળાય છે. જોવામાં અને સાંભળવામાં વિશેષપણે જે બે જગ્યાએ

કામ કરે છે એમાં કોઈ વિષય એમને પ્રિય નથી.

**'ત્યાં હવે શું કરવું ? મન કોઈ કાર્યમાં પ્રવૃત્તિ કરી શકતું નથી.'** બાહ્ય પ્રવૃત્તિમાં એટલો બોજો લાગે છે કે મન કોઈ કાર્યમાં પ્રવૃત્તિ કરી શકતું નથી. ઉદયના કાર્યોમાં બોજો લાગે છે, ભાર લાગે છે. જાણે કોઈ આંખ પાસે જોવાને બદલે કામ કરાવવા ઇચ્છે તો આંખની શું દશા થાય ? એમ જ્ઞાનનેત્ર જ્ઞાતા-દૃષ્ટાભાવે પ્રગટ્યું છે એની પાસે કામ કરાવવાની જાણે કોઈ પ્રવૃત્તિ થતી હોય તો એ વિકટ પરિસ્થિતિ છે. એવી સ્થિતિમાં એ વાત છે.

**'મન કોઈ કાર્યમાં પ્રવૃત્તિ કરી શકતું નથી. જેથી પ્રત્યેક કાર્ય મુલતવાં પડે છે;...'** એમ કહે કે જરાક આમ કરો ને, જરાક આમ કરી દેજો ને. તો કહે પછી કરશું હવે. પછી પાંચ-પંદર દિવસ પછી વાત. એમ ને એમ મુદત નાખ્યા કરે. કોઈ કામ કરવામાં ઉત્સાહ ન આવે. આ જુઓ ! ગૃહસ્થાશ્રમમાં જ્ઞાનીની કેવી દશા હોય છે ! દૂરથી લોકો એમ જુએ છે કે આ ઘરમાં રહે છે ને ! પણ એ ઘરમાં કેવી રીતે રહે છે ? એ આ પત્રો ઊંડાણથી વાંચે ત્યારે ખ્યાલમાં આવે એવું છે કે એ કામની કેવી રીતે મુદત નાખ્યા કરે છે. જેમ આ કોર્ટમાં કેસ ન ચલાવવો હોય ને કેમ મુદત પાડે છે ! ખરેખર તો એ કામ કરવાના લક્ષણ નથી, એમ કહે. મુદત નાખ્યા કરે એનો અર્થ શું છે ? પછી વાત... પછી વાત... પછી વાત, અત્યારે નહિ, પછી વાત. એટલે એને કામ કરવાની ઇચ્છા નથી.

**'જેથી પ્રત્યેક કાર્ય મુલતવાં પડે છે; કાંઈ વાંચન, લેખન કે જનપરિચયમાં રુચિ આવતી નથી.'** ત્રણ જગ્યાએ વાત લીધી છે. વાંચવામાં પણ, લખવામાં પણ પરિણામમાં રસ આવતો નથી અને બીજા લોકો મળે છે, બીજા જીવોનો પરિચય થાય છે એમાં પણ રુચિ આવતી નથી. અરુચિ રહે છે, પરિણામ નિરસ થઈ જાય છે.

**'ચાલતા મતના પ્રકારની વાત કાને પડે છે કે હૃદયને વિષે મૃત્યુથી અધિક વેદના થાય છે.'** જૈનના ચાલતા મત, સંપ્રદાયની વાતો સાંભળીએ છીએ કે આ સંપ્રદાયમાં આમ ચાલી રહ્યું છે, આ સંપ્રદાયમાં આમ ચાલી રહ્યું છે. ત્યારે હૃદયને વિષે મૃત્યુથી પણ અધિક વેદના થાય છે કે અરેરે...! જૈનના નામે આ ! જૈન પરમેશ્વરના નામે આ ગડબડ ! એટલે કે અન્યમતની જેમ લોકો પ્રવર્તતા જોવામાં આવે છે. તો અમને મૃત્યુથી પણ અધિક વેદના થાય છે કે અરેરે...! સન્માર્ગના નામે ઉન્માર્ગ ! સન્માર્ગના

નામે લોકો ભોળવાઈને આવી રીતે અનુસરે છે. પોતાને વેદના ઊપડે છે, મૃત્યુથી (પણ) જાણે અધિક વેદના થાય છે.

**જુઓ ! કેટલો માર્ગનો પ્રેમ છે ! કેટલો માર્ગનો અનુરાગ છે ! કે લોકોનો સમૂહ ઉન્માર્ગે વળેલો જોઈને મૃત્યુ જેવી વેદના થાય છે. મૃત્યુ જેવી નહિ મૃત્યુથી અધિક વેદના થાય છે. એ બહુ કુદરતી ઉત્પન્ન થયેલી પરિણામની પરિસ્થિતિ છે, બહુ કુદરતી છે.** એટલે શાસનના નામે જે અન્યમત ચાલે છે. જૈનશાસન આખું વિંખાય છે, પિંખાય છે, લૂંટાય છે.

'ગુરુદેવ' બોલતા હતા ને ! આકરું બોલી જતા હતા. જૈનમાર્ગને ચૂંથી નાખ્યો, માર્ગને પિંખી નાખ્યો છે. માર્ગના જે નાયકો છે એ માર્ગના લૂંટારા થઈને બેઠા છે, બોલતા હતા ત્યારે આવું બોલતા હતા. વાત તો પહોંચતી હોય ને ! પેલા લોકોને પણ જરાક આકરું લાગે કે અરેરે...! અમને માર્ગના લૂંટારા કહે છે. એ એક વેદના થાય છે. જ્યારે કોઈ સત્પુરુષને સન્માર્ગનો વ્યવસ્થિત ખ્યાલ હોય છે ત્યારે ઉન્માર્ગને સન્માર્ગ માનનાર પ્રત્યેની એની વેદના કોઈ જુદી જાતની ઉત્પન્ન થઈ જાય છે, મૃત્યુથી અધિક વેદના થાય છે. એ વેદનામાંથી નીકળેલી વાત છે.

પ્રશ્ન :- ચાલતા મત એટલે આપણા જૈનના મત ?

સમાધાન :- હા, ચાલતો મત એટલે જૈનના નામે ચાલતો અને ચલાવાતો મત, એમ કહેવું છે.

મુમુક્ષુ :- એમણે તો સીધો ભેદ પાડ્યો નથી.

પૂજ્ય ભાઈશ્રી :- પાડ્યો છે ને ! આ પાડ્યો છે, ચોખ્ખો પાડ્યો છે. લોકો નથી સમજતા એમ કહે છે. જે નથી સમજતા એ એમ કહે છે કે પાડ્યો નથી. કાલે રાત્રે 'સોનગઢ' થોડી ચર્ચા ચાલી. જે ચર્ચામાં રસ લ્યે છે એ બે-ત્રણ ભાઈઓ ખાસ 'શ્રીમદ્'ના અનુયાયી છે. સામે મંડન-ખંડન અને મધ્યસ્થતાનો પ્રશ્ન આવ્યો હતો. એટલે એ વિષય ઉપર જરા વિશેષ વાત ચાલી ગઈ. ૪૫ મિનિટમાંથી ૨૦ મિનિટ તો એના ઉપર જ ચાલી ગયું હતું. ત્યારે કહ્યું કે 'શ્રીમદ્'ને લોકો ઓળખતા નથી, ઓળખી શક્યા નથી. લોકો એમ માને છે કે એમણે આ શ્વેતાંબર-દિગંબરનો કે સન્માર્ગ-ઉન્માર્ગનો કાંઈ ફેર પાડ્યો નથી. પણ એમણે ફેર પાડ્યો છે. જરાક ઊંડાણથી અભ્યાસ કરવા જેવો છે. એમના વચનોનો, એમના પત્રોનો ઊંડાણથી અભ્યાસ કરવાની જરૂર છે.

મુમુક્ષુ :- બહારની પરિસ્થિતિ શ્વેતાંબર મંદિર સ્થાપનાની બધી...

પૂજ્ય ભાઈશ્રી :- હા, પણ એમણે નથી કરી. એમના પછી થઈ છે તો એ ભૂલ કરી છે. કાલે તો ચર્ચા પછી પણ પંદર મિનિટ એ ચર્ચા ચાલી હતી કે 'અગાસ'માં, 'વડવા'માં બધે શ્વેતાંબર પ્રતિમાની જે સ્થાપના થઈ છે એ એમના પછી થઈ છે. અને એમની નજીકમાં આવ્યા એ સંપ્રદાયબુદ્ધિ નથી છોડી શક્યા એનો એ પુરાવો છે અને એમને નથી ઓળખી શક્યા અને (નથી) સમજી શક્યા એનો એ પુરાવો છે. તો પછી બીજી પેઢી, ત્રીજી પેઢી ક્યાંથી સમજી શકે ? આજે વીસ વર્ષે એક One generation period ગણવામાં આવે છે. એક પેઢી Pass થઈ જાય છે. આજે સો વર્ષ થવા આવ્યા. માનો કે આ એમની ચોથી પેઢી ગણાય, આપણે પાંચમી ન મૂકીએ તો ચોથી પેઢી ગણાય. હવે જે પહેલી પેઢી ન સમજી શકે એ તમે ચોથી પેઢીએ અપેક્ષા રાખો તો એ કેવી રીતે હોવાનું ? એ પરિસ્થિતિ છે.

**'ચાલતા મતના પ્રકારની વાત કાને પડે છે કે હૃદયને વિષે મૃત્યુથી અધિક વેદના થાય છે.'** એટલો એમને ખ્યાલ છે કે આ બધી ગડબડ ચાલે છે. કોઈ ફીરકામાં મૂળ જૈનમાર્ગથી લોકો હજારો ગાવ દૂર છે. એ તો લખ્યું છે કે મૂળ માર્ગથી આ જે વર્તમાન સંપ્રદાય છે એ કોટ્યાવધિ યોજન દૂર ચાલ્યો ગયો હોય એવું અમને લાગે છે. એ તો આગળ કહી ગયા છે. એ તો એમને ખ્યાલ છે કે સંપ્રદાયો કેમ ચાલે છે.

મુમુક્ષુ :- એક એક હીરો પકડીને Eye-glass મૂકે એમ 'શ્રીમદ્જી'ના એક એક પત્ર ઉપર...

પૂજ્ય ભાઈશ્રી :- આ તો સ્પષ્ટ છે કે નહિ ? ધ્યાન દેવું જોઈએ. એકએક વાત ઉપર ધ્યાન દેવું જોઈએ. કેટલી ગંભીરતા છે ?

**'સ્થિતિ કાં તમે જાણો છો કાં સ્થિતિ વીતી ગઈ છે તે જાણે છે, અને હરિ જાણે છે.'** ત્યાં સર્વજ્ઞ લઈ લીધા. ત્યાં હરિ એટલે સર્વજ્ઞ લઈ લીધા. કે કાં તો પરમેશ્વર જાણે છે, કાં તમે જાણો છો. 'સોભાગભાઈ'ને લખ્યું છે કે તમે જાણો છો. 'સોભાગભાઈ' તો એમની હયાતીમાં દેહત્યાગ કરી ગયા. ત્યારપછી તો પોતે પાંચ વર્ષ રહ્યા છે. એટલે 'સોભાગભાઈ' તો એમના પહેલા વ્યતીત થઈ ગયા. નહિતર તો હજી કાંઈ આટલો ગોટાળો કદાચ ન થયો હોત.

કાલે એ પણ ચર્ચા થઈ કે આજે તો એમના જે ઉત્કૃષ્ટ પાત્ર છે, 'સોભાગભાઈ' ઉત્કૃષ્ટ પાત્ર છે, તો એમના આશ્રમોમાં એમનો તો ફોટો લગભગ નથી જોવામાં આવતો. અથવા બીજાને મુખ્ય કરે છે, એમને ગૌણ કરે છે. એવી પ્રગટ પરિસ્થિતિ જોવામાં આવે છે.

**'સ્થિતિ કાં તમે જાણો છો કાં સ્થિતિ વીતી ગઈ છે તે જાણે છે,...'** એટલે પોતે જાણે છે **'અને હરિ જાણે છે.'** એ રીતે પાંચ લીટીમાં ચાલતા સંપ્રદાયની અને પોતાની અંતર પરિણતિની વાત, ઉદયના પ્રસંગમાં પોતાની અંતર પરિણતિ કેમકોમ કરે છે, એ બધી વાત પાંચ લીટીની અંદર મૂકી દીધી છે.

મુમુક્ષુ :– 'શ્રીમદ્' લોકિક રીતે પણ બહુ મોટા ગણાતા હતા, 'ગાંધીજી' એમની સલાહ લેતા હતા. એ કાળમાં એમની લૌકિક પ્રસિદ્ધિ કેટલી હશે !

પૂજ્ય ભાઈશ્રી :– હા, પ્રસિદ્ધિ ઘણી હતી. એમાં તો કાંઈ સવાલ જ નથી. એમની જે બહારમાં પ્રતિભા ઊપસીત થઈ હતી એ તો એ અક્ષરદેહનો ભલે લોકો મર્મ નથી સમજતા તોપણ એનો બાહ્યપ્રભાવ એટલો છે કે ઘણા સંપ્રદાય છોડીને શ્રીમદ્વાળા થઈ ગયા છે. એમને સંપ્રદાયમાં જવું નથી ગમતું. વર્તમાન સાધુઓ, ત્યાગીઓ પ્રત્યે એની શ્રદ્ધા નથી રહેતી. એને (એમ લાગે છે કે) 'શ્રીમદ્' કાંઈક બીજું કહે છે. પછી ભલે કાંઈક બીજું કહે છે એમાં કેટલું શું કહે છે એ ન પકડી શક્યા હોય, પણ સંપ્રદાયથી જુદાં પડી જાય છે. એટલો તો એમના અક્ષરદેહનો બાહ્ય પ્રભાવ છે. એનું એટલું બાહ્ય તેજ છે. અંદરનું તેજ તો કોઈ અલૌકિક છે. એ તેજ પકડાય તો તો આત્માનો ઉદ્ધાર થઈ જાય એવું છે. પણ એની બાહ્ય પ્રભામાં આવે તોપણ એક વખત માણસ સંપ્રદાયથી જુદો પડી જાય કે નહિ સંપ્રદાયની વાત ગડબડવાળી છે, આ પુરુષ કાંઈક બીજી જ વાત કરવા માગે છે. અને એ વાતમાં કાંઈક છે. ભલે નથી સમજાતું પણ કાંઈક છે એમ સમજીને માણસ કુસંગથી છૂટી જાય, મિથ્યાત્વની તીવ્રતા અને આવરણ વધી જાય એમાંથી છૂટો પડી જાય. એવો તો વિષય આજે પણ એમના અક્ષરદેહમાં ઊભો છે. સમય થયો છે.

પત્રાંક-૨૭૮

વવાણિયા, ભાદ્રપદ વદ ૧૦, રવિ, ૧૯૪૭

'આત્મામાં રમણ કરી રહ્યા છે, એવા નિર્ગ્રંથ મુનિઓ પણ નિષ્કારણ ભગવાનની ભક્તિમાં પ્રવર્તે છે, કારણ કે ભગવાનના ગુણો એવા જ છે.'

- [1]શ્રીમદ્ ભાગવત, ૧ સ્કંધ, ૭ અ., ૧૦ શ્લોક.

---

૧. आत्मारामाश्च मुनयो निर्ग्रंथा अप्युरूक्रमे।
कुर्वन्त्यहैतुकीं भक्तिमित्थंभूतगुणो हरिः।। સ્કંધ ૧, અ.૭, શ્લોક ૧૦

## તા. ૫-૧૧-૧૯૮૯, પ્રવચન નં. ૭૬
## પત્રાંક – ૨૭૮ થી ૨૮૩

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત. પત્રાંક ૨૭૮. 'સોભાગભાઈ' ઉપરનો પત્ર છે. પત્રમાં અવતરણ ચિહ્નમાં ખાલી દોઢ લીટી લખી છે. એ અવતરણચિહ્ન એટલા માટે છે કે 'ભાગવત'નો એક શ્લોકાર્થ કરેલો છે. 'ભાગવત'ના એક શ્લોકનો (અર્થ કર્યો છે) એટલે એમણે એ ગ્રંથ પણ વાંચી લીધા હોય એવું લાગે છે. નીચે શ્લોક પણ આપ્યો છે. '**आत्मारामाश्च मुनयो निर्ग्रंथा अप्युरुक्रमे। कुर्वन्त्यहैतुकी भक्तिमित्थंभूतगुणो हरिः।।**' શ્રીમદ્ ભાગવત, ૧ સ્કંધ, ૭ અ., ૧૦ શ્લોક. નિર્ગ્રંથ શબ્દનો પ્રયોગ તો એ શાસ્ત્રના રચનારાઓએ કરેલો છે. વીતરાગ, નિર્ગ્રંથ, શુભાશુભ પરિત્યાગ, આત્માથી આત્મામાં રમણતા કરવી આ બધી વાત ત્યાં આવે છે. વિજ્ઞાન નથી આવતું. ઉપદેશ આવે છે. કહેવાનો મતલબ એ છે. ઉપદેશબોધ જુઓ તો કોઈપણ માણસ

ભૂલો પડી જાય એવી વાત છે, સિદ્ધાંત નથી. કેમકે એ સિદ્ધાંતનો મૂળ ભાગ અને બહુભાગ કેવળજ્ઞાનગોચર જૈનાગમની પરંપરામાં વિદ્યમાન છે. તે કેવળજ્ઞાનગોચર થઈને પરંપરા ચાલી એ આગમની અંદર વિદ્યમાન છે. ખરેખર એમ છે. એટલે એ વસ્તુ ત્યાં નથી.

**'આત્મામાં રમણ કરી રહ્યા છે, એવા નિર્ગ્રંથ મુનિઓ...'** મુનિઓ કેવા હોય ? જે આત્મામાં રમણ કરી રહ્યા હોય એવા નિર્ગ્રંથ મુનિઓ હોય. બાકીના મુનિઓને તો ગ્રંથિ છે, એમ કહેવું છે. રાગની, મોહની ગ્રંથિ છે.

મુમુક્ષુ :– શબ્દ પકડ્યા, ભાવ નથી.

પૂજ્ય ભાઈશ્રી :– શબ્દ પકડ્યા છે, ભાવ તો ક્યાંથી ઓળખી શકે ? જ્યાં સુધી દર્શનમોહ એટલો તીવ્ર હોય કે દેવ-ગુરુ-શાસ્ત્રમાં પણ એને વિવેક ન થઈ શકે એ શબ્દ ભલે ને ગમે તે વાપરે પણ એને ભાવની સમજણ નહિ હોય, એને ભાવની ઓળખ નહિ હોય. એ તો પ્રગટ અન્યમતના શાસ્ત્રો છે પણ જૈનમતમાં હોય અને જૈન પરિભાષાના શબ્દથી ઉપદેશ કરે પણ દેવ-ગુરુ-શાસ્ત્રમાં ભૂલ્યો એના શબ્દોના અર્થના ભાવનું એને બિલકુલ ભાસન નથી, એ વાત નિર્વિવાદ છે, એ વાતમાં ક્યાંય શંકા કરવા જેવી નથી. નિઃશંક છે કે એને કાંઈ ખબર પડતી નથી. ફક્ત ધારણાનો વિષય ચાલ્યો આવતો હોય છે, એવું બને.

એટલે આવી વાત કરે છે પણ દેવ-ગુરુ-શાસ્ત્રમાં ભૂલ્યા છે. ઈશ્વરકર્તા એમને મંજૂર છે. 'શ્રીમદ્ ભાગવત'ના કથાનાયક 'શ્રીકૃષ્ણ' છે. 'શ્રીકૃષ્ણચરિત્ર' તો બાહ્યદૃષ્ટિએ પણ, એ લોકોના મુખ્ય બે અધિષ્ઠાતાદેવ ગણીએ તો 'રામચંદ્રજી' અને 'શ્રીકૃષ્ણ' છે. એ લોકો મંદિરો પણ એના જ બનાવે છે. 'રામચંદ્રજી'નું ચરિત્ર વ્યવહારદૃષ્ટિએ જેટલું શુદ્ધ છે એટલું 'શ્રીકૃષ્ણચરિત્ર' શુદ્ધ નથી. તોપણ 'ભાગવત'માં એ વાત છે. કેમકે વાત નાખે છે. રચયિતાને જે વાત ધારણામાં રહી છે એટલે નાખે છે.

**'આત્મામાં રમણ કરી રહ્યા છે, એવા નિર્ગ્રંથ મુનિઓ પણ નિષ્કારણ ભગવાનની ભક્તિમાં પ્રવર્તે છે,...'** 'कर्वन्त्यहैतुकी भक्ति' અહેતુક ભક્તિ, નિષ્કામ ભક્તિ કરે છે. નિર્ગ્રંથ મુનિઓ કોઈ હેતુથી ભક્તિ નથી કરતા કે મને આમ લાભ થાય, મને આમ લાભ થાય, મને આમ લાભ થાય, મને આમ કાંઈ અનુકૂળતા રહે. એમ નથી

કરતા.

શું કહે છે ? કે **'નિષ્કારણ ભગવાનની ભક્તિમાં પ્રવર્તે છે, કારણ કે ભગવાનના ગુણો એવા જ છે.'** ત્યાં 'શ્રીકૃષ્ણ'નો વિષય ચાલ્યો છે. એ 'શ્રીકૃષ્ણ'ને ભગવાન માને છે. આત્મામાં લઈએ, જિનેન્દ્રમાં લઈએ તો એ બધું ઊતરે છે. જૈનદર્શનની અપેક્ષાએ એ ન્યાય સંપન્ન લાગે.

ભગવાન જિનેન્દ્રના ગુણો એવા છે, અંદરમાં જિનસ્વરૂપી એવો પોતાનો આત્મા છે એના પણ ગુણો એવા જ છે, એમ. બસ ! આગળ-પાછળ કાંઈ વિવેચન કર્યા વિના એટલું લખીને પત્ર મૂકી દીધો છે. એમની વિચક્ષણતા ઘણી છે ! ('સોભાગભાઈ'ને) શ્રદ્ધા છેને એટલે મહત્ત્વની વાત ઉપર ધ્યાન દોરે છે. પછી એમાંથી જેટલો વિપર્યાસ હોય એટલો કાઢશે, બાકીની વાત તો બરાબર જ છે. પોતે વર્તણુકની એ પદ્ધતિ એમની સાથે રાખી છે. એ પત્રને વિષે એટલું સંક્ષેપમાં.

પ્રશ્ન :- આપણે આમાંથી શું બોધ લેવો ?

સમાધાન :- બોધ તો એમ છે કે નિર્ગ્રંથ મુનિઓ છે એ આત્મામાં રમણ કરી રહ્યા હોય તે જ નિર્ગ્રંથ મુનિઓ છે. એટલે એમાં તો એમણે વર્તમાન સંપ્રદાયના જે મુનિઓ છે એ બધાનું નિરાકરણ કરી નાખ્યું. જેને જે માનવું હોય, સમજવું હોય તે સમજી લ્યે. જે તે સંપ્રદાયના મુનિઓ માનતા હોય; જેને રાગ-દ્વેષ, મોહની ગ્રંથિ છૂટી ગઈ, નિર્ગ્રંથ થયા ને આત્મરમણતામાં, મસ્તીમાં પડ્યા છે, એને અમે તો મુનિઓ કહીએ છીએ. એ વાત બરાબર છે. ભલે પછી ભાગવતમાં લખી હોય કે આમાં લખી હોય. વાત એ બરાબર છે. કેમકે ભાગવતવાળાએ જ્યાંથી લીધી છે ત્યાંથી બરાબર લીધી છે. એને ભાવ ભાસ્યો, ન ભાસ્યો એ એનો દોષ છે. એથી વાત ખોટી ઠરતી નથી. આપણે લેવું હોય તો એમ લેવાય કે માત્ર સંપ્રદાયબુદ્ધિથી બધું નહિ વિચારવું જોઈએ, તત્ત્વદૃષ્ટિએ બધું વિચારવું જોઈએ. એનું નામ મધ્યસ્થતા છે. એ ૨૭૮ (પત્ર પૂરો) થયો.

**પત્રાંક-૨૭૯**

**વવાણિયા, ભાદ્રપદ વદ ૧૧, સોમ, ૧૯૪૭**

**જીવને જ્યાં સુધી સંતનો જોગ ન થાય ત્યાં સુધી મતમતાંતરમાં મધ્યસ્થ રહેવું યોગ્ય છે.**

પત્રાંક ૨૭૮માં એક જ લીટી છે. આ બધા પોસ્ટકાર્ડ લખેલા હોય. 'મગનલાલ ખીમચંદ' કરીને કોઈ છે. ક્યાંના છે ખ્યાલ નથી. પાછળ કદાચ આપ્યું હોય. એક જ લીટીનો પત્ર છે. 'મગનલાલ ખીમચંદ', 'લીંબડી' એમ ને ?

**'જીવને જ્યાં સુધી સંતનો જોગ ન થાય ત્યાં સુધી મતમતાંતરમાં મધ્યસ્થ રહેવું યોગ્ય છે.'** આઘા રહેવું યોગ્ય છે. મતમતાંતરનો નિર્ણય કરવો હોય તો સંત અથવા શ્રીગુરુ કે સત્પુરુષના આશ્રયે કરવો, સીધો નહિ કરવો, એમ આજ્ઞા મૂકી દીધી, લ્યો ! આજ્ઞા મૂકી દીધી કે મતમતાંતરના વિષયમાં કાંઈ નિર્ણય કરવો હોય તો સત્પુરુષના યોગે નિર્ણય કરવો. એટલે એમાંથી મધ્યસ્થતા અને ખંડનમંડનનો તફાવત સમજી શકાશે. નહિતર મધ્યસ્થતા અને ખંડનમંડનનો તફાવત એટલો બધો સૂક્ષ્મ છે કે એક બાજુથી જરાક વધારે પડતો ખસે એટલે બીજા દોષમાં આવી જાય. કાં મધ્યસ્થતા છૂટી જાય, કાં મધ્યસ્થતા રાખવા જાય તો ખંડનમંડનમાં આવી જાય. એમ જ થાય. એટલે એના માટે મર્યાદા બાંધી દીધી કે સત્પુરુષના યોગે આ પ્રકરણ તું હાથમાં લેજે, એ પહેલા તારી મેળે તું ડહાપણ કરવા જઈશ તો ગલોટિયું ખાઈ જઈશ, ગોથું ખાઈ જઈશ. ઠીક ! વાત આવી ગઈ કે મુમુક્ષુને માટે મર્યાદા શું છે ? આ પ્રશ્ન ચાલેલો ને ! 'સોનગઢ'માં છેલ્લે દિવસે પ્રશ્ન ચાલ્યો કે, મુમુક્ષુએ શું કરવું ? આ જવાબ આજે અહીંયાં આવી ગયો. તે 'દિ તો કાંઈ ખ્યાલ નહોતો કે 'શ્રીમદ્જી'એ અહીંયાં આ વાત કરી છે.

જ્યાં સુધી સંતનો યોગ ન થાય ત્યાં સુધી તું મધ્યસ્થ રહેજે એટલે એ વિષયથી

આઘો રહેજે, એમ. એ વિષયમાં તું માથું નહિ મારતો. સત્પુરુષના યોગે માથું મારજે, ત્યાં સુધી ઊભો રહે, તું રાહ જો. અત્યારે આ મારો અધિકાર નથી. જે કામ પોતાના અધિકારનું ન હોય એ કામમાં હસ્તક્ષેપ નહિ કરવો જોઈએ. વ્યવહારમાં પણ એ નિયમ છે કે જેનો જે અધિકાર ન હોય, આ સંસ્થાના કામો થાય છે ને ! એમાં બધા જુદાં જુદાં અધિકારી હોય છે તો જેને જે અધિકાર હોય તે કામ કરે. પોતાને કોઈ કામ કરવા જેવું લાગે તો એને કહે. પણ પોતે જ સીધો કરવા લાગી જાય તો એવી રીતે તો ઘણા કરવા લાગી જાય તો કોઈ વ્યવસ્થા ન રહે. આ અધિકારીનો વિષય લીધો. અહીંયાં અધિકાર છે, આથી આગળ નહિ.

આપણે તો દિગંબર-શ્વેતાંબરનો વિષય... હવે જે પરિસ્થિતિ વિદ્યમાન છે (એમાં) આપણા સમાજ પૂરતો વિચાર કરીએ. 'ગુરુદેવે' શ્વેતાંબર-દિગંબરનું બરાબર સ્પષ્ટીકરણ આપ્યું. અનેક વાતોથી, અનેક ન્યાયોથી શ્વેતાંબરની દલીલોથી કે મૂર્તિમાં ફેરફાર કર્યો એની શું દલીલ છે ? સાધુઓ નગ્ન દિગંબર નથી, શ્વેત વસ્ત્રધારી છે તો એની અંદર ઉપકરણાદિની શું દલીલો છે ? શાસ્ત્રોની શું દલીલો છે ? એના ખુલાસા આપ્યા. વિષય કાંઈક વધારે સ્પષ્ટ થયો. તોપણ એ વિષયની અંદર પોતે કાંઈક નિર્ણય ઉપર આવવું હોય તો સત્પુરુષની સમીપ પોતાના અભિપ્રાયને વ્યક્ત કરીને સમજી લેવું જોઈએ. એના બદલે કોઈ કોઈ મુમુક્ષુ એ પરિસ્થિતિમાં પણ આવ્યા કે 'શ્રીમદ્જી'ના વિષયમાં 'ગુરુદેવ'નો જે અભિપ્રાય તેનાથી આગળ પોતાનો અભિપ્રાય વ્યક્ત કરે.

'ગુરુદેવ' કહે કે જ્ઞાની છે, એકાવતારી છે, સત્પુરુષ છે, સમ્યગ્દર્શન-જ્ઞાન છે એમાં કાંઈ ફેરફાર નથી. મતમતાંતરની વાત જાણી લીધી પછી આગળ વધી ગયા અને ત્યાં પણ શંકાની આંગળી ઉઠાવવા માંડ્યા કે આમનું શું ? આમાં અમને શંકા પડે છે. અથવા શંકા પડે ત્યાં સુધી હજી આશંકા ગણીએ (પણ) 'ગુરુદેવ'ની વિરુદ્ધ નિર્ણય આપી દ્યે ! એ પરિસ્થિતિ ખંડનમંડનની થઈ ગઈ. અહીંયાં ખંડનમંડન થઈ ગયું. ભલે દિગંબરનો પક્ષ કરે છે તોપણ એ મતવાદી છે, મધ્યસ્થ નથી.

જેમ મતવાદી છે તે મતાર્થી છે, મતાર્થી છે તે આત્માર્થી નથી. આત્માર્થી હોય તે મતાર્થી હોતા નથી. આમાં આત્માર્થ ઊડી જાય છે. સરવાળે નુકસાન અહીંયાં થાય છે કે એ રીતે દિગંબરનો પક્ષ કરવા જાય તો પાછો આત્માર્થ ઊડી જાય. એવી વાત છે. એટલે તો 'ધર્મદાસજી ક્ષુલ્લક' મૂળ દિગંબર (એમ) કહે (છે કે), હું

વેદાંતમતવાદી નથી, બૌદ્ધમતવાદી નથી પણ જૈનમતવાદી પણ હું નથી. એમને એવું શું કરવા કહેવું પડ્યું ? જેટલા અન્યમત છે તેનો નિષેધ કરવો હતો પણ જૈનમતવાદી હું નથી એવી વાત શું કરવા કરી ? કે મતવાદી નથી એમ કહેવું છે. એક્કેય મતવાદી હું નથી. એમ કરીને જૈનનું નામ લઈ લીધું કેમકે એમાં આ ભૂલ થાય છે. જૈનમતને નામે આવી ભૂલ થાય છે. એ આત્માર્થને ખલાસ કરે છે. જ્ઞાનદશા તો આગળની ચીજ છે પણ આત્માર્થને પણ ન રહેવા દ્યે એવી પરિસ્થિતિ થાય.

પ્રશ્ન :– હું જૈનમતવાદી નથી તો ક્યા મતવાદી છું ?

સમાધાન :– આત્માવાદી છું. વસ્તુના સ્વભાવવાદી છું, તત્ત્વવાદી છું. જે તત્ત્વ છે, જે સ્વભાવ છે એનું હું કથન કરનારો છું કે આ આમ છે. વાત તો ચાલી છે અહીંથી ઉપર ૨૭૮માં 'શ્રીમદ્ ભાગવત'નો પ્રથમ સ્કંધનો સાતમા અધ્યાયનો દસમો શ્લોક ટાંક્યો છે. ખાલી પત્રમાં એટલું જ લખ્યું છે, આથી વધારે કાંઈ નથી લખ્યું. શ્લોકાર્થ કરીને પત્ર 'સોભાગભાઈ' ઉપર છોડી દીધો છે.

પ્રશ્ન :– જૈનમતવાદીમાં અપેક્ષા આવી જાય છે ?

સમાધાન :– નહિ, એમાં ખંડનમંડન ઊભું થાય છે. ખંડનમંડનની વૃત્તિ ઊભી થાય છે. છેલ્લે દિવસે ત્યાં આ પ્રશ્ન થોડો ચાલ્યો હતો, સ્પષ્ટ કર્યો હતો. ત્યાં 'સોનગઢ' છેલ્લે દિવસે આ પ્રશ્ન ચાલ્યો હતો. એ વિષય વીસેક મિનિટ ચાલ્યો હતો.

અહીંયાં 'શ્રીમદ્જી'એ એ વાત જરા સ્પષ્ટ કરી દીધી કે જો ભાઈ ! જ્યાં સુધી તને કોઈ સત્પુરુષનો, સંતનો, શ્રીગુરુનો કોઈ યોગ ન થાય,... '**જીવને જ્યાં સુધી સંતનો જોગ ન થાય ત્યાં સુધી મતમતાંતરમાં મધ્યસ્થ રહેવું...**' એટલે મતમતાંતરના વિષયથી દૂર રહેવું, એમાં ન પડવું, આજ્ઞા નથી. કેમ આજ્ઞા નથી ? કે એનો અધિકાર નથી, એનો વિષય નથી, એની યોગ્યતા નથી. એકબાજુ મૂકી દીધું. બચાવી લીધો એને.

એક ન્યાયે કહીએ તો મુમુક્ષુને ખંડનમંડનમાં પડતો, સંપ્રદાયબુદ્ધિમાં પકડાતો બચાવ્યો, મતવાદી થતો બચાવ્યો. આત્માર્થી રહેવા માટેની જગ્યા એના માટે ખુલ્લી રાખી દીધી. અને આ તો અન્યમતનું શાસ્ત્ર છે, શ્વેતાંબરમાં તો કેટલાય કથનો છે કે જે દિગંબર શાસ્ત્રોમાં છે એ શ્વેતાંબર શાસ્ત્રોમાં છે, ઢગલાબંધ છે. શ્વેતાંબરનો નિષેધ નથી કર્યો એનું કારણ છે કે એમાં તો કેટલાય કથનો છે કે જે મૂળ દિગંબરમાં

છે એ શ્વેતાંબરમાં છે. કેમકે એમણે શાસ્ત્ર જ ધારણામાંથી રચ્યા છે.

૫૦૦ વરસ પછી આ 'વલ્લભીપુર'માં અધિવેશન ભરાયને આગમનો નિર્ણય લેવાણો તો એ બધા જે શ્વેતાંબર મુનિઓ થયા એ મૂળ તો દિગંબર મુનિઓની પરંપરામાં હતા. કેટલાક દિગંબર હતા. ધારણા તો રહી જાય. એ ધારણામાંથી એમણે ઘણી વાતો રાખી, કેટલીયે વાતો રાખી છે. કેટલીક જ પોતાની કલ્પના પ્રમાણે નાખી છે. બાકી તો ઘણી રાખી છે. એટલે એ માથાકૂટમાં ઊતરવાની મુમુક્ષુને ના પાડી દીધી કે તારું અત્યારે આ કામ નથી. ગજાબહારની વાત એમ કોઈ કરવા જાય તો ભૂલ કરી બેસે. સીધી વાત છે.

પ્રશ્ન :- જેમ આ બીજા મતના મંડનખંડનમાં ન ઊતરવું એમ મુમુક્ષુ-મુમુક્ષુમાં કોઈ તાત્ત્વિક બાબતમાં વિચારભેદ હોય તો એમાં પણ ખંડનમંડનમાં ન ઊતરવું ?

સમાધાન :- નહિ, એમાં પણ ન ઊતરવું, એમાં પણ જ્ઞાની પાસેથી ફેંસલો મેળવવો. મુમુક્ષુ-મુમુક્ષુ વચ્ચે પણ ખેંચ-પકડ કરવા જતાં વાદવિવાદનો પ્રસંગ ઊભો થશે અને મુમુક્ષુ-મુમુક્ષુ વચ્ચેની જે વાત્સલ્યની ભાવના એ ભાવનાને ધક્કો પહોંચશે. મુમુક્ષુ-મુમુક્ષુ વચ્ચે જે વાત્સલ્ય હોવું જોઈએ એ વાત્સલ્ય પછી નહિ રહે.

મુમુક્ષુ :- આ વાત બહુ અમૂલ્ય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા. પ્રશ્ન તો કાઢ્યો. હવે શું કરવું ? આ તો ખંડનમંડનની વાત ચાલી પણ હવે, અને ખંડનમંડન તો તત્ત્વને હિસાબે આ વાત ચાલીને કે ભાઈ ! આ 'ભાગવત'માં ખોટું શું લખ્યું છે ? કે આત્મામાં રમણ કરી રહ્યા છે એ નિર્ગ્રંથ મુનિઓ છે. ભગવાનની નિષ્કારણ ભક્તિ કરે છે. મુનિઓને તો કાંઈ જોઈતું નથી. નિષ્પરિગ્રહી છે, નિર્ગ્રંથ છે. વાત તો મુનિ તરીકેની બરાબર સો એ સો ટકા સાચી છે પણ 'ભાગવત'ની છે માટે ખોટી, એમ કેવી રીતે ચાલે ? એમ.

પ્રશ્ન :- ખંડનમંડન મહાપાપ ઠર્યું ?

સમાધાન :- હા, આત્માર્થીતા જ બંધ કરી દ્યે. મતાર્થી થાય તે આત્માર્થી ન રહે. એટલા માટે 'આત્મસિદ્ધિશાસ્ત્ર'માં એમણે આત્માર્થીના લક્ષણ અને મતાર્થીના લક્ષણ, એનો સંવાદ ઊભો કર્યો. જે રચના કરી 'આત્મસિદ્ધિશાસ્ત્ર'માં એમાં એમણે બે જીવ વચ્ચેનો સંવાદ ઊભો કર્યો તો એક આત્માર્થીની વાત લીધી અને એક મતાર્થીની વાત લીધી. કોઈ અન્યમત કે જૈનમત કે જૈનાભાસી કે કાંઈ ન લીધું.

વિચક્ષણતા છે ને ! ઘણી વિચક્ષણતા છે !!

મુમુક્ષુ :– મુમુક્ષુ-મુમુક્ષુમાં વાત્સલ્ય ઘટવા લાગે છે, પણ વાત્સલ્ય હોય તો ઘટે ને !

પૂજ્ય ભાઈશ્રી :– જો વાત્સલ્ય ન હોય તો મુમુક્ષુ પણ ક્યાંનો ? એમ કહેવું છે. તો મુમુક્ષુ શેનો ? એક મુમુક્ષુને જોતાં બીજા મુમુક્ષુને જો વાત્સલ્ય ન આવે તો એને મુમુક્ષુ કહેવો કેવી રીતે એ તો સવાલ છે કે નહિ ? 'કાનાતળાવ' જઈને આવ્યા. બહુ જ પ્રેમ આ લોકોનો તો. ખેડૂત લોકો છે, ઘણું વાત્સલ્ય, એમ. શીખવા જેવું, મુમુક્ષુઓએ શીખવા જેવું. ભલે એ કૃષિકાર માણસો છે પણ વાત્સલ્યની દૃષ્ટિએ તો મુમુક્ષુઓએ શીખવા જેવો વિષય છે. એ લોકોનું ઘણું વાત્સલ્ય, બહુ પ્રેમ.

મુમુક્ષુ :– મુમુક્ષુ ઉપર વાત્સલ્ય આવવાનું કારણ જેટલું ભાઈ ઉપર વાત્સલ્ય આવે એવું મુમુક્ષુ ઉપર નથી આવતું.

પૂજ્ય ભાઈશ્રી :– એનાથી વધારે આવવું જોઈએ. ભાઈ ઉપર આવે એનાથી વધારે આવવું જોઈએ. 'સાચું સગપણ તો સાધર્મી તણું, બાકી તો બધી જંજાળ' છે. 'આનંદઘનજી'એ ગાયું છે કે 'સાચું સગપણ સાધર્મી તણું, બાકી સર્વ જંજાળ રે', બાકી તો બધી જંજાળ છે, ખટપટ અને ગડબડ છે. ભાઈઓ-ભાઈઓમાં તો સમજવા જેવું જ હોય. આ તો વિશેષ વાત છે. નથી આવતું એનું કારણ એ છે કે પોતે માર્ગને અનુસરતો માર્ગાનુસારી પણ નથી. 'શ્રીમદ્‌જી' જેને માર્ગાનુસારી કહે છે એ પણ નથી. મુમુક્ષુ તો નથી પણ મુમુક્ષુના માર્ગે ચડે એ Stage માં પણ જીવ નથી. એનું કારણ એ છે. નહિતર વાત્સલ્ય તો આવવું જોઈએ. વાત્સલ્ય નહિ છૂટવું જોઈએ. ભલે વિચારભેદ હોઈ શકે છે.

એ તો 'ગુરુદેવ' તો એમ કહેતા ને કે એકદમ વિરોધી હોય ને ! વિચારભેદ તો હજી Mild વાત છે, પણ કોઈ કડક વિરોધી હોય ને તોપણ એમ કહે, શું થાય ? એને બિચારાને એમ બેસે છે. શું કહે ? એમાં એનો વાંક નથી. પાછા શું બોલે ? એમાં એનો વાંક નથી, એને એમ જ બેસે છે એટલે એમ જ કહે ને ! તત્ત્વની બાબતમાં લખે કે 'સોનગઢવાળા' આમ...., 'ગુરુદેવ'નું નામ પણ લ્યે અને નહિતર 'સોનગઢવાળા' લખે. આમ સ્થાપે છે ને આમ કરે છે ને આમ બોલે છે અને આવી રીતે તત્ત્વ પ્રરૂપણ કરે છે. વિદ્વાન લોકો વિરોધમાં ઉકળી જતા હતા. તો કહે શું થાય હવે ? એનો વાંક નથી, પાછા એમ કહે. વાંક તો એનો છે તોપણ એમ કહે. એનો વાંક

નથી. એને એમ બેસે છે એટલે એમ જ કહે ને ! બોલો ! કેટલી મધ્યસ્થદૃષ્ટિ છે ! એવી દૃષ્ટિ જોઈએ.

મુમુક્ષુ :- મુમુક્ષુ પ્રત્યે સાચું વાત્સલ્ય તો એટલા માટે આવે કે જે પરમતત્ત્વ જે બેઠું છે એ આશ્ચર્યને અનુભવે છે વળી સામો બીજો માણસ એ જ સમજતો હોય તો પણ એને એટલો જ પ્રમોદ આવે. પ્રેમ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એને એમ થાય છે કે હું જે માર્ગે જવા માગુ છું એવો નિર્દોષ માર્ગ પામવાનો આ પણ અભિલાષી જીવ છે. એટલે એના ઉપર એને પ્રેમ આવે છે. પોતાનું ઠેકાણું ન હોય એ સામાને સમજે ક્યાંથી ? અને સામાને સમજે નહિ તો એને વાત્સલ્યનો પ્રકાર કેવી રીતે આવે ? આવે નહિ.

મુમુક્ષુ :- 'ગુરુદેવ' એમ કહેતા કે, મુમુક્ષુજીવ જે છે એ મોક્ષને પામનારો છે, સાદી અનંતકાળ સાથે રહેનાર છે અને આ જે ભાઈ છે એ તો એક ભવ પૂરતો જ સાથે રહેશે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો એક ભવમાં પણ કેટલા બખડજંતર ! પાર વગરના. (મુમુક્ષુ) સાદિ અનંતકાળ સાથે રહેનારા છે. એમ જ છે. પણ ઇ તો એ પ્રેમ જ જુદી જાતનો હોય, ઇ પ્રેમ જ જુદી જાતનો હોય. ઇ તો એ લોકો બોલ્યા કે, 'ગુરુદેવ' તો બે વખત અહીંયાં પધાર્યા છે. વર્ષો થઈ ગયા. એક 'સાવરકુંડલા'ના પ્રતિષ્ઠા મહોત્સવ વખતે 'ગુરુદેવ' પધારેલા. ત્યારે આ લોકો ત્યાં આવતાજતા થયેલા અને 'ગુરુદેવ'ને વિનંતિ કરી. એ વખતે એ લોકોએ નિર્ણય કર્યો કે આપણે પણ મંદિર બંધાવવું. ત્યારે બીજી વખત પ્રતિષ્ઠા વખતે પધાર્યા. આજે લગભગ એમ માનો કે પહેલી વખત પધાર્યાને ત્રીસ વર્ષ થયા, બીજી વખત પધાર્યાને બે-પાંચ વર્ષ ઓછા થયા હશે. ત્યારપછી 'ગુરુદેવ' તો ત્યાં પધાર્યા નથી.

'સોનગઢ'થી એક આખી બસ ગઈ હતી. બીજેથી પણ રાજકોટથી, ભાવનગરથી અમે લોકો ગયેલા. તો કહે કે આ 'ગુરુદેવ' પધાર્યા નથી પણ બધાયમાં અમે તો 'ગુરુદેવ'ને જોઈએ છીએ. એટલો અમને પ્રેમ આવે છે. તમારા રૂપે 'ગુરુદેવ' જાણે અમારે ત્યાં આવ્યા ! મુમુક્ષુને જોઈને (એમ કહે છે) ! એનું જે હૃદય છે ને ઇ બહાર આવે છે. એ કાંઈ એવા ભણેલાગણેલા નથી કે એને ઉપમાઓ આવી બધી આવડે. પણ એને જે લાગણી છે એ તો બહાર આવે કે ન આવે ? એવી વસ્તુ છે.

મુમુક્ષુ :– સ્વસમય અને પરસમય સાથે વાદવિવાદ ન કરીશ એવું શાસ્ત્રમાં આવે છે ને ?

પૂજ્ય ભાઈશ્રી :– હા. સ્વસમય અને પરસમય સાથે વાદવિવાદ ન કરીશ એટલે પરસમય સાથે તો ન કરીશ પણ સ્વસમય સાથે પણ નહિ કરતો. એટલે સાધર્મી સાથે પણ વાદવિવાદ ન કરતો. વાદવિવાદમાં શું છે કે આગ્રહ ઊભો થાય છે. હું કહું તે તમારે માનવું જોઈએ. અથવા અમે કહીએ એમ જ તમે માનો, બીજી રીતે જરાય ન માનો. એને એમ બેસે છે, એને એમ માનવા દ્યો. સત્પુરુષના યોગે ફેરફાર હશે તો નીકળી જશે. ન નીકળે તો પોતાને શું નુકસાન છે ? અને એને ફેરફાર છે એમાં પોતાને છે એનો નિર્ણય કોણ કરશે ? પોતે કરશે કે સત્પુરુષ કરશે ? કોણ કરશે ? એટલે આગ્રહ તો જરા યોગ્ય નથી.

મુમુક્ષુ :– ફરી ફરીને બધા Point સત્પુરુષને ત્યાં પૂરા થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– સીધી જ વાત છે. પ્રકાશ તો એની પાસે છે, બાકી બધા અંધારામાં ઊભા છે. પ્રકાશ તો એની પાસે છે, બાકી અંધારામાં ઊભા છે એનું શું ?

## પત્રાંક-૨૮૦

વવાણિયા, ભાદ્રપદ વદ ૧૨, ભોમ, ૧૯૪૭

**જણાવ્યા જેવું તો મન છે, કે જે સત્સ્વરૂપ ભણી અખંડ સ્થિર થયું છે (નાગ જેમ મોરલી ઉપર); તથાપિ તે દશા વર્ણવવાની સત્તા સર્વાધાર હરિએ વાણીમાં પૂર્ણ મૂકી નથી; અને લેખમાં તો તે વાણીનો અનંતમો ભાગ માંડ આવી શકે; એવી તે દશા તે સર્વનું કારણ એવું જે પુરુષોત્તમસ્વરૂપ તેને વિષે અમને તમને અનન્ય પ્રેમભક્તિ અખંડ રહો; તે પ્રેમભક્તિ પરિપૂર્ણ પ્રાપ્ત થાઓ એ જ પ્રયાચના ઇચ્છી અત્યારે અધિક લખતો નથી.**

પત્ર ૨૮૦ 'સોભાગભાઈ' ઉપરનો પત્ર છે. વદ દસમ પછી વદ બારસે એક 'દિ છોડીને લખેલો છે. **'જણાવ્યા જેવું તો મન છે, કે જે સત્સ્વરૂપ ભણી અખંડ સ્થિર થયું છે (નાગ જેમ મોરલી ઉપર);...'** અમારું મન જણાવવા જેવું છે. અત્યારે અમારા મનની શું સ્થિતિ છે ? કે **'જણાવ્યા જેવું તો મન છે, કે જે સત્સ્વરૂપ ભણી અખંડ સ્થિર થયું છે...'** આ જુઓ ! મનનો ઉપયોગ ફરીફરીને ક્યાં લાગે છે ? **'તથાપિ તે દશા વર્ણવવાની સત્તા સર્વાધાર હરિએ વાણીમાં પૂર્ણ મૂકી નથી;...'** (એટલે) કુદરત. જે અમારા મનની સ્થિતિ છે એને વર્ણવવા માટે જે વાણી જોઈએ એ કુદરતી વાણીનો યોગ નથી, એવી વાણી નથી. અને હરિ એટલે સર્વાધાર, જેનો આધાર લઈએ, એમ. **'અને લેખમાં તો તે વાણીનો અનંતમો ભાગ માંડ આવી શકે;...'** લેખમાં કાંઈ એ વસ્તુ આવી શકે નહિ. જે બોલવામાં ન આવે એ લખવામાં કેવી રીતે આવે ?

**'એવી તે દશા તે સર્વનું કારણ એવું જે પુરુષોત્તમસ્વરૂપ...' 'એવી તે દશા તે સર્વનું કારણ એવું જે પુરુષોત્તમસ્વરૂપ તેને વિષે અમને તમને અનન્ય પ્રેમભક્તિ અખંડ રહો; તે પ્રેમભક્તિ પરિપૂર્ણ પ્રાપ્ત થાઓ એ જ પ્રયાચના ઇચ્છી અત્યારે અધિક લખતો નથી.'** પુરુષોત્તમસ્વરૂપ એટલે પોતાનું આત્મસ્વરૂપ. એ દશાનું સર્વ કારણ. એટલે તો એને કારણપરમાત્મા કહ્યા, પુરુષોત્તમપુરુષને અહીંયાં 'નિયમસાર'માં કારણપરમાત્મા કહ્યા. જેનો આધાર લેવાથી એ દશા પ્રગટ થઈ એટલે એને કારણ એવું નામ આપ્યું. આધારરૂપ કારણ, કારણ કે અધિકરણ એક કારક છે ને ? છ કારકમાં એક કારક છે. એટલે આધાર. એને કારણ નામ આપ્યું છે. પણ આધારભૂત કારણ લેવું, એમ.

તે સર્વનું કારણ એવું જે પુરુષોત્તમપુરુષ તેને વિષે અમને પણ પ્રેમભક્તિ અખંડ રહો એટલે એના પ્રત્યેનું વહન, પરિણામનું વહેણ અખંડ રહો, તમને પણ એના પ્રત્યેનું અખંડ પરિણમન રહો અને એ પરિપૂર્ણ પ્રાપ્ત થઈ જાઓ, એવી દશા પૂર્ણ પ્રગટ થઈ જાય એવી યાચના, વિશેષે યાચના, પ્રયાચના. વિશેષે યાચના ઇચ્છીને અત્યારે કોઈ વિશેષ વાત લખતો નથી. જુઓ ! ટુકડા મૂકતા જાય છે.

એક-એક વાતને અંતર્મુખ જે પરિસ્થિતિ છે તે અંતર્મુખ ભાવોને વ્યક્ત કરતા જાય છે કે આવું અંતર્મુખ પરિણમન છે, આવું અંતર્મુખ પરિણમન છે, આવું અંતર્મુખ પરિણમન છે. યોગ્યતા જોઈ છે ને ! એટલે ભાવ ઓળખાવવો છે. વ્યક્ત ભાવો

ઉપરથી અવ્યક્ત સ્વરૂપ ઓળખાવવું છે ને ! એટલે આ બધી Treatment આપે છે.

મુમુક્ષુ :– પ્રયાચના શબ્દ વાપર્યો તો આવા ઘણા શબ્દો બીજે ક્યાંય વાંચવામાં નથી આવતા, એમની સ્વતંત્ર રચના છે.

પૂજ્ય ભાઈશ્રી :– આ શબ્દ છે, સાહિત્યની ભાષામાં આ શબ્દ છે, 'પ્રયાચના'. યાચનાને વિશેષતા બતાવવા માટે એક વ્યુત્સર્ગ લગાડ્યો છે. અસાધારણ યાચના, વિશેષ પ્રકારની યાચના એને પ્રયાચના કહે છે. અને **એ તો એમની કલમ એવી હતી કે સાક્ષર બધા એમની પાસે ટૂંકા પડે. ઘણો કાબુ છે, ભાષા ઉપર અસાધારણ કાબુ છે. સામાન્ય લેખકનું કોઈ બૂતું નથી એવી બધી વાક્યરચના આવે છે. એ તો 'સોગાનીજી'ની પણ ક્યાંક ક્યાંક પત્રોની અંદર આવી છે. પત્રોની અંદર એવી વાતો આવી છે કે આપણને એમ લાગે કે એક વેપારી થઈને આ સાહિત્યની આવી ભાષાની શૈલી ક્યાંથી આવી ! પણ કુદરતી વાણીનો એવો કોઈ યોગ બેસી જાય છે, પોતાના પરિણમન સાથે એવો યોગ બેસી જાય છે.** એ ૨૮૦ (પત્ર પૂરો) થયો.

**પત્રાંક-૨૮૧**

**વવાણિયા, ભાદરવા વદ ૧૩, બુધ, ૧૯૪૭**

**કળિયુગ છે એટલે વધારે વખત ઉપજીવિકાનો વિયોગ રહેવાથી યથાયોગ્ય વૃત્તિ પૂર્વાપર ન રહે.**

**વિ. રાયચંદના ય.**

૨૮૧મો પત્ર 'ખીમજીભાઈ' ઉપરનો છે. 'ખીમજી દેવજી'. '**કળિયુગ છે એટલે વધારે વખત ઉપજીવિકાનો વિયોગ રહેવાથી યથાયોગ્ય વૃત્તિ પૂર્વાપર ન રહે.**' ઉપજીવિકાનો વિયોગ રહેવાથી એટલે એવી કોઈ આર્થિક પરિસ્થિતિ જેની ખરાબ હોય તો આ કાળ એવો છે કે જેવી વૃત્તિ આગળપાછળ રહેવી જોઈએ એવી ન રહે. સામાન્ય માણસને તો ઉપજીવિકામાં જોડાવાનું બને છે, એ સંબંધીની યત્કિંચિત પ્રવૃત્તિ

કરવી પડે એવો જ કોઈ આ કાળ છે. જે પહેલા કાળ હતા, જેમાં પુણ્યયોગ વિશેષ હતા. એનું કારણ એ હતું કે એ પ્રકારની ઉપાધી પણ ઓછી હતી અને અનેક જીવો ધર્મ પામતા હતા એનું કારણ કે ઉપાધિનું કારણ એને નહોતું. સામાન્ય રીતે આજીવિકાની વ્યવસ્થા ન હોય એવા પ્રકારમાં ગૃહસ્થ માણસ હોય, સંસારી માણસ હોય ત્યારે એને એ વ્યવસ્થા બાજુ ખેંચાયા વિના બીજો ઉપાય નથી હોતો. આ કારણથી એને સત્પુરુષના યોગને ગુમાવવો પડે છે, એ જાતના પુણ્ય નથી હોતા. આવી પરિસ્થિતિ હોય ત્યારે જ્ઞાનીના યોગને એણે ગુમાવવો પડે છે. એ એક સ્વભાવિક પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :– એમાં પણ 'સોગાનીજી' કામ કરી ગયા.

પૂજ્ય ભાઈશ્રી :– ગમે તે, કામ કરવું ઇ બીજી વાત છે, પુરુષાર્થ ઉપાડવો એ બીજી વાત છે. પણ એ કોઈ અસાધારણ પુરુષાર્થવંત જીવોની વાત છે. અહીંયાં એક સામાન્ય મુમુક્ષુને માર્ગદર્શન છે. સામાન્ય મુમુક્ષુ જે સાધારણ યોગ્યતાવાળા હોય છે એને તો Adjustment કરવું જ પડે નહિતર આર્ત્તધ્યાનમાં આવતા એને વાર ન લાગે. આર્ત્તધ્યાનમાં આવે એટલે પરિણામમાં નીચે પડી જાય, ઉપર ચડવાને બદલે નીચે પડે એવી પરિસ્થિતિમાં આવે. એટલે એ પ્રકારનું Adjustment એણે કરવું પડે. કોઈ કારણસર માર્ગદર્શન આપ્યું છે.

## પત્રાંક-૨૮૨

**વવાણિયા, ભાદ્રપદ વદ ૧૪, ગુરુ, ૧૯૪૭**

**પરમ વિશ્રામ સુભાગ્ય,**

**પત્તું મળ્યું, અત્રે ભક્તિ સંબંધી વિહ્વલતા રહ્યા કરે છે, અને તેમ કરવામાં હરિઇચ્છા સુખદાયક જ માનું છું.**

**મહાત્મા વ્યાસજીને જેમ થયું હતું, તેમ અમને હમણાં વર્તે છે.**

આત્મદર્શન પામ્યા છતાં પણ વ્યાસજી આનંદસંપન્ન થયા નહોતા; કારણ કે હરિરસ અખંડપણે ગાયો નહોતો. અમને પણ એમ જ છે. અખંડ એવો હરિરસ પરમ પ્રેમે અખંડપણે અનુભવતાં હજુ ક્યાંથી આવડે ? અને જ્યાં સુધી તેમ નહીં થાય ત્યાં સુધી અમને જગતમાંની વસ્તુનું એક અણુ પણ ગમવું નથી.

ભગવાન વ્યાસજી જે યુગમાં હતા, તે યુગ બીજો હતો; આ કળિયુગ છે; એમાં હરિસ્વરૂપ, હરિનામ અને હરિજન દૃષ્ટિએ નથી આવતાં, શ્રવણમાં પણ નથી આવતાં; એ ત્રણેમાંના કોઈની સ્મૃતિ થાય એવી કોઈ પણ ચીજ પણ દૃષ્ટિએ નથી આવતી. બધાં સાધન કળિયુગથી ઘેરાઈ ગયાં છે. ઘણું કરીને બધાય જીવ ઉન્માર્ગે પ્રવર્તે છે, અથવા સન્માર્ગની સન્મુખ વર્તતા નજરે નથી પડતા. ક્વચિત્ મુમુક્ષુ છે, પણ તેને હજી માર્ગનો નિકટ સંબંધ નથી.

નિષ્કપટીપણું પણ મનુષ્યોમાંથી ચાલ્યા ગયા જેવું થયું છે, સન્માર્ગનો એક અંશ અને તેનો પણ શતાંશ તે કોઈ આગળ પણ દૃષ્ટિએ પડતો નથી; કેવળજ્ઞાનનો માર્ગ તે તો કેવળ વિસર્જન થઈ ગયો છે. કોણ જાણે હરિની ઇચ્છા શુંય છે ? આવો વિકટ કાળ તો હમણાં જ જોયો. કેવળ મંદ પુણ્યવાળાં પ્રાણી જોઈ પરમ અનુકંપા આવે છે. અમને સત્સંગની ન્યૂનતાને લીધે કંઈ ગમતું નથી. ઘણી વાર થોડે થોડે કહેવાઈ ગયું છે, તથાપિ ચોખ્ખા શબ્દોમાં કહેવાયાથી સ્મૃતિમાં વધારે રહે એટલા માટે કહીએ છીએ કે કોઈથી અર્થસંબંધ અને કામસંબંધ તો ઘણા કાળ થયાં ગમતાં જ નથી. હમણાં ધર્મસંબંધ અને મોક્ષસંબંધ પણ ગમતો નથી. ધર્મસંબંધ અને મોક્ષસંબંધ તો ઘણું કરીને યોગીઓને પણ ગમે છે; અને અમે તો તેથી પણ વિરક્ત

**રહેવા માગીએ છીએ. હાલ તો અમને કંઈ ગમતું નથી, અને જે કંઈ ગમે છે, તેનો અતિશય વિયોગ છે. વધારે શું લખવું ? સહન જ કરવું એ સુગમ છે.**

૨૮૨. એ પાછો એક દિવસ છોડીને 'સોભાગભાઈ' ઉપરનો જ પત્ર છે. બારસ પછી સીધો ચૌદસે લખ્યો છે. પહેલો દસમ પછી બારસે લખ્યો છે, બારસ પછી ચૌદસે લખ્યો છે. પત્તું મળ્યું એટલે 'સોભાગભાઈ' નું પોસ્ટકાર્ડ મળ્યું છે. **'પરમ વિશ્રામ સુભાગ્ય,...'** વિશેષણ વાપર્યું છે. પોતાના વિશ્રામનું સ્થાન ગણ્યું છે. બીજું તો કોઈ હતું નહિ.

**'પત્તું મળ્યું. અત્રે ભક્તિ સંબંધી વિહ્વલતા રહ્યા કરે છે, અને તેમ કરવામાં હરિઇચ્છા સુખદાયક જ માનું છું.'** ભક્તિ એટલે કઈ ? આત્મા પ્રત્યેની જે પરિણતિ છે એ પરિણતિ પૂર્ણ થાય એ પોતે ઇચ્છે છે, અપૂર્ણ રહે છે એ એમને પોસાતું નથી. જેમ મુનિદશામાં પણ લખ્યું, ભલે પોતાને મુનિદશા નથી પણ મુનિદશા કેવી હોય એ લખ્યું, જેમ પોતે જ મુનિ હોય અને લખે એવી રીતે. કે આ ધીમી ધારે અમૃત પીવાય છે એ અમને પોસાતું નથી.

નીચેથી જોઈએ તો સમ્યગ્દષ્ટિને જે પરિણતિ છે એમાં જે અમૃતનો આસ્વાદ છે, એની અપેક્ષાએ મુનિરાજને પ્રચુર સ્વસંવેદન છે એમ કહેવાય છે કે ક્ષણે ક્ષણે એ શુદ્ધાત્મામાં લીન થાય, ચૈતન્યગોળો છૂટો પડી જાય. એ મુનિ એમ કહે છે કે મારું પરિપૂર્ણ અનંત અમૃત જેમાં ભર્યું છે એવું સરોવર છે એમાંથી થોડુંક થોડુંક આવું મળ્યા કરે એ કેમ પાલવે ? એકસાથે બધું અનુભવમાં આવે. એટલે એ ધીમું લાગે છે, તો એ અપૂર્ણતા એમને સાલે છે. પોતાની દશા તો ઠીક છે તોપણ એમ કહે છે કે, નહિ. આનું નામ પૂર્ણતાનું લક્ષ છે.

પૂર્ણતાને લક્ષે શરૂઆત થઈ છે એટલે કોઈપણ સાધક કોઈપણ ઉપર ઉપરની અવસ્થામાં આવે તોપણ અવસ્થાનો સંતોષ ન થાય, અવસ્થાનો અસંતોષ રહે એનું

નામ પૂર્ણતાનું લક્ષ. જેને પૂર્ણતાનું લક્ષ હોય એને આમ જ થાય, એને બીજો પ્રકાર ન થાય. હવે બીજું પડખું વિચારીએ, જેને પૂર્ણતાનું લક્ષ નથી એને એની દશાનું ઠેકાણું ન હોય તોપણ સંતોષ આવી જાય કે ના, ના, આપણા પ્રમાણમાં આપણે ઘણું કરીએ છીએ. આપણે જેટલું થઈ શકે એટલું આપણે કરીએ છીએ અને જે કાંઈ થતું હોય એનો એને જાણે-અજાણે સંતોષ વર્તે. આ મિથ્યાત્વની અથવા દર્શનમોહની તીવ્રતાનું લક્ષણ છે. દર્શનમોહનો અભાવ થયો હોય એને તો એમ બનતું નથી, મંદ થયો હોય એને પણ એમ ન બને. અભાવવાળાને તો શેનું બને ?

મુમુક્ષુ હોય અને દર્શનમોહ જેનો ગળ્યો હોય એને પણ પૂર્ણતાનું લક્ષ છે, એને કોઈ અવસ્થામાં સંતોષ ન થાય તો જેણે દર્શનમોહનો અભાવ કર્યો હોય એને (સંતોષ) થવાનો પ્રશ્ન ક્યાં છે ? એને તો પૂર્ણ સ્વરૂપ જ લક્ષમાં છે. એવી પૂર્ણ દશા, જેવું સ્વરૂપ છે એવી પૂર્ણ દશા ન થાય ત્યાં સુધી એને બિલકુલ પુરુષાર્થ છોડવાનો પ્રકાર નથી આવતો. એ પ્રયત્નમાં અપ્રમાદપણે લાગેલા ને લાગેલા જ રહે છે, પ્રમાદ કરતા નથી. મોક્ષમાર્ગી ધર્માત્માઓ પ્રમાદ કરતા નથી એ એની દશાનું ચિહ્ન છે. પૂર્ણતાને લક્ષે શરૂઆત થઈ છે, આગળ વધ્યા છે. આગળ વધ્યા છે એટલે એની રીતે પુરુષાર્થમાં કામ ચાલુ ને ચાલુ રહે છે, એમ લેવું છે.

એટલે અહીંયાં પોતાની દશાનો સંકેત કર્યો છે કે, **'અત્રે ભક્તિ સંબંધી વિહ્વલતા રહ્યા કરે છે, અને તેમ કરવામાં...'** એવી વિહ્વલતા જે થયા કરે છે એમાં હરિ ઇચ્છા છે એટલે આત્માને સાધક દશામાં કુદરતી પરિણમન એવું જ હોય તે સુખદાયક જ માનું છું. એ વિહ્વલતાને પણ હું દુઃખદાયક માનું છું. આ વિહ્વલતા છે એ પૂર્ણ સુખને લઈ આવશે, આ અસંતોષ છે એ પૂર્ણ સુખને ખેંચી લાવશે, એમ કહેવું છે.

પ્રશ્ન :- વિહ્વળતા એટલે આકુળતા ?

સમાધાન :- વિહ્વળતા એટલે અસંતોષ, નિષેધ. એટલો પ્રશસ્ત દ્વેષ છે. પોતાના પરિણમનમાં દશાની અપૂર્ણતારૂપ જે દોષ, અલ્પતારૂપ દોષ અથવા બાકી રહી ગયેલો જે રાગ-દ્વેષ ચારિત્રનો મોહ એ સંબંધીનો ઉદ્વેગ, એને પ્રશસ્ત દ્વેષ કહેવામાં આવે છે. કોઈવાર એ વધારે થાય તો પોતાની જાહેરમાં નિંદા-ગૃહા પણ કરે. ગુરુ પાસે જઈને કરે, જાહેરમાં કરે, એને પ્રશસ્ત દ્વેષ કહે છે.

**'મહાત્મા વ્યાસજીને જેમ થયું હતું, તેમ અમને હમણાં વર્તે છે.'** (સોભાગભાઈ)

મહાત્મા વ્યાસજીને માને છે ને ! એને ધક્કો નથી પહોંચાડતા. **'આત્મદર્શન પામ્યા છતાં પણ વ્યાસજી આનંદસંપન્ન થયા નહોતા;...'** ચોખવટ કરી નાખી. કેમકે આત્માની વાત એમણે ઘણી લખી. આ જે 'ભાગવત' છે એ 'વ્યાસજી'ની રચના ગણાય છે. આ 'ભાગવત'ની રચના 'વ્યાસજી'ની ગણાય છે. 'ગીતા'ની રચના પણ 'વ્યાસજી'ની ગણાય છે. આમ તો 'શ્રીકૃષ્ણ'ના મુખેથી શ્લોકો બોલાવ્યા છે પણ સંવાદની રચના છે એ 'વ્યાસજી'ની ગણાય છે. વેદોની રચના પણ 'વ્યાસજી'ની ગણાય છે, જેમાં એકલી અધ્યાત્મ ચર્ચા છે, આત્માની ચર્ચા છે. વેદો એટલે ઉપનિષદ છે, અઢાર ઉપનિષદ છે અને વેદો છે એ એનો પાછળનો ભાગ છે એટલે એને વેદાંત કહેવાય છે, અંત કહેવાય છે. બીજા બધામાં ક્રિયાકાંડ આવે છે, જે આ પાછળનો ભાગ છે એમાં ક્રિયાકાંડનો વિષય નથી. માત્ર તત્ત્વજ્ઞાનનો વિષય છે અને એ પણ આત્મા અને બ્રહ્મ સંબંધીનો, પરમબ્રહ્મ સંબંધીનો જ વિષય છે. એટલે એને વેદાંત કહે છે. એટલે આત્માની તો વાત કરી છે અને એવી વાત કરી છે કે જેવી જૈનદર્શનમાં છે એવી બધી વાતો કરી છે. અપરિણામી છે, કૂટસ્થ છે, ધ્રુવ છે આ બધા શબ્દો છે, ત્યાં વિતરાગી છે. પરિણામને અને એને કાંઈ લેવા-દેવા નથી. બધી વાતો આવે છે. 'ગીતા' તો આપણે અહીંયાં નથી રાખી નહિતર બતાવત. વંચાવત.

પ્રશ્ન :– 'ગીતા'માં આવે છે ?

સમાધાન :– ગીતામાં પણ આવે છે. ઇ એમની જ રચના છે, 'વ્યાસજી'ની જ રચના છે. એટલે એમ કહ્યું કે, આત્મદર્શન પામ્યા છતાં વ્યાસજી આનંદસંપન્ન થયા નહોતા. આત્મદર્શન અને આનંદ કાંઈ જુદાં જુદાં રહેતા નથી. વાત નાખી દીધી.

**'કારણ કે હરિરસ અખંડપણે ગાયો નહોતો.'** જે એને અખંડ માર્ગ હાથમાં આવવો જોઈએ એ કાંઈ નહોતો આવ્યો.

પ્રશ્ન :– ગાયો નહિ એટલે અનુભવ્યો નહીં ?

સમાધાન :– હા, અનુભવ્યો નહોતો.

**'અમને પણ એમ જ છે.'** એટલે અમારે પણ જે આમાં વચ્ચે ત્રુટકતા પડે છે એ નથી જોઈતી, વચ્ચે ખંડ પડે છે એ અમને નથી જોઈતો. એકલું શ્રેણી માંડીને પૂર્ણ થઈ જઈએ. એમની જે આ વૃત્તિ છે એ જ એકાવતારીપણાને બતાવે છે કે, આ ભવમાં જ પૂર્ણ થવું છે એમ આવે છે. પુરુષાર્થમાંથી અને ભાવનામાંથી એમ

આવે છે કે અત્યારે પૂર્ણ થવું છે, આ ભવમાં પૂર્ણ થવું છે. એટલે વધારે ભવ નથી. હવે એ બે વચ્ચે ફેર છે પાછો. **'અમને પણ એમ જ છે'** એમાં પાછો ફેર છે. ને વ્યાસજીને એમ જ છે એમાં ફેર છે. પણ એ કાઢવું પડે.

**'અખંડ એવો હરિરસ પરમ પ્રેમે અખંડપણે અનુભવતાં હજુ ક્યાંથી આવડે ? અને જ્યાં સુધી તેમ નહીં થાય ત્યાં સુધી અમને જગતમાંની વસ્તુનું એક અણુ પણ ગમવું નથી.'** અમને નહીં ગમે. જ્યાં સુધી એકધારે સ્વરૂપમાં લીન નહીં થઈએ ત્યાં સુધી વૃત્તિ બહાર જશે. પણ વૃત્તિ બહાર જશે તો અમને આ જગતનો એક પરમાણુ પણ ગમશે નહિ, ક્યાંય અમને ગોઠશે નહિ. અમને એક આત્મા સિવાય જગતમાં ક્યાંય ગમશે નહિ. એ પોતાની પરિસ્થિતિ ચોખ્ખી કરી નાખી કે ક્યાંય અમને ગમતું નથી.

પ્રશ્ન :– અખંડપણે એટલે સાતમું ગુણસ્થાન લેવું કે કેવળજ્ઞાન લેવું ?

સમાધાન :– કેવળજ્ઞાન લઈ લેવું. સાતમું તો છૂટી જાય છે ને ! સાતમું તો ક્ષણમાં જ છૂટી જાય છે. **પોતાને તો પૂર્ણ થઈ જવું છે. આપણે જોતા જશું કે એમને પૂર્ણતા તરફનું કેટલું બધું જોર વર્તે છે ! એમાંથી એકાવતારીપણું થઈ ગયું છે. આગમના વિષયનો નકાર આવી જાય છે. આગમમાં કેમ એમ લખ્યું છે કે અત્યારે પૂર્ણદશા ન થાય, મુક્તિ ન થાય એમ કેમ લખ્યું છે ? અંદરનું જે જોર ઉછાળો મારે છે એની એમાં અભિવ્યક્તિ છે. એમ છે ખરેખર. ભલે પૂર્ણ નથી થયા પણ એક ભવમાં પૂરું કરી નાખશે.**

મુમુક્ષુ :– એ બધું જૈનના શાસ્ત્રોમાં લખ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :– જૈન શાસ્ત્રોમાં આવું લખ્યું છે. લખ્યું હશે કોઈ અપેક્ષાએ. બાકી અમને તો બેસતું નથી, એમ કહે છે. ઇ **એનો પુરુષાર્થ ઉછાળો મારે છે, જોર કરે છે. આયુષ્ય નહોતું નહિતર એ તો નિર્ગ્રંથ થઈ જાય એવી દશા હતી. મુનિ તો થઈ જાત પણ આયુષ્ય નહોતું.**

ભગવાન **'વ્યાસજી જે યુગમાં હતા, તે યુગ બીજો હતો; આ કળિયુગ છે; એમાં હરિસ્વરૂપ, હરિનામ અને હરિજન દૃષ્ટિએ નથી આવતાં,...'** શું કહે છે ? આ યુગ એવો છે કે એમાં હરિસ્વરૂપ, હરિનામ અને હરિજન એ કોઈ જોવામાં નથી આવતા. નજરે નથી પડતા.

પ્રશ્ન :- હરિજન એટલે મુમુક્ષુ ?

સમાધાન :- હા મુમુક્ષુ. હરિજન એટલે પેલા ભંગી નહિ અહીંયાં. ભાષા એવી છે.

મુમુક્ષુ :- હરિ આત્માની જગ્યાએ જ ...

પૂજ્ય ભાઈશ્રી :- એ તો પોતે ચોખવટ કરતા ગયા છે કે આટલા નામ છે એ તમારે આત્માના વિષયક ગણવા. એ પોતે એક પત્રની અંદર બધા નામ આપ્યા છે. વિષ્ણુ, હરિ, બ્રહ્મ, શિવ બધા નામ લીધા છે. બ્રહ્મા (વિગેરે) બધા નામ લીધા છે. અને ક્યાંક ક્યાંક હરિનો અર્થ કુદરત થાય છે. એમ બે અર્થ નીકળે છે.

**'દૃષ્ટિએ નથી આવતાં, શ્રવણમાં પણ નથી આવતાં; એ ત્રણેમાંનાં કોઈની સ્મૃતિ થાય એવી કોઈ પણ ચીજ પણ દૃષ્ટિએ નથી આવતી.'** એવો કાળ છે. ૯૯ વર્ષ પહેલાની વાત કરે છે. ૯૯ વર્ષ પહેલા આટલો બધો કળિયુગ છે એમ કહે છે. અત્યારે તો ફાટ્યું છે બધું.

**'બધાં સાધન કળિયુગથી ઘેરાઈ ગયાં છે.'** ધર્મના ક્ષેત્રની અંદર પણ બધા સાધન કળિયુગથી ઘેરાઈ ગયા છે. એકેક સંપ્રદાય, એકેક ધર્મના સ્થાનકો, કાવા-દાવા, કપટ, માયા અને એવા પરિણામ ત્રાસ છૂટે એવા પરિણામ છે, એમ કહે છે.

મુમુક્ષુ :- 'શ્રીમદ્' માં પણ બે પક્ષ પડી ગયા હતા.

પૂજ્ય ભાઈશ્રી :- બે પક્ષ પડી ગયા હતા. એ તો આ જે 'અગાસ'નો આશ્રમ થયો ને ! 'વડવા' ગયા હતા ત્યાંથી જાણવા મળ્યું. 'વડવા'નો આશ્રમ થયો પછી ચાર વર્ષે જ 'અગાસ'નો આશ્રમ થયો. અત્યારે બસથી કે ટ્રેનથી જઈએ તો એક કલાકમાં પહોંચી જવાય. એટલે એમ માનો કે ચાલીસ માઈલ આસપાસનો Area છે. ૩૫-૪૦ માઈલ આસપાસના Area માં બીજો આશ્રમ થયો. અને 'વડવા'ના આશ્રમનો વિકાસ ન થયો અને 'અગાસ'ના આશ્રમનો વિકાસ થયો. જે આશ્રમ પહેલા સ્થાપિત થયો એનો વિકાસ નથી થયો.

'વડવા'માં એક ભાઈ વાંચન કરતા હતા એમને પૂછ્યું કે અહીંયાં બાજુ બાજુમાં બે આશ્રમ થયા છે. આ આશ્રમનો વિકાસ કરવાને બદલે બીજો આશ્રમ જેણે શરૂ કર્યો, કર્યો હતો તો આમણે 'લઘુરાજ સ્વામી'એ, 'લલ્લુજી મુનિ'એ શરૂ કર્યો હતો. કાંઈ સમજાતું નથી કે આમ કેમ બન્યું ? 'વડવા'નો જે આશ્રમ છે એ બહુ એકાંત સ્થળમાં છે, સરસ છે. અત્યારે થોડા આજુબાજુમાં મકાનો થઈ ગયા છે અને કોઈ

ટ્રસ્ટીઓએ ભૂલ કરી છે. બાજુની જમીન બીજા લોકોને વહેંચી દીધી છે. ત્યાં બીજા લોકોનો, ગામડાના લોકોનો વસવાટ થઈ ગયો છે. મકાનો થઈ ગયા છે અને એકાંત હતું તે ઓછું થઈ ગયું છે. આજે ૨૫ વર્ષ પહેલાં જે એકાંત ત્યાં હતું (એવું નથી).

હું ૨૫ વર્ષ પહેલા ગયેલો છું. એમ થાય કે અહીંયાં રહી જઈએ. એવું સરસ એકાંત. જંગલમાં જ આશ્રમ હતો. એટલું સરસ એકાંત હતું. અત્યારે તો બાજુમાં રેડિયો ને ટીવી ને કથા હોય તો એના માઈક અને સંગીતના માઈક એ બધું ચાલતું હોય, હોટલ હોય. એ ચાલતું હોય. ગામડું જ વસી ગયું.

એને પૂછ્યું કે આમ કેમ થયું ? આનો વિકાસ ન થયો અને ત્યાંનો વિકાસ થયો. તો કહે 'કૃપાળુદેવ'ના દેહાંત પછી બે મત થઈ ગયા હતા, બે વિભાગ થઈ ગયા હતા. બે પક્ષ પડી ગયા. બે પક્ષ પડી ગયા એણે એ જ શબ્દ વાપર્યો. બે પક્ષ પડી ગયા હતા. એક બાજુ રહી ગયા 'ખંભાત'ના વણિક લોકો. જે 'અંબાલાલભાઈ' ને એ બધા જે હતા એ 'ખંભાતના' વાણિયા. એ લોકો વાણિયા હતા બધા. આ બાજુ 'લલ્લુજી'ના પરિચયમાં આવ્યા એ બધા 'ચરોતર'ના ખેડૂત લોકો, દેસાઈ લોકો. પણ બધા પૈસાવાળા. એની પાસે મોટી જમીનો. પટેલ લોકો. પણ ત્યાં પટેલ નથી કહેતા. ત્યાં દેસાઈ કહે છે એને. દેસાઈ કહે છે. એ લોકો આવ્યા. અને 'લલ્લુજી' પણ એ બાજુના જ મૂળ વતની ઇ બાજુના છે. આ જે 'વટામણ' ચોકડી આવે છે આ બાજુથી જતા, એ મૂળ વતન 'લલ્લુજી'નું ગામ 'વટામણ' છે. અને એ પોતે વિહાર પણ આ વેશમાં, મુનિ વેશમાં, ત્યાગીના વેશમાં એ Area માં જ વધારે કર્યો એટલે લોકો પરિચિત ખૂબ રહ્યા અને એની પડખે એક Group થઈ ગયું. Group થયું એમાં એ લોકો એને જ્ઞાની માનવા માંડ્યા. બીજી તો કાંઈ ખબર નથી.

એક જે દેસાઈ લોકો, ખેડૂત લોકો જે લોકો એના પરિચયમાં આવ્યા એને બીજી તો કાંઈ તત્ત્વની કે ઊંડાણની કોઈ ખબર નથી. 'શ્રીમદ્જી'ના પરિચયમાં કોઈ એવા આવેલા નહિ. એ એમને જ્ઞાની માનવા માંડ્યા. અને જ્ઞાની માનીને એનું બહુમાન કરવા માંડ્યા. અત્યારે પ્રભુશ્રી કહે છે પણ એ ત્યારથી ચાલુ થઈ ગયું છે – પ્રભુશ્રી. અને (લલ્લુજી) પોતે 'રાજચંદ્રજી'ને બતાવે. પોતે એમ કહે કે મારા તો આ જ ગુરુ છે. આ જ મારા દેવ છે. આ જ મારું સર્વસ્વ છે એમ કહે. પણ પેલા લોકો 'શ્રીમદ્જી'ને

પણ ગૌણ કરીને, આ વિદ્યમાન ખરા ને એટલે આને મુખ્ય કરે. પછી હાર-તોરા, એના માટે ભેટ-સોગાદ, મીઠાઈ, બીજું-ત્રીજું આવવા માંડ્યું. અને પછી તો વિવેક ન રહે એ તો સ્વભાવિક છે. જ્યારે એને જ્ઞાની માને પછી લોકોને અર્પણતા પણ આવે છે. એટલે અર્પણ કરવા માંડ્યા. એનો વિરોધ કર્યો આ 'ખંભાતવાળા'એ. અને એમને ટપાર્યા કે તમે આ બધું બંધ કરાવો. નહિતર આમાંથી બીજું જ ઊભું થઈ જશે આખું.

મુમુક્ષુ :- પરંપરા બદલી.

પૂજ્ય ભાઈશ્રી :- હા. આ બધું ફેરફાર થઈ જશે. નીચેનું Group – જૂથ બહુ મોટું થઈ ગયું અને પોતાને પણ થોડું પ્રિય લાગ્યું. આ બે વાત ભેગી થઈ ગઈ. એટલે એમણે નિવાસ કર્યો ત્યાં 'અગાસ'માં. એમને તો તબિયત જરા અસ્વસ્થ રહેતી હતી. 'શ્રીમદ્‌જી'ના દેહાંત પછી ૩૫ વર્ષ જીવ્યા. એટલું એનું લાંબું આયુષ્ય હતું. મોટી ઉંમરના હતા તોપણ પાછળ ૩૫ વર્ષ એ હયાત રહ્યા. તબિયત અસ્વસ્થ રહેવા માંડી. વાનો રોગ બહુ હતો. એટલે વિહાર ન કરી શકે, હાલી-ચાલી ન શકે. એવી બધી પરિસ્થિતિ અને વૃદ્ધાવસ્થા એટલે નબળાઈની પરિસ્થિતિ ઊભી થઈ.

એમણે કહ્યું કે મને અહીંયાં એક મકાન બાંધી દ્યો. હું એમાં પડ્યો રહીશ. તો એમને તો જે અત્યારે વચ્ચે મકાન છે એક બાજુનું જ્યાં એમનો મોટો ફોટો મૂક્યો છે વચ્ચે, પ્રભુશ્રી કરીને મોટો ફોટો મૂક્યો છે. એ જગ્યાએ એમને રહેવાનું ખાલી મકાન બાંધવાની જ એમણે માંગણી કરી હતી કે હું અહીંયાં રહીશ. ગામમાં રહેવું નહિ અને અહીંયાં રહીશ. સેવકો તો ઘણા વધી ગયા હતા એટલે એ કાંઈ બીજી તકલીફ નહોતી કે એને બીજી તકલીફ પડે. ખાવા-પીવાની, દવા-દારૂની કાંઈ તકલીફ પડે. પણ ત્યાં પછી વસ્યા એમાં મોટો આશ્રમ થઈ ગયો અને એમાં તો આખો એક પક્ષ જ જુદો ઊભો થઈ ગયો અને એ બધું 'વડવા'થી આખું બધું જૂદું જ પડી ગયું. અત્યારે સ્વતંત્ર-જુદું જ છે. બધા આશ્રમો સ્વતંત્ર છે. કોઈ કોઈને મેળ નથી. પણ Hot war નથી ક્યાંય. ખુલ્લું ઘર્ષણ નથી.

મુમુક્ષુ :- પંચમકાળ ભાવ ભજવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- એમ તરત જ ચાર વર્ષમાં આ પરિસ્થિતિ થઈ.

**'બધાં સાધન કળિયુગથી ઘેરાઈ ગયાં છે. ઘણું કરીને બધાય જીવ ઉન્માર્ગે પ્રવર્તે છે, અથવા સન્માર્ગની સન્મુખ વર્તતા નજરે નથી પડતા.'** ચોખ્ખું લખ્યું છે, સમાજની પરિસ્થિતિ ચોખ્ખી લખી છે. **'ક્વચિત્ મુમુક્ષુ છે, પણ તેને હજી માર્ગનો નિકટ સંબંધ નથી.'** આખું ચિત્ર ચોખ્ખું મૂકી દીધું છે.

**'નિષ્કપટીપણું પણ મનુષ્યોમાંથી ચાલ્યા ગયા જેવું થયું છે.'** માયાચારના પરિણામ જોયા. આ તો પોતાની હયાતીમાં લખે છે હોં ! પોતાને ૨૪મું વર્ષ છે ત્યારે લખે છે એટલે દેહાંત પહેલાના દસ વર્ષે આ વાત લખે છે. પછી તો શું થાય એ તો સીધી વાત છે કે પછી કાંઈ સારાવાટ હોઈ નહિ. **'નિષ્કપટીપણું પણ મનુષ્યોમાંથી ચાલ્યા ગયા જેવું થયું છે. સન્માર્ગનો એક અંશ અને તેનો પણ શતાંશ...'** સન્માર્ગનો એક અંશ અને એનો પણ શતાંશ **'તે કોઈ આગળ પણ દૃષ્ટિએ પડતો નથી;...'** ક્યાંય જોવામાં આવતો નથી. માર્ગનો એક અંશનો સોમો ભાગ ક્યાંય જોવામાં આવતો નથી

**'કેવળજ્ઞાનનો માર્ગ તે તો કેવળ વિસર્જન થઈ ગયો છે. કોણ જાણે હરિની ઇચ્છા શું ય છે ?'** કેટલો ઉકળાટ કાઢ્યો છે ! શાસનની દશા, હાલત જોઈ એમ કહે છે અરે..રે...! કુદરતે શું ધાર્યું છે કાંઈ ? કાંઈ દેખાતું નથી. કેવળજ્ઞાનનો માર્ગ તો સાવ ભુલાઈ ગયો. કોને ખબર કુદરતને શું કરવું છે ? **'આવો વિકટ કાળ તો હમણાં જ જોયો.'** બોલો, ૯૯ વર્ષ પહેલા આ હાલત લખે છે ! **'આવો વિકટકાળ તો હમણા જ જોયો. કેવળ મંદ પુણ્યવાળાં પ્રાણી જોઈ પરમ અનુકંપા આવે છે.'** મંદ પુણ્ય, યોગ્યતા નહિ, પુણ્યનું ઠેકાણું નહિ.

**'અમને સત્સંગની ન્યૂનતાને લીધે કંઈ ગમતું નથી. ઘણી વાર થોડે થોડે કહેવાઈ ગયું છે, તથાપિ ચોખ્ખા શબ્દોમાં કહેવાયાથી સ્મૃતિમાં વધારે રહે એટલા માટે કહીએ છીએ કે કોઈથી અર્થસંબંધ અને કામસંબંધ તો ઘણા કાળ થયાં ગમતાં જ નથી.'** કોઈની સાથે વ્યવહારિક સંબંધ તો રાખવો જ નથી, એ તો કરવું જ નથી. પહેલાં તો થોડે થોડે આડકતરી રીતે કહીં દીધું છે પણ હવે બહુ ચોખ્ખું કહી દઈએ છીએ કે કોઈની સાથે અમારે વ્યવહારિક સંબંધ તો જોઈએ જ નહિ.

પ્રશ્ન :– અર્થ અટલે વેપારી ?

સમાધાન :- હા, અર્થ એટલે પૈસાનો. અર્થ એટલે પૈસા. કોઈને કોઈની સાથે કામ પાડવું. વ્યવહારિક કામ પાડવું. તમે આમ કરી નાખજો, આમ કરી નાખો, આમ કરો, તેમ કરો. કાંઈ નહિ.

**'હમણાં ધર્મસંબંધ અને મોક્ષસંબંધ પણ ગમતો નથી.'** આ ધર્મ-અર્થ-કામ અને મોક્ષ. ચારે બોલને ઉતારી નાખ્યા પોતે. ધર્મસંબંધ અને (મોક્ષસંબંધ). કામ એટલે ઇચ્છા એમ. કોઈની સાથે, અમારી ઇચ્છાઓને કોઈની સાથે કાંઈ સંબંધ નથી રાખવો. **'ધર્મસંબંધ અને મોક્ષસંબંધ તો ઘણું કરીને યોગીઓને પણ ગમે છે; અને અમે તો તેથી પણ વિરક્ત રહેવા માગીએ છીએ.'**

મુમુક્ષુ :- મોક્ષ સંબંધીનો વિકલ્પ પણ એને ત્રાસ દઈ જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- **અંદરની મસ્તી ઘણી ચડી છે.** યોગીઓ એમ કહે છે કે ભાઈ ! ધર્મસંબંધ અને મોક્ષસંબંધ તો રાખવો જોઈએ. **અમારી દશા કોઈ અંદરમાં અવધૂત દશા છે. ક્યાંય અમને કોઈની સાથે ધર્મસંબંધની પણ ઇચ્છા નથી.**

પ્રશ્ન :- કેટલા વર્ષની વાત છે ?

સમાધાન :- ૨૪માં વર્ષમાં. પહેલાં જ વર્ષમાં. **સમ્યગ્દર્શન થયા પછી પહેલાં વર્ષમાં ઘણું જોર છે. પ્રવેશ ઘણો (જોરથી થયો છે), બહુ જોરથી પ્રવેશ છે. એકાવતારી થવાના છે ને ! જોર બહું આવ્યું છે.**

**'હાલ તો અમને કંઈ ગમતું નથી, અને જે કંઈ ગમે છે, તેનો અતિશય વિયોગ છે.'** એ એમણે 'સોભાગભાઈ' ઉપર સંકેત કર્યો છે. **'વધારે શું લખવું ? સહન જ કરવું એ સુગમ છે'** જે પરિસ્થિતિ છે એને સહન કરી લેવી. સહન કરી લેવી એટલે જ્યાં ઉપાય નથી. કુદરતી જ્યાં બધા સંયોગ-વિયોગ બધા પ્રકાર કુદરતી બને છે. પોતાને પણ પૂર્ણ થઈ જવું છે છતાં કુદરતી જ પરિસ્થિતિ અંદરથી આવતી નથી. અને નથી આવતી એનો ખેદ પણ રહે છે.

હથેળીમાં જેને આત્મા છે અને એ આત્માની લીનતા ઘણી વર્તે છે. એને એમ થાય કે હવે આઘું રહેવાનું કારણ શું છે આમાં ? જેને દુનિયામાંથી કાંઈ જોઈતું હોય, દુનિયાના કામ કરવા હોય, સંબંધો રાખવા હોય, સંબંધો જાળવવા હોય એને તો મુશ્કેલી પડે. પણ **આ તો ગૃહસ્થ દશામાં નાની ઉંમરમાં એકદમ વૈરાગી થઈ ગયા**

**છે, ઘણો ઘણો વૈરાગ્ય છે.**

પ્રશ્ન :– જે કંઈ ગમે છે એટલે આત્મા કે 'સોભાગભાઈ' ? કે બન્ને આવે ?

સમાધાન :– આમ તો નિર્દેશ કાંઈક 'સોભાગભાઈ' ઉપર છે. વધારે નિર્દેશ છે એ 'સોભાગભાઈ' ઉપર છે. કેમકે અતિશય વિયોગ લીધો છે ને ? પોતાનો અતિશય વિયોગ નથી, પોતાના સ્વરૂપનો અતિશય વિયોગ નથી. રમણતા તો ઘણી સારી છે. એટલે 'સોભાગભાઈ' ઉપરનો સંકેત ગણવો જોઈએ.

**'સહન જ કરવું એ સુગમ છે'** એટલે બહારની પરિસ્થિતિમાં જ સહન કરવાનું હોય ને ? તમારી પરિસ્થિતિ નથી કે અમારી પરિસ્થિતિ નથી કે સંયોગ રહે. માટે જે પરિસ્થિતિ છે એ સુગમ છે.

**પત્રાંક-૨૮૩**

**વવાણિયા, ભાદરવા વદ ૦)), શુક્ર, ૧૯૪૭**

**પરમ પૂજ્ય શ્રી સુભાગ્ય,**

**અત્ર હરિઇચ્છાનુસાર પ્રવૃત્તિ છે.**

**ભગવત્ મુક્તિ આપવામાં કૃપણ નથી, પણ ભક્તિ આપવામાં કૃપણ છે, એમ લાગે છે. એવો ભગવતને લોભ શા માટે હશે ?**

**વિ. રાયચંદના પ્રણામ**

મુમુક્ષુ :– ૨૮૩ ઉપરનું હેડિંગ બહુ ઉત્તમ છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, **'પરમ પૂજ્ય શ્રી સુભાગ્ય, અત્ર હરિઇચ્છાનુસાર પ્રવૃત્તિ છે.'** 'પરમ પૂજ્ય' શબ્દ વાપર્યો છે. પેલામાં 'પરમ વિશ્રામ' લખ્યું છે, આમાં 'પરમ પૂજ્ય' લખ્યું છે. **'અત્ર હરિઇચ્છાનુસાર...'** (અર્થાત્) કુદરતી જે સંયોગ છે એને અનુસાર પ્રવૃત્તિ છે.

**'ભગવત્ મુક્તિ આપવામાં કૃપણ નથી, પણ ભક્તિ આપવામાં કૃપણ છે, એમ લાગે છે. એવો ભગવતને લોભ શા માટે હશે ?'** ફટકારે છે તો કેવા ફટકારે છે !

મુમુક્ષુ :- બીજે જ દિવસે ...

પૂજ્ય ભાઈશ્રી :- હા, ચૌદસ પછી અમાસમાં એ પોસ્ટકાર્ડ નાખી દીધું છે. દોઢ લીટી પૂરી લખી નથી. પણ એવું લખ્યું છે કે ભગવાન મોક્ષ તો આપે છે. પેલા ઈશ્વરકર્તામાં માને છે ને ? એટલે ભાષા એની વાપરે છે. મોક્ષ આપવામાં ભગવાનને લોભ નથી પણ માર્ગ આપવામાં લોભ શું કરવા કરે છે ? જોકે માર્ગ વગર મોક્ષ નથી, પણ વિટંબણા માર્ગની છે. તમને માર્ગ નથી મળ્યો, માર્ગ પ્રાપ્ત થાય એવા તમે વ્યક્તિ છો છતાં તમને માર્ગ હજી મળતો નથી. મોક્ષ તો મળી જવાનો છે એ વાત નક્કી છે. મોક્ષની ઉદારતાથી જે મોક્ષ આપશે એ માર્ગ શું કરવા નથી આપતા ? એવો લોભ શું કરવા કરે છે ? આવો લોભ શું કરવા ? આ પ્રકારનો લોભ શું કરવા ? વ્યંગ કર્યો છે.

માર્ગ ઉપર બહુ સારો વ્યંગ કર્યો છે કે માર્ગ મળ્યા પછી મોક્ષ તો સહજ આવે છે. મૂળ માર્ગમાં આવવું એ જ વિકટ છે. અને કુદરત શું કરવા આમ પરિસ્થિતિ રાખે છે ? ભગવત્ એટલે કુદરત લેવું. કુદરત આવી શું કરવા પરિસ્થિતિ રાખે છે ? માર્ગમાં આવે છે એ તો મોક્ષને પામી જાય છે. સહેજે... સહેજે એનો નિવેડો છે. પણ માર્ગ જ મળતો નથી. તો માર્ગવાળાને મોક્ષ આપવામાં ઉદાર છે. જેને માર્ગ નથી મળ્યો એને માર્ગ આપવામાં ઉદારતા રાખતા હોય તો એનું શું જાય ?

મુમુક્ષુ :- કુદરત ઉપર એમણે આધ્યાત્મિક કોપ કર્યો.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ખરી વાત છે. અનેક જીવો પાત્ર હોય તો પછી એને માર્ગ મળી જાય તો સારું. અંતરની એની શું ભાવના છે ? કે જે જે પાત્ર જીવો હોય એ માર્ગ ઉપર જલ્દી આવી જાય તો રાજી થઈએ. પછી મોક્ષ તો એને મળવાનો છે અને મોક્ષમાં કાંઈ કુદરત લોભ કરવાની નથી, પણ માર્ગમાં ઘણો લોભ કરે છે એવું લાગે છે. એ રીતે એમણે બહુ વિચક્ષણતાથી કલમ ચલાવી છે. અહીં સુધી રાખીએ.

## તા. ૦૬-૧૧-૧૯૮૯, પ્રવચન નં. ૭૭
## પત્રાંક – ૨૮૩, ૨૮૪ અને ૨૮૫

પત્રાંક ૨૮૩, પાનું ૩૦૧. ભગવાન ઉપર કટાક્ષ કરેલો છે. એક લીટીનો પત્ર છે કે **'ભગવત્ મુક્તિ આપવામાં કૃપણ નથી, પણ ભક્તિ આપવામાં કૃપણ છે.'** કૃપણ એટલે લોભી. ભગવાનને લોભ છે. શેનો લોભ છે ? કે ભક્તને ભક્તિ કેમ આપતા નથી ? આવો એક કટાક્ષ કર્યો છે. મુક્તિ જલ્દી આપી દે છે, પણ ભક્તિ આપતા નથી. એનો અર્થ એવો થાય છે કે જીવને ભક્તિ અને સમર્પણ આવ્યે મુક્તિ સહેજે મળે છે. જો સ્વરૂપભક્તિ–સ્વરૂપમહિમા, ભક્તિ એટલે અહીંયાં સ્વરૂપ મહિમા લેવો છે, આત્મસ્વરૂપને ઓળખીને આત્મસ્વરૂપનો મહિમા આવે એ વાત દુર્લભ છે અને એ વાત કઠણ છે.

કુદરત કેમ આ આત્મસ્વરૂપનો મહિમા, પોતાને પોતાની મહિમા, આવવા દેતી નથી. એવું કેમકુદરત કરે છે ? મહિમા આવે અને સમ્યગ્દર્શન પ્રાપ્ત થાય તો મુક્તિ તો સહેજે મળે છે પછી. આગળની દશા તો Automatic છે. પછી તો મોક્ષ તરફ વળવાનું અને મોક્ષ સુધીનું બધું કામ કુદરતી જ થાય છે પણ પહેલું જે કઠણ છે એ દર્શાવવા એમ કહે છે કે મોક્ષ તો ભગવાન આપે છે, પણ ભક્તિ આપતો નથી. આવા લોભીવેડા શું કરવા કરે છે ? કટાક્ષ કર્યો છે. આવો લોભ શા માટે કરે છે ? મોક્ષ આપી દે અને ભક્તિ ન આપે ? એમ અંદરથી પોતાનું આત્મસ્વરૂપ ભગવાનઆત્મા છે એ મુક્તિ પ્રદાન કરે છે પણ મહિમા આપવામાં કેમ આમ કરે છે કે સ્વરૂપનો મહિમા ઊપડતો નથી જીવને ?

જે અનંત કાળ ગયો એ સ્વરૂપનો મહિમા નહિ આવવાને લીધે ગયો. જેને સ્વરૂપનો મહિમા આવ્યો એને અસંખ્ય સમયમાં મોક્ષ થઈ ગયો. માટે ભગવત્ મોક્ષ આપવામાં લોભી નથી પણ સ્વરૂપમહિમા ઉત્પન્ન થવામાં જે કાંઈ લોભ કરે છે એ કરે છે. અથવા જીવને પોતાને સ્વરૂપમહિમા આવતો નથી. એમ અમને લાગે છે.

આવું અમને લાગ્યું છે. આવો લોભ શા માટે હશે ભગવતને ? એ આવો લોભ કેમકેરતા હશે ? આવી કૃપણતા કેમકેરતા હશે ? એટલે કુદરતમાં આવી વ્યવસ્થા કેમ રાખી હશે ?

મુમુક્ષુ :- પ્રેરણા છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પ્રેરણા છે. પણ શૈલી એવી કરી છે. કાલે ચાલી ગયું હતું. આ વધારે સ્પષ્ટ કર્યું.

મુમુક્ષુ :- 'આનંદઘનજી' નું પદ છે.. ચૌદમા જિન તણી...

પૂજ્ય ભાઈશ્રી :- ત્યાં તો શું છે કે તીર્થંકરની સેવા લીધી છે પણ તીર્થંકરના નામે ખરેખર તો પોતાના આત્માની ભક્તિનો સવાલ છે. સ્વરૂપની ઓળખાણ થવી સ્વરૂપમહિમા (આવવો) એ વસ્તુ દુર્લભ છે. એ થયા પછી મોક્ષ સુધીની અવસ્થા સુલભ છે. સહેજે સહેજે છે, સહેજ માત્રમાં છે. એમ કહેવું છે. તો કુદરતને ત્યાં આવી વ્યવસ્થા શું કરવા ? આમ કેમકુદરતમાં ? એમ કહેવું છે.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન પ્રાપ્ત થઈ ગયા એટલે મોક્ષમાર્ગ મળી જ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- મોક્ષમાર્ગ મળી ગયો અને આપોઆપ પછી સ્વયં જ એ દશા ચાલે છે. એટલે તો આગળ એમ કહ્યું ને સમ્યગ્દર્શનને વાચા આપી. એ પણ શૈલી કરી છે. સમ્યગ્દર્શન જીવને એમ કહે છે, અહીંયાં ભગવાનને લોભી ઠરાવ્યા છે. એટલે સમ્યગ્દર્શનને વાચા આપી છે, સમ્યગ્દર્શન જીવને એમ કહે છે કે એકવાર જો તું મને અંગીકાર કરીશ પછી તારે સંસારમાં રહેવું હોય તો રહેવા નહિ દઉં. ઢસડીને મોક્ષમાં લઈ જઈશ. તારે મોક્ષમાં આવવું જ પડશે. પછી સંસારી નહીં રહી શકે.

મુમુક્ષુ :- સમ્યગ્દર્શન કેવળજ્ઞાનને બોલાવે તો જવું પડશે.

પૂજ્ય ભાઈશ્રી :- કેવળજ્ઞાનને બોલાવે છે એમાં તો કેવળજ્ઞાનને આવવું હોય તો આવે પણ અહીંયાં તો એમ કહે છે કે હવે સંસારમાં રહેવું હોય તો નહીં રહેવા દઉં. બધી શૈલી કરી છે. જેને સમ્યગ્દર્શન થાય એને સહજમાં અનિવાર્યપણે મોક્ષ થાય જ થાય. એનો મોક્ષ ન થાય એવું ન બને. એવું કોઈ સમ્યગ્દર્શનનું બળવાનપણું છે.

પ્રશ્ન :- ભગવત્ મુક્તિ આપવામાં કૃપણ નથી, એટલે આત્મા લેવો ?

સમાધાન :- ભગવત્ એટલે આત્મા લેવો, પોતાનો આત્મા લેવો. એ

'કુંદકુંદાચાર્યે' વાત લીધી છે કે, મોક્ષમાર્ગમાં દર્શન, જ્ઞાન, ચારિત્ર, આનંદાદિ અનેક ગુણરત્નો ઉત્પન્ન થાય છે પણ એ બધા રત્નોમાં સમ્યગ્દર્શન સૌથી મહાન રત્ન છે એમ લીધું છે. સમ્યગ્દર્શન સૌથી મહાન રત્ન છે. અને મોક્ષમાર્ગની સુંદરતા એ છે કે જે સૌથી મહાન રત્ન છે એ પહેલું મળે છે. મોક્ષમાર્ગમાં આવનારને એટલો મોટો આદર છે કે સૌથી મહાન ચીજ એને પહેલા મળી જાય છે.

મુમુક્ષુ :– એ રત્નના પ્રકાશમાં કેવળજ્ઞાન સુધી પહોંચી જાય.

પૂજ્ય ભાઈશ્રી :– કેવળજ્ઞાન સુધી પહોંચી જાય. પછી એ જીવ એની દિશા ભૂલતો નથી, ભૂલો પડતો નથી.

મુમુક્ષુ :– આમાં મુંઝારો થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :– કાંઈ મુંઝાવાય એવું નથી.

**પત્રાંક-૨૮૪**

**વવાણિયા, આસો સુદ ૬, ગુરુ, ૧૯૪૭**

**૧. પરસમય જાણ્યા વિના સ્વસમય જાણ્યા છે એમ કહી શકાય નહીં.**

**૨. પરદ્રવ્ય જાણ્યા વિના સ્વદ્રવ્ય જાણ્યું છે એમ કહી શકાય નહીં.**

**૩. સમ્મતિતર્કમાં શ્રી સિદ્ધસેન દિવાકરે કહ્યું છે, કે [1]જેટલા વચનમાર્ગ છે તેટલા નયવાદ છે; અને જેટલા નયવાદ છે તેટલા જ પરસમય છે.**

**૪. અક્ષય ભગત કવિએ કહ્યું છે કે :–**

**'કર્ત્તા મટે તો છૂટે કર્મ, એ છે મહા ભજનનો મર્મ;**
**જો તું જીવ તો કર્ત્તા હરિ, જો તું શિવ તો વસ્તુ ખરી;**
**તું છો જીવ ને તું છો નાથ, એમ કહી અખે ઝટક્યા હાથ.'**

૧. તૃતીય કાંડ, ગાથા ૪૭.

આ પત્રની અંદર ચાર વચનામૃત છે.

**'૧. પરસમય જાણ્યા વિના સ્વસમય જાણ્યા છે એમ કહી શકાય નહીં.'** કેમ ? કે સ્વ અને પર તો સાપેક્ષ છે. જો કોઈ એમ કહે કે અમે સ્વસમયને જાણીએ છીએ એમ કોઈ કહે, તો પોતે તો જે છે ઇ છે એને સ્વ કહેવાનું શું કારણ ? પોતાને સ્વ કહેવાનું શું કારણ ? સ્વ એવું નામ પોતાનું શું કરવા પડ્યું ? પરની અપેક્ષાએ. પરસમયને જાણ્યા વિના એટલે પર સમયને સ્વ સમયથી ભિન્ન જાણ્યા વિના આમ ચોખ્ખું છે. કેમ ? અનાદીથી પર સાથે એકત્વ કરીને બેઠો છે અથવા પરને સ્વ જાણીને બેઠો છે. હવે એ પરને પર ન જાણે તો સ્વને સ્વ જાણે કેવી રીતે ? જ્યાં ભૂલ થઈ છે, જ્યાં ગાંઠ પડી છે ત્યાંથી ગાંઠ ખોલવી પડશે ને ! જ્યાં ગાંઠ પડી છે ત્યાં ખોલી નાખવાની છે. એ વગર ગાંઠ ખુલ્લી છે એ વાત રહેતી નથી.

સ્વ-પર સાપેક્ષ છે. સ્વની અપેક્ષાએ પર છે. પર કોઈ પર નથી. પર તો એની અપેક્ષાએ સ્વ છે. પર પોતે એની પોતાની અપેક્ષા સ્વ છે પણ મારી અપેક્ષાએ તે પર છે. એટલે સ્વ અને પર સાપેક્ષ છે.

'દિપચંદજી'એ એ બાબતમાં બહુ સરસ વાત લીધી છે કે વસ્તુ તો જે છે એ છે. દરેક પદાર્થ પોતે જે છે એ છે. જે જીવ છે તે જીવ છે, જડ છે તે જડ છે. પછી એને સ્વ-પર એવું નામ શા માટે ? એવો શબ્દ શા માટે પ્રયોગ કરવો પડે છે ? કે, એકબીજાની અપેક્ષાથી.

જો સ્વમાં સ્વપણું થાય તો બાકી બધું પર છે. જો સ્વમાં સ્વપણું ન થાય તો પર પર તરીકે નથી રહેતું, સ્વપણે આવી જાય છે અને એ અનાદિથી થઈ રહ્યું છે. એ તો થઈ જ રહ્યું છે. એ ભૂલ છે. માટે સ્વ-પર સાપેક્ષ છે. સ્વની અપેક્ષાએ પર છે અને પરની અપેક્ષાએ પોતે સ્વ છે. સ્વ-પર સાપેક્ષ છે અને આ તો બધી કથન કરવાની વાતો છે, કહેવાની વાતો છે, સંભળાવવાની વાતો છે. જ્ઞાનથી અનુભવ છે. શું કહ્યું ? જ્ઞાનથી સ્વાનુભવ છે. તો જ્ઞાનથી અનુભવ કરે. જ્ઞાન જ્ઞાનનો અનુભવ કરે. જ્ઞાનમાં જ્ઞાનનો અનુભવ કર્યા કરે. પતી ગયું, સ્વ-પરની માથાકૂટમાં પણ જવાની તારે જરૂર નથી.

તું અનુભૂતિસ્વરૂપ છો. જ્ઞાન પોતે અનુભૂતિસ્વરૂપ છે. અનુભવ કરવાનો એનો સ્વધર્મ છે, સ્વસ્વભાવ છે. બસ ! જ્ઞાન પોતાનો અનુભવ કરે. જ્ઞાનથી અનુભવ છે.

પેલી સ્વ-પર તો અપેક્ષિત વાત છે. ઇ સ્વ-પરના વિકલ્પમાં જાવું શા માટે ? એમ કહે છે. જ્યારે જ્ઞાન પોતે જ સ્વાનુભવ સ્વરૂપ છે તો જ્ઞાનથી અનુભવ છે. જ્ઞાનથી અનુભવ કરે.

મુમુક્ષુ :– અત્યાર સુધી એ જ ગોખાઈ ગયું હતું કે, જે સ્વને જાણે તે જ પરને જાણે.

પૂજ્ય ભાઈશ્રી :– એટલે મુશ્કેલી પડે. પણ જિનશાસ્ત્રમાં અપેક્ષાઓ એટલી બધી છે; કથન કરવાની પદ્ધતિઓ, વસ્તુને દર્શાવવાને પદ્ધતિઓ એટલી બધી છે કે કોઈ એક વાત પકડીને બેસી જાય તો એને બીજી વાત એની સામેની આવે તો કઠણ પડી જાય, મુશ્કેલી ઊભી થઈ જાય.

મુમુક્ષુ :– ત્યારે તે મુંઝાઈ જાય

પૂજ્ય ભાઈશ્રી :– મુંઝાઈ જાય માણસ. એટલે પહેલેથી જે અભિપ્રાયનો વિષય છે એ ખુલ્લો રાખવો કે ગમે તે વાત ગમે તે પ્રકારે આવે એને જે કહેવા ધારે છે એ દૃષ્ટિકોણ સમજી લેવો. કહેનાર જે કહેવા ધારે છે એ દૃષ્ટિકોણને સમજી લેવો છે. વિચારનું ક્ષેત્રફળ એકદમ ખુલ્લું રાખીને, અવકાશ રાખીને. પછી ક્યાંય મૂંઝવણ નથી. પણ જો ક્યાંક પકડાઈ ગયા કે આ તો આમ જ. પછી એથી વિરુદ્ધનું શાસ્ત્રકથન આવશે એટલે શાસ્ત્રનો તો નિષેધ નહિ કરી શકાય. પછી (લાગશે કે) આપણને, આપણી વાત સાથે મેળ ખાતો નથી. આનો મેળ કેવી રીતે ખવડાવવો પછી ? એ મૂંઝવણનો સવાલ થઈ જશે. પણ પહેલેથી જેનો અભિપ્રાય ખુલ્લો છે એને એ તકલીફ નથી થતી. એ તો પહેલેથી એ વિચાર કરે છે કે આમાં દૃષ્ટિકોણ શું છે ? કહેનારને કહેવું શું છે ?

એક જગ્યાએ એમણે 'સોભાગભાઈ'ને લખ્યું કે તમે તમારા સંયોગની ચિંતા કરો નહિ. આવી એક તમને ગાંડી શિખામણ લખી છે. હવે શિખામણ અને વળી ગાંડી ! આ બે વાતમાં શિખામણને આ વિશેષણ જ લાગુ નથી પડતુ. શિખામણ એટલે સારી ભલામણને શિખામણ કહેવાય છે. એના બદલે ગાંડી શિખામણ લખી છે. કેવી વિચિત્ર વાત લખે છે ! અને તે પણ (એમ લખે છે કે), હરિએ અમને આવી ગાંડી શિખામણ તમને આપવા માટેની પ્રેરણા કરી છે. માટે તમને આવી ગાંડી શિખામણ લખી છે.

દુનિયાદારીમાં જેને ડહાપણ કહેવાય છે એનાથી ઊલટી વાત અમે અત્યારે કરીએ છીએ. દુનિયામાં એમ કહેવાય છે કે ભાઈ ! દીર્ઘદૃષ્ટિથી તમે સંયોગને સંભાળો, સંયોગનો વિચાર કરો. આવતીકાલનો વિચાર કરીને આજનો ખર્ચ કરજો. આજે બધું ખર્ચી નાખતા નહિ. એમ કરીને એને કાલની વ્યવસ્થા રાખવા માટે ડહાપણવાળી શિખામણ આપે છે. આ કહે છે કે તમે આવતીકાલની ચિંતા નહિ કરો. ઊલટી શિખામણ થઈ ને ! લોકોના ડહાપણથી ઊલટી શિખામણ થઈ માટે ગાંડી શિખામણ કહી. એ બધું, જેટલા ઉપનામ આત્માને દેવા હોય ને જગતના બધા વિશેષણો આપી શકાય છે. અપેક્ષા ઘટાવતા આવડવી જોઈએ. જેને જે ઉપનામ સારા નથી દેખાતા, અવગુણવાળા દેખાય છે એ બધા ઉપનામ આપી શકાય છે. અનંત ગુણવાન આત્માને અવગુણના વિશેષણો આપી શકાય છે. આપવાવાળાનો દૃષ્ટિકોણ બરાબર સમ્યક્ હોવો જોઈએ, સાચો આવવો જોઈએ. એ બધું શાસ્ત્રમાં આવે છે.

પ્રશ્ન :– લૌકિક દૃષ્ટિએ એ વિરુદ્ધ છે માટે ?

સમાધાન :– લૌકિક દૃષ્ટિએ નહિ, અસંખ્ય દૃષ્ટિકોણ છે. એક વસ્તુને જોવાના અસંખ્ય દૃષ્ટિકોણ છે. એક પદાર્થને જોવા માટે ઘણા દૃષ્ટિકોણ છે. તો ક્યાં કયો ન્યાય કહેનારને લાગુ કરવો છે એટલું જો સમજમાં આવે તો સમજવામાં કાંઈ તકલીફ કે મૂંઝવણ નથી થતી. નહીંતર પકડાઈ જઈએ તો ખલાસ. એટલે વિષયની જે વિશાળતા છે એની સામે એ જ્ઞાનની વિશાળતા માગે છે, સમજણની વિશાળતા માગે છે. જો વિશાળતા ન હોય તો મૂંઝવણ થાય એવું છે.

મુમુક્ષુ :– આ વાત સમજે તો લૌકિક અને સામાજિક બધા ઝઘડા મટી જાય.

પૂજ્ય ભાઈશ્રી :– બધું બધું મટી જાય. એક એક વાતનો આમાં તો ફેંસલો છે. એકે એક વાત, તમામ વાતનો ફેંસલો છે. બહાર ચર્ચા ચાલે (ત્યારે) અમે એમ કહીએ છીએ, No question remains unsolved. કોઈ એવો પ્રશ્ન નથી કે જેનું Solution અને સમાધાન આની અંદર નથી. એકેય પ્રશ્ન નથી રહેતો. લાવો ગમે તે પ્રશ્ન, ગમે ઇ બાજુથી. આત્મા સર્વાંગ સમાધાન સ્વરૂપ છે, સર્વાંગ સમાધાન સ્વરૂપ.

પછી બીજું (વચન) છે કે, **'પરદ્રવ્ય જાણ્યા વિના સ્વદ્રવ્ય જાણ્યું છે એમ કહી શકાય નહીં.'** હવે એકલું સ્વપ્રકાશક પકડીને બેઠો હોય તો મુસીબતમાં મુકાય જાય. એમ નથી. પરને જાણ્યા વિના તું પરથી ભિન્ન પડ્યો કેવી રીતે ? અનાદિથી પર

સાથે એકત્વ કરી રહ્યો છે. અભ્યાસમાં ઊભો છો, એને વશ તો અનાદિનો સંસાર છે, જન્મ-મરણ છે. તો પર પર છે એમ જાણ્યા વિના તેં સ્વને જાણ્યું કેવી રીતે ? એ જાણી શકાય જ નહિ. કોઈ એમ કહે કે પરને જાણ્યા વિના મેં સ્વને જાણ્યું છે. (તો) એને કાંઈ ખબર નથી. ન તો એને પરની ખબર છે ન તો એને કાંઈ સ્વની ખબર છે.

૩. **'સમ્મતિતર્કમાં શ્રી સિદ્ધસેન દિવાકરે કહ્યું છે, કે જેટલા વચનમાર્ગ છે તેટલા નયવાદ છે;...'** સમ્મતિતર્ક શ્રી સિદ્ધસેન દિવાકરે તૃતીય કાંડ ગાથા ૪૭ની અહીંયાં વાત લીધી છે. **'જેટલા વચનમાર્ગ છે તેટલા નયવાદ છે; અને જેટલા નયવાદ છે તેટલા જ પરસમય છે.'** જેટલા નયવાદ છે એમાંથી નયાભાસ થયા એટલા પરસમય ઉત્પન્ન થયા, અન્યમત ઉત્પન્ન થઈ ગયા. દૃષ્ટિકોણને સમજવામાં જરાક ભૂલ કરી અને ઇ ન્યાયને તોડ્યો, નયથી આઘો ગયો, નયના વિષયથી છોડીને જરાક આઘો ગયો (તો) નયાભાસ થયો, વિપર્યાસ થયો.

નય છે એ વસ્તુનું જેવું સ્વરૂપ છે એવું દર્શાવે છે. એમાં કલ્પના કરે એટલે આભાસ થાય છે. એ કલ્પના કહો, વાસ્તવિક્તાથી બીજું કહો, અન્યથા કહો અથવા મિથ્યા કહો અથવા વિપર્યાસ કહો એ બધું એમાં એક કલ્પનામાં આવી જાય છે.

પછી અક્ષય ભગતની એક કડી (લખી છે). અક્ષય એટલે અખા ભગત. મૂળ તો નામ એમનું નામ અક્ષય છે. પછી ગુજરાતીમાં અપભ્રંશ થઈને એને અખા કહે છે. અક્ષયને ખય કહે છે કે નહિ ગામડામાં ?

**'અક્ષયભગત કવિએ કહ્યું છે કે :– કર્ત્તા મટે તો છૂટે કર્મ, એ છે મહા ભજનનો મર્મ;...'** જીવને એક કર્તાપણું મટી જાય તો એને કર્મબંધન મટવા મંડે, કર્મ બંધન એનું છૂટી જાય. મહાભજન એટલે મોક્ષમાર્ગ. આત્માનું ભજન. એ એનો મર્મ છે.

**'જો તું જીવ તો કર્ત્તા હરિ, જો તું શિવ તો વસ્તુ ખરી;'** તેં તને સંસારી જીવ માન્યો તો તું ઈશ્વરકર્ત્તા માનવા માંડીશ કે હું જીવ છું. એક ઈશ્વર છે, આ જગતનું સંચાલન કરે છે. મને પણ દે છે, મને પણ લે છે, મને આપે છે, મારી પાસેથી લઈ લે છે, મને આપી દે છે. **'જો તું જીવ તો કર્ત્તા હરિ,...'** તો તને ઈશ્વરકર્ત્તા માનવો પડશે. અમે તો રહ્યા જીવ. ભગવાન કો'ક બીજો છે. જગત નિયંતા છે કોઈ. તેં તને જીવ તરીકે રાખ્યો, સંસારી જીવ તરીકે (રાખ્યો) તો કર્ત્તા હરિ. **'જો તું શિવ**

**તો વસ્તુ ખરી.'** જો તું પોતે જ પરમાત્મા છે તો આ વસ્તુ ખરી. જુઓ ! અન્યમતમાંથી કેવી કેવી (વાતો લીધી છે). વિચારવા જેવો વિષય છે.

મુમુક્ષુ :- રચના કરનારે તો ગમે ઇ દૃષ્ટિએ લખ્યું, 'શ્રીમદ્જી'એ એમાંથી તત્ત્વ કાઢ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, તત્ત્વ કાઢ્યું છે અને જેને ઊગ્યું છે એને કાંઈક સંસ્કાર બોલે છે એમ 'શ્રીમદ્જી'ને કહેવું છે. આને માર્ગાનુસારી કહ્યા છે. 'અખા'ને, 'કબીર'ને બધાને માર્ગાનુસારી કીધા છે. (કેમકે) એના સંપ્રદાયમાં વાત નથી અને એને આ વાત કેમ રુચિ ? બીજી તો ઘણી વિપરીત વાતો છે એમાં કોઈક આ વાત રહી ગઈ છે. જે બીજી ઘણીમાંથી વાત રહી ગઈ છે એ તો કો'ક રહી ગઈ. બાકી ઘણું વિપરીત થઈ ગયું. એમાં એણે આ કેમ પકડ્યું ? બીજું છોડી આના ઉપર કેમ વજન આપ્યું ? માટે ઇ આત્માને આ વાત રુચે છે. એ આત્માને જે આ તત્ત્વ રુચે છે. આવો ભાવ કાંઈક રુચે છે એ એને કાંઈક એના આત્માના સ્વભાવ સાથે થોડોક મેળ ખાય છે માટે એને માર્ગાનુસારી કીધા. ઝીણવટથી કાઢેલી વાત છે. માર્ગાનુસારી કીધા છે એમને એમ નથી કીધા. એની પાછળ એમને સમ્યક્જ્ઞાનમાં કાંઈક દેખાણું છે એટલે વાત કરી છે.

**'જો તું જીવ તો કર્ત્તા હરિ, જો તું શિવ તો વસ્તુ ખરી. તું છો જીવ ને તું છો નાથ,...'** જીવ કહો તોય તું અને પરમેશ્વર કહે તોપણ તું જ જો. બે વચ્ચે ભેદ શું કરવા પાડે છે ? **'તું છો જીવ ને તું છો નાથ, એમ કહી અખે ઝટક્યા હાથ.'** ઝટક્યા હાથ એટલે હવે મારે કહેવું નથી. છેલ્લામાં છેલ્લું કહી દીધું આ. તું પોતે પરમાત્મા છો, જેને તું જીવ કહે છો એ તું પોતે જ પરમાત્મા છો, બસ ! આથી વધારે હવે કહેવાની જરૂર નથી. આ છેલ્લી વાર કીધું. હાથ ઝટક્યા એટલે બધું કહી દીધું. હવે કહેવું કાંઈ નથી, એમ.

મુમુક્ષુ :- આપણે એક મુમુક્ષુ બહુ બોલતા.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એમને બહુ રુચતું હતું. ઇ વાત સાચી છે. એટલે એ ચાર બોલની અંદર છેલ્લો લીધો છે. અખા ભગતના પદની ત્રણ લીટી લીધી છે.

મુમુક્ષુ :- 'કર્ત્તા મટે તો છૂટે કર્મ', ફરીને લ્યો.

પૂજ્ય ભાઈશ્રી :- એટલે એમ કે 'સમયસાર' આખું આના ઉપર છે. જીવને

કર્ત્તા-કર્મપણું એ જ મિથ્યાશ્રદ્ધાન છે, એ જ મિથ્યાજ્ઞાન છે. અજ્ઞાન અને મિથ્યાદર્શન જે પરિભ્રમણનું, જન્મ-મરણનું મૂળ કારણ એ કર્ત્તા-કર્મની જીવની પ્રવૃત્તિ છે. તો 'અખા ભગતે' એના ઉપર પ્રહાર કર્યો છે કે તું કર્ત્તા મટ, મટી જા તો તને કોઈ કર્મ બંધાવાનો સવાલ નથી. નિષ્કર્મ અવસ્થા મોક્ષ એ દશા તને પ્રાપ્ત થઈ જશે અને એ મર્મ છે. આખી વાતનો મર્મ આ છે કે કર્ત્તાપણું છોડી દેવું. એટલે 'સમયસાર'નો સાર લઈ લીધો એમ કહીએ તો ચાલે.

**'જો તું જીવ તો કર્ત્તા હરિ...'** જગતમાં હરિને કર્ત્તા એટલે ઈશ્વરને કર્ત્તા માનવામાં આવે છે એમાં પોતે પોતાને જીવ તરીકે, સંસારી જીવ તરીકે રાખીને કર્ત્તાપણું માને છે પણ ખરેખર તો તું પોતે શિવ એટલે પરમાત્મા છો.

**'જો તું શિવ તો વસ્તુ ખરી;...'** તો એ તારું જ્ઞાન અને સમજણ ખરી તારી. તે સાચી વાત છે. જીવ તું છો અને પરમાત્મા પણ તું છો. એટલે પર્યાય અપેક્ષાએ તારી સંસારદશા છે એ વાત ઠીક છે. નિશ્ચયનયથી તું પરમાત્મા છો એ વાત બરાબર છે. બસ ! આમાં બધું આવી ગયું. હવે કાંઈ મારે કહેવું નથી. હાથ ખંખેરી નાખ્યા એણે. દ્રવ્યાયાર્થિક અને પર્યાયાર્થિક નય એક અડધી લીટીમાં સમાવે છે.

પ્રશ્ન :– બીજી લીટીમાં 'જો તું જીવ તો કર્ત્તા હરિ' કહ્યું એમાં તો એવું છે કે એ જો તું જીવ એટલે બીજો કોઈક ?

સમાધાન :– નહિ. જો તું જીવ એટલે જો પોતાને કોઈ સંસારી જીવ એકાંતે માને છે કે અમે રહ્યા સંસારી જીવ. તો એ ઈશ્વરને માને છે કે આપણા બધા સંસારીઓનું, આખા સંસારનું ઈશ્વર નિયંત્રણ કરે છે. તો ત્યાં આત્માને પરમાત્મા માનવાનું બાદ રાખવું પડે છે. એક ઈશ્વરને સ્વીકારીને બધા સંસારી જીવો એ જે કરે એ ખરું. એ આપે એ લેવાનું અને એ લઈ લ્યે, એ ન ઇચ્છા હોય તો દઈ દેવાનું. કેમકે એ કરે એ જ બધું બરાબર. માણસ લખે છે ને કાગળમાં ? ઈશ્વરને ગમ્યું તે ખરું. એનો અર્થ કે અમારી ઇચ્છા નથી. એટલે કોની ઇચ્છા હોય ? એવી કોની ઈચ્છા હોય ? ઈશ્વરને ગમ્યું તે ખરું. એ પોતાને કાયમ માટે, સદાને માટે પોતાને સંસારી માનવામાં ઈશ્વરકર્ત્તા સ્વીકારવો પડશે.

ઈશ્વરકર્ત્તાની માન્યતા એમાંથી નીકળી છે કે પર્યાયાર્થિક નયનો વિષય કે જીવને સંસાર અવસ્થા છે એ અવસ્થા એને એનું મૂળ સ્વરૂપ જ માની લીધું. સદાને માટે

એણે પોતાનું એવું સ્વરૂપ માની લીધું એટલે એને ઈશ્વરકર્ત્તા સ્વીકારવાનો વારો આવશે. પણ ખરેખર તો તું જ પરમાત્મા છો એ વસ્તુ ખરી છે, એ વાત ખરી છે. એ શ્રદ્ધા-જ્ઞાન ખરું છે એમ લેવું જોઈએ. તો કહે પણ જીવ છે એ તો સંસાર તો નજર સામે દેખાય છે કે જીવને આ સંસાર છે. તો કહે તું જીવ છો અને તું જ પાછો પરમેશ્વર છો બન્ને વાત છે. સમજવાની મહેનત કર. મેં તો તને કહેવું હતું તે કહી દીધું. હવે તારે અંતર ખોજ કરીને આ વાતનો નિર્ણય કરવો એ તું કરી લે. મેં તો મારે જે કહેવું હતું એ કહી દીધું.

ગૂઢ ભાષામાં જે કાંઈ કહેવું તે કહી દીધું કે તું જ જીવ અને તું જ પરમેશ્વર. દ્રવ્યાર્થિકનયથી અને પર્યાયાર્થિકનયથી બંને તું જ છો. એ બંને વચ્ચે જે કાંઈ પરિસ્થિતિ છે એ સમજી લે. મારે આથી કાંઈ વધારે કહેવું નથી. આટલી વાત સમજ એટલે તને આગળનું બધું સમજાઈ જશે. શું કરવું ? શું ન કરવું ? શું કર્તવ્ય ? શું અકર્તવ્ય ? એ બધો નિર્ણય, આ દ્રવ્યાર્થિક અને પર્યાયાર્થિકનયથી પોતાનો નિર્ણય થાય કે પોતે કોણ અને કેવો છે ? એટલે કર્તવ્ય અને અકર્તવ્યનો યથાર્થ નિર્ણય થાય અને એ પહેલા કોઈ યથાર્થ નિર્ણય થતો નથી. સંક્ષેપમાં આટલી બધી વાત લખી છે એટલે એમને સ્થાન આપ્યું છે.

પ્રશ્ન :– કોઈપણ મિથ્યાદૃષ્ટિ હોય, ઈશ્વર કર્તાવાદી થઈ જાય ?

સમાધાન :– હા, પછી મિથ્યાત્વ અભિપ્રાયમાં બધું જ પડ્યું છે, બધું પડ્યું છે પછી. પછી એવું છે કે મિથ્યા અભિપ્રાયમાં ઈશ્વર કર્તાવાદીઓ પણ છે અને ઈશ્વરકર્તા નથી એવા વાદીઓ પણ છે. કર્મકર્તાવાદી છે પછી વેદાંતની અંદર બીજી પણ ફિલસૂફી છે કે કોઈ ઈશ્વર નથી. એક પરમબ્રહ્મ છે. બીજી વસ્તુ જ નથી જગતમાં. જે જડ-ચેતન દેખાય છે એક જ પરમબ્રહ્મના અંશો દેખાય છે. એ તો એનું Logic એમ આવે છે કે બે વસ્તુ માનો તો આ મારું અને આ તારું એમ થાય ને. તો મારા પ્રત્યે રાગ થશે અને મારું નથી એના પ્રત્યે દ્વેષ થશે. તો રાગ-દ્વેષ મટાડવા માટે શું કરવું ? તો મારું-તારું છોડવું. મારું-તારું છોડવું તો શું કરવું ? મારું-તારું છે જ નહિ એમ સમજવું. એમ કેમ સમજવું ? એક વસ્તુ જો રાખી હોય તો એમ સમજાય. એટલે એણે Logic ગોઠવ્યું આખું એના ઉપર.

વિભાવ મટાડવા માટે જેની જેટલી બુદ્ધિ ચાલી એટલી યુક્તિ કરી. એ યુક્તિ

કરી છે. ત્યારે જૈનદર્શનમાં કેવળજ્ઞાનને કે સર્વજ્ઞને સ્થાપીને સર્વજ્ઞે આ પદાર્થો જોયા છે અને એ અનુસાર જીવનું સ્વરૂપ, નિશ્ચય સ્વરૂપ, વર્તમાન દશાથી એનું વ્યવહાર સ્વરૂપ અને એની જેટલી બધી મૂંઝવણો છે એનું સ્વરૂપ, એ મૂંઝવણો ટળે તો એના મોક્ષમાર્ગનું જ્ઞાનનું સ્વરૂપ બધી વાતનું Logic ચારે બાજુથી સમ્યક્ પ્રકારે ક્યાંય અસમાધાન ન થાય, એક પ્રશ્ન ઊભો ન રહે, ન કહ્યું ? સર્વાંગ સમાધાન થાય એ વિષયનું નિરૂપણ સર્વજ્ઞ અનુસારી આગમોમાં આવ્યું. બીજે ક્યાંક અને ક્યાંક એને વાંધો આવ્યા વિના રહે નહિ.

કેવી રીતે વાંધો આવે ? એ તો સીધી વાત છે કે જો એક પરમબ્રહ્મ માનો અને મારું-તારું ન માનો તો પછી કોઈના પ્રત્યે રાગ-દ્વેષ કરવાનું નહિ રહે. તો કહે છે કે, ઊભા રહો. એક જીવ પ્રગટપણે પોતાના કર્મની દશા નારકીમાં ભોગવતો જોવામાં આવે છે. બીજો એક જીવ પ્રગટપણે બધા શુભભાવનું પુણ્યનું ફળ (ભોગવતો) સુખી થતો જોવામાં આવે છે. તો એ તો નિર્વિવાદ વાત છે કે એક જીવ ઘણો દુઃખી, એક જીવ ઘણો સુખી આ નજર સામે દેખાય છે. આનું સમાધાન કેવી રીતે લાવશો ?

મુમુક્ષુ :– બ્રહ્મની લીલા છે.

પૂજ્ય ભાઈશ્રી :– બ્રહ્મની લીલા થઈ તો ઇચ્છા થઈ. બ્રહ્મ તો નિરઇચ્છીક છે. એમના મતે બ્રહ્મને ઇચ્છા નથી. તો એમાં વિરોધ ઊભો થયો. અને જો એક જીવ ઘણો દુઃખી અને એક જીવ ઘણો સુખી તો એક વસ્તુ ન રહી. ક્યાં વાંધો આવે મૂળમાં ? કે એક વસ્તુ ન રહી. અને એક વસ્તુ ન રહી, બીજું કે પોતે અત્યારે દુઃખી છે એને દુઃખ મટાડવું છે એ વાત ન રહી. મારું દુઃખ કેમ મટે ? આ તો બધાને સમસ્યા છે. સંસારના બધા પ્રાણી દુઃખી દેખાય છે. સૌને એમ છે કે મને સુખ મળી જાય તો સારું. કોઈને દુઃખ જોઈતું નથી અને બધાને સુખ જોઈએ છે. હવે આ જે દરેકની સમસ્યા છે એ સમસ્યાનું શું ? કે હું દુઃખી છું એનું શું ? એટલે એ બધા પ્રશ્નોના કોઈ જવાબ, સમાધાન ત્યાં મળશે નહિ. એક પરમબ્રહ્મ માનતા એ સમાધાન નહિ મળે. એવી રીતે કોઈપણ નયાભાસ છે ત્યાં પરસ્પર વિરોધ ઊભો થાય છે. પૂર્વાપર વિરોધ ત્યાં આવ્યા વિના રહેતો નથી.

આ વસ્તુદર્શન અનુસાર સિદ્ધાંત છે અને સિદ્ધાંત અનુસાર ઉપદેશ છે. અહીંયાં જૈનદર્શનમાં શું વ્યવસ્થા છે ? કે પદાર્થદર્શન છે એ અનુસાર એના સિદ્ધાંત કહ્યા

કે પદાર્થ આવો છે.... આવો છે.... આવો છે... આવો છે. વ્યવહાર-નિશ્ચય, વિભાવ-સ્વભાવ, વિકાર-અવિકાર, જડ-ચેતન બધા ફેંસલા કર્યા છે. એ વસ્તુના દર્શન અનુસાર સિદ્ધાંત કહ્યાં. સિદ્ધાંતના પાયા ઉપર ઉપદેશબોધ છે. જ્યારે બીજે બધે ઉપદેશબોધ છે પણ સિદ્ધાંત નથી. કેમકે સિદ્ધાંત લાવે ક્યાંથી ? કેવળજ્ઞાન વગર વસ્તુદર્શન હોય નહિ. વસ્તુદર્શન વગર સિદ્ધાંત હોય નહિ. ઉપદેશ અદ્ધરથી હોય તો ઉપદેશ તો બધે સારો લાગે. બહુ સરસ ઉપદેશ છે. કોઈ ધર્મમાં કાંઈ ખરાબ ઉપદેશ આવે જ નહિ. ઉપદેશનો વિષય બુદ્ધિગમ્ય છે તો બુદ્ધિ ચલાવીને ઉપદેશમાં તો આવી જાય છે. સિદ્ધાંતનું શું ? ઉપદેશમાં સિદ્ધાંતના આધાર વિના ટકી શકાય નહિ, ઉપદેશને નિભાવી શકાય નહિ, ગ્રહણ કરી શકાય નહિ. ઉપદેશ ક્ષણજીવી નિવડે. એટલે એનો કોઈ કાયમી રસ્તો અને કાયમી ઉકેલ નીકળતો નથી. આ જગ્યા સિવાય બીજે કાયમી ઉકેલ નીકળતો નથી. એવો વિષય છે.

મુમુક્ષુ :- કેટલાક લોકો સિદ્ધાંતને બુદ્ધિગમ્ય કરે છે, ઉપદેશબોધને અનુસરતા નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં પ્રશ્ન શું છે ?

મુમુક્ષુ :- એકલા સિદ્ધાંતબોધનું જ્ઞાન થવાથી આ પણ એક નુકસાનનું કારણ નથી ?

પૂજ્ય ભાઈશ્રી :- વાત એમ ચાલી કે, અહીંયાં વસ્તુદર્શનપૂર્વક સિદ્ધાંતબોધ છે અને એમ સિદ્ધાંતબોધ હોવો જોઈએ. આપણે વાત એમ ચાલી. તમે પ્રશ્નમાં એક વાત છોડી દીધી છે. વસ્તુદર્શનની વાત છોડી દીધી. મૂળમાં વસ્તુદર્શન અનુસાર જો સિદ્ધાંતનું ગ્રહણ હોય કે સિદ્ધાંતબોધ પ્રાપ્ત થયો હોત તો ઉપદેશબોધ આવ્યા વિના રહે નહિ, ટક્યા વિના રહે નહિ, વૃદ્ધિગત થયા વિના રહે નહિ, પૂર્ણ થયા વિના રહે નહિ. મૂળમાં વસ્તુદર્શન ન હોય તો સિદ્ધાંત એના માટે સિદ્ધાંત નથી, એક કલ્પના છે.

વસ્તુદર્શન વિના સિદ્ધાંતજ્ઞાન, સિદ્ધાંતજ્ઞાન નથી પણ જ્ઞાનની જગ્યાએ કલ્પિત જ્ઞાન અથવા કલ્પના છે. એ કલ્પના કહો. એ કલ્પનાના આધારે કેમ ટકશે ? અને કલ્પનાના આધારે લીધેલો ઉપદેશ, ખરેખર તો એને ઉપદેશ જ મળતો નથી. મોટાભાગે

તો ઉપદેશબોધમાં એ જીવ આવતો નથી એનું કારણ એ છે કે કલ્પનાએ ચડેલા છે. એમ છે. નહિંતર તો સિદ્ધાંતબોધમાંથી ઉપદેશબોધમાં આવ્યા વિના રહે જ નહિ.

પ્રશ્ન :– એટલે સિદ્ધાંતબોધમાંથી ઉપદેશબોધ મળે ? કે ઉપદેશબોધ હોય તો સિદ્ધાંતબોધ એને મળે ?

સમાધાન :– એમાં ઉપદેશબોધમાં શું લેવું છે ? કે દર્શનમોહનો અનુભાગ ઘટે એવી સ્થિતિમાં સિદ્ધાંતબોધને ગ્રહણ કરવાની યોગ્યતા છે, સિદ્ધાંતબોધને સમજવાની (યોગ્યતા છે). (ઉપદેશબોધ વિના) જો સિદ્ધાંતબોધને સ્પર્શવા જાય તો એને સિદ્ધાંતબોધ, વસ્તુદર્શન થતું નથી. કેમકે જ્ઞાન ઘણું મલિન છે. મતિ-બુદ્ધિ મલિન થયેલી છે એમાં સિદ્ધાંતબોધ એટલે વસ્તુદર્શન થતું નથી. દર્શન થવું એટલે પ્રતિબિંબ થવું. જ્ઞાનના અરીસામાં, જ્ઞાનના અરીસામાં વસ્તુનું પ્રતિબિંબ નથી આવતું. કેમકે અરીસો મેલો છે. ઉપર મેલ લાગેલો છે, માટી લગાડેલી છે. માટી સાફ કરવા જેટલો તો ઉપદેશબોધ પહેલા જોઈએ. એમ બંનેનું જુદાં જુદાં Stage (ઉપર) સંતુલન છે. ક્યા Stage (ઉપર) કેટલું સંતુલન છે એના વિસ્તારના આ બધા આગમ છે, શાસ્ત્રો છે. કે ક્યા જીવને કેવા પ્રકારની યોગ્યતામાં ક્યા પ્રકારે કેમ ચાલવું ?

સત્પુરુષને શું કરવા વચ્ચે નાખ્યા ? કે, જીવને પોતાને ખબર નથી. હું ક્યાં ઊભો છું ? મારામાં કેટલું અજ્ઞાન છે ? મારામાં કેટલો મિથ્યાત્વનો દોષ છે ? મારામાં કેટલો ચારિત્રનો દોષ છે ? આ બધા પ્રકારના દોષમાં પોતે ક્યાં ઊભો છે એને ખબર નથી. અને હાથે હાથે ડહાપણ કરવા જાય એ તો Medical storeમાંથી ગમે ઇ દવા ખાય લેવા જેવી વાત છે. દવા છે ને આપણે ક્યાં ઝેર ખાઈએ છીએ. પણ નહિ દવામાં ઝેર પણ હોય છે.

એમ જે ઉપદેશમાંથી અમૃત નીકળે છે એ જ ઉપદેશને અયથાર્થપણે ગ્રહણ કરે તો એમાંથી ઝેર નીકળે. આ નયાભાસ શેમાંથી થયા ? ગૃહીત મિથ્યાત્વ ક્યાંથી થયું ? ભગવાનનો ઉપદેશ સાંભળીને અયથાર્થ ગ્રહણ કર્યું. અમૃત છે ત્યાં જ ઝેર છે. એક જ સમુદ્રમાંથી બે નીકળ્યા છે. એટલે ત્યાં સત્પુરુષને નાખ્યા. સત્પુરુષને પોતે નાખ્યા કે અમારે ઇચ્છા નથી, કાંઈ સ્પૃહા નથી પણ આ એક વસ્તુસ્થિતિ છે કે, 'પાવે નહિ ગુરુગમ વિના, એહી અનાદિ સ્થિતિ' આ અનાદિની સ્થિતિ છે. એટલે એને માર્ગદર્શન માટે સત્પુરુષ એમ કહેશે કે, અત્યારે તને આ જરૂર છે, અત્યારે

તને આ જરૂર છે. તું મોક્ષની ઊંચી વાત કર માં. સત્સંગમાં જા. મોક્ષ કરતા પણ તને સત્સંગ પ્રિય છે ? આવ્યું ? ૨૬૯ (પત્ર). મોક્ષ કરતાં પણ સત્સંગ પ્રિય છે. એનો અર્થ એ છે કે તું અત્યારે બીજી વાતમાં આવીશ પણ તને શું જરૂર છે એ તને ખબર નથી. એટલે ક્યાં કોને શું જરૂર છે ? એ ઉપર બેઠા છે એને ખબર છે કે નીચેવાળાને શું અત્યારે ક્યા પગથિએ પગ મુકાવવો છે.

એ રીતે એને - 'સોભાગભાઈ'ને ખેંચે છે. ગૃહીત મિથ્યાત્વના સંગમાં પડ્યા છે એને છેક સુધી લઈ ગયા છે. આ ભલે પત્રનો એક કથાનુયોગ છે પણ એટલી ખૂબીઓ જોવા મળશે આની અંદરથી કે એક સત્પુરુષે એક મુમુક્ષુને સમ્યગ્દર્શન અને મોક્ષમાર્ગ સુધી લઈ જવામાં કેટલી વિચક્ષણતા વાપરી છે ! કુંભાર માટલું ઘડે (ત્યારે) અંદરથી પણ ઠપકારે અને બહારથી પણ ઠપકારે. ક્યાંય તિરાડ પડવા દે નહીં. માટલું ફૂટવા દે નહીં, કાણું પડે નહીં. ઘાટ એવો ઘડે કે પાણી ભરાય અને ઠંડું, શીતળ પાણી પી શકાય એમાં. ઉપરથી પણ ઘડે અને અંદરથી પણ ઘડે. એને આવે છે, મારવાનું એક સાધન આવે છે ઠક...ઠક...ઠક....ઠક....ઠક.... કર્યા કરે. જોરથી પણ મારે નહિ, હળવેથી પણ મારે નહિ. એવું જોરથી ન મારે કે તિરાડ પડી જાય, એવું હળવેથી ન મારે કે ઘાટ ન ઘડાય. આવું જ્ઞાનીઓનું, સત્પુરુષોનું, શ્રીગુરુઓનું એ સ્થાન છે.

મુમુક્ષુ :- અમને સત્પુરુષે ઘણા ધોકા માર્યા પણ ગોદડા ઓઢીને બેઠા છીએ.

પૂજ્ય ભાઈશ્રી :- એ લીધું છે કે દર્શનમોહરૂપી જાડું તીવ્ર ગોદડું ઓઢ્યું છે એને સત્પુરુષના ઉપદેશની લાકડી વાગતી નથી. જેનો દર્શનમોહ પાતળી સાડી, ધોતિયા જેવા વસ્ત્ર (જેવો છે) એને સત્પુરુષના ઉપદેશની અસર થાય છે. એ વાત લીધી છે. ૨૮૪ (પત્ર પૂરો થયો).

પત્રાંક-૨૮૫

વવાણિયા, આસો સુદ ૭, શુક્ર, ૧૯૪૭

ૐ

અપૂર્વ પોતાથી પોતાને પ્રાપ્ત થવું દુર્લભ છે; જેનાથી પ્રાપ્ત થાય છે, તેનું સ્વરૂપ ઓળખાવું દુર્લભ છે, અને જીવને ભુલવણી પણ એ જ છે.

આ પત્રમાં લખેલાં પ્રશ્નોનો ટૂંકામાં નીચે ઉત્તર લખ્યો છે :-

૧-૨-૩, એ ત્રણે પ્રશ્નો સ્મૃતિમાં હશે. એમાં એમ જણાવ્યું છે કે, – '(૧) ઠાણાંગમાં આઠ વાદી કહ્યા છે, તેમાં આપને તથા અમારે કયા વાદમાં દાખલ થવું ? (૨) એ આઠ વાદથી કોઈ જુદો મારગ આદરવા જોગ હોય તો તે જાણવા સારુ આકાંક્ષા છે. (૩) અથવા આઠે વાદીના માર્ગનો સરવાળો કરવો એ જ મારગ છે કે શી રીતે ? અથવા તે આઠ વાદીના સરવાળામાં કાંઈ ન્યૂનાધિકતા કરી માર્ગ ગ્રહણ કરવા યોગ્ય છે ? અને છે તો શું ?'

આમ લખ્યું છે; તે વિષે જાણવાનું કે, એ આઠ વાદીનાં બીજા તે સિવાયનાં દર્શનોમાં - સંપ્રદાયોમાં – માર્ગ કંઈક (અન્વય) જોડાયેલો રહે છે, નહીં તો ઘણું કરીને જુદો જ (વ્યતિરિક્ત) રહે છે તે વાદી, દર્શન, સંપ્રદાય એ બધાં કોઈ રીતે પ્રાપ્તિમાં કારણરૂપ થાય છે; પણ સમ્યક્‌જ્ઞાની વિનાના બીજા જીવોને તો બંધન પણ થાય છે. માર્ગની જેને ઇચ્છા ઉત્પન્ન થઈ છે, તેણે એ બધાનું સાધારણ જ્ઞાન વાંચવું, વિચારવું; બાકીમાં મધ્યસ્થ રહેવું યોગ્ય છે. સાધારણ જ્ઞાનનો અર્થ આ ઠેકાણે એવો કરવો કે બધાં શાસ્ત્રમાં વર્ણવતાં અધિક જુદાઈ ન પડી હોય તેવું જ્ઞાન.

'તીર્થંકર આવી ગર્ભમાં ઊપજે અથવા જન્મે ત્યારે અથવા ત્યાર પછી દેવતાઓ જાણે કે આ તીર્થંકર છે ? અને જાણે તો શી રીતે ?' એના ઉત્તરમાં : સમ્યક્જ્ઞાન જેને પ્રાપ્ત થયું છે એવા દેવતાઓ 'અવધિજ્ઞાનથી' તીર્થંકરને જાણે, બધા ન જાણે. જે પ્રકૃતિઓ જવાથી 'જન્મથી' તીર્થંકર અવધિજ્ઞાનસંયુક્ત હોય છે, તે પ્રકૃતિઓ તેમાં નહીં દેખાવાથી તે સમ્યક્જ્ઞાની દેવતાઓ તીર્થંકરને ઓળખી શકે છે. એ જ વિજ્ઞાપન.

મુમુક્ષુતાની સન્મુખ થવા ઇચ્છતા તમો બન્નેને યથાયોગ્ય પ્રણામ કરું છું.

ઘણું કરીને પરમાર્થ મૌન એમ વર્તવાનું કર્મ હાલ ઉદયમાં વર્તે છે અને તેને લીધે તેમ જ વર્તવામાં કાળ વ્યતીત થાય છે. અને તે જ કારણથી આપના પ્રશ્નોને ઉપર ટૂંકામાં ઉત્તરયુક્ત કર્યા છે.

શાંતમૂર્તિ સૌભાગ્ય હાલ મોરબી છે.

૨૮૫ પત્ર છે 'અંબાલાલ લાલચંદભાઈ' કરીને. મથાળું છે કે, **'અપૂર્વ પોતાથી પોતાને પ્રાપ્ત થવું દુર્લભ છે.'** છે ? આ મથાળું બાંધ્યું મોટા અક્ષરે કે અપૂર્વ એવું પોતાનું આત્મસ્વરૂપ પોતાથી પોતાને પ્રાપ્ત થવું દુર્લભ છે. અપૂર્વ એવું સમ્યગ્દર્શન, અપૂર્વ એવું આત્મદર્શન એ સ્વયં પોતાથી પોતાને પ્રાપ્ત થવું દુર્લભ છે. જો એ સ્થિતિ ન હોત તો કે 'દીનો પામ્યો હોત એ.

મુમુક્ષુ :- બધાયને અનુભવ છે કે 'ગુરુદેવ' ન મળ્યા હોત તો આપણે પહેલા કેવા હતા. બધાને અનુભવ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એ તો અનુભવ છે પણ એ તો હજી અપૂર્વ નથી આવ્યું તોપણ એટલો અનુભવ છે. અપૂર્વ આવે ત્યારે તો એની બીજી છાપ પડે. એની છાપ પણ અપૂર્વ પડે છે ! આ તો અપૂર્વ આવ્યા પહેલા આટલી ખબર પડે છે.

અપૂર્વ આવે ત્યારે કેવી ખબર પડે એ લોકોત્તર વિષય છે.

**'અપૂર્વ પોતાથી પોતાને પ્રાપ્ત થવું દુર્લભ છે;...'** એ અનંતકાળ વ્યતીત થયો એનું એક કારણ છે. બીજી વાત એમાં એ કરવી છે કે સત્પુરુષ મળવા છતાં જ્યારે સત્પુરુષનો નિષેધ થાય એ બાર અંગના સારને ભૂલ્યો છે. બાર અંગમાંથી ક્ષયોપશમમાં વસ્તુની સમજણ કરવી એ કાંઈ અઘરી વાત નથી. એટલે આ બધું તત્ત્વજ્ઞાનનું નિરૂપણ જે કર્યું છે એ સમજવું એટલું અઘરું નથી. પણ એવું અનંત વાર સમજ્યા પછી સત્પુરુષને વળગી શક્યો નથી. આ વાત એમણે કોઈ કોઈ જગ્યાએ કહી છે. 'શ્રીમદ્જી'એ આ વાત કરી છે કે જીવ આ જગ્યાએ ભૂલ્યો છે. બીજી બીજી બધી જગ્યાએ ભૂલ્યો નથી એવા પ્રકાર બન્યા છે. જ્યારે આ જગ્યાએ નથી ભૂલ્યો એવો એક વાર પણ પ્રકાર નથી બન્યો. એકવાર પણ જો એ પ્રકાર બને તો તરી ગયો હોત.

ફરીથી, કે જપ-તપ કર્યા એમાં એણે કાંઈ કસર ન રાખી. છ-છ મહિના ઊંધા માથે નીચે અગ્નિ સળગાવીને ખાધા-પીધા વિનાના તપ કર્યા છે અને શાસ્ત્રજ્ઞાનમાં પણ અગિયાર અંગ અને નવ પૂર્વનું જ્ઞાન એટલે ફાટફાટ જ્ઞાન, ઉઘાડ કહેવાય. એમાં બાકી નથી રાખ્યું.

મુમુક્ષુ :– છેલ્લામાં છેલ્લું.

પૂજ્ય ભાઈશ્રી :– નહિ છેલ્લામાં છેલ્લું તો બાર અંગનું છે. પણ અગિયાર અને નવ પૂર્વનો ઉઘાડ એટલે લબ્ધિથી થાય. ભણ્યે ન આવડે. એટલો કષાય મંદ થયો હોય, એટલી તપશ્ચર્યાઓ કરી હોય અને લબ્ધિ, રિદ્ધિસિદ્ધિ પ્રગટે ત્યારે એને અગિયાર અંગ અને નવ પૂર્વનું જ્ઞાન (થાય). કેમકે અબજો શ્લોકોનું જ્ઞાન છે અને કંઠસ્થ હોય પાછું. અબજો શ્લોકો કંઠસ્થ હોય, કરોડો નહિ. ભૂલ્યો શું કામ ? તો પછી શું કરવા એનો સંસાર ન મટ્યો ? એને જન્મ-મરણના દુઃખ કેમ છૂટ્યા નહિ ? તો કહે, એક જગ્યાએ ભૂલ્યો છે અને તે સત્પુરુષના વિષયમાં ભૂલ્યો છે. આ વાત અહીંયાં બહુ માર્મિક રીતે કરી છે.

જ્યારે સત્પુરુષનું પ્રકરણ ચાલ્યું ત્યારે એ વાત કરી હતી. બહુ જોરથી કરી હતી કે, આ ભૂલ કરવા જેવી નથી. આ જગ્યાએ જ જીવ ભૂલ્યો છે. અનંતકાળમાં ભૂલે છે એ આ એક જગ્યા છે અને આ જગ્યાએ તો ભૂલ થવી જ ન જોઈએ. બીજી

બધી ગમે તે ભૂલ થશે તે ક્ષમ્ય છે. આ ભૂલ અક્ષમ્ય છે.

મુમુક્ષુ :- મળ્યા પણ ન મળ્યા બરાબર છે.

પૂજ્ય ભાઈશ્રી :- ન મળ્યા બરાબર થઈ જશે.

પ્રશ્ન :- આ લબ્ધિ કેમ ન મળે ? આ લબ્ધિ એને આટલી મળી હશે ત્યારે કાંઈક સદ્‌ગુરુનો ઉપકાર હશે ત્યારે મળી હશે ને ?

સમાધાન :- નહીં...નહીં... કષાયની મંદતા.

મુમુક્ષુ :- જ્ઞાનની કાંઈ કિંમત નથી.

પૂજ્ય ભાઈશ્રી :- કાંઈ નહિ ને. કષાયની મંદતાની કિંમત નહિ, લબ્ધિની કાંઈ કિંમત નહિ. કેમકે મૂળ જે જન્મ-મરણ છૂટવા જોઈએ એ નથી છૂટ્યા. મૂળ વસ્તુ તો હાથમાં આવી નહિ.

**'અપૂર્વ પોતાથી પોતાને પ્રાપ્ત થવું દુર્લભ છે; જેનાથી પ્રાપ્ત થાય છે, તેનું સ્વરૂપ ઓળખાવું દુર્લભ છે,...'** હવે બીજું Second stage લે છે કે મૂળમાં તો પોતાને પોતાનું સ્વરૂપ ઓળખવું દુર્લભ છે અને બીજું એ દુર્લભ છે કે જેનાથી ઓળખાય છે એવા જે સત્પુરુષ એનું સ્વરૂપ ઓળખવું દુર્લભ છે. કેમ ? કે સત્પુરુષ રહ્યા છે સંસારમાં. અરિહંતનું સ્વરૂપ ઓળખવું સુલભ છે. કેમકે પરિપૂર્ણ વીતરાગ છે. એના મન-વચન-કાયાના યોગમાં નરી આંખે ચક્ષુ દર્શન થાય છે. તમને ક્યાંય દોષ કાઢવાની જગ્યા નહિ મળે. એટલા પરિપૂર્ણ નિર્દોષ થઈને ધ્યાનસ્થ અવસ્થામાં બેઠા છે.

નિર્ગ્રંથ મુનિનું પણ ઘણું નિર્દોષ સ્વરૂપ છે. એને ઓળખવા સહેલા છે પણ સત્પુરુષ ઓળખવા દુર્લભ છે. હવે એ ત્રણેમાં સત્પુરુષની સંખ્યા વધારે છે. મુનિઓની સંખ્યા એથી ઓછી છે, કેવળીની સંખ્યા એથી ઓછી છે. એટલે યોગ સત્પુરુષનો સૌથી વધારે થાય છે પછી જ્ઞાની-મુનિઓનો થાય છે, પછી કેવળીઓનો થાય. કેમકે એની સંખ્યા અલ્પ છે.

હવે ત્રણેની જાત એક છે. એકને ઓળખે તો ત્રણેને ઓળખે. એકને ન ઓળખે તો ત્રણેને ન ઓળખે. આ પરિસ્થિતિ છે. અને એનો જેને યોગ થાય છે એવા સંસારમાં રહેલા સત્પુરુષો છે એને ઓળખી નથી શકતો. કેમકે એની બહારની પરિસ્થિતિ વિરોધાભાસી છે. એટલે એની ઓળખાણ દુર્લભ છે.

પ્રશ્ન :- જ્ઞાનીને ન ઓળખવા પાછળ મોટામાં મોટું કારણ ક્યું ?

પૂજ્ય ભાઈશ્રી :- મોટામાં મોટું કારણ પોતાની અપેક્ષાએ પોતાની યોગ્યતા. બીજું કાંઈ નહિ. જ્ઞાનીને કેમ પોતે ન ઓળખ્યા ? કે પોતાની યોગ્યતાને લઈને ન ઓળખ્યા. બીજું શું કારણ બને ? કોઈ બીજાના કારણે પોતે ન ઓળખ્યા એમ કરીને પોતાનો દોષ બીજા માથે લઈ જવાય કાંઈ ? એ તો પ્રામાણિકતા નથી કાંઈ. દોષ પોતાનો જ છે.

ઓળખવાની પોતે મહેનત ક્યારે કરી ? હવે આ સવાલ છે. સમાગમમાં ગયો, ઉપદેશ સાંભળ્યો. વાત સાંભળી વાહ...વાહ... કરી. બહુ સરસ...બહુ સરસ... બહુ સરસ... ઓળખવાની મહેનત ક્યારે કરી ? હવે આ સવાલ છે. સવાલની સામે સવાલ છે કે ઓળખવાની મહેનત ક્યારે કરી ? કેટલી કરી ? અને કેટલી દરકાર કરી ? દરેક જણાએ આ એક તપાસી લેવા જેવો વિષય છે. તો પોતાને ખ્યાલ આવશે. આજ દિવસ સુધીનું સરવૈયુ કાઢશે તો ખ્યાલ આવશે કે આ દિશામાં મેં પગલું જ માંડ્યું નથી. લોલેલોલ તો કર્યું છે કે, 'ગુરુદેવ'ની જય હો.., 'બહેનશ્રી'ની જય હો, ફલાણાની જય હો. 'કુંદકુંદાચાર્યદેવ'ની જય હો, 'સીમંધર' ભગવાનની જય હો. 'મહાવીર' ભગવાનની જય હો. પણ ઓળખવાની મહેનત ક્યારે કરી ? આ એક વિચારવા જેવો વિષય છે.

પ્રશ્ન :- પોતાની યોગ્યતા એ અંતરંગ કારણ છે. બાહ્ય કારણમાં ?

સમાધાન :- બાહ્ય કારણ તો બહુ છે. કોઈપણ હાલતમાં ઓળખાય છે. એવી કોઈ પરિસ્થિતિ નથી કે બાહ્ય કારણ ઓળખવામાં નડે. કેમકે આ તો એક જ્ઞાનની ક્રિયા છે, બુદ્ધિનો વિષય છે, મતિનો વિષય છે. એટલે કોઈપણ બાહ્ય કારણ હોય નહિ. ક્ષેત્રથી બાહ્ય કારણ માગ્યું યોગ ન થાય તો કેવી રીતે ઓળખે ? એવા અંતરાય નાખ્યા હોય.

પોતે એવા જાણ્યે અજાણ્યે અંતરાય નાખ્યા હોય દેવ-ગુરુ-શાસ્ત્ર ને સત્પુરુષનો યોગ બીજાને થાય એમાં પોતે અંતરાય નાખ્યા હોય કે આ ન થવું જોઈએ. ત્યારે આ બધી પરિસ્થિતિ ઊભી થાય છે કે જીવને બહુ લાંબા કાળ સુધી દેવ-ગુરુ-શાસ્ત્ર અને સત્પુરુષનો યોગ થતો નથી. આ એને બાહ્ય કારણ હોય તો આટલું જ છે. પણ એ બાહ્ય કારણ (પણ) એ અંતરંગ કારણનું ફળ છે. એ બાહ્ય કારણ શું છે ? અંતરંગ કારણનું ફળ છે કે પોતે એવા પરિણામ કર્યા છે કે એને યોગ જ થતો નથી.

હવે ચીજ સામે આવે નહિ તો ઓળખવાની (વાત ક્યાં રહે છે ?) સામે આવે ઓળખવાની તસ્દી ન લ્યે એવો હજી તો પોતે છે, તો સામે જ ન આવે તો ક્યાંથી તસ્દી લ્યે ? સંયોગની એવી ચિંતા અને સંયોગની એવી પરિસ્થિતિ છે જે સંયોગમાંથી ઊંચો આવતો નથી. પોતાની અનુકૂળતાઓની પ્રાપ્તિ અને પ્રતિકૂળતાઓને મટાડવાની જે એની ઇચ્છાઓ, એની ગુંચવણમાંથી અને મૂંઝવણમાંથી બહાર આવી શકતો નથી.

મુમુક્ષુ :- ૨૪ કલાકમાં નવરો જ નથી થતો.

પૂજ્ય ભાઈશ્રી :- નવરો જ ન થાય એવી સંસારી જીવની પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- એમાં પાછો આ કાળ.

પૂજ્ય ભાઈશ્રી :- એમાં આ કાળ બહુ વિષમ. એની અંદર યોગ ન હોય એ તો પ્રત્યક્ષ જોવામાં આવે છે કે મૂઠ્ઠીભર માણસોને આમાં યોગ હોય છે. બાકીનાને યોગ નથી. તો એને તો ક્યાં વારો આવવાનો છે ? હવે યોગ છે એમાં દરકાર કેટલાને છે કે એની અંતરંગ પરિણતિ સુધી ચાલ્યો જાય ? એટલી દરકાર નહિ, એટલો સમાગમ, એટલી જિજ્ઞાસા, એટલી ભાવના અને એના ઉપર જ આખી પોતાની શક્તિ કેન્દ્રિત કરે એકવાર કે જો સત્પુરુષને ઓળખીશ તો આગળનો વિષય સહેલો છે અથવા તો 'શ્રીમદ્જી'એ તો Guarantee દીધી. એક સત્પુરુષને શોધ, બીજું કાંઈ શોધમાં. પછી મોક્ષ ન મળે તો મારી પાસે આવજે. હું આપીશ તને. મારી જામીનગીરી આપું છું પછી શું જોઈએ તારે ? જામીન થયા છે પોતે. સત્પુરુષને ઓળખ્યા પછી મોક્ષ ન મળે તો 'શ્રીમદ્ રાજચંદ્રજી' પોતે જામીન થયા છે એના મોક્ષ માટે. આથી (વધારે) બીજું શું કહે હવે ? એમણે જે વજન આપ્યું છે...

મુમુક્ષુ :- જ્ઞાની પ્રત્યે સર્વાર્પણબુદ્ધિ..

પૂજ્ય ભાઈશ્રી :- હા. ઓળખીને. એમ ને એમ ને નહિ, ઓઘે ઓઘે નહિ. ઓઘે ઓઘે અનંતવાર કરે છે. કરે છે અત્યારે લોકો અને આપણે પણ અનંતવાર ઓઘેઓઘે કર્યું. કેમકે અપૂર્વ ભક્તિ તો ઓળખ્યા વિના ન આવે. સર્વાર્પણપણું જે રીતે યથાર્થપણે આવવું જોઈએ એ ઓળખ્યા વગર ન આવે.

એટલે બીજું Stage લીધું. એક તો પોતાનું સ્વરૂપ પોતાને પોતાથી પ્રાપ્ત થવું દુર્લભ છે અથવા એ તો અશક્ય છે. **'જેનાથી પ્રાપ્ત થાય છે, તેનું સ્વરૂપ ઓળખાવું દુર્લભ છે,...'** કઠણ છે. **'અને જીવને ભૂલવણી પણ એ જ છે.'** આમાં જ ભૂલવણી

છે, અહીંયાં ભૂલ્યો છે. બહુ ઊંડો વિચાર કરીને, ગંભીર વિચાર કરીને આ વિષયની ભૂલ જાણ્યે, અજાણ્યે, ક્યાંય પણ, કોઈપણ રીતે ન થાય, કોઈપણ ભોગે ન થાય. કોઈપણ રીતે ન થાય એમ નહિ કોઈપણ ભોગે ન થાય એ વસ્તુની અંદર પોતે આવી જવું જોઈએ. નહીંતર એ દોષ છે એ અનાદિના દોષને પુષ્ટિ કરી દેશે. એટલે આગળનો રસ્તો પછી કોઈ સાફ નથી એ વાત નક્કી છે. આ ભવ તો ગુમાવશે. આ ભવ ગુમાવશે એના ફળમાં કેટલા અનંત ભવ ગુમાવશે એનું ગણિત કાઢવું બહુ મુશ્કેલ છે. બીજા અનંત ભવ એની અંદર બગડી જાય છે એવી પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :– જ્ઞાનીની સાચી ભક્તિ એજ કે એના વચનરૂપ પરિણમવું.

પૂજ્ય ભાઈશ્રી :– એના વચનરૂપ પરિણમવું, એનું સ્વરૂપ ઓળખવું, એની પરિણતિ ઓળખવી. એ પરિણતિના આધારભૂત પરમાત્મદ્રવ્યના ત્યાંથી દર્શન થાય છે. એની પરિણતિ ઓળખતા જેના આધારે એની પરિણતિ છે એવું જે પરમાત્મદ્રવ્ય છે ત્યાં સુધી પહોંચાય છે, ત્યાં સુધી પહોંચાય છે અને એ પરિણતિ કઈ રીતે પહોંચી ? એ પરિણતિની અંદર પુરુષાર્થ તત્ત્વ શું છે ? જ્ઞાનતત્ત્વ શું છે ? શ્રદ્ધાનું તત્ત્વ શું છે ? આ બધા ભાવો સમજાય છે.

પ્રશ્ન :– મારો પ્રશ્ન એ છે કે જ્ઞાનીના ઉપદેશથી વિરુદ્ધ મારું આચરણ હોય તો મારી જ્ઞાની પ્રત્યે ભક્તિ કહેવાય ?

સમાધાન :– પ્રશ્ન જ નથી. એને તો ભક્તિ છે નહિ, અભક્તિ છે. ઇ કહે છે એનાથી ઊંધો ચાલે છે એ તો ચોખ્ખી જ અભક્તિ છે. એ તો ઓઘભક્તિમાં પણ હજી નથી આવ્યો. જે કહે છે એમની આજ્ઞા છે એની વિરુદ્ધ છે એ તો ઓઘભક્તિમાં પણ નથી. એ તો પ્રશ્ન જ નથી. આ તો ઓઘભક્તિએ પણ અનંતવાર જ્ઞાનીના સમાગમમાં રહ્યો છે. હું તો માનું છું. એને ભ્રમ શું છે ? કે હું ક્યાં નથી માનતો ? હું પણ માનું છું. એમ નથી ચાલતું.

એટલું મથાળું બાંધી અને પછી ચર્ચા કરી છે. **‘આ પત્રમાં લખેલાં પ્રશ્નોનો ટૂંકામાં નીચે ઉત્તર લખ્યો છે : ૧-૨-૩, એ ત્રણે પ્રશ્નો સ્મૃતિમાં હશે. એમાં એમ જણાવ્યું છે કે,’** ત્રણે પ્રશ્ન સ્મૃતિમાં હશે. **‘(૧) ઠાણાંગમાં આઠ વાદી કહ્યા છે, તેમાં આપને તથા અમારે ક્યા વાદમાં દાખલ થવું ? (૨) એ આઠ વાદથી કોઈ જુદો મારગ આદરવા જોગ હોય તો તે જાણવા સારું આકાંક્ષા છે. (૩) અથવા આઠે વાદીના માર્ગનો સરવાળો**

**કરવો એ જ મારગ છે કે શી રીતે ? અથવા તે આઠ વાદીના સરવાળામાં કાંઈ ન્યૂનાધિકતા કરી માર્ગ ગ્રહણ કરવા યોગ્ય છે ? અને છે તો શું ?'** એવા ત્રણ પ્રશ્નો અહીં લીધા છે એના ઉપરથી એમ લાગે છે કે જે બીજા અન્યવાદી છે, અન્યમતિ છે એ ગૃહીત મિથ્યાત્વ ઉપર પ્રશ્ન લીધા છે કે એમાં અમે કોઈ ગૃહીત મિથ્યાત્વમાં આવીએ છીએ ? અથવા આઠ વાદમાં એક જૈન મત લીધો હોય તો એમાં આપણે આવીએ છીએ કે કેમ ? અત્યારની પરિસ્થિતિમાં.

બીજું, એમાંથી રસ્તો કાઢવાનો શું ઉપાય છે ? એની આકાંક્ષા છે. અને એમાં કાંઈ સરવાળો કરવો ? હીનાધિક કરવું ? ફેરફાર કરવો ? કે બધું બાદ કરીને જાવું. એક જ પ્રશ્નને સ્પષ્ટ કર્યો છે. ટૂંકામાં ત્રણ પ્રશ્નમાં મૂળ પ્રશ્ન તો એક જ છે કે, ગૃહીત મિથ્યાત્વનું સ્વરૂપ શું ? અને આપણે ક્યાં ઊભા છીએ ? અને કેવી રીતે માર્ગ ગ્રહણ કરવો ? મૂળની અંદર તો આ એક પ્રશ્ન છે.

**'આમ લખ્યું છે; તે વિષે જાણવાનું કે, એ આઠ વાદીનાં બીજા તે સિવાયનાં દર્શનોમાં-સંપ્રદાયોમાં - માર્ગ કંઈક (અન્વય) જોડાયેલો રહે છે. નહીં તો ઘણું કરીને જુદો જ (વ્યતિરિક્ત) રહે છે તે વાદી, દર્શન, સંપ્રદાય એ બધાં કોઈ રીતે પ્રાપ્તિમાં કારણરૂપ થાય છે; પણ સમ્યગ્જ્ઞાની વિનાના બીજા જીવોને તો બંધન પણ થાય છે. માર્ગની જેને ઇચ્છા ઉત્પન્ન થઈ છે, તેણે એ બધાનું સાધારણ જ્ઞાન વાંચવું, વિચારવું; બાકીમાં મધ્યસ્થ રહેવું યોગ્ય છે. સાધારણ જ્ઞાનનો અર્થ આ ઠેકાણે એવો કરવો કે બધાં શાસ્ત્રમાં વર્ણવતાં અધિક જુદાઈ ન પડી હોય તેવું જ્ઞાન.'** શું માર્ગદર્શન આપ્યું છે ? પ્રશ્ન લીધો છે મતમતાંતરનો.

'અંબાલાલભાઈ'એ પ્રશ્ન પૂછ્યો છે. એમાં પ્રશ્ન ચિહ્ન છે કે એમનો છે કે બીજાનો પત્ર છે, પણ જેણે પ્રશ્ન કર્યો છે, આપણે કોઈ વ્યક્તિ સાથે મતલબ નથી. પણ જેણે પ્રશ્ન કર્યો છે એણે મતમતાંતરનો પ્રશ્ન કર્યો છે. ઉત્તર દેવામાં એમણે સાવધાની એ રાખી છે કે મતમતાંતરમાં ક્યાંય તું પડીશ નહીં. હવે મતમતાંતરમાં ન પડવું છતાં સાચી વસ્તુનો નિર્ણય કરવો છે, છતાં મતમતાંતરમાં પડવું નથી. વાત થોડી નાજુક થઈ જાય છે આ જગ્યાએ. એ કેમ બને ?

આ મત અસત્ય છે, આ મત સત્ય છે એવું સમજ્યા વિના સત્યમત એ કેવી રીતે ખબર પડે ? અને એવું સત્ય ગ્રહણ કરવા જતાં મતમતાંતરની બુદ્ધિ ઊભી

થઈ જાય, સંપ્રદાયબુદ્ધિ ઊભી થઈ જાય તો એ દોષ કેવી રીતે ન થાય ?

મુમુક્ષુ :– તલવારની ધાર ઉપર ચાલવા જેવું છે.

પૂજ્ય ભાઈશ્રી :– વાત થોડી અઘરી છે. બહુ ઊંડેથી અને બહુ જ વિચક્ષણતાથી ઉત્તર આપ્યો છે. આટલી પીઠિકા પછી હવે ફરીને લઈએ.

**'આઠ વાદીનાં બીજા તે સિવાયના દર્શનોમાં–સંપ્રદાયોમાં...'** આઠે વાદીનો તમે પ્રશ્ન પૂછ્યો પણ એ સિવાયના પણ કેટલાક સંપ્રદાય છે એમ કહે છે. એ સંપ્રદાયોમાં **'માર્ગ કંઈક જોડાયેલો રહે છે. નહીં તો ઘણું કરીને જુદો જ રહે છે તે વાદી,...'** ક્યાંક માર્ગ જોડાયેલો, ક્યાંક સાવ વિરુદ્ધ એમ કહેવું છે. એટલે શું ? કે જેમકે સાંખ્ય છે. તો જેવું નિશ્ચય સ્વરૂપ જૈનદર્શનમાં છે એવી જ વાત કરશે.

મુમુક્ષુ :– કાંઈક જોડાયેલો છે.

પૂજ્ય ભાઈશ્રી :– તો કાંઈક જોડાયેલો છે. તો કોઈ સાવ વિરુદ્ધ ચાર્વાક છે. એ તદ્દન ઉડાડે. વસ્તુ જ નથી, જગતમાં આત્મા જેવી ચીજ જ નથી. આસ્તિક્ય દર્શન નહિ. આત્મા જેવો પદાર્થ જ નથી. આ જીવ અને આત્મા એ બધું કાંઈ છે જ નહિ, બધી ખોટી વાત છે. આ શરીર તો એક મશીનરી છે. ઘસારો લાગે છે. મશીન બંધ પડી જાય છે. આમાં કાંઈ આત્મા-ફાતમા નથી. આ એક મશીનરી છે. જેમ મશીનરીને ઘસારો લાગે અને મશીનરી ખરાબ થઈ જાય એમ આ મશીનરી ખરાબ થાય, કોઈને કોઈ જગ્યાએ ખાસ જગ્યાએ (ખરાબ થાય) એટલે એ મશીન બંધ પડી જાય છે. એમાં કાંઈ આત્મા-બાત્મા જેવું કાંઈ છે જ નહિ. આ તદ્દન વિરુદ્ધ (મત થયો). એટલે મૂળ વાત સાથે, મૂળ તત્ત્વ સાથે ક્યાંક જોડાયેલું રહે અથવા ઘણું કરીને તદ્દન જુદો રહે. આ બે વાદી છે એમ કહે છે. આ બન્ને અન્યવાદી છે. એમનો એ જુદો મત છે. **'તે વાદી,...'**

**'દર્શન, સંપ્રદાય એ બધાં કોઈ રીતે પ્રાપ્તિમાં કારણરૂપ થાય છે;...'** કોઈ રીતે એટલે શું છે કે જ્યાં જેટલી વાત આભાસ વિનાની છે; આભાસ થયો છે એટલું અન્ય દર્શન થયું, આભાસ વિનાની છે એટલું કારણ એ થાય છે. એટલું કારણ ત્યાં પડ્યું છે. શું ભાવ પકડે છે ? સંપ્રદાય નથી પકડતા. સંપ્રદાયને હવે એકબાજુ છોડી દીધો. જરા સૂક્ષ્મ પડે એવું છે પણ સમજવા જેવો વિષય છે.

જે તે મતમાં જે એક પડખાને પકડીને નયાભાસ થયો છે એમાંથી આભાસ

વિપર્યાસ છોડી દેવો. અને તત્ત્વ પકડવું એમ કહે છે. એટલે તમે સંપ્રદાયના મંડન, ખંડનમાં નહિ ચાલ્યા જાવ. તમારી સામે કોઈ વાત આવશે.

હવે એક બીજી વાત કરીએ, આપણે બીજા મતને જાવા દ્યો. આપણો મુમુક્ષુ સમાજ છે. કેટલાક વિચારભેદો ચાલે છે. ખુલ્લી પરિસ્થિતિ છે. બરાબર છે ? હવે એક વાત આવી કે ભાઈ મને પૂછે છે કે, આ વાત બરાબર કે નહિ ? ત્યારે આ વાત બરાબર નહિ એમ કહેવાને બદલે આ રીતે બરાબર છે એટલું મારે કહેવું જોઈએ. સમજાણું ? તો બીજો એની સામેની કોઈ બીજી વાત લઈ આવ્યો. તો આ વાતનું શું કહેવા માંગો છો ? તો કહે આ રીતે એ વાત બરાબર છે. વાત તો જ્ઞાની પાસેથી, સર્વજ્ઞ પાસેથી આવી છે. અન્યમતિઓની વાત તો સર્વજ્ઞ પાસેથી જ આવી છે. 'સમવસરણ'માં જ ૩૬૩ પાખંડ ઊભા થયા છે. એટલે વાત તો એક જ ઠેકાણેથી આવી છે. સમજવા ફેર થયો હોય છે. સંભવ છે મતિદોષથી સમજવા ફેર થાય.

સત્પુરુષનું, જ્ઞાનીનું એ કાર્ય છે. આનું શું ? તો કહે આ રીતે એ બરાબર છે. વિચારી લો તમે. હવે વિચારવું એ તમારું કામ છે. જે રીતે બરાબર છે, જે ન્યાયથી બરાબર છે એ કહી દીધું. એટલે મંડન-ખંડનમાં નહિ આવવું પડે. નહીં તો આ સાચો અને આ ખોટો, હું સાચો ને તું ખોટો, આ સાચો અને તે ખાટો એમાં જાવું પડશે. તો ઇ નવો દોષ એમાંથી ઊભો થઈ જશે. વિષય જરા એવો છે.

મુમુક્ષુ :- 'શ્રીમદ્જીએ' ગોળગોળ વાત કરી, 'ગુરુદેવે' ચોખ્ખીચટ કરી દીધી.

પૂજ્ય ભાઈશ્રી :- નહિ, એમણે ગોળગોળ કર્યું છે એમ નથી રાખ્યું. પણ એમણે વિષયને સામાને કેવી રીતે ઊભો રાખવો એ દૃષ્ટિકોણ અપનાવ્યો છે. જ્યારે તે બરાબર ઊભો છે ખબર પડે પછી એને ઠપકારવામાં પણ વાંધો નથી. એમણે - 'શ્રીમદ્' ઠપકાર્યા પણ છે. એ પણ આવશે. એ આપણે ત્યાં ધ્યાન ખેંચશું કે જુઓ ! અહીંયાં ઠપકાર્યા બરાબર, સરખાયનો ફટકો માર્યો છે આ જગ્યાએ. એમ પણ કર્યું છે. નથી કરતા એવું કાંઈ નથી. એમ જોયું કે આટલી વાત આ પચાવી શકે છે તો એટલી જ કહે.

'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ' માં Restriction મૂક્યું. 'દ્રવ્યદૃષ્ટિ પ્રકાશ'માં જોયું. ૩૩. વર્ષ સાંભળ્યા પછી અમુક વાતમાં વિરોધ ઊભો થઈ જાય છે અને આ મર્યાદા બહાર વિરોધ જાય છે. કેમકે પોતે પ્રશંસા કરે છે, સામે વિરોધ ચાલે છે. એમાં મર્યાદા

તૂટી જાય છે. બાપની સામે દીકરો બોલે તો મર્યાદા કેવી રીતે રહી ? પછી મર્યાદા ન રહી. એકવાર મર્યાદા તૂટી એટલે વાત ખલાસ થઈ ગઈ. પછી ગાડી પાટા ઉપરથી ખડી ગઈ. તો એને સ્થિતિકરણ કરે છે. ઊભા રહો. હવે આને આસ્તે આસ્તે આપો. હવે પચે એવું નથી. હજી આની હોજરી તૈયાર નથી થઈ. એ પણ કરે છે. જ્યાં કરવા જેવું લાગે ત્યાં (કરે છે). આ સર્વ સત્પુરુષોની આ વિચક્ષણતા છે પણ દરેકને પ્રસંગ એકસરખા નથી એટલે આપણને દરેકની વાત જુદી જુદી ઉપરટપકેથી દેખાય છે. દરેકને જુદાં જુદાં પ્રસંગ છે. દરેકની સામે જુદી જુદી યોગ્યતાવાળા જીવો છે. એટલે દરેકની વાત જુદી જુદી રીતે જોવામાં આવે છે. ખરેખર પદ્ધતિ એક જ છે. બે પદ્ધતિ નથી.

મુમુક્ષુ :– કાળનું અંતર છે.

પૂજ્ય ભાઈશ્રી :– કાળનું અંતર છે, જીવોની યોગ્યતાનું અંતર છે. એ બધો પ્રકાર હોય છે. એટલે એ બધો પ્રકાર જુદો જુદો હોય છે. એમ વાત છે.

પ્રશ્ન :– આ ઠાણાંગસૂત્ર ટીકા આગમ નથી ?

સમાધાન :– ઠાણાંગ એ મૂળ આગમના નામ છે. આચારાંગ, ઠાણાંગ, સૂત્રકૃતાંગ, સમવાયાંગ એ બધા મૂળ સૂત્રોના નામ છે પણ અત્યારે છે એ મૂળ સૂત્રો નથી. એ નવા રચેલા છે.

**વર્તમાન આખા ભવ પ્રત્યે (તીવ્ર મુમુક્ષુ) જ્ઞાની ઉદાસ છે. એક આત્માની જ અપેક્ષિત વૃત્તિ થઈ ગઈ હોવાથી અન્ય સર્વ ઉપેક્ષાનો વિષય સહજપણે થઈ જાય છે. તેથી જ્ઞાની ભવ-ઉદાસી છે. ઉદય પ્રસંગો તો ભવના પેટાભેદ છે, તેથી તેમાં તન્મયતા થતી નથી. 'મનુષ્યપણું તે મારૂં સ્વરૂપ નથી, પરવસ્તુ છે; તેથી હેય છે.' ત્યાં ઉદયની ઉપાધિ ઉત્પન્ન થતી નથી. ઉપાધિ સહિતપણામાં દુઃખ છે અને ઉપાધિ રહિતપણામાં સુખ છે. તેથી જ્ઞાની સુખી છે. તેમને પોતાનો સુખસ્વભાવ પણ 'અનુભવ પ્રત્યક્ષ' છે. તેથી બહારના ખેંચાણરૂપ આકુળતા નથી.**

**('અનુભવ સંજીવની' - ૧૧૮)**

## તા. ૭-૧૧-૧૯૮૯, પ્રવચન નં. ૭૮
## પત્રાંક – ૨૮૫ અને ૨૮૬

પાનું ૩૦૨, (પત્રાંક - ૨૮૫), બીજો પેરેગ્રાફ ચાલે છે.

પહેલા પેરેગ્રાફમાં ત્રણ પ્રશ્નો પૂછ્યા છે. અન્યમતના પ્રશ્ન છે, અન્યમત સંબંધિત પ્રશ્ન છે. અને એવા ભિન્ન-ભિન્ન અભિપ્રાયોમાંથી કેવી રીતે સત્ય માર્ગ ગ્રહણ કરવો અથવા સત્ય ગ્રહણ કરવું એવો એ પ્રશ્ન છે.

એનો ઉત્તર આપે છે કે એ આઠે સંપ્રદાયોમાં આઠ મતમાં અને તે સિવાયના બીજા પણ કેટલાક મતોમાં કોઈ રીતે પ્રાપ્તિમાં કારણરૂપ થાય છે. એ વાદી–દર્શન... બીજા પેરેગ્રાફમાં ત્રીજી લીટી **'તે વાદી, દર્શન, સંપ્રદાય એ બધાં કોઈ રીતે પ્રાપ્તિમાં કારણરૂપ થાય છે;...'** કોઈ રીતે એટલે કે જે એનું પડખું સમ્યક્ છે, સમ્યક્ લઈ શકાય તો એ રીતે પ્રાપ્તિમાં કારણરૂપ થાય છે. જો એમાંથી સમ્યક્ દૃષ્ટિકોણ ગ્રહણ કરવામાં આવે તો. એટલે કોઈ રીતે. કોઈ રીતેનો અર્થ આ થાય. કોઈ રીત એટલે કઈ રીત ? કે સમ્યક્દૃષ્ટિકોણ. તો માર્ગની પ્રાપ્તિમાં કારણરૂપ થાય છે. **'પણ સમ્યક્જ્ઞાની વિનાના બીજા જીવોને તો બંધન પણ થાય છે.'** કેમકે સમ્યક્ દૃષ્ટિકોણ તો સમ્યક્જ્ઞાની પાસે છે. જેને સમ્યક્જ્ઞાન નથી એવા બીજાઓને એ બંધનનું કારણ થાય છે. કેમકે એ ગૃહીતને સ્વીકારી લે છે અથવા વિપર્યાસને પણ સ્વીકારી લે છે. એટલે એને બંધન થાય છે.

તો હવે મુમુક્ષુએ શું કરવું ? આવા વિષયમાં મુમુક્ષુએ શું કરવું ? કેમકે સમ્યક્જ્ઞાન પોતાને નથી. પણ કાંઈક માર્ગ પ્રાપ્ત કરવો છે એવો વિવેક જેની મતિમાં ઉત્પન્ન થયો છે છતાં સમ્યક્જ્ઞાન હજી નથી થયું, એવા પુરુષોએ શું કરવું ? આવો વિષય સામે આવે ત્યારે એણે કઈ રીતે પ્રવર્તવું ? એ માર્ગદર્શન અહીંયાં આપ્યું. થોડો વિષય સૂક્ષ્મ છે પણ સમજી શકાય એવું છે.

**'માર્ગની જેને ઇચ્છા ઉત્પન્ન થઈ છે, તેણે એ બધાનું સાધારણ જ્ઞાન વાંચવું,**

**વિચારવું; બાકીમાં મધ્યસ્થ રહેવું યોગ્ય છે.**' આટલી સૂચના આપી. એ બધાનું સાધારણ જ્ઞાનમાં શું (કહેવું છે) ? સાધારણ જ્ઞાનનો પોતે નીચે તરત જ અર્થ કરે છે. પણ એ વાંચવું અને એ વિચારવું બાકીના ભાગમાં મધ્યસ્થ રહેવું એટલે છોડી દેવો, દૂર રહેવું, જે બાકીનો ભાગ છે એ છોડી દેવો. **'સાધારણ જ્ઞાનનો અર્થ આ ઠેકાણે એવો કરવો કે બધાં જ શાસ્ત્રમાં વર્ણવતા અધિક જુદાઈ ન પડી હોય તેવું જ્ઞાન.**' હવે એ પોતે શોધવું પડે કે જૈન શાસ્ત્રમાં જે વાત કરી છે એવી વાત અહીંયાં ભળતી શું છે ? એટલું સાધારણ છે. Common factor જેને કહે છે. ત્રણમાં, છમાં, નવમાં, બારમાં, પંદરમાં, અઢારમાં ત્રણ છે એ સામાન્ય છે. પછી બે, ચાર, આઠ, દસ, બાર, ચૌદ, સોળ, અઢાર, વીસ એ બધામાં બે સામાન્ય છે. એવી રીતે પાંચ, પંદર, પચ્ચીસ, ત્રીસ, પાંત્રીસ એમાં પાંચ સામાન્ય છે. એમ જૈન દર્શનમાં બીજા દર્શનોમાં જે સામાન્ય આવતું હોય એટલું વાંચવું અને વિચારવું, ત્યાં વિચારમાં ઊંડા ઊતરવું. કેમકે જૈનદર્શનની જે વાત કરી તે આણે પણ પકડી છે, બીજાએ પણ પકડી છે, ત્રીજાએ પણ પકડી છે, ચોથાએ પણ પકડી છે.

જે દર્શનોમાં ક્ષયોપશમવાળા માણસો થયેલા અથવા ક્ષયોપશમવાળા જ અહંભાવ થતાં જુદાં પડે છે. બીજા સાધારણને તો જુદાં પડવાનું ગજુ પણ નથી હોતું. કાંઈક ક્ષયોપશમ જેની શક્તિ હોય છે એ થોડા માન પ્રકૃતિમાં જ્યારે આવી જાય છે ત્યારે એ જુદાં પડે છે. દરેક સંપ્રદાયમાં અનાદિકાળથી જે જુદાં પડવાનું, વિભિન્ન સંપ્રદાયો ઉત્પન્ન થવાનું મૂળ કારણ આ બન્યું છે. આ કોઈ નવું કારણ નથી, અત્યાર માટેનું નથી. સર્વકાળે આમ જ બન્યું છે.

અનંત ભૂતકાળમાં આ પ્રકારે જ ઉત્પન્ન થયો છે. એ બુદ્ધિવાળામાં તો આવું કહી ન શકાય. બુદ્ધિ જરૂર હતી. કેટલીક વાતને પકડી રાખી. એ બધાએ સામાન્યપણે જે વાત પકડી એ બુદ્ધિમાં એટલી તો વાત એ લોકોને આવી કે, આ વાત છે તે કિંમતી છે, બરાબર છે. આને તો છોડાય નહિ, આને છોડશું તો પછી કોઈ આકર્ષણ ઊભું રહેતું નથી, ધાર્મિક વિષયનું આકર્ષણ પછી ઊભું રહેતું નથી.

એટલી વિચક્ષણતાથી એનું એ માર્ગદર્શન આપ્યું છે. જે સાધારણ લાગે એટલી વાત તમે ત્યાં વાંચો, વિચારો અને ઊંડા ઊતરો. એટલે શું કહ્યું કે, કોઈ સ્થાનકવાસીમાં છે, કોઈ દેરાવાસીમાં છે, કોઈ વૈષ્ણવમાં છે. એમની પાસે જે જે અનુયાયીઓ આવ્યા

એ ત્રણ પ્રકારના સંપ્રદાયમાંથી આવ્યા. એમાં સ્થાનકવાસી, દેરાવાસીમાં જૈનની ઘણી, મૂળ વાત જૈનદર્શનની રહી. પછી એથી દૂરના જે સંપ્રદાય છે એમાં પણ થોડી થોડી રહી અને એમાં જે ઠેકાણે સાધારણ જ્ઞાન લાગે ત્યાં વાંચો, વિચારો, બાકીની વાત છોડી દ્યો. બાકીની વાતમાં અત્યારે માથું મારવાની તમારી શક્તિ નથી, તમારી યોગ્યતા નથી. એટલે એ વિષયમાં હમણા તમે દૂર રહો એમ કહે છે.

એવો સાધારણ જ્ઞાનનો અર્થ અહીંયાં કરવો કે **'બધા શાસ્ત્રમાં વર્ણવતાં અધિક જુદાઈ ન પડી હોય તેવું જ્ઞાન.'** હોય તે જગ્યાએ તમે એને વાંચો અને વિચારો. આટલું માર્ગદર્શન આપ્યું. એટલે જલ્દી ખંડનમંડનમાં કોઈ પડે નહિ કે જલ્દી ગૃહીત મિથ્યાત્વમાં પણ કોઈ આવે નહિ.

મુમુક્ષુ :- વીતરાગતામાં...

પૂજ્ય ભાઈશ્રી :- ખાસ કરીને શું છે, વીતરાગનો અને ઉપદેશબોધને લગતી વાત, ગુણ-અવગુણને લગતી વાત, વિષય જે છે એ બધી જગ્યાએ ઓછા-વત્તા પ્રમાણમાં છે. જ્યાં સુધી ગુણ-અવગુણને પોતાને લાગે-વળગે છે એ વાતને વિચારે, એમાં ઊંડો ઊતરે, એમ. એ પ્રશ્ન પછી એમણે બીજો પ્રશ્ન લીધો છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ આવશ્યકતા નથી, જરૂરત નથી. એને જરૂર નથી કે જે મૂળ દિગંબરમાં જન્મ્યા છે. મૂળ દિગંબર શાસ્ત્ર જેને ઉપલબ્ધ છે એને બીજા શાસ્ત્ર વાંચવાની કોઈ જરૂર નથી, કોઈ આવશ્યકતા નથી. કાંઈ જરૂર નથી. એને તો આ શાસ્ત્રોમાં પણ પોતાનું પ્રયોજન જ્યાંથી સધાય એવી ખાસ ખાસ વાત ઉપર વધારે સમય અને શક્તિનો ખર્ચ કરવો. એમાં પણ એણે તો આટલો સંક્ષેપ કરવો. બાકી શાસ્ત્રો તો ઘણા છે. અન્યમતના વાંચવાની કોઈ જરૂર નથી.

ત્રીજા પેરેગ્રાફમાં આ વિષય બદલાય છે. **'તીર્થંકર આવી ગર્ભમાં ઊપજે અથવા જન્મે...'** જ્યાંથી બીજી ગતિમાંથી આવે, મનુષ્યગતિમાં આવે એ બીજી ગતિમાંથી આવે. મનુષ્ય મટીને મનુષ્ય ન થાય. કેમકે સમ્યગ્દષ્ટિ જ હોય છે, જન્મથી ત્રણ જ્ઞાન સહિત જ હોય છે. સમ્યક્ મતિ, સમ્યક્ શ્રુત અને સમ્યક અવધિ. આ ત્રણ તો હોય જ છે. કોઈ દેવલોકમાંથી આવે છે તો કોઈ નરકમાંથી પણ 'શ્રેણિક' રાજા જેમ કે (આવે) છે. એ **'ઊપજે અથવા જન્મે ત્યારે અથવા ત્યાર પછી દેવતાઓ જાણે**

**કે આ તીર્થંકર છે ?'** ત્યારપછી જાણે કે આ તીર્થંકર છે ? અને જાણે તો એ શી રીતે જાણે ? આવો એક પ્રશ્ન ઊઠાવ્યો છે. એના ઉત્તરમાં બહુ સરસ ઉત્તર આપ્યો છે.

**'સમ્યક્જ્ઞાન જેને પ્રાપ્ત થયું છે એવા દેવતાઓ...'** કેવા દેવો ? અવધિજ્ઞાની તો બધા છે, બધાની વાત ન લીધી. કોનો અવધિજ્ઞાનનો ઉપયોગ જાય છે ? જેને સમ્યક્જ્ઞાન છે, દેવાધિ દેવલોકના દેવો છે એવા દેવો અવધિજ્ઞાનથી તીર્થંકરને જાણે છે. બધા ન જાણે. બધાને અવધિજ્ઞાન છે પણ બધા ન જાણે. **'જે પ્રકૃતિઓ જવાથી 'જન્મથી' તીર્થંકર અવધિજ્ઞાનસંયુક્ત હોય છે, તે પ્રકૃતિઓ તેમાં નહીં દેખાવાથી...'** શું કહ્યું ? **'જે પ્રકૃતિઓ જવાથી 'જન્મથી' તીર્થંકર અવધિજ્ઞાનસંયુક્ત હોય છે, તે પ્રકૃતિઓ તેમાં નહીં દેખાવાથી તે સમ્યક્જ્ઞાની દેવતાઓ તીર્થંકરને ઓળખી શકે છે. એ જ વિજ્ઞાપન.'** બહુ સંક્ષેપમાં ઉત્તર આપ્યો છે. એટલા માટે સંક્ષેપમાં ઉત્તર આપ્યો છે કે આ પ્રશ્ન જરાપણ પ્રયોજનભૂત નથી. છતાં પણ સંક્ષેપમાં ઉત્તર આપી દીધો છે.

કોઈવાર તો આવા પ્રશ્નનો જ્ઞાની ઉત્તર ન પણ આપે કે નકામું... ન આપે તોપણ ખ્યાલમાં હોય કે આને ઉત્તર આપતા આની સમજણમાં વધારે વિક્ષેપ ઊભો થશે અને એની બુદ્ધિ ડહોળાશે એના કરતા એને અત્યારે આ વાતથી આઘો રાખો. એને એમ કહે કે, અત્યારે આનો ઉત્તર હું આપતો નથી નહિ આપું. તમારે એમ રાખવું, કે એ બરાબર સમજીને કહ્યું છે. સંક્ષેપમાં આપે તો પણ સમજવું કે એ એટલું જ જરૂરી હતું. વિસ્તારથી ઉત્તર આપે તોપણ સમજવું કે ત્યાં એટલું જરૂરી હતું. એટલી વિશેષતા ઉત્તર આપનારને સમ્યક્જ્ઞાનમાં હોય છે.

**'મુમુક્ષુતાની સન્મુખ થવા ઇચ્છતા તમો બન્નેને યથાયોગ્ય પ્રણામ કરું છું.'** કેટલો આદર આપે છે ! માર્ગમાં આવવા ઇચ્છે છે એને કેટલો બધો આદર આપે છે ! ધન્ય છે તમને કે તમે તમારા આત્મહિતની સમીપ આવવા માંગો છો. તમારા આત્માનું હિત કરવા માંગો છો. ધન્ય છે તમને ! પ્રણામ કરું છું. ભલે યથાયોગ્ય પ્રણામ એટલે કે જે રીતે કરવા જોઈએ તે રીતે આદર આપું છું, એમ. એની મર્યાદા છે.

**'ઘણું કરીને પરમાર્થ મૌન એમ વર્તવાનું કર્મ હાલ ઉદયમાં વર્તે છે...'** કર્મ એટલે એ પ્રકારનો ભાવ નથી થતો એમ. બોલવાનો, પરમાર્થના વિષયમાં પણ કાંઈ કહેવાનો ઉત્સાહ આવતો નથી અથવા ઉદાસીનતા થઈ જાય છે.

મુમુક્ષુ :– પ્રમાણમાં ધન્યવાદ...

પૂજ્ય ભાઈશ્રી :– આ યથાયોગ્ય પ્રણામ કહ્યું ને ! એટલે જે પ્રકારે. યથાયોગ્ય એટલે જે તમારી મર્યાદા છે એને યોગ્ય પ્રણામ કરું છું, એમ. એમ એનો અર્થ ધન્યવાદ છે. એટલે એનો અર્થ ધન્યવાદ કરીએ આપણે. એ પ્રણામ કરવાને યોગ્ય છે ને પ્રણામ નથી કરતા, પણ મુમુક્ષુતાની સન્મુખ તમે થાવ છો એ વાત અમને પ્રિય છે એમ કહેવું છે.

**'અને તેને લીધે તેમ જ વર્તવામાં કાળ વ્યતીત થાય છે.'** ઘણું કરીને પરમાર્થ વિષયમાં પણ મૌન રહેવું. એમ વર્તવાનું ઉદયમાં વર્તે છે, તેવો ઉદયભાવ વર્તે છે અને તેને લીધે તેમ જ વર્તવામાં એટલે મૌન રહેવામાં કાળ વ્યતીત થાય છે **'અને તે જ કારણથી આપના પ્રશ્નોને ઉપર ટૂંકામાં ઉત્તરયુક્ત...'** **'આપના પ્રશ્નોને ઉપર ટૂંકામાં ઉત્તરયુક્ત કર્યા છે. શાંતમૂર્તિ સૌભાગ્ય હાલ મોરબી છે.'** ધ્યાન ખેંચ્યું. અમારે પરમાર્થ મૌન વર્તે છે. તમારે કોઈ વિશેષ પરિચય કરવો હોય તો અત્યારે એ 'મોરબી' છે એની સાથે તમે એના સંપર્કમાં રહો એમ કરીને થોડું ધ્યાન ખેંચ્યું છે. વિશેષણ લગાડ્યું છે. 'સૌભાગભાઈ'ને શાંતમૂર્તિ એટલું વિશેષણ લગાડ્યું છે. ૨૮૫ (પત્ર પૂરો) થયો.

## પત્રાંક-૨૮૬

**વવાણિયા, આસો સુદ, ૧૯૪૭**

**ૐ સત્**

**'હમ પરદેશી પંખી સાધુ, આ રે દેશકે નાહીં રે.'**

**પરમ પૂજ્ય શ્રી સુભાગ્ય,**

**એક પ્રશ્ન સિવાય બાકીના પ્રશ્નોનો ઉત્તર ચાહીને લખી શક્યો નથી.**

**'કાળ' શું ખાય છે ? તેનો ત્રણ પ્રકારે ઉત્તર લખું છું.**

**સામાન્ય ઉપદેશમાં કાળ શું ખાય છે તેનો ઉત્તર એ છે કે, 'તે પ્રાણીમાત્રનું આયુષ્ય ખાય છે.' વ્યવહારનયથી કાળ 'જૂનું ખાય છે.' નિશ્ચયનયથી કાળ માત્ર પદાર્થને રૂપાંતર આપે છે, પર્યાયાંતર કરે છે.**

છેલ્લા બે ઉત્તર વધારે વિચારવાથી બંધ બેસી શકશે. ‘‘વ્યવહારનયથી કાળ ‘જૂનું’ ખાય છે’’ એમ જે લખ્યું છે તે વળી નીચે વિશેષ સ્પષ્ટ કર્યું છે :–

‘‘કાળ ‘જૂનું’ ખાય છે’’ :– ‘જૂનું’ એટલે શું ? એક સમય જે ચીજને ઉત્પન્ન થયાં થઈ, બીજો સમય વર્તે છે, તે ચીજ જૂની ગણાય છે. (જ્ઞાનીની અપેક્ષાથી) તે ચીજને ત્રીજે સમયે, ચોથે સમયે એમ સંખ્યાત, અસંખ્યાત સમયે, અનંત સમયે કાળ બદલાવ્યા જ કરે છે. બીજા સમયમાં તે જેવી હોય, તેવી ત્રીજા સમયમાં ન હોય, એટલે કે બીજા સમયમાં પદાર્થનું જે સ્વરૂપ હતું, તે ખાઈ જઈ ત્રીજે સમયે કાળે પદાર્થને બીજું રૂપ આપ્યું, અર્થાત્ જૂનું તે ખાઈ ગયો. પહેલે સમયે પદાર્થ ઉત્પન્ન થયો અને તે જ વેળા કાળ તેને ખાઈ જાય એમ વ્યવહારનયથી બને નહીં. પહેલે સમયે પદાર્થનું નવાપણું ગણાય, પણ તે વેળા કાળ તેને ખાય જતો નથી, બીજે સમયે બદલાવે છે, માટે જૂનાપણાને તે ખાય છે, તેમ કહ્યું છે.

નિશ્ચયનયથી પદાર્થ માત્ર રૂપાંતર જ પામે છે, કોઈ પણ ‘પદાર્થ’ કોઈ પણ કાળમાં કેવળ નાશ પામે જ નહીં, એવો સિદ્ધાંત છે; અને જો પદાર્થ કેવળ નાશ પામતો હોત, તો આજ કંઈ પણ હોત નહીં. માટે કાળ ખાતો નથી, પણ રૂપાંતર કરે છે એમ કહ્યું છે. ત્રણ પ્રકારના ઉત્તરમાં પહેલો ઉત્તર ‘સર્વને’ સમજવો સુલભ છે.

અત્ર પણ દશાના પ્રમાણમાં બાહ્ય ઉપાધિ વિશેષ છે. આપે કેટલાંક વ્યાવહારિક (જો કે શાસ્ત્ર-સંબંધી) પ્રશ્નો આ વેળા લખ્યાં હતાં, પણ ચિત્ત તેવું વાંચવામાં પણ હાલ પૂરું રહેતું નથી, એટલે ઉત્તર શી રીતે લખી શકાય ?

૨૮૬. **'હમ પરદેશી પંખી સાધુ, આ રે દેશકે નાહીં રે.'** 'સોભાગભાઈ' ઉપરનો પત્ર છે. કહે છે, અમે આ દેશના નથી. કોઈ પરદેશના પંખી અહીંયાં આવી ચડ્યા છીએ. આવો ભાવ વચનામૃતમાં પૂજ્ય 'બહેનશ્રી'એ પણ (લીધો) છે. અમે તો આ દેશના નથી. આ અમારો દેશ નથી. અહીંયાં અમારું કોઈ જોવામાં આવતું નથી. કેમકુટુંબ, પરિવાર, ભાઈઓ અહીંયાં નહોતા ? તો કહે, અમારું કોઈ અહીંયાં જોવામાં આવતું નથી. કોઈ બીજા દેશના છીએ.

**'પરમ પૂજ્ય શ્રી સુભાગ્ય, એક પ્રશ્ન સિવાય બાકીના પ્રશ્નોનો ઉત્તર ચાહીને લખી શક્યો નથી.'** જે પત્રનું મથાળું છે એમાંથી મુમુક્ષુએ વિચારવા યોગ્ય એટલો વિચાર અવશ્ય છે કે સામાન્ય પ્રકારે દરેક મનુષ્યને પોતાના કુટુંબ, પરિવારમાં ને ઘરમાં ભર્યું ભર્યું લાગે છે. પોતાના ઘર કરતાં વધારે વૈભવશાળી કોઈના ઘરે મહેમાન તરીકે જાય તોપણ એને પોતાના ઘર જેટલું ફાવતું નથી. એનું કારણ સ્વતંત્રતાની પરતંત્રતા છે કે ગમે તેવું સારી અનુકૂળતા અને સગવડતાવાળું બીજાનું ઘર હોય તો કેટલીક પરતંત્રતાથી રહેવું જોઈએ, રહેવું પડે. જે પોતાના ઘરે સ્વતંત્ર રીતે રહી શકે.

જીવનો જે સ્વતંત્ર સ્વભાવ છે. સ્વતંત્ર અસ્તિત્વ છે એ સ્વતંત્રતા એને પૂરી જોઈએ છે, ક્યાંય અધૂરી નથી જોઈતી. એની પાછળ બાહ્ય અનુકૂળતા ગૌણ થઈ જાય છે. એનું બંધન લાગે છે કે અહીંયાં મારે બંધનમાં રહેવું પડે છે. અંદર સુખ સ્વભાવ છે. જેમ જ્ઞાનસ્વભાવ છે, બધું જાણવું છે, પૂરું સુખ જોઈએ છે એમ પૂરી સ્વતંત્રતા પણ જોઈએ છે. અને બધા એક દ્રવ્યના એકસાથે જોડાયેલા ગુણો છે, અરસપરસ જોડાયેલા ગુણો છે.

એટલે એમ લેવું કે જ્યારે જ્ઞાની એમ કહે છે કે અમે અહીંયાં અમારા કુટુંબ, પરિવાર અને પરિચિત વ્યક્તિઓની વચમાં પણ પરદેશ જેવો અનુભવ કરીએ છીએ તો પોતાને સ્વદેશ જેવો, સ્વઘર જેવો, સ્વકુટુંબ જેવો જે અનુભવ થાય છે એ અનુભવમાં જે વિપર્યાસ છે, એ વિપર્યાસનું અવલોકન કરવું. પોતાના પરિણામમાં એ વિપર્યાસનું અવલોકન કરવું અને જે ભિન્નતા છે, સ્વરૂપે કરીને જે ભિન્નતા છે એ ભિન્નતાનો અભ્યાસ કરવો, એ ભિન્નતાનો પ્રયત્ન કરવો કે જેથી જ્ઞાનીને જે પરદેશીપણું લાગ્યું છે એવું પોતાને પણ આ પરદેશપણું લાગે. બધા પરસભ્યો છે એમ લાગે. બધા બીજા છે એમ લાગે, મારા કોઈ નથી એમ લાગે. એટલું એમાંથી મુમુક્ષુએ વિશેષ

વિચારવા યોગ્ય છે. હવે એમના પ્રશ્ન ઉપર આવે છે.

**‘એક પ્રશ્ન સિવાય બાકીના પ્રશ્નોનો ઉત્તર ચાહીને લખી શક્યો નથી.’** એટલે ઇરાદાપૂર્વક અમુક આશય મનમાં રાખીને, સમજીને તમારા એક પ્રશ્નનો ઉત્તર નથી લખ્યો. એક પ્રશ્નનો જ ઉત્તર લખ્યો છે, બાકીના પ્રશ્નનો ઉત્તર સમજીને લખતો નથી. એ પ્રશ્ન છે. **‘કાળ શું ખાય છે ? તેનો ત્રણ પ્રકારે ઉત્તર લખું છું.’** એક પ્રશ્ન છે કાળ શું ખાય છે ? તો કહે (છે), તેના ત્રણ જવાબ લખું છું.

**‘સામાન્ય ઉપદેશમાં...’** ઉપદેશાત્મક એનો અર્થઘટન કરીએ તો, એમ. સામાન્ય ઉપદેશમાં એનો ઉપદેશાત્મક અર્થઘટન કરીએ તો **‘તેનો ઉત્તર એ છે કે, તે પ્રાણીમાત્રનું આયુષ્ય ખાય છે.’** તમારા પ્રશ્નમાંથી એનો આ ઉપદેશ કાઢવો. કે કાળ શું ખાય છે ? તો કહે મારું આયુષ્ય ખાય છે. આયુષ્ય કોઈ લઈ જવા માગે તો આપે ખરો ? એક સમયનું પણ ન આપે.

એમ કહે કે ૩૦૦ શીશી લોહી આપો તો એમ કહે કે ભાઈ, લઈ લ્યો. પણ આયુષ્યનો એક સમય આપે ? એક સમય તમે વહેલા મરજો, મારે મોડા મરવું છે. એમ કોઈ તૈયાર થાય નહિ. તો કહે આ કાળ તો તારું રોજે રોજ આયુષ્ય ખાય છે. એક સમય બાકી નથી કે જે તારા આયુષ્યને ખાતો નથી. એનું નામ કાળ. નામ પણ એવું જ છે એનું. મૃત્યુનું બીજું નામ કાળ છે. નથી કહેતા ? કે એને કાળ આવ્યો એટલે ઉપાડી ગયો. કાળ એને ઉપાડી ગયો. એ કાળ સમયે સમયે આયુષ્યને ખાય છે. સામાન્ય ઉપદેશમાં કાળ શું ખાય ? તો કહે, પ્રાણીમાત્રનું આયુષ્ય ખાય છે. એ પોતે એમાં આવી જાય છે.

**‘વ્યવહારનયથી કાળ ‘જૂનું’ ખાય છે.’** બધું જૂનું મટીને નવું (થાય છે). નવી નવી પર્યાય થાય છે સમયે સમયે. જૂની પર્યાય વ્યતીત થાય છે, એની જગ્યાએ નવી પર્યાય આવી જાય છે. જૂની પર્યાય ક્યાં ગઈ ? તો કહે કાળ ખાય ગયો એને. જેટલું જૂનું થયું એ બધું કાળ ખાય ગયો. એમ વ્યવહારથી કહીએ તો કાળ છે એ જૂનું ખાય છે.

‘નિશ્ચયનયથી **કાળ માત્ર પદાર્થને રૂપાંતર આપે છે, પર્યાયાંતર કરે છે. છેલ્લા બે ઉત્તર...’** એક સરખા છે લગભગ. નહિ ? **‘નિશ્ચયનયથી કાળ માત્ર પદાર્થને રૂપાંતર આપે છે, પર્યાયાંતર કરે છે.’** કેમકે એક અવસ્થા વાસ્તવિકપણે બદલીને બીજી અવસ્થા

થાય છે. તો કહે નિશ્ચય અને વ્યવહાર બન્ને અર્થ કર્યા.

**'છેલ્લા બે ઉત્તર વધારે વિચારવાથી બંધ બેસી શકશે. 'વ્યવહારનયથી કાળ જૂનું ખાય છે એમ જે લખ્યું છે તે વળી નીચે વિશેષ સ્પષ્ટ કર્યું છે.'** બીજા ઉત્તરનું સ્પષ્ટીકરણ આપે છે અને ત્રીજા ઉત્તરનું પણ સ્પષ્ટીકરણ આપશે.

**'કાળ જૂનું ખાય છે. - જૂનું એટલે શું ?'** આ તો બુદ્ધિ કેટલી તીવ્ર હતી એ આમાંથી નીકળે છે. કોઈ સામાન્ય પ્રશ્ન ગમે તે આવે. આ તો કોઈ એવો પ્રશ્ન નથી. વિચિત્ર પ્રશ્ન છે. કોઈ શાસ્ત્રને અનુસરીને પ્રશ્ન નથી, એક તર્ક ઊઠ્યો કે, આ કાળ શું ખાય છે ? તો એના ઉપર એમના વિચારો કેટલી રીતે વ્યક્ત કરે છે.

**'કાળ જૂનું ખાય છે- જૂનું એટલે શું ? એક સમય જે ચીજને ઉત્પન્ન થયાં થઈ, બીજો સમય વર્તે છે, તે ચીજ જૂની ગણાય છે.'** તે જૂની લાગે છે. એક નવી પર્યાય થઈ એ અમુક ટાઇમે જૂની લાગે છે. સ્થૂળપણે તો માણસ એક મકાન બનાવે છે. જે મકાન નવું બનેલું હોય અને પછી અમુક વર્ષ પછી જુએ તો એને કાંઈ કોઈએ જૂનું કર્યું નથી. નવું કર્યું હોય તો કહે કે નવું કર્યું. પણ જૂનામાં કર્યું શું ? એ તો કાળથી જ જૂનું થઈ ગયું, આપોઆપ જ જૂનું થઈ ગયું. કોઈ ચીજ પડી રહે છે, ઘરમાં વગર વાપરેલી ભલે પડી રહે. કાપડ લાવે છે માણસ. એક તાકો ઘરમાં મૂકી રાખ્યો હોય કે ભવિષ્યમાં કામ આવશે. છ મહિને બીજો એ જ મીલનો તાકો તાજો લાવે અથવા એક દુકાનની અંદર પણ એમ કહે કે આ કાપડ નવું છે પણ તમે એમાંથી બીજા બે ચાર તાકા કાઢો જરા તાજો માલ લઈ આપો. તો એક વર્ષ પહેલાના ઉત્પાદનનું અને એક મહિનાના પહેલાના ઉત્પાદનની ચીજ હાથમાં આવે છે તો ફેર દેખાય છે. શું થયું ? એ જૂનું થઈ ગયું. જૂનો કોઈએ કર્યો નથી પણ આપોઆપ એ જૂનો થઈ ગયો છે. એના સૂક્ષ્મ ફેરફારો, સ્થૂળ ફેરફારો એ બધા ખ્યાલમાં આવી જાય છે.

**'એક સમય જે ચીજને ઉત્પન્ન થયાં થઈ. બીજો સમય વર્તે છે, તે ચીજ જૂની ગણાય છે. (જ્ઞાનીની અપેક્ષાથી) તે ચીજને ત્રીજે સમયે, ચોથે સમયે એમ સંખ્યાત, અસંખ્યાત સમયે, અનંત સમયે કાળ બદલાવ્યા જ કરે છે.'** કાળ બદલવામાં નિમિત્ત પડે છે એટલે કાળ બદલાવે છે એમ કહે. **'બીજા સમયમાં તે જેવી હોય, તેવી ત્રીજા સમયમાં ન હોય, એટલે કે બીજા સમયમાં પદાર્થનું જે સ્વરૂપ હતું, તે ખાય જઈ**

**ત્રીજે સમયે કાળે પદાર્થને બીજું રૂપ આપ્યું, અર્થાત્ જૂનું તે ખાય ગયો. પહેલે સમયે પદાર્થ ઉત્પન્ન થયો અને તે જ વેળા કાળ તેને ખાય જાય એમ વ્યવહારનયથી બને નહીં.'** તે સમયે નથી ખાતો બીજા સમયે ખાય ગયો.

**'પહેલે સમયે પદાર્થનું નવાપણું ગણાય, પણ તે વેળા કાળ તેને ખાઈ જતો નથી, બીજે સમયે બદલાવે છે માટે જૂનાપણાને તે ખાય છે, તેમ કહ્યું છે.'** એકદમ વિષય સ્પષ્ટ કરી નાખ્યો છે કે જ્યારે ઉત્પન્ન થાય છે ત્યારે તેની તે પર્યાયનો વ્યય નથી ગણતા. જે પર્યાય ઉત્પન્ન થઈ તેની તે પર્યાયનો વ્યય નથી ગણતા, પૂર્વ પર્યાયનો વ્યય ગણીએ છીએ. બીજા સમયે તે પર્યાય ગઈ. તો કહે શું થયું ? કે કાળ ખાય ગયો ! એમ વ્યવહારથી. ખરેખર કાળ ખાતો નથી એટલે વ્યવહારનય લગાડ્યો. કાળ તો પરિવર્તનમાં નિમિત્ત થયો, વ્યય થવામાં નિમિત્ત થયો, ઉત્પાદ થવામાં નિમિત્ત થયો. બીજી વખતે ઉત્પન્ન થઈ તો એ નિમિત્ત થયો એને એમ કહ્યું કે કાળ ખાય ગયો. એમ એક દ્રવ્યના પરિણમનમાં કાળદ્રવ્યને નિમિત્ત ગણીને ત્યાં વ્યવહારનય લગાડ્યો. વ્યવહારનય શું કરવા લગાડ્યો ? અને બીજામાં નિશ્ચયનય શું કરવા લગાડ્યો ? કે પર્યાયની ને પર્યાયની વાત લીધી છે તેમાં. નિશ્ચયનયમાં કહ્યુંને કે પદાર્થને રૂપાંતર આપે છે, પર્યાયાંતર કરે છે. તો પર્યાયને પર્યાય જ બદલે છે અને એ ખરેખર બદલે છે. એમ લેવું છે.

મુમુક્ષુ :- ખરેખર તો પોતાથી જ રૂપાંતર થાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પોતાથી જ રૂપાંતર થાય છે. એ સ્પષ્ટીકરણ કરે છે. નયની અપેક્ષાથી તો શું છે કે એક સમય, બે સમય, ત્રણ સમય એ તો કેવળજ્ઞાનનો વિષય છે. એ કોઈ છદ્મસ્થના વિષય નથી એ કોઈ છદ્મસ્થનો વિષય નથી. છતાં કેવળજ્ઞાની જાણે છે કે આમાં ને આમાં ફેર છે. એક સમયના ફેરફારમાં બીજા સમયનો ફેરફાર છદ્મસ્થને ન ખબર પડે. કેવળજ્ઞાનીને ખબર પડે. ... ... તો કહે સમય સમયની ક્યાં ખબર પડે છે ? છદ્મસ્થને એક એક સમય પકડાય તો નથી, છતાં ફેરફાર છે એ ફેરફાર સમય સમયનો જ છે.

એક વર્ષ પછી મકાન જૂનું લાગ્યું કે એક વર્ષ પછી કાગળ કે કાપડનો રંગ સફેદ હોય તો પીળો લાગે છે, પીળાશ આવી જાય છે. પણ ચૂનો કળી, ધોળો હોય તો ધોળો નથી રહેતો કાંઈ, કાળાશ આવી જાય છે. એ સમયે સમયે થયેલા ફેરફાર

છે. બધે મળીને એકસાથે ફેરફાર નથી થયો. પ્રતિસમય એ જે જે ફેરફાર થયો ત્યાર પછી એનો જે છેલ્લું પરિણામ છે, Result જેને કહેવામાં આવે છે તે ઘણા સમયનું ફળ છે. પણ ફેરફાર તો તે સમયનો છે, એમ લેવું.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- હા. એટલે જ્ઞાનીની અપેક્ષાથી એ કહી દીધું. ચોખવટ ઘણી છે. થોડામાં પણ ઘણી ચોખવટ છે.

**'નિશ્ચયનયથી પદાર્થ માત્ર રૂપાંતર જ પામે છે, કોઈ પણ 'પદાર્થ' કોઈ પણ કાળમાં કેવળ નાશ પામે જ નહીં, એવો સિદ્ધાંત છે.'** આ નિશ્ચય એટલા માટે લીધો કે જે પદાર્થ મૂળથી નાશ નથી પામતો.

વીતરાગ દેવ, ગુરુ, શાસ્ત્ર મળવા છતાં, ઓઘસંજ્ઞાએ જીવ પ્રવર્તે તો લોકસંજ્ઞા અને અસત્‌સંગની જેમ તે દર્શનમોહ વૃદ્ધિમાં આવી જાય છે. કેમકે ઓઘસંજ્ઞાએ પ્રવર્તતાં ત્યાં નિજ પરમાત્મપદ પ્રાપ્તિની ઉપેક્ષા થઈ, તેથી યથાર્થ નિર્ણયની દિશામાં પ્રયત્ન થવો ઘટે, જેથી ઓઘસંજ્ઞાની નિવૃત્તિ થાય. અને સ્વભાવ સન્મુખ / સમીપ જવાય. ઓઘસંજ્ઞા ટાળવા અર્થે તીવ્ર લગની / દરકાર હોવી ઘટે. ('અનુભવ સંજીવની' - ૨૦૮)

સ્વપણે વેદવાનો જ્ઞાનનો - જ્ઞાન સ્વભાવ છે. જ્યાં સુધી તેવું અંતર અવલોકનથી નિજ જ્ઞાનનું સ્વરૂપ ન જણાય, ત્યાં સુધી તે દૃષ્ટિએ જોવા / શોધવાનો પ્રયાસ થવો ઘટે. તેથી જ પરમાગમમાં 'જ્ઞાનમાત્ર' ની જ્ઞાનગુણ / જ્ઞાન સ્વભાવ દ્વારા પ્રાપ્તિ કહી છે. જે નિજાવલંબનરૂપ છે અને રાગના અવલંબનથી ભિન્ન પડીને સમુત્પન્ન છે.

('અનુભવ સંજીવની' - ૨૦૯)

શ્રીગુરુ આત્માને અનુભવવાનો ઉપદેશ આપે છે. પરંતુ જેને આત્મ રુચિ નથી, તેવો જીવ સ્વાનુભવનો પુરુષાર્થ કરવાને બદલે અનેક પ્રકારે શુભ ક્રિયામાં (શુભની રુચિને લીધે) ધર્મ માટેના પ્રયત્નનો આડંબર કરે છે. તે કપટનો ખેલ છે. (અનુભવ પ્રકાશ)

('અનુભવ સંજીવની' - ૨૧૦)

પત્રાંક - ૨૮૭

વવાણિયા, આસો વદ ૧, રવિ, ૧૯૪૭

પૂર્વાપર અવિરુદ્ધ એવું જે ભગવત્‌સંબંધી જ્ઞાન તે પ્રગટ કરવા જ્યાં સુધી તેની ઇચ્છા નથી, ત્યાં સુધી વધારે પ્રસંગ કોઈથી પાડવામાં નથી આવતો તે જાણો છો.

અભિન્‍ન એવું હરિપદ જ્યાં સુધી અમે અમારામાં નહીં માનીએ ત્યાં સુધી પ્રગટ માર્ગ કહીશું નહીં. તમે પણ જેઓ અમને જાણે છે, તે સિવાય અધિકને નામ, ઠામ, ગામથી અમને જણાવશો નહીં.

એકથી અનંત છે; અનંત છે તે એક છે.

**તા. ૬-૧૦-૧૯૯૮, પ્રવચન નં. ૭૩૨**
**પત્રાંક – ૨૮૭. ૧૮:૩૦ મિનિટથી**

નીચે ૨૮૭મો પત્ર પણ 'સોભાગભાઈ' ઉપરનો છે.

**'પૂર્વાપર અવિરુદ્ધ એવું જે ભગવત્‌સંબંધી જ્ઞાન તે પ્રગટ કરવા જ્યાં સુધી તેની ઇચ્છા નથી, ત્યાં સુધી વધારે પ્રસંગ કોઈથી પાડવામાં નથી આવતો તે જાણો છો.'** તમે જાણો છો. ભગવત્‌સંબંધી જ્ઞાન એટલે આત્માસંબંધીનું જ્ઞાન. આત્મકલ્યાણ સંબંધીનું જ્ઞાન એ પૂર્વાપર અવિરુદ્ધ છે. પૂર્વાપર અવિરુદ્ધ છે એટલે શું ? કે ક્યાંય વિરોધતા પામતું નથી. નિશ્ચયથી, વ્યવહારથી ક્યાંય પણ એ જ્ઞાનમાં વિરોધપણું નથી. વિરોધપણું હોય તો અશાંતિ ઊભી થાય. પૂર્વાપર અવિરુદ્ધ હોવાથી સર્વાંગ સમાધાનરૂપ

છે. કેવું છે ? સર્વાંગ સમાધાનરૂપ છે. એનો અર્થ એ છે કે જેને આત્મજ્ઞાન હોય, જેને આત્માનો સાક્ષાત્કાર થયો હોય એને આત્મશાંતિ બરાબર ઉત્પન્ન થાય છે. એટલું જ નહિ કોઈપણ સમસ્યાનો, કોઈપણ અશાંતિ ઉત્પન્ન થાય એવી પરિસ્થિતિનું, શાંતિ કેવી રીતે થાય એનું સમાધાન તે આપી શકે છે. હજારો વિષયના એ સંબંધીના પ્રશ્નો હોય. એક-બે નહિ, હજારો પ્રશ્નો સામે આવે. કોઈપણ Angle થી કોઈપણ પ્રશ્ન આવે.

જેમકે જગતની અંદર મૂંઝવણના પ્રસંગો હજારો પ્રકારના છે. કોઈને કાંઈ... કોઈને કાંઈ... કોઈને કાંઈ મૂંઝવણ... મૂંઝવણ... મૂંઝવણ.. જગત આખું મુંઝાયેલું પડ્યું છે. આત્મજ્ઞાની પાસે એ હજારોમાંથી હજારો પ્રકારે પ્રશ્ન આવે તોપણ એનું એ સમાધાન આપી શકે કે આ અશાંતિનું કારણ છે અને આ શાંતિનું કારણ છે. આ અશાંતિનું કારણ છે અને આ શાંતિનું કારણ છે. તમારી અશાંતિનું કારણ આ છે અને તમને શાંતિ આ પ્રકારે થાય. બન્ને વાતનું સમાધાન એ આપી શકે.

એવું જે જ્ઞાન એને અહીંયાં ભગવદ્સંબંધી જ્ઞાન કહેવામાં આવ્યું છે. તે જ્ઞાન પ્રગટ કરવું એટલે એ જ્ઞાનથી બીજાને સમજાવવું, જાહેરમાં, સામાજિક - Social platform ઉપર આવીને એ વાતને મૂકવી, પ્રગટ કરવી એ જ્યાં સુધી તેની ઇચ્છા નથી ત્યાં સુધી, ઈશ્વરઇચ્છા નથી એમ કહો કે આત્મા અંદરથી એ માટે તૈયાર નથી એમ કહો, જ્યાં સુધી સહજ કુદરતી રીતે એ પ્રકાર ઉત્પન્ન ન થાય **'ત્યાં સુધી વધારે પ્રસંગ કોઈથી પાડવામાં નથી આવતો...'** એટલે કોઈની સાથે વધારે જાન-પહેચાન, ઓળખાણ કરવી, પરિચય વધારવો, ઘણા માણસોના પરિચયમાં આવવું એમ કરવાનું મન થતું નથી તે તમે જાણો છો.

**'અભિન્ન એવું હરિપદ જ્યાં સુધી અમે અમારામાં નહીં માનીએ ત્યાં સુધી પ્રગટ માર્ગ કહીશું નહીં.' 'અભિન્ન એવું હરિપદ...'** આત્માનું પદ છે એ તો પોતાના સ્વરૂપથી અભિન્ન છે. હરિ કહો કે પરમાત્મા કહો, નિજ પરમાત્મપદ છે એ પોતાથી અભિન્ન છે, અભેદ છે. એ જ્યાં સુધી અમે અમારામાં નહીં માનીએ, જ્યાં સુધી એવી દશા નહિ આવે, પ્રગાઢ દશા નહિ આવે એ સંબંધીની **'ત્યાં સુધી પ્રગટ માર્ગ કહીશું નહીં.'** એટલે એમનો પહેલેથી અભિપ્રાય (એ છે કે) બહુ આગળ વધીને માર્ગ પ્રકાશવાનો છે. ભલે વ્યાપાર અને ગૃહસ્થાશ્રમ નિરસપણે એમને હોવા છતાં પણ

કોઈ એવી યોગ્યતા હતી ત્યારે એ સંયોગોની વચ્ચે હતા ને ! પૂર્વકર્મને લઈને પણ કોઈ એવી યોગ્યતા હતી ત્યારે એની વચ્ચે હતા ને ! તો પછી એ પરિસ્થિતિથી આગળ વધીને (પછી માર્ગ પ્રકાશવો).

મુમુક્ષુ :- ભાઈશ્રી ! હિન્દી મેં...

પૂજ્ય ભાઈશ્રી :- હાં. ક્યા કહતે હૈં ? કિ, જૈસા આત્મા હૈ ઐસા હમારા સ્વરૂપ બહુત આગે બઢકર (કહના ચાહતે હૈં), ગૃહસ્થદશામેં હમ વહ બાત નહીં કરના ચાહતે, વ્યાપાર કરતે-કરતે હમ વહ બાત કરના નહીં ચાહતે. હમારી દશા કોઈ ઔર બઢ જાયે, ફિર વહી બાત હમ કરેંગે કિ દેખો હમને યે પરિસ્થિતિ પ્રગટ કી હૈ. અભી તો લોગ શંકા કરેંગે.

જૈસે કિ આપ યે કહેંગે કિ, સંસાર કી અનુકૂલતા મેં સુખ નહીં હૈ, તો અગલે કો લગેગા કિ, આપ ફિર ક્યોં સંસાર મેં બૈઠે હો ? ક્યોં વ્યાપાર કરતે હો ? ક્યોં કુટુંબ-પરિવાર કે બીચમેં હો ? ક્યા આપકો મોહ નહીં હૈ ? મોહ નહીં હૈ તો ક્યોં બૈઠે હો ? મોહ છોડને કી બાત ક્યોં કરતે હો ? યે બાત સામને આયેગી. બાત તો મોહ છોડને કી આયેગી.

સંસારમેં દુઃખ કિસ કારણ સે હૈ ? કિ, મોહ કે કારણ સે હૈ. સુખી હોના હૈ તો મોહ કો છોડો. મોહ છોડનેકા સુનનેવાલે તો દેખેંગે કી આપને તો મોહ છોડા નહીં. હમકો મોહ છોડને કી બાત ક્યોં કરતે હો ? યે બાત સામને આ જાયેગી. ઉસ પરિસ્થિતિ મેં કોઈ ઉપદેશ દેના વહ નહીં ચાહતે થે. જ્ઞાન હોતે હુએ ભી વે ઉપદેશ દેના નહીં ચાહતે થે.

**'તમે પણ જેઓ અમને જાણે છે, તે સિવાય અધિકને નામ, ઠામ, ગામથી અમને જણાવશો નહીં.'** જો લોગ હમકો જાનતે હૈં ઉનકો છોડ કરકે દૂસરોં કો હમારા ન નામ બતાના હૈ, ન કોઈ ગાંવ બતાના હૈ, ન કોઈ હમારા સ્થાન બતાના હૈ. ઠામ માને સ્થાન. હમારા નામ, હમારા સ્થાન, હમારા ગાંવ કિસીકો બતાના નહીં. ઔર હમ જગતમેં પ્રસિદ્ધિ ચાહતે ભી નહીં કિ હમ પ્રસિદ્ધ હો જાયે. વહ ભી હમ નહીં ચાહતે. જરૂરી નહીં. આ સાચા સિક્કાની વાત ચાલી હતી ને ?

મુમુક્ષુ :- શતાવધાનના પ્રયોગો ...

પૂજ્ય ભાઈશ્રી :- શતાવધાનના પ્રયોગો કર્યા એમાં પ્રસિદ્ધિ વધી ગઈ. પ્રસિદ્ધિ

વધી ગઈ અને લોકો પ્રશંસા બહુ કરવા માંડ્યા. કેમકે 'મુંબઈ'માં પ્રયોગો કર્યા. 'મુંબઈ'માં તો તરત છાપામાં બધું આવવા માંડ્યું. અંગ્રેજી, ગુજરાતી બધા છાપામાં જોરશોરથી વાત આવી. પ્રસિદ્ધિ બહુ મળી ગઈ.

મુમુક્ષુ :– International level ઉપર બહારમાં પ્રસિદ્ધિ બહું થઈ ગઈ.

પૂજ્ય ભાઈશ્રી :– હા, International level ઉપર પ્રસિદ્ધિ થઈ ગઈ.

મુમુક્ષુ :– અને એને ફોરેન લઈ જવા માંગતાતા.

પૂજ્ય ભાઈશ્રી :– પણ એ પોતે બહુ સાવધાન હતા. એમને થયું કે આ પ્રસિદ્ધિનો પ્રયોગ થઈ ગયો આ ભૂલ થઈ ગઈ મારી. ફરીને પ્રયોગ ન કર્યો. મારે તો પ્રસિદ્ધિ જોઈતી નથી અને આ પરિસ્થિતિમાં જો પ્રસિદ્ધિ મળે તો માનની અંદર ચડી જાય. જ્ઞાન થયા પહેલા માન મળી જાય તો વાત પૂરી થઈ જાય.

મુમુક્ષુ :– લખ્યું છે ને બહું ખ્યાતિ ભોગવી એટલે સ્મૃતિ ઘટી ગઈ છે.

પૂજ્ય ભાઈશ્રી :– ઘટી ગઈ છે. લખ્યું છે. 'સમ્મુચયવયચર્યા'માં લખ્યું છે. બાવીસમે વર્ષે લખ્યું છે. શતાવધાન અઢારમે વર્ષે કર્યા હતા. નાની ઉંમરમાં 'મુંબઈ'માં કર્યા હતા. પછી ખ્યાલ આવી ગયો કે આત્માને આ નુકસાનનું કારણ છે. જેમ ક્રોધથી આત્માને દુઃખ થાય છે, નુકસાન થાય છે, અશાંતિ થાય છે એમ માન ચડે તોપણ એ જ દશા થાય. એની આકુળતા થાય છે. અને એ અધ્યાત્મદશાવાળા જ સમજી શકે છે કે માનથી પણ આકુળતા થાય છે, દુઃખ થાય છે. બીજા ન સમજી શકે. અજ્ઞાની જીવો તો રાજી થાય, માન મળે એમ રાજી થાય. ઓહો...! આપણને (માન મળ્યું)

પ્રશ્ન :– માન જોઈતું ન હોય પણ બીજા માન આપતા હોય તો શું કરવું ?

સમાધાન :– હા બહુ સરસ વાત છે. ક્યાં પૂછા ? કી હમકો તો માન નહીં ચાહિયે, લેકિન દૂસરે લોગ માન દેતે હૈં તો ક્યા કરના ? તો ઉસ વક્ત અપને આપમેં દેખના કી દૂસરે લોગ માન દેતે હૈં તો હમેં ક્યા મિલતા હૈ ? દેખ લેના ક્યા મિલતા હૈ ? કુછ નહીં મિલતા હૈ. મિલતા હૈ કુછ ? દૂસરા કોઈ માન દેવે તો આત્મા કો ક્યા મિલ ગયા ? બતાઓ... બતાઓ બતાદો ! મિલતા હૈ ક્યા કુછ ? કુછ નહીં મિલતા. આત્મા કો કોઈ લાભ નહીં, કોઈ શાંતિ નહીં, કોઈ સુખ નહીં. ઇસકે કારણ સે તો કુછ હૈ હી નહીં. તો જો જ્ઞાની હોતે હૈં, અગર ઉનકો કોઈ માન દેતે હૈં તો

ઉસ વક્ત ઉનકો વહી જ્ઞાન રહતા હૈ કિ મુજે તો કુછ મિલતા નહીં. યે પરાઈ ચીજ (હૈ). માન હૈ વહ પરાઈ ચીજ હૈ, તો (ઉસકો) ઉસકે ઘરમેં રહનો દો. વે માન કો અપને ઘરમેં પ્રવેશ નહીં દેતે. ઉસકો બાહર હી રખતે હૈં.

પ્રશ્ન :- ...

પૂજ્ય ભાઈશ્રી :- માન જગતમાં મળ્યું ને ! તો જગતનું માન જગતમાં જ રહેવા દ્યો ને. આપણા ઘરમાં શું કરવા આવવા દેવું જોઈએ એને ? આપણે અંદરથી બારણું બંધ રાખવું.

મુમુક્ષુ :- હાર પહેરવામાં હારી જવાય...

પૂજ્ય ભાઈશ્રી :- કોઈ હાર પહેરાવે તો એમ કહે છે.

મુમુક્ષુ :- હાર પહેરવામાં હારી જવાય છે..

પૂજ્ય ભાઈશ્રી :- હાર પહેરવામાં હારી જાય. હાર પહેરે તો હારી જાય. હાર પહેરવો જ નહીં ને. હાર પહેરાવવાવાળાને હાથ જોડવા, મહેરબાની રાખો. હમકો હાર નહીં પહનના. હાર જીસકો પહનના અચ્છા લગે ઉનકો પહનાઓ. હમકો તો અચ્છા નહીં લગતા. હાર પહનના હમકો તો અચ્છા લગતા નહીં. ઔર નાહીં વહ હમારી શોભા હૈ. અગર ઇસકો શોભા માને તો વહી હમારી અશોભા હૈ.

હમ તો સ્વરૂપ સે પરમાત્મા હૈ. ક્યા હૈ ? ભીતર મેં પરમાત્મા બિરાજમાન હૈ. ઇસસે ઊંચા તો કોઈ પદ હૈ નહીં. ફિર કોઈ હાર પહનાતા હૈ તો વહ તો નીચ પદ હૈ. નીચ પદમેં ઉચપદ ક્યોં માને ? ઐસા ક્યોં ?

મુમુક્ષુ :- 'ગુરુદેવ' ની વિડીયો કેસેટ જોઈએ છીએ એમાં તો જ્યાં જ્યાં જાય ત્યાં હાથી ઉપર બહુમાન થતું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બહુમાન કરતા. એ પોતે અંદરથી નિઃસ્પૃહ રહે છે. કોઈ કિતના ભી માન દેવે અપને કો નિઃસ્પૃહ રહના ચાહિયે. યે એક પુણ્યોદય હૈ. લેકિન વહ પૂર્વકર્મ કે કારણ સે હૈ. જો ભી કર્મ કે કારણ સે જો પ્રસંગ ઉત્પન્ન હો જાયે ઉસીકા નામ હે કર્મપ્રસંગ ઔર હમ હૈ આત્મપ્રસંગવાલે, કર્મ પ્રસંગવાલે હમલોગ નહીં હૈં. તો કર્મ કા ખેલ કર્મમેં હોને દો. જગત ઐસા હૈ આજ પ્રશંસા કરતા હૈ, કલ નિંદા કરેગા. વહી લોગ હૈ. જો પ્રશંસા કરનેવાલે હૈં વહી નિંદા કરનેવાલે હોતે હૈં. ક્યા કરોગે ?

મુમુક્ષુ :- આજે બહુ પ્રિય લાગે, અમુક સમય પછી મોઢું જોવું પણ ન ગમે.

પૂજ્ય ભાઈશ્રી :- અપ્રિય લગેગા. ઉસકા Reaction આયેગા. દુઃખી હો જાયેંગે. ક્યોં દુઃખી હુએ ? કી માન પ્રાપ્ત કર લિયા ઇસલિયે દુઃખી હો ગયે. અગર માન કો હમ છુએ નહીં, આને હી નહીં દે તો પ્રશંસા કરનેવાલે ઔર નિંદા કરનેવાલે એક સ્થાનમેં દીખેંગે કિ દોનોં કર્મપ્રસંગ હૈં. હમકો કોઈ લેના-દેના નહીં હૈ.

મુમુક્ષુ :- માન ઔર અપમાન દોનોં મેં સમાન.

પૂજ્ય ભાઈશ્રી :- દોનોંમેં સમાન. દોનોં અપને સે બાહર હૈ. પડોસ મેં જો કુછ હોતા હૈ, એક પડોસી કે વહાં લગ્ન હુઆ, દૂસરે પડોસી કે વહાં મૃત્યુ હુઈ. હમકો ક્યા લેના-દેના ? દોનોં બોલતે હૈં હમારે યહાં ખાના ખાને કો આઓ. હમ કહેંગે કી હમકો તો બાહર કા ખાના ખાના હી નહીં. હમારે ઘરમેં શાંતિકા ભોજન હમ બરાબર ખા રહે હૈં. હમકો દૂસરે કા ખાના નહીં ખાના હૈ. બાત ખતમ. ન નિંદાવાલેકા, ન પ્રશંસાવાલેકા, ન મૃત્યુવાલેકા, ન શાદીવાલેકા.

મુમુક્ષુ :- ગર્વ નથી, ગારવ નથી...

પૂજ્ય ભાઈશ્રી :- જ્ઞાની કો ગર્વ નહીં હોતા. કિતના ભી સામર્થ્ય હોનેપર ભી જ્ઞાની કો ગર્વ નહીં હોતા. અહમ્‌ભાવ નહીં કરતે.

ઇસલિયે કહતે હૈં કિ, જો લોગ જાનતે હૈં (ઉતના) ઠીક હૈ, ઉસકે સિવા નયે લોગોં કો હમારા નામ નહીં દેના, હમારા સ્થાન નહીં બતાના, હમારા ગાંવ ભી નહીં બતાના.

છેલ્લું વાક્ય લખ્યું છે. **'એકથી અનંત છે; અનંત છે તે એક છે.' 'એકથી અનંત છે;...'** એક આત્મામાં અનંત ગુણ છે અને અનંત ગુણનું એકરૂપ તે એક જીવ છે. એક અને અનંત એક જ જગ્યાએ છે. **'એકથી અનંત છે;...'** અનંત ગુણો છે એ એક આત્માને લઈને છે અને અનંત ગુણો છે તે એક જીવ પદાર્થમાં છે. એક અને અનંત એક જ વસ્તુમાં છે. એક કહો, અનંત કહો અપેક્ષાથી વાત છે. ગુણથી કહો તો અનંત છે, પદાર્થથી કહો તો એક છે.

અથવા એક જીવથી અનંત પર્યાયો છે. એક પદાર્થની અનંત અવસ્થાઓ છે. અનંત અવસ્થાઓ છે એ એક જ પદાર્થથી છે. અને અનંત છે એ અનંતો પર્યાયોનો સરવાળો તે એક જીવનું જીવન છે, આખો જીવ છે. અનાદિ-અનંત પર્યાયોનો સમૂહ

તે જીવ, તે પદાર્થ છે, જીવ છે. એવી રીતે પર્યાયને અને ગુણને બંનેને લાગુ પડે છે.

૨૮૭મો પત્ર બહુ ટૂંકો છે છતાં પણ એમણે એમાં પોતાના સંબંધી વાત કરી છે કે અમને જે જ્ઞાનની પ્રાપ્તિ થઈ છે એ જ્ઞાનની પ્રાપ્તિ જ્યાં સુધી કુદરતે, ઈશ્વરેચ્છા ન હોય ત્યાં સુધી અમે કોઈ સામાજિક Platform ઉપર આવીને એ વાત કરવા માગતા નથી. તેમ અમને માન મળે એવું અમે ઇચ્છતા નથી. કોઈની સાથે હાલ પરિચય વધારવા માગતા નથી. એટલે કોઈ નવા માણસોને તમે અમારો પરિચય આપીને અમારું નામ, ઠામ, ઠેકાણું આપશો નહીં. અમારે એ દિશામાં આગળ વધવું નથી.

માન એમને જોઈતું નહોતું, માન મેળવવા ઇચ્છતા નહોતા. એવી સૂચના એ કાગળની અંદર લખી મોકલતા. સ્પષ્ટ સૂચના આપતા. કોઈએ આરોપ કર્યો કે સત્પુરુષનો આટલો બધો મહિમા કર્યો તો પોતાને કાંઈક ઇચ્છા હશે માન મેળવવાની ? પણ એ પોતે તો ગુપ્ત રહેવા માગે છે.

એક પત્રમાં તો એમ લખ્યું છે કે સબોં કે બીચમેં અજ્ઞાની બનકર રહના હૈ, અજ્ઞાની હોકર રહના હૈ. કોઈ જ્ઞાની માનકર માન-સન્માન દેવે ઔર હમકો અલગ રખે, વહ બાત હમ નહીં ચાહતે. હમકો પસંદ નહીં વહ બાત. કોઈ હમકો માન દેવે વહ હમકો પસંદ હૈ હી નહીં. ક્યોંકિ માન હમકો ચાહિયે નહીં ફિર આપ ક્યોં દેતે હો ? જો ચીજ હમકો ચાહિયે નહીં ઉસકો ક્યોં દેતે હો ? હમકો તો ઉસકી ચાહના નહીં હૈ. હમારી ચાહત હી નહીં હૈ ફિર ક્યોં દેતે હો ? ઇસ તરહ સે રહના ચાહતે હૈં.

અહીંયાં સમય પૂરો થાય છે. આગળનો વિષય કાલના સ્વાધ્યાયમાં લેશું.

**આત્મ-કલ્યાણની તક મનુષ્યભવ છે. તક એટલે 'થોડો કાળ'. અનંતકાળે માંડ આવો થોડો કાળ મળે છે. તે બીજા કાર્યોમાં ગુમાવાય તો કલ્યાણનો કાળ જતો રહે; તેથી પાત્ર મુમુક્ષુને આત્મકલ્યાણ સિવાઈ કાળક્ષેપ થાય તે પોસાતું નથી.**

**('અનુભવ સંજીવની' - ૨૧૫)**

**પત્રાંક - ૨૮૮**

**વવાણિયા, આસો વદ ૫, ૧૯૪૭**

**આદિપુરુષ રમત માંડીને બેઠો છે.**

**નવા જૂનું તો એક આત્મવૃત્તિ સિવાય અમારે ક્યાં છે ? અને તે લખવા જેટલો મનને અવકાશ પણ ક્યાં છે ? નહીં તો બધુંય નવું છે, અને બધુંય જીર્ણ છે.**

**તા. ૭-૧૦-૧૯૯૮, પ્રવચન નં. ૭૩૩**
**પત્રાંક – ૨૮૮ ૮:૦૦ મિનિટ.**

પત્રાંક ૨૮૮, પાનું ૩૦૩. બે લીટીનો પત્ર છે. પત્રનું મથાળું લખ્યું છે. **'આદિપુરુષ રમત માંડીને બેઠો છે.'** આદિપુરુષ એટલે આ આત્મા છે, એનું બીજું નામ આદિપુરુષ પણ છે, પુરાણપુરુષ પણ છે, અનાદિપુરુષ પણ છે. એ સંસારમાં **'રમત માંડીને બેઠો છે'** જેમ છોકરાઓ ઘર-ઘર રમે છે એમ આ જીવ પણ આ મારું ઘર છે, આ મારું કુટુંબ છે (એમ રમત માંડીને બેઠો છે).

આદિપુરુષ માને આત્મા. આત્મા જો હૈ ઉસને રમત શુરૂ કી હૈ, શુરૂ કરકે બૈઠ ગયા હૈ. રમત શુરૂ કરકે બૈઠા હૈ. માંડીને ક્યા બોલતે હૈં હિન્દી મેં ?

પ્રશ્ન :– શરૂઆત

પૂજ્ય ભાઈશ્રી :– શુરૂઆત ? રમત માંડી – રમત શુરૂ કિયા. રમત કો રમત બોલતે હૈં. માંડીને એટલે શુરૂ કરીને. એમ જ થાય ને ?

મુમુક્ષુ :– હિન્દીમાં શુરૂ કરીને જ છે.

પૂજ્ય ભાઈશ્રી :– એમ જ છે ને અનુવાદમાં ? કૌન સી રમત હૈ ? યે સંસાર કી રમત હૈ. દેખો ! યે મેરા પરિવાર, યે મેરા મકાન, યે મેરી દુકાન, યે મેરા સમાજ, યે મેરી નાતી, મેરી જાતિ. ફિર વહ Game પૂરી હો જાયેગી. નઈ Game ચાલુ કરેગા. વહ પૂરી હો જાયેગી, ફિર નઈ ચાલુ કરેગા.

એક પદ (હૈ). 'બહેનશ્રી' જો હૈં વે અપની મુમુક્ષુ કી ભુમિકામેં બહુત વૈરાગ્યમય પદ ગાતે થે. **'મારે રમત રમવી નથી.'** 'હોય રમત ઘડી બે ઘડીની, પણ આ તો અનંતા યુગ ગયા.' અનંતા યુગ સે હમારી આત્મા નઈ-નઈ રમત... નઈ-નઈ રમત... નઈ-નઈ રમત ખેલતા હી રહતા હૈ, થકતા હી નહીં. જો થક ગયા વહ ક્યા બોલતા હૈ ? અબ મેરે કો નહીં ખેલના હૈ. મૈં થક ગયા. અબ મેરે કો નહીં ખેલના હૈ. અબ મૈં થક ગયા. બહુત અચ્છે ભાવ નિકાલે હૈં. જિસને પદ લિખા હૈ ઉન્હોંને તો બહુત અચ્છે વૈરાગ્ય કે ભાવ નિકાલે હૈં.

મુમુક્ષુ :– દૂર કાં પ્રભુ દોડતું...

પૂજ્ય ભાઈશ્રી :– 'દૂર કાં પ્રભુ દોડતુ મારે રમત રમવી નથી.' હમ પ્રભુ કે દર્શન કે લીયે પ્રભુ કે પીછે દૌડતે હૈં. પ્રભુ પકડ મેં નહીં આતે. પટ્ટી બાંધકરકે પકડને કો જાતે હૈં ન ? હાથ મેં કુછ આતા નહીં. આવાજ દેતા હૈ મૈં ઇધર હું. તો ઇધર દૌડતા હૈ. આંખે તો બંદ હૈ તો ઇધર દોડતા હૈ. ફિર આવાજ ઇધર આતી હૈ તો ઇધર દોડતા હૈ. એસે પ્રભુ દૂર હી દૂર લગતે હૈં, પકડ મેં નહીં આતે. ઐસી જો આંખ બંદ કરકે ખેલને કી રમત હૈ (વહ) અબ મેરે કો નહીં ખેલના હૈ. અબ તો જ્ઞાન નેત્ર ખોલના હૈ ઔર પ્રભુ કા દર્શન કરના હૈ. ઐસા કરકે વહ બાત લી હૈ. બહુત અચ્છે ભાવ નિકાલે હૈ.

(યહાં) 'સોભાગભાઈ' કો લિખતે હૈં કિ દેખો ! આપકો અભી જો પરિસ્થિતિ હૈ વહ તો એક રમત હૈ, એક ખેલ હૈ. કુછ ઇસમેં જ્યાદા અપનાપન કરનેકી જરૂરત નહીં હૈ. ક્યોંકી ખેલ કા મૈદાન છોડકર હમ ચલે જાનેવાલે હૈં, ખેલ કા મૈદાન છોડકરકે ચલે જાયેંગે. ઔર જગહ ખેલેંગે, ફિર ઔર જગહ ખેલેંગે. તો યહાં ઇતની પકડ કરને સે ક્યા ફાયદા ? ઔર જિતની પકડ જ્યાદા હોગી ઉતના દુઃખ જ્યાદા હોગા.

આખિર મેં જો બાત હૈ વહ તો દુઃખ કૈસે નહીં હોવે ઔર સુખ કૈસે હોવે ? વહી બાત હૈ.

**'નવા જૂનું તો એક આત્મવૃત્તિ સિવાય અમારે ક્યાં છે ?'** હમકો તો એક આત્મવૃત્તિ અંદરમેં ચલતી હૈ, વહી નઈ બાત હૈ ઔર વહી જૂની બાત હૈ યાની વહી સમાચાર હૈ. નવા-જૂની એટલે સમાચાર. ગુજરાતીમાં એમ પૂછે કાંઈ નવા-જૂની છે ? મતલબ કોઈ સમાચાર હૈ ? નઈ ખબર હૈ ? તો ઉસકો નવા-જૂની બોલતે હૈં. પૂછા હોગા કિ, કોઈ નવાજૂની હોય તો લખશો. તો કહતે હૈં, હમકો તો હમારી આત્મવૃત્તિ કે સિવા ઔર કોઈ સમાચાર હમારે પાસ હૈ હી નહીં. વહી હમારે મુખ્ય હૈ. જિસ આત્મવૃત્તિમેં હમારે પરમાત્મા કો સ્થાન દિયા હૈ વહી હમારી આત્મવૃત્તિ હમકો મુખ્ય હૈ. ઇસકે સિવા હમકો કોઈ નઈ બાત ભી નહીં, કોઈ પૂરાની બાત (ભી) નહીં, કોઈ દૂસરા સમાચાર હમારે પાસ તો હૈ નહીં.

ઔર યહ લિખને જિતના મનકો અવકાશ ભી કહાઁ હૈ ? ઔર આત્મવૃત્તિકો લિખને કે લિયે મનકો અવકાશ નહીં હૈ. મન ભી વહીં લગા હૈ. જહાં હમારા પરમાત્મા હૈ વહીં હમારા મન લગા હૈ. ચીઠ્ઠી લિખને મેં ભી, હમકો પત્ર લિખને મેં ભી હમારા મન નહીં લગતા. ઇસકે સિવા સબ નયા હૈ ઔર સબ પુરાના હૈ. નયા-પુરાના સબ ઉસકે સિવા હૈ. હમકો તો એક હી બાત હૈ, દૂસરી બાત કોઈ હૈ નહીં.

દો પંક્તિ મેં ભી મુખ્યતા ક્યા હોની ચાહિયે ? કહાં હોની ચાહિયે ? ઉતની બાત બતા દી હૈ, મુદ્દેકી બાત બતા દી હૈ. બાકી સબ રમત હૈ, ઉસકી કોઈ કીમત નહીં હૈ. બચ્ચે કો ભી કોઈ રમત લા દેતે હૈં ન ? ખેલને કે લિયે. કુછ ટાઇમ ખેલતા હૈ ફીર સામને હી નહીં દેખતા. જિસકે લિયે વહ તકરાર કરે વહ કુછ ટાઇમ કે બાદ ઉસ રમત કે સામને નહીં દેખેગા. પૂરાની હો જાતી હૈ. યહી હાલત હૈ સંસારમેં.

## પત્રાંક-૨૮૯

વવાણિયા, આસો વદ ૧૦, સોમ, ૧૯૪૭

**પરમાર્થવિષયે મનુષ્યોનો પત્રવ્યવહાર વધારે ચાલે છે; અને અમને તે અનુકૂળ આવતો નથી. જેથી ઘણા ઉત્તર તો લખવામાં જ આવતા નથી; એવી હરિઇચ્છા છે; અને અમને એ વાત પ્રિય પણ છે.**

## તા. ૮-૧૧-૧૯૮૯, પ્રવચન નં. ૭૯
## પત્રાંક – ૨૮૯, ૨૯૦ અને ૨૯૧

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત. ૨૮૯ પત્રાંક, પાનું ૩૦૪ 'સોભાગભાઈ' ઉપરનો ટૂંકો પત્ર છે. **'પરમાર્થવિષયે મનુષ્યોનો પત્રવ્યવહાર વધારે ચાલે છે. અને અમને તે અનુકૂળ આવતો નથી. જેથી ઘણા ઉત્તર તો લખવામાં જ આવતા નથી; એવી હરિઇચ્છા છે; અને અમને એ વાત પ્રિય પણ છે.'** કેટલાક મુમુક્ષુઓ પરિચયમાં આવ્યા છે. એમનો પત્રવ્યવહાર શરૂ થયો છે. અનેક માણસો પત્ર લખે છે પણ પોતાની દશા ઉદય બાજુથી ઉદાસ છે એટલે એ વિષયમાં વિશેષ પરિચય વધે એ એમને અનુકૂળ નથી લાગતું. અંતરંગ પરિણતિને બાહ્ય પરિણતિ અનુકૂળ નથી. એનો સંક્ષેપ એવો છે.

પ્રશ્ન :– પરમાર્થ વિષયે એટલે શું ?

સમાધાન :– પરમાર્થવિષયે મનુષ્યોનો પત્રવ્યવહાર ચાલે છે. એટલે એવા કોઈ પ્રશ્ન આવે છે તો એ વિષયમાં બાહ્ય પ્રવૃત્તિ કરવી પડે છે. એ પોતાને અંતરંગ વૃત્તિ સાથે અનુકૂળ નથી પડતું. એવી પોતાની સ્થિતિ છે, એમ. પોતાની સ્થિતિનું અંતરંગ પરિણતિનું વર્ણન કરે છે. વ્યવહારિક પત્રવ્યવહાર તો કોઈની સાથે એમને હતો નહિ અથવા લગભગ કર્યો નથી, પણ પરમાર્થ વિષયના જે પત્રવ્યવહાર છે એ વિષયમાં

પણ એમની પરિણતિ કામ નથી કરતી.

પ્રશ્ન :- પરમાર્થ વિષય માટે બાહ્ય પ્રવૃત્તિ કરે છે એ ?

સમાધાન :- નહિ, પત્ર વ્યવહાર લખવો, પત્રનો જવાબ દેવો. પત્રો અનેક માણસોના આવે. તો ઘણા માણસો પરીચયમાં આવે, તો બધા પત્ર લખે. પોતપોતાની રીતે માર્ગદર્શન માગે. કાંઈને કાંઈ પોતાને પ્રશ્ન ઊઠ્યો હોય તે લખે, કાંઈને કાંઈ પૂછાવે તો સ્વાભાવિક છે કે પ્રવૃત્તિ વધી જાય. તો જે પ્રમાણમાં, જો કે એટલું બધું મોટું પ્રમાણ નથી એમના એ વખતના પરિચિત મનુષ્યનું તો પણ, જેટલા પ્રમાણમાં છે એટલા પ્રમાણમાં પ્રત્યુત્તર લખવા માટે એમની પરિણતિ તૈયાર નથી. એવી એમની અંતરંગ દશા છે એમ કહેવું છે.

પ્રશ્ન :- એવી કઈ દશા છે કે જેથી એવો ભાવ પણ નથી આવતો ?

સમાધાન :- એ વીતરાગતા આત્માની સાથે તીવ્ર દશા છે. આત્માની દશા એ છે. આત્મામાં એવી દશા છે.

પ્રશ્ન :- ૨૪ કલાક હોઈ શકે ?

સમાધાન :- પરિણતિ તો રહે ને ! ઉપયોગ ન થયો હોય. પરિણતિ તો રહે ને ! પરિણતિ નિરંતર રહે છે.

મુમુક્ષુ :- શુભનો અશુભ ...

પૂજ્ય ભાઈશ્રી :- શુભનો, અશુભનો બધો અવકાશ છે પણ નિષેધ સહિત છે. એનો આ નિષેધ વ્યક્ત થાય છે. થાય છે શુભભાવ, ઉપયોગ તો બહાર જ જાય છે પણ એનો નિષેધ વર્તે છે. એ વાત અહીંયાં પ્રસિદ્ધ થાય છે. શુભભાવ ત્યાં વ્યવહારના સ્થાનમાં છે જે-તે ગુણસ્થાને, પણ જે નિશ્ચય છે એ વ્યવહારનો નિષેધ કરે તે નિશ્ચય. 'પંચાધ્યાયી' એમ કહે છે કે, વ્યવહારનો નિષેધ કરે તે નિશ્ચય. નિશ્ચયની વ્યાખ્યા જ નાસ્તિથી કરી છે કે જે વ્યવહારનો નિષેધ કરે તેને નિશ્ચય કહીએ. અસ્તિથી નિશ્ચય એટલે નિશ્ચય સ્વરૂપને અનુસરતા પરિણામને નિશ્ચય મોક્ષમાર્ગ કહીએ એમ ન કહ્યું, એના બદલે નાસ્તિથી કહ્યું.

પ્રશ્ન :- ત્યાં ઊભો છે માટે કહ્યું ?

સમાધાન :- એક સહજ પરિસ્થિતિ જ છે. એ વાસ્તવિક અને સહજ પરિસ્થિતિ છે.

એટલે કહે છે કે, **'પરમાર્થવિષયે મનુષ્યોનો પત્રવ્યવહાર વધારે ચાલે છે. અને**

**અમને તે અનુકૂળ આવતો નથી. જેથી ઘણા ઉત્તર તો લખવામાં જ આવતા નથી;...'** કેટલાક ઉત્તર તો અમે લખતા જ નથી. કોઈ કોઈને લખીએ છીએ પણ એનો અર્થ એ થયો કે જે વિદ્યમાન છે આ ગ્રંથમાં એ સોએ સો ટકા તો હાથમાં આવ્યા ન હોય. કોઈ એક ટકો, બે ટકા, પાંચ ટકા પણ એ ગુમાવવા પડ્યા હોય. એ જેટલા પત્ર છે આટલા પ્રમાણમાં એ પણ એમણે આ વૃત્તિએ ઘણાને નહિ લખતા લખેલા છે. ઘણાને ઉત્તર નથી આપ્યા પછી જે લખાયેલા છે એ રહી ગયા છે એમ વાત છે. ત્યારે આ પુસ્તકનું આટલું દળ છે. લખવા બેસે તો કેટલા થયા હોત ? અને એટલા ટૂંકા સમયમાં. આયુષ્ય ઓછું હતું.

**'જેથી ઘણા ઉત્તર તો લખવામાં જ આવતા નથી. એવી હરિઇચ્છા છે;...'** એટલે કુદરતને પણ એ મંજૂર છે. આત્માને પણ એ મંજૂર છે.

પ્રશ્ન :- કુદરતને મંજૂર છે એટલે શું કહેવા માગે છે ?

સમાધાન :- એટલે સહજ એમ થાય છે તે યોગ્ય જ છે એમ કહેવું છે. એવી હરિઇચ્છા છે એટલે કુદરતે એમ યોગ્ય જ છે, વાસ્તવિકપણે એમ યોગ્ય જ છે, સહજપણે તે યોગ્ય જ છે એમ લેવું.

મુમુક્ષુ :- એવું વસ્તુનું સ્વરૂપ છે.

પૂજ્ય ભાઈશ્રી :- એવું વસ્તુનું સ્વરૂપ છે તે યોગ્ય જ છે, એમ કહેવું છે.

**'અને અમને એ વાત પ્રિય પણ છે.'** અને અમને એટલા માટે પ્રિય છે કે જે સાધકઆત્મા કેવળ અસંગ દશાને ચાહે છે એને સંગની વૃત્તિ અથવા સંગ વૃદ્ધિ પામે, બીજાનો પરિચય, એને સંગ કરવો પડે એ એને પોતાની અસંગ વૃત્તિની સાથે મેળ ખાતી નથી, વિરુદ્ધ જાય છે. એટલે એમને એ વાત પ્રિય નથી પણ આ વાત પ્રિય છે કે ભલે ઉત્તર નથી લખાતા તોપણ એ વાત અમને પ્રિય છે, અપ્રિય નથી.

મુમુક્ષુ :- બીજાને સમજાવવાનો ભાવ ઉન્મત દશા છે એમ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ઉન્મત દશા (છે). એ તો આચાર્યએ કહ્યું છે પણ આ તો નીચે ગૃહસ્થને એ દશા છે. એ વાત કરી 'ઉમાસ્વામી'એ 'તત્ત્વાર્થ સૂત્રમાં' ઉન્મતવત્. બીજાને સમજાવવાના પરિણામ છે એ તો ઉન્મતવત્ લાગે છે. એ બે લીટીમાં એમની અંતરંગ દશા છે એ વ્યક્ત થઈ છે.

મુમુક્ષુ :- અમે વાંચીએ છીએ અને આપ અર્થ કરો છો એમાં ફેર છે, ઘણો

ઊંડો અર્થ છે. અમને એ વાત પ્રિય છે, પરમાત્મા પ્રિય છે એવું...

પૂજ્ય ભાઈશ્રી :- અમને એ વાત પ્રિય છે એટલે ઉત્તર નથી લખવામાં આવતા એવી જે હરિઇચ્છા છે એ અમને પ્રિય છે. એમ લેવું છે. જુઓને અલ્પવિરામ....અલ્પવિરામ લેતા આવ્યા છે ને ? એટલે વાત કહેવા માગે છે એ એમ જ કહેવા માગે છે.

પ્રશ્ન :- પરમાર્થવિષયે એટલે શું અર્થ લેવો ?

સમાધાન :- પરમાર્થ વિષે તત્ત્વજ્ઞાન સંબંધીના પ્રશ્નો આવે છે. આત્માના હિત-અહિતના વિષયના પ્રશ્નો આવે છે, મોક્ષમાર્ગ વિષયે કોઈ વાતો આવે છે. એ વાત લખવાની અનેક માણસો તરફથી બને છે. ઉત્તર આપવા જેવી અમારી પરિણામની દશા નથી એમ કહે છે.

મુમુક્ષુ :- સમ્યગ્દષ્ટિને પ્રભાવનાનું અંગ તો હોય જ ને !

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ બન્ને પ્રકાર બને છે. બન્ને પ્રકાર છે. બાહ્ય પ્રભાવના છે એ નિષેધ સહિત છે. બાહ્ય પ્રભાવનાના પરિણામ એ નિષેધ સહિત છે. એટલું ચોક્કસ સમજવું જોઈએ કે સમ્યક્દૃષ્ટિને પ્રભાવના અંગ હોય છે. બહારમાં વાત્સલ્ય અંગ હોય છે. બહારના આઠેય અંગ છે પણ બહારના જેટલા કોઈ પરિણામ છે એ બધો એનો વ્યવહાર છે. એ દશાનો એ એમનો વ્યવહાર છે. એ નિષેધ સહિત જ હોય. જો નિષેધ સહિત ન હોય તો મિથ્યાત્વ થઈ જાય. વ્યવહાર જો નિષેધ સહિત ન હોય તો નિશ્ચય રહે નહિ. કેમકે શાસ્ત્રકારે નિશ્ચયનું સ્વરૂપ જ એ કહ્યું છે કે જે વ્યવહારનો નિષેધક હોય તેને નિશ્ચય કહીએ. 'પંચાધ્યાયી'એ તો આના ઉપર બહુ ચર્ચા કરી છે.

મુમુક્ષુ :- જે જેની ભૂમિકા અનુસાર વ્યવહાર ન હોય, એનો નિશ્ચય તપાસવાની જરૂર નથી.

પૂજ્ય ભાઈશ્રી :- જેને ભૂમિકાથી નીચી કોટીનો વ્યવહાર હોય એને નિશ્ચય નથી એમ નિર્ણય થાય છે. આપોઆપ નિશ્ચિત થઈ જાય છે કે એને નિશ્ચય પરિણામ છે જ નહિ. પણ જેને ભૂમિકા અનુસારના વ્યવહારના પરિણામ છે એને એ પરિણામના નિષેધ સહિત જ તે પરિણામ થાય એવો સિદ્ધાંત છે, એવો નિયમ છે. એમ ને એમ ન હોય, નહિતર ત્યાં પણ મિથ્યાત્વ થઈ જાય. ત્યાં પણ નિશ્ચય નથી રહેતો. યથાયોગ્ય વ્યવહાર ન હોય તોપણ નિશ્ચય નથી રહેતો, યથાયોગ્ય વ્યવહાર નિષેધ સહિત ન

હોય તોપણ નિશ્ચય નથી રહેતો. આવું નિશ્ચયનું સ્થાન છે. અલૌકિક સ્થાન છે.

પ્રશ્ન :- ઊંચા પરિણામ હોય છે. વ્યવહારના પરિણામ નિશ્ચય કરતા ઊંચા પરિણામ હોય તો ?

સમાધાન :- કેવી રીતે ? નિશ્ચય કરતા વ્યવહારના પરિણામ ઊંચા એટલે કેવી રીતે ? કાંઈ ખ્યાલમાં આવે છે કે આ રીતે હોય ?

મુમુક્ષુ :- ભૂમિકા ચોથા ગુણસ્થાનની હોય અને મુનિદીક્ષા લઈ લ્યે તો ઊંચો વ્યવહાર થયો ને !

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો એને યોગ્ય વ્યવહાર નથી પણ કષાયની મંદતા વિશેષ સહજપણે રહેતી હોય તો તીવ્ર કષાય કરવાનું કોઈ વિધાન નથી, ફરમાન નથી. એટલે સહેજે દીક્ષા અંગીકાર કરે પણ એ જાણે છે કે હજી એ ગુણસ્થાનમાં મારો પ્રવેશ નથી. માટે રખે કોઈ મને મુનિ માનીને ગૃહીત મિથ્યાત્વને પોષે એવું એ કરવા નથી દેતા. અને પોતાને પણ કોઈપણ શુભભાવ હોય તો એનો નિષેધ આવે છે, કોઈપણ પ્રકારના શુભભાવનો, શુભભાવ માત્રનો અથવા વિકલ્પમાત્રનો (નિષેધ આવે છે).

સૌથી ઊંચામાં ઊંચા શુભભાવ તો પોતાના શુદ્ધાત્મ સ્વરૂપના લક્ષે ચિંતવન થવું. જ્ઞાનના લક્ષમાં એટલે જ્ઞાનમાં શુદ્ધાત્માનું સ્વરૂપ છે, સમ્યગ્જ્ઞાનની અંદર, એવા સમ્યગ્જ્ઞાનીને એ શુદ્ધાત્માનો વિકલ્પ ઊઠે એ ઊંચામાં ઊંચો શુભભાવ છે. સૌથી ઊંચામાં ઊંચી કોટીનો શુભભાવ એ છે.

પ્રશ્ન :- સમ્યગ્દષ્ટિની વાત છે ?

સમાધાન :- હા, સમ્યગ્દષ્ટિને.

પ્રશ્ન :- મિથ્યાદષ્ટિને ?

સમાધાન :- મિથ્યાદષ્ટિને તો લક્ષમાં આત્મા નથી એટલે એટલો (ઊંચો) શુભભાવ નથી થતો. મિથ્યાદષ્ટિ સ્વરૂપ ચિંતવન કરે છે પણ એના લક્ષમાં આત્મા નથીને. જ્ઞાનમાં આત્મા નથી એટલે એટલો શુભભાવ નથી આવતો. આને તો લક્ષમાં આત્મા શુદ્ધાત્મા છે એટલે એથી ઊંચી કોટીનો શુભભાવ આવે છે. તોપણ એનો નિષેધ જ આવે. પછી ક્યાં બીજી વાત રહી ? એટલે તો સિદ્ધાંત બાંધ્યો કે વ્યવહારનો નિષેધ કરે તે નિશ્ચય. અને એટલે જ લોકોને જૈનદર્શનની વાત અટપટી લાગે છે.

એકકોરથી વ્યવહાર છોડે તો ધોકો મારે કે વ્યવહારનું ઠેકાણું નથી ? એમ કહે. બીજી કોરથી વ્યવહારને પકડે તો બીજો ધોકો મારે કે, નિષેધ નથી તને વ્યવહારનો ? આ વાત સામાન્ય પ્રકારે લોકોને નથી સમજાતી. અન્યમતવાળાને નથી સમજાતી. પણ આવું જ કોઈ વસ્તુનું સ્વરૂપ છે. વાસ્તવિકપણે આવું જ વસ્તુનું સ્વરૂપ છે.

મુમુક્ષુ :– સ્યાદ્વાદપણે...

પૂજ્ય ભાઈશ્રી :– આ તો વાસ્તવિકતા છે પછી એનું કથન છે એને વાદ કહીએ. આ તો મોક્ષમાર્ગીની વસ્તુસ્થિતિ જ આવી છે. એમ.

## પત્રાંક-૨૯૦

**એક દશાએ વર્તન છે, અને એ દશા હજુ ઘણો વખત રહેશે. ત્યાં સુધી ઉદયાનુસાર પ્રવર્તન યોગ્ય જાણ્યું છે, માટે કોઈ પણ પ્રસંગે પત્રાદિની પહોંચ મળતાં વિલંબ થાય અથવા ન મોકલાય, અથવા કંઈ ન જણાવી શકાય તો તે શોચ કરવા યોગ્ય નથી, એમ દઢ કરીને અત્રેનો પત્રપ્રસંગ રાખજો.**

૨૯૦. **'એક દશાએ વર્તન છે, અને એ દશા હજુ ઘણો વખત રહેશે. ત્યાં સુધી ઉદયાનુસાર પ્રવર્તન યોગ્ય જાણ્યું છે, માટે કોઈ પણ પ્રસંગે પત્રાદિની પહોંચ મળતાં વિલંબ થાય અથવા ન મોકલાય, અથવા કંઈ ન જણાવી શકાય તો તે શોચ કરવા યોગ્ય નથી, એમ દઢ કરીને અત્રેનો પત્રપ્રસંગ રાખજો.'** પત્રવ્યવહારનો પ્રસંગ તમે રાખો છો પણ અમારી કોઈ એવી એક દશાએ વર્તન છે અને એ હજી ઘણો વખત રહેશે એવું લાગે છે. જોર ઘણું છે તો જેમ સહેજે ઉદય અનુસાર પ્રવર્તન યોગ્ય જાણ્યું છે. જેને લખાઈ ગયું એને લખાઈ ગયું, ન લખાઈ ગયું એને ન લખાઈ ગયો. ઉદય અનુસાર, એમ.

કરવું છે, આ ફલાણું આમ કરવું છે એમ વિકલ્પ જોર નથી કરતો. વિકલ્પ આવ્યો

લખાઈ ગયો એને લખાઈ ગયો. લખવાનો વિકલ્પ ન આવે તો ન લખાય. એવી કોઈ ચિત્રવિચિત્ર પરિસ્થિતિ બહારમાં ઊભી થાય તો એ પ્રસંગે તમને પત્રની પહોંચ પણ ન લખાય, પત્ર મળ્યો છે એવા સમાચાર પણ ન મોકલાય તો કાંઈ તમે શોચ ન કરતા, ખેદ ન કરતા કે અરે..રે..! અમને તો કાગળનો જવાબ પણ નથી મળ્યો. એમ દઢ કરીને એવી રીતે બરાબર પાકું રાખીને પત્રનો પ્રસંગ અમારી સાથે રાખજો. બીજો આમાં ઉપાય નથી. એમ કરીને પોતાની એ વિષયની લાચારી વ્યક્ત કરી છે કે મારું કાંઈ ઠેકાણું નથી. ઉત્તર અપાય છે પણ, ઉત્તર નથી પણ અપાતો. એવી જ કોઈ પરિસ્થિતિ છે કે વિકલ્પનું બહુ જોર નથી, વિકલ્પનું જોર નથી કે આ પત્ર આવ્યો છે લાવ એને સમજાવી દઉં, લાવ એને લખી નાખું. એમ નથી. ૨૪મા વર્ષે આ પરિસ્થિતિ થઈ. એ તો આગળ કહી ગયાને ? માંડ માંડ સંભારીએ ત્યારે બાજુમાં દેહ છે એમ ખ્યાલ રહે છે. એટલીતો એની શરૂઆતની જોરવાળી સ્થિતિ છે. એ પણ પત્રવ્યવહાર સંબંધમાં જ ખુલાસો કર્યો છે.

**પત્રાંક-૨૯૧**

**વવાણિયા, આસો વદ ૧૨, ગુરુ, ૧૯૪૭**

**ॐ**

**પૂર્ણકામ ચિત્તને નમોનમઃ**

**આત્મા બ્રહ્મ સમાધિમાં છે. મન વનમાં છે. એકબીજાના આભાસે અનુક્રમે દેહ કંઈ ક્રિયા કરે છે, ત્યાં સવિગત અને સંતોષરૂપ એવાં તમારાં બન્નેનાં પત્રનો ઉત્તર શાથી લખવો તે તમે કહો.**

**ધર્મજના સવિગત પત્રની કોઈ કોઈ બાબત વિષે વિગત સહિત જણાવત, પણ ચિત્ત લખવામાં રહેતું નથી, એટલે જણાવી નથી.**

**ત્રિભુવનાદિકની ઇચ્છાને અનુસરી આણંદ સમાગમ જોગ થાય એમ કરવા ઇચ્છા છે, અને ત્યારે તે પત્ર સંબંધી કંઈ પૂછવું હોય તે પૂછજો.**

**ધર્મજમાં જેમનો નિવાસ છે એવા એ મુમુક્ષુઓની દશા અને પ્રથા**

તમને સ્મરણમાં રાખવા યોગ્ય છે, અનુસરવા યોગ્ય છે.

મગનલાલ અને ત્રિભુવનના પિતાજી કેવી પ્રવૃત્તિમાં છે તે લખવું, આ પત્ર લખતાં સૂઝતાં લખ્યું છે.

તમે બધા કેવી પ્રવૃત્તિમાં પરમાર્થ વિષયે રહો છો તે લખશો.

તમારી ઇચ્છા અમારાં વચનાદિક માટે હોઈ પત્ર ઇચ્છતી હશે, પણ ઉપર જણાવ્યાં છે જે કારણો તે વાંચી તમે ઘણા પત્ર વાંચ્યા છે એમ ગણજો.

એક કોઈ નહીં જણાવેલા પ્રસંગ વિષે વિગતથી પત્ર લખવાની ઇચ્છા હતી, તેનો પણ નિરોધ કરવો પડ્યો છે. તે પ્રસંગ ગાંભીર્યવશાત્ આટલાં વર્ષ સુધી હૃદયમાં જ રાખ્યો છે. હવે જાણીએ છીએ કે કહીએ, તથાપિ તમારી સત્સંગતિએ આવ્યે, કહીએ તો કહીએ. લખવાનું બને તેમ નથી લાગતું.

એક સમય પણ વિરહ નહીં, એવી રીતે સત્સંગમાં જ રહેવાનું ઇચ્છીએ છીએ. પણ તે તો હરિઇચ્છાવશ છે.

કળિયુગમાં સત્સંગની પરમ હાનિ થઈ ગઈ છે. અંધકાર વ્યાપ્ત છે. અને સત્સંગનું જે અપૂર્વપણું તેનું જીવને યથાર્થ ભાન થતું નથી.

ત્રીજો પત્ર છે ૨૯૧મો, 'અંબાલાલ લાલચંદ' ખંભાત ઉપરનો.

**'ૐ પૂર્ણકામ ચિત્તને નમોનમઃ'** જે ચિત્તમાં પૂર્ણતાની કામના છે. આ ભવમાં જ પૂર્ણ દશાએ પહોંચી જવું છે, પરિપૂર્ણ થઈ જવું છે એવી જેની શુભકામના છે. આ શુભકામના... નથી માણસ પત્ર લખતા ! 'હમારી શુભકામનાએં...' હિન્દીમાં જરાક વધારે પ્રયોગ છે. આપણે ગુજરાતીમાં શુભેચ્છાઓ કહીએ છીએ.

એમ જે ચિત્તમાં પૂર્ણતાની કામના છે. એ આ અમારા ચિત્તને અમે નમસ્કાર કરીએ છીએ. એ લય લાગી છે. પૂર્ણ થઈ જવું છે... પૂર્ણ થઈ જવું છે.

મુમુક્ષુ :– બહુ જોર... શબ્દે શબ્દે જોર વ્યક્ત થયું છે.

પૂજ્ય ભાઈશ્રી :– **ઘણું જોર છે. આ ભવમાં જ વહેલામાં વહેલી તકે પરિપૂર્ણ થઈ જવું છે. પુરુષાર્થ ઘણો સારો છે.**

પ્રશ્ન :– ચિત્તમાં એટલે જ્ઞાન લેવું ?

સમાધાન :– ચિત્તમાં એટલે પરિણામ, પરિણામ. એવા જે પરિણામ. પૂર્ણતાને ચાહે છે એવા જે પરિણામ, પૂર્ણતાની રુચિ છે, પૂર્ણતાનું લક્ષ છે, પૂર્ણતા સંબંધી પુરુષાર્થ છે. એમ એને લગતા જે બધા પરિણામ છે–શુદ્ધતાના, શુભના એ બધા લઈ લેવા.

**'આત્મા બ્રહ્મ સમાધિમાં છે.'** જુઓ ! શું કહે છે ? ક્યાં વર્ણન કરે છે ? કે અમારો આત્મા તો બ્રહ્મ સમાધિમાં છે. અનંતકાળથી ત્યાંને ત્યાં છે. અત્યારે બરાબર વ્યવસ્થિત અવસ્થિત બ્રહ્મમાં, પરબ્રહ્મમાં આત્મા રહેલો છે, ત્યાંથી આકાશ હલે તો આત્મા હલે એવું છે બાકી આત્મા હલે એવું નથી. 'સોગાનીજી' કહેતા કે કદાચ મેરુ હલે, કદાચ આજુબાજુ જગ્યા રહે તો આકાશ હલે, જો કે આકાશને આજુબાજુ ક્યાંય જગ્યા નથી, પણ અમારો આત્મા હવે હલે એવું નથી. એવી સ્વભાવની જે અચલિત સ્વાભાવિક પરિસ્થિતિ (છે) એનો અનુભવ કરે છે.

મુમુક્ષુ :– પત્રો ઉપરથી એમ લાગે કે વારંવાર શીઘ્ર શીઘ્ર અનુભવ થતો હશે.

પૂજ્ય ભાઈશ્રી :– હા, બનવાજોગ છે.

**'આત્મા બ્રહ્મ સમાધિમાં છે. મન વનમાં છે.'** શરીર ઘરમાં છે ને મન વનમાં છે.

પ્રશ્ન :– નિશ્ચય-વ્યવહારની સંધિ છે ?

સમાધાન :– હા એ તો એમ જ હોય ને ! એવા જ પ્રકાર હોય ને એને.

**'મન વનમાં છે. એકબીજાના આભાસે અનુક્રમે દેહ કંઈ ક્રિયા કરે છે.'** દેહ શું ક્રિયા કરે છે એના ઉપર અમારું ધ્યાન નથી પણ દેહ કાંઈ ક્રિયા કરે છે. એમાં ચૈતન્યનો જડમાં આભાસ છે, જડનો ચૈતન્યમાં આભાસ છે. એટલે નિમિત્તનૈમિત્તિક સંબંધે કાંઈને કાંઈ દેહની ક્રિયા દેહ કરે છે. **'ત્યાં...'** એટલે એવી સ્થિતિમાં **'સવિગત અને સંતોષરૂપ એવાં તમારાં બન્નેનાં પત્રનો ઉત્તર શાથી લખવો તે તમે કહો.'** આવી જ્યાં અમારી પરિણામની સ્થિતિ છે કે શરીર શું કામ કરે છે, શરીર કાંઈક ક્રિયા કરે છે. ફલાણી

ક્રિયા કરે છે નહિ. કાંઈક ક્રિયા કરે છે. પૂરું લક્ષ નથી અમારું. ત્યાં તમારા પત્રોનો સવિગત અને તમને સંતોષ થાય એટલું ધ્યાન દઈને, લક્ષ આપીને ઉત્તર લખવો કે, કેવી રીતે લખવો ?

પ્રશ્ન :- કોના ઉપરનો પત્ર છે ?

સમાધાન :- 'અંબાલાલ લાલચંદ' ઉપરનો છે. બે જણે કાંઈક સાથે લખ્યો હશે. 'ત્રિભુવનભાઈ' હશે. 'અંબાલાલભાઈ અને ત્રિભુવનભાઈ'.

**'એવાં તમારાં બન્નેનાં પત્રનો ઉત્તર શાથી લખવો...'** કેવી રીતે લખવો **'તે તમે કહો.'** તે તમે જ કહો કે આવી સ્થિતિમાં અમે કેવી રીતે તમને સંતોષ થાય એવી રીતે ઉત્તર લખી શકીએ.

**'ધર્મજના સવિગત પત્રની કોઈ કોઈ બાબત વિષે વિગત સહિત જણાવત, પણ ચિત્ત લખવામાં રહેતું નથી, એટલે જણાવી નથી.'** 'ધર્મજ'માં એક ભાઈ છેને એનો સત્સંગ કરવા માટેનો આદેશ આવશે આગળ. પણ એની વિગત પણ અવ્યવસ્થિત ચિત્તને લઈને એનો પણ વિગતવાર પ્રતિઉત્તર લખ્યો નથી.

પ્રશ્ન :- ધર્મજવાળાભાઈ ને કૃપાળુદેવ પૂર્વ ભવમાં સાથે હતા ?

સમાધાન :- પૂર્વ ભવમાં સાથે હતા. લાગે છે, અનુમાન થાય છે. હા, એવું અનુમાન થાય છે. એમને ખબર છે. પોતાને જાતિસ્મરણથી ખબર છે, પેલાને ખબર નથી. 'ધર્મજ'વાળાને ખબર નથી. પોતાને ખબર છે. એવું છે. પોતે ગુપ્ત રહ્યા છે પાછા કે અમારી વાત નહિ કરતા તમે.

પ્રશ્ન :- જ્ઞાનાવતાર પુરુષે...

પૂજ્ય ભાઈશ્રી :- એ જ્ઞાનાવતારે અમને તમારી પાસે મોકલ્યા છે એમ એને કહેજો.

મુમુક્ષુ :- જ્ઞાનાવતાર પોતાના માટે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પોતાના માટે છે. એ તો વિશ્વાસ આવી ગયો છે. જેને લખ્યું છે એના ઉપર વિશ્વાસ છે કે આને અવળું નહિ પડે, સવળું પડશે. ઇ એમ બતાવે છે.

**'ત્રિભુવનાદિકની ઇચ્છાને અનુસરી આણંદ સમાગમ જોગ થાય એમ કરવા ઇચ્છા**

**છે; અને ત્યારે તે પત્ર સંબંધી કંઈ પૂછવું હોય તે પૂછજો.'** પોતે 'વવાણિયા' છે. 'વવાણિયા'થી 'મુંબઈ' જવાના હશે એટલે 'આણંદ' ઉપર થઈને જાય તો 'આણંદ' સમાગમ જોગ થાય એમ કરવા ઇચ્છા છે કે તમે 'આણંદ' અમને મળજો. અમે એવું ઇચ્છીએ છીએ કે તમે બધા 'ખંભાત'થી 'આણંદ' આવો. 'આણંદ' મેઈન લાઇન ઉપર છે, 'ખંભાત' અંદર પડી જાય છે. અને ત્યારે તે સંબધી કાંઈ પૂછવું હોય તો પૂછજો. અમે પત્રમાં લખતા નથી.

**'ધર્મજમાં જેમનો નિવાસ છે એવા એ મુમુક્ષુઓની દશા અને પ્રથા તમને સ્મરણમાં રાખવા યોગ્ય છે, અનુસરવા યોગ્ય છે.'** એટલે જ એમને હવે પછી લખશે કે તમે એનો સત્‌સમાગમ કરો.

**'મગનલાલ અને ત્રિભુવનના પિતાજી કેવી પ્રવૃત્તિમાં છે તે લખવું, આ પત્ર લખતાં સૂઝતાં લખ્યું છે.'** એટલે યાદ આવી ગયું. વિકલ્પ આવ્યો એટલે એક લીટી નાખી દીધી છે. સહજતા કેટલી છે પત્ર લખવાની અંદર ! એ વખતનો વિકલ્પ છે. આગળ-પાછળ વિચાર નથી આવ્યો. લખતા લખતા વિકલ્પ આવ્યો (એટલે) પૂછાવી લીધું.

**'તમે બધા કેવી પ્રવૃત્તિમાં પરમાર્થ વિષયે રહો છો તે લખશો.'** આપસમાં કેવી રીતે સત્‌સમાગમ વગેરે ચર્ચા, વાર્તા, શાસ્ત્રસ્વાધ્યાય શું રાખ્યું છે તે લખશો. એનો અર્થ એમ થયો કે તમારે પરસ્પર સત્‌સમાગમમાં રહેવું. એ હવે 'ગુરુદેવ'ના આદેશ અનુસાર મેળવીએ તો 'ગુરુદેવે' આ સ્વાધ્યાય ગોઠવ્યો. જ્યાં જ્યાં મંડળ થયા ત્યાં સ્વાધ્યાય એમણે માન્ય કર્યો. કોઈ એક સ્વાધ્યાય કરે, બીજા બધા સાથે બેસે અને સમૂહ સ્વાધ્યાય કરે. આ 'શ્રીમદ્‌જી'એ સીધી આજ્ઞા કરી દીધી. તમે બધા પરસ્પર કેવી રીતે પરમાર્થ વિષયમાં રહો છો તે અમને જણાવજો. એટલે ન રહેતા હોય તો તરત ખબર પડે. એમ. એમની આજ્ઞા છે એ મુમુક્ષુએ અરસપરસ પરમાર્થના વિષયમાં સમાગમમાં રહેવું.

ઊંડાણ બહુ છે એ વિષયનું ઘણું ઊંડાણ છે. વાત સાધારણ લાગે ઉપર ઉપરથી પણ એ વાતનું ઊંડાણ ઘણું છે અને મુમુક્ષુની ભૂમિકામાં એનો ફાયદો ઘણો છે, ઘણો ફાયદો છે. અને એ રીતે જે સત્‌સમાગમમાં રહે એને ખ્યાલ આવે છે કે પોતાને

કેટલો ફાયદો થાય છે. જેને થાય છે યથાર્થપણે આત્મહિતની બુદ્ધિએ જેઓ સત્‌સમાગમમાં રહે છે એને જે ફાયદો થાય છે એ એને ખ્યાલ આવે છે, એની કિંમત આવે છે કે સત્પુરુષે આ જે આજ્ઞા કરી છે એ ખરેખર આપણા હિતની એક અસાધારણ શિખામણ છે.

મુમુક્ષુ :- ઊંડાણ ઘણું છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઊંડાણ ઘણું છે એટલે એનો ફાયદો એટલો બધો છે કે એ કોઈ કહેવાનો વિષય નથી.

પ્રશ્ન :- ...

પૂજ્ય ભાઈશ્રી :- અને નહિતર આયુષ્ય એમ ને એમ બફમમાં ચાલ્યું જાય.

મુમુક્ષુ :- આમ સ્વાધ્યાય પરમ તપ કહ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :- એનો સદ્‌ઉપયોગ છે. આ ભૂમિકામાં આ જ એનો સદ્‌ઉપયોગ છે. બીજું તો શું કરી શકવાનો હતો ? આત્મહિતાર્થે બીજું શું કરી શકવાનો હતો ? બહુભાગ તો સમવિચારના આત્મહિતના ઇચ્છુક એવા મુમુક્ષુઓ હોતા નથી. હોય તો અરસપરસ એકબીજાને સમય મળે એવો યોગ રહેતો નથી. કોઈને કેવો ઉદય, કોઈને કેવો ઉદય, કોઈને કેવો ઉદય.. પણ જો એવો મેળ હોય તો એને અવશ્ય પરસ્પર એકબીજાના સમાગમમાં આત્મહિતની બુદ્ધિએ રહેવું. એવી સત્‌પુરુષની આજ્ઞા છે એ ખરેખર આત્મહિતની આજ્ઞા છે એમ સમજવું જોઈએ અને એનો ફાયદો અવશ્ય હોય જ છે, થાય જ છે. એ ઉપરથી સાધારણ વાત લાગે એટલી સાધારણ વાત નથી, એવી વાત નથી. અથવા એ વિષયમાં મુમુક્ષુએ ઉપેક્ષા કરવા યોગ્ય નથી, એમ. અથવા ઉપેક્ષા કરે તો એ આજ્ઞાની ઉપેક્ષા છે એમ પણ સમજવા યોગ્ય છે. એટલે હદ સુધીનો એ વિષય છે. જ્યારે આજ્ઞાની ઉપેક્ષા હોય ત્યારે એમ સમજવું કે આત્મહિત ઊગ્યું જ નથી, આત્મહિતનો વિચાર જ હવે રહ્યો નથી. એમ સમજવા યોગ્ય છે.

**'તમારી ઇચ્છા અમારાં વચનાદિક માટે હોઈ પત્ર ઇચ્છતી હશે, પણ ઉપર જણાવ્યાં છે જે કારણો તે વાંચી તમે ઘણા પત્ર વાંચ્યા છે એમ ગણજો.'** ઠીક ! **'તમારી ઇચ્છા અમારાં વચનાદિક માટે હોઇ પત્ર ઇચ્છતી હશે.'** તમારી ઇચ્છા ઇચ્છતી હશે કે અમને શીઘ્ર શીઘ્ર તમારા તરફથી પત્ર મળ્યા કરે, અમારા વચન તમને મળે. પણ ઉપર

જણાવ્યા છે તે કારણો કે **'આત્મા બ્રહ્મ સમાધિમાં છે અને મન વનમાં છે.'** એવા જે કારણો છે તેને લઈને, એ જ કારણ વાંચીને તમે ઘણા પત્રો વાંચ્યા છે એમ ગણજો. કેવી વાત લખી છે !

શું એનો અર્થ કરવો ? કે આત્મા બ્રહ્મ સમાધિમાં છે અને અમારું મન જે વનમાં છે એનો તમને રસ ચડે છે ? આવી જે અમારી દશા એવી અધ્યાત્મ દશાના જે સૂચક વચનો છે, અધ્યાત્મદશાના દ્યોતક જે વચનો છે એ દશા લક્ષમાં આવીને કાંઈ એનો રસ ચડે છે ? એનો કાંઈ મહિમા આવે છે ? એ સંબંધી કોઈ વિશેષ ભાવ અને ભાવના ઉત્પન્ન થાય છે ? જો એમ હોય તો તમે ઘણા પત્ર અમારા વાંચ્યા છે એમ ગણજો. અને નહિતર તમને એમ લાગશે કે હવે આ બે લીટી લખી એમાં ઘણા પત્રોની વાત શું આવી ? એમાં તો બે લીટીમાં તો બે વચન છે પણ અડધી લીટીના બે વચન છે. એમાં ઘણા પત્રો શું આવ્યા અડધી લીટીમાં ? એમાં ઘણા પત્રોની વાત છે.

મુમુક્ષુ :- લખવાનું પ્રયોજન એવું છે કે દશાના ચિંતવનથી તો પરિણામ ઉજ્જવળ થવા જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- થાય જ છે ને ! જ્ઞાનીની દશાનું વર્ણન શાસ્ત્રમાં આવે છે જ એટલા માટે. જ્ઞાનીની દશાનું, મુનિની દશાનું, કેવળીની દશાનું જે શાસ્ત્રમાં વર્ણન આવે છે એની પાછળ એ જ હેતુ છે કે અધ્યાત્મ ભાવ છે એ વધારે અધ્યાત્મ ભાવના, સ્વરૂપપ્રાપ્તિની ભાવના વિશેષે વિશેષે કરીને એ દશાના વર્ણનથી વાંચનારને આવિર્ભૂત થાય છે-ઉત્પન્ન થાય છે, વધે છે. એની અંદર એ પ્રકાર છે.

એટલે એમ કહ્યું કે, ઘણા વચનો મળે એના બદલે ઉપરના વચનો વાંચીને **'તમે ઘણા પત્ર વાંચ્યા છે એમ ગણજો.'** એટલે કે એ બે વાત ઉપર તમારું લક્ષ જવું જોઈએ અને એનું જે અધ્યાત્મ રસિકપણું છે એમાં તમને ચોંટ લાગવી જોઈએ, તમારા પરિણામ એ બાજુ ચોંટવા જોઈએ. એમ સંકેત કર્યો છે.

મુમુક્ષુ :- બે વાક્યમાં પૂરું જિનશાસન આવી ગયું.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બધો નિશ્ચય-વ્યવહાર આવી ગયો. 'જિન શાસણં સવ્વં' સમસ્ત જિનશાસન છે, મોક્ષમાર્ગ છે એ સમસ્ત જિનશાસન છે. નિશ્ચય અને વ્યવહાર

બેય એમાં આવી ગયા.

પ્રશ્ન :- મન વનમાં છે એટલે મન સમેટી લીધું છે ?

સમાધાન :- હા, મન વનમાં છે એટલે વનમાં કોઈ વસ્તુ ન હોય. તેમ અમારા મનને બીજી કોઈ વસ્તી સાથે સંપર્ક નથી. વનમાં માણસ જાય તો કોણ મળે સામું ? 'તારંગા' ગયા છો તમે ? 'તારંગા'માં પેલી બાજુ જાવ (તો) ડુંગરા છે એ બાજુ કોઈવાર નીકળી જાવ. ત્યાં એક જણ કોઈ સામું નથી મળતું. માઈલ, બે માઈલ, ત્રણ માઈલ નીકળી જાવ પેલી કોર ડુંગરાની બાજુ. કોઈ સામું ન મળે તમને. કેડીઓ છે, ત્યાં રસ્તાઓ નથી. તો કોની સાથે વાત કરે ? માણસ કોઈ સામો મળે તો એની સાથે વાત કરે, એની સાથે વિકલ્પ થાય. કાંઈ નહિ. વનમાં કોઈની સાથેનો લગવાડ નથી એમ કહે છે.

પ્રશ્ન :- મન વનમાં છે એટલે મુનિપણાની ભાવના અંદર હશે ?

સમાધાન :- નહિ. કુટુંબાદિકની વચ્ચે બેઠા છે, એ તો 'વવાણિયા'માં ઘરે પોતાના ઘરે છે અત્યારે તો.

મુમુક્ષુ :- હા પણ અંદરમાં મુનિપણાની ભાવના...

પૂજ્ય ભાઈશ્રી :- કોઈની સાથે મન લાગેલું નથી એમ કહે છે. નાનું ગામ હોય, બધા પરિચિત હોય. ગામડું નાનું હોય સૌ બધાને ઓળખતા હોય. અને ઘરમાં બધા પરિચિત હોય. પણ પોતે જાણે વનમાં રહેતા હોય એવી રીતે રહે છે. એવું મન છે. એમ કહેવું છે. અથવા મન વનવાસને ઇચ્છે છે. અહીંયાં રહેવાનું ઇચ્છતું નથી. એકાંતને ઇચ્છે છે, અસંગદશાને મન ઇચ્છે છે. આત્મા બ્રહ્મ સમાધિમાં છે અને મન અસંગ દશાને ઇચ્છે છે. કોઈનો સંગ અમને રુચતો નથી. એવો પણ એમાંથી ભાવ નિકળે છે.

**'એક કોઈ નહીં જણાવેલા પ્રસંગ વિષે વિગતથી પત્ર લખવાની ઇચ્છા હતી, તેનો પણ નિરોધ કરવો પડ્યો છે. તે પ્રસંગ ગાંભીર્યવશાત્ આટલાં વર્ષ સુધી હૃદયમાં જ રાખ્યો છે. હવે જાણીએ છીએ કે કહીએ, તથાપિ તમારી સત્સંગતિએ આવ્યે, કહીએ તો કહીએ. લખવાનું તો બને તેમ નથી લાગતું.'** કોઈ ગંભીર વાત પોતાને કરવી છે અને એ પણ પારમાર્થિક ગંભીર વાત છે તો એ વિષે વિગતથી પત્ર લખવાની

ઇચ્છા હતી એટલે તમને જણાવવા માટેની ઇચ્છા થઈ છે, અત્યાર પૂરતો પણ એ ઇચ્છાનો નિરોધ કરવો પડ્યો છે, ઇચ્છા અટકાવવી પડી. એટલે સાથે સામે કાંઈક બીજો વિકલ્પ ઊઠી ગયો છે કે કાંઈ લખવું નથી હવે. લખવાની ઇચ્છા થઈ છે, પાછો વિકલ્પ ઊઠ્યો છે કે નહિ ! લખવું નહિ. પત્રમાં ન લખવી આ વાત. ન લખવી પત્રમાં આ વાત. બેય વિકલ્પ થયા. બેય લખી નાખ્યા. લખવાની ઇચ્છાનો વિકલ્પ પણ લખી નાખ્યો, એનો નિરોધ આવ્યો એ પણ લખી નાખ્યો. અને ખુલાસો પણ કરી નાખ્યો કે આટલા વર્ષ સુધી એ વાત હૃદયમાં રાખી હતી. હવે એમ લાગે છે કે તમને કહીએ. એટલી તમારી પાત્રતા અને અધિકારીપણું દેખાય છે કે હવે તમને કહીએ. તોપણ તમારી સત્સંગતિએ આવ્યે એટલે વ્યક્તિગત, રૂબરૂ પરિચયમાં એ વાત કરીશું. પત્રમાં લખવાની ઇચ્છા નથી. પણ **'સત્સંગતિએ આવ્યે, કહીએ તો કહીએ.'** વળી એ વખતે બીજો કોઈ વિકલ્પ આવે (તો) ન પણ કહીએ. કહીએ તો કહીએ.

એક એમની વિશિષ્ટતા એ હતી કે મુમુક્ષુજીવને, સામા મુમુક્ષુજીવને એકદમ જિજ્ઞાસામાં લઈ આવતા. જેમ કોઈ માણસ નોવેલ વાંચે છે અને એની અંદર સસ્પેન્સ સ્ટોરી હોય છે. લેખકોની આવડતનો વિષય છે. વાત બહુ સીધી સાદી હોય તો એને કેવી રીતે એક પડદો વચમાં રાખીને એને સસ્પેન્સમાં ગોઠવવી એ લેખકની કળા હોય છે. તો એ સસ્પેન્સમાં માણસને એકદમ આકાંક્ષા આતુરતા રહે છે (કે) શું કહેવા માગે છે ? હવે શું કહેશે ? શું વાત હશે અંદર ? પાછળ શું વાત હશે કે આમ બન્યું ? એવી રીતે ગોઠવી ને કહે. વાતમાં કાંઈ દમ ન હોય, હોં ! પણ એ બધી કળા છે, વાર્તાને પ્રિય બનાવવાની.

એમ 'શ્રીમદ્જી'માં આ કળા કોઈ વિશેષ હતી. એ આપણે બીજી જગ્યાએ પણ ધ્યાન ખેંચશું. એક સુધારસનો વિષય એમણે લીધો છે 'સોભાગભાઈને'. ત્યાં પણ એમને એકદમ સસ્પેન્સમાં મૂક્યા છે અને લખ્યું છે કે ઇરાદાપૂર્વક તમારી જિજ્ઞાસા વધે માટે આવી આવી રીતે લખીએ છીએ. એમ સ્પષ્ટ કર્યું છે પાછું. લગભગ પાછળ છે, ઘણું પાછળ છે.

એક તો લખવાની ઇચ્છા થઈ, વિકલ્પમાં વિરોધ કર્યો. હવે કહે છે રૂબરૂમાં કહેશું તોપણ કાંઈ અમારું ચોક્કસ નથી. કહેશું પણ, કદાચ ન પણ કહીએ. પેલાને કેટલી

જિજ્ઞાસા થાય એ વિચાર કરો. પરમાર્થની કોઈ ગંભીર, કિંમતી, બહુ મૂલ્યવાન વાત હોય એમાં આવી રીતે થઈ જાય કે સત્પુરુષને વિકલ્પ આવે છે, વળી ગોપવાય જાય છે. વિકલ્પ વળી આવે છે. વળી ગોપવાય જાય છે. મારી યોગ્યતા જોઈને આવું થાય છે ? પેલાને ચટપટી થાય. છે શું પણ ? વાત શું છે ? એવી તે શું કિંમતી વાત છે ? અને એવી તો મારી યોગ્યતામાં શું ખામી છે ? એકદમ એને ભાવના આવે. એટલે સામે રસ્તો ખુલ્લો થઈ જાય. સામાન્ય ભાવના જોવે એટલે એને રસ્તો ખુલ્લો થઈ જાય. એટલે એ રસ્તો ખોલવા માટેની વાત છે. એને ભાવનામાં મૂકી દ્યે છે. એ રીતે જિજ્ઞાસામાં મૂકે છે, ભાવનામાં મૂકે છે.

પ્રશ્ન :- વાત હૃદયમાં રહી ગઈ કે બહાર આવી પાછી ?

સમાધાન :- જોઈએ હવે શું છે ? પણ એમણે સેંકડો વાતો કરી છે. કઈ જગ્યાએ ક્યાં કઈ વાત કરી ? એટલું બધું સ્મૃતિમાં ક્યાંથી રહે ? ઘણા બધા પાના છે. પણ ઘણું ભર્યું છે. ઘણું ભર્યું છે એમ અભેદ આવી જાય છે. ભેદ તો એની સ્મૃતિ રાખવી પડે. એટલો તો બોજો ઉપાડવાની શક્તિ જ નથી. **ભર્યું છે ઘણું. સેંકડો વાતો લખી છે. શાસ્ત્રોમાં ન મળે એવી સેંકડો વાતો લખી છે.** લખ્યું છે, બહુ લખ્યું છે.

**'હવે જાણીએ છીએ કે કહીએ, તથાપિ તમારી સત્સંગતિએ આવ્યે, કહીએ તો કહીએ. લખવાનું બને તેમ નથી લાગતું. એક સમય પણ વિરહ નહીં. એવી રીતે સત્સંગમાં જ રહેવાનું ઇચ્છીએ છીએ. પણ તે તો હરિઇચ્છાવશ છે.'** અથવા આવા મહાપુરુષને તો આજુબાજુ સત્સંગ જ હોય. એને ગૃહસ્થી માટે વેપાર-ધંધો કરવો પડે એ તો આ કાળની જ બલિહારી છે. કહે છે કે સત્સંગમાં રહેવાનું ઇચ્છીએ છીએ. અમારે તો એ જ હોય પણ હરિઇચ્છાવશ છે. એટલે કુદરતને જે મંજૂર છે એ પ્રમાણે પરિસ્થિતિ છે. એમાં પણ પોતાને સમાધાન છે.

**'કળિયુગમાં સત્સંગની પરમ હાનિ થઈ ગઈ છે.'** આ કાળને વિષે સત્સંગ જવલ્લે જ મળે, ભાગ્યે જ મળે એવી પરિસ્થિતિ છે. **'અંધકાર વ્યાપ્ત છે.'** ચારેકોર અંધારું છે. ક્યાંય ઠેકાણું નથી. કોઈ એક જગ્યાએ પણ થોડો પણ પ્રકાશ નથી એમ કહે છે. કોડિયાનો કાંઈક પ્રકાશ હોય એવુંય દેખાતું નથી. ચારેકોર ધર્મના ક્ષેત્રમાં અંધારું વ્યાપેલું છે.

**'અને સત્સંગનું જે અપૂર્વપણું...'** જોયું ? અહીંયાં ભાર દીધો પાછો. **'અને સત્સંગનું જે અપૂર્વપણું તેનું જીવને યથાર્થ ભાન થતું નથી.'** સત્સંગની કેટલી કિંમત છે ? એની કોઈ અપૂર્વ કિંમત છે, શબ્દોમાં ન કહી શકાય એવી વાત છે. કોણ જાણે મુમુક્ષુઓને એનું ભાન થતું નથી કે આ મારે અત્યારે આ અમૃત છે. સત્સંગરૂપી અમૃત છે. જન્મ-મરણથી બચાવનાર આ અમૃત છે એનું મુમુક્ષુને યથાર્થ ભાન થતું નથી. એટલે જેટલી જોઈએ એટલી કિંમત આવતી નથી. આ એક ખેદજનક વિષય છે. એમ કરીને પોતે પોતાની લાગણી વ્યક્ત કરી છે.

પ્રશ્ન :- ગંભીર વાત આજ હોય ?

સમાધાન :- હોઈ શકે, હોઈ શકે. એમ કહે છે કે, આ જ ગંભીર વાત હોઈ સત્સંગમાં રહેવાની. હોઈ શકે. શું કહેવાય ? અત્યારે તો એમને લખવાની ઇચ્છા નથી એમ લખી નાખ્યું છે. અત્યારે તો કાંઈ લખવાનું બને તેમ નથી લાગતું. કદાચ આના કરતા બીજી વાત કહેવા માંગતા હોય એમ હોય શકે.

મુમુક્ષ :- એ કોઈ 'ધર્મજ'ના ભાઈ હશે.

પૂજ્ય ભાઈશ્રી :- ઇતિહાસનો વિષય એવો છેને કે એક પ્રસંગ અત્યારે બનેને તો એક જણ પાસેથી બીજી વાત સાંભળવા મળે, બીજાની પાસેથી ત્રીજી વાત સાંભળવા મળે છે. 'મુંબઈ'માં આમ બન્યું કે એક જણો કાંઈક વાત લાવે, બીજો કાંઈક લાવે, ત્રીજો કાંઈક લાવે. વર્તમાન જેમાં બહુ કાળનું અંતર ન હોય એમાં જ ફેરફાર જાણવા મળે તો સો વર્ષ પહેલાની વાતને ખરી પરિસ્થિતિ શું હશે એ કાઢવી કેવી રીતે ? જે માણસો વિદ્યમાન નથી, ખરી પરિસ્થિતિ કેવી રીતે કાઢી શકાય ?

મુમુક્ષુ :- આ તો લક્ષ ખેંચાણું છે એટલે આગળ આવશે તો પકડાઈ જશે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ધ્યાન ગયું છે કે અહીંયાં એમણે કાંઈક સંકેત કર્યો છે કે અમારે કોઈ ગંભીર વાત કરવી છે તો કોઈ વાત હશે તો આવશે. **એમની પાછી શૈલી એવી છે કે વીંટાળીને મૂકી દ્યે છે. જો ધ્યાન જાય તો જાય, નહિંતર લોકોનું ધ્યાન નથી જાતું. એવી શૈલી છે. ગૂઢ ભાષા છે. કોઈનું ધ્યાન જાય છે, કોઈનું ધ્યાન નથી જતું.**

**પત્રાંક-૨૯૨**

**વવાણિયા, આસો વદ ૧૨, ૧૯૪૭**

**કુટુંબાદિક સંગ વિષે લખ્યું તે ખરું છે. તેમાં પણ આ કાળમાં એવા સંગમાં જીવે સમપણે પરિણમવું એ મહા વિકટ છે, અને જેઓ એટલું છતાં પણ સમપણે પરિણમે, તે નિકટભવી જીવ જાણીએ છીએ.**

**આજીવિકાના પ્રપંચ વિષે વારંવાર સ્મૃતિ ન થાય એટલા માટે ચાકરી કરવી પડે તે હિતકારક છે. જીવને પોતાની ઇચ્છાએ કરેલો દોષ તીવ્રપણે ભોગવવો પડે છે, માટે ગમે તે સંગ-પ્રસંગમાં પણ સ્વેચ્છાએ અશુભપણે પ્રવર્તવું ન પડે તેમ કરવું.**

૨૯૨. **'કુટુંબાદિક સંગ વિષે લખ્યું તે ખરું છે. તેમાં પણ આ કાળમાં એવા સંગમાં જીવે સમપણે પરિણમવું એ મહા વિકટ છે, અને જેઓ એટલું છતાં પણ સમપણે પરિણમે, તે નિકટભવી જીવ જાણીએ છીએ.'** અત્યારની પરિસ્થિતિ એવી છે કે મનુષ્યને પોતાના કુટુંબનો સંગ હોય છે અને એમાં અનેક પ્રકારના વિષમ પરિણામ થાય એવો આ કાળ છે. એવા કાળમાં પણ કોઈ એવા સંગમાં પણ જો સમપણે પરિણમે, મહાવિકટ એ પરિસ્થિતિ છે, તો એને નિકટભવી જીવ જાણીએ છીએ. એને પછી વધારે ભવ હોય એવું અમને દેખાતું નથી.

પ્રશ્ન :– સમપણે એટલે ?

સમાધાન :– સમપણે એટલે વિષમપણે નહિ. રાગ-દ્વેષની જે તીવ્રતા થવાના પ્રસંગો ઊભા થાય છે ત્યાં પણ એ વિષમ પરિણામમાં ન આવે અને સમભાવમાં રહે. અને એ સમભાવમાં ક્યારે રહી શકે ? કે મમત્વ ન હોય તો જ રહી શકે. નહિતર તો એ વિષમતામાં આવી જ જાય, તીવ્રતા થઈ જ જાય. કાં રાગની થાય, કાં દ્વેષની થાય. બેમાંથી એક તો થઈ જ જાય.

મુમુક્ષુ :– 'સોગાનીજી'નો દાખલો છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. એ 'સોગાનીજી' તો કેવી કપરી પરિસ્થિતિમાં રહ્યા છે ! પણ એ તો એ વખતે એમણે એ વાત કરી છે ને કે, ૭૦ લાખની આબાદીમાં હું એક જ સુખી છું. હજી તો રહેવાનું ઠેકાણું નથી, ધંધાનું ઠેકાણું નથી.

'રમેશભાઈ' (તેમના જ્યેષ્ઠ પુત્ર)ને પૂછ્યું હતું કે, બાબુજીએ દેહ છોડ્યો હતો ત્યારે આર્થિક સ્થિતિ કેવી હતી ? મને એમ ખ્યાલ હતો કે આર્થિક સ્થિતિ બહુ સારી થઈ ગઈ હતી. પણ એવું નહોતું. થોડા-ઘણા કમાણા હશે તો એમણે 'અજમેર'માં જે મકાન હતું એ લઈ લીધું. ત્રીસેક હજારમાં એ જમાનામાં લીધું હતું. એટલે મને એમ છે કે કમાણી એમણે કદાચ ત્યાં નાખી દીધી. આમ લાગતું હતું કેમકે એમની ઉદારતા દેખાતી હતી. પૈસા નહોતા પણ ઉદારતા (દેખાતી હતી). 'સોનગઢ' આવે તો ખ્યાલ આવે પૈસા આપે છે. આપતા હતા એના ઉપરથી. કે એમને પૈસાનો ઝીણો ઝીણો હિસાબ નથી. ઉદારતા દેખાતી હતી. એમ લાગતું હતું કે કદાચ સારું કમાઈ ગયા હશે, સારું કમાણા હશે. 'રમેશભાઈ'ને પૂછ્યું, તો કહે એવું કાંઈ નહોતું. બાબુજી ગયા ત્યારે તો આ બાજુ જેટલી ઉઘરાણી હતી એટલું આ બાજુ દેવું હતું. એમ કહ્યું. એ સંભાળતા હતા એટલે... આ બાજુ જેટલો પથારો હતો એટલું આ બાજુ દેવું હતું. એટલી કોઈ ખાસ કમાણી નહોતી. કોઈ એની પાસે મૂડી નહોતી, પણ ધંધો વ્યવસ્થિત થયેલો.

આ 'બેંગલોર' .. બે ત્રણ મિલોની એજન્સી હતી. એટલે કાંઈક ધંધો વ્યવસ્થિત થયેલો એવું લાગે છે. એ વખતે કોઈ કમાયેલા નહિ. તો એ પહેલાની આર્થિક સ્થિતિ તો કેવી હશે ? એ તો એ 'સૅનેટેરિયમ'માં રહેતા હતા એના ઉપરથી ખ્યાલ આવે. પણ ઘણી સ્થિરતા. જુઓને એક વખત 'સોનગઢ' આવવાની તૈયાર કરી નાખી હતી અને 'બડા બજાર'માં કોઈએ છરી મારી દીધી હતી. એ બાજુ ગયા ત્યારે ઠેકાણું બતાવ્યું હતું કે આ જગ્યાએ છરી મારી હતી. બહુ ભરચક Area છે ભુલેશ્વર જેવો. 'કલકત્તા'નો 'બડા બજાર'નો Area એકદમ ગડદીવાળો Area છે.

મુમુક્ષુ :– કલાકાર Street.

પૂજ્ય ભાઈશ્રી :– હા, કલાકાર Street. આ જગ્યાએ છરી મારી હતી. હાથમાંથી બેગ આંચકી લીધી હતી. ફટાકડા જેવું હાથ બોમ્બ જેવું નાનું નાખ્યું એટલે ભડાકો થયો એટલે ભાગાભાગી થઈ ગઈ. નહિતર તો ગડદીમાં તો માણસને લૂંટવું ફાવે

નહિ. આ તો છરી મારીને ભરબજારે લૂંટ કરી હતી. હાથમાંથી બ્રીફ઼ આંચકી ગયા હતા. પૈસા હશે એમ સમજીને. એમાં હતા કાપડના સેમ્પલ ને એવું જ હતું. પૈસા નહોતા પણ એને એમ કે મારવાડી કોઈક છે અને એને ખ્યાલ આવી ગયો મારવાડી લોકો હાથમાં એવું કાંઈ હોય તો અંદર પૈસા ભર્યા હોય. સાંજના સાત વાગ્યા આસપાસ અંધારું થઈ ગયેલું. છરી મારી દીધી.

આવી શક્યા નહિ તો એમના પરિણામ કેવા થયા છે ? એમને પૂછ્યું હતું આવ્યા ત્યારે. એ વખતે ખ્યાલ નથી રહ્યો શું થયું ઇ ? એકદમ બધું બની ગયું. અંદર વાગેલું ઘણું. આંતર કપાઈ ગયા હતા એટલે બેશુદ્ધ થઈ ગયા હતા. આંતર કપાઈ ગયા હતા. લોહી પણ અંદર ભેગું થયું હતું. બહાર લોહી બહુ નહિ નીકળેલું. હોસ્પિટલમાં પલ્સ ચાલી ગઈ હતી ત્યાં સુધી. જ્યારે ભાનમાં આવ્યા ત્યારે ડોક્ટરને કહે મારે ઑપરેશન નથી કરાવવું. ડોક્ટર કહે અમને કંઈ શોખ નથી ઑપરેશન કરવાનો. જરૂર લાગશે તો કરશું. પણ પરિણામમાં કોઈપણ જાતની હાયવોય નહિ.

એ સિવાય એક માણસ ઉઘરાણી લઈને ભાગી ગયો હતો. એવો એક પ્રસંગ પત્રમાં આવે છે. એ વખતે 'સોનગઢ' આવવું હતું. પણ પાછળથી લેતી-દેતીના વ્યવહારની અવ્યવસ્થા ઊભી થઈ જાય એટલે કે ઇજ્જત જાય, બીજી ભાષામાં કહીએ તો એવો વિકલ્પ આવ્યો. એવો વિકલ્પ આવ્યો એટલે, હોં ! 'સોનગઢ'નો વિકલ્પ શાંત થઈ ગયો. બસ ! સામે સામે વિકલ્પ જોડાયેલો છે. 'સોનગઢ' આવવાની તૈયારી કરી હતી, તીવ્ર વિકલ્પ હતો. એમાં માણસ ઉઘરાણીના પૈસા લઈને ભાગી ગયો. પાછળ તો જેને હિસાબ ચૂકવવાના હોય એને તો પૈસા ટાઇમસર આપવા પડે. પૈસાની અવ્યવસ્થા ઊભી થશે એમ જાણીને 'સોનગઢ'નો વિકલ્પ શાંત થઈ ગયો. બસ. આ વિકલ્પે વિકલ્પને મટાડી દીધો. બહારમાં શું થાય એ તો કાંઈ ધાર્યું છે નહિ.

એ રીતે અનેક પરિસ્થિતિમાં જેના પરિણામ શાંત રહે છે, સમ રહે છે, તીવ્ર આકુળતા થતી નથી એને નિકટભવી હોય એમ જાણીએ છીએ. એમના જ્ઞાનમાં એ વાતની નોંધ લીધી છે કે આવા કોઈ મમત્વ થાય એવા કુટુંબાદિક પ્રત્યે, દુકાનાદિક પ્રત્યે, જેની સાથે પૂર્વકર્મનો સંબંધ છે એના પ્રત્યે પણ જેને ભિન્નતા આવી જાય છે. વિષમ પરિણામ થતા નથી. (એ) અવશ્ય નિકટભવી હોય છે. એક આ વાત નીચે બહુ સરસ લખી છે.

**'આજીવિકાના પ્રપંચ વિષે વારંવાર સ્મૃતિ ન થાય એટલા માટે ચાકરી કરવી પડે તે હિતકારક છે.'** બે વાતમાં ફેર છે. ધણી થઈને જે લોકો કામ કરે છે, દુકાનમાં, ધંધામાં, વ્યવસાયમાં પોતે ધણીને થઈને કામ કરે છે એને ઘણા પ્રપંચ–વિસ્તારવાળા ઘણા વિકલ્પ કરવાની પરિસ્થિતિમાં ઊતરી જવું પડે છે. એનાથી દૂર રહેવું હોય એને ચાકરી કરવી પડે તે હિતકારક છે. પરેચ્છાનુચારી થઈ જાય છે. આગળ એક શબ્દ આવી ગયો. કેમકે જે પરિણામ આવવાનું છે એ તો પૂર્વકર્મ અનુસાર આવવાનું છે. એટલે જેમ તમે કહો એમ. હું તો કામ કરી દઉં તમને. આટલું જોઈ દ્યો, તો જોઈ (દીધું), આટલું લખી દ્યો, તો લખી દીધું. અહીં જઈ આવો તો જઈ આવ્યા. ચાકરની જેમ કામ કરે. હોય ભાગીદાર. નહિતર ભાગીદારી છે કાકાજી સસરા ભાગીદાર છે – 'પ્રાણજીવનભાઈ'. તો ચાકરી કરવી પડે એ ઠીક છે. એટલે એ કઈ રીતે પોતે ગોઠવી દે છે પોતાની જાતને ? કે ચાકરની જગ્યાએ મૂકી દે છે. એમ કરવું છે ? ચાલો કરી નાખો. વાત પૂરી થઈ ગઈ. પોતાને એ પ્રપંચમાં જાવું પડે નહિ.

મુમુક્ષુ :– 'સમયસાર'માં આવે છે, શેઠ-નોકરનો દાખલો આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. આ તો Practical છે. એ તો દૃષ્ટાંત છે, આ Practical છે. એ તો Practical વિચાર, Practical પોતે મૂકે એટલે ખ્યાલ આવી જાય. પોતે એ રીતે ગોઠવાય જાય એટલે એને ખ્યાલ આવે કે બોજો નથી. નહિતર કેટલો બોજો ઉપાડવો પડે એ બોજો ઉપાડતા હોય એણે પૃથક્કરણ કરી લેવું કે કેટલો બોજો ઉપાડે છે માણસ વ્યવસાયનો ?

મુમુક્ષુ :– પરેચ્છાનુચારીને શબ્દભેદ નથી.

પૂજ્ય ભાઈશ્રી :– શબ્દભેદ નથી એટલે આમ કેમ કીધું એ પ્રશ્ન નથી. પછી બીજો તો ભેદ શેનો હોય ? આમ કેમકેર્યું એ પ્રશ્ન ક્યાં રહ્યો ? આમ કેમકીધું એ વાત નથી.

મુમુક્ષુ :– શબ્દનો વિકલ્પ જ નથી.

પૂજ્ય ભાઈશ્રી :– શબ્દનો વિકલ્પ નથી કે આમ કેમ વાત કરી છે એણે ? બહુ સારું એમ.

મુમુક્ષુ :– ....

પૂજ્ય ભાઈશ્રી :- હા, પોતે ચાકરની જગ્યાએ ગોઠવાય જાય છે, મહેતાજીની જગ્યાએ ગોઠવાય જાય છે. એમાં શું છે માણસને ? નફો થાય તો શેઠને અને નુકસાન થાય તો શેઠને. પતી ગઈ વાત. અહીંયાં ગોઠવાય જાય છે પોતે. પોતે ધણી હોવા છતાં પોતે એ જગ્યાએ ગોઠવાય છે. જતા કરવાની યુક્તિ અને કળા છે એની પાસે.

મુમુક્ષુ :- બહુ કઠણ કામ છે.

પૂજ્ય ભાઈશ્રી :- આ તો આકરું કામ છે. ધણીપણું કર્યું હોય એને માથું ઉતારીને દેવા જેવી વાત છે. આકરું કામ છે. જેણે ધંધામાં-વ્યવસાયમાં ધણીપણું કર્યું હોય તો કહે, તમને ખબર ન પડે, મને જ ખબર પડે. હું કહું એમ થવું જોઈએ. તમે બધા કાંઈ સમજતા નથી. હું સમજું છું એટલી તમને ખબર પડતી નથી. હું કહું એમ થવું જોઈએ અને ન થાય તો ધબાધબી થતી હોય પાછી. એને નોકર થઈને બેસવું એ તો માથું ઉતારીને દેવા જેવી વાત છે.

મુમુક્ષુ :- એકદમ ભિન્ન પડી જાય.

મુમુક્ષુ :- પોતાને એમ થાય ધંધો ચાલે કેવી રીતે ? પોતે ભાગીદાર પોતે કહે, આ રીતે તો ધંધો નહિ ચાલે એવો વિકલ્પ આવે.

પૂજ્ય ભાઈશ્રી :- એને તો સમાધાન શું છે કે, ધંધો પૂર્વકર્મ પ્રમાણે ચાલે છે. મારી કે એની કોઈની હોશિયારીથી નથી ચાલતો. કેવી રીતે ચાલે છે ? કોઈની હોશિયારીથી ચાલે છે ? પૂર્વકર્મ પ્રમાણે ચાલે છે. એ ખ્યાલ આવે છે. એટલે એ વિકલ્પ નથી, એવી આકુળતા પણ નથી થતી.

**'જીવને પોતાની ઇચ્છાએ કરેલો દોષ તીવ્રપણે ભોગવવો પડે છે,...'** જુઓ ! શું કહે છે ? શા માટે અમે ચાકરીમાં આવી ગયા અને ધણીપણું છોડ્યું ? કે **'પોતાની ઇચ્છાએ કરેલો દોષ તીવ્રપણે ભોગવવો પડે છે, માટે ગમે તે સંગ-પ્રસંગમાં પણ સ્વેચ્છાએ અશુભપણે પ્રવર્તવું ન પડે તેમ કરવું.'** બીજા Force કરે કે આમ કરો હવે. દુકાને બેઠા છો તે આટલું તો કરો હવે. કે ઘરમાં બેઠા છો તો આટલું તો કરો. બીજાની ઇચ્છાએ. સ્વેચ્છાએ નહીં પણ પરેચ્છાનુચારી. પરેચ્છાને અનુસરનાર, આચરનાર. એ પ્રમાણે પ્રવર્તવું પડે તેમ કરવું. નહિતર પોતાની ઇચ્છાએ કરેલો દોષ તીવ્રપણે ભોગવવો પડશે. એમ વાત છે.

મુમુક્ષુ :– મુમુક્ષુએ કેમ જીવવું એ એક માર્ગદર્શન આપ્યું છે.

પૂજ્ય ભાઈશ્રી :– **બહુ જ સુંદર માર્ગદર્શન છે. એકે એક વાતમાં એટલું બધું માર્ગદર્શન છે. એ પોતાની દશાથી કેટલુંક માર્ગદર્શન આપ્યું છે અને કેટલુંક મુમુક્ષુને એની પરિસ્થિતિ જોઈને પણ માર્ગદર્શન આપ્યું છે. એ રીતે માર્ગદર્શનનો વિષય તો અસાધારણ (રીતે) આ ગ્રંથમાંથી નીકળે છે.**

આપણે જે 'પથ પ્રકાશ' કરીને જે પ્રકાશન કર્યું છે એમાં 'શ્રીમદ્જી'ના ઘણા વચનો લીધા છે. 'ગુરુદેવશ્રીના', 'બહેનશ્રીના', 'સોગાનીજીના' અને 'શ્રીમદ્જી'ના એમાં સૌથી વધારે 'શ્રીમદ્જી'ના લીધા છે. એની અંદર માર્ગદર્શનનો વિષય ઘણો છે. અહીં સુધી રાખીએ.

પોતાના કલ્યાણની શરૂઆત યથાર્થપણે - વાસ્તવિકપણે કેવા પ્રકારે હોય તે વિષયમાં સિદ્ધાંત સૂત્ર, અનુભવસિદ્ધ થયેલ - 'પૂર્ણતાને લક્ષે શરૂઆત તે જ વાસ્તવિક શરૂઆત છે.' અહીં પૂર્ણતા - પૂર્ણ શુદ્ધ દશારૂપ ધ્યેયના સ્થાને છે. - સાધ્યના સ્થાને છે, આ સૂત્ર એમ નિર્દેશ કરે છે કે જો ધ્યેય પૂર્ણતાનું ન બંધાયુ હોય તો સાધ્યની ભૂલ રહી છે. તેથી તેને શરૂઆત યથાર્થ પ્રકારે થતી નથી. તેથી તે જીવ ધર્મ અંગે જે કાંઈ કરે છે; તે માર્ગની વિધિ માટે શરૂઆત રૂપ પણ નથી. કોઈપણ (ધર્મમાં) પ્રવેશ કરનાર જીવે પોતાના પરિણમનમાં ઉક્ત સૂત્રનું વાચ્યભૂત - તાત્પર્યભૂત સાધ્ય નિશ્ચિત થયું છે કે કેમ ? તે અવશ્ય મેળવણીથી - તપાસીને સમજી લેવું જોઈએ. પ્રાયઃ જીવ પોતાની મતિ કલ્પનાથી ધર્મ - માર્ગમાં પ્રવર્તે છે. પરંતુ શરૂઆત અન્યથા પ્રકારે હોવાથી ધર્મનો પ્રારંભ પણ થતો નથી. પરંતુ અનાદિ ભ્રમ ભાંગવાને બદલે એક વધુ ભ્રમ સેવાય છે. સાધ્યની ભૂલ રહેતાં સાધન મળતું નથી.

('અનુભવ સંજીવની' - ૧૩૧)

## તા. ૯-૧૧-૧૯૮૯, પ્રવચન નં. ૮૦
## પત્રાંક – ૨૯૨ થી ૨૯૫

'શ્રીમદ્ રાજચંદ્ર' વચનામૃત.

મુમુક્ષુ :– ૨૯૨ નો બીજો પેરેગ્રાફ ફરીથી.

પૂજ્ય ભાઈશ્રી :– ૨૯૨ નો છેલ્લો પેરેગ્રાફ. **'આજીવિકાના પ્રપંચ વિષે વારંવાર સ્મૃતિ ન થાય એટલા માટે ચાકરી કરવી પડે તે હિતકારક છે.'** એટલે કે આજીવિકા માટે ઘણી ઉપાધિ કરવી પડે, જવાબદારી માથે ઉપાડવી પડે, એ પ્રકારની ઉપાધિ કરવી પડે એવું ટાળવા માટે ચાકરી કરવી પડે તે હિતકારી છે. એટલે કે બીજાની ઇચ્છાએ, બીજાની ઇચ્છા અનુસાર મન-વચન-કાયાનું યોગદાન થઈ જાય. પણ કોઈ વાત આપણે આ વિષયની અંદર જવાબદારીથી ઉપાડવી નથી. એવો સંક્ષેપમાં અર્થ છે.

એનું કારણ પોતે લખે છે કેમકે, **'જીવને પોતાની ઇચ્છાએ કરેલો દોષ તીવ્રપણે ભોગવવો પડે છે,...'** જાણીબૂજીને અપરાધ કરે છે એમાં રસ તીવ્ર થઈ જાય છે. અજાણપણે થયેલો અપરાધ અને જાણીબૂજીને કરેલો અપરાધ – આ બે વચ્ચે બહુ ફરક છે. અપરાધ તો બન્ને છે તોપણ અજાણપણે થાય છે ત્યાં એટલો રસ નથી હોતો. જોકે એનું ફળ તો આવે જ છે પણ જાણીબૂજીને જે કરે છે એમાં તીવ્ર રસ હોવાથી એનું ફળ પણ તીવ્રપણે ભોગવવું પડે એવું જ આવે છે.

તીવ્રપણે દોષ ભોગવવો પડે છે એનો અર્થ એ છે કે એ દોષ પણ તીવ્રપણે થયેલો છે, માટે તીવ્રપણે ભોગવવો પડે છે. એથી **'ગમે તે સંગ-પ્રસંગમાં પણ સ્વેચ્છાએ અશુભપણે પ્રવર્તવું ન પડે તેમ કરવું.'** અથવા મુમુક્ષુજીવ છે જેની ભાવના સર્વ દોષથી છૂટવાની છે તે ગમે તે સંગ-પ્રસંગમાં પણ દોષથી બચવાનો પ્રયત્નવાન હશે. કેમ દોષથી બચવું એવો એનો પ્રયત્ન રહેશે. એટલે એને સ્વેચ્છાએ અશુભપણે પ્રવર્તવું, તીવ્રરસે કરીને અશુભપણે પ્રવર્તવું ન પડે એટલી એની જાગૃતિ, એમ કરવું એટલે

એટલી એને જાગૃતિ હોવી જોઈએ, એટલું ભાન રહેવું જોઈએ. નહિતર ભાન ભૂલીને કરે તો એનો દોષ પણ તીવ્રપણે જ ભોગવવો પડશે. કુદરત છોડતી નથી. કુદરતના ઘરમાં ક્યાંય પણ કોઈપણ પ્રકારે અન્યાય થતો નથી. કોઈ એમ કહે કે ભાઈ ! ભગવાનને ત્યાં અંધેર નથી, દેર છે પણ અંધેર નથી. એવું નથી. દેર પણ નથી અને અંધેર પણ નથી. કાંઈ નથી. જે સમયે જે ફળ આવવું જોઈએ તે જ સમયે કુદરતના ઘરે તે ફળ આવે છે. કોઈને વહેલું આવી જાય એવો અન્યાય થતો નથી, કોઈને મોડું આવે એવો પણ અન્યાય થતો નથી.

મુમુક્ષુ :– કોઈ અપકાર્યમાં રસ ન હોય. કોઈ લૌકિક કાર્યમાં રસ ન હોવો જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :– હા, ઠીક છે. ખરેખર તો જેને આત્મહિત કરવું છે અને પરિપૂર્ણ શુદ્ધ થવું છે એવું જેનું ધ્યેય છે એને લૌકિક કાર્યથી શું પ્રયોજન છે ? આત્માને કોઈ લૌકિક કાર્ય લાભ કરવાનું નથી, કોઈ લૌકિક કાર્ય આત્માને નુકસાન કરવાનું નથી. ખરેખર તો આખો વિષય અપ્રયોજનભૂતમાં ચાલ્યો જાય છે. મુમુક્ષુજીવની ખતવણી એ છે કે એ બધો વિષય અપ્રયોજનભૂત છે. એ વિચારી જુએ કે ભૂતકાળમાં ઉદયમાં આવેલા અનંતા કાર્યો કર્યા. કેટલા કર્યા છે ? ઉદયમાં અનંત ઉદય આવ્યા, અનંત કાર્યો કર્યા. આ આત્માને એનો લાભ અત્યારે શું છે ? આત્માને તો કોઈ પ્રયોજન નથી. પ્રયોજન માન્યું છે એ ભૂલ છે. પ્રયોજન માનીને કરે છે એટલે રસ તીવ્ર આવે છે. પણ આ તો મફતની વેઠ જ ઉતારવાની છે. ઉદય માથે આવી પડેલું છે એટલે વેઠ ઉતાર્યા વિના રસ્તો નથી. એમ કરીને ચાકરી કરી લ્યે તો રસ નહિ આવે. અને ધણી થઈને કરશે કે આ તો મારી ફરજ છે. મારે કરવું જ જોઈએ અને કરવા યોગ્ય છે. એને તીવ્ર રસ આવ્યા વિના રહેશે નહિ. એનું ફળ પણ તીવ્રપણે આવ્યા વિના રહેશે નહિ.

મુમુક્ષુ :– જેટલા આજીવિકા આદિના કાર્ય થાય અને ઘરમાં કાર્ય થાય એ તો બધા સ્વેચ્છાથી જ કરે છે.

પૂજ્ય ભાઈશ્રી :– સ્વેચ્છાથી થાય છે પણ એ કર્તવ્ય માન્યું છે એ ભૂલ છે. વિકલ્પ છે એ ઇચ્છા છે પણ કર્તવ્ય નથી. એ કરવાથી આત્માને કોઈ લાભ નથી, એનું કોઈ આત્માને લાભદાયક ફળ નથી. એ પ્રયોજન નથી ખરેખર. વેઠ ઉતારવી, વેઠ છે, મફતનું કરવું પડે છે. સામે કાંઈ મળતું નથી ને કરવું પડે છે. કેમકે પોતે

જ્ઞાતા-દૃષ્ટાપણે સ્વરૂપમાં સ્થિર રહી શકતો નથી. તેથી કરવું પડે છે એ પોતાના વાંકે કરવું પડે છે. એમાં તીવ્ર રસ નહિ આવે. નહિતર રસ આવ્યા વિના રહેશે નહિ. સમજણ તો હોવી જોઈને ને ! એની પાછળની સમજણ શું છે ? અભિપ્રાય શું છે ? એ તો સ્પષ્ટ હોવો જોઈએ.

મુમુક્ષુ :- પોતાની ઇચ્છા વગર પણ કાર્ય થાય છે. પોતાની ઇચ્છાએ કરેલા, પોતાની ઇચ્છાએ નહિ કરેલા દોષ પણ પોતાને બંધનનું કારણ છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઇચ્છાએ કરીને એટલે શું છે કે એને કર્તવ્ય માન્યું છે. આ તો કરવું જ જોઈએ, આ કર્યા વિના ચાલે જ નહિ. એ તીવ્રપણે કરે છે, તીવ્ર રસથી કરે છે. કોઈ માથે આવી પડે અને પરાણે કરવું પડે એક વાત છે. પોતે ઊભું કરે એ બીજી વાત છે. હાથે કરીને પોતે ઊભું કરે. આપણે માણસ નથી કહેતા ? કોઈ બે જણનો ઝઘડો હોય અને ત્રીજો માણસ માથે ઓઢી લ્યે. એકને દોષિત ઠરાવીને એની સામે એ જ લડાઈ કરી લે. પેલો તો એકકોર પડ્યો રહે. ત્યારે ડાહ્યા માણસ એમ કહે કે તું અધિયારી શું કરવા વ્હોરે છે ? આ તું શું કરવા વ્હોરે છે ? ઝઘડો એ બેનો છે તું ક્યાં પડી ગયો વચ્ચે ઝઘડો કરવા ? એવું કરે છે. હાથે કરીને માથે ઓઢે છે.

એમ જીવ ઉપાધિ જે કરે છે એ હાથે કરીને કરે છે એમ કહેવું છે. હાથે કરીને ન કરે તો સંભવ છે કે ઉદય છે એમાં તને બીજા જોડશે કે, કેમ આમ કરતા નથી ? કેમ આળસુ થઈ ગયા છો ? કેમ પડ્યા રહો છો ? કેમ બેસી રહો છો ? કેમ વાંચ વાંચ કરો છો ? કેમ વારંવાર 'સોનગઢ' જાવ છો ? કેમ વારંવાર મંદિર જાવ છો ? એમ થાશે કદાચ, પણ એ પોતાની નબળાઈ જોઈને બીજાની ઇચ્છાએ ચાકરી કરી લેવી પડે તો ક્યાંક કરી લેવી. કેમકે આજીવિકાનો સવાલ છે એટલે પોતાને આજીવિકાની જરૂરિયાત છે તો એની પણ ઇચ્છા થાય છે તો એની સામે ન્યાય એ છે કે પોતાની ઇચ્છા છે એની સામે કાંઈક તમે ચાકરી દેવી. પગાર લેવો તો નોકરી કરી લેવી. આજીવિકાનો પગાર લઈએ છીએ તો નોકરી કરી લઈએ થોડી. બરાબર છે ? એવી વાત છે. એ ન્યાયસંપન્ન વાત છે. ત્યાં સુધી. એથી વધારે જેટલી વાત છે એ બધી અધિયારી વ્હોરવાની વાત છે, પારકી ઉપાધિ વ્હોરવાની વાત છે.

પત્રાંક-૨૯૩

વવાણિયા, આસો વદ ૧૩, શુક્ર, ૧૯૪૭

શ્રી સુભાગ્ય, સ્વમૂર્તિરૂપ શ્રી સુભાગ્ય,

વિરહની વેદના અમને વધારે રહે છે, કારણ કે વીતરાગતા વિશેષ છે; અન્ય સંગમાં બહુ ઉદાસીનતા છે. પણ હરિઇચ્છાને અનુસરી પ્રસંગોપાત્ત વિરહમાં રહેવું પડે છે; જે ઇચ્છા સુખદાયક માનીએ છીએ, એમ નથી. ભક્તિ અને સત્સંગમાં વિરહ રાખવાની ઇચ્છા સુખદાયક માનવામાં અમારો વિચાર નથી રહેતો. શ્રી હરિ કરતાં એ બાબતમાં અમે વધારે સ્વતંત્ર છીએ.

૨૯૩. **'સ્વમૂર્તિરૂપ શ્રી સુભાગ્ય.'** કેવું વિશેષણ આપ્યું છે ! સ્વરૂપમૂર્તિ !

**'વિરહની વેદના અમને વધારે રહે છે, કારણ કે વીતરાગતા વિશેષ છે; અન્ય સંગમાં બહુ ઉદાસીનતા છે.'** બીજો સંગ જે વર્તે છે એ અમારી દશાથી બિલકુલ પ્રતિકૂળ પરિસ્થિતિ છે. એથી અમને વારંવાર તમારા જેવાના સત્સંગનો વિરહ સાંભરે છે, એમ કહે છે. **'પણ હરિઇચ્છાને અનુસરી પ્રસંગોપાત્ત વિરહમાં રહેવું પડે છે;...'** કુદરતી એ પરિસ્થિતિ સહેજે છે કે જેને અનુસરીને એવા પ્રસંગોપાત્ત એવી રીતે રહીએ છીએ કે જેથી તમારો યોગ છે નહિ. અને **'જે ઇચ્છા સુખદાયક માનીએ છીએ...'** એમાં સમાધાન હોવાથી એટલે કે એ પ્રકારની પરિસ્થિતિ કુદરતે સર્જી છે એમાં અસમાધાન નથી કે કેમ આમ થતું નથી ? એમ નથી. એમાં એ પણ સુખદાયક માનીએ છીએ. જે થવા યોગ્ય છે તે થાય છે.

મુમુક્ષુ :– માનીએ છીએ એમ નથી.

પૂજ્ય ભાઈશ્રી :– ઠીક, એમ લીધું છે. **'જે ઇચ્છા સુખદાયક માનીએ છીએ....'** વિરહમાં રહેવું પડે છે. જે ઇચ્છા સુખદાયક છે. ઇચ્છા શબ્દ લીધો છે ને ? આમ સમાધાન છે પણ ઇચ્છા નથી. ઇચ્છા સુખદાયક માનતા નથી. એવી ઇચ્છા નથી કે વિરહમાં રહીએ. એટલે એવી ઇચ્છા સુખદાયક માનતા નથી. પણ આમ સમાધાન

છે. એ જુદી જુદી જગ્યાએ જ્યાં જ્યાં એ લખે છે ત્યાં હરિઇચ્છા છે, એવી હરિઇચ્છા છે અને અમને એ વાત પ્રિય છે. પરમાર્થ વિષયનો ૨૮૯ પત્ર લીધો છે ને ત્યાં પણ એ વાત લીધી છે. (૨૯૧ માં) નીચે પણ (લીધું છે કે) **'એક સમય પણ વિરહ નહીં, એવી રીતે સત્સંગમાં જ રહેવાનું ઇચ્છીએ છીએ પણ તે તો હરિઇચ્છાવશ છે.'** એટલે એટલું સમાધાન (છે), જ્ઞાનથી સમાધાન છે અને રાગ છે, ઇચ્છા છે એ રાગ અમને પસંદ નથી.

**'ભક્તિ અને સત્સંગમાં વિરહ રાખવાની ઇચ્છા સુખદાયક માનવામાં અમારો વિચાર નથી રહેતો.'** એ વાતને અમે ઠીક માનીએ છીએ અને આ ભૂમિકામાં મહિમા, સ્વરૂપ મહિમા અને સ્વરૂપ મહિમા જેને થાય એવાનો સંગ, સ્વરૂપ મહિમા હોય એવાનો સંગ એનો વિરહ રાખવાની ઇચ્છા અમને નથી, એનો સંગ રાખવાની ઇચ્છા રહ્યા કરે છે અને એ ઇચ્છાને સુખદાયક માનવાનો અમારો વિચાર નથી રહેતો. એમ કરીને પોતાનો અભિપ્રાય બતાવ્યો છે.

**'શ્રી હરિ કરતાં એ બાબતમાં અમે વધારે સ્વતંત્ર છીએ.'** ભગવાનની આજ્ઞા તો કેવળ વીતરાગ થવાની છે પણ મુમુક્ષુની ભૂમિકામાં સ્વરૂપ મહિમા અને સત્સંગ એ બાબતમાં અમે હરિની ઇચ્છાથી પણ વધારે સ્વતંત્ર વર્તીએ છીએ.

મુમુક્ષુ :– પરથી ભિન્ન પડી ગયા છે.

પૂજ્ય ભાઈશ્રી :– નહિ, એમ નથી કહેવું. એમ કહે છે કે, આ ભૂમિકામાં આ જ, આ રીતે જ આ જ જરૂર છે. વીતરાગતા તો અદ્ધરથી આવવાની નથી. આ જ વીતરાગતાનો ઉપાય છે ખરેખર તો. મુમુક્ષુની ભૂમિકામાં સત્સંગ અને સ્વરૂપ મહિમા. ભક્તિ એટલે સ્વરૂપ મહિમા એમ લેવું. આ બે વસ્તુ અવશ્ય અવશ્ય હોવી જોઈએ. એ જ એને આગળ વીતરાગતાની જે વીતરાગની આજ્ઞા છે એના માટે અનુકૂળ છે. એ સિવાય બીજો કોઈ વચ્ચે (ઉપાય નથી). સીધી વીતરાગતા આવવાનો કોઈ પ્રસંગ નથી, કોઈ ઉપાય નથી, કોઈ ઇલાજ નથી. અને બીજું કરે તો નીચે ચાલ્યો જાય. એ સિવાય બીજું કરે તો (નીચે ચાલ્યો જાય).

એમ કરીને બે વાત સ્પષ્ટ કરી દીધી. આગળ પણ એક જગ્યાએ લખ્યું ને કે, 'મોક્ષ કરતા સત્સંગ અમને વધારે પ્રિય છે.' એમ કરીને સત્સંગ ઉપરનું જે વજન છે તે એટલું બતાવવું છે કે અત્યારે આ જોર છે. તાવ આવ્યો હોય અને આઠ દિવસની

લાંઘણ થઈ ગઈ હોય તો મગનું પાણી જ એને દેવાય કે આઠ દિવસના ઉપવાસ કર્યા હોય તો મગનું પાણી એને દેવું પડે. ત્યાં એને ચાર શેર ઘી પાયેલો મેસૂબ આપે કે ભાઈ ઘણા દિવસ ભૂખ્યા રાખ્યા છે હવે મેસૂબ ખવડાવી દઈએ આને એકદમ, એટલે શક્તિ આવી જાય. મગનું પાણી તોલા-બે તોલા નાખે હજુ તે ! કોઈ કહે, એટલામાં શક્તિ શું આવે ? એને તો મિષ્ટાન્ન ખવડાવો. અત્યારે એ કામનું નથી. અત્યારે એને મિષ્ટાન્ન ન દેવાય. એમ ક્યારે શું જરૂર છે ? આ ઉપર એમનું વજન છે. જો કે ઉપદેશમાં સર્વત્ર એવું છે. શાસ્ત્રમાં હજારોગમે ઉપદેશ છે પણ મને પોતાને અત્યારે શું જરૂર છે આનું મહત્ત્વ છે. એમાં જો પોતે વિવેક ન કરી શકે અથવા ભૂલ કરે તો એ બિનજરૂરી વાતને મુખ્ય કરે અને જરૂરી વાતને છોડી દ્યે. આત્માને લાભ થવાને બદલે નુકસાન થાય. આવું થાય.

મુમુક્ષુ :- ભૂમિકાની ઉપરવટ જઈને જે કરે.

પૂજ્ય ભાઈશ્રી :- ઉપરવટ જઈને કરે છે. એટલે કરવા યોગ્ય છે એ છોડી દ્યે છે, કર્તવ્યને છોડી દ્યે છે. અને ભ્રમથી આ એથી ઊંચું છે માટે મારે કરવું છે એમ પકડવા જાય છે. એને ના પાડે છે. એટલે સત્પુરુષના સંગનું મહત્ત્વ એમણે લીધું. એક તો અનાદિના અજ્ઞાની જીવને એ પ્રકારનો પોતાની માટે પોતાને વિવેક આવવો બહુ દુષ્કર છે. એની પાસે અજ્ઞાન-અંધકાર છે, મતિ વિપર્યાસ છે. તો એ વિવેક કેવી રીતે કરશે ? માટે જો કોઈ એને સત્પુરુષ હોય, એના આશ્રયમાં એ હોય તો એને જે વખતે જેની જરૂર હોય એ વખતે એ વાત એને કરે.

એ હિસાબે આ વાત લખે છે. પોતે જે લખે એ આ વાત લખે છે કે અમે આ બાબતમાં શ્રીહરિ કરતા પણ અમે વધારે સ્વતંત્ર છીએ. નહિ તો ભગવાનનો ઉપદેશ તો કેવળ વીતરાગતાનો છે અને અમે તો તમને એમ કહીએ છીએ કે તમે પહેલા સત્સંગ કરો. એમ કહીએ છીએ માટે અમે એનાથી કાંઈ સ્વતંત્ર વાત કરીએ છીએ. મહત્ત્વ દર્શાવવા માટે શૈલી કરી છે.

મુમુક્ષુ :- સત્સંગ બાબતમાં જુદાં જુદાં Angle થી ઘણા પ્રકારથી વાત કરી છે.

પૂજ્ય ભાઈશ્રી :- ઘણી વાતો લીધી છે. સત્સંગનું મહત્ત્વ દર્શાવવા માટે ઘણી વાતો લીધી છે, બહુ લીધી છે. ત્યાં એમ કહ્યું કે મોક્ષ કરતા અમને પ્રિય છે. અહીંયાં કહે છે કે, ભગવાન કરતા આ બાબતમાં અમે સ્વતંત્ર છીએ. વધારે સ્વતંત્ર છીએ.

સ્વતંત્ર છીએ એમ નહિ, વધારે સ્વતંત્ર છીએ.

મુમુક્ષુ :- સત્સંગથી એકલું સત્ જ ઘુંટાયા કરે.

પૂજ્ય ભાઈશ્રી :- સત્ જ ઘુંટાશે. પણ એ ભૂમિકામાં એને એ જ જરૂર છે. આ બાળકને પેલું નથી આપતા ? પાણી શેનું આપે છે ? Gripe water આપે છે, દ્રાક્ષનું પાણી આપે છે. બાળકને ખવડાવવા ન માંડે ? લાડવા અને પેંડા મંડે ખવડાવવા. એ એમ ન ખાય શકે. ન પચે. એ તો Vomit થાશે, એ માંદો પડી જશે. ગમે એટલું સંતાન વ્હાલું હોય તો એને કાંઈ એકદમ ખવડાવવા મંડે છે ? એને તો જ્યારે જે જોઈએ ત્યારે, કડવાટની જરૂર પડે ત્યારે કડવાટ (આપે), જ્યારે જે જરૂર પડે ત્યારે એ જ દેવું પડે. એકની જગ્યાએ બીજું દેવા જાય, ભલે સારું હોય પણ એ સારું એના માટે સારું નથી, એના માટે નુકસાન કરે છે. એટલે એ વાત ઉપર એમનું ઘણું વજન છે.

મુમુક્ષુ :- મુમુક્ષુને તત્ત્વ અભ્યાસ કરતા સત્સંગમાં વિશેષ રહેવું જોઈએ.

પૂજ્ય ભાઈશ્રી :- હા, સત્સંગના માધ્યમથી તત્ત્વ અભ્યાસ કરવો. સત્સંગપૂર્વક તત્ત્વઅભ્યાસ કરવો. એમ ને એમ ન કરવો. કેમકે શું કરશે ? એને શું ખબર પડે છે ? કાંઈ કરતો નથી ખરેખર. કે મને ક્યારે શું જરૂર છે એની ખબર પડે છે ? તત્ત્વઅભ્યાસ એટલે ઘણું સાંભળી લઈએ અને ઘણું વાંચી લઈએ એટલે કાંઈ જ્ઞાન થઈ ગયું છે ? એ પરિસ્થિતિ નથી. એને કાંઈ જ્ઞાન કહેવાતું નથી.

એટલે એને પોતાને શું જરૂર છે એ વાત એને સત્સંગમાં સમજાય છે. કાં તો સત્પુરુષ હોય તો સમજાય છે, કાં તો સત્સંગમાં સમજાય છે. કેમકે સત્સંગમાં પણ મળનારા સમગુણી જીવો, સમકોટીના જીવો એટલા નિખાલસ હોય છે કે અરસપરસ કોઈનો દોષ હોય, કોઈની ભૂલ થતી હોય તો એને ખ્યાલ ઉપર મૂકી દ્યે. એને એ વાતની મોકળાશ હોય છે કે ભાઈ ! જરા પણ અચકાયા વિના તમે મને તો કહી જ દેજો. મારે શુદ્ધ થવું છે, મારે નિર્દોષ થવું છે, મને તો તમે કહી જ દેજો. મને જરાય એમાં દુઃખ લાગવાનો પ્રસંગ નથી. અહીંયાં સમજણ ફેર થતી હોય કે બીજો કોઈ દોષ જાણે-અજાણે થતો હોય, ખ્યાલ બહાર રહેતું હોય. એટલી અરસપરસની સરળતા, નિખાલસતા હોય છે. એ પ્રકારનો સંબંધ સહિત તત્ત્વજ્ઞાનનો અભ્યાસ હોવો જોઈએ. અભ્યાસ કરવા ખાતર અભ્યાસ નહિ, પણ પોતાની શુદ્ધિના

હેતુથી અભ્યાસ કરવો છે. એમ વાત છે ખરેખર.

મુમુક્ષુ :– ત્યારે મુમુક્ષુ કહેવાય.

પૂજ્ય ભાઈશ્રી :– ત્યારે મુમુક્ષુ કહેવાય. નહિતર કાંઈ નહિ. બધા જૈન કહેવાય છે. એ તો ઘણા ટીકા કરે છે ને કે જુઓ ! આ 'મહાવીર' ભગવાનના જૈનો. આવા હોય 'મહાવીર' ભગવાનના જૈનો ? આવા હોય ? એમ નથી કહેતા લૌકિક પરિસ્થિતિ જોઈને ? લોકોને એ પણ પડી નથી કે આમાં આપણે કોની પરંપરામાં ઊભા છીએ એનો વિચાર નથી કરતા.

મુમુક્ષુ :– રત્નકરંડ શ્રાવકાચારમાં લખ્યું છે કે તારા આચરણથી તારા દેવ-ગુરુ-શાસ્ત્રને કલંક લાગશે.

પૂજ્ય ભાઈશ્રી :– બરાબર છે, ખરી વાત છે. પણ આપણે ત્યાં કોઈ પ્રસંગ પડે છે તો નથી કહેતા કે આ 'કાનજીસ્વામીવાળા' જુઓ. જે ગડબડ કરે છે એ તો બહુ સાધારણ કોટીના જીવો હોય છે, નીચી કોટીના જીવો હોય છે પણ બહાર વાત આવે તો બીજા લોકો શું કહેશે ? કે જુઓ ! 'કાનજીસ્વામીવાળા'. એમ જ કહેશે ને ? નામ તો 'ગુરુદેવ'નું આવશે. એ સાવધાની તો દરેકને હોવી જોઈએ.

મુમુક્ષુ :– સમગુણીના સંગમાં જે નિખાલસતાથી પૂછતો હોય, એ રીતે કહેવાવાળો પણ ઉપદેશકના રૂપમાં નથી કહેતો.

પૂજ્ય ભાઈશ્રી :– નહિ. ઉપદેશકના રૂપમાં નથી કહેતો. કહેવાવાળો એ રીતે કહે છે કે મને જરાક આમ લાગ્યું છે. તમને એટલા માટે કહું છું કે તમે જ એને છૂટથી કહી શકો. હું તમને એટલા માટે કહું છું કે તમે અચકાવ નહિ. અરસપરસ આપણો જે આ વ્યવહાર છે એ એકબીજાને શુદ્ધ થવામાં, એકબીજાના દોષ ટાળવામાં કારણભૂત થાય એ પ્રકારની આ વાત છે. એમ સ્પષ્ટ સમજણ હોય છે, સ્પષ્ટ ખુલાસો હોય છે. એમ વાત છે.

મુમુક્ષુ :– એવો યોગ મળવો દુર્લભ છે.

પૂજ્ય ભાઈશ્રી :– એ તો કહે જ છે કે અત્યારે સત્સંગ મળવો બહુ દુર્લભ છે. અને મળે એ ભાગ્યશાળી સમજવો. એવી વાત છે. અતિ દુર્લભથી દુર્લભ છે, મળે તો એ ભાગ્યશાળી છે. પરિસ્થિતિ તો આપણા સમાજની એવી છે, બહુ શરૂમાં પરિસ્થિતિ ખુલ્લી થઈ, સ્ફોટક પરિસ્થિતિ ખુલ્લી થઈ. પૂજ્ય 'બહેનશ્રી'ને વાત કરી

કે, બહુ દુઃખદ પરિસ્થિતિ છે. સમાજની પરિસ્થિતિ આવી ? એ તો ખરી વાત એવી છે કે જો પુરુષપર્યાય હોય તો જંગલમાં જ ચાલ્યા જઈએ. આ સમાજમાં જ ન રહીએ. પુરુષપર્યાય હોય તો જંગલમાં જ ચાલ્યા જઈએ. અહીંયાં રહેવા જેવું નથી. એટલો વૈરાગ્ય હતો એમને. એટલી કંગાળ દશા છે. સમાજની દશા એટલી બધી દરિદ્ર છે, ધર્મ દારિદ્રય છે.

મુમુક્ષુ :– પત્રાંક ૩૩૩ના ફૂટનોટમાં વાત કરી.

પૂજ્ય ભાઈશ્રી :– ૩૩૩. બરાબર છે. સત્પુરુષની ઓળખાણ જીવને પડતી નથી. તો એનો ઉપાય શું ? એ પ્રશ્ન પૂછ્યો છે 'સોભાગભાઈ'ને 'શ્રીમદ્જી'એ. આ ગ્રંથમાં એક જ જગ્યાએ 'સોભાગભાઈ'નો ઉત્તર આ લોકોએ ટાંક્યો છે. ફૂટનોટની અંદર. ઉત્તર 'સોભાગભાઈ'નો છે. પ્રશ્ન 'શ્રીમદ્જી'નો છે. **'શ્રી 'સૌભાગ્યભાઈ'એ આપેલો ઉત્તર : નિર્પક્ષ થઈ સત્સંગ કરે તો સત્ જણાય ને પછી સત્પુરુષનો જોગ બને તો તે ઓળખે.'** આપસમાં મુમુક્ષુ-મુમુક્ષુ નિર્પક્ષ થઈને સત્સંગ કરે.

નિર્પક્ષ થઈને એટલે નિષ્પક્ષપાતપણે પોતાના દોષ જોવા. તો સત્ જણાય, તો એને સત્ સમજાય અને પછી સત્પુરુષનો યોગ બને તો ઓળખે. **'અને ઓળખે એટલે વ્યવહારિક કલ્પના ટળે.' 'માટે પક્ષ રહિત થઈ સત્સંગ કરવો. એ ઉપાય સિવાય બીજો ઉપાય નથી. બાકી ભગવત્કૃપા એ જુદી વાત છે.'** કુદરતી કોઈની યોગ્યતા હોય એ જુદી વાત છે. એ પ્રશ્નનો ઉત્તર લખ્યો તે યથાર્થ છે એમ કહે છે. પછી પોતે હવે એને Mark આપે છે કે આપે જે આ ઉત્તર લખ્યો તે યથાર્થ છે. એ ઉત્તર કાં તો જ્ઞાની લખી શકે અથવા જ્ઞાનીનો આશ્રિત માત્ર જાણી શકે, કહી શકે કે લખી શકે તેવો છે.

**'માર્ગ કેવો હોય એ જેને બોધ નથી, તેવા શાસ્ત્રાભ્યાસી પુરુષો...'** માર્ગ કેવો હોય એની જેને ખબર નથી. પોતાના નિર્દોષ થવાનો ઉપાય જે જાણતો નથી, એવા જે માત્ર શાસ્ત્ર અભ્યાસી પુરુષો **'તેનો યથાર્થ ઉત્તર ન કરી શકે.'** આવા પ્રશ્નનો એ ઉત્તર નહિ આપી શકે એમ કહે છે. **'તે પણ યથાર્થ જ છે.'** એમ આગળ લખ્યું છે. 'સોભાગભાઈ'એ, એ વાત પણ તમારી યથાર્થ છે કે શાસ્ત્ર અભ્યાસીઓનું આ કામ નથી. સત્પુરુષને ઓળખવા એમાં શાસ્ત્રઅભ્યાસનું કામ નથી. મુમુક્ષુજીવની એ નજર સ્વતંત્ર હોવી જોઈએ એમ કહેવું છે.

એ તો સત્સંગમાં એટલો પોતે કેળવાયેલો હોય તો એને તરત લાઇટ થાય. કે આ પ્રકાર સ્વાનુભવ વિના આવી શકે નહિ. સ્વાનુભવ વિના હોઈ શકે નહિ. કહેનાર નક્કી સત્પુરુષ છે. પકડી જ લે. ન પકડાય એવી વાત નથી. પકડી લે, જરૂર પકડી લે. અને પોતે એ રીતે તૈયાર ન થયો હોય તો એની બાજુમાં પાડોશમાં ૨૪ કલાક રહેતો હોય તો પણ એને ખબર ન પડે. કેમકે એ તો પોતાની સમાન જ કલ્પના કરશે.

સત્સંગ વિષે જ્ઞાનીની આજ્ઞા એ સૌથી પ્રધાન આજ્ઞા છે. બીજી બધી આજ્ઞા કરતા યથાર્થ પ્રકારે સત્સંગ ઉપાસવો અને સત્સંગ સેવવો એ જ્ઞાનીની પ્રધાન આજ્ઞા છે અને એ જ આત્મહિતનો મુમુક્ષુ માટેનો એકમાત્ર ઉપાય છે, બીજે રસ્તે ચડી જાવું નહિ. એમ કહેવું છે.

મુમુક્ષુ :– એને આ જ ગૌણ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :– આ જ ગૌણ થઈ જાય છે અથવા અહીંયાં ભૂલ થઈ જાય છે. કાં તો અસત્સંગને સેવે, કાં તો સંગને સેવે, કાં તો સત્સંગ હોય તો ઉપેક્ષા કરે અને ન હોય તો કાંઈ એને પ્રાપ્ત થવા માટેની કોઈ ખોજ કે શોધ કે એનો પ્રયત્ન ન વર્તે. આવામાંથી કોઈને કોઈ પ્રકારની અંદર જીવ લગભગ આયુષ્ય વ્યતીત કરી લ્યે છે અને એક બીજી રીતે પછી પોતાની જાતને ગોઠવી દ્યે છે કે તો પછી આમ કરવું.... તો પછી આમ કરવું... તો પછી આમ કરવું... આમ કરી લઈએ.... આમ કરી લઈએ એમ કરી લઈએ... કાંઈક કરીએ છીએ એવું માનીને સંતોષ પકડે છે.

એકવાર 'સોગાનીજી' સાથે ચર્ચા થઈ. વાત થોડી વ્યક્તિગત ચાલી ગયેલી. એટલે એમણે અભિપ્રાય આપ્યો. વાત બીજા કરતા હતા. કોઈ જુદી જુદી વ્યક્તિ (વાત કરતી હતી). પોતાને કોઈ દિવસ કોઈ વ્યક્તિની વાત કરવાનો એમને પ્રસંગ નહતો. કોઈનો પરિચય જ ન હતો. પરિચય જ ન હતો એમને. ત્યાં 'સોનગઢ' આવે એટલે જુદાં જુદાં માણસો વ્યક્તિગત રીતે જુદી જુદી વાત કરે ને ? આ આમ ને... આ આમ ને... આ આમ ને... એવું બધું તો ચાલતું હોય. એમણે બધી વાતનો એક જ વાક્યમાં એક સરવાળો માર્યો કે, 'ખરી વાત એ છે' એટલે કે ફલાણા મુમુક્ષુ આવી રીતે કરે છે, ફલાણા મુમુક્ષુ આવી રીતે કરે છે... ફલાણા મુમુક્ષુ આવી રીતે કરે છે.

દરેકની કાર્યપદ્ધતિમાં કાંઈક તફાવત છે. એવી ચર્ચાનો વિષય એટલો હતો કે જુદી જુદી વ્યક્તિઓની જાણે કાર્યપદ્ધતિમાં, સમજણ પદ્ધતિમાં કાંઈક પોતપોતાની રીતે કરતા હોય એવો એક ચર્ચાનો વિષય ચાલ્યો. એટલે એમણે એમ લીધું કે, આ પણ બરાબર નથી, પેલું બરાબર નથી, પેલાનું પણ બરાબર નથી. એમ કહેવા માટે એમણે એમ કહ્યું. કે 'સહી બાત તો યહ હૈ કી યથાર્થ ગ્રહણ નહી હોતા હૈ. યથાર્થ લાઇન ગ્રહણ નહીં હોતી હૈ તો જીવ કહીં ન કહીં ફંસતા ભી હૈ. કિસી ન કિસી પ્રકાર સે જીવ ફંસતા હૈ.' એટલે કે શું કે એ કાર્યપદ્ધતિને પોતાની સમજણથી પોતાના માટે પોતાની નક્કી કરી લીધી હોય છે કે મારે તો આમ જ ધાર્મિક જીવન જીવવું. ત્યાં તો બધા ધાર્મિક જીવન જીવવા માટે જ રહેલા છે, નિવૃત્તિ થઈને રહેલા છે. તો પોતપોતાની રીતે જે જીવન જીવે છે એનું કારણ શું છે ? કે જ્યાં સુધી યથાર્થ લાઇન, મૂળ વસ્તુ, માર્ગ અને મૂળ વસ્તુ સત્ અને સત્નો ઉપાય પકડાતો નથી. એટલે કાંઈ ને કાંઈ રીતે જીવ ફસાઈ જાય છે. કોઈ અમુક કામ વધારે કરે છે, કોઈ અમુક ક્રિયા વધારે કરે છે, કોઈ અમુક વધારે કરે છે, કોઈ અમુક રીતે વધારે કરે છે. એમ પદ્ધતિ જુદી જુદી કરી લ્યે છે એનું કારણ આ છે. જીવ ફસાઈ ગયો છે. યથાર્થ નથી પકડાતો ત્યાં સુધી કોઈને કોઈ પ્રકારે જીવ ફસાઈ જાય છે અને એમ જ આયુષ્ય વ્યતીત થઈ જાય છે.

પ્રશ્ન :- યથાર્થ પકડાવું એટલે યથાર્થમાં શું હોય ?

સમાધાન :- એ વિષય થોડો સૂક્ષ્મ પડે એવો છે. દરેકને માટે એક વાત તો નક્કી થાય એવું નથી. એમ કાંઈ નથી કહી શકાય એવું કે એક લીટીમાં બધાને આવરી લઈએ, એક વાતમાં બધાને આવરી લઈએ. જેને જે જરૂર હોય. ત્યાં એમણે એક વાત... અહીંયાં એમણે એ બાબતનો એક Criteria બાંધી દીધો કે મુમુક્ષુએ માત્ર નિષ્પક્ષ થઈને એટલે કે પોતે પોતાના દોષ ટાળવાના હેતુથી, દોષ ટાળવાના લક્ષે એવા જ જીવના સત્સંગમાં રહેવું કે બીજો સામો જીવ પણ એવો જ હોય કે જે પોતાના દોષ ટાળવા માગતા હોય અને પોતે શુદ્ધ થવા માગતો હોય. આનું નામ સત્સંગ. ત્યાં પછી સત્ની વાર્તા અને સત્ને ઓળખવાની મહેનત થશે.

નિર્દોષ એવું જે આત્મસત્, પોતાનું સ્વરૂપ પરિપૂર્ણ નિર્દોષ છે. એને ઓળખવામાં ત્યાં પ્રયત્ન થશે અને અહીંયાં કાંઈક સત્ ઓળખવાનો જે પ્રયત્ન થશે એમાં કોઈ

સત્પુરુષનો યોગ થશે તો તરત જ લાઇટ થશે એને. કે આ વાત કોઈ અપૂર્વ કહે છે. એની અપૂર્વતા એને ભાસ્યા વિના નહિ રહે. એ તરત જ (પકડી લેશે). બાકી શાસ્ત્રઅભ્યાસ કરી કરીને કોઈ સત્પુરુષને ઓળખી શકે કે શીખી લે દ્રવ્ય-ગુણ-પર્યાય એટલે કાંઈ સત્પુરુષને ઓળખી શકે એ પ્રકાર નથી. Class તો એના ખોલવા જેવા છે દ્રવ્ય-ગુણ-પર્યાય કરતા.

મુમુક્ષ :– તત્ત્વબોધ અને ઉપદેશબોધમાં.

પૂજ્ય ભાઈશ્રી :– એમણે આ Class ખોલ્યો છે. 'શ્રીમદ્જીએ' એ લાઇન પકડી છે.

મુમુક્ષુ :– મુમુક્ષુની પરીક્ષા તો કરવી જ પડે.

પૂજ્ય ભાઈશ્રી :– પરીક્ષા કરવી પડે એટલે એ તો ખ્યાલ આવી જ જાય ને ! પોતે જે Line ઉપર જવા માગે છે એ Line ઉપર જ સામો જીવ જવા માગે એ ખ્યાલ ન આવે ? સાથે ચાલવા માગે છે કે સાથે નથી ચાલવા માગતો એ ખબર ન પડે ? એ તરત જ ખબર પડે. થોડું ચાલો એટલે તરત જ ખબર પડે કે અહીંયાં આ જુદો પડે છે, એનું ધ્યાન નથી આ વિષય ઉપર. આપણે કામ નથી. એનું ધ્યાન આ પ્રકારનું છે ? કે મારે શુદ્ધ થવું છે, મારે મારું કરી લેવું છે, મારું હિત સાધી લેવું છે. એ કંઈ અછાનું રહે એવી ચીજ છે ?

મુમુક્ષુ :– એ વખતે એવા જીવો હશે એટલે એવો સરસ ઉત્તર આપ્યો. આપણા માટે અત્યારે મને લાગુ પડે છે.

પૂજ્ય ભાઈશ્રી :– બધાને લાગુ પડે છે. એ તો લીધું ને યોગ્ય–યથાર્થ કરવું એટલે શું ? કે, આ યથાર્થ, આ યથાર્થ છે.

મુમુક્ષુ :– તમે કીધું આ Class ખોલવા જેવા છે, હમણાં કીધું.

પૂજ્ય ભાઈશ્રી :– આપણે ત્યાં Class ચાલે છે એમાં બધું શીખવાડે છે કે આ દ્રવ્ય-ગુણ-પર્યાય આમ, ફલાણું આમ, નય આમ, નિક્ષેપ આમ, પ્રમાણ આમ, ફલાણું આમ. શાસ્ત્રપદ્ધતિથી (શીખવાડે). સત્પુરુષ કેમ ઓળખાય એ Class ખોલવા જેવા છે.

મુમુક્ષુ :– એ તો ખુલી ગયો, ચાલે જ છે.

પૂજ્ય ભાઈશ્રી :– 'શ્રીમદ્જી'એ એ Line પકડી છે.

**પત્રાંક-૨૯૪**

**મુંબઈ, ૧૯૪૭**

**આર્ત્તધ્યાન ધ્યાવન કરવા કરતાં ધર્મધ્યાનમાં વૃત્તિ લાવવી એ જ શ્રેયસ્કર છે. અને જેને માટે આર્ત્તધ્યાન ધ્યાવવું પડતું હોય ત્યાંથી કાં તો મન ઉઠાવી લેવું અથવા તો તે કૃત્ય કરી લેવું એટલે તેથી વિરક્ત થવાશે.**

**જીવને સ્વચ્છંદ એ મહા મોટો દોષ છે. એ જેનો મટી ગયો છે તેને માર્ગનો ક્રમ પામવો બહુ સુલભ છે.**

૨૯૪.

**'આર્ત્તધ્યાન ધ્યાવન કરવા કરતાં ધર્મધ્યાનમાં વૃત્તિ લાવવી એ જ શ્રેયસ્કર છે. અને જેને માટે આર્ત્તધ્યાન ધ્યાવવું પડતું હોય ત્યાંથી કાં તો મન ઉઠાવી લેવું અથવા તો તે કૃત્ય કરી લેવું એટલે તેથી વિરક્ત થવાશે.'** માર્ગદર્શન છે. જીવને આર્ત્તધ્યાન કરવા યોગ્ય નથી. અનેક પ્રકારનું કર્મ બંધાવાનું એમાં મુખ્યપણે તિર્યંચગતિનું કારણ છે. આર્ત્તધ્યાન છે એ મુખ્યપણે તિર્યંચગતિનું કારણ છે. એટલે **'આર્ત્તધ્યાન ધ્યાવન કરવા કરતા...'** એટલે આર્ત્તધ્યાન ધ્યાવવા કરતા **'ધર્મધ્યાનમાં વૃત્તિ લગાવવી એ જ શ્રેયસ્કર છે.'** અને પ્રાયઃ જીવને જે સંયોગાશ્રિત જેટલા પરિણામ છે તે બધા આર્ત્તધ્યાનના પરિણામ છે અને બીજી સમજણ આત્મહિતની નહિ હોવાથી ધર્મના સ્થાનમાં, દેવમંદિરમાં જઈને પણ જીવ આર્ત્તધ્યાન કરે છે કે હું કાંઈક કરું તો મારા સંયોગો બધા અનુકૂળ રહે. અહીંયાં આવ્યો, આટલું કર્યું પછી જે કર્યું હોય એ. સ્વાધ્યાય કર્યો કે પૂજા-ભક્તિ કરી કે જે કર્યું હોય, દયા-દાન કર્યા, કાંઈક મને અનુકૂળતા રહે, દુઃખી ન થાઉં એવું આર્ત્તધ્યાન જ સતતપણે જીવ ધ્યાવે છે.

એના કરતા **'ધર્મધ્યાનમાં વૃત્તિ લાવવી એ જ શ્રેયસ્કર છે.'** અથવા આત્મહિતમાં વૃત્તિને અગ્રેસર કરવી, આત્મહિતમાં વૃત્તિને મુખ્ય કરવી એ જ શ્રેયસ્કર છે. છતાં

આર્ત્તધ્યાન ન છૂટતું હોય એની વાત કરે છે અને જેને માટે આર્ત્તધ્યાન ધ્યાવવું પડતું હોય, એવું કામ હોય કે જે લક્ષ જ ન છૂટતું હોય તો બે પ્રકાર છે કાં તો મન ઉઠાવી લેવું, એકદમ પુરુષાર્થથી એ વાત છોડી દેવી. અથવા એટલો પુરુષાર્થ ન હોય. જેમકે માણસને ભૂખ લાગે છે અને વારંવાર વિકલ્પ જ જાય છે, તો કાં તો એકદમ મન ઉઠાવી લેવું કા જમી લેવું. બેમાંથી એક વાત. આર્ત્તધ્યાન ચાલુ રહે (એમ ન કરવું). એટલે સંક્ષેપ શું છે, એમનો કહેવાનો અભિપ્રાય ? આર્ત્તધ્યાન ચાલુ ન રહેવું જોઈએ. સતત ચાલુ ન રહેવું જોઈએ. એ વાત પૂરી થઈ જવી જોઈએ. જેનું આર્ત્તધ્યાન ચાલુ રહેતું હોય એ વાત પૂરી થઈ જવી જોઈએ. આ રીતે તો આ રીતે પણ એ આર્ત્તધ્યાન છૂટી જવું જોઈએ એમ કહેવું છે.

મુમુક્ષુ :– ધર્મધ્યાન તો ચોથા ગુણસ્થાને હોય.

પૂજ્ય ભાઈશ્રી :– ધર્મધ્યાન એટલે એ તો એનો અર્થ કર્યો–આત્મહિત. મુમુક્ષુજીવે આત્મહિતના લક્ષે એ વૃત્તિને મુખ્ય કરીને, અગ્રેસર એટલે એ વૃત્તિની મુખ્યતામાં આવી જવું, એમ.

મુમુક્ષુ :– મુખ્ય કરી લેવું એ જરા વિચિત્ર લાગે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા પણ એ પણ એક પરિસ્થિતિ હોય છે. જ્યાં નબળાઈ છે ત્યાં એ પણ પરિસ્થિતિ હોય છે. એ તો જ્ઞાનદશામાં પણ Adjustment તો છે ને ! ચતુર્થ ગુણસ્થાને અવિરતી કેમ છે ? કે, પુરુષાર્થ જઘન્ય છે, પુરુષાર્થ જઘન્ય છે તો અવિરતી છે એ એટલા માટે.

મુમુક્ષુ :– પુરુષાર્થ ન ઊપડતો હોય...

પૂજ્ય ભાઈશ્રી :– હા, એ માપ અને એ વિવેક પોતે કરવાનો છે. એ જોવાનું છે પોતાની શક્તિને. જો કોઈ હઠથી કરવા જાય તો પરિણામ આથી બગડશે. તો ઊલટાના બગડશે. વધારે તીવ્ર રીતે બગડશે. તો એ માપ પોતાને કાઢવાનું છે. એ વિવેક પોતાને કરવાનો છે. એટલા માટે જ ને કે આવો અંદરનો ને અંદરનો વિવેક કરતા નથી આવડતો ત્યાં એ સત્સંગ ઉપકારી થઈ પડે છે. એવા જ જીવો હોય જે નિર્દોષ થવા ચાહતા હોય એમાં એ પોતે ચર્ચા કરે કે, અહીંયાં શું કરવું ? આમ શું કરવું ? અહીંયાં કેવી રીતે કરવું ? કાં સત્પુરુષનો યોગ મળે તો એની પાસેથી માર્ગદર્શન માગે. નહિતર ભૂલ કરશે. નહીં તો બધી વાતમાં એમ લેશે કે આપણે

ચાલે એવું નથી. બધી જગ્યાએ ઊંધું લઈ લેશે. તો એ સ્વચ્છંદમાં ચાલ્યો જશે. કાં સ્વચ્છંદમાં ચાલ્યો જશે, કાં હઠે ચડી જશે. બન્ને રસ્તા ખોટા છે. બેમાંથી એક પણ રસ્તો નહિ પકડવો જોઈએ. એટલે માર્ગ થોડો સૂક્ષ્મ છે. એટલા માટે સત્સંગ અને સત્પુરુષ છે એ આની અંદર વિશેષે કરીને પોતાને વિવેક થવામાં નિમિત્ત પડે છે. એ બહુ બહુ અનુભવથી વાતો કરી છે. એમણે જે વાત કરી છે એ ઘણા અનુભવથી કરી છે.

મુમુક્ષુ :- આ માર્ગમાં વિવેકબુદ્ધિને સૌથી અગ્રસ્થાન આપ્યું.

પૂજ્ય ભાઈશ્રી :- ચોક્કસ. વિવેક ઉપર તો હિત-અહિત છે. અવિવેક થાય તો અહિત થઈ જાય. વિવેકે કરીને હિત નિપજે. ધર્મ તો વિવેકે નિપજે. ધર્મ કોઈ અવિવેકનું ફળ નથી વિવેકથી ઉત્પન્ન થયેલો વિષય છે. એટલે એ તો મુખ્ય વાત છે.

પ્રશ્ન :- ધર્મ એટલે શાસ્ત્રવાંચન કરવું કે પ્રતિક્રમણ કરવું..?

સમાધાન :- આત્મહિતનું લક્ષ રાખવું એવી વાત છે. આત્મહિતનું લક્ષ રાખવું, આત્મહિતની વૃત્તિ મુખ્ય રાખવી એને અહીંયાં ધર્મધ્યાન લેવું. એમ વાત છે.

**'જીવને સ્વચ્છંદ એ મહા મોટો દોષ છે. એ જેનો મટી ગયો છે તેને માર્ગનો ક્રમ પામવો બહુ સુલભ છે.'** અને ૨૫૪ (પત્રમાં) એ કહી ગયા કે નિષ્પક્ષપણે, અપક્ષપાતપણે પોતાનો દોષ જોવે, જેટલું અવલોકન કરે એટલો સ્વચ્છંદ દબાય. સ્વચ્છંદ અહીંયાં દબાય છે. એ સિવાય સ્વચ્છંદ દબાતો નથી. અપક્ષપાતપણે પોતાનો દોષ જુએ, અવલોકન કરે દોષ ટાળવાના લક્ષે ત્યાં એટલો સ્વચ્છંદ દબાય છે. એ મોટો દોષ છે.

સૌથી મોટો દોષ હોય તો આ છે. જીવ પોતાની ઇચ્છાએ કરીને દોષનું કર્તવ્યપણું એના અભિપ્રાયમાં આવી જાય છે એ સ્વચ્છંદરૂપી મોટો દોષ છે. એ જેનો મટી ગયો છે અથવા જેટલો હણાણો છે એટલો એને માર્ગનો ક્રમ પામવો (અર્થાત્) ક્યારે શું જરૂર છે ? વિવેક ક્યારે જાગૃત થશે ?

'દીપચંદજી'એ એક બહુ સારી વાત કરી. 'સ્વરૂપ રુચિ એ વિવેક પામવાનું મુખ્ય કારણ છે.' આત્મરુચિ, આત્મપ્રાપ્તિની ભાવના કહો, આત્મરુચિ કહો એ વિવેકનું મુખ્ય કારણ છે અને પર રુચિ તે અવિવેક જ્વરને ઉત્પન્ન કરે છે. ત્યાં તો 'જ્વર' શબ્દ એમણે વાપર્યો છે. કડક શબ્દ વાપર્યો છે. કે જીવને પરની રુચિ છે તે અવિવેકના

તાવને લાવે છે. તાવ એવી ચીજ છે, તાવ જે શારીરિક રોગ છે પણ એની અંદર જરા વિચારવા જેવો એ વિષય છે. તાવમાં માણસને ખવાય નહિ. ભૂખ લાગે તો ન ખવાય. આહાર તો શરીરને શક્તિ આપે છે, પોષણ આપે છે પણ તાવમાં ન ખવાય. બાદી થઈ હોય તો કહે કે ભાઈ એને બાદી થઈ ગઈ છે અને તાવ છે. તો તાવમાં રેચ ન લેવાય. ન ખવાય, ન રેચ લેવાય. બેય કોરથી ઇલાજ બંધ રાખીને એ તાવ સહન કર્યે છૂટકો.

એમ પર રુચિથી અવિવેક નામનો જ્વર ઉત્પન્ન થાય છે. એ અવિવેક જ્વરમાં એવી પરિસ્થિતિ ઊભી થાય છે (કે) ધર્મ કરવાના બહાને કાં જીવ હઠે ચડી જાય કે આ ક્રિયા તો પાળવી ને પાળવી. એમ કરીને કાં હઠે ચડી જાય અને કાં તો એમ કહે ભાઈ ! શું કરીએ ? આપણને નકામું આર્ત્તધ્યાન વધી જાય છે એના કરતા આપણે કાંઈ બંધનમાં રહેવું નથી. આ સ્વચ્છંદે ચડી ગયો.

એટલે સ્વચ્છંદ નામનો જે દોષ છે એ પોતાના અવિવેકને લઈને ઉત્પન્ન થાય છે. એ ટાળવા માટે એણે પોતાનો દોષ નિષ્પક્ષપણે જોવો, અપક્ષપણે જોવો, સ્વરૂપની પ્રાપ્તિની રુચિએ કરીને જોવો, નિર્દોષ થવાની રુચિએ કરીને જોવો કેમકે સ્વભાવ નિર્દોષ છે. એટલો વિવેક ખુલે છે, એટલો વિવેક ઊઘડે છે. બધો આધાર વિવેક ઉપર છે.

મુમુક્ષુ :– અવિવેક અને સ્વચ્છંદ એકાર્થ લેવો.

પૂજ્ય ભાઈશ્રી :– હા. પછી પ્રકરણ અનુસાર અર્થ કરવો પડે. પણ જ્યાં સ્વચ્છંદ છે ત્યાં અવિવેક અવિનાભાવીપણે હોય છે.

પ્રશ્ન :– બે એકાર્થ નથી ?

સમાધાન :– ના. જુદાં જુદાં પ્રકરણમાં જુદી જુદી વાત હોય છે, પણ સ્વચ્છંદ હોય ત્યાં અવિવેક હોય જ છે. સ્વચ્છંદની અંદર શ્રદ્ધાનો અને ચારિત્રનો બેયનો તીવ્ર દોષ છે અને અવિવેક છે એ જ્ઞાનનો દોષ છે. વિવેક અને અવિવેક જ્ઞાનની પર્યાય છે. એટલે બે જુદી જુદી વાત થઈ પણ સાથે રહે છે. જ્યાં સ્વચ્છંદ હોય ત્યાં અવિવેક હોય જ. એમ.

જેમ લીધું કે અરુચિએ કરીને અવિવેક જ્વર ઉત્પન્ન થાય છે, વિવેકનો નાશ થાય છે. તો એ અરુચિ છે, સ્વરૂપની અરુચિ છે એ શ્રદ્ધાનો પર્યાય છે. એમ શ્રદ્ધા-જ્ઞાનને આપસમાં એકબીજાના Reaction આવે છે. એ જાતનું વિજ્ઞાન છે–Science છે.

મુમુક્ષુ :- ‘શ્રીમદ્જી’ કહે, ‘સરળપણું ન મધ્યસ્થતા એ મતાર્થી દુર્ભાગ્ય’

પૂજ્ય ભાઈશ્રી :- ‘સરળપણું ન મધ્યસ્થતા એ મતાર્થી દુર્ભાગ્ય.’ બરાબર છે. પોતાની સરળતા નથી. પોતાના દોષ જોવામાં પોતાની સરળતા નથી અને મધ્યસ્થતા નથી. ખંડન-મંડનમાં લાગી પડે છે. અમારો દિગંબર(મત) સાચો. (પણ) તારું કામ નથી. એ મતાર્થીપણું આવે છે. ‘આત્મસિદ્ધિ’ ના બધા અર્થ કરશું. એકે એક શબ્દે શબ્દના અર્થ કરશું. ઘણી વાતો લખી છે.

મુમુક્ષુ :- પોતાના દોષ જોવે નહિ. બીજાના દોષ જોયા કરે એ તો લાખો ગાઉ દૂર થઈ ગયો.

પૂજ્ય ભાઈશ્રી :- હા. એની તો એકલી દોષદૃષ્ટિ જ થઈ જાય છે. આ માર્ગ ગુણદૃષ્ટિનો છે. ચડી ગયો દોષદૃષ્ટિના માર્ગે. એકદમ ઊંધે રસ્તે. એટલે એ તો વિચારવા જેવું છે. પોતાને શુદ્ધ થવું છે. આત્મશુદ્ધિકરણનો આ માર્ગ છે. અને એટલા માટે પોતે આવ્યો છે (કે) બીજા કાંઈ કામે આવ્યો છે નક્કી કરી લેવું. શું કરવા આવ્યો છે અહીંયાં ? ધર્મના તો ઘણા ક્ષેત્ર છે. ડગલે ને પગલે મંદિરો અને મસ્જિદો ગામમાં (છે). અહીંયાંથી આમ બહાર નીકળો એટલે અહીંયાં દેરી હશે, અહીંયાં દેરી હશે.

અહીંયાં શું કરવા તું આવ્યો ? આ સવાલ છે. બીજે ન ગયો ને આ દેરામાં શું કરવા આવ્યો ? પોતે તપાસી લેવું જોઈએ કે આત્મશુદ્ધિ માટે આવ્યો છો ? તો તો અહીંયાં આવ્યો કામનો છો. નહીંતર તો તું ગમે તે દેરામાં જા તારા માટે બધું સરખું છે. મસ્જિદમાં જા તોય સરખું છે અને જ્યાં જાય ત્યાં સરખું છે.

**‘જીવને સ્વચ્છંદ એ મહા મોટો દોષ છે. એ જેનો મટી ગયો છે તેને માર્ગનો ક્રમ પામવો...’** એટલે ક્યારે શું કરવું ? પછી શું કરવું ? અત્યારે શું કરવું ? અત્યારે કર્યા પછી શું કરવું ? એવો જે માર્ગનો ક્રમ છે અથવા તો જ્ઞાનથી વિવેક કરવો. વિવેકપૂર્વક શ્રદ્ધા અને ચારિત્રના દોષને સમજવા, એને ટાળવા, એનું અવલોકન કરવું એ બધો જે ક્રમ છે એ એને પામવો સુલભ છે. નહીંતર સમજે કે આમ કરવું જોઈએ પણ કરી ન શકે, પામી ન શકે. કરવું એટલે પામવું. પામવું એટલે કરવું.

ઉપદેશ તો સ્પષ્ટ છે કે ભેદજ્ઞાન કરવું. પણ રુચિ વિના કરશે ક્યાંથી ભેદજ્ઞાન ? આત્મરુચિ જ નથી, ભાવના જ નથી તો પછી એ ભેદજ્ઞાન કરવું જોઈએ એમ ખબર પડી એ ખબર અદ્ધર રહેવાની છે. ૨૪ કલાકમાં એ ભેદજ્ઞાન કરવાના સમયને મિનિટની

સંખ્યામાં પણ નહિ ગણી શકે. એટલું પણ ભેદજ્ઞાન નહિ થાય. બે મિનિટ કર્યું ? પાંચ મિનિટ કર્યું ? એટલું પણ નહિ થાય. એક કલાકની ૬૦ મિનિટ અને ૨૪ x ૬૦, ૧૭૪૦ મિનિટનો દિવસ છે. એમાં ૧૭૪૦ માંથી બે મિનિટ, પાંચ મિનિટ કેટલી ? ભેદજ્ઞાન કેટલું કર્યું ? ક્યાંથી થવાનું હતું ? કરવું જોઈએ, સંવરનો ઉપાય છે. 'સમયસાર' વાંચે એટલે બધું સમજે કે ભેદજ્ઞાન જ સંવરનો ઉપાય છે. પણ કરશે ક્યાંથી ? કરવાનો નથી. વાંચીને એકકોર મૂકી દેશે.

એટલે માર્ગનો ક્રમ પામવો એ મોટી વાત છે. જેને સમજવામાં જ વાત આવતી નથી એ તો ક્રમ પામે ક્યાંથી ? જે સમજવામાં આવે એ ક્રમ નથી પામતા એ બહુ મોટી ભાગ્યહીનતાની નિશાની છે, હીનભાગ્યની નિશાની છે. વાત સમજવા મળી અને હવે પામવામાં પ્રયત્નવાન નથી આ તે શું કહેવાય ? એવી સ્થિતિ છે.

મુમુક્ષુ :– મોઢા આગળ અમૃતનો પ્યાલો ધરે છે એને ઠેલો મારે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા...હા.. નજીક છે, બરાબર છે. અમૃત નજીક આવે છે (પણ) ધક્કો મારે છે. એવું જ છે. ૨૯૪ થયો.

## પત્રાંક-૨૯૫

મુંબઈ, ૧૯૪૭

**ચિત્તની જો સ્થિરતા થઈ હોય તો તેવા સમય પરત્વે સત્પુરુષોના ગુણોનું ચિંતન, તેમનાં વચનોનું મનન, તેમના ચારિત્રનું કથન, કીર્તન અને પ્રત્યેક ચેષ્ટાનાં ફરી ફરી નિદિધ્યાસન એમ થઈ શકતું હોય તો મનનો નિગ્રહ થઈ શકે ખરો; અને મન જીતવાની ખરેખરી કસોટી એ છે. એમ થવાથી ધ્યાન શું છે એ સમજાશે. પણ ઉદાસીનભાવે ચિત્તસ્થિરતા સમય પરત્વે તેની ખૂબી માલૂમ પડે.**

૨૯૫. **'ચિત્તની જો સ્થિરતા થઈ હોય તો તેવા સમય પરત્વે સત્પુરુષોના ગુણોનું ચિંતન, તેમના વચનોનું મનન, તેમના ચારિત્રનું કથન, કીર્તન અને પ્રત્યેક ચેષ્ટાનાં ફરી ફરી નિદિધ્યાસન એમ થઈ શકતું હોય તો મનનો નિગ્રહ થઈ શકે ખરો; અને મન જીતવાની ખરેખરી કસોટી એ છે. એમ થવાથી ધ્યાન શું છે એ સમજાશે. પણ ઉદાસીનભાવે ચિત્ત સ્થિરતા સમય પરત્વે તેની ખૂબી માલૂમ પડે.'** મનના પરિણામની કેટલીક સૂક્ષ્મ વાત અહીંયાં લીધી છે કે ચિત્તની જો સ્થિરતા થઈ શકતી હોય એટલે કે બહુ ચંચળ ચિત્ત ન હોય અથવા આકુળતા ઘટેલી હોય, વિકલ્પ પાતળા પડ્યા હોય. એટલે વિકલ્પની ગતિ બહુ Fast ન ચાલતી હોય, ધીમી પડી હોય. એવી કોઈ ચિત્તની સ્થિરતા રહે એટલી વાત લેવી. ચિત્તની સ્થિરતા એટલે એટલી વાત લેવી. માણસ નથી કહેતા ? કે ઉતાવળમાં નિર્ણય બરાબર નથી લઈ શકાતો. જરા ધીરજથી, શાંત ચિત્તથી નિર્ણય લ્યો તો સ્વસ્થ ચિત્તે લીધેલો નિર્ણય બરાબર નિર્ણય હશે. અથવા કોઈ Healthy decision લેવું હોય તો ઉતાવળમાં ન લેવું જોઈએ. એવી રીતે લૌકિકમાં પણ માણસ વિચારે છે કે નહિ ? એવી રીતે એમ કે જો મનને જીતવું હોય તો.. આ એક વાત શા માટે કરી ? મનોનિગ્રહ ઉપરનું માર્ગદર્શન છે. માર્ગદર્શન ખરું પણ View point ક્યો છે ? કે મનોનિગ્રહ કરવો હોય તો શું કરવું જોઈએ ?

જ્યારે પોતાની ચિત્તની સ્થિરતા હોય ત્યારે જીવે સત્પુરુષોના ગુણોનું ચિંતન કરવું, તેમના વચનોનું મનન કરવું, તેમના ચારિત્રનું કથન કરવું, કીર્તન એટલે તેમનો મહિમા કરવો અને તેના **'પ્રત્યેક ચેષ્ટાના ફરી ફરી નિદિધ્યાસન એમ થઈ શકતું હોય તો મનનો નિગ્રહ થઈ શકે ખરો;...'** જુઓ ! ક્યાં વાત લઈ ગયા છે ? બહુ વિચક્ષણતાથી વાતને મૂકે છે.

સત્પુરુષને જે કોઈ ઓળખે તો સત્પુરુષના ગુણોનું ચિંતવન કરે. ઓળખ્યા વગર કેવી રીતે ચિંતવન કરશે ? જો સત્પુરુષને ઓળખે તો એના ગુણોનું ચિંતવન કરે. તેમના વચનોમાં રહેલા રહસ્યને સમજે, તેને મનન કરે અને તેમના આચરણનું કથન કરે કે, જુઓ ! નાનામાં નાની બાબતથી લ્યો, મોટામાં મોટી બાબતમાં એમનું આચરણ કેવું હતું તે સમજી શકાય છે. અને એમની પરિણતિ અનુસાર જે કાંઈ એમની ચેષ્ટાઓ છે એ ચેષ્ટામાંથી આત્મભાવને સમજવાનો પ્રયત્ન કરે તે એનું નિદિધ્યાસન કહે છે.

બહુ ઝીણી નજરનો એ વિષય છે. અનેક પ્રકારના મન-વચન-કાયાના યોગની જે ચેષ્ટા છે એ ચેષ્ટામાંથી એમના આત્મભાવને સમજવો, એમના આત્મભાવને ગ્રહણ કરવો. એમની પરિણતિના અનુસંધાનનું અવલોકન કરવું. જરા ઝીણી નજરનો વિષય છે.

હવે એ પ્રકાર જે છે, સત્પુરુષ છે એ સત્ જેને પ્રગટ થયું છે એવા આત્માને સત્પુરુષ કહીએ. પુરુષ એટલે સ્ત્રી-પુરુષનો સવાલ નથી. અથવા આત્મજ્ઞાન જેને આપણે કહીએ છીએ, એ મૂર્તિમંત આત્મજ્ઞાન સ્વરૂપ છે એને સત્પુરુષ કહીએ. તો એના ગુણોનું ચિંતવન, એનું નિદિધ્યાસન, એનું અવલોકન એમાંથી જે આત્મભાવ શોધે, શોધ કરે એવી જે વૃત્તિ એ એમ કરનારને મનોનિગ્રહનું કારણ છે એમ અહીંયાં લઈ જાય છે. જે એમ કરે છે એને મનોનિગ્રહ થાય છે, જેને મનોનિગ્રહ થાય છે એને આત્મધ્યાન થાય છે. એને ધ્યાન થાય છે એમ કહે છે.

પ્રશ્ન :– નિગ્રહનો શબ્દાર્થ શું ?

સમાધાન :– નિગ્રહ એટલે રોકવું. મનને રોકવું. બહાર ભટકતું એવું જે મન એને Control માં લાવવું. નિગ્રહ એટલે અહીંયાં મર્યાદામાં લાવવું, Control માં લાવવું એને નિગ્રહ કહે છે. નિ + ગ્રહ = નિગ્રહ. સીધો એનો અર્થ જ એ છે. મર્યાદામાં આવવું. Control માં આવી જવું. એ મુમુક્ષુની ભૂમિકાનું એક Stage છે કે એને સ્વરૂપધ્યાન ઉત્પન્ન થયા પહેલા મનોનિગ્રહની ભૂમિકામાં આવે છે. આવી એક અંદરની લાઇનની પરિસ્થિતિ છે એના ઉપરનું 'શ્રીમદ્જી'નું આ માર્ગદર્શન છે. થોડું વિશેષ વિસ્તારથી લઈશું. ઝીણી વાત લીધી છે.

**પર વિષયમાં સુખનો અનુભવ તે કલ્પિત છે, જૂઠો છે. ત્યાં ખરેખર સુખ અથવા આનંદ ન થતો હોવા છતાં, આભાસ થાય છે. તેમાં જૂઠો આનંદ મનાય છે. આ સિદ્ધાંત કોઈપણ કક્ષાના કષાયની મંદતાવાળા પરિણામને પણ લાગુ પડે છે. નિજહિતના પ્રયોજનની દૃષ્ટિકોણવાળા જીવને જૂઠા - કૃત્રિમ - આનંદમાં પોતે છેતરાય નહિ તેની સતત જાગૃતિ - સાવધાની પ્રસંગે પ્રસંગે, કાર્યે કાર્યે રહેવા યોગ્ય છે. કારણ કે તેમાં અધ્યાત્મિક નુકસાન છે.**

**('અનુભવ સંજીવની' - ૧૨૩)**

## તા. ૧૦-૧૧-૧૯૮૯, પ્રવચન નં. ૮૧
## પત્રાંક – ૨૯૫ થી ૨૯૮

૨૯૫, ૩૦૫ પાનું. પત્રાંક ૨૯૫. નિર્વિકલ્પ ધ્યાનનો વિષય છે. નિર્વિકલ્પ ધ્યાન ક્યા જીવને થાય છે એનો સિદ્ધાંત છે કે જેને મનોજય હોય, મનનો નિગ્રહ હોય અથવા જેને મનનો વિકલ્પ પોતાના કાબૂ બહાર ન હોય એવા જીવને નિર્વિકલ્પ ધ્યાન થાય છે. ધ્યાનની ચર્ચા કરનારા, ધ્યાનની વાતો કરનારા, ધ્યાન ઉપર પ્રવચન દેનારા, ધ્યાનનો વિષય વિસ્તારથી બતાવનારા હોય છે. શાસ્ત્રકાર એને એમ કહે છે કે તારો વિકલ્પ ગમે ત્યાં ચાલ્યો જાય છે અને શું જોઈને ધ્યાનની વાત કરે છે ? અમને આશ્ચર્ય થાય છે કે તારા વિકલ્પ ઉપર તો તારો કાબૂ નથી અને તું ધ્યાનની ચર્ચા કરે છો. આવું શાસ્ત્રની અંદર આવે છે.

એટલે અહીંયાં એ વાત લીધી છે કે **'એમ થવાથી ધ્યાન શું છે એ સમજાશે.'** ધ્યાનની વ્યાખ્યા કહીએ, પરિભાષા કહીએ તો એટલી જ છે કે કોઈ એક વિષયમાં એકાગ્ર થવું અને અન્ય વિકલ્પ કોઈ એક વિષયની એકાગ્રતાથી ઉત્પન્ન ન થાય એને ધ્યાન કહે છે. આ સામાન્ય વ્યાખ્યા છે. 'એકાગ્ર ચિંતા નિરોધો ધ્યાનમ્' 'ઉમાસ્વામી'નું સૂત્ર છે. પછી આત્મામાં આત્માને મુખ્ય કરીને આત્મામાં એકાગ્ર થાય, જ્યારે સર્વ પરિણામો ધ્રુવ આત્મામાં વ્યાપ્ય-વ્યાપકપણે એકાગ્ર થઈને પ્રવર્તવા લાગે, નિર્વિકલ્પ આત્મતત્ત્વમાં બધા જ પરિણામો, આત્માના બધા ગુણના પરિણામો વ્યાપ્ય-વ્યાપકભાવે એકાગ્ર થઈને (પ્રવર્તે) એટલું ક્ષેત્ર લીધું છે. સ્વક્ષેત્રમાં પોતે જ વ્યાપનાર છે અને પોતે જ વ્યપાનાર છે એવું વ્યાપ્ય-વ્યાપકભાવે એકાગ્ર થઈને પ્રવર્તે ત્યારે એને નિર્વિકલ્પ ધ્યાન થાય છે. આ વિષય 'ટોડરમલજી'એ રહસ્યપૂર્ણ ચીઠ્ઠીમાં લીધો છે.

અહીંયાં તે પહેલાના આગળના Stage ની વાત કરે છે કે જો ચિત્તની સ્થિરતા થઈ હોય તો અથવા સ્થિર ચિત્તે ચંચળતા ઘટી હોય, ઉપાધિનો બોજો ઉપયોગ ઉપર ન હોય અને એ ત્યારે જ ન હોય કે જ્યારે જીવ કોઈપણ પ્રસંગને નિર્મૂલ્ય સમજે,

એનું કાંઈ મૂલ્ય ન સમજે, નકામું સમજે. આખા સંસારના તમામ પ્રસંગો નકામા છે એમ કહે છે. નકામા એટલે આત્માને શાંતિ માટે કામના નથી. કોઈ એવો પ્રસંગ નથી કે જે આત્માને શાંતિ લાવી દ્યે. અને બધા જ ભિન્ન છે, તમામ ભિન્ન છે. એમ એની ભિન્નતા સમજીને એની કાંઈ કિંમત નથી. એ કિંમત ઉડાડે ત્યારે જ એનો બોજો જાય. વ્યવસ્થિતપણે તો એ કિંમત સ્વરૂપનિર્ણયના કાળમાં જાય છે. સ્વરૂપનિર્ણયના કાળમાં સ્વરૂપની કિંમત આવે છે એટલે અપૂર્વ મહિમા ઉત્પન્ન થાય છે. અન્ય સમસ્ત જગત આખાની કિંમત એમાં જાય છે. પછી ધ્યાનની દશા આવે છે. એટલે તો (સ્વરૂપ)નિર્ણય પહેલા નિર્વિકલ્પ દશા નથી. ધ્યાનનું કારણ એ છે કે એ પહેલા તો ચિત્ત જ સ્થિર થતું નથી, હળવું પડતું જ નથી.

પ્રશ્ન :– ચિત્ત એટલે પરિણામ ?

સમાધાન :– ચિત્ત એટલે ઉપયોગ લેવો. ઉપયોગ, ઉપયોગની ચંચળતા ઘટી હોય, ઉપયોગ ઉપર બોજો ન હોય એમ. અહીંયાં બાહ્ય સાધન લીધું છે. અંતરંગ સાધન તો પોતાનો સ્વરૂપનો નિર્ણય છે અને અંતરંગ સાધન સ્વરૂપનો નિર્ણયપૂર્વકનો મહિમા છે. પણ બાહ્ય સાધન અહીંયાં લ્યે છે કે સ્વરૂપનિર્ણય ન થયો હોય તોપણ ભેદજ્ઞાન થવા અર્થે અને સ્વરૂપ નિર્ણય થવા અર્થે પણ જો સ્વરૂપ પ્રાપ્તિની ભાવનાથી ઉપયોગમાં હળવાશ હોય, ચંચળતા ઘટી હોય તો સત્પુરુષોના ગુણોનું ચિંતવન કરવું.

સત્પુરુષોએ પોતામાં જે ગુણ પ્રગટ કર્યા છે એનો વિચાર કરવો, એનું ચિંતવન કરવું, સત્પુરુષોએ જે માર્ગ બતાવ્યો છે, દર્શાવ્યો છે એવા જે એમના વચનો છે એનું પરમ પ્રેમથી મનન કરવું. પરમ પ્રીતિથી તેમના આચરણોનું કથન અથવા મહિમા કરવો. કથન-કીર્તન બેય લીધું છે. કથન અને કીર્તન. કીર્તન એટલે મહિમા. કથન એટલે વાતચીતના પ્રસંગમાં વારંવાર એનો મહિમા કરવો. એ આવે છે જો કે, આ તો કરવું... કરવું એમ ઉપદેશક ભાષાનો પ્રયોગ ઉપદેશાત્મક છે, આદેશાત્મક છે. એટલે એમ કરવું... કરવું.. એમ કહે છે.

**'અને પ્રત્યેક ચેષ્ટાનાં ફરી ફરીને નિદિધ્યાસન...'** અને તેમની સત્પુરુષની મન-વચન-કાયાના યોગની પ્રવૃત્તિ છે એમાં આત્મભાવ સહિત પ્રવૃત્તિ કેવી રીતે છે ? એને નિદિધ્યાસન કહે છે. નહિતર તો બાહ્ય દૃષ્ટિએ બધી પ્રવૃત્તિ સામાન્ય મનુષ્યની હોય એવી જ એની હોય. ફેરફાર કાંઈ ન લાગે. બીજા ખાય એમ એ ખાતા દેખાય,

બીજા બોલતા દેખાય એમ બોલતા દેખાય, બીજા પૂજા-ભક્તિ કરે, શાસ્ત્ર વાંચે, હાલવું, ચાલવું, સૂવું બધું બીજાની જેવું જ લાગે છે. સામાન્ય મનુષ્યને એમાં પોતામાં અને એનામાં બીજામાં ફેર ન લાગે. અરે...! કોઈ ઉઘાડવાળા વિદ્વાન હોય તો એને એમ લાગે કે મને વધારે અર્થ કરતા આવડે છે. એમના કરતા તો મને અર્થ કરતા સારો આવડે છે એવું લાગે. એ પ્રકારે પોતાની દૃષ્ટિએ સત્પુરુષનું તોલન કદી ન કરવું. પણ એમની પ્રત્યેક ચેષ્ટામાં ફરી ફરીને એ આત્મભાવે વર્તે છે એ નજરથી એમને પારખીને, ઓળખીને, ન ઓળખે અને ન પારખે તો એનો ઓળખવાનો પ્રયત્ન કરીને (નિદિધ્યાસન કરે). નહિતર તો એમ કહે કે અમે તો ઓળખતા નથી. અમને હજી પરખ આવી નથી. તો કહે એ પ્રકારે પ્રયત્ન કર. એમ જો કરે તો મનોનિગ્રહ થઈ શકે ખરો, તો વિકલ્પ મર્યાદામાં આવે ખરા.

આ વિષય લીધો છે 'સમયસાર' માં ૧૪૪ ગાથાની ટીકામાં 'અમૃતચંદ્રાચાર્યદેવે'. 'મતિજ્ઞાનની અને શ્રુતજ્ઞાનની બુદ્ધિઓને મર્યાદામાં લાવીને' પહેલા શ્રુતજ્ઞાન વડે જ્ઞાનસ્વભાવી આત્માનો નિર્ણય કરવો પ્રથમ તો. ત્યારપછી મતિજ્ઞાન અને શ્રુતજ્ઞાનની બુદ્ધિઓને મર્યાદામાં લાવવી. આવા શબ્દો પડ્યા છે. એ મર્યાદામાં લાવવી એનો અર્થ કે, મતિ-શ્રુત દ્વારા મતિ-શ્રુતજ્ઞાનની પર્યાય સાથે જે મનનો વિકલ્પ કામ કરી રહ્યો છે એનો નિગ્રહ, મનોજય, મનોનિગ્રહ એના ઉપર Control, એના ઉપરનો કાબૂ આવવો જોઈએ. તો નિર્વિકલ્પ ધ્યાનની સ્થિતિ થાય. નહિતર નિર્વિકલ્પ ધ્યાનની સ્થિતિ ન આવે.

મુમુક્ષુને એવી ઇચ્છા થાય. કેમકે એણે એમ સાંભળ્યું કે, એક ક્ષણનો નિર્વિકલ્પ ઉપયોગ અનંત ભવભ્રમણનો નાશ કરવા સમર્થ છે. નિર્વિકલ્પ ધ્યાન એક ક્ષણનું છે પણ એનું ફળ (એ) કે, એ જીવને અનંત જન્મ-મરણ ન રહે. ભવિષ્યના અનંત જન્મ-મરણનું જે બીજ છે એ ધ્યાનની પ્રથમ ક્ષણમાં જ બળી જાય છે. એવું જે નિર્વિકલ્પ ધ્યાનનું સામર્થ્ય છે, શક્તિ છે, આ તો પર્યાયશક્તિ છે, એટલે સહેજે એની ઇચ્છા થાય, ચાહના થાય કે આવું નિર્વિકલ્પ ધ્યાન અમને હોય તો સારું. ત્યારે સત્પુરુષ એમ કહે છે કે, મનોનિગ્રહ વિના એવું નિર્વિકલ્પ ધ્યાન કદી કોઈને થતું નથી. આ સ્થિતિ પહેલા આવે છે.

અહીં તો એમ કહે છે કે, **'એમ થવાથી ધ્યાન શું છે એ સમજાશે'** મનોનિગ્રહ

થઈ શકે ખરો ? જો નિદિધ્યાસન હોય તો મનનો નિગ્રહ થઈ શકે ખરો. અને મન જીતવાની ખરેખરી કસોટી અથવા મન જીતવાની આ એક કાર્યપદ્ધતિ છે અથવા અહીં સુધી પહોંચવું જોઈએ. આ કસોટીમાંથી, આ પરીક્ષામાંથી, આ Stage માંથી પસાર થયા પછી ધ્યાન શું છે એ સમજાશે. આત્માનું ધ્યાન શું છે એ સમજાશે.

વિચારથી તો ધ્યાનની વ્યાખ્યા આવડે તોપણ સમજી શકે. કે 'એકાગ્ર ચિંતા નિરોધો ધ્યાનમ્' પણ એમ નહિ. અહીંયાં તો એમ કહેવું છે કે એટલો મનોનિગ્રહ થાય તો ધ્યાન શું છે એ સમજાશે.

પ્રશ્ન :– મનોનિગ્રહ એટલે ?

સમાધાન :– મનનો જય, મનની જીત, મન ઉપર જીત, વિકલ્પ ઉપરનો, મન ઉપરનો કાબૂ. સામાન્ય રીતે પોતાના અનુભવથી દરેકને ખ્યાલ આવી શકશે કે પોતાને પોતાના મન ઉપર કાબૂ હોતો નથી. ગમે ત્યારે ગમે તે વિકલ્પ ચાલ્યો જાય છે. એમાં પણ ઉપાધિના પ્રસંગ હોય અને ઉપાધિ ન કરવી હોય તોપણ પોતે ઉપાધિ કર્યા વિના રહી શકતો નથી. એ એમ બતાવે છે કે એનો મન ઉપર Control નથી. જેનો મન ઉપર Control નથી એને ધ્યાન થવાનો અવસર નથી, ધ્યાન થવાનો પ્રસંગ નથી.

લોકો એવું સમજી બેસે છે કે એકાગ્ર થવાની Practice કર્યા કરીએ તો કોઈક 'દી ધ્યાન થઈ શકશે, ધ્યાન આવડશે. એટલે એના પ્રયોગ કરે છે. ધ્યાનના પ્રયોગ કરે છે. ધ્યાનની શિબિરો ચાલે છે ને ? એમાં પ્રયોગો શિખડાવે છે. એ બધી કલ્પના છે. આત્મધ્યાન કોઈ રીતે એમ થઈ શકે એવી કોઈ વસ્તુસ્થિતિ નથી. પણ એ તો આત્મધ્યાન કરવા માટે બધા લગભગ ઊંધે રસ્તે ચડે છે એવી પરિસ્થિતિ છે. સાધન કાંઈક છે અને સાધન ગ્રહણ કરે છે, અપનાવે છે કાંઈક બીજું. એ રીતે કોઈ આત્મધ્યાન થતું નથી.

મનોનિગ્રહ વિના આત્મધ્યાન થાય નહિ. એનું અંતરંગ સાધન છે–સ્વરૂપનિશ્ચય અને ભેદજ્ઞાન અને સ્વરૂપમહિમા એ અંતરંગ પરિણામ સાધનરૂપ છે, પોતાના જ પરિણામ પૂર્વ પર્યાય અપેક્ષાએ. બહારમાં સત્પુરુષ. સહેલામાં સહેલો ઉપાય આ. પેલું ન થઈ શકે તો આ તો વિચારદશામાં થઈ શકે એવી વાત છે.

પ્રશ્ન :- નિગ્રહ એટલે ન ગ્રહણ કરવું એમ થઈ શકે ?

સમાધાન :- નિગ્રહનો સીધો અર્થ જ એ થાય છે કે એના ઉપર વિજય મેળવવો, વિજય મેળવવો. એને ખ્યાલ આવે કે હવે હું કહું છું એમ મન કરે છે, હું ઇચ્છું છું એમ મન ચાલે છે, મન પાછળ હું ચાલતો નથી, મન મારી પાછળ ચાલે છે. એવી સ્થિતિ આવે છે અને પછી નિર્વિકલ્પ ધ્યાનમાં આવે છે. અહીં તો કહે છે, પછી જ ધ્યાન સમજાશે. એ પહેલા ધ્યાન શું છે એ જ નહિ સમજાય. કેમકે ધ્યાન છે એ તો એક એકાગ્રતારૂપ એવા પરિણામ છે કે જેનું કોઈ વર્ણન કરવા માંગે તો થઈ શકે નહિ, અનિર્વચનીય છે. જે વસ્તુ વિકલ્પાતીત છે, વિકલ્પથી પાર થતા ધ્યાન છે તો વચનાતીત છે એમ કહેવાની જરૂર નથી. પહેલા વચનાતીત છે અને પછી વિકલ્પતાતીત છે. તો એને શું કહે ? એને કેવી રીતે બતાવે ? ન બતાવે તો સમજવું કેવી રીતે ? જો એ દર્શાવી ન શકાય તો સમજાવે કેવી રીતે ? કોઈ સમજે કેવી રીતે ? તો કહે (છે), એ સમજાશે. મનોનિગ્રહ સુધી આવી જા. મનોનિગ્રહ સુધી આવવામાં અંતર-બાહ્ય આ પરિસ્થિતિ છે.

મુમુક્ષુ :- કોઈપણ સમસ્યાનો ઉકેલ એક સત્પુરુષ પાસે છે.

પૂજ્ય ભાઈશ્રી :- જુઓને ! લાવે છે. ફરી ફરીને ત્યાં વાત લઈ આવે છે. એમ છે. અજવાળું જોઈએ છે અને અંદરમાં અનાદિનું ઘોર અંધારું છે. આ તો બરાબર છે ? હવે દીવા વગર અજવાળું કરવું હોય તો કેમકેરશો ? અંધારું છે, પ્રકાશ જોઈએ છે. કેમકે અંધારામાં કાંઈ સૂઝતું નથી કે ક્યાં શું પડ્યું છે ? શેનો ઉપયોગ કરવો ? ઘરમાં ચીજ બધી છે. પણ ઘોર અંધારું છે. કઈ ચીજનો શું ઉપયોગ કરશો ? ભૂખ લાગી છે અને રસોઈ કરવી છે. પણ તપેલી ક્યાં છે ? અનાજ ક્યાં છે ? બાકસ ક્યાં છે ? ચૂલો ક્યાં છે ? કાંઈ દેખાતું નથી, શું કરે ? તો એનો કોઈ ઉપાય નથી સિવાય કે પ્રકાશ થાય. હવે દીવા પાસે જવું નહિ અને અંધારામાં રસોઈ કરીને ખાવી છે. કેવી રીતે થવાનું ? દીવો મેળવ્યે છૂટકો છે, દીવો પ્રગટ કર્યે છૂટકો છે, દીવો લાવ્યે છૂટકો છે. એવી વાત છે.

એ તો ઘણા ભવના પરિશ્રમ પછી (પામ્યા છે). બહુ આથડ્યા છે, બહુ રખડ્યા છે, બહુ હેરાન થયા છે, પરેશાન થયા છે, કોઈ કાયક્લેશ કરવાનો બાકી નથી રાખ્યો

અને પછી આ નિર્ણય ઉપર આવ્યા છે. આપણે અત્યારે પરિશ્રમ કરીએ છીએ એના કરતા ઘણો પરિશ્રમ કરી છૂટ્યા પછી આ નિર્ણય ઉપર આવ્યા છે કે આ સત્પુરુષ વિના કોઈ કામ થાય એવું નથી.

પ્રશ્ન :– ધ્યાન તરંગરૂપ થઈ પડશે એ શું ?

સમાધાન :– એ કલ્પના. આવી સત્પુરુષની આજ્ઞા વિના અથવા સત્પુરુષને અનુસર્યા વિના કે અંદરમાં સ્વરૂપ નિર્ણયનો યથાર્થ ઉપાય ગ્રહણ કર્યા વિના એમને એમ ધ્યાન કરવા બેસી જાય તો એ ધ્યાન તરંગરૂપ છે. હમણા આ દિવસોમાં 'સોનગઢ'માં રાત્રે એક પ્રશ્ન આવ્યો હતો. ધ્યાન ઉપર કહો. સીધો એક ટૂંકો પ્રશ્ન (આવ્યો હતો). ધ્યાન ઉપર સમજાવો. પણ હવે ઓળખાણનો વિષય હાથમાં આવે નહિ અને સીધું ધ્યાન કરવું છે. ધ્યાન બતાવો, ધ્યાન કેમકેરવું એ કહો. ધ્યાનનું સ્વરૂપ શું છે એ સમજાવો. અમે જલદી ધ્યાન કરીએ. એવું કદી ધ્યાન થતું નથી.

મુમુક્ષુ :– ધ્યાન તો એને આવડે છે.

પૂજ્ય ભાઈશ્રી :– હા. એ તો એકાગ્ર ચિંતા ગમે તે વિષયમાં એકાગ્ર થાય એ ધ્યાન જ છે. અપધ્યાન તો થઈ જ રહ્યું છે. અથવા ધ્યાન વિનાનો કોઈ પ્રાણી નથી જગતમાં. ચાર ધ્યાન છે. આર્ત, રૌદ્ર, ધર્મ અને શુક્લ. એમાં પ્રાયઃ આર્ત્તધ્યાનમાં જીવો પ્રવર્તે છે. ક્યારેક ક્યારેક કોઈને રૌદ્રધ્યાન પણ થાય છે. ધર્મધ્યાન તો ચોથા ગુણસ્થાન સિવાય, પ્રથમ નિર્વિકલ્પ દશામાં આવ્યા પહેલા ધર્મધ્યાન કોઈને થતું નથી.

પ્રશ્ન :– ત્યાં સુધી શું કરવું ?

સમાધાન :– ત્યાં સુધી ધર્મધ્યાન થાય એવો પ્રયત્ન કરવો, એવો ઉપાય કરવો, એ રસ્તો પકડવો, એના પાયા ગોતવા. ત્યાં સુધી કાંઈક બીજું કરવું એમ તો હોઈ શકે નહિ.

મુમુક્ષુ :– જ્ઞાન કરવું.

પૂજ્ય ભાઈશ્રી :– હા, જ્ઞાન કરવું, સમજણ કરવી, રુચિ કરવી, પોતાની સ્વરૂપપ્રાપ્તિની ભાવના કરવી, એની લગની થવી ત્યાં સુધી એ બધું થવું જોઈએ. એ એની પૂર્વ પર્યાયો છે.

એ ધ્યાનના વિષયમાં અહીંયાં પત્ર કોને લખ્યો છે એ નથી લીધું પણ પોતે

ખુલાસો કરેલો છે કે **'એમ થવાથી ધ્યાન શું છે એ સમજાશે, પણ ઉદાસીનભાવે ચિત્તસ્થિરતા સમય પરત્વે તેની ખૂબી માલૂમ પડે.'** જ્યારે મનોજય થાય અથવા અન્ય પદાર્થો ઉપરથી ઉદાસીનતા થાય, ચિત્તની ચંચળતા, ઉપયોગની ચંચળતા ઘટે ત્યારે એની ખૂબી સમજાય છે. નહિતર તો ધ્યાનની ખબર છે તમે કીધું એમ. પણ એની ખૂબી શું છે એ નથી ખબર. આર્ત્તધ્યાન થાય છે એટલે ધ્યાન શું છે એ ખબર છે. પણ એની ખૂબી શું છે ? એ ધ્યાન કેમ થાય ? અથવા સ્વરૂપધ્યાન થવામાં અંતર્મુખ કેમ થવાય ? એ ખૂબી ત્યારે જણાય છે.

મુમુક્ષુ :- જેની રુચિ હોય ત્યાં ધ્યાન જામી જાય છે. બરાબર છે.

પૂજ્ય ભાઈશ્રી :- જામે જ છે. એ તો સીધી જ વાત છે. જ્યાં રુચિ હોય ત્યાં ધ્યાન થયા વિના રહે જ નહિ. રુચિના વિષયનું ધ્યાન રહ્યા જ કરે. એટલે જ નિર્વિકલ્પ ધ્યાન થાય પછી એ ધ્યાન ખસતું નથી. નિરંતર ધર્મધ્યાન રહે છે. પછી ધ્યાન બે ભાગમાં વહેંચાય છે. સવિકલ્પ દશામાં અલ્પ, આંશિક આર્ત્તધ્યાન હોય છે અને બાકી મુખ્યપણે ધર્મધ્યાન હોય છે. પરિણતિ થઈ એટલે નિરંતર ધર્મધ્યાન છે. ક્યારેક ક્યારેક શુદ્ધોપયોગ થાય ત્યારે તો કેવળ ધ્યાનની જ દશા છે, ત્યારે આર્ત્તધ્યાન રહેતું નથી. ત્યારે એકલું ધર્મધ્યાન છે.

એવું ધર્મધ્યાન મોક્ષમાર્ગની અંદર નિરંતર રહેતું હોવાથી પાંચમા ગુણસ્થાન સુધી જો કદાચ કોઈ ધર્માત્માને રૌદ્ર ધ્યાન થાય તોપણ એવા રૌદ્ર ધ્યાનના અશુભ ઉપયોગના કાળે આયુષ્ય અને ગતિનો બંધ પડતો નથી. આ એનો નિયમ છે. અને એ વખતે રૌદ્રધ્યાન થાય તોપણ એને કૃષ્ણલેશ્યા લીધી છે. છ લેશ્યામાં કૃષ્ણ લેશ્યાનો ચોથા અને પાંચમા ગુણસ્થાન પર્યંત સદભાવ લીધો છે. રૌદ્રધ્યાન હોય તો કૃષ્ણલેશ્યા થાય ને ! એમ. એટલે યોગ અને ઉપયોગમાં એટલો રસ વધે છે તોપણ મિથ્યાત્વ અવસ્થામાં જે રસ થાય એ રસ એને આવે નહિ.

મા પોતાના દીકરાને મારે અને પાડોશી મારે એમાં ફેર છે. માર્યો તો બન્નેએ. એક મારો જાણીને મારે છે અને એક પારકો જાણીને મારે છે. બેયના ભાવમાં મોટો ફેર છે. કદાચ મા જોરથી થપાટ મારે અને પાડોશી હળવેક દઈને ટાપલી મારે. ચાલ ઘર ભેગો થઈ જા છાનોમાનો. અહીંયાં તોફાન કરવા કેમ અમારા ઘરે આવે છે ?

પણ બેય વચ્ચે મોટો ફેર છે. મા છે એ એના માતૃત્વ પ્રેમને રાખીને એ પ્રવૃત્તિ કરે છે અને પેલાપણે તો માતૃત્વ પ્રેમનો સદ્ભાવ જ નથી. મૂળમાં જ નથી, વસ્તુ જ નથી. એટલો બધો ફરક છે.

મુમુક્ષુ :- જ્ઞાની તો ધ્યાનમાં બેસે તો ધર્મધ્યાન છે. તો અમારા જેવા અજ્ઞાની પાસે તો ધર્મધ્યાન નથી.

પૂજ્ય ભાઈશ્રી :- એકલું આર્ત્તધ્યાન હોય છે.

પ્રશ્ન :- પૂજા, ભક્તિ સ્વાધ્યાય કરે એ બધું આર્ત્તધ્યાન ?

સમાધાન :- બધું આર્ત્તધ્યાન છે. પૂજા આર્ત્તધ્યાન છે, ભક્તિ આર્ત્તધ્યાન છે, દયા-દાનના પરિણામ આર્ત્તધ્યાન છે, સ્વાધ્યાયમાં આર્ત્તધ્યાન છે. એકલું આર્ત્તધ્યાન જ છે ને પછી બીજું આર્ત્તધ્યાન સિવાય કાંઈ છે જ નહિ. ચાર ધ્યાનમાં લ્યો તો આર્ત્તધ્યાન સિવાય કાંઈ છે નહિ. આ તો બધો કરુણાનુયોગનો વિષય છે સીધી વાત છે. ધ્યાન લ્યો, લેશ્યા લ્યો. બધા કરણના પરિણામ છે, ગણતરીના પરિણામ છે. ક્યારે શું ગણતરી કરવી ? ક્યારે શું ગણતરી કરવી ? ગુણસ્થાનનો ઘણો વિસ્તાર લીધો છે. એના રીતસર Chart કરેલા છે. એના પચાસ-પચાસ પાનાના Chart કરેલા છે. એટલા બધા એના કોઠા કર્યા છે.

મુમુક્ષુ :- આર્ત્તધ્યાન ચાલુ હોય ત્યારે તિર્યંચ ગતિના દડીયા બંધાય જ ને ?

પૂજ્ય ભાઈશ્રી :- ચોક્કસ. એ તો નળ ખુલ્લો હોય ત્યારે પાણી ક્યારે આવતું નથી ? આસ્રવ એટલે આવવું. ચાલુ જ છે. નળ ખોલીને બેસી ગયો છે. છતાં એને એનો ભય નથી, એની ચિંતા નથી, એની ફિકર નથી. જે ભયંકર સ્થિતિ છે એ તો આ છે. આસ્રવ થાય છે એ બહુ મોટી વાત નથી પણ આસ્રવ થાય છે એની ચિંતા અને ફિકર નથી એ બહુ મોટી વાત છે. નુક્શાન તો થાય પણ નુકસાનની ફિકર નહિ એ બહુ મોટું નુકસાન છે, એ સૌથી મોટું નુકસાન છે. એવી સ્થિતિ છે એ તો. એ સમજાય છે, જેને સમજાવે છે એને જાગૃતિ આવે છે એને દરકાર આવે છે. એટલી વાત છે. નુકસાન જેને સમજાય છે એને એની જાગૃતિ આવે છે, એની દરકાર આવે છે. નથી સમજાતું એ તો ઊંઘમાં જ પડ્યો છે. પ્રાયઃ જીવ મોહનિંદ્રામાં જ સૂતો છે. હવે સવાર પડી છે કે નહિ ? એટલો સવાલ છે. જો જાગૃતિ આવી

તો પ્રાતઃકાળ થયો છે, નહિતર સૂતો જ છે. એટલે ધ્યાનની જે ખૂબી છે એ આવા વખતે સમજાય છે.

પ્રશ્ન :- એટલે શુભભાવમાં આર્ત્તધ્યાન જ છે ?

સમાધાન :- શુભભાવમાં પણ આર્ત્તધ્યાન જ છે, શુભભાવ પોતે જ આર્ત્તધ્યાન સ્વરૂપ જ છે. શુભભાવમાં કંઈ ધર્મધ્યાન નથી એમ છે. એટલે જ્ઞાનીને પણ જેટલો શુભભાવ થાય છે એટલું આર્ત્તધ્યાન લીધું છે. એમાં ધર્મધ્યાન નથી. ધર્મધ્યાન એથી બીજો વિભાગ છે પરિણામનો. એવી રીતે છે.

મુમુક્ષુ :- ધ્યાન કરાવનાર એમ જ કહે છે કે અશુભમાંથી તો શુભમાં આવ્યો. એમાં સંતોષ માનીને બેસી જાય છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, એ તો ભૂલ્યો જ છે શુભમાં ને ! એટલે તો 'ગુરુદેવે' એ વિષય ઉપર થોડો પ્રહાર કર્યો, વધારે પ્રહાર કર્યો એનું કારણ કે જીવ છેતરાણો એ જગ્યાએ. ભૂલ્યો એ જગ્યાએ.

મુમુક્ષુ :- કુટુંબાદિના વિચાર...

પૂજ્ય ભાઈશ્રી :- એને તીવ્ર આર્ત્તધ્યાન હોય છે. કુટુંબ, પરિવાર અને સંયોગોની ચિંતા એ તીવ્ર આર્ત્તધ્યાન છે. આર્ત્તધ્યાનમાં તીવ્ર-મંદ રસ અપેક્ષાએ એની તીવ્રતા અને મંદતા છે. એટલે તો બાહ્ય નિવૃત્તિ શું કરવા કીધી ? બાહ્યનિવૃત્તિને કાંઈક આદર કરવામાં આવે છે કે ઠીક છે માણસ નિવૃત્ત (છે). કેમકે પ્રવૃત્તિમાં તો એકલું આર્ત્તધ્યાન જ કરશે. નિવૃત્તિમાં કાંઈક વિચાર કરશે કે આર્ત્તધ્યાન કેમ છોડવું ? મંદ છે એ પણ કેમ છોડવું ? પેલામાં તો તીવ્ર આર્ત્તધ્યાનમાં લાગી જ જવાનો છે. એટલે અંતર્નિવૃત્તિ અર્થે બાહ્ય નિવૃત્તિને ઉપકારી છે એમ ગણવામાં આવે છે. અંતર નિવૃત્તિ ન લ્યે તો બાહ્ય નિવૃત્તિ પણ ફોગટ છે. સીધી વાત છે.

મુમુક્ષુ :- ...

પૂજ્ય ભાઈશ્રી :- એવું જ છે. બહુ વાસ્તવિક્તા ઉપર ચાલે છે, પોતે એકદમ વાસ્તવિક્તા ઉપર ચાલે છે.

મુમુક્ષુ :- આટલું વિગતવાર માર્ગદર્શન બહુ ઓછું જોવા મળે છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, બહુ ઓછું જોવા મળે છે. ઘણું માર્ગદર્શન છે.

મુમુક્ષુ :- ઝીણામાં ઝીણી વસ્તુ પણ...

પૂજ્ય ભાઈશ્રી :- ખૂબ માર્ગદર્શન છે. એમાં એવું છે કે સમષ્ટિગત ઉપયોગમાં આટલા બધા ખુલાસા ન થાય. સમષ્ટિગત ઉપદેશની અંદર આટલા બધા ખુલાસા ન થઈ શકે. એટલે માનો કે 'ગુરુદેવ'શ્રીનો ઉદય એવો હતો કે સમષ્ટિગત ઉપદેશ આપતા. પણ જો કોઈ જીવને પરમાર્થના માર્ગમાં ઊંડા ઊતરવું હોય તો પછી વ્યક્તિગત સમાગમમાં જવું જોઈએ તો એને અંદરનું રહસ્ય બધું મળે. એકલા વ્યાખ્યાન સાંભળ્યા કરે એમ નહિ, એથી પણ વધારે એણે નજીક જવું જોઈએ, સમીપ જવું જોઈએ અને સત્પુરુષના હૃદયમાં જે પડ્યું હોય તે કઢાવવું જોઈએ. જિજ્ઞાસા હોય તો નીકળે અને નીકળે છે બધું. એટલું જ નહિ કોઈ જિજ્ઞાસુ જુએ તો એ હૃદય કાઢીને હાથમાં આપી દ્યે. એટલો એમનો પ્રકાર સામેથી Response આપવાનો હોય છે.

મુમુક્ષુ :- એને ઉલ્લાસ આવે છે.

પૂજ્ય ભાઈશ્રી :- ચોક્કસ થાય. આને આટલા ઊંડા ઊતરવાની ભાવના છે ! બરાબર હૃદય કાઢીને આપે.

મુમુક્ષુ :- જાહેરમાં સમાજ સહન ન કરે એટલે મર્યાદા રાખવી પડે.

પૂજ્ય ભાઈશ્રી :- ઠીક છે. એ તો અતિ રાગ હોય, અતિ પ્રેમ હોય તો એ તો મર્યાદા જાહેરમાં તો લૌકિક પરિસ્થિતિ અનુસાર વર્તવાનું હોય છે સીધી જ વાત છે. એ ગૌણ વાત છે, એ વિષય ગૌણ છે. જાહેરમાં મર્યાદા રહે એ તો ગૌણ વાત છે.

મુમુક્ષુ :- મર્યાદાથી અમુક વાત જાહેરમાં બહુ સમાજમાં ખળભળાટ થઈ જાય.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ચોક્કસ. હા, એ તો બધા પચાવી ન શકે ને ! પચાવી ન શકે. એ તો છે જ. પચાવી ન શકે, ગ્રહણ ન કરી શકે, તર્ક-વિતર્કમાં ચડી જાય, કોઈ કુતર્કમાં ચડી જાય. કેમકે કેટલોક અનુભવનો વિષય એવો છે કે એનો શાસ્ત્ર આધાર ન મળે. ત્યારે શાસ્ત્રપાઠી હોય એને એમ થયા કરે કે આ કાંઈ શાસ્ત્ર આધાર મળતો નથી. 'ગુરુદેવ' ભલે વાત તો કરે છે પણ આમાં કાંઈ શાસ્ત્ર આધાર મળતો નથી. શાસ્ત્ર આધારનો તને વિકલ્પ થાય છે એ એમ બતાવે છે કે તને શ્રીગુરુના વચન ઉપર વિશ્વાસ ચાલ્યો ગયો છે, તને વિશ્વાસ જ નથી. નહિતર એવી વાત કેમ

તને સૂઝે ? માણસને વિશ્વાસ હોય તો શું કહે ? હું તમને આ વાત કહું છું એનો પુરાવો છે મારી પાસે. તો વિશ્વાસવાળો એમ કહે, મારે પુરાવો નથી જોવો. તમે કીધું એ બરાબર જ છે. પુરાવાની જરૂર નથી તમારે દેખાડવાની. એમ કહે છે કે નહિ વિશ્વાસ હોય તો ? શું કહેતા હતા ?

પ્રશ્ન :- શાસ્ત્રશ્રવણ, વાંચન બધું આર્ત્તધ્યાન ?

સમાધાન :- હા. ધર્મધ્યાન પ્રગટ કર્યા પછી શાસ્ત્ર વાંચન શું ઉદયના બીજા જે કાર્યો શુભ અને અશુભ (થાય) એમાં પણ ધર્મધ્યાન રહેશે. પછી ધર્મધ્યાન રહેશે. પણ એક વખત ધર્મધ્યાન કેમ થાય એની ખૂબી, હજી તો ખૂબી જ માલૂમ પડે છે એમ કહે છે. એની ખૂબી હજી પકડવી જોઈએ.

પ્રશ્ન :- જ્ઞાયકપણે વર્તવું ?

સમાધાન :- હા, જ્ઞાયકપણે વર્તવું અથવા વર્તવાનો પુરુષાર્થ, પુરુષાર્થ કરવો. સાંભળવું એક વાત છે, વિચારવું એક વાત છે, પુરુષાર્થ થવો બીજી વાત છે.

પ્રશ્ન :- 'ખૂબી' શબ્દ લખ્યો છે એ અનુભવ પહેલાની કોઈ સ્થિતિની વાત છે ?

સમાધાન :- હા, ખૂબી માલૂમ પડે છે. અનુભવ પહેલા પણ એ ખૂબી સમજાય કે આમ ધ્યાન છે. આવું ધ્યાન અંતર્મુખ જે દિશા છે એનો ભાસ આવે છે.

પ્રશ્ન :- કોઈ વિશિષ્ટ પ્રકારનો ખ્યાલ આવતો હશે ?

સમાધાન :- હા, પ્રતિભાસ આવે છે, પ્રતિભાસ આવે છે. પ્રતિભાસ એટલે જેવું છે એવો જ્ઞાનમાં ભાસ (થવો) એને પ્રતિભાસ કહે છે. આભાસ નહિ. આભાસ એટલે કલ્પના. ભાસ અથવા પ્રતિભાસ એટલે જેવું છે એવું જ્ઞાનમાં, ખ્યાલમાં આવવું એને પ્રતિભાસ કહે છે.

મુમુક્ષુ :- શાસ્ત્રશ્રવણ, વાંચન વગેરેમાં પણ આત્મલક્ષી હોય તો કામનું છે.

પૂજ્ય ભાઈશ્રી :- આત્મલક્ષે હોય તો એવી ધર્મધ્યાન પ્રગટ કરવાની પરિસ્થિતિ આગળ અવસર આવે. નહિતર એ અવસર જ ન આવે. ગમે તે કરે નહિ. કાંઈ અવસર જ ન આવે. એનું બધું આર્ત્તધ્યાનમાં જાય છે. અગિયાર અને નવ પૂર્વનું શાસ્ત્રપઠન આર્ત્તધ્યાનમાં જાય, પંચ મહાવ્રત સમિતિ, ગુપ્તિ, અઠ્યાવીસ મૂળગુણની ક્રિયા પણ આર્ત્તધ્યાનમાં જાય, ધર્મધ્યાન નથી ત્યાં.

## પત્રાંક-૨૯૬

મુંબઈ, ૧૯૪૭

૧. ઉદયને અબંધ પરિણામે ભોગવાય તો જ ઉત્તમ છે.

૨. બેના અંતમાં રહેલ જે વસ્તુ, તે છેદ્યો છેદાય નહીં, ભેદ્યો ભેદાય નહીં.[1] - શ્રી આચારાંગ

૧. જુઓ આંક ૧૧૮

૨૯૬. **'ઉદયને અબંધ પરિણામે ભોગવાય તો જ ઉત્તમ છે.'** સૈદ્ધાંતિક વાત લીધી, સૈદ્ધાંતિક વાત લીધી છે. અધ્યાત્મનો સિદ્ધાંત છે કે ઉદય ગમે તે હોય એની સાથે ઉપયોગ પ્રતિબંધ ન પામે, ભિન્ન રહે એ પ્રકારે ઉદયમાંથી પસાર થવાય (તો તે યોગ્ય છે). ઉદય તો પૂર્વકર્મનો જે છે એ એના સ્વકાળે આવ્યો પણ પોતે એમાં રોકાણો નહિ, અબંધ એટલે એમાં રોકાણો નહિ ત્યારે એને એમ કહે છે કે, ઉપયોગ અબંધ પરિણામે રહે તો તે યોગ્ય છે, તે ઉત્તમ છે. નહિતર બંધાવાનો જ છે. સીધી વાત છે. નહિતર બંધાશે.

**'બેના અંતમાં રહેલ જે વસ્તુ...'** તે બે શું છે એ કોઈ આચારાંગની ગાથા છે. એનો સંદર્ભ છે. ૧૧૮ અંકમાં એક વાત લીધી છે. આચારાંગ સંબંધી. પણ એમાંથી પણ બહુ સ્પષ્ટતા નથી મળતી. કેમકે આચારાંગનો આગળ-પાછળનો સંદર્ભ શું છે, Reference નથી મળતો.

૨૧૭ પાને છે. 'અંબાલાલ લાલચંદ' ઉપર (પત્ર છે). શ્રી આચારાંગ, અધ્ય. ૩, ઉદ્દેશક ૩. 'न छिज्जइ'. 'न छिज्जइ' નો સીધો અર્થ એ થાય છે કે જે છેદાતો નથી. 'न छिज्जइ', 'न भेद्दइ' જે ભેદાતો નથી. જે છેદાતો નથી. ધ્રુવ આત્મા, ત્રિકાળી આત્મા. એ વિષય તો અન્યમતમાં પણ લીધો છે. 'अछिज्जयं अदायोयं ....' 'ગીતા'માં એ વિષય લીધો છે. 'अछिज्जयं' છેદી શકાતો નથી, ભેદી શકાતો નથી, બાળી શકાતો નથી, પલાળી શકાતો નથી, સૂકવી શકાતો નથી. એટલે પુદ્ગલના કોઈ પર્યાયો

લાગુ નથી થતા. એવો આત્મા છે. એમ ત્યાં વાત લીધી છે. એ તો અન્યમતમાં પણ બધું આવ્યું છે તો અહીંથી ને. એવી બધી વાતો આવે છે.

મુમુક્ષુ :– આપણે આવે છે, છેદાય નહિ, ભેદાય નહિ, પરિગ્રહ મારો...

પૂજ્ય ભાઈશ્રી :– એ તો બહારમાં લીધું છે કે, પરિગ્રહ છે એ મારો નથી. ભલે કોઈ પરિગ્રહને છેદી નાખે, ભેદી નાખે, લઈ જાય, લૂંટી જાય હું મમત્વ નહિ કરું. અહીંયાં ત્રિકાળી આત્માની વાત છે. પેલી પરદ્રવ્યની વાત છે.

**'તે છેદ્યો છેદાય નહીં, ભેદ્યો ભેદાય નહીં.'** એટલે આત્માની વાત લેવી છે. શુદ્ધાત્મા છે એ છેદ્યો છેદાતો નથી, ભેદ્યો ભેદાતો નથી. આચારાંગમાં શ્વેતાંબરના સૂત્રમાં એ વાત છે. એ તો એ લોકોએ ઘણી વાતો લીધી જ છે, ઘણી વાતો લીધી છે.

## પત્રાંક-૨૯૭

મુંબઈ, ૧૯૪૭

**આત્માર્થે વિચારમાર્ગ અને ભક્તિમાર્ગ આરાધવા યોગ્ય છે. પણ વિચારમાર્ગને યોગ્ય જેનું સામર્થ્ય નથી તેને તે માર્ગ ઉપદેશવો ન ઘટે એ વગેરે લખ્યું તે યથાયોગ્ય છે. તોપણ તે વિષે કંઈ પણ લખવાનું ચિત્તમાં હાલ આવી શકતું નથી.**

**શ્રી નાગજીસ્વામીએ કેવળદર્શન સંબંધી જણાવેલ આશંકા લખી તે વાંચી છે. બીજા ઘણા પ્રકાર સમજાયા પછી તે પ્રકારની આશંકા શમાય છે, અથવા તે પ્રકાર સમજવા યોગ્ય ઘણું કરીને થાય છે. એવી આશંકા હાલ સંક્ષેપ કરી અથવા ઉપશાંત કરી વિશેષ નિકટ એવા આત્માર્થનો વિચાર કરવો ઘટે છે.**

૨૯૭. **'આત્માર્થે વિચારમાર્ગ અને ભક્તિમાર્ગ આરાધવા યોગ્ય છે. પણ વિચારમાર્ગને યોગ્ય જેનું સામર્થ્ય નથી તેને તે માર્ગ ઉપદેશવો ન ઘટે એ વગેરે લખ્યું તે યથાયોગ્ય છે. તોપણ તે વિષે કંઈ પણ લખવાનું ચિત્તમાં હાલ આવી શકતું નથી.'** શું છે ? વિચારમાર્ગ એટલે સૈદ્ધાંતિક સમજણ છે. સિદ્ધાંતબોધ અને ઉપદેશબોધ. વિચારમાર્ગ અને ભક્તિમાર્ગ આરાધવા યોગ્ય છે. બંનેનો સમન્વય થવો જોઈએ, બંનેનું સંતુલન રહેવું જોઈએ અને એના માટે પોતાની પાત્રતા અને યોગ્યતા હોવી જોઈએ.

એ તો કોઈપણ કાર્ય તે કાર્ય માટેની કાર્યક્ષમતા જ ન હોય તો કેવી રીતે એ કાર્ય થાય ? અથવા 'ગુરુદેવશ્રી' દૃષ્ટાંત આપતા કે ઘરમાં પાંચ-છ વર્ષની દીકરી હોય એને એમ કહેવાય કે બેટા ! પાણીનો પ્યાલો લાવજે. પણ ૩૦ વર્ષથી ઘોડો ઘરમાં રાખ્યો હોય, ભલે પવનવેગી ઘોડો હોય, કિંમતીમાં કિંમતી ઘોડો હોય પણ એને એમ કહેવાય કે તું પાણીનો પ્યાલો લાવજે ? આ પાંચ વર્ષ અને આ ત્રીસ વર્ષ. જે કાર્ય માટે જેની ક્ષમતા ન હોય એ કાર્ય એને સોંપવાનું કહે એ કાર્ય એની પાસે કરાવવાનો પ્રશ્ન ઊભો થતો નથી.

એમ **'વિચારમાર્ગને યોગ્ય જેનું સામર્થ્ય નથી...'** એટલે કે જ્ઞાન. વિચારમાર્ગ એટલે જ્ઞાનમાર્ગ, સિદ્ધાંત. સિદ્ધાંતને ગ્રહણ કરી શકે એવી જેની ક્ષમતા નથી, યોગ્યતા નથી તેને એ માર્ગ ઉપદેશવો ન ઘટે. એમ સામા પત્ર લખનારે પુછાવ્યું છે. એણે ભક્તિમાર્ગ જ આરાધવો જોઈએ. **'એ વગેરે લખ્યું તે યથાયોગ્ય છે.'** ઠીક વાત છે. તોપણ એમાં ઘણી અંદરની વાતો છે, ભેદ-પ્રભેદ છે, ખૂબી છે અને દરેકને માટે એની પાત્રતા જોઈને એને જુદી જુદી રીતે બન્ને વાત મૂકવી પડે છે.

**'તોપણ તે વિષે કંઈ પણ લખવાનું...'** એટલે વિશેષ લખવાનું એ વિષયની અંદર અમારા ચિત્તમાં આવી શકતું નથી. એ પ્રકારે વિકલ્પ ચાલે એવી પરિસ્થિતિ અમારા ચિત્તની નથી. એમ કરીને એ વિષયના માર્ગદર્શન ઉપર ત્યાં પૂર્ણવિરામ મૂકી દીધું છે. એનો કાંઈ જવાબ લખતા નથી.

**'શ્રી નાગજીસ્વામીએ કેવળદર્શન સંબંધી જણાવેલ આશંકા લખી તે વાંચી છે. બીજા ઘણા પ્રકાર સમજાયા પછી તે પ્રકારની આશંકા શમાય છે, અથવા તે પ્રકાર સમજવા યોગ્ય ઘણું કરીને થાય છે.'** શું કહે છે ? કેવળદર્શન સંબંધી કોઈ વિષય ચર્ચાણો હશે. તો કહે (છે), એ પહેલા તો ઘણું સમજાય પછી એ વિષય સમજાય

એવો છે. એકડો આવડતો ન હોય અને Algebra ની કોઈ સમસ્યા, Problem લઈને બેસી જાય. હજી એકડો આવડતો નથી. શું સમજશે ? એને કાંઈ સમજાશે નહિ.

મુમુક્ષુ :— કેવળદર્શન શબ્દનો ઉલ્લેખ ૬૭૯ નંબરના પત્રમાં આપ્યો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, ત્યાં પ્રશ્નો ઘણા ચાલ્યા છે. એક સત્પુરુષનો વિષય ચાલ્યો છે અને 'સોભાગભાઈ'ને... બહુ વિસ્તારવાળો પત્ર છે. સત્પુરુષ જ્ઞાની અને અજ્ઞાનીની વાણીનો જે પત્ર છે એ ૬૭૯ છે. એમાં પછી ત્યારપછી બીજા પ્રશ્નો એમણે ચર્ચ્યા છે. એ પ્રશ્ન છોડીને પછી.

કેવળજ્ઞાનનો પ્રશ્ન ચર્ચ્યો છે, સમયનો પ્રશ્ન ચર્ચ્યો છે, પછી મતિશ્રુતના જે પ્રકાર છે તેની વાત કરી છે, પાછળ કેવળજ્ઞાનની વાત કરી છે. ત્યાં કદાચ કેવળદર્શનની વાત કરી હશે. મુખ્યપણે તો કેવળજ્ઞાનની ચર્ચા કરી છે. પાછળ છઠ્ઠો પેરેગ્રાફ છે ને ? એમાં મુખ્યપણે કેવળજ્ઞાનની ચર્ચા કરી છે. કેવળજ્ઞાન સંબંધીની ચર્ચા કરી છે.

અહીંયાં તો એમ કહે છે કે **'બીજા ઘણા પ્રકાર..'** એટલે મોક્ષમાર્ગ સંબંધી બીજા કેટલાક પ્રકારો પહેલાની ભૂમિકાનું જ્ઞાન થયા પછી કેવળદર્શન શું છે ? કેમકે દર્શન ઉપયોગ આમ પણ સૂક્ષ્મ છે. જે મતિજ્ઞાન પહેલા ઉપયોગ થાય છે ચક્ષુદર્શન ઉપયોગ અથવા પાંચ ઇન્દ્રિયથી જે ઉપયોગ થાય છે અચક્ષુદર્શન ઉપયોગ. ચક્ષુદર્શન અને અચક્ષુદર્શનના બે ભેદ પાડીને આંખ અને બાકીની ઇન્દ્રિયોના ઉપયોગને જુદો પાડ્યો છે. તો હજી એ વાત સમજાયા પછી કેવળદર્શનની વાત છે. કેવળદર્શનની વાત તો એકદમ અતીન્દ્રિય છે. હજી ઇન્દ્રિયજ્ઞાનનો વિષય ન સમજાય ત્યાં અતીન્દ્રિય જ્ઞાનનો વિષય ક્યાં સમજે ? એટલે એ પ્રકારની આશંકા અત્યારે સમજવાની ઉતાવળ કરવા જેવી નથી કે આકુળતા કરવા જેવી નથી.

**'એવી આશંકા હાલ સંક્ષેપ કરી અથવા ઉપશાંત કરી વિશેષ નિકટ એવા આત્માર્થનો વિચાર કરવો ઘટે છે.'** આ માર્ગદર્શન આપ્યું છે. એવા જાણવાના વિષયની અંદર જિજ્ઞાસાને રોકવી એના બદલે વધારે નજીક એટલે ખાસ કરીને પહેલા કરવા જેવું. વિશેષ નજીક એટલે ? મારે પહેલું શું કરવું છે એનો વિચાર કરવાને બદલે કેવળદર્શન કેવું હોય ? કેવળજ્ઞાન કેવું હોય ? શુક્લધ્યાન કેવું હોય ? શું ખબર પડશે એને ? કાંઈ સમજાશે નહિ.

આવે છે ને ? પાઠશાળામાં શીખવે. 'પૃથકત્વ વિતર્ક વિચાર. બધા શુક્લધ્યાનના પાયા. એ કાંઈ સમજાય નહિ. કેમકે એ અરૂપી આત્માના એકદમ ઇન્દ્રિયાતીત પરિણામ છે. નિર્વિકલ્પ ધ્યાનના પરિણામ છે કે જે લબ્ધ પરિણતિમાં ચાલે છે. ઉપયોગ તો ત્યાં આત્માકાર છે.

જે ધર્મધ્યાનનો ઉપયોગ સાતમા ગુણસ્થાને થાય, આઠમા ગુણસ્થાને થાય એથી પણ વધારે ઉપયોગ તો શુદ્ધ થયેલો છે. હવે ત્યાં પૃથકત્વ વિતર્ક વિચાર. વિતર્ક અને વિચાર બેયમાં વિ વિ છે. એટલું બધું શું વિચારે છે ? નિર્વિકલ્પ ધ્યાન છે. એ કાંઈ અત્યારે સમજાય નહિ. બીજું ઘણું સમજવું બાકી હોય એ પહેલા એ સમજવાની મહેનત કરે કે આ થોડુંક અમને સમજાવો. આને સંક્ષેપ કરવી, એવી જિજ્ઞાસાને શાંત કરવી, સંક્ષેપ કરવી અને પ્રથમ નિકટમાં એટલે પહેલા શું કરવાનું ? આત્માર્થે પહેલા મારે શું કરવું ? એવા આત્માર્થનો વિચાર પહેલા કરવો ઘટે છે.

મુમુક્ષુ :– એમ કહે છે કે પ્રશ્નની પાછળ ખોટી રીતે દોરવાઈ નહોતા જાતા.

પૂજ્ય ભાઈશ્રી :– બિલકુલ નહિ. ગમે એ પ્રશ્ન પૂછે એટલે એનો ઉત્તર દેવો જ એમ કાંઈ નહિ. ના પાડી દે કે આનો ઉત્તર અત્યારે તમને આપવાની ઇચ્છા નથી.

મુમુક્ષુ :– આ ધ્યાનના પ્રશ્ન જેવું થયું.

પૂજ્ય ભાઈશ્રી :– હા.

૨૪મું વર્ષ ત્યાં પૂરું થયું. ૧૬૫ થી શરૂ થયું હતું. ૧૬૫ થી ૨૯૭. ૨૪મા વર્ષમાં લગભગ ૧૩૨ પત્રો છે, વિસ્તાર ઘણો છે અને તોપણ એમ લખ્યું છે કે અમારા પત્રનો લખવાનો ભાવ થતો નથી. તોપણ ૧૩૨ પત્રો આવ્યા છે.

મુમુક્ષુ :– ૩૬૫ દિવસમાં ૧૩૨ પત્ર.

પૂજ્ય ભાઈશ્રી :– ૩૬૫ દિવસ એક વર્ષના હોય. એમાં ૧૩૨ બહાર આવેલા છે. નિષેધ કરતા કરતા કે અમારો વિકલ્પ કામ કરતો નથી, અમારું ચિત્ત પ્રવેશ કરતું નથી, મન કામ કરતું નથી. તોપણ ૧૩૨ છે.

મુમુક્ષુ :– સાચી વાત જ છે ને કે, જો એમાં રોકાય રહે તો..

પૂજ્ય ભાઈશ્રી :– તો પાર જ આવે એવું નથી. એમ છે કે, સમજાવનાર કરતા સમજનારની સંખ્યા બહુ મોટી છે. એક 'ગુરુદેવ' લઈએ. હજારો માણસો સમજવા

આવતા. ખબર પડી કે આ ઉપદેશ આપે છે અને જાહેરપણે ઉપદેશ આપે છે અને એક સમર્થ પ્રવચનકાર છે. એવી એક ખાલી જાહેરાત હોય લોકની અંદર તો હજારો માણસો આવે. હવે બધાને સમય દે તો પોતાના જ્ઞાન-ધ્યાનનો સમય કેવી રીતે કાઢે ? એમાં પણ સમયમાં Control કરવો પડે કે આટલા સમયમાં જ હું મળી શકીશ. આટલા સમયમાં જ મારી સાથે બેસી શકાશે. બાકીનો સમય હું નહિ ફાળવી શકું. નહિતર તો પત્તો જ ન લાગે. લખવાનું તો બિલકુલ નહિ. એક અક્ષરે કોઈને કાગળ ન લખે. સાંભળવું હોય તો નક્કી કરેલો આટલો ટાઇમ છે. બે વ્યાખ્યાન, પૂછવું હોય તો સાંજે ચર્ચા. પછી કોઈ વિશેષ જિજ્ઞાસુ હોય અને એમના અંતેવાસમાં જાય. કાંઈક અંદર જિજ્ઞાસા (હોય) તો બીજી વાત છે. તો એના માટે સમય છતાં પણ કાઢે. બાકી નહી. ના જ પાડી દ્યે. લોકો દર્શન કરવા આવે તો એનો મર્યાદિત સમય રાખવો પડે. જ્ઞાન-ધ્યાનમાં હોય ને આવે તો ના પાડી દ્યે અને કાં તો આવે એટલે તરત જ એમ કહે કે નીકળી જાવ અહીંથી. અહીં બેસવાનું નથી. એમના વિચારમાં, ચિંતનમાં, ધ્યાનમાં પડ્યા હોય એ ક્યાં બીજાની સામે ઉપયોગ લઈ જાય.

## પત્રાંક-૨૯૮

**વવાણિયા, કાર્તિક સુદ ૪, ગુરુ, ૧૯૪૮**

**કાળ વિષમ આવી ગયો છે. સત્સંગનો જોગ નથી, અને વીતરાગતા વિશેષ છે, એટલે ક્યાંય સાતું નથી, અર્થાત્ મન વિશ્રાંતિ પામતું નથી. અનેક પ્રકારની વિટંબના તો અમને નથી, તથાપિ નિરંતર સત્સંગ નહીં એ મોટી વિટંબના છે. લોકસંગ રુચતો નથી.**

વર્ષ ૨૫મું પત્રાંક ૨૯૮ 'સોભાગભાઈ' ઉપરનો પત્ર છે.

**'કાળ વિષમ આવી ગયો છે.'** ૧૯૪૮, ૪૬ શરૂ થયું આપણે. ૯૮ વર્ષ થયા. ૯૯ વર્ષ થઈ ગયા. તે પહેલા કહે છે કે **'કાળ વિષમ આવી ગયો છે. સત્સંગનો જોગ નથી.'** પોતાની વાત કરે છે કે, **'સત્સંગનો જોગ નથી અને વીતરાગતા વિશેષ**

**છે. એટલે ક્યાંય સાતું નથી.'** કાઠ્યાવાડી ભાષા છે. એટલે મન ક્યાંય શાંતિ પામતું નથી. **'ક્યાંય વિશ્રાંતિ પામતું નથી.** ક્યાંય ઠરતું નથી.

આપણે કહેને કે ભાઈ મન ક્યાંય ઠરતું નથી. મન ઠરે એવું કોઈ સ્થાન નથી એમ લાગેને એના જેવું છે. મન સાતું નથી. **'કાળ વિષમ આવી ગયો છે.'** એટલે વિષમ પરિણામવાળા જીવો જ જોવામાં આવે છે એમ. ૯૮-૮૮ વર્ષ પહેલા તો લોકો ક્યાંય આટલા ધા ઉધામા નહોતા કરતા. આ તો સ્વચ્છંદની જડતા વિશેષ હતી પણ વક્રતા જે અત્યારે છે એટલી વક્રતા એ કાળમાં નહોતી. ઓછું સમજતા એટલે બુદ્ધિમાં વક્રતા અને જડતા જે બે પ્રકારના અવગુણ હોય છે એમાં વક્રતા ઓછી હતી આજથી સો વર્ષ પહેલા. તોય કહે છે વિષમકાળ છે. અમારુ મન ક્યાંય ઠરતું નથી.

**'અનેક પ્રકારની વિટંબના તો અમને નથી.'** કેમકે બહારમાં બીજી કોઈ પ્રતિકૂળતા ઊભી થઈ છે એવું કાઈ નથી. **'તથાપિ નિરંતર સત્સંગ નહીં એ મોટી વિટંબના છે.'** બીજી કોઈ પ્રતિકૂળતા નથી. પણ જે સત્સંગ યોગ્ય સમાગમ હોવો જોઈએ એ બહારની અંદર નથી. અથવા પોતે એવી મુનિ દશામાં નથી અસંગદશામાં રહે છે એવી કોઈ પરિસ્થિતિમાં નથી. તો સત્સંગ નથી તો અસત્સંગ ઊભો છે. અસત્સંગ ઊભો છે. જે પ્રકાર છે એ સત્સંગનો નથી તો અસત્સંગનો છે. આ તો પોતે જો અવગુણી જીવોના પ્રસંગમાં જાય તો કુસંગ છે એટલું ન હોય તો અસત્સંગ તો સહેજે સહેજે છે. નહિતર સત્સંગ મળે છે. એમ ત્રણ પ્રકારની જે સત્સંગ, અસત્સંગ અને કુસંગ આ વખતે પ્રશ્ન ચાલ્યો હતો 'સોનગઢ'માં. સત્સંગ, અસત્સંગ અને કુસંગ ચાર ભેદ પાડ્યા હતા અને પરમસત્સંગ. સત્સંગ અને પરમસત્સંગ, અસત્સંગ અને કુસંગ એમ. પરમ સત્સંગ એટલે પોતાથી વિશિષ્ટ ધર્માત્માનો સંગ રહેવો તેને પરમસત્સંગ કહે છે. સમકક્ષી, સમગુણી જીવોનો સંગ રહેવો તે સત્સંગ છે કે જેમાં સત્‌ની પ્રાપ્તિના જ જિજ્ઞાસુ અને ભાવનાવાળા જીવો હોય પાછા બધા આવે એ બધા સત્સંગી છે એમ નથી કાંઈ. આ શરત છે એની કે સત્‌ની ભાવનાવાળા, સત્‌ની જિજ્ઞાસાવાળા હોય તે સત્સંગી છે. બીજા બધા સત્સંગી છે એમ ન લેવું. બાકી બધો અસત્સંગ છે. કુટુંબ, ઘર, પરિવાર, દુકાન, ધંધો અને સમાજ આખો બધો અસત્સંગ છે. અને પોતે તે અવગુણી જીવોનો સંગ કરવાની રુચિ રાખે, પ્રીતિ રાખે,

અપેક્ષા રાખે તો એ કુસંગ છે.

મુમુક્ષુ :- અવગુણી એટલે શું લેવું ?

પૂજ્ય ભાઈશ્રી :- અવગુણી એટલે દોષવાળા જીવો અથવા રંગ, રાગ, મિથ્યાત્વ અજ્ઞાન પુષ્ટ થાય એવો જેનો પ્રકાર છે.

મુમુક્ષુ :- મિથ્યાત્વ પુષ્ટ થાય.

પૂજ્ય ભાઈશ્રી :- મિથ્યાત્વ, અજ્ઞાન પુષ્ટ થાય અથવા કષાયરસ પુષ્ટ થાય, આર્ત્તધ્યાન પુષ્ટ થાય એ બધા જે પ્રકાર છે એમાં રુચિ, એમાં પ્રીતિ એમાં કોઈ અપેક્ષા, મનોરંજન એ બધું કુસંગમાં જાય.

મુમુક્ષુ :- ચિતાર આપી દીધો છે.

પૂજ્ય ભાઈશ્રી :- હા, પોતાની ચાલતી પરિસ્થિતિ મૂકી દીધી છે બાહ્યદૃષ્ટિએ આ ચાલતી પરિસ્થિતિ છે.

**'નિરંતર સત્સંગ નહીં એ મોટી વિટંબના છે. લોકસંગ રુચતો નથી.'** લોકોના સંગમાં અમને રુચતું નથી. કોઈનો પરિચય કરવો. લોકો તો પરિચય વધારે છે. ક્યારેક ક્લબમાં મેમ્બરશીપ નોંધાવે છે ને. સંપર્ક વધારવા માટે. સંબંધો વધારવા માટે. એવું નહિ તો છેવટે પાર્ટી ગોઠવે કે ભાઈ આજે અમારા ઘરે ફલાણા દીકરા-દીકરીનો જન્મ દિવસ છે. આજે અમારું ફલાણું કારણ છે. કાં તો કોઈ મહેમાન આવ્યા હોય કે ચાલો આપણને બોલાવે. અમથા અમથા ઘરે બોલાવે. ભલે બસો-પાંચસોનો ખર્ચ થાય. પણ આપણે બધામાં સંબંધ વધારવો. રખડવા માટે તો જીવને કાંઈ શિખવાડવું પડતું નથી. પરિભ્રમણના ઉપાય તો બહુ ચતુર થઈને આચરે છે. એક છૂટવાનો ઉપાય મળવો મુશ્કેલ છે. છૂટવાના માર્ગે પડેલા છે એનો કથાનુયોગ છે આ. એની કથા છે. અમને લોકસંગ રુચતો નથી.

મુમુક્ષુ :- ભાગવત કથા છે.

પૂજ્ય ભાઈશ્રી :- ભાગવત એટલે પવિત્ર. ભાગવત કથા છે. ભાગવત આઠ દિવસ ચાલે. આપણે ત્રણ વર્ષ નિકળી જાય એવું છે ભાગવત કથામાં.

## વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
## ઉપલબ્ધ પ્રકાશન (ગુજરાતી)

| | ગ્રંથનું નામ તેમજ વિવરણ | મૂલ્ય |
|---|---|---|
| ૦૧ | અધ્યાત્મિકપત્ર (પૂજ્ય શ્રી નિહાલચંદ્રજી સોગાનીજીના પત્રો) | ૦૨-૦૦ |
| ૦૨ | અધ્યાત્મ સંદેશ (પૂજ્ય ગુરુદેવશ્રીના વિવિધ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૦૩ | આત્મયોગ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૫૯૬, ૪૯૧, ૬૦૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૦૪ | અનુભવ સંજીવની (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વચનામૃત્તોનું સંકલન) | ૧૫૦-૦૦ |
| ૦૫ | અધ્યાત્મ સુધા (ભાગ-૧) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૬ | અધ્યાત્મ સુધા (ભાગ-૨) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૭ | અધ્યાત્મ સુધા (ભાગ-૩) બહેનશ્રીના વચનામૃત ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૦૮ | અધ્યાત્મ પરાગ | - |
| ૦૯ | બીજુ કાંઈ શોધમા (પ્રત્યક્ષ સત્પુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૦ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૧) (દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૧ | બૃહદ દ્રવ્યસંગ્રહ પ્રવચન (ભાગ-૨) ( દ્રવ્યસંગ્રહ ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો) | - |
| ૧૨ | ભગવાન આત્મા (દ્રષ્ટિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | - |
| ૧૩ | દ્વાદશ અનુપ્રેક્ષા (શ્રીમદ્ ભગવત્ કુંદકુંદાચાર્યદેવ વિરચિત | ૦૨-૦૦ |
| ૧૪ | દ્રવ્યદષ્ટિ પ્રકાશ (ભાગ-૩) (પૂજ્ય શ્રી નિહાલચંદજી સોગાની તત્ત્વચર્ચા) | ૦૪-૦૦ |
| ૧૫ | દસ લક્ષણ ધર્મ (ઉત્તમ ક્ષમાદિ દસ ધર્મો પર પૂજ્ય ગુરુદેવશ્રીનાં પ્રવચનો) | ૦૬-૦૦ |
| ૧૬ | ધન્ય આરાધના (શ્રીમદ રાજચંદ્રજીની અંતરંગ અધ્યાત્મ દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા વિવેચન) | ૧૦-૦૦ |
| ૧૭ | દિશા બોધ (શ્રીમદ્ રાજચંદ્રજી પત્રાંક-૧૬૬,૪૪૯,અને ૫૭૨ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ દ્વારા પ્રવચનો) | ૧૦-૦૦ |
| ૧૮ | ગુરુ ગુણ સંભારણા (પૂજ્ય બહેનશ્રીના શ્રીમુખેથી સ્ફુરિત ગુરુભક્તિ) | ૦૫-૦૦ |
| ૧૯ | ગુરુ ગિરા ગૌરવ (પૂજ્ય સૌગાનીજીની અંગત દશા ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૦ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૧) (દ્રવ્યદષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૧ | ગુરુ ગિરા ગૌરવ (ભાગ-૨) (દ્રવ્યદષ્ટિ પ્રકાશ ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી | |

| | | |
|---|---|---|
| | શશીભાઈના પત્રો પર સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૨૨ | જિણસાસણં સવ્વં (જ્ઞાનીપુરુષ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૮-૦૦ |
| ૨૩ | કુટુંબ પ્રતિબંધ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૦૩, ૩૩૨, ૫૧૦, ૫૨૮, ૫૩૭ તથા ૩૭૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૪ | કહાન રત્ન સરિતા (ભાગ-૧) (પરમાગમસારમાંથી ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૨૫ | કહાન રત્ન સરિતા (ભાગ-૨) (પરમાગમસારમાંથી ક્રમબદ્ધ પર્યાય વિષયક ચૂંટેલા કેટલાક વચનામૃત્તો ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈનાં પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૨૬ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૧) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૭ | કાર્તિકેયાનુપ્રેક્ષા પ્રવચન (ભાગ-૨) કાર્તિકેયાનુપ્રેક્ષા ગ્રંથ ઉપર પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૨૮ | ક્રમબદ્ધપર્યાય | - |
| ૨૯ | મુમુક્ષતા આરોહણ ક્રમ (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૨૫૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૧૫-૦૦ |
| ૩૦ | નિર્ભ્રાંત દર્શનની કેડીએ (લે. પૂજ્ય ભાઈશ્રી શશીભાઈ) | ૧૦-૦૦ |
| ૩૧ | પરમાત્મપ્રકાશ (શ્રીમદ્‌ યોગીન્દ્રદેવ વિરચિત) | ૧૫-૦૦ |
| ૩૨ | પરમાગમસાર (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના ૧૦૦૮ વચનામૃત્ત) | ૧૧-૨૫ |
| ૩૩ | પ્રવચન નવનીત (ભાગ-૧) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | અનુપલબ્ધ |
| ૩૪ | પ્રવચન નવનીત (ભાગ-૨) (પૂજ્ય ગુરુદેવશ્રીના ખાસ પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૩૫ | પ્રવચન નવનીત (ભાગ-૩) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય ઉપર ખાસ પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૩૬ | પ્રવચન નવનીત (ભાગ-૪) (પૂજ્ય ગુરુદેવશ્રીના ૪૭ નય શક્તિઓ ઉપર ખાસ પ્રવચનો) | ૭૫-૦૦ |
| ૩૭ | પ્રવચન પ્રસાદ (ભાગ-૧) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | ૬૫-૦૦ |
| ૩૮ | પ્રવચન પ્રસાદ (ભાગ-૨) (પંચાસ્તિકાયસંગ્રહ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચનો) | - |
| ૩૯ | પ્રયોજન સિદ્ધિ (લે. પૂજ્યભાઈશ્રી શશીભાઈ) | ૦૩-૦૦ |
| ૪૦ | પથ પ્રકાશ (માર્ગદર્શન વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૬-૦૦ |
| ૪૧ | પરિભ્રમણના પ્રત્યાખ્યાન (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૯૫, ૧૨૮ તથા ૨૬૪ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૪૨ | પ્રવચન સુધા (ભાગ-૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૩ | પ્રવચન સુધા (ભાગ-૨) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૮૫-૦૦ |
| ૪૪ | પ્રવચન સુધા (ભાગ-૩) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૫ | પ્રવચન સુધા (ભાગ-૪) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૪૦-૦૦ |
| ૪૬ | પ્રવચન સુધા (ભાગ-૫) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૭ | પ્રવચન સુધા (ભાગ-૬) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૩૦-૦૦ |
| ૪૮ | પ્રવચન સુધા (ભાગ-૭) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૪૯ | પ્રવચન સુધા (ભાગ-૮) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |

| | | |
|---|---|---|
| ૫૦ | પ્રવચન સુધા (ભાગ-૯) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૧ | પ્રવચન સુધા (ભાગ-૧૦) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૨ | પ્રવચન સુધા (ભાગ-૧૧) પ્રવચનસાર શાસ્ત્રના સળંગ પ્રવચનો | ૨૦-૦૦ |
| ૫૩ | પ્રવચનસાર | અનુપલબ્ધ |
| ૫૪ | પ્રચારિસ્તકાય સંગ્રહ | અનુપલબ્ધ |
| ૫૫ | પદ્મનંદીપંચવિશતી | - |
| ૫૬ | પુરુષાર્થ સિદ્ધિ ઉપાય | અનુપલબ્ધ |
| ૫૭ | રાજ હૃદય (ભાગ-૧) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૮ | રાજ હૃદય (ભાગ-૨) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૫૯ | રાજ હૃદય (ભાગ-૩) (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૦ | રાજહૃદય (ભાગ–૪) ('શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો) | ૨૦.૦૦ |
| ૬૧ | સમ્યક્જ્ઞાનદીપિકા (લે. શ્રી ધર્મદાસજી ક્ષુલ્લક) | ૧૫-૦૦ |
| ૬૨ | જ્ઞાનામૃત્ત (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી ચૂંટેલા વચનામૃત્તો) | ૦૬-૦૦ |
| ૬૩ | સમ્યગ્દર્શનના નિવાસના સર્વોત્કૃષ્ટ નિવાસભૂત છ પદનો પત્ર<br>(શ્રીમદ્ રાજચંદ્ર પત્રાંક-૪૯૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૦-૦૦ |
| ૬૪ | સિદ્ધપદનો સર્વશ્રેષ્ઠ ઉપાય (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૧૪૭, ૧૯૪, ૨૦૦,<br>૫૧૧, ૫૬૦ તથા ૮૧૯ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૫ | સમયસાર દોહન (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજી સ્વામીના નાઈરોબીમાં<br>સમયસાર પરમાગમ ઉપર થયેલાં પ્રવચનો) | ૩૫-૦૦ |
| ૬૬ | સુવિધિદર્શન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત સુવિધિ લેખ ઉપર તેમનાં પ્રવચન) | ૨૫-૦૦ |
| ૬૭ | સ્વરૂપભાવના (શ્રીમદ રાજચંદ્ર પત્રાંક-૯૧૩, ૭૧૦ અને ૮૩૩ પર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૬૮ | સમક્તિનું બીજ (શ્રીમદ રાજચંદ્ર ગ્રંથમાંથી સત્પુરુષની ઓળખાણ વિષયક<br>પત્રાંક ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના પ્રવચનો) | ૩૦-૦૦ |
| ૬૯ | તત્ત્વાનુશીલન (પૂજ્ય ભાઈશ્રી દ્વારા લિખિત વિવિધ લેખ) | - |
| ૭૦ | વિધિ વિજ્ઞાન (વિધિ વિષયક વચનામૃત્તોનું સંકલન) | ૦૭-૦૦ |
| ૭૧ | વચનામૃત્ત રહસ્ય (પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામીના નાઈરોબીમાં<br>બહેનશ્રીના વચનામૃત્ત પર થયેલાં પ્રવચનો) | ૨૫-૦૦ |
| ૭૨ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૧) | - |
| ૭૩ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૨) | - |
| ૭૪ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૩) | - |
| ૭૫ | વચનામૃત્ત પ્રવચન (ભાગ-૪) | - |
| ૭૬ | યોગસાર | અનુપલબ્ધ |
| ૭૭ | ધન્ય આરાધક | - |
| ૭૮ | અધ્યાત્મ સુધા (ભાગ-૪) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |
| ૭૯ | અધ્યાત્મ સુધા (ભાગ-૫) 'બહેનશ્રીનાં વચનામૃત' ગ્રંથ ઉપર પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના સળંગ પ્રવચનો | ૩૦.૦૦ |

| | | |
|---|---|---|
| ૮૦ | છ ઢાળા પ્રવચન (ભાગ–૧) | ૨૦-૦૦ |
| ૮૧ | છ ઢાળા પ્રવચન (ભાગ–૨) | ૨૦-૦૦ |
| ૮૨ | છ ઢાળા પ્રવચન (ભાગ–૩) | ૨૦-૦૦ |
| ૮૩ | મુક્તિનો માર્ગ (સત્તા સ્વરૂપ ગ્રંથ પર પૂજ્ય ગુરુદેવશ્રીના પ્રવચન) | ૨૦.૦૦ |

## श्री वीतराग सत्साहित्य प्रसारक ट्रस्ट
## उपलब्ध प्रकाशन (हिन्दी)

| | ग्रंथ का नाम एवं विवरण | मूल्य |
|---|---|---|
| ०१ | अनुभव प्रकाश (ले. दीपचंदजी कासलीवाल) | - |
| ०२ | आत्मयोग (श्रीमद् राजचंद पत्रांक-४६९, ४९१, ६०९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| ०३ | अनुभव संजीवनी (पूज्य भाईश्री शशीभाई द्वारा लिखे गये वचनामृत्तोंका संकलन) | १५०-०० |
| ०४ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन (पूज्य गुरुदेवश्री द्वारा) | ५०-०० |
| ०५ | आत्मअवलोकन | - |
| ०६ | बृहद द्रव्यसंग्रह | अनुपलब्ध |
| ०७ | द्रव्यदृष्टिप्रकाश (तीनों भाग-पूज्य श्री निहालचंदजी सोगानीजीके पत्र एवं तत्वचर्चा) | ३०-०० |
| ०८ | दूसरा कुछ न खोज (प्रत्यक्ष सत्पुरुष विषयक वचनामृतोंका संकलन) | ०६-०० |
| ०९ | दंसणमूलो धम्मा (सम्यक्त्व महिमा विषयक आगमोंके आधार) | ०६-०० |
| १० | धन्य आराधना (श्रीमद राजचंद्रजीकी अंतरंग अध्यात्म दशा पर ॉ पूज्य भाईश्री शशीभाई द्वारा विवेचन) | - |
| ११ | दिशा बोध (श्रीमद राजचंद्र पत्रांक-१६६, ४४९, ५७२ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १२ | धन्य पुरुषार्थी | - |
| १३ | धन्य अवतार | - |
| १४ | गुरु गुण संभारणा (पूज्य बहिनश्री चंपाबहिन द्वारा गुरु भक्ति) | १५-०० |
| १५ | गुरु गिरा गौरव | - |
| १६ | जिणसासणं सव्वं (ज्ञानीपुरुष विषयक वचनामृतोंका संकलन) | ०८-०० |
| १७ | कुटुम्ब प्रतिबंध (श्रीमद् राजचंद्र पत्रांक-१०३,३३२,५१०, ५२८,५३७ एवं ३७४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| १८ | कहान रत्न सरिता (परमागमसारके विभिन्न वचनामृतों पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ३०-०० |
| १९ | मूलमें भूल (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके विविध प्रवचन) | ०८-०० |
| २० | मुमुक्षुता आरोहण क्रम (श्रीमद राजचंद्र पत्रांक-२५४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | - |

| | | |
|---|---|---|
| २१ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर पूज्य गुरुदेवश्रीके प्रवचन) | १०-०० |
| २२ | निर्भ्रांत दर्शनकी पगडंडी (ले. पूज्य भाईश्री शशीभाई) | १०-०० |
| २३ | परमागमसार (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके १००८ वचनामृत्त) | - |
| २४ | प्रयोजन सिद्धि (ले. पूज्य भाईश्री शशीभाई) | ०४-०० |
| २५ | परिभ्रमणके प्रत्याख्यान (श्रीमद राजचंद्र पत्रांक-१९५, १२८, २६४ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २०-०० |
| २६ | प्रवचन नवनीत (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २७ | प्रवचन नवनीत (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके खास प्रवचन) | २०-०० |
| २८ | प्रवचन नवनीत (भाग-३) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ नय के खास प्रवचन) | २०-०० |
| २९ | प्रवचन नवनीत (भाग-४) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके ४७ शक्ति के खास प्रवचन) | २०-०० |
| ३० | प्रवचन सुधा (भाग-१) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३१ | प्रवचन सुधा (भाग-२) (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके प्रवचनसार परमागम पर धारावाही प्रवचन) | २०-०० |
| ३२ | पथ प्रकाश | २०.०० |
| ३३ | प्रवचनसार | अनुपलब्ध |
| ३४ | प्रंचास्तिकाय संग्रह | अनुपलब्ध |
| ३५ | सम्यक्ज्ञानदीपिका (ले. श्री धर्मदासजी क्षुल्लक) | १५-०० |
| ३६ | ज्ञानामृत्त (श्रीमद् राजचंद्र ग्रंथमें से चयन किये गये वचनामृत्त) | - |
| ३७ | सम्यग्दर्शनके सर्वोत्तकृष्ट निवासभूत छ पदोंका अमृत पत्र (श्रीमद रादचंद्र पत्रांक-४९३ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | १८-०० |
| ३८ | सिद्धिपका सर्वश्रेष्ठ उपाय (श्रीमद् राजचंद्र ग्रंथमें से पत्रांक-१४७,१९४, २००,५११,५६० एवं ८१९ पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | २५-०० |
| ३९ | सुविधि दर्शन (सुविधि लेख पर पूज्य भाईश्री शशीभाईके प्रवचन) | ४०-०० |
| ४० | समयसार नाटक | अनुपलब्ध |
| ४१ | समयसार कलस टीका | अनुपलब्ध |
| ४२ | समयसार | अनुपलब्ध |
| ४३. | स्मरण संचिका | २०.०० |
| ४४ | स्वरूप भावना (श्रीमद् राजचंद्र पत्रांक-९१३, ७१० एवं ८३३ पर पूज्य भाईश्री शशीभाई के प्रवचन) | २०-०० |
| ४५ | तत्त्वानुशीलन (भाग-१,२,३) (ले. पूज्य भाईश्री शशीभाई) | २०-०० |
| ४६ | तत्थ्य | अनुपलब्ध |
| ४७ | विधि विज्ञान (विधि विषयक वचनामृत्तोंका संकलन) | १०-०० |
| ४८ | वचनामृत्त रहस्य (पूज्य गुरुदेवश्री कानजीस्वामीके नाईरौबीमें हुए प्रवचन | २०-०० |
| ४९. | भगवान आत्मा | २०.०० |
| ५० | जिन प्रतिमा जिन सारखी | २०.०० |

| | | |
|---|---|---|
| ५१. | छः ढाला प्रवचन (भाग-१) | २०.०० |
| ५२. | छः ढाला प्रवचन (भाग-२) | २०.०० |
| ५३. | छः ढाला प्रवचन (भाग-३) | २०.०० |

## वीतराग सत् साहित्य प्रसारक ट्रस्टमें से प्रकाशित हुई पुस्तकोंकी प्रत संख्या

| | | |
|---|---|---|
| ०१ | प्रवचनसार (गुजराती) | १५०० |
| ०२ | प्रवचनसार (हिन्दी) | ४२०० |
| ०३ | पंचास्तिकायसंग्रह (गुजराती) | १००० |
| ०४ | पंचास्तिकाय संग्रह (हिन्दी) | २५०० |
| ०५ | समयसार नाटक (हिन्दी) | ३००० |
| ०६ | अष्टपाहुड (हिन्दी) | २००० |
| ०७ | अनुभव प्रकाश | २१०० |
| ०८ | परमात्मप्रकाश | ४१०० |
| ०९ | समयसार कलश टीका (हिन्दी) | २००० |
| १० | आत्मअवलोकन | २००० |
| ११ | समाधितंत्र (गुजराती) | २००० |
| १२ | बृहद द्रव्यसंग्रह (हिन्दी) | ३००० |
| १३ | मुक्तिका मार्ग (सत्ता स्वरूप ग्रन्थ पर प्रवचन) (गुजराती) | १००० |
| १४ | योगसार | २००० |
| १५ | अध्यात्मसंदेश | २००० |
| १६ | पद्मनंदीपंचविंशती | ३००० |
| १७ | समयसार | ३१०० |
| १८ | समयसार (हिन्दी) | २५०० |
| १९ | अध्यात्मिक पत्रो (पूज्य निहालचंद्रजी सोगानी द्वारा लिखित) | ३००० |
| २० | द्रव्यदृष्टि प्रकाश (गुजराती) | १०,००० |
| २१ | द्रव्यदृष्टि प्रकाश (हिन्दी) | ७६०० |
| २२ | पुरुषार्थसिद्दिउपाय (गुजराती) | ६१०० |
| २३ | क्रमबद्धपर्याय (गुजराती) | ८००० |
| २४ | अध्यात्मपराग (गुजराती) | ३००० |
| २५ | धन्य अवतार (गुजराती) | ३७०० |
| २६ | धन्य अवतार (हिन्दी) | ८००० |
| २७ | परमामगसार (गुजराती) | ५००० |
| २८ | परमागमसरा (हिन्दी) | ४४०० |
| २९ | वचनामृत प्रवचन भाग-१-२-३-४ | ५००० |
| ३० | अनुभव प्रकाश (हिन्दी) | २००० |
| ३१ | निर्भ्रांत दर्शननी केडीए (गुजराती) | ५००० |
| ३२ | निर्भ्रांत दर्शनकी पगडंडी (हिन्दी) | ७५०० |
| ३३ | गुरुगुण संभारणा (गुजराती) | ३००० |
| ३४ | गुरुगुण संभारणा (हिन्दी) | ७५०० |
| ३५ | जिण सासणं सव्वं (गुजराती) | २००० |
| ३६ | जिण सासणं सव्वं (हिन्दी) | २००० |
| ३७ | द्वादश अनुप्रेक्षा (गुजराती) | २००० |
| ३८ | दस लक्षण धर्म (गुजराती) | २००० |
| ३९ | धन्य आराधना (गुजराती) | १००० |
| ४० | धन्य आराधना (हिन्दी) | १५०० |
| ४१ | प्रवचन नवनीत भाग-१-४ (गुजराती) | ५८५० |
| ४२ | प्रवचन प्रसाद भाग-१-२ | २३०० |
| ४३ | पथ प्रकाश (गुजराती) | २००० |
| ४४ | पथ प्रकाश (हिन्दी) | ५०० |
| ४५ | प्रयोजन सिद्धि (गुजराती) | ३५०० |
| ४६ | प्रयोजन सिद्धि (हिन्दी) | २५०० |
| ४७ | विधि विज्ञान (गुजराती) | २००० |
| ४८ | विधि विज्ञान (हिन्दी) | २००० |
| ४९ | भगवान आत्मा (गुजरात) | २००० |
| ५० | भगवान आत्मा (हिन्दी) | १५०० |
| ५१ | सम्यक्ज्ञानदीपिका (गुजराती) | १००० |
| ५२ | सम्यक्ज्ञानदीपिका (हिन्दी) | १५०० |
| ५३ | तत्त्वानुशीलन (गुजराती) | ४००० |
| ५४ | तत्त्वानुशीलन (हिन्दी) | २००० |
| ५५ | बीजुं कांई शोध मा (गुजराती) | ४००० |
| ५६ | दूसरा कुछ न खोज (हिन्दी) | २००० |
| ५७ | मुमुक्षुता आरोहण क्रम (गुजराती) | २५०० |
| ५८ | मुमुक्षुता आरोहण क्रम (हिन्दी) | ३५०० |

| | | |
|---|---|---|
| ५९ | अमृत पत्र (गुजराती) | २००० |
| ६० | अमृत पत्र (हिन्दी) | २५०० |
| ६१ | परिभ्रमणना प्रत्याख्यान (गुजराती) | १५०० |
| ६२ | परिभ्रमणके प्रत्याख्यान (हिन्दी) | ४००० |
| ६३ | आत्मयोग (गुजराती) | १५०० |
| ६४ | आत्मयोग (हिन्दी) | ३००० |
| ६५ | अनुभव संजीवनी (गुजराती) | १००० |
| ६६ | अनुभव संजीवनी (हिन्दी) | १००० |
| ६७ | ज्ञानामृत (गुजराती) | ३५०० |
| ६८ | ज्ञानामृत (हिन्दी) | |
| ११,५०० | | |
| ६९ | वचनामृत रहस्य (गुजराती) | १००० |
| ७० | वचनामृत रहस्य (हिन्दी) | १००० |
| ७१ | दिशा बोध (हिन्दी-गुजराती) | ३५०० |
| ७२ | कहान रत्न सरिता (भाग-१) | १००० |
| ७३ | कहान रत्न सरिता (भाग-२) | १००० |
| ७४ | कुटुम्ब प्रतिबंध (गुजराती) | १५०० |
| ७५ | कुटुम्ब प्रतिबंध (हिन्दी) | २५०० |
| ७६ | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (गुजराती) | १५०० |
| ७७ | सिद्धपद का सर्वश्रेष्ठ उपाय (हिन्दी) | २००० |
| ७८ | गुरु गिरा गौरव (हिन्दी-गुजराती) | ३५०० |
| ७९ | समयसार दोहन (गुजराती) | ७५० |
| ८० | समकितनुं बीज (गुजराती) | १००० |
| ८१ | स्वरूपभावना (गुजराती) | १००० |
| ८२ | स्वरूपभावना (हिन्दी) | १००० |
| ८३ | सुविधि दर्शन (गुजराती) | १००० |
| ८४ | सुविधिदर्शन (हिन्दी) | १९०० |
| ८५ | आत्मसिद्धि शास्त्र पर प्रवचन | १२५० |
| ८६ | प्रवचन सुधा (भाग-१) (गुजराती) | १४०० |
| ८७ | प्रवचन सुधा (भाग-२) (गुजराती) | ७५० |
| ८८ | प्रवचन सुधा (भाग-३) (गुजराती) | १००० |
| ८९ | प्रवचन सुधा (भाग-४) (गुजराती) | १००० |
| ९० | प्रवचन सुधा (भाग-५) (गुजराती) | १००० |
| ९१ | प्रवचन सुधा (भाग-६) (गुजराती) | १००० |
| ९२ | प्रवचन सुधा (भाग-७) (गुजराती) | ७५० |
| ९३ | प्रवचन सुधा (भाग-८) (गुजराती) | ७५० |
| ९४ | प्रवचन सुधा (भाग-९) (गुजराती) | ७५० |
| ९५ | प्रवचन सुधा (भाग-१०) (गुजराती) | ७५० |
| ९६ | प्रवचन सुधा (भाग-११) (गुजराती) | ७५० |
| ९७ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-१ (गुजराती) | १००० |
| ९८ | कार्तिकेयानुप्रेक्षा प्रवचन भाग-२ (गुजराती) | १००० |
| ९९ | द्रव्यसंग्रह प्रवचन (भाग-१) (गुजराती) | १००० |
| १०० | द्रव्यसंग्रह प्रवचन (भाग-२) (गुजराती) | १००० |
| १०१ | राज हृदय (भाग-१) (गुजराती) | १५०० |
| १०२ | राज हृदय (भाग-२) (गुजराती) | १५०० |
| १०३ | राज हृदय (भाग-३) (गुजराती) | ७५० |
| १०४ | अध्यात्मसुधा (भाग-१) (गुजराती) | १००० |
| १०५ | अध्यात्मसुधा (भाग-२) (गुजराती) | १००० |
| १०६ | अध्यात्म सुधा (भाग-३) (गुजराती) | १००० |
| १०७ | अध्यात्म सुधा (भाग-४) (गुजराती) | ७५० |
| १०८ | अध्यात्म सुधा (भाग-) (गुजराती) | ७५० |
| १०९ | गुरु गिरा गौरव (भाग-१) (गुजराती) (धारावाही प्रवचन) | १००० |
| ११० | गुरु गिरा गौरव (भाग-२) (गुजराती) (धारावाही प्रवचन) | ७५० |
| १११ | मुक्तिनो मार्ग (गुजराती( | १००० |
| ११२ | प्रवचन नवनीत (भाग-१) (हिन्दी) | १००० |
| ११३ | प्रवचन नवनीत (भाग-२) (हिन्दी) | १००० |
| ११४ | प्रवचन नवनीत (भाग-३) (हिन्दी) | १००० |
| ११५ | प्रवचन नवनीत (भाग-४) (हिन्दी) | १००० |
| ११६ | धन्य आराधक (गुजराती) | ७५० |
| ११७ | छः ढाला प्रवचन (गुजराती) (भाग-१) | १००० |
| ११८ | छः ढाला प्रवचन (गुजराती) (भाग-२) | १००० |
| ११९ | छः ढाला प्रवचन (गुजराती) (भाग-३) | १००० |
| १२० | जिन प्रतिमा जीनि सारखी | ५०० |
| १२१ | स्मरण संचिका | १५०० |
| १२२ | दंसण मूलो धम्मो | ३५०० |
| १२३ | प्रवचन सुधा (भाग-१) हिन्दी) | १००० |
| १२४ | प्रवचन सुधा (भाग-२) हिन्दी) | १००० |
| १२५ | प्रवचन सुधा (भाग-३) हिन्दी) | १००० |
| १२६ | प्रवचन सुधा (भाग-४) हिन्दी) | १००० |
| १२७ | धन्य पुरुषार्थी (गुजराती) | १५०० |
| १२८ | धन्य पुरुषार्थी (हिन्दी) | ६५०० |
| १२९ | छः ढाला प्रवचन (हिन्दी) (भाग-१) | १००० |
| १३० | राज हृदय (भाग-४) (गुजराती) | ५०० |

ૐ

શ્રી વીતરાગાય નમઃ

# રાજહૃદય

(ભાગ-૪)

પૂજ્ય ભાઈશ્રી શશીભાઈના 'શ્રીમદ્ રાજચંદ્ર' ગ્રંથ
ઉપરના પ્રવચનો

પ્રકાશક
વીતરાગ સત્ સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ
ભાવનગર

**પ્રકાશક તથા પ્રાપ્તિ સ્થાન**

**વીતરાગ સત્‌સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
૫૮૦, જૂની માણેકવાડી,
પૂજ્ય ગુરુદેવશ્રી કાનજીસ્વામી માર્ગ
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : (૦૨૭૮) ૨૪૨૩૨૦૭

**અન્ય પ્રાપ્તિ સ્થાન :**

-- શ્રી કુંદકુંદ કહાન જૈન સાહિત્ય કેન્દ્ર, 'ગુરુ ગૌરવ', સોનગઢ
-- શ્રી ખીમજીભાઈ ગંગર (મુંબઈ) : (૦૨૨) ૨૬૧૬૧૫૯૧
-- શ્રી ડોલરભાઈ હેમાણી (કલકત્તા) : (૦૩૩) ૨૪૭૫૨૬૯૭
-- શ્રી આદિનાથ કુંદકુંદ કહાન દિગંબર જૈન ટ્રસ્ટ,
'વિમલાંચલ' હરિનગર, અલીગઢ. ફોન : (૦૫૭૧) ૪૧૦૦૧૦/૧૧/૧૨

પ્રથમાવૃત્તિ : ૧૩-૧૨-૨૦૧૦ (પૂજ્ય ભાઈશ્રી શશીભાઈની ૭૮મી જન્મજયંતી)
પ્રત : ૫૦૦
પૃષ્ઠ સંખ્યા : ૪૬૦ + ૮ = ૪૬૮
પડતર કિંમત : ૧૧૦/-
મૂલ્ય : ૨૦/-

લેસર ટાઈપ સેટિંગ :
**પૂજા ઇમ્પ્રેશન્સ**
૧૯૨૪/B, ૬, શાંતિનાથ બંગલોઝ,
શશીપ્રભુ ચોક, રૂપાણી સર્કલ પાસે
ભાવનગર-૩૬૪૦૦૧
ફોન : ૯૭૨૫૨૫૧૧૩૧

મુદ્રક :
**ભગવતી ઑફસેટ**
૧૫/C, બંસીધર મિલ કંપાઉન્ડ
બારડોલપુરા,
અમદાવાદ-૩૮૦૦૦૪
ફોન : ૯૮૨૫૪૭૭૭૪૫

## પ્રસ્તાવના

**'રાજહૃદય'** ભાગ–૪નું પ્રકાશન કરતાં અમોને અત્યંત હર્ષ થાય છે. પ્રસ્તુત ગ્રંથમાં કૃપાળુદેવ **'શ્રીમદ્ રાજચંદ્ર'** ગ્રંથમાં પ્રકાશિત વચનામૃતો તથા પત્રો ઉપર સમાદરણીય સિદ્ધાંતનિષ્ઠ પૂજ્ય ભાઈશ્રી **'શશીભાઈ'**ના પ્રવચનોનું પ્રકાશન છે. 'ભાવનગર'માં ૧૯૮૯માં **'શ્રી સીમંધર સ્વામી દિગંબર જિનમંદિર'**માં **'શ્રીમદ્ રાજચંદ્ર'** ગ્રંથનો સળંગ સ્વાધ્યાય ચાલ્યો હતો. પ્રસ્તુત ધ્વનિમુદ્રિત પ્રવચનોના સી.ડી. પ્રવચનો **'શ્રી શશીપ્રભુ સાધના સ્મૃતિ મંદિર'**માં નિયમિતરૂપે સાંભળવાનો નિત્યક્રમ ચાલી રહ્યો હતો. પ્રવચનો સાંભળ્યા બાદ ઘણા મુમુક્ષુઓને એવો ભાવ આવ્યો કે જો આ પ્રવચનો ગ્રંથારૂઢ થાય તો સર્વ મુમુક્ષુ સમાજને આત્મહિતમાં લાભનું કારણ થાય. આ ભાવનાના ફળસ્વરૂપે **'રાજહૃદય'** નામક ગ્રંથ પ્રકાશન કરવામાં આવી રહ્યો છે.

આપણાં પરમ તારણહાર, સાગર સમાન ગંભીર, અધ્યાત્મયુગ દિવાકર પૂજ્ય ગુરુદેવશ્રી **'કાનજીસ્વામી'**નો સમસ્ત મુમુક્ષુ સમાજ ઉપર અવિસ્મરણીય ઉપકાર વર્તે છે. આવા દુષમકાળમાં તીર્થંકર જેવા યુગપુરુષનો જન્મ એ આપણાં સૌનું મહાન સદ્‌ભાગ્ય છે. પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના વિશાળ અને ગહન શાસ્ત્ર અભ્યાસની શ્રૃંખલામાં એક ગ્રંથ હતો 'શ્રીમદ્ રાજચંદ્ર' ! પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના પરિવર્તન બાદ તેઓશ્રીએ આ ગ્રંથ ઉપર પ્રવચનો પણ આપેલા છે અને ત્યારે કોઈ પૂછે કે, અમારે કયુ શાસ્ત્ર વાંચવું ? તો પૂજ્ય 'ગુરુદેવશ્રી' કહેતા, 'શ્રીમદ્ રાજચંદ્ર' વાંચો !

પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના હૃદયમાં 'કૃપાળુદેવ' પ્રત્યે કેટલું બહુમાન, ઉપકારબુદ્ધિ અને ભક્તિભાવ હતો તેનો પુરાવો છે 'શ્રી આત્મસિદ્ધિ શાસ્ત્ર પર પ્રવચનો'. પાને પાને 'કૃપાળુદેવ'ના ગુણગ્રામ કરતો આ ગ્રંથ 'કૃપાળુદેવ'નું પૂજ્ય 'ગુરુદેવશ્રી'ના હૃદયમાં શું સ્થાન હતું તેની પ્રસિદ્ધિ કરે છે ! પૂજ્ય 'ગુરુદેવશ્રી'એ કહ્યું છે કે, 'અત્યારે જે આ 'સમયસાર' વંચાય છે તે 'શ્રીમદ્ રાજચંદ્ર'નો ઉપકાર છે !' આપણા ગુરુવર 'કહાન' પણ જેમનો ઉપકાર માને છે અને જેમના ગુણગ્રામ કરતાં થાકતા નથી તો આપણને તો કેટલો ઉપકાર, ભક્તિ અને બહુમાન હોવા ઘટે તે સ્પષ્ટ સમજી શકાય એવી વાત છે.

જન્મ-મરણ, માનસિક અને શારીરિક દુઃખ, પીડા, બાધા, રોગ, શોક આદિ અનેક પ્રકારના દુઃખથી ગ્રસિત સંસારી જીવ અનેક વિડંબનાઓને ભોગવતા પરવશ બની કાળચક્રમાં પરિભ્રમણ

કરી રહ્યા છે. અનેક પ્રકારના કર્મજનિત ચિત્ર-વિચિત્ર ઉદય પ્રસંગોમાં રહેતું અસમાધાન, મૂંઝવણ આદિ મટાડવાનો ઉપાય શું ? તેનું અજ્ઞાન હોવાને લીધે ન ઇચ્છતા છતાં દુઃખની પરંપરા અનિવાર્યપણે ભોગવી રહ્યા છે. સુખની ઝંખના, સુખની પ્રાપ્તિ માટેના વલખાં અને દુઃખથી ત્રસ્ત સંસારી જીવ આજ પર્યંત સાચું સુખ પ્રાપ્ત નથી કરી શક્યા એ વાત વર્તમાન પરિસ્થિતિ ઉપરથી સ્પષ્ટ સમજી શકાય તેમ છે.

આવી એક અણઉકેલી સમસ્યાનું સમાધાન ગવેષવા કોઈક વિરલ જીવ જાગે છે. તેને પહેલો વિચાર એ આવે છે કે, આ સુખ-દુઃખની સમસ્યાનું સમાધાન આપનાર એવા કોઈ મહાપુરુષ છે ખરા ? જો હોય તો મારે સાતમે પાતાળે પહોંચીને પણ આ સમસ્યાનો અંત લાવવો છે ! અંતરંગથી ઉત્પન્ન થયેલી સત્‌સમાગમની ભાવના સત્પુરુષની શોધમાં પરિણમિત થાય છે અને કુદરતના નિયમાનુસાર તે જીવને એ દિવ્યમૂર્તિની પ્રાપ્તિ થાય છે. તે વિરલ જીવ જ્ઞાનીપુરુષ દ્વારા ઉપદિષ્ટ બોધ અનુસાર પ્રયત્ન કરતાં તેને તે સત્ય સુખની પ્રાપ્તિ થાય છે અને ક્રમશઃ સંસારદુઃખથી પરિમુક્ત થાય છે.

'કૃપાળુદેવે' પૂર્વભવોમાં આત્મહિતાર્થે અનેક અથાગ પ્રયત્ન કર્યા હતાં છતાં એ સૌ નિષ્ફળ ગયા હતા પરંતુ કોઈ એક ભવમાં સત્પુરુષનો યોગ થયા બાદ તેઓશ્રીને આત્મજ્ઞાનની પ્રાપ્તિ થઈ હતી અને અનંત જન્મ-મરણનો અંત આવ્યો હતો. માટે 'કૃપાળુદેવે' વર્તમાનમાં સ્વયંને પ્રત્યક્ષ સત્પુરુષનો યોગ થયો ન હોવા છતાં પત્રે પત્રે સત્‌સમાગમનો મહિમા નિષ્કારણ કરુણાથી માત્ર મુમુક્ષુજીવના કલ્યાણ અર્થે ગાયો છે. 'કૃપાળુદેવ'ના પરિચયમાં જે કોઈ સુપાત્ર જીવો આવેલા તેમને તે વખતની તેમની યોગ્યતાને જોઈને તેઓએ પત્રમાં માર્ગદર્શન આપેલું. આ માર્ગદર્શન વર્તમાનમાં આપણને સૌ કોઈને લાગુ પડે તેવું માર્ગદર્શન છે.

'કૃપાળુદેવ'ને સમષ્ટિગત ઉપદેશ આપવાનો ઉદય નહોતો પરંતુ વ્યક્તિગત ઉપદેશ આપવાનો ઉદય હતો. માટે આ વાતની મર્યાદા સમજીને 'કૃપાળુદેવે' આપેલ માર્ગદર્શનને જો જીવનમાં અવધારવામાં આવે તો અવશ્ય દોષમુક્ત થવાય એ વાત નિઃસંશય છે. 'કૃપાળુદેવ'ની લખાણની ભાષા ગૂઢ હોઈ પ્રાયઃ જીવ તેમના અંતઃકરણને સમજી શકતો નથી. છતાં તેઓશ્રીના લખાણમાં એવો જ કોઈ ચમત્કાર છે કે આજે તેઓશ્રીની અનુપસ્થિતિમાં પણ હજારો લોકો તેમના બોધને અનુસરવાનો પ્રયત્ન કરી રહ્યા છે !

'કૃપાળુદેવ'ના લખાણમાં રહેલી મધ્યસ્થતા, આશય ગંભીરતા, આત્મહિતનો પ્રધાન સૂર, નિષ્કારણ કરુણા, અંગ અંગમાં નીતરતો વૈરાગ્ય, પારલૌકિક વિચક્ષણતા, પુરુષાર્થની તીવ્ર ગતિ, સરળતા, પરેચ્છાનુચારીપણું ઇત્યાદિ અનેકાનેક ગુણોથી વિભૂષિત થયેલા તેમના પત્રો

એક અમૂલ્ય રત્નોની નિધિ છે ! તેઓશ્રીના લખાણમાં રહેલું ઊંડાણ તેમના હૃદયને – અંતરંગ પરિણતિને પ્રકાશે છે. અંતરંગ પરિણતિમાં વર્તતા દિવ્ય ગુણોની ઝલક તેમના લખાણમાં વ્યક્ત થઈ છે. પરંતુ આ ઝલકને પારખનારા પણ કોઈ વિરલા જીવ જ હોય છે. કોઈક જ વિરલા તેમના હૃદયને પારખી શક્યા છે, જેણે પારખ્યા તે પોતે તે દિવ્ય દશાને પામી ગયા ! એ દિવ્ય હૃદયને પરખીને વર્તમાન મુમુક્ષુ સમાજ પર્યંત તે હૃદયના ભાવોને પ્રકાશમાં લાવનાર છે – પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ' !

'રાજહૃદય' નામ અનુસાર 'કૃપાળુદેવ'ના અંતરંગને ખોલનાર પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના અનુભવરસ ઝરતા આ પ્રવચનો અમૃતવેલડી સમાન છે. એક દિવ્યમૂર્તિને આકાર આપતા આ પ્રવચનો 'કૃપાળુદેવ' જેવા મહાન સાધકની સાધકદશાને સ્વયંની અનુભવવાણીરૂપી ટાંકણાંથી ઉત્કીર્ણ કરીને મુમુક્ષુજીવને દર્શાવે છે કે, આ છે 'કૃપાળુદેવ' ! આ છે 'રાજહૃદય'! 'કૃપાળુદેવ'ના લખાણમાં વ્યક્ત થતાં તેઓશ્રીના અંતરંગ અલૌકિક ગુણરૂપી રત્નોના ખોબા ભરી ભરીને મુમુક્ષુ સમક્ષ મૂક્યા છે !! કોઈપણ જીવ ગ્રાહક થઈને લે તો સ્વયં એ રત્નોથી વિભૂષિત થઈ જાય !

ધન્ય છે પૂજ્ય ભાઈશ્રીના સાતિશય જ્ઞાનને અને ધન્ય છે તેમની સાતિશય પ્રવચનધારાને કે જેના દ્વારા એ દિવ્યમૂર્તિના દર્શન કરાવ્યા ! જ્ઞાનીપુરુષના એક એક વચનમાં અનંત આગમ રહેલાં છે એ વાતની પ્રતીતિ કરાવતા આ પ્રવચનો મુમુક્ષુજીવ માટે રત્નોની નિધિ સમાન છે. મુમુક્ષુજીવને પોતાનું વ્યવહારિક જીવન અને નિશ્ચય જીવન કેવી રીતે ઘડવું તેવું માર્ગદર્શન ઠામ ઠામ અનેક પત્રોમાં જોવા મળે છે.

નાની ઉંમરથી જ 'કૃપાળુદેવ'ના લખાણમાં તેઓશ્રીના પૂર્વસંસ્કાર પ્રકાશિત થાય છે અને કોઈ ગજબના સાધકજીવે આ કળિકાળમાં જન્મ ધારણ કર્યો છે તેવી પ્રતીતિ કરાવી જાય છે. લખાણની અંદર ઝળકતી પ્રૌઢતા, વૈરાગ્ય, વિવેક, આત્મહિતનો સંવેગ, વિશાળતા, સરળતા આદિ અભિવ્યક્તિઓ દર્શનીય અને મનનીય છે.

૧૭ વર્ષની ઉંમર પહેલાં લખાયેલાં દસ વચનો ઉપર પ્રવચન આપતાં પૂજ્ય 'ગુરુદેવશ્રી' ફરમાવે છે કે, **આ તો બાર અંગનો સાર છે** ! એવા વચનોના, એ વચનના દેનાર એવા પુરુષના, અલ્પમતિ જીવ શું ગુણગ્રામ કરી શકે ? છતાં ઉપકારબુદ્ધિવશાત્ અત્ર તેઓશ્રીના થોડા ગુણોનું બહુમાન, ભક્તિ કરી તેમના ચરણોમાં વંદન કરીએ છીએ.

પ્રસ્તુત ગ્રંથના પ્રકાશન પ્રસંગે અધ્યાત્મ યુગસૃષ્ટા પૂજ્ય ગુરુદેવશ્રી 'કાનજીસ્વામી', તદ્ભક્તરત્ન પ્રશમમૂર્તિ પૂજ્ય બહેનશ્રી 'ચંપાબહેન', ગુરુ ગૌરવ પુરુષાર્થમૂર્તિ પૂજ્ય

'નિહાલચંદ્ર સોગાનીજી' તથા શાંતમૂર્તિ, 'રાજહૃદય' ઓળખાવનાર એવા પૂજ્ય ભાઈશ્રી 'શશીભાઈ'ના ચરણોમાં ભક્તિભાવપૂર્વક વંદન કરીએ છીએ.

પ્રસ્તુત ગ્રંથમાં પ્રકાશિત પ્રવચનોને સી.ડીમાંથી સાંભળીને સંપાદન કરવામાં આવેલ છે. ઘણા પ્રવચનોમાં રેકોર્ડિંગ ખરાબ હોઈ ક્યાંક ક્યાંક સ્પષ્ટ સંભળાતું નહિ હોવાથી ત્યાં કૌંસ ભરવામાં આવ્યા છે અને શક્ય તેટલો ભાવોનો પ્રવાહ યથાવત્ જાળવી રાખવાનો પ્રયત્ન કરવામાં આવ્યો છે. તેમ છતાં ક્યાંક ભૂલ રહી ગઈ હોય તો એ સત્પુરુષોની તથા જિનવાણી માતાની હૃદયપૂર્વક ક્ષમા યાચીએ છીએ. ત્યારબાદ આ પ્રવચનોને બીજા મુમુક્ષુ દ્વારા ફરીથી તપાસવામાં આવે છે અને પછી જ પ્રેસ ઉપર મોકલવામાં આવે છે.

સળંગ પ્રવચનો 'ભાવનગર' જિનમંદિરમાં ચાલ્યા છે, આશરે ૫૦૦ પ્રવચનોમાં પૂર્ણ થતા આ ગ્રંથના પ્રવચનોના લગભગ ૧૮ ભાગ પ્રકાશિત કરવાની ભાવના છે. પ્રસ્તુત ગ્રંથમાં જે પત્રો ઉપરના પ્રવચનો તે શ્રૃંખલામાં નહિ હોવાથી ત્યારબાદ પાછળથી બીજે સ્થળે તે જ પત્ર ઉપરના પ્રવચનો ચાલ્યા હોય તો ત્યાં તે પ્રવચનો લેવામાં આવેલ છે. જે પ્રવચનો હિન્દીમાં ચાલેલા છે તેની માત્ર લિપી ગુજરાતી કરીને લેવામાં આવ્યા છે. બહારગામ ચાલેલા પ્રવચનનોનું સ્થળ-નિર્દેશન જે તે પ્રવચનના મથાળામાં આપવામાં આવેલ છે.

ગ્રંથના પ્રકાશન કાર્યમાં જે જે મુમુક્ષુઓનો સહકાર પ્રાપ્ત થયેલ છે તેમનો આભાર માનવામાં આવે છે. ગ્રંથ પ્રકાશનાર્થ પ્રાપ્ત દાનરાશિનો ઉલ્લેખ અન્યત્ર આપવામાં આવેલ છે તે સર્વનો પણ આભાર માનવામાં આવે છે. ગ્રંથના સુંદર ટાઈપ સેટિંગ માટે 'પૂજા ઇમ્પ્રેશન્સ'નો તથા સુંદર મુદ્રણ કાર્ય માટે મે. 'ભગવતી ઑફસેટ'નો આભાર માનવામાં આવે છે.

અંતતઃ 'રાજહૃદય'માંથી પ્રવાહિત આ અવિરત અમૃત સરવાણીને પીને પ્રત્યેક જીવ શાશ્વત સુખને પ્રાપ્ત થાય એવી ભાવના સાથે વિરામ પામીએ છીએ.

તા. ૨૧-૧૧-૨૦૧૦
(કાર્તિકી પૂર્ણિમા 'શ્રીમદ્ રાજચંદ્ર'
જન્મજયંતી દિવસ)

ટ્રસ્ટીગણ
**વીતરાગ સત્સાહિત્ય પ્રસારક ટ્રસ્ટ**
**ભાવનગર**

# પ્રવચન અનુક્રમણિકા


| પ્રવચન નં. | પત્રાંક | પાના નં. |
|---|---|---|
| ૬૧. | પત્રાંક–૨૨૬, ૨૨૮, ૨૨૯, ૨૩૦, ૨૩૧ | ૦૦૧ |
| ૬૨. | પત્રાંક–૨૩૨-૨૩૩ | ૦૨૧ |
| ૬૩. | પત્રાંક–૨૩૪ થી ૨૩૬ | ૦૪૦ |
| ૬૪. | પત્રાંક–૨૩૬ થી ૨૩૮ | ૦૬૪ |
| ૭૧૯. | પત્રાંક–૨૪૪, ૨૪૬ | ૦૭૫ |
| ૭૨૦. | પત્રાંક–૨૪૭ | ૦૮૭ |
| ૬૫. | પત્રાંક–૨૪૮-૨૫૦ | ૧૦૨ |
| ૬૭. | પત્રાંક–૨૫૧ થી ૨૫૪ | ૧૨૫ |
| ૬૮. | પત્રાંક–૨૫૪ | ૧૪૮ |
| ૭૨૫. | પત્રાંક–૨૫૫ | ૧૫૮ |
| ૭૨૬. | પત્રાંક–૨૫૫ | ૧૬૫ |
| ૭૨૭. | પત્રાંક–૨૫૫ | ૧૭૬ |
| ૭૨૮. | પત્રાંક–૨૫૫-૨૫૬-૨૫૭ | ૧૮૯ |
| ૭૨૯. | પત્રાંક–૨૫૮-૨૫૯ | ૨૦૪ |
| ૭૩૦. | પત્રાંક–૨૬૦ | ૨૧૮ |
| ૭૧. | પત્રાંક–૨૬૨ | ૨૨૨ |
| ૭૨. | પત્રાંક–૨૬૪ | ૨૪૦ |
| ૭૩. | પત્રાંક–૨૬૬-૨૬૭ | ૨૫૬ |
| ૭૪. | પત્રાંક–૨૬૯ થી ૨૭૨ | ૨૭૮ |
| ૭૫. | પત્રાંક–૨૭૩ થી ૨૭૭ | ૨૯૯ |
| ૭૬. | પત્રાંક–૨૭૮ થી ૨૮૩ | ૩૨૧ |
| ૭૭. | પત્રાંક–૨૮૩-૨૮૪-૨૮૫ | ૩૪૬ |
| ૭૮. | પત્રાંક–૨૮૫-૨૮૬ | ૩૭૧ |
| ૭૩૨. | પત્રાંક–૨૮૭ | ૩૮૨ |
| ૭૩૩. | પત્રાંક–૨૮૮ | ૩૮૯ |
| ૭૯. | પત્રાંક–૨૮૯-૨૯૦-૨૯૧ | ૩૯૨ |
| ૮૦. | પત્રાંક–૨૯૨ થી ૨૯૫ | ૪૧૫ |
| ૮૧. | પત્રાંક–૨૯૫ થી ૨૯૮ | ૪૩૫ |

## 'રાજહૃદય' ભાગ–૪ના પ્રકાશનાર્થે પ્રાપ્ત દાનરાશિ

| | |
|---|---|
| સ્વ. ઇન્દુબેન જશવંતલાલ કામદારના સ્મરણાર્થે, હ. જસવંતલાલ હિંમતલાલ કામદાર, મુંબઈ | ૪૦,૦૦૦/- |
| જમનાદાસ હેમચંદ હેમાણી ચેરિટેબલ ટ્રસ્ટ, કોલકાટા દ્વારા | |
| સ્વ. પ્રાણકુંવરબહેન હેમાણીના સ્મરણાર્થે, હ. શ્રી ડોલરભાઈ હેમાણી | ૨૫,૦૦૦/- |
| સ્વ. ઋતાના સ્મર્ણાર્થે, હ. ડૉ. રાજેન્દ્રભાઈ શાહ પરિવાર, સુરત | ૨૧,૦૦૦/- |
| શ્રીમતી ચંદ્રિકાબહેન શશીકાંતભાઈ શેઠ, ભાવનગર | ૧૧,૦૦૦/- |
| એક મુમુક્ષુ, દાદર-મુંબઈ | ૫,૦૦૦/- |
| શ્રી દિનેશભાઈ ચોરડિયા, બેલારઘાટ | ૩,૦૦૦/- |
| શ્રીમતી નલિનીબેન ધર્મેન્દ્રભાઈ વોરા, ભાવનગર | ૨,૫૦૦/- |
| શ્રી હેમંતભાઈ સી. શાહ, મુંબઈ | ૨,૫૦૦/- |
| શ્રીમતિ અવનીબેન શાહ, ભાવનગર | ૨,૫૦૦/- |
| શ્રીમતી વિમલાદેવી હીરાલાલ જૈન, ભાવનગર | ૨,૧૦૦/- |
| શ્રી પિયુષભાઈ ભાયાણી, કોલકાટા | ૨,૧૦૦/- |
| શ્રીમતિ લક્ષ્મીબેન ખીમજીભાઈ ગંગર, વીલેપાર્લે-મુંબઈ | ૨,૦૦૦/- |
| એક મુમુક્ષુ, મુંબઈ | ૨,૦૦૦/- |
| શ્રી કાંતિલાલ હિંમતલાલ શાહ, સુરેન્દ્રનગર | ૧,૦૦૧/- |
| શ્રી પરિચંદજી ઘોષાલ, કોલકાટા | ૧,૦૦૦/- |
| શ્રી મહેન્દ્રકુમાર જૈન, મુંબઈ | ૧,૦૦૦/- |
| શ્રીમતિ વિજ્યાબેન વસંતભાઈ શાહ | ૧,૦૦૦/- |
| એક મુમુક્ષુ, ભાવનગર | ૧,૦૦૦/- |
| શ્રી જયેન્દ્રભાઈ કાપડિયા, ભાવનગર | ૧,૦૦૦/- |
| શ્રી ચંદુભાઈ, સોનગઢ | ૫૦૦/- |
| શ્રી જગદીશભાઈ, રાજકોટ | ૫૦૦/- |
| સ્વ. ધનલક્ષ્મીબેન મનસુખલાલ, સોનગઢ | ૫૦૦/- |
| શ્રી ગોબરભાઈ, સોનગઢ | ૫૦૦/- |
| શ્રીમતિ ચંદ્રિકાબેન શશીભાઈ શેઠ, ભાવનગર | ૫૦૦/- |
| એક મુમુક્ષુ, હૈદ્રાબાદ | ૫૦૦/- |
| શ્રી બિપિનભાઈ જે. મોદી | ૫૦૦/- |
| શ્રી દયાલચંદ જૈન | ૩૦૦/- |
| સ્વ. કસ્તુરીબહેન લક્ષ્મીચંદ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |
| સ્વ. મધુબહેન કનુભાઈ શાહ, અમદાવાદ, હ. કનુભાઈ શાહ | ૨૫૧/- |
| ઉર્વી ઉર્મી શાહ, મુંબઈ | ૨૫૦/- |
| શ્રીમતિ જયશ્રીબેન હસમુખલાલ, મલાડ | ૨૦૧/- |
| મોક્ષા પારસ દોશી | ૨૦૦/- |
| પ્રજ્ઞાબેન જીતેશકુમાર | ૨૦૦/- |
| શ્રી રસીકભાઈ શેઠ, બરોડા | ૨૦૦/- |
| શ્રીમતિ ઇન્દુબેન જયકુમાર શેઠ | ૨૦૦/- |
| શ્રીમતિ મધુબાલા એમ. શાહ | ૨૦૦/- |